ભાષાપરિચય અને ગુજરાતી ભાષાનું સ્વરૂપ

જયંત કોઠારી



યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ
ગુજરાત રાજ્ય

લેખકપરિચય

જયંત કોઠારી જન્મ : તા. ૨૮-૧-૧૯૩૦, રાજકોટ. બી.એ. અને એમ.એ.માં ગુજરાતી મુખ્ય વિષય સાથે ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ વર્ગમાં પ્રથમ. ૧૯૫૯થી ૧૯૮૯ અમદાવાદમાં ગુજરાતીના પ્રાધ્યાપક. વચ્ચે ૧૯૮૦થી ૧૯૮૭ ગુજરાતી સાહિત્ય પરિષદમાં ગુજરાતી સાહિત્યકોશના મુખ્ય સંપાદક તથા માનાર્હ સંપાદક.

અધ્યાપન-કારકિર્દીના પહેલા વર્ષે જ 'ભારતીય કાવ્યસિદ્ધાંત' આપનાર આ લેખકે ભારતીય, પાશ્ચાત્ય અને આધુનિક સાહિત્યતત્ત્વવિચાર તેમજ મધ્યકાલીન અને અર્વાચીન ગુજરાતી સાહિત્યનાં પ્રવાહો ને કૃતિઓ-ગ્રંથો વિશેનાં અભ્યાસપૂર્ણ ને માર્મિક વિવેચનો તથા સંશોધનો સંઘરતા સોળ જેટલા ગ્રંથો આપ્યા છે તેમજ પોતાની મૌલિક ને સૂક્ષ્મ દૃષ્ટિ તથા વિશદ નિરૂપણરીતિ વડે એ ગુજરાતી વિવેચન-સંશોધન ક્ષેત્રે આગવું ને મોખરાનું નામ બની રહ્યા છે. 'અખાના છપ્પા : કેટલોક અર્થવિચાર' તથા 'મધ્યકાલીન ગુજરાતી શબ્દકોશ', 'જૈન ગૂર્જર કવિઓ' એ ગ્રંથશ્રેણી અને 'આરામશોભા રાસમાળા'નાં એમનાં સંપાદનો મધ્યકાલીન સાહિત્યમાં એમનો પ્રવેશ કેટલો ઊંડો ને વ્યાપક છે એની પ્રતીતિ કરાવે છે.

'નિબંધ અને ગુજરાતી નિબંધ' વગેરે સાહિત્યસ્વરૂપ સ્વાધ્યાયશ્રેણીના એમના ગ્રંથો એમની શિક્ષકદૃષ્ટિ અને સંપાદનની વિશિષ્ટ સૂઝના પરિચાયક બને છે. એમનાં બીજાં પણ ઘણાં સંપાદનો છે. એ સઘળામાં સંપાદનનો એવો આદર્શ સ્થાપિત થયો છે જે શ્રમસાધ્ય છે અને મૌલિકતાનો પર્યાય બની રહે છે.

કેવળ પોતાના રસથી ગુજરાત યુનિવર્સિટીનો ડિપ્લોમા ઑફ લિંગ્વિસ્ટિક્સનો અભ્યાસ કરનાર આ વિદ્વાનને ભાષાવિચાર પણ કેટલો હસ્તગત-મનોગત થયેલો છે તે આ ગ્રંથ બતાવે છે. તાજેતરમાં થયેલાં ગુજરાતી જોડણીની પુનર્વ્યવસ્થા અંગેનાં પ્રકાશનો એમની આ વિષયની સજ્જતાનો એક વિલક્ષણ ફણગો છે.

एकः शब्दः सम्यक् ज्ञातः सम्यक् प्रयुक्तः
स्वर्गे लोके च कामधुग् भवति ।

યોગ્ય રીતે જાણેલો અને યોગ્ય રીતે પ્રયોજાયેલો એક શબ્દ
સ્વર્ગમાં અને પૃથ્વીમાં ઇચ્છિત સર્વ આપનાર નીવડે છે.

पतंजलि

૧૨૦૬

ભાષાપરિચય
અને
ગુજરાતી ભાષાનું સ્વરૂપ

જયંત કોઠારી

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬

Introduction to Language and Structure of Gujarati Language
by Jayant Kothari, pub. University Book Production Board,
Gujarat State, Ahmedabad, Sixth edition, 1999

© યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય

પ્રથમ આવૃત્તિ ૧૯૭૩ : નકલ ૨૦૦૦
દ્વિતીય આવૃત્તિ (સંશોધિત), ૧૯૭૬ : નકલ ૨૧૦૦
તૃતીય આવૃત્તિ (સંશોધિત), ૧૯૮૩ : નકલ ૨૧૦૦
ચતુર્થ આવૃત્તિ (પુનર્મુદ્રણ), ૧૯૯૦ : નકલ ૨૧૦૦
પાંચમી આવૃત્તિ (સંશોધિત), ૧૯૯૪ : નકલ ૩૦૦૦
છઠ્ઠી આવૃત્તિ (સંશોધિત), ૧૯૯૯ : નકલ ૫૦૦૦

કિંમત રૂ. ૬૦.૦૦

Published by the University Book Production Board, Gujarat State; under the centrally sponsored scheme of production of books and literature in regional languages at the university level, of the Government of India in the Ministry of Education and Social Welfare (Department of Culture), New Delhi.

ડિઝાઇન : શૈલેશ મોદી

પ્રકાશક :
કેશુભાઈ દેસાઈ
ઉપપ્રમુખ,
યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય
પાટનગર યોજના ભવન, ગુજરાત કૉલેજ પાછળ, એલિસબ્રિજ,
અમદાવાદ ૩૮૦ ૦૦૬

મુદ્રક :
શારદા મુદ્રણાલય
જુમ્મા મસ્જિદ સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧ ✆ ૫૩૫૯૮૬૬

પ્રકાશન પર્વે

ત્રણેક દાયકા પહેલાં પ્રાદેશિક ભાષાને પ્રોત્સાહન આપવાની અને યુનિવર્સિટી કક્ષાએ શિક્ષણ-પરીક્ષણના માધ્યમ તરીકે પ્રાદેશિક ભાષા પ્રસ્થાપિત કરવાની રાષ્ટ્રવ્યાપી યોજના અમલમાં મુકાઈ. આ યોજના અન્વયે કેન્દ્ર સરકારે રાજ્ય દીઠ 'ગ્રંથનિર્માણ બોર્ડ' સ્થાપવાનો નિર્ણય કર્યો અને એમ ૧૯૭૦માં આપણા ગુજરાતનું **યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ** અસ્તિત્વમાં આવ્યું.

પુસ્તકપ્રકાશન માટે તો કેન્દ્ર સરકારે અનુદાન આપવાનું સ્વીકારી જ લીધેલું, ૧૯૭૬ થી આપણી ગુજરાત સરકારે બોર્ડના સઘળા વહીવટી ખર્ચનું ઉત્તરદાયિત્વ સ્વીકારી લીધું. આમ બબ્બે સરકારો દ્વારા પોષાતા આ બોર્ડે, સતત બદલાતા પણ નીવડેલા કેળવણીકારોના નેતૃત્વ હેઠળ વિશુદ્ધ વિદ્યાસંસ્થા તરીકે ગજબનું કાઠું કાઢ્યું છે, એટલું જ નહીં વિદ્યાવ્યાસંગીઓના સંસર્ગમાં રહીને તે સરસ્વતી-ઉપાસનાનું તીર્થ બની રહ્યું છે.

યુનિવર્સિટી કક્ષાએ ચાલતા વિવિધ કક્ષાના વિવિધ વિદ્યાશાખાના અભ્યાસક્રમોને અનુરૂપ સંદર્ભગ્રંથો તૈયાર કરાવવાનું મહત્ત્વનું કામ બોર્ડ કરે છે. આ માટે વિદ્વાનો અને તજ્ઞોને ગ્રંથલેખન માટે સંમાનપૂર્વક ઇજન પાઠવવામાં આવે છે. સાથે સાથે વિદ્વાનો તરફથી આવતા ઉપયોગી પ્રકાશનોના પ્રસ્તાવો ઉપર પણ ગંભીરતાથી વિચારણા કરવામાં આવે છે. એ ભાગ્યે જ કહેવાનું હોય કે બોર્ડનાં પુસ્તકો માટે ગુણવત્તા અને પ્રમાણભૂતતાનું પૂરેપૂરું ધ્યાન રાખવામાં આવે છે. વળી વિદ્યાર્થીઓ માટે થઈને આ પુસ્તકો લખાતાં હોઈ એની કિંમત પણ વિદ્યાર્થીઓના ખિસ્સાને પરવડે એવી રાખવામાં આવે છે.

મને અત્યંત હર્ષ છે કે વિવિધ યુનિવર્સિટીઓના **ગુજરાતી ભાષાસાહિત્ય**ના અધ્યયન-અધ્યાપનમાં ઉપયોગી એવા, મૂર્ધન્ય વિવેચક શ્રી **જયંત કોઠારી** લિખિત ગ્રંથ **ભાષાપરિચય અને ગુજરાતી ભાષાનું સ્વરૂપ**ની છઠ્ઠી સંશોધિત આવૃત્તિ પ્રગટ થઈ રહી છે. ગ્રંથની અગાઉની આવૃત્તિઓને જેવો ઉમળકાભર્યો આવકાર સાંપડ્યો છે તેવો આ આવૃત્તિને પણ સાંપડશે એવી મને ખાતરી છે.

આ આવૃત્તિના પ્રકાશનટાણે લેખકશ્રી તથા નેપથ્યે રહીને આ ગ્રંથ સુલભ બનાવવા સહકાર આપ્યો છે તે સૌનું ઋણ હું સ્વીકારું છું.

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ
ગુજરાત રાજ્ય, અમદાવાદ - ૬
ડિસેમ્બર, ૧૯૯૯

ડૉ. કેશુભાઈ દેસાઈ
ઉપપ્રમુખ

લેખકનું નીવેદન

(છઠ્ઠી આવૃત્તી વેળાએ)

આ પુસતકના લેખકે ઉંઝામાં મળેલી અખીલ ગુજરાત જોડણી પરીષદના ઠરાવ મુજબની એક ઈ-ઉની જોડણીવ્યવસ્થા સ્વીકારી છે. પરંતુ યુનીવર્સીટી ગ્રંથનીર્માણ બોર્ડ જેવી સંસ્થા પાસે એના સ્વીકારની આશા રાખવી મુશ્કેલ ગણાય, તે ઉપરાંત આ પુસ્તક શૈક્ષણીક પ્રકારનું છે અને શીક્ષણમાં નવી જોડણીવ્યવસ્થાનો હજુ સ્વીકાર થયો નથી તે સંયોગોમાં આ પુસ્તકમાં એ જોડણીનો પ્રયોગ કરવાથી વીદ્યાર્થીઓને ગુંચવણમાં મુકવા જેવું થાય. તેથી પુસ્તક તો સાર્થ જોડણીકોશે નીયત કરેલી જોડણીમાં જ છાપવાનું નક્કી કરવામાં આવ્યું. પરંતુ મારું નીવેદન નવી જોડણીમાં છાપવાની મારી ઈચ્છાનો બોર્ડના અધ્યક્ષે આદર કર્યો તેથી નીવેદન એ જોડણીમાં છપાય છે. બોર્ડે જે વૈચારીક ઉદારતા બતાવી છે તે પ્રત્યે હું મારી કૃતજ્ઞતાની અને ધન્યવાદની લાગણી વ્યક્ત કરું છું. નવી જોડણીનો આ નમુનો રજુ કરવાનો આશય એટલો જ છે કે વીદ્યાર્થીઓ, તેમજ પ્રજાજનો પણ, બે જોડણીવ્યવસ્થાઓનાં ગુણદોષ અને સગવડ-અગવડનો તુલનાત્મક વીચાર કરે, જેથી ઉચીત સર્વસંમત નીર્ણય પર પહોંચવામાં મદદ મળે.

ગુજરાત યુનીવર્સીટીમાં બી.એ.ના ગુજરાતી વીષયના ભાષાવ્યાકરણના પ્રશ્નપત્રમાં ડો. હરિવલ્લભ ભાયાણીની આધુનીક દૃષ્ટીથી ઘડાયેલો નવો અભ્યાસક્રમ અમલમાં આવ્યો ત્યારે એને માટેની ઉપયુક્ત સામગ્રીની દુર્લભતાને લક્ષમાં લઈને ડો. ભાયાણીની પ્રેરણાથી ને એમનાં નીયમીત માર્ગદર્શન-મદદપુર્વક આ પુસ્તક લખાયેલું. આધુનીક દૃષ્ટી એટલે ગુજરાતી ભાષાને સંસ્કૃત કે અંગ્રેજી વ્યાકરણના માળખામાં નાખવાને બદલે એના વાસ્તવીક પ્રયોગોને લક્ષમાં લઈ એનું સ્વરુપવર્ણન સ્વતંત્ર રીતે કરવું તે. ગુજરાતી વ્યાકરણનાં વીવીધ પાસાંઓ પરત્વે આ જાતના ઝીણવટભર્યા પ્રયોગમુલક સંશોધન-અભ્યાસો પુરતા પ્રમાણમાં થયા નથી તેથી આ ગ્રંથમાં તો હાથવગી સામગ્રીને સંકલીત કરી લેવાનું અને અન્યત્ર પોતાનાં નીરીક્ષણોથી કામ ચલાવવાનું બન્યું છે. એ નીરીક્ષણો કેટલીક વાર સામાન્ય છાપ આધારીત અને કામચલાઉ હોઈ 'જણાય છે' જેવા શબ્દથી એની મર્યાદા દર્શાવવાનું પણ થયું છે.

અંતે વીદ્યાર્થીઓના ઉપયોગનું એક પાઠ્યપુસ્તક રચવાની નેમ હોઈ ઝીણા, ગુંચવણભર્યા ને ચર્ચાસ્પદ મુદ્દાઓ ને વીગતોમાં જવાનું ઈષ્ટ ગણ્યું નથી અને જ્યાં એવું કંઈ નોંધવાનું આવશ્યક બન્યું ત્યાં એને પાદટીપમાં લઈ જવામાં આવ્યું છે. સઘળું નીરુપણ આવશ્યક માહીતીવાળું છતાં વ્યવસ્થાબદ્ધ, સરલ અને વીશદ રહે એની કોશીશ કરવામાં

આવી છે. આવા શાસ્ત્રીય વીષયમાં વીદ્યાર્થીઓની સમજની ચકાસણી વ્યાપક સ્વરુપના પ્રશ્નોથી નહીં પણ ચોક્કસ માહીતી માગતા વસ્તુલક્ષી પ્રકારના પ્રશ્નોથી જ વધારે ચોકસાઈથી થઈ શકે. તેથી અહીં દરેક પ્રકરણને અંતે નમુના રુપે કેટલાક પ્રશ્નો આપવામાં આવ્યા છે, જે આપણા પ્રશ્નપત્રોનો ઢાંચો બદલવામાં નીમીત્તરુપ બની શકે. દરેક પ્રકરણને અંતે, અહીં કરવામાં આવેલા વીષયનીરુપણને ઉપયોગી હોય કે એની ભુમીકાની ગરજ સારે તેવાં લખાણોની સુચી આપવામાં આવી છે. અભ્યાસીઓ અને જીજ્ઞાસુઓ આ પુરક સામગ્રીનો લાભ લઈ પોતાની જાણકારીને સુદૃઢ અને સમૃદ્ધ કરી શકે.

આ પુસ્તક આ વીષયનો કોઈ મૌલીક સંશોધનનો ગ્રંથ નથી પણ એક પાઠ્યગ્રંથ છે અને તે પણ ગુજરાત યુનીવર્સીટીના એ સમયના આ વીષયના પ્રશ્નપત્રના અભ્યાસક્રમને અનુલક્ષીને તૈયાર થયેલો. તેમ છતાં, એણે એક સંદર્ભગ્રંથની ગરજ સારી. જ્યાં આ જાતનો અભ્યાસક્રમ ન હતો તેવી શાળા-મ્હાશાળાઓ અને અન્ય યુનીવર્સીટીઓમાં પણ આ પુસ્તક ઉપયોગમાં લેવાવા લાગ્યું. આનું કારણ એ હતું કે પુસ્તકના અર્વાચીન ગુજરાતીના સ્વરુપને લગતા ખંડમાં સર્વ અદ્યતન સામગ્રી ખપમાં લેવાઈ હતી, ગુજરાતી ભાષાના ધ્વનીતંત્ર અને રુપતંત્રનાં બધાં પાસાં એણાં સંક્ષેપમાં પણ સવીગત આવરી લેવાયાં હતાં તથા વીષયનું વીશદ, પ્રાસાદીક નીરુપણ વીદ્યાર્થીઓને ખુબ અનુકુળ આવતું હતું. એક-બે યુનીવર્સીટીમાં તો આ પુસ્તકે બી.એ.ના આ વીષયના અભ્યાસક્રમને અદ્યતન બનાવવાની ભુમીકા પુરી પાડી ! એમ.એ.ના ગુજરાતીના, અને ક્યારેક ભાષાવીજ્ઞાનના, વીદ્યાર્થીઓને પણ, આ પુસ્તકમાં એમને ઉપયોગમાં આવે એવું ઘણું ઓછું હોવા છતાં, એનો ઉપયોગ કરતા જાણ્યા છે તે બતાવે છે કે આ વીષયની આવી વ્યવસ્થીત સામગ્રીની આપણે ત્યાં કેવી ખોટ છે.

પુસ્તકનો આટલો વ્યાપકપણે ઉપયોગ થતો જોઈને, પછી, એની સામગ્રીને કોઈ એક યુનીવર્સીટીના કોઈ એક કક્ષાના અભ્યાસક્રમની મર્યાદામાં ચુસ્તપણે બાંધી રાખવાનું ઈષ્ટ ગણ્યું નથી. ગુજરાત યુનીવર્સીટીના બી.એ.ના અભ્યાસક્રમમાંથી કેટલાક મુદ્દાઓ નીકળી જવા છતાં આ પુસ્તકમાંથી એને બાદ કર્યા નથી. ઉલટાનું, ભારતીય-આર્યના વીકાસ અને સંસ્કૃતથી ગુજરાતી સુધીના ધ્વનીવીકાસના વીષયમાં કેટલાંક મુદ્દાઓ-વીગતો ઉમેર્યાં છે. આની પાછળ એમ.એ.ના ગુજરાતીના આ વીષયના અભ્યાસની જરુરીયાત કંઈક સંતોષવાનો હેતુ રહેલો છે. જોકે એ કક્ષાએ ભાષાવીજ્ઞાનની સૈદ્ધાન્તીક વીચારણાનો જે અભ્યાસ કરવાનો હોય છે તેની અપેક્ષા સંતોષે એવું આ પુસ્તકમાં ઘણું ઓછું છે. એ એક સ્વતંત્ર ગ્રંથનો વીષય છે. એવો ગ્રંથ લખવાની અભીલાષા આ પુસ્તકના લેખકના મનમાં છે, જેમ વ્યાકરણના વીષય સાથે ઘણું કામ પાડવાનું થતાં ગુજરાતી ભાષાનું બૃહદ્ વ્યાકરણ રચવાની અભીલાષા પણ મનમાં જાગ્યા કરી છે. પણ

આ તો ઘણી નીરાંત અને ઘણો જુદો પ્રયત્ન માગે એવાં કામો છે.

પણ આ લેખકને શાળાકક્ષાના વ્યાકરણનું કામ કરવાનું થયું છે તેમાંથી – ખાસ કરીને ધોરણ ૮થી ૧૦નાં વ્યાકરણ-પુસ્તકોમાંથી – આ પુસ્તકની પુર્તી થાય એવું કેટલુંક મળી આવવા સંભવ છે.

આ પુસ્તકની બધી આવૃત્તીઓમાં વીગત, નીરુપણ, ભાષાભીવ્યક્તી બધાં પરત્વે કંઈકંઈ સુધારાવધારા કરવાની તક લીધી છે. પરંતુ પુસ્તકને ધ્યાનપુર્વક વાંચી જઈ મોકળાશથી સુધારા કરવાનું આ વખતે જ બની શક્યું છે. આજુબાજુ ખુરતી જગ્યા રહે એવી રીતે એક મોટા પાના પર એક પાનાનું પ્રુફ આપીને પ્રેસે મને સુધારા કરવાની મોકળાશ કરી આપી છે. મોટા ભાગના સુધારા વીષયનીરુપણ ને ભાષાભીવ્યક્તીને વધારે વીશદ અને ચોક્કસ કરવા અંગેના થયા છે. એ માટે જરુરી લાગ્યું ત્યાં દૃષ્ટાંત ઉમેર્યાં છે. થોડેક સ્થાને વીગતશુદ્ધી થઈ છે. 'Supra-segmental' માટે 'અધીખંડીય'ને સ્થાને 'અતીખંડીય' અને 'ગ્રસનીકા'ને સ્થાને 'કંઠવીવર' એવો આવશ્યક પરીભાષા-બદલો પણ થયો છે. સંદર્ભમાં ઉર્મી દેસાઈના પુસ્તક 'ગુજરાતી વ્યાકરણવીમર્શ'નો ઉમેરો થયો છે, જેનો અહીં યથોચીત લાભ ઉઠાવવામાં આવ્યો છે.

આ પુસ્તકની બીજી આવૃત્તીમાં સદ્‌ગત ભૃગુરાય અંજારીયાના આગ્રહથી વીદેશી નામોની જોડણી અંગ્રેજી ઉચ્ચારકોશને અનુસરીને કરવામાં આવેલી – કેટલીક અનીવાર્ય તડજોડ સાથે. આ બાબતના મારા વીચારો હવે બદલાયા છે પણ આ પુસ્તકમાં આ તબક્કે કશો ફેરફાર કરવાનું યોગ્ય લાગ્યું નથી.

આ ગ્રંથ પરત્વે ડો. ભાયાણીનું જે ઋણ મારા પર છે તે કોઈ શબ્દો દ્વારા વ્યક્ત થઈ શકે તેમ નથી. આમાં જે કંઈ પ્રશસ્ય જણાય એમાં એમનો ફાળો ઘણો મોટો છે. અધુરપોની જવાબદારી, અલબત્ત, મારી જ. આ પુર્વે આ પુસ્તકમાંથી પસાર થવાનો શ્રમ ઉઠાવી સુચનો અને અભીપ્રાય આપવાનો ઉદ્યમ કરનાર સર્વશ્રી ચીમનલાલ ત્રીવેદી, નગીનદાસ પારેખ, ભૃગુરાય અંજારીયા, વીષ્ણુપ્રસાદ ત્રીવેદી, યોગેન્દ્ર વ્યાસ અને કીર્તીદા જોશીનો પણ હું કૃતજ્ઞ છું. વ્યવસાયે તબીબ (સર્જન) પણ ધ્વનીશાસ્ત્ર અને લીપીશાસ્ત્રના અભ્યાસી એવા શ્રી નીશીથ ધ્રુવે લખી મોકલેલાં ઝીણવટભર્યાં ટીકાટીપ્પણોનો લાભ આ આવૃત્તીને મળ્યો છે એની સાભાર નોંધ લેતાં તો અતિ આનંદ થાય છે. આવો કાળજીપુર્વકનો શ્રમ બહુ ઓછા લઈ શકતા હોય છે. આ વીષયમાંની મારી મર્યાદાઓ હું જાણું છું અને સમજું છું કે અભ્યાસીઓનાં ટીકાટીપ્પણોનો જેટલો લાભ મળશે તેટલું આ પુસ્તક પરીશુદ્ધ અને સમૃદ્ધ થતું રહેશે.

પાંચ આવૃત્તીમાં અગીયાર હજાર નકલો વેચાયા પછી આ પુસ્તકનો છઠ્ઠી આવૃત્તીમાં પ્રવેશ એને મળેલા અસાધારણ આવકારનું દર્શન કરાવે છે અને એક બાજુથી

ઉંડા પરીતોષની તો બીજી બાજુથી નમ્રતાની લાગણી જગાડે છે. એવો ભાવ થાય છે કે આ પુસ્તક હવે મારું રહ્યું નથી, સૌ વીદ્યા-અર્થીઓનું અને વીદ્યાભ્યાસીઓનું થઈ ગયું છે. એમાં સૌ વીદ્યાભ્યાસીઓની હીસ્સેદારી હો અને વીદ્યાર્થીઓ પણ એમના પ્રતીભાવો તથા પ્રશ્નો લખી મોકલી પોતાનો ફાળો નોંધાવો.

બોર્ડે આ પુસ્તક પ્રકાશન માટે સ્વીકાર્યું તેથી એની કીંમત ઓછી રહી છે અને એના વ્યાપક પ્રચારને મોટી મદદ મળી છે. બોર્ડે આ આવૃત્તીમાં મુદ્રણ અંગેના મારા આગ્રહોનો આદર કરી બધી અનુકુળ ગોઠવણ કરી આપી છે. આ માટે બોર્ડના સર્વ અધીકારીઓનો હું ઉપકૃત છું. આ આવૃત્તીમાં પ્રેસનો ઉત્તમ સહકાર મળ્યો છે અને પ્રુફવાચન વગેરેમાં મીત્રવર્ય કાંતીભાઈ શાહની મદદ મળી છે તે માટે એમનોયે આભાર માનું છું.

૧ નવેમ્બર, ૧૯૯૯ — જયંત કોઠારી

૨૪ નેમીનાથનગર

અમદાવાદ ૩૮૦ ૦૧૫

વિષયક્રમ

૧

[૧] ભાષા વિશે જાણવું : ભાષાવિજ્ઞાન : ૧

[૨] ભાષા અને માનવસમાજ : ૨

[૩] ભાષાનાં વિવિધ કાર્યો : ૪

[૪] 'ભાષા' શબ્દના વિવિધ અર્થો : ૮

[૫] ભાષા અને વાણી : ૧૦

[૬] ઉચ્ચારણ અને લેખન : ૧૨

[૭] ભાષાની વ્યાખ્યા : ૧૬

૨

[૧] ભાષાનું માળખું : ૨૪

[૨] ભાષા અને બોલી : ૨૮

[૩] પ્રાદેશિક બોલીઓનું સ્વરૂપ : ૩૧

[૪] ભાષાના સામાજિક-સાંસ્કૃતિક-પ્રાસંગિક સ્વરૂપભેદો : ૩૩

[૫] ભાષાવર્ગીકરણની પદ્ધતિઓ : ૩૪

[૬] ભાષાઓનું બંધારણવૈવિધ્ય : ૩૬

૩

[૧] ભાષાની પરિવર્તનશીલતા : ૪૧

[૨] જગતનાં ભાષાકુળો : ૪૫

[૩] ભારતીય ઉપખંડનાં ભાષાકુળો : ૫૧

૪

[૧] ભારત-યુરોપીય અને એની વિવિધ શાખાઓ : ૫૭

[૨] ભારત-યુરોપીયથી ભારતીય-આર્ય : ૬૧

[૩] ભારતીય-આર્ય : પ્રાચીન ભૂમિકા : ૬૫

[૪] ભારતીય-આર્ય : મધ્યમ ભૂમિકા : ૭૨

[૫] અપભ્રંશનું સ્વરૂપ અને ગુજરાતીને મળેલો એનો વારસો : ૭૫

[૬] ભારતીય-આર્ય : અર્વાચીન ભૂમિકા : ૭૭

૫

[૧] ગુજરાતીનો ઉદ્‌ભવ : પહેલી ભૂમિકા : ૮૧

[૨] ગુજરાતીનો વિકાસ : બીજી ભૂમિકા : ૮૫

[૩] ગુજરાતીનો વિકાસ : ત્રીજી ભૂમિકા : ૮૬

[૪] ગુજરાતીની પડોશભાષાઓ : ૮૭

[૫] ગુજરાતીના વ્યાકરણમાં પરિવર્તન : ૮૯

[૬] ગુજરાતીના શબ્દભંડોળમાં પરિવર્તન : ૯૧

૬

[૧] ગુજરાતીનો ધ્વનિવિકાસ : ૧૦૦

[૨] ઋનું પરિવર્તન : ૧૦૧

[૩] દીર્ઘ સ્વરોનું હ્રસ્વત્વ : ૧૦૨

[૪] સ્વરતંત્રીય પરિવર્તન : ૧૦૩

[૫] લગોલગ આવેલા સ્વરોનું

પરિવર્તન : ૧૦૩
[૬] ઇનો એ તથા ઉનો ઓ : ૧૦૫
[૭] આદ્ય સ્થાનના અસંયુક્ત સ્પર્શવ્યંજનનું પરિવર્તન : ૧૦૫
[૮] મધ્ય સ્થાનના અસંયુક્ત અલ્પપ્રાણ સ્પર્શવ્યંજનોનું પરિવર્તન : ૧૦૬
[૯] મધ્ય સ્થાનના અસંયુક્ત મહાપ્રાણ સ્પર્શવ્યંજનોનું પરિવર્તન : ૧૧૦
[૧૦] મધ્ય સ્થાનના અસંયુક્ત નનું પરિવર્તન : ૧૧૨
[૧૧] દંત્યનો મૂર્ધન્યભાવ : ૧૧૩
[૧૨] અન્ય એકવડા વ્યંજનોનું પરિવર્તન : ૧૧૪
[૧૩] અંત્ય સ્થાનના અસંયુક્ત વ્યંજનોનું પરિવર્તન : ૧૧૬
[૧૪] સ્પર્શવ્યંજન અને ઊષ્મવ્યંજનના સંયોગનું પરિવર્તન : ૧૧૭
[૧૫] ઊષ્મવ્યંજન અને સ્પર્શવ્યંજનના સંયોગનું પરિવર્તન : ૧૧૯
[૧૬] ઊષ્મવ્યંજન તથા અન્ય વ્યંજનોના સંયોગનું પરિવર્તન : ૧૨૨
[૧૭] જળવાઈ રહેતા સંયોગો : ૧૨૩
[૧૮] સંયુક્ત સ્પર્શવ્યંજનોનું પરિવર્તન : ૧૨૪
[૧૯] સ્પર્શવ્યંજન સાથે અન્ય વ્યંજનોના સંયોગનું પરિવર્તન : ૧૨૫
[૨૦] ર, લ, વ, હના અન્ય વ્યંજનો સાથેના તથા પરસ્પર સંયોગનું પરિવર્તન : ૧૨૭
[૨૧] સંયુક્ત વ્યંજનોનું નાસિક્યીકરણ : ૧૨૯
[૨૨] અપભ્રંશના સંયુક્ત વ્યંજનોનું સરલીકરણ : હ્રસ્વ સ્વરનું દીર્ઘ થવું : સાનુનાસિક સ્વરોનું નિર્માણ : ૧૩૨
[૨૩] નાસિક્ય પૂર્વેના એનો 'ઇ/ઈ' અને ઓનો 'ઉ/ઊ' : ૧૩૫
[૨૪] અઇ, અઉનું પરિવર્તન : ૧૩૬
[૨૫] અન્ય સ્વરપરિવર્તનો : ૧૩૮
[૨૬] અન્ય વ્યંજનપરિવર્તનો : ૧૪૧

૭

[૧] ગુજરાતીની પ્રાદેશિક બોલીઓ : ૧૪૫
[૨] સૌરાષ્ટ્રી બોલીની લાક્ષણિકતાઓ : ૧૪૭
[૩] ઉત્તર ગુજરાતની [પટ્ટણી] બોલીની લાક્ષણિકતાઓ : ૧૪૯
[૪] મધ્ય ગુજરાતની [ચરોતરી] બોલીની લાક્ષણિકતાઓ : ૧૫૧
[૫] દક્ષિણ ગુજરાતની [સુરતી] બોલીની લાક્ષણિકતાઓ : ૧૫૨

૮

[૧] ઉચ્ચારણપ્રક્રિયા : ૧૫૫
[૨] ભાષાના ધ્વનિઓ કે ધ્વનિ-

ઘટકો : ૧૬૨
[૩] માન્ય ગુજરાતીના સ્વરો : ૧૬૩
[૪] માન્ય ગુજરાતીના સ્પર્શવ્યંજનો : ૧૬૬
[૫] માન્ય ગુજરાતીના સંઘર્ષી વ્યંજનો : ૧૬૮
[૬] માન્ય ગુજરાતીના પાર્શ્વિકો અને પ્રકંપીઓ : ૧૬૯
[૭] માન્ય ગુજરાતીના અનુનાસિકો : ૧૭૦
[૮] માન્ય ગુજરાતીના અર્ધસ્વરો : ૧૭૨
[૯] ગુજરાતીના ધ્વનિઘટકો : ૧૭૩
[૧૦] માન્ય ગુજરાતીનાં ઉચ્ચારણ અને જોડણી : ૧૭૬

૯

[૧] અંગસાધક પ્રત્યયો : ૧૮૦
[૨] અંગસાધક પૂર્વપ્રત્યયો : ૧૮૧
[૩] સંસ્કૃત તત્સમ પરપ્રત્યયો : ૧૮૪
[૪] ગુજરાતી તદ્‌ભવ અંગવિસ્તારક પરપ્રત્યયો : ૧૮૮
[૫] અન્ય ગુજરાતી તદ્‌ભવ પરપ્રત્યયો : ૧૯૧
[૬] ફારસી વગેરે પરપ્રત્યયો : ૧૯૯

૧૦

[૧] ગુજરાતીના દ્વિરુક્ત પ્રયોગો : ૨૦૩
[૨] ગુજરાતીમાં સમાસરચના : ૨૦૬
[૩] દ્વન્દ્વ સમાસ : ૨૦૯
[૪] તત્પુરુષ સમાસ : ૨૧૦
[૫] ઉપપદ સમાસ : ૨૧૩
[૬] કર્મધારય સમાસ : ૨૧૫
[૭] બહુવ્રીહિ સમાસ : ૨૧૬
[૮] અવ્યયીભાવ સમાસ : ૨૧૭

૧૧

[૧] વિકારી અને અવિકારી નામો : ૨૨૦
[૨] વચન : વ્યક્ત કરવાની રીતો : ૨૨૫
[૩] બહુવચનના 'ઓ' પ્રત્યયના પ્રયોગનું ક્ષેત્ર : ૨૨૭
[૪] વચન અંગેની લાક્ષણિક પરિસ્થિતિ : ૨૨૮
[૫] બહુવચનના અર્થો : ૨૨૯
[૬] લિંગ : વ્યક્ત અને અવ્યક્ત : ૨૩૦
[૭] લિંગસિદ્ધિ : ૨૩૨
[૮] લિંગભેદના અર્થો : ૨૩૪

૧૨

[૧] અનુગો અને નામયોગી તત્ત્વો : ૨૩૮
[૨] સંજ્ઞાનાં રૂપાખ્યાન : ૨૪૦
[૩] વિશેષણનાં રૂપાખ્યાન : ૨૪૧
[૪] સર્વનામનાં રૂપાખ્યાન : ૨૪૨
[૫] અનુગોના અર્થો : ૨૪૪
[૬] નામયોગી તત્ત્વોના અર્થો : ૨૫૫

૧૩

[૧] આખ્યાતિક અંગ : સાદું, કર્મણિ અને પ્રેરક : ૨૫૮

[૨] આખ્યાતિક રૂપો : ૨૬૧

[૩] કૃદંતો : ૨૬૫

[૪] કૃદંતોના વિવિધ પ્રયોગો અને અર્થો : ૨૬૬

[૫] અન્ય રૂપોના અર્થો : ૨૭૧

૧૪

[૧] સહાયકારક 'હો/છ' : ૨૭૭

[૨] સંયુક્ત રૂપો અને એમના અર્થો : ૨૭૯

[૩] અર્થ અને કાળની વ્યવસ્થા : ૨૮૨

[૪] સંયુક્ત ક્રિયાપદો : ૨૮૯

[૫] પ્રયોગો અને રચનાઓ : ૨૯૨

૧૫

[૧] ક્રિયાવિશેષણો : ૨૯૯

[૨] સંયોજકો : ૩૦૪

[૩] નિપાતો : ૩૦૭

[૪] ઉદ્‌ગારવાચકો : ૩૦૯

૧૬

[૧] રૂપસંવાદ : ૩૧૧

[૨] પદક્રમ : ૩૧૪

[૩] વાક્યવિશ્લેષણ : ૩૧૬

[૪] વાક્યના પ્રકારો : ૩૨૦

[૫] વાક્યરૂપાંતર : વિધિવાક્યમાંથી નિષેધવાક્ય : ૩૨૧

[૬] કર્તરિવાક્ય પરથી કર્મણિવાક્ય : ૩૨૫

[૭] સાદા વાક્ય પરથી પ્રેરક વાક્ય : ૩૨૭

સંદર્ભસૂચિ : ૩૩૦

પરિભાષા : ૩૩૩

શબ્દસૂચિ : ૩૩૮

વિષય : ૩૩૮

વ્યુત્પન્ન શબ્દો : ૩૪૪

ભાષાપરિચય અને ગુજરાતી ભાષાનું સ્વરૂપ

૧

[૧] ભાષા વિશે જાણવું : ભાષાવિજ્ઞાન

: ૧ : આપણે સૌ એક યા વધુ ભાષા જાણીએ છીએ. એટલેકે એ ભાષાઓનો આપણે વ્યવહારમાં ઉપયોગ કરી શકીએ છીએ અને એ ભાષાઓમાં લખાયેલું કે બોલાયેલું આપણે સમજી શકીએ છીએ. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે આપણે ભાષા જાણીએ છીએ પણ ભાષા વિશે બહુ ઓછું જાણીએ છીએ. ભાષા જાણવી અને ભાષા વિશે જાણવું એ બે ભિન્ન વસ્તુઓ છે. ભાષા વિશે જાણવું એટલે ભાષાનાં ઘટકતત્ત્વો, એ તત્ત્વોનાં સંયોજનો અને એની કાર્ય કરવાની રીત વિશે જાણવું. ટૂંકમાં, ભાષાનાં સ્વરૂપ, તંત્ર અને વ્યાપાર વિશે જાણવું. ભાષા વિશે જાણવાનો પ્રયત્ન કરતું અને એ જાણકારીને વ્યવસ્થિત રીતે મૂકી આપતું શાસ્ત્ર તે ભાષાશાસ્ત્ર કે ભાષાવિજ્ઞાન. જેને આપણે 'વ્યાકરણ' તરીકે ઓળખીએ છીએ તે પણ ભાષા વિશેનો જ અભ્યાસ હોય છે. અહીં આપણે ભાષા વિશે કંઈક જાણવાનો પ્રયત્ન કરવાનો છે.

: ૨ : કોઈને એમ થાય કે ભાષા જાણીએ એ પૂરતું છે; ભાષા વિશે જાણવાનો શ્રમ કરવાની શી જરૂર ? ભાષા જાણવા માટે ભાષા વિશે જાણવું – ભાષાનું વ્યાકરણ જાણવું કંઈ જરૂરી નથી હોતું. વ્યાકરણમાં સામાન્ય રીતે આપણને રસ પણ નથી પડતો. પણ એક રીતે જોઈએ તો આ કેવી વિચિત્ર વાત છે ! ભાષા આપણા જીવન સાથે કેટલીબધી વણાયેલી છે ! બેસતાંઊઠતાં, હરતાંફરતાં આપણે સતત ભાષાનો ઉપયોગ કરીએ છીએ – બોલવા-સાંભળવા-વાંચવા-લખવા રૂપે. આપણે માટે આથી વધુ ઘનિષ્ઠ અનુભવનો બીજો કોઈ વિષય ભાગ્યે જ હશે. તો પછી એની કામગીરીનું આપણને કૌતુક ન થવું જોઈએ ? એ કામગીરીનું જ્ઞાન યોગ્ય રીતે આપવામાં આવે તો આપણને એમાં રસ ન પડવો જોઈએ ?

ભાષાવિજ્ઞાન ભાષાના રચનાતંત્રની ખૂબીઓને પ્રગટ કરીને આપણા કૌતુક અને રસને તૃપ્ત કરે છે; ભાષા વિશેના ઘણાબધા પ્રચલિત ભ્રામક ખ્યાલોનું નિરસન કરી આપણી સમજને ચોખ્ખી બનાવે છે અને એક પ્રકારનો બૌદ્ધિક આનંદ પણ પૂરો પાડે છે. વળી, હવે તો વ્યવહારમાં પણ ભાષાવિજ્ઞાનનો ઉપયોગ કરવાની ઘણી દિશાઓ ખૂલી રહી છે. ભાષા જાણવા માટે ભાષા વિશે જાણવું ભલે જરૂરી ન હોય, પણ ભાષા વિશે જાણવાથી ભાષાને આપણે વિભિન્ન વ્યવહારોમાં કાર્યસાધકતાથી પ્રયોજી શકીએ, નવાનવા વ્યવહારોને અનુરૂપ થઈ શકે એવી રીતે ભાષાઓની અંતર્ગત શક્તિને આપણે

બહાર લાવી શકીએ; એટલેકે ભાષાનો વિકાસ સાધી શકીએ તથા ભાષા કેમ ઝડપથી અને સહેલાઈથી શીખવી શકાય (ખાસ કરીને પરભાષીઓને) એના તરીકાઓ શોધી શકીએ અને એ રીતે ભાષાશિક્ષણને વેગ આપી શકીએ. ભાષાંતરની કલાને ભાષાવિજ્ઞાન સહાયરૂપ થઈ શકે અને યંત્રોથી થતાં ભાષાંતરો તો ભાષાવિજ્ઞાનના વિકાસની જ દેણ છે. ખાસ હેતુવાળી ભાષાકીય સંકેત-વ્યવસ્થાઓ ભાષાવિજ્ઞાનની સહાયથી નિપજાવી શકાય છે અને સંદેશાવ્યવહારનાં – પ્રચારનાં સમૂહમાધ્યમોની કાર્યક્ષમતા વધારવામાં પણ ભાષાવિજ્ઞાન ઉપયોગી થાય છે. ભાષાનાં શબ્દભંડોળ આદિ કેટલાંક તત્ત્વો સાંસ્કૃતિક પરિસ્થિતિ સાથે ગાઢ રીતે સંકળાયેલ હોય છે એટલે ભાષાનો અભ્યાસ તે-તે ભાષકસમાજની ભિન્નભિન્ન સમયની સાંસ્કૃતિક પરિસ્થિતિ ઉપર પણ પ્રકાશ પાડી શકે છે.

આ ઉપરાંત સમાજનાં ભાષાસંબંધી વલણો ઘણી વાર યોગ્યતાયુક્ત, સ્વસ્થ કે સુખદ નથી હોતાં (જેમકે, અમુક ભાષાસ્વરૂપને હલકું ગણવું, વગેરે). ભાષાવિજ્ઞાની એ વલણોને સ્વસ્થ અને સમુચિત કરવામાં ભાગ ભજવી શકે છે. દ્વિભાષી કે ભિન્નભાષી પ્રદેશોમાં ભાષાકીય અસ્મિતાના સંઘર્ષો ઊભા થાય છે. ત્યાં શિક્ષણ, વહીવટ વગેરેમાં ભાષાઓનાં સ્થાન અંગેની રાજકીય નીતિ ઘડવામાં પણ ભાષાવિજ્ઞાનીનું માર્ગદર્શન ખૂબ કામ આવે છે. માનવવર્તનને સમજવાની કામગીરીમાં પણ ભાષાવિજ્ઞાની ફાળો આપી શકે, કેમકે વાણીવ્યવહાર એ પણ એક માનવવર્તન જ છે.

: ૩ : ભાષાવિજ્ઞાનના આ બધા ઉપયોગો બતાવે છે કે એની સીમાઓ ક્યાં સુધી વિસ્તરી છે. ભાષાવિજ્ઞાન કેવળ ભાષાવિજ્ઞાન નથી રહ્યું, એ સમાજવિજ્ઞાન, માનવવંશવિજ્ઞાન અને મનોવિજ્ઞાનના પ્રદેશમાં પણ પ્રવેશે છે. એ જ રીતે, સાહિત્યશાસ્ત્ર, તર્કશાસ્ત્ર અને દર્શનશાસ્ત્ર સાથે પણ ભાષાવિજ્ઞાનનો નાતો છે. ભાષાવિજ્ઞાન, પશ્ચિમમાં જે રીતે ખેડાઈ રહ્યું છે તે જોતાં, એક વિશાળ કાર્યક્ષેત્રવાળી વિદ્યાશાખા – માનવબુદ્ધિને પડકારરૂપ બનતી વિદ્યાશાખાનું સ્વરૂપ પામી રહ્યું છે. આવી વિદ્યાશાખામાં કરેલો ચંચુપાત પણ પ્રેરક અને ઉત્તેજક બની શકે.

[૨] ભાષા અને માનવસમાજ

: ૧ : ભાષા વિશે વિચાર કરતાં સૌથી પહેલી વસ્તુ એ ધ્યાનમાં આવે છે કે આજના માનવસમાજ અને સંસ્કૃતિમાં ભાષા કેવું મહત્ત્વનું, ચાવીરૂપ સ્થાન ધરાવે છે ! કોઈ અકસ્માતથી કે શાપથી ભાષાનું આ સાધન માનવજાતિ પાસેથી છીનવાઈ જાય તો શી દશા થાય ? આપણો અરસપરસનો ઘણોબધો વ્યવહાર અટકી પડે. ચેષ્ટા કે ઇંગિતો દ્વારા આપણે થોડો વ્યવહાર ચલાવી શકીએ પરંતુ એ તો તદ્દન પ્રાથમિક સ્વરૂપનો હોય. હું

પુસ્તક લખી શકું નહીં, તમે વાંચી શકો નહીં, આપણે દૂરદૂર સંદેશાઓ મોકલી ન શકીએ. વહીવટદાર પોતાની ચેમ્બરમાં બેઠોબેઠો વહીવટ ચલાવી ન શકે. જ્ઞાનવિજ્ઞાન એક પેઢીથી બીજી પેઢી સુધી સંચિત થઈ શકે નહીં. ટૂંકમાં, વેપારઉદ્યોગ, રાજ્યવહીવટ, શિક્ષણ, વૈજ્ઞાનિક સંશોધનનું અટપટું તંત્ર આખુંયે તૂટી પડે. આપણો ઘરવ્યવહાર પણ આજની રીતે ચાલી ન શકે. ઇતિહાસનું તો અસ્તિત્વ જ ન રહે કેમકે ઇતિહાસ બહુધા ભાષાના દસ્તાવેજોમાં સચવાયેલો હોય છે.

એ નોંધપાત્ર છે કે ભાષા માનવની એક વિશેષતા છે. પ્રાણીઓ પાસે આવી ભાષા નથી. જૂના સમયમાં કહેવાતું કે માણસ ડહાપણ ધરાવી શકે છે (*homo sapiens* – man capable of wisdom) એ એની વિશેષતા છે, કેમકે બીજાં પ્રાણીઓ વિચાર કરી શકતાં નથી અને સિદ્ધાંતો બાંધી શકતાં નથી જ્યારે માણસ એવું કરી શકે છે. વધારે સાચી રીતે આજે હવે એમ કહી શકાય કે માણસ બોલી શકે છે (*homo loquens* – man capable of speech) એ એની વિશેષતા છે, કેમકે માણસની બૌદ્ધિક સાંસ્કૃતિક બધી પ્રગતિમાં – માણસ આજે જે કંઈ છે અને પ્રાણીઓ નથી તેમાં ભાષાનો ફાળો ઘણો મોટો છે.

આધુનિક સમયમાં માણસને ઓજારો બનાવનાર પ્રાણી તરીકે ઓળખાવવામાં આવ્યો છે; પણ ભાષા જ માણસે શોધેલું સૌથી વધારે વિલક્ષણ ઓજાર છે. બીજાં ઓજારો એ ઓજારને કારણે જ શક્ય બન્યાં છે. ખોદવાકરવાના કામમાં આવતો દંડો અને એવાં બીજાં પ્રાથમિક સ્વરૂપનાં ઓજારોની વાત જવા દઈએ; આજનાં અટપટાં ઓજારોનું નિર્માણ માનવસહકાર અને શ્રમવિભાજનની અપેક્ષા રાખે છે જે ભાષા વિના શક્ય નથી. વસ્તુતઃ ભાષા એક મોટું યાંત્રિક ઓજાર છે જે માનવસંસ્કૃતિને શક્ય બનાવે છે.

આ રીતે ભાષાના ઉપયોગથી જ માણસે જગતના જીવોમાં અનન્ય સ્થાન પ્રાપ્ત કર્યું છે. એક ભાષાવિજ્ઞાની તો ત્યાં સુધી કહે છે કે માનવજાતિએ ભાષાનો ઉપયોગ કરવો શરૂ કર્યો ત્યારથી જ તે 'માનવ' બનવા માંડી, તે પહેલાં નહીં.[૧] ભાષા માનવસંસ્કૃતિના વિકાસનું એક પરિબળ છે તેમ એનું એક ઘટકતત્ત્વ પણ છે. ઇતર સંસ્કૃતિતત્ત્વો ભાષાને ઘડે છે. ભાષાથી ઇતર સંસ્કૃતિતત્ત્વો અને ભાષા પરસ્પરાવલંબી છે – તેમાંનું કોઈ બીજા વિના અસ્તિત્વ ધરાવી કે વિકસી શકે નહીં. સમગ્ર માનવસંસ્કૃતિનાં બંને અંગભૂત છે.

: ૨ : માનવજાતમાં ભાષા કેમ વિકસી ? એમ લાગે છે કે માનવસમાજના વિકાસ સાથે, વ્યવહારના એક અર્થક્ષમ માધ્યમ લેખે ભાષા અસ્તિત્વમાં આવી હશે. આ ભાષાએ,

---

૧. "...The human race started to be human when its use of language began, not until then." – Robert Hall

પછીથી, સામાજિક વિકાસમાં પણ ઘણો ભાગ ભજવ્યો છે. આમ, ભાષાવિકાસ અને માનવનો સામાજિક વિકાસ પરસ્પરાવલંબી ઘટનાઓ છે. માણસજાતને ભાષા સાંપડી એ, એ રીતે, કદાચ એક મોટામાં મોટી, મોટામાં મોટાં પરિણામો લાવનારી ઘટના હતી.

ભાષા માનવસમાજની સરજત છે. સમાજમાં રહેવાનું એ પરિણામ છે. નવા જન્મેલા બાળકને સમાજથી અળગો કરી એકલો રાખો તો એ નક્કી છે કે જો જીવશે તો એ ચાલતાં તો શીખશે જ; એ જ રીતે એ પણ નક્કી છે કે એ બોલતાં તો નહીં જ શીખે, એટલેકે એના સમાજની પ્રણાલિકાગત રીત પ્રમાણે વિચારોનું સંક્રમણ કરતાં તો નહીં જ શીખે.

આ રીતે ભાષા એક સામાજિક સંસ્થા કે માનવસંસ્થા છે. અન્ય માનવસંસ્થાઓ (જેવી કે, કુટુંબ) પેઠે તે સર્વવ્યાપક છે, છતાં પ્રજાએ-પ્રજાએ એનું સ્વરૂપ જુદું છે અને એ અપરિવર્તનીય નથી – ભિન્નભિન્ન આવશ્યકતાઓ ઊભી થતાં અને અન્ય પ્રજાઓની અસર થતાં એ પરિવર્તન પામે છે.

: ૩ : માણસ ભાષા મેળવે છે સમાજમાંથી; એ રીતે એ માણસને માટે સાહજિક કે કુદરતી ચીજ નથી. કુદરતે આપેલી કેટલીક ઇન્દ્રિયોના ઉપયોગથી માણસ ભાષા બોલે છે, પણ એ ઇન્દ્રિયો પણ કુદરતે ભાષા બોલવા માટે નિર્મેલી ઇન્દ્રિયો નથી. મુખનું અને મુખના અવયવોનું મુખ્ય કામ ખોરાક ચાવવાનું-ઢીલો કરવાનું-એકરસ કરવાનું છે, નાકનું મુખ્ય કામ શ્વાસોચ્છ્વાસ લેવાનું છે, વગેરે. તેમ છતાં માણસે આ ઇન્દ્રિયોને ભાષા બોલવા માટે કેળવી છે અને કામમાં લીધી છે એ પણ માણસની વિશેષતા છે.

ભાષા માણસને માટે સાહજિક ન હોય તોપણ ભાષાની શક્તિ તો માણસને માટે સાહજિક છે. કોઈ પણ માનવભાષાના સંપર્કમાં મુકાતાં માનવબાળક પોતાના અવયવોને એ ભાષાનું ઉચ્ચારણ કરતા કરી શકે છે અને એ ભાષાના તંત્રને આત્મસાત્ કરી લે છે, એટલું જ નહીં પણ બાલ્યાવસ્થામાં માણસ ભાષાની જે સામગ્રી બહારથી મેળવે છે તેનાથી ઘણી વધારે સામગ્રી પોતે પછીથી જીવનકાળ દરમિયાન બહાર મૂકે છે. માણસનો ભાષાવપરાશ આ રીતે સર્જનાત્મક હોય છે. એનો અર્થ એ થયો કે ભાષાનું અસ્તિત્વ અને ભાષાવ્યવહાર માનવબુદ્ધિની અમુક પ્રકારની સજ્જતા પર અવલંબિત છે. એ સજ્જતા નૈસર્ગિક છે, સમાજમાંથી મળેલો ધર્મ નથી.

[૩] ભાષાનાં વિવિધ કાર્યો

: ૧ : ભાષા કેવી વિવિધ પ્રકારની કામગીરીઓ બજાવે છે એનો વિચાર કરીએ ત્યારે જ ભાષા આપણા જીવનમાં કેટલી વણાયેલી છે એનો ખ્યાલ આવે. ભાષાની સૌથી પહેલી અને મુખ્ય કામગીરી, અલબત્ત, અવગમન કે સંક્રમણ કે સંદેશાવ્યવહાર-

(communication)ના માધ્યમ તરીકેની છે. આપણો પરસ્પરનો સઘળો વ્યવહાર ભાષા પર આધારિત છે. મને પાણીની તરસ લાગી હોય તો બીજી વ્યક્તિને હું એ ભાષા દ્વારા સૂચવી શકું છું અને એ મને પાણી લાવીને આપે છે. આથી જ એક ભાષાવિજ્ઞાની કહે છે કે એક માણસને ઉદ્દીપન થાય અને બીજો એને માટે કંઈક ક્રિયા કરે એ ભાષાને કારણે શક્ય બને છે.

આમ તો, મુખના ચાળા, અનુકરણાત્મક ક્રિયાઓ, ઊંચોનીચો અવાજ, ચેષ્ટાઓ ઇત્યાદિ દ્વારા તેમજ પદાર્થોને અમસ્તા હાથમાં આમતેમ પકડીને આપણે બીજી વ્યક્તિને કેટલુંક સૂચવી શકીએ છીએ. એટલેકે આ બધાં પણ સંદેશાવ્યવહારનાં માધ્યમો તરીકે કામ આપે છે. પરંતુ એમની કામગીરી અત્યંત મર્યાદિત છે. મારે ઑફિસના અમુક કબાટના અમુક ખાનામાં રહેલા અમુક ખોખામાંથી કોઈ ચોક્કસ ચીજ જોઈતી હોય અને હું ઑફિસમાં બેઠો હોઉં તો ચેષ્ટા દ્વારા, કદાચ, બધું સૂચવી શકું; પરંતુ ઘેર બેઠાં એ હું કેવી રીતે કહી શકું ? ભાષા જે કંઈ કહેવું હોય તે કરકસરથી, ચોકસાઈથી અને સ્ફુટ રીતે કહી શકે છે. વળી, વસ્તુ કે ઘટના જે સ્થળસમયમાં અસ્તિત્વ ધરાવતી હોય તેનાથી ભિન્ન સ્થળસમયમાં ભાષા દ્વારા એના વિશે વાત કરી શકાય છે. ગુપ્ત સામ્રાજ્યની હું આજે વાત કરી શકું છું, મેં કે સાંભળનારે એ જોયું ન હોય છતાં. સ્થળસમયની આવી હેરફેર (displacement) ભાષાના માધ્યમમાં જ શક્ય છે. અને એને કારણે ભાષાસંદેશાઓ આપણે બીજી વ્યક્તિ મારફત પણ મોકલાવી શકીએ છીએ. ભાષાના માધ્યમમાં રહેલી હેરફેરની આ સગવડને કારણે જ આજનો અટપટો માનવવ્યવહાર શક્ય બન્યો છે. વિદ્વાન ભાષાવિજ્ઞાની બ્લૂમફીલ્ડ કહે છે તેમ, શ્રમવિભાજન અને તે સાથે માનવસમાજની સમગ્ર કાર્યવાહી ભાષાને આભારી છે.

ઉપરાંત ભાષાને લિપિબદ્ધ કરી શકાય છે, દૃશ્યસંકેતોમાં મૂકી શકાય છે. એથી ભાષાસંદેશાઓને સાચવી શકાય છે અને એમની હેરફેર ભાષા બોલનાર વિના પણ કરવાનું શક્ય બને છે. આ રીતે ભાષા સામાજિક વ્યવહારનું એક સમર્થ સાધન બની ચૂકી છે. એટલે સુધી કે કોઈ પણ માનવસમાજ જોડાયેલો કે સંધાયેલો રહે છે તે ભાષાને કારણે એમ અવશ્ય કહી શકાય.[૨]

સંદેશાવ્યવહારના હેતુ માટે ભાષાનો ઉપયોગ એ એનો એવો લાક્ષણિક ઉપયોગ છે કે કોઈ માણસને બીજાને કશું કહેવાનું ન હોય અને એ પોતાની જાત સાથે બબડે ત્યારે એ હાસ્યાસ્પદ ગણાય છે. એવો પણ સંભવ છે કે જો આપણે આપણી વાત કોઈને પહોંચાડવાની ન હોય તો આપણી ભાષા બહુ ઝડપથી હ્રાસ પામવા

---

૨. "Every human society is held together by language." – Robert Hall

લાગે,[૩] એટલેકે અભિવ્યક્તિ અને અવગમનની ક્ષમતા ગુમાવી બેસે. આમ છતાં, સંક્રમણના હેતુ માટે ભાષાનો જે ઉપયોગ છે તેને આનુષંગિક ભાષાના બીજા પણ વિશિષ્ટ ઉપયોગ છે એ ધ્યાનમાં રાખવું જોઈએ.

: ૨ : ભાષાનો મુખ્ય ઉપયોગ સંદેશાવ્યવહારના માધ્યમ તરીકે હોવા છતાં માણસ ઘણી વાર પોતાની જાતને અભિવ્યક્ત કરવા માટે પણ ભાષાનો ઉપયોગ કરે છે એટલેકે કોઈ સાંભળતું હોય તો તેમના પ્રતિભાવોની બહુ ઝાઝી ચિંતા કર્યા વિના પોતાની લાગણીઓ અને વિચારોનું, એ, ભાષા દ્વારા પૃથક્કરણ કરે છે. રિસાયેલા બાળકનો એકાંત બબડાટ એની લાગણીની કેવળ અભિવ્યક્તિ હોય છે, તેમ એકલા બેઠાં હોઠ ફફડાવતો માણસ (ઇટલીમાં તો રસ્તા પર એકલા બોલતા જતા માણસ પણ મળે) ભાષાનો ઉપયોગ કેવળ જાત માટે વિચારની અભિવ્યક્તિ કરવાના હેતુથી કરતો હોય છે. ઘણી વાર માણસને ખરેખર કંઈ મહત્ત્વનું કહેવાનું ન હોય અને માત્ર પોતાની નજરમાં અને બીજાઓની નજરમાં પોતાની જાતને સ્થાપવાના હેતુથી, પોતાનું મહત્ત્વ કે વ્યક્તિત્વ સિદ્ધ કરવાના હેતુથી એ ભાષાપ્રયોગ કરતો હોય એમ પણ બને. ટૂંકમાં ભાષા સંક્રમણથી અલગ એવા અભિવ્યક્તિના સાધન તરીકે પણ કામગીરી બજાવે છે.

અમૂર્ત વિચારો અને લાગણીઓને ભાષા વ્યક્ત કરી શકે છે એનું કારણ એ છે કે એમાં યાદચ્છિક રીતે ઘડાયેલા, જે-તે અર્થ વ્યક્ત કરવા નિર્માયેલા સંકેતો હોય છે. અહીં પણ ભાષાની ક્ષમતા બીજાં બધાં માધ્યમો – ચેષ્ટા વગેરે – કરતાં ઘણીબધી વધારે છે, કેમકે ભાષામાં સંકેતોની સમૃદ્ધતા છે અને નવનિર્માણની પણ સગવડ છે. પરિણામે સૂક્ષ્મમાં સૂક્ષ્મ તેમજ નવા ઉદ્ભવતા ભાવો અને વિચારોને તથા મનના સંકુલ આઘાતપ્રત્યાઘાતોને પણ ભાષા દ્વારા વ્યક્ત કરવાનું બની શકે છે.

ભાષા આપણા ચિત્તવ્યાપારો સાથે કેટલીબધી ઘનિષ્ઠતાથી સંકળાયેલી છે ! એ માત્ર વિચારો વ્યક્ત કરવાનું સાધન નથી, વિચારપ્રક્રિયાને સહાયરૂપ થનારું તત્ત્વ પણ છે; કદાચ એ વિચાર કરવાનું સાધન પણ હોય, કેમકે ભાષાના માળખા વિનાના ચિત્તવ્યાપારને ખરેખર 'વિચાર' કહેવાય કે કેમ તે એક પ્રશ્ન છે. કંઈ નહીં તો, અસ્પષ્ટ ભાવ કે વિચારને સ્પષ્ટ આકાર આપવા માટે તો ભાષા આવશ્યક છે જ. એ રીતે, ભાષા માણસના ચિત્તવિકાસનું એક મહત્ત્વનું પરિબળ છે એમાં શંકા નથી.

: ૩ : આમાંથી ફલિત થતી ભાષાની એક ત્રીજી કામગીરી તે તાત્ત્વિક, વૈજ્ઞાનિક

---

૩. "There is, besides, every indication that everybody's language would suffer rapid corruption without the necessity of making oneself understood." – Andre Martinet

અભિવ્યક્તિના વાહન તરીકેની, જ્ઞાનસાધન તરીકેની છે. જગતનાં આપણાં અવલોકન-અનુભવને, એના વિશે આપણે બાંધેલા વિચારોને, એની આપણે બીજાં સાધનોથી કરેલી પરીક્ષાને આપણે ભાષા દ્વારા વ્યક્ત કરીએ છીએ. અહીં ભાષાને લિપિની સગવડ મળેલી છે તેનો લાભ તરત ધ્યાન ખેંચે છે. એ સગવડને લીધે અમુક વ્યક્તિઓ કે પ્રજાઓએ પ્રાપ્ત કરેલું જગત વિશેનું જ્ઞાન પછી આવતી અનેક પેઢીઓ સુધી પહોંચાડી શકાય છે. પછીની પેઢીઓ એના વિશે ઊહાપોહ કરી શકે છે અને એ રીતે તત્ત્વવિચાર અને વિજ્ઞાનના વિકાસની એક પરંપરા ઊભી થાય છે. જે જ્ઞાનસિદ્ધિ અને વૈજ્ઞાનિક પ્રગતિ માનવે હાંસલ કરી છે તેમાં ભાષાનો પરોક્ષ, પણ બહુ મહત્ત્વનો ફાળો છે. આપણી પાસેથી જો ભાષા અને લિપિ ઝૂંટવાઈ જાય તો આ બાબતમાં આપણે કેટલા દરિદ્ર બની જઈએ ? કદાચ આદિમાનવસમાજની અવસ્થાએ પહોંચી જઈએ.

ભાષા આપણા જ્ઞાનને વ્યક્ત કરવાનું સાધન છે એમ કહેવું પૂરતું નથી. એવો પણ એક અભિપ્રાય છે કે જગત વિશેનું આપણું દૃષ્ટિબિંદુ આપણે જે ભાષા બોલતા હોઈએ તેનાથી સંપૂર્ણપણે નિયત થયેલું ન હોય તોપણ તે ભાષાના માળખાથી સારી પેઠે રંગાયેલું તો હોય છે જ. દાખલા તરીકે, એક ભાષા બરફના કે રંગના જેટલા અને જે પ્રકારે ભેદ કરે છે તેટલા ને તે પ્રકારે બીજી ભાષા કરતી નથી.

: ૪ : ભાષાની ચોથી નોંધપાત્ર કામગીરી તે સાહિત્યના માધ્યમ તરીકેની કામગીરી છે. એને આપણે રસસર્જનલક્ષી કામગીરી કહી શકીએ. આ કામગીરી અભિવ્યક્તિ અને સંક્રમણની કામગીરી સાથે ગાઢ રીતે સંકળાયેલી છે તેથી એનું પૃથક્કરણ કરવું મુશ્કેલ છે; પરંતુ સાહિત્યમાં ભાષાનો એક વિશિષ્ટ પ્રકારનો ઉપયોગ છે એ તો તરત ધ્યાનમાં આવે એવું છે. સાહિત્યનો સર્જક ભાષાનાં નાદ અને લયનાં તત્ત્વોને કામમાં લે છે, ભાષાની અર્થસંદિગ્ધતાનો લાભ ઉઠાવે છે તથા ભાષાની – અને તે દ્વારા અનુભવની – એક સંરચના સિદ્ધ કરે છે. અહીં લાગણી કે અનુભવનું સંક્રમણ થતું હોવા છતાં સંરચનાને એક સંરચના તરીકે પણ આપણે આસ્વાદી શકીએ છીએ, જેમ એક વૃક્ષના વ્યાવહારિક હેતુને ભૂલી જઈને આપણે એના રૂપરંગને – એના સૌંદર્યને માણીએ છીએ. વ્યવહાર અને શાસ્ત્રમાં આપણે ભાષાનો જે જાતનો ઉપયોગ કરીએ છીએ તેનાથી આ જુદી જાતનો ઉપયોગ છે. વ્યવહાર કે શાસ્ત્રમાં ભાષાપ્રયોગ સંદેશા કે વિચારની આપ-લેને અનુલક્ષીને થાય છે, સાહિત્યમાં રસસૌંદર્યને અનુલક્ષીને.

: ૫ : ભાષાના આ મુખ્ય ઉપયોગમાંથી ફલિત થતા અને એની આજુબાજુના બીજા કેટલાક ઉપયોગો પણ નોંધી શકાય. 'કેમ છો ?' 'મજામાં' 'જેશ્રીકૃષ્ણ' વગેરે ઉદ્‌ગારો દ્વારા માણસો કશો સંદેશાવ્યવહાર કરતા હોતા નથી, પરંતુ એક જાતનો હૃદયસંવાદ સાધતા

હોય છે, સામાજિક સંબંધની ગાંઠ મજબૂત બનાવતા હોય છે. એ જ રીતે, મંત્રોચ્ચારો આપણો ઈશ્વર સાથે સંબંધ જોડી આપે છે. ભાષા રમતના ઉપયોગમાં પણ આવે છે (અમુક પ્રકારની બાળકવિતામાં ભાષાની રમત જ હોય છે) અને ભાષા જવાબદારીઓ પણ ઊભી કરતી હોય છે, કાર્યનું સ્થાન લઈ લેતી હોય છે. મુસ્લિમ સમાજમાં 'હું છૂટાછેડા આપું છું' એટલા શબ્દોથી જ છૂટાછેડા અસ્તિત્વમાં આવી જાય છે અને 'હું મારી સંપત્તિ વારસામાં આપું છું' એવા વૈધિક રીતે થયેલા લખાણમાત્રથી સંપત્તિનો ફેરબદલો થઈ જાય છે. જાહેરખબર કરનારાઓ ભાષા દ્વારા માત્ર હકીકતો રજૂ કરતા નથી, માલ લેવા આપણને પ્રેરે છે. ભાષા, આમ, કાર્યપ્રેરણા પણ કરે છે.

ભાષાના આ વિવિધ ઉપયોગો એની અસાધારણ કાર્યશક્તિ પ્રગટ કરે છે.

[૪] 'ભાષા' શબ્દના વિવિધ અર્થો

: ૧ : અત્યાર સુધી 'ભાષા' શબ્દને આપણે 'માનવભાષા'ના અર્થમાં પ્રયોજ્યો. 'ગુજરાતી', 'અંગ્રેજી' વગેરેને આપણે જે અર્થમાં 'ભાષા' તરીકે ઓળખાવીએ છીએ તે અર્થમાં. પરંતુ ઘણી વાર 'ભાષા' શબ્દને આપણે વિશાળ અર્થમાં વાપરીએ છીએ. ઉમાશંકરની એક કવિતાની પંક્તિ છે – 'કવિતા, આત્માની માતૃભાષા.' કવિતા ભાષામાં લખાય છે તેમ છતાં, એ સ્પષ્ટ છે કે, કવિતાને આત્માની ભાષા તરીકે ઓળખાવવી એ કંઈક જુદી વસ્તુ છે. બીજું એક ઉદાહરણ જુઓ : 'મૌન એ પ્રેમની ભાષા છે.' ભાષા તો વાણીરૂપ છે અને મૌન એટલે તો વાણીનો અભાવ. એને 'ભાષા' કેમ કહેવાય ? દેખીતું છે કે 'ભાષા' શબ્દ અહીં જુદા અર્થમાં પ્રયોજાયો છે. એ અર્થ છે 'અભિવ્યક્તિ અને અવગમનનું (કોઈ પણ) માધ્યમ.' કવિતા આત્માના ભાવોને પ્રગટ કરે છે, મૌન પ્રેમને વ્યક્ત કરે છે માટે એમને 'ભાષા' કહ્યાં.

બહેરાંમૂગાં જે રીતે વાતચીત કરે છે તેને 'ચેષ્ટારૂપ ભાષા' (gesture language) કહેવામાં આવે છે. મધ ક્યાં છે તે મધમાખીઓ પાંખોના નૃત્ય દ્વારા દર્શાવતી હોય છે, તેથી પાંખોનું નૃત્ય એ મધમાખીઓની 'ભાષા' છે એમ પણ કોઈ કહે. આ બધે સ્થળે પણ 'ભાષા' શબ્દનો વ્યાપક અર્થ છે – 'ભાષા' એટલે અભિવ્યક્તિ અને અવગમનનું કોઈ પણ માધ્યમ. આપણે ગુજરાતી, અંગ્રેજીને ભાષા કહીએ છીએ તે આ અર્થમાં નહીં, વિશેષ અર્થમાં – એ સ્પષ્ટ છે.

: ૨ : ભાષા જો વાણીરૂપ હોય, ધ્વનિઓની બનેલી હોય તો પશુપક્ષીઓની તો 'ભાષા' કહી શકાય ને ? હરણ અને બીજાં પ્રાણીઓ પોતાની ચીસોથી ભયનું સૂચન કરે છે, પક્ષીઓ અને પ્રાણીઓમાં સંવનનના અવાજો હોય છે અને પોપટ તો કેવું માણસ જેવું બોલે છે !

પરંતુ એ નોંધપાત્ર છે કે પ્રાણીઓ પાસે ગણતર અવાજો હોય છે અને તે થોડીક ચોક્કસ પરિસ્થિતિઓની પ્રતિક્રિયારૂપ તથા ભૂખ, તરસ, ભય જેવા કેટલાક ભાવોની અભિવ્યક્તિરૂપ હોય છે. એક પોળનો કૂતરો, કોઈ બહારનો કૂતરો આવે તો અમુક અવાજ કરે તો એમાંથી એ પરિસ્થિતિ જ સમગ્ર રીતે અને સ્થૂળ રીતે સૂચિત થાય. પ્રાણીઓ ભયનો નિર્દેશ કરી શકે પણ 'ઉત્તર દિશામાંથી ટૅન્કો આવી રહી છે' કે 'પશ્ચિમ દિશામાંથી હવાઈદળ આવી રહ્યું છે' એવું કશું કહી ન શકે. પ્રાણીઓના અવાજો અત્યંત સાદાસીધા હોય છે, છૂટા પાડી શકાય એવા અંશો એમાં હોતા નથી, કશી સંઘટના હોતી નથી – દુઃખમાં મોંમાંથી નીકળતા નિસાસાની જેમ.

વળી પ્રાણીઓના અવાજો બધા જ દેશમાં અને બધા કાળમાં એકસરખા જ હોય છે. ઇંગ્લન્ડનો કૂતરો અને હિંદુસ્તાનનો કૂતરો એક પરિસ્થિતિમાં એકસરખી રીતે જ ભસે. એટલેકે આ અવાજો યાદચ્છિક – પોતાની ઇચ્છા મુજબ નિર્માયેલા – નથી, પણ સાહજિક છે. માટે જ એ અવાજો કરવાનું એમણે અનુકરણથી શીખવાનું નથી હોતું. કૂતરાને એના સમાજથી જન્મથી જ દૂર રાખીએ તોપણ એ આ રીતે ભસે. વાંદરાઓ માણસનું કેટલુંબધું અનુકરણ કરી શકે છે ! પણ એ અવાજોનું અનુકરણ કરી શકતા નથી.

પોપટ અવાજોનું અનુકરણ કરી શકે છે. પરંતુ પોપટ પોતે શીખેલા અવાજોને કશા સ્વૈચ્છિક – પોતાના – અર્થો વળગાડતો નથી. એટલે પોપટ સાથે 'વાતચીત' ન થઈ શકે.

આ ચર્ચાનું તાત્પર્ય એ છે કે પ્રાણીઓના અવાજો, જે અર્થમાં ગુજરાતી, અંગ્રેજી વગેરે 'ભાષાઓ' છે તે અર્થમાં ભાષા નથી. એને ભાષા તરીકે ઓળખાવીએ ત્યારે આપણે 'ભાષા' શબ્દનો વ્યાપક અર્થ કરીએ છીએ એમ કહેવાય. ત્યાં ભાષા એટલે અભિવ્યક્તિ અને અવગમનનું અવાજોનું બનેલું કોઈ પણ માધ્યમ એવો અર્થ રહેલો છે.

: ૩ : 'ભાષા' શબ્દના આ બધા લાક્ષણિક પ્રયોગો છે. ચોક્કસ અને ચુસ્ત અર્થમાં ભાષા એટલે અભિવ્યક્તિ અને અવગમનનું ધ્વનિસંકેતોની વ્યવસ્થારૂપ જે માધ્યમ માનવસમાજો વાપરે છે તે. આ 'ભાષા' ધ્વનિઓની બનેલી હોય છે, છતાં ગમે તે ધ્વનિઓ ભાષામાં સ્થાન પામતા નથી. નિસાસામાં ધ્વનિ હોય છે અને એ અર્થ – જેમકે, દુઃખનો – વ્યક્ત કરે છે, ખોંખારો પણ અમુક પરિસ્થિતિમાં અમુક અર્થ વ્યક્ત કરે છે, પરંતુ નિસાસો કે ખોંખારો 'ભાષા' નથી. ભાષામાં એ માટે કેળવાયેલા અમુક ઉચ્ચારણ-અવયવોથી ઉચ્ચરિત નિશ્ચિત સંખ્યાના ધ્વનિઓની એક વ્યવસ્થા હોય છે. ધ્વનિઓને જુદીજુદી રીતે સંયોજી શકાય છે અને એ સંયોજનોને જુદાજુદા અર્થોના સંકેત રૂપે નિશ્ચિત કરી શકાય છે. એટલેકે ધ્વનિઓ સંકેતાત્મક હોય છે અને એ સંકેતો એ ભાષાસમાજે

જે-તે અર્થ વ્યક્ત કરવા નિર્મેલા હોય છે – યાદચ્છિક હોય છે. ધ્વનિ અને અર્થ વચ્ચે કોઈ નૈસર્ગિક, સાહજિક કે આવશ્યક સંબંધ નથી હોતો, યાદચ્છિક કે આકસ્મિક સંબંધ હોય છે. દરેક સમાજને ધ્વનિસંકેતોની પોતાની આગવી વ્યવસ્થા હોય છે જે તેને પરસ્પર વ્યવહારના સાધન તરીકે કામ આપે છે.

આપણે જેના વિશે વિચાર કરવા અહીં પ્રવૃત્ત થયા છીએ તે આ ભાષા, એ આપણા મનમાં સ્પષ્ટ રહેવું જોઈએ; કેમકે 'ભાષા' શબ્દનો વ્યાપક અર્થ આપણા મનમાં હોય તો એમાં ભિન્નભિન્ન પ્રવૃત્તિઓનો સમાવેશ થવાને કારણે આપણી ચર્ચા વ્યાપક, શિથિલ અને અચોક્કસ બની જાય. વિષયના વૈજ્ઞાનિક અભ્યાસ માટે વિષયનું ક્ષેત્ર આરંભથી જ નિશ્ચિત કરવું જરૂરી હોય છે.

[૫] ભાષા અને વાણી

: ૧ : ભાષાને હજુ આપણે વાણી (speech) અને લેખન (writing)થી જુદી પાડવાની રહેશે. 'વાણી' એટલે ભાષા બોલવાની આખીયે ઘટના, સમગ્ર વાગ્વ્યવહાર. એમાં 'ભાષા'થી ઘણુંબધું વિશેષ હોય છે. 'લેખન' એટલે ભાષાનું લિખિત સ્વરૂપ; ભાષાના બોલાતા જીવંત સ્વરૂપથી એ નોંધપાત્ર રીતે જુદું પડતું હોય છે.

: ૨ : આપણે વાર્તાલાપ કરીએ છીએ ત્યારે ઘણી વાર અટકતાં-અટકતાં, અચકાતાં-અચકાતાં, અવરોધો પામતાં-પામતાં, સ્ખલનો કરતાં-કરતાં અને એને સુધારતાં-સુધારતાં, પુનરાવર્તનો કરતાં અને અણધાર્યા પલટાઓ લેતાં બોલીએ છીએ. વાર્તાલાપની, આવી બધી ખાસિયતો સાથે, આબેહૂબ નોંધ લેવામાં આવી હોય તો બોલનારનેયે આશ્ચર્યજનક લાગે. આમાં વળી વૈયક્તિક પ્રાસંગિક ખાસિયતો ભળે. દાખલા તરીકે, હું એક વાક્ય બોલું છું : 'અરે, તમે આ શું માંડ્યું ?' હું શાંત સમજાવટથી, ગુસ્સે થઈને કે વિસ્મયના ભાવથી બોલતો હોઉં, એ મુજબ વાક્યનો સૂર જુદોજુદો હોવાનો. મારો અવાજ મીઠો હોય કે કર્કશ હોય, તીણો હોય કે જાડો હોય. મને અત્યંત ઝડપથી બોલવાની ટેવ હોય કે ધીમેથી બોલવાની ટેવ હોય કે હું તોતડાતો હોઉં. મારા બોલવામાં અમુક પ્રકારના લહેકા આવતા હોય. 'એટલેકે', 'જે-છે-તે', 'મેં કીધું' એવા શબ્દો વચ્ચેવચ્ચે નિરર્થક રીતે બોલવાની મારી ખાસિયત હોય. મારા ઉચ્ચારણ-અવયવો જરા આઘાપાછા ગોઠવાતા હોય કે કોઈ ધ્વનિ ખવાઈ પણ જતો હોય. મારા બોલવામાંથી મારા શરીરનો થાક પ્રગટ થાય કે મનનો કંટાળો પ્રગટ થાય કે વિચારની આગવી પ્રક્રિયા વ્યક્ત થાય.

'વાણી'માં તો આ આખીયે ઘટનાનો સમાવેશ થવાનો. એથી, મારા અને તમારા બોલવામાં ભાષાનો ઘટક (વાક્ય) એકસરખો જ હોય છતાં મારી અને તમારી 'વાણી' જુદી પડવાની. અરે, હું પોતે જ એક ને એક વાક્ય જુદેજુદે સમયે બોલું ત્યારે એનું

ભાષાસ્વરૂપ એક જ રહે પણ એનું વાણીસ્વરૂપ બદલાઈ જાય.

'ભાષા' તો એક માળખું છે, વ્યવસ્થા છે – સમાજસ્વીકૃત વ્યવસ્થા છે. સમાજના અન્ય સભ્યોને આપણો સંદેશો પહોંચાડવા માટે, સંક્રમણક્ષમતા માટે આપણે બોલવા પર જે નિયંત્રણો સ્વીકારીએ છીએ ને જે નિયમતંત્ર અપનાવીએ છીએ તે ભાષા કે ભાષાવ્યવસ્થા. અમુક ધ્વનિઓ, એનાથી બનતા અમુક શબ્દો, શબ્દોના વર્ગો, એની વચ્ચેના સંબંધો વ્યક્ત કરવાની રીત, શબ્દોનો ક્રમ વગેરેમાં ભાષાની વ્યવસ્થા છતી થાય છે. દા.ત., 'તમે આ શું માંડ્યું છે ?'માં શબ્દોનો એક નિયત ક્રમ છે; 'શું' સાથે 'માંડ્યું' આવે છે, 'માંડ્યો' નહીં; 'માંડ્યું છે' સાથે 'તમે' આવે છે, 'તમારે' નહીં; 'માંડ્યું છે' કહીએ છીએ, 'માંડ્યું છું' નહીં; 'માંડવું છે' 'માંડ્યું હશે' કે એવું કંઈ કહીએ તો એનો જુદો જ અર્થ થાય. આ બધાં ભાષાનાં – ભાષાવ્યવસ્થાનાં નિયમનો કે નિયમો છે. આપણો વાણીવ્યવહાર અમુક અંશે આ ભાષાવ્યવસ્થા સાથે મેળ ધરાવે છે, એનું પ્રતિબિંબ પાડે છે, એનાથી નિયંત્રિત થાય છે. એટલેકે 'વાણી'ની અંતર્ગત 'ભાષા' રહેલી હોય છે. વાણીનું અપાર વૈવિધ્ય છતાં આપણે એને સમજી શકીએ છીએ, એમાં આપણને એકરૂપતા લાગે છે તેનું કારણ એમાં પડેલી ભાષાવ્યવસ્થા છે. ભાષાવ્યવસ્થાથી આપણે એટલાબધા ટેવાયેલા હોઈએ છીએ કે વાણીમાં જે વૈયક્તિક કે આકસ્મિક અંશો હોય છે તેની ઉપેક્ષા કરીને એમાંથી ભાષાનું માળખું આપણે ઝીલી લઈએ છીએ. વક્તાથી 'કૂતરાની પૂંછડી'ને બદલે 'પૂંછડાની કૂતરી' બોલાઈ ગયું હોય તોપણ આપણે સુધારીને જ સાંભળીએ છીએ ! ઝડપથી બોલતાં વક્તા 'તમે'નો 'એ' અર્ધો ખાઈ ગયા હોય એનો તો પછી ક્યાં પ્રશ્ન જ રહે છે ?

: ૩ : આ રીતે, ભાષા એક સંકેતવ્યવસ્થા છે; વાણી એ સંકેતવ્યવસ્થાનો વ્યવહારમાં કરેલો વિનિયોગ છે. આ રીતે, ભાષા પ્રચ્છન્ન, તિરોભૂત સ્વરૂપે હોય છે; વાણી એનું પ્રકટ રૂપ છે. ભાષા સમાજમાં પડેલી વસ્તુ છે; વાણી વૈયક્તિક અને સામયિક ઘટના છે. આથી ભાષામાં એકરૂપતા અને એકાત્મકતા ભાસે છે, ત્યારે વાણી વૈવિધ્યપૂર્ણ હોય છે. ભાષા એકંદરે સ્થિર છે અથવા બહુ જ ધીમેથી બદલાતી વસ્તુ છે – ભાષકોને પોતાની ભાષા બદલાય છે એમ ભાગ્યે જ લાગે છે; વાણી – ખાસ કરીને વાણીમાં ઉચ્ચારણનો જે ભાગ છે તે – અત્યંત પરિવર્તનશીલ અને ક્ષણિક છે. ભાષામાં સર્જનાત્મકતાને અવકાશ છતાં મૂળભૂત રીતે એ શીખવામાં આવેલી – સંપાદિત કરવામાં આવેલી વસ્તુ છે, એમાં મૂળભૂત હેરફેરને અવકાશ નથી હોતો; ત્યારે વાણી નૈસર્ગિક છે, સ્વચ્છંદી, ક્રિયાશીલ, નવીનવી આગવી છટાઓ પ્રગટ કરનારો વ્યવહાર છે.

વાણી બહુમુખી – બહુરૂપી ઘટના છે. એનાં ભૌતિક, શારીરિક, માનસિક પાસાંઓ હોય છે. ભાષા કેવળ માનસિક સંસ્કાર છે. આથી જ વાણીનું વિગતે આલેખન (repre-

sentation) શક્ય નથી. વિવિધ કાકુઓ, વિરામો, સુધારાવધારા, રૂઢ પ્રયોગો, અચકાટ, ઓછીવત્તી ઝડપ – આ બધું નોંધવાની મુશ્કેલી સ્પષ્ટ છે; શ્વાસોચ્છ્વાસની પ્રક્રિયા, થાક, કંટાળો વગેરેની નોંધ લેવાની વાત તો દૂર રહી. ભાષા એક સુવ્યાકૃત નક્કર પદાર્થ હોઈ એનું વિગતે આલેખન શક્ય છે અને એનો અભ્યાસ પણ શક્ય છે.

એ નોંધપાત્ર છે કે ભાષાનું સંપૂર્ણ અને સમગ્ર સ્વરૂપ કોઈ એક બોલનારમાં વ્યક્ત નથી થતું. એના સંપૂર્ણ સ્વરૂપે તો એ સમૂહમાં જ – સમસ્ત ભાષાસમાજમાં જ અસ્તિત્વ ધરાવતી હોય છે. વાણી વ્યક્તિનિષ્ઠ સ્વયંપર્યાપ્ત ઘટના છે.

: ૪ : વાણી અને 'ભાષા' પરસ્પર ઘનિષ્ઠ રીતે સંકળાયેલાં છે. 'વાણી'માંથી 'ભાષા' આવે છે, કેમકે બોલતાં-બોલતાં જ ભાષા ઘડાતી હોય છે. વાણીને સમજવા ભાષાની જરૂર હોય છે. એ રીતે ભાષા વાણીનું પરિણામ અને જીવાતુભૂત તત્ત્વ બન્ને છે. પણ ભાષા અને વાણી પરસ્પરાવલંબી છે એનો અર્થ એવો તો નથી જ કે બન્નેને એકબીજાથી તદ્દન અલગ તત્ત્વો તરીકે સ્વીકારી ન શકાય. જુઓને, કોઈ માણસની વાણીની સહજ શક્તિ ચાલી જાય તો એથી કંઈ એની ભાષાની શક્તિ ચાલી જતી નથી. ભાષા મૂળભૂત રીતે તો કેળવેલી – શીખેલી આદતો છે. વાણીથી સ્વતંત્ર રીતે એ રહી શકે છે. મૃત ભાષાને – જે હવે બોલાતી નથી એ ભાષાને પણ આપણે હસ્તગત કરી શકીએ છીએ ને ?

'વાણી' અને 'ભાષા'ને આપણે આ રીતે જુદાં પાડી શકીએ એટલે ભાષાના અભ્યાસ ઉપર આપણું ધ્યાન કેન્દ્રિત કરી શકીએ. અહીં આપણે ભાષાની વ્યવસ્થાનો વિચાર કરવા પ્રવૃત્ત થયા છીએ, વાણીની સમગ્ર ઘટનાનો નહીં.

[૬] ઉચ્ચારણ અને લેખન

: ૧ : લેખન અને લિપિને કારણે ભાષાના કાર્યને ઘણોબધો વેગ મળ્યો છે, ભાષાના લિખિત રૂપને આદર્શ અને ઉચ્ચરિત રૂપને ઊતરતું ગણવાનું વલણ ઘણી વાર જોવા મળે છે, અંગ્રેજી 'grammar' શબ્દ 'લખવું' એવા અર્થના ગ્રીક શબ્દ પરથી આવેલ છે. આમ છતાં એ ધ્યાનમાં રાખવું જોઈએ કે ભાષાનું મુખ્ય સ્વરૂપ ઉચ્ચારણમાં છે. લેખન ઘણી વાર વ્યાકરણી સંબંધોને વધારે સ્પષ્ટતાથી દર્શાવે છે, પણ એનો અર્થ એવો નથી કે વ્યાકરણી દૃષ્ટિએ એ વધારે સાચું છે.

લેખન તો દૃશ્ય ચિહ્નો વડે ભાષાની નોંધ લેવાની એક રીત માત્ર છે. એની મદદથી ભાષાની ઉક્તિઓને સંઘરી શકાય છે એટલું જ. ભાષા કે ભાષાની કામગીરી માટે એ અનિવાર્ય નથી, તેમ લિપિ હોવાથી કે ન હોવાથી ભાષાના સ્વરૂપમાં કંઈ ફેર પડતો નથી. ભાષાનું વાણીસ્વરૂપ લેખનમાંથી આવ્યું નથી તેમ આવી શકે નહીં એ સાબિત કરવું મુશ્કેલ નથી. કોઈ પણ ભાષાના ઇતિહાસમાં તેમજ વ્યક્તિના ભાષાગ્રહણમાં લેખન

પહેલાં વાણી આવે છે. તેથી જ ભાષાનાં ધોરણો માટે વાણીએ લેખન પર આધાર રાખવાનો રહેતો નથી.

ભાષાની ઉત્પત્તિ પાંચ લાખ વર્ષ પૂર્વે થઈ હોવાનું મનાય છે, ત્યારે લિપિનો ઇતિહાસ પાંચેક હજાર વર્ષથી વધારે જૂનો નથી. જગતની ઘણી ભાષાઓને હમણાં જ લિપિ પ્રાપ્ત થઈ છે અને ઘણી ભાષાઓને હજી પણ લિપિ નથી. છાપખાનાની શોધ થઈ તે પૂર્વે અક્ષરજ્ઞાન ઘણા ઓછા લોકો પૂરતું મર્યાદિત હતું. હજીયે ઘણાબધા દેશોમાં ઘણાબધા લોકો વાંચીલખી શકતા નથી. એમની ભાષા નિયમવિહીન, પ્રવાહી કે દરિદ્ર હોતી નથી, વાંચીલખી જાણનારાઓની ભાષા જેટલી જ સ્થિર. નિયમિત અને સમૃદ્ધ હોય છે.

લિપિ કે લેખનપદ્ધતિ ભાષાનો કોઈ અંતર્ગત ભાગ નથી. કોઈ પણ ભાષા માટે કોઈ પણ લેખનપદ્ધતિ યોજી શકાય છે. જપાની ભાષા બોલનારાઓ પાસે ત્રણચાર પ્રકારની લેખનપદ્ધતિ છે. તુર્કોએ અરબીને બદલે રોમન વર્ણમાળા અપનાવી એથી એમની ભાષામાં કંઈ ફેર પડ્યો નહીં, તેમણે તો તેઓ જેમ ભાષા બોલતા હતા તેમ જ બોલવાનું ચાલુ રાખ્યું. લિપિનો અભ્યાસ કરવા માટે ભાષા વિશે કંઈક જાણવું જરૂરી બની રહે છે, પરંતુ ભાષાનો અભ્યાસ કરવા માટે લિપિના જ્ઞાનની અનિવાર્યતા નથી; સિવાય કે, જે ભાષા આજે બોલાતી નથી તેનો અભ્યાસ એના લિખિત દસ્તાવેજોને આધારે જ થઈ શકે.

: ૨ : લિપિ એટલે ઉચ્ચારણના ઘટકોને દૃશ્યસંકેતો દ્વારા રજૂ કરવાની વ્યવસ્થા. આપણે હમણાં જ ચર્ચી ગયા છીએ કે વ્યક્તિગત ઉચ્ચારણનું જે અપાર વૈવિધ્ય હોય છે તેને તો લિપિબદ્ધ કરવું જ શક્ય નથી. સંયોગભેદે પણ ઉચ્ચારણનો અમુક ભેદ થતો હોય છે. 'કુકી'ના બન્ને 'ક' જરા જુદાજુદા સ્થાનેથી બોલાય છે. પણ સાથેના સ્વરને કારણે એમ થાય છે અને આવા બે 'ક' ભાષામાં ભિન્ન અર્થ કરવા માટે કામ આવતા નથી તેથી ભાષા એને માટે અલગ લિપિચિહ્ન યોજતી નથી. 'હોડી' અને 'ડોલ'ના 'ડ' જેવા પ્રમાણમાં વધારે નોંધપાત્ર ગણાય એવા સ્થાનનિયત ઉચ્ચારણભેદો (એક થડકારાવાળો, બીજો થડકારા વિનાનો) માટે પણ અલગ લિપિવ્યવસ્થા આવશ્યક ગણાતી નથી.

ભાર, સૂર જેવા સહવર્તી ઘટકો માટે પણ સંતોષકારક લેખનવ્યવસ્થા ભાષાઓમાં જોવા મળતી નથી. એને કારણે લેખન અભિપ્રેત અર્થને વ્યક્ત ન કરી શકે એવું બનતું હોય છે. 'તમે સ્ટેશને ગયા હતા ?' એ વાક્યને 'તમે' 'સ્ટેશને' કે 'ગયા હતા' ઉપર ભાર મૂકીને બોલી શકાય ને એમાંથી જુદાજુદા અર્થો નીકળે છે જે લેખનમાં વ્યક્ત થતા નથી. કોઈ વાર લેખને જુદી વ્યવસ્થાઓ નિપજાવવાની પણ થતી હોય છે. 'I only saw John' સૂરભેદથી 'માત્ર જોયો' કે 'માત્ર જૉનને' એવા અર્થો વ્યક્ત કરી શકે

પણ લેખનમાં બીજા અર્થ માટે 'I saw John only' કરવું પડે.

આ હકીકતો સમજી શકાય પણ આથી આગળ વધી, ભાષામાં અર્થભેદ કરનાર ઉચ્ચારઘટકોની જે વ્યવસ્થા હોય છે, તેની સાથે પણ લેખનવ્યવસ્થા પૂરેપૂરો મેળ ધરાવતી નથી. કોઈ પણ ભાષામાં લિપિસંકેતો ભાષાના ધ્વનિઓને રજૂ કરે છે તેમાં પૂરેપૂરી ચોકસાઈ હોતી નથી; કોઈ ભાષામાં થોડી ઓછી હોય છે, કોઈ ભાષામાં થોડી વધુ હોય છે. શબ્દના ઉચ્ચાર અને જોડણી વચ્ચેનો ભેદ કોઈ વાર તો ઊડીને આંખે વળગે એવો હોય છે, પરભાષીને મૂંઝવે એવો હોય છે. દા.ત., ફ્રેંચ ભાષામાં 'પક્ષી' માટેના એક શબ્દની જોડણી છે 'oiseau'. એનો તમે શો ઉચ્ચાર કરશો ? એનો ખરો ઉચ્ચાર છે – 'વાઝો'. અંગ્રેજીમાં પણ 'સ્ટેશન' (station) જેવા શબ્દોની જોડણી આપણને વિચિત્ર લાગતી હોય છે.

ઉચ્ચાર અને જોડણી વચ્ચેનો ભેદ અનેક રીતે પ્રગટ થતો હોય છે. કેટલીક વાર ઉચ્ચારણ જુદાં છતાં જોડણી એકસરખી હોય તેવું જોવા મળતું હોય છે. અંગ્રેજીના આ શબ્દો જુઓ : slough (સ્લફ = સાપની કાંચળી), thorough (થર), thought (થૉટ), though (ધો), bough (બાઉ), through (થ્રૂ), cough (કૉફ). ઉચ્ચારણો જુદાં છતાં જોડણીમાં કેવી સમાનતા છે ! ગુજરાતીમાં પણ અનુસ્વારનું ચિહ્ન કેવા ભિન્નભિન્ન ઉચ્ચારણઘટકોને રજૂ કરે છે ! – કાંત (કાન્ત), કાંડ (કાણ્ડ), સંપ (સમ્પ) વગેરે.

કોઈ વાર એમ પણ બને કે અમુક ઉચ્ચારણઘટક માટે ભાષામાં અલગ લિપિચિહ્ન જ ન હોય. બીજા ઉચ્ચારણઘટકો માટેનાં લિપિચિહ્નો એને માટે વાપરવામાં આવે. દાખલા તરીકે, ગુજરાતીમાં 'ગોળ' (આકાર) માંહેનો 'ઓ' સાંકડો – સંવૃત છે, જ્યારે 'ગોળ' (ખાવાનો) માંહેનો પહોળો – વિવૃત. પણ આ બન્ને માટે લિપિચિહ્ન એક જ છે. એટલેકે વિવૃત ઉચ્ચારણ માટે આપણે અલગ લિપિચિહ્ન સ્વીકાર્યું નથી. એ જ રીતે, 'વેર' (વેરવું)ના સંવૃત અને 'વેર' (વેરઝેર)ના વિવૃત એ બન્ને 'એ' માટે પણ જુદાં લિપિચિહ્નો ગુજરાતીમાં નથી. અંગ્રેજીમાં 'ધ' અને 'થ' (વર્ત્સ્ય સંઘર્ષી) માટે એક જ લિપિચિહ્ન છે – 'th' (then – ધેન, think – થિંક); 'ઙ્' માટે કોઈ ખાસ લિપિચિહ્ન નથી અને એને 'ng'થી દર્શાવવામાં આવે છે. 'અ' માટે પણ ઘણાં જુદાંજુદાં લિપિચિહ્નો યોજવામાં આવે છે.

ઘણી વાર એવું બને કે ઉચ્ચારણ એક હોય છતાં જોડણી જુદીજુદી જાતની થતી હોય. અંગ્રેજીમાં આ શબ્દો જુઓ : son, sun (સન); mede, meed, mead (મીડ); sight, site (સાઇટ). અંગ્રેજી 'jam' (જૅમ) અને 'gem' (જેમ)માં આરંભનો વ્યંજન એક જ હોવા છતાં, so, sew, sow (વાવવું) (ત્રણેનો ઉચ્ચાર : સો), hoe (હો), beau (બો), though (ધો)માં અંત્ય સ્વર એક જ ('ઓ') હોવા છતાં જોડણી જુદીજુદી જાતની છે. આનો અર્થ એ છે કે ભાષામાં એક જ ધ્વનિ માટે એકથી વધુ લિપિચિહ્નો હોય છે. ફ્રેંચમાં

'ઓ' માટે ત્રીસેક લિપિચિહ્નો છે. ગુજરાતીમાં 'પાણી' (પીવાનું) અને 'પાણિ' (= હાથ) એ રીતે બે 'ઈ' (દીર્ઘ અને હ્રસ્વ) આપણે લખીએ છીએ, પરંતુ ઉચ્ચારણ તો એક જ છે, સિવાય કે લેખનને અનુસરી આપણે કૃત્રિમ રીતે 'ઈ' લંબાવીટૂંકાવીને બોલીએ. એ જ રીતે, ગુજરાતીમાં 'શ'ના તાલવ્ય અને મૂર્ધન્ય ('શ' અને 'ષ') એવાં બે ભિન્ન ઉચ્ચારણો સ્વતંત્ર રૂપે છે જ નહીં, સંયોગભેદે છે એટલે બે 'ડ' માટે એક લિપિચિહ્ન છે તેમ આમને માટે પણ હોય તો ચાલે. 'ઋષિ'નો 'ઋ' અને 'રૂમાલ'નો 'રૂ' આપણે એક જ સરખો ઉચ્ચારીએ છીએ એટલે 'ઋ'નું ચિહ્ન પણ વધારાનું ગણી શકાય. અંગ્રેજીમાં 'x' (tax = ટૅક્સ) પણ એ રીતે વધારાનો લિપિસંકેત કહેવાય કેમકે એનું ઉચ્ચારણ 'ks' જેવું જ છે. ગુજરાતીમાં 'ક્ષ'નું ઉચ્ચારણ પણ 'ક્ષય' કે 'ક્ષુધા' જેવું છે.

કેટલીક વાર ભાષામાં લિપિસંકેતોનો ઉપયોગ વિસંવાદી કે પરસ્પરવિરોધી રીતે પણ થતો હોય. અંગ્રેજીમાં 'g' બે ધ્વનિઓ માટે વપરાય છે – 'gem'(જેમ)ના 'જ' અને 'gum'(ગમ)ના 'ગ' માટે – 'જ' માટે જુદો લિપિસંકેત 'j' હોવા છતાં (jam = જૅમ). 'c' 'ક' માટે યોજાય છે (જેમકે cat = કૅટ) તેમ 'સ' માટે પણ યોજાય છે (જેમકે cent = સેન્ટ), એ બન્ને માટે જુદા લિપિસંકેતો 'k' અને 's' હોવા છતાં (kite = કાઇટ, site = સાઇટ). ગુજરાતીમાં જુદાજુદા સ્થાનના અનુનાસિકો માટે 'ન' વગેરે ચિહ્નો હોવા છતાં સંયુક્ત વ્યંજનમાં આપણે એમને માટે અનુસ્વારનું ચિહ્ન કરીએ છીએ.

કેટલીક વાર જોડણી ઉચ્ચારણને યોગ્ય રીતે રજૂ ન કરતી હોય એવું પણ બને. ગુજરાતીમાં જોડણીનો એવો નિયમ છે કે જ્યાં 'હ' શ્રુતિ ઉચ્ચારાતી હોય ત્યાં કાં તો 'હ' અલગ લખવો અથવા ન લખવો – 'બહેન' પણ 'મોર' (આંબાનો); ઉચ્ચારણ તો આપણે 'બ્હેન' 'મ્હોર' લખીએ એના જેવું જ છે. આનાથી કેટલીક વાર ગોટાળો થાય. 'બ્હાર' (ઘરની બ્હાર)ને 'બાર' લખવાથી 'બાર'ની સંખ્યા સાથે ગોટાળો થાય અને 'બહાર' લખવાથી 'વસંતની બહાર' (= શોભા) સાથે ગોટાળો થવાનો સંભવ છે.

કોઈ વાર શબ્દની જોડણીમાં જેનો ઉચ્ચાર ન થતો હોય એવાં નકામાં લિપિચિહ્ન પણ હોય, જેમકે અંગ્રેજીમાં 'debt' (ડેટ)માંનો 'b'. 'દુઃખ' 'નિઃશ્વાસ' વગેરેમાં આપણે વિસર્ગ કરીએ છીએ તે પણ સામાન્ય રીતે ઉચ્ચારાતો નથી. આ બધાનું તાત્પર્ય એ છે કે ભાષામાં ઉચ્ચાર અને જોડણી વચ્ચે સંપૂર્ણ મળતાપણું હોતું નથી, કેટલોક કમેળ પણ હોય છે.

: ૩ : આનાં કારણો, અલબત્ત ઘણાંબધાં હોય છે. લિપિની સ્વાભાવિક મર્યાદા તો ખરી જ, કેમકે કોઈ પણ લિપિચિહ્ન કોઈ ચોક્કસ ઉચ્ચારણને બદલે ઉચ્ચારણના એક જૂથને જ સૂચવતું હોય છે. પણ તે ઉપરાંત, ભાષા એક વિકાસશીલ વસ્તુ હોઈ એનાં ઉચ્ચારણો સતત બદલાતાં હોય છે, જ્યારે જોડણી એટલી ઝડપથી બદલાતી નથી. એટલે એવું બને

છે કે નવાં ઉચ્ચારણોને જૂના લિપિસંકેતોમાં ગોઠવી દેવામાં આવે છે અને ઉચ્ચારણભેદો લુપ્ત થતા હોય ત્યાં પણ લેખનના ભેદો ચાલુ રહે છે. માની લીધેલી ખોટી વ્યુત્પત્તિ પણ ઘણી વાર લેખન પર અસર કરે છે, અને આની અસર કોઈ વાર ઉચ્ચારણ પર પડતાં ઉચ્ચારણ પણ બદલાતું હોય છે.

: ૪ : ઉચ્ચારણ એ ભાષાનું મૂળ તત્ત્વ અને પાયો હોવા છતાં એ એક હકીકત છે કે ભાષાના લિખિત રૂપનો મહિમા લોકોના મનમાં હંમેશાં વધારે હોય છે. લિખિત ભાષા શિક્ષણની ભાષા હોઈ એ ઉચ્ચરિત ભાષા કરતાં વધારે એકરૂપ હોય છે. ભાષાનું લિખિત રૂપ વધારે ટકાઉ છે, એનો પ્રચાર થઈ શકે છે એટલે લોકોમાં ઘણી વાર લેખન પ્રમાણે ઉચ્ચારણ કરવાનું વલણ પણ જોવા મળતું હોય છે. થોડાક શબ્દો એવા પણ મળે છે જે લેખનની વિશિષ્ટ નીપજ જેવા હોય છે, જેમકે 'યુનો' (U.N.O.). આ રીતે ઉચ્ચારણ અને લેખન વચ્ચેનો સંબંધ અમુક અંશે પારસ્પરિક અસરનો સંબંધ છે.

ભાષાને મૂળભૂત રીતે વાણીરૂપ લેખવાનો દૃષ્ટિકોણ સાચો છે, તેમ છતાં વિકસિત સંસ્કૃતિમાં લાખો લોકો, ભલે વર્તમાનપત્રોના વાચન રૂપે પણ, અત્યંત વિકસિત લિખિત ભાષાસ્વરૂપ વાપરતા હોય છે. અને એમાં એવા ઉન્મેષો પ્રગટતા હોય છે જે બોલાતી ભાષામાં જોવા મળતા નથી. સાહિત્ય, વિજ્ઞાન અને કાયદાના વિષયોમાં આવું વિશેષપણે દેખાય છે. કેટલાક શબ્દપ્રયોગો, કેટલીક વાક્યરચનાઓ લેખનમાં જ આવે છે અને એમાં એ સ્વાભાવિક પણ લેખાય છે. 'ગિરિ' 'સરિતા' 'પુષ્પ' જેવા શબ્દો અને 'સરકાર તરફથી રાહતકેન્દ્રો ખોલવામાં આવ્યાં છે', 'ધૂમ્રપાન પ્રતિબંધિત છે' જેવી વાક્યરચનાઓ ચાલુ ગુજરાતી બોલચાલમાં ભાગ્યે જ સાંભળવા મળે. ભાર, સૂર વગેરે વ્યક્ત કરવાની સગવડ ન હોવાને કારણે પણ લિખિત ભાષારૂપને કેટલાક વિશિષ્ટ સંકેતો – વિરામચિહ્નના કે શબ્દક્રમના – નિપજાવવા પડે છે. આથી જ કેટલાક વિદ્વાનો લેખનને એક અલગ 'ભાષાસ્વરૂપ' લેખે છે અને તે પણ એટલું ગૌણ નહીં. એમની દૃષ્ટિએ વાણી અને લેખન એ ભાષાની બે જુદી છટાઓ છે.

[૭] ભાષાની વ્યાખ્યા

: ૧ : હવે આપણે ભાષાનાં વિશિષ્ટ સ્વરૂપલક્ષણ તારવવા અને એની વ્યાખ્યાનો વિચાર કરવા તરફ વળી શકીએ.

પહેલાં આપણે ભાષાવિચારકોએ આપેલી ભાષાની થોડી વ્યાખ્યાઓ નોંધીએ અને પછી એને આધારે ભાષાનાં મહત્ત્વનાં સ્વરૂપલક્ષણો સમજીએ :

૧. સપિર (૧૯૨૧) :

"..." એટલે સ્વૈચ્છિક રીતે ઉપજાવેલા સંકેતો દ્વારા વિચારો, લાગણીઓ અને

એષણાઓનું સંક્રમણ કરવાની કેવળ માનવીય અને બિનસાહજિક પદ્ધતિ."[૪]

૨. ગ્રે (૧૯૩૯) :

"ભાષા, વાણી અને શ્રવણ વડે, માનવવ્યક્તિઓ થકી અને તેમના પ્રત્યે થતી અભિવ્યક્તિ અને સંક્રમણની પ્રક્રિયા છે, જેમાં બોલાતા કે સંભળાતા ધ્વનિઓનું, માનવજાતિના ઇતિહાસમાં કોઈ પણ એક સમયે અમુક સમુદાય કે સમુદાયોમાં સર્વસામાન્ય વપરાશથી નિપજાવાયેલ, રૂઢ થયેલ અને સ્વીકૃતિ પામેલ વ્યવસ્થાઓ રૂપે એવું સંયોજન થાય છે કે એ ધ્વનિઓ એ સમુદાયના લગભગ બધા સરેરાશ સભ્યોને પરસ્પર અવબોધક્ષમ બને છે."[૫]

૩. સ્ટર્ટિવન્ટ (૧૯૪૭) :

"ભાષા યાદચ્છિક વાચિક સંકેતોની એક વ્યવસ્થા છે, જેના વડે કોઈ પણ એક સામાજિક જૂથના સભ્યો એકબીજાનો સહકાર સાધે છે અને એકબીજાના સંપર્કમાં આવે છે."[૬]

૪. કેરલ (૧૯૫૩) :

"ભાષા યાદચ્છિક વાચિક ધ્વનિઓ અને ધ્વનિશ્રેણીઓની એક સંઘટનાયુક્ત વ્યવસ્થા છે, જે માનવવ્યક્તિઓના કોઈ જૂથ દ્વારા અરસપરસના સંદેશાવ્યવહારમાં ઉપયોગમાં લેવાય છે કે લઈ શકાય છે અને જે માનવપરિસ્થિતિમાં જોવા મળતાં પદાર્થો, ઘટનાઓ અને પ્રક્રિયાઓને લગભગ અશેષપણે નોંધી આપે છે."[૭]

---

૪. Edward Sapir : "Language is a purely human and noninstinctive method of communicating ideas, emotions and desires by means of a system of voluntarily produced symbols."

૫. Louis H. Gray : "Language is such expression and communication to or from human beings by means of speech and hearing, the sounds uttered or heard being so combined in systems evolved, conventionalised, and recognised by common usage at any given period in the history of the human race within a given community or within given communities that they are mutually intelligible to all approximately normal members thereof."

૬. Edgar H. Sturtevant : "A language is a system of arbitrary vocal symbols by which members of a social group co-operate and interact."

૭. John B. Carroll : "A language is a structured system of arbitrary vocal sounds and sequences of sounds which is used, or can be used, in interpersonal communication by an aggregation of human beings, and which rather exhaustively catalogs the things, events and processes in the human environment."

૫. હૉલ (૧૯૬૪) :

"ભાષાઓ એટલે યાદચ્છિક સંકેતપદ્ધતિ દ્વારા સંદેશાવ્યવહાર કરવાની, માનવો વડે ઉપયોગમાં લેવાતી વાચ્ય-શ્રાવ્ય આદતોની વ્યવસ્થાઓ."[૮]

આ વ્યાખ્યાઓમાં ગૂંથાયેલાં ભાષાનાં મહત્ત્વનાં સ્વરૂપલક્ષણો હવે તપાસીએ.

: ૨ : ભાષા વિશે પહેલી વાત એ નોંધવી જોઈએ કે એ સંદેશાવ્યવહારનું એક માધ્યમ છે, કશુંક કહેવા-સૂચવવા-વ્યક્ત કરવા વપરાતી એક સંકેતપદ્ધતિ છે. એટલેકે ભાષા પોતાથી ઇતર એવા પદાર્થને – જગતને રજૂ કરે છે. સંદેશા-વ્યવહારની બીજી સંકેતપદ્ધતિઓ પણ છે – ચેષ્ટા, ચિત્ર, આકૃતિ, મૌખિક સિવાયની રીતે થતા અવાજો વગેરે. નાક પર આંગળી મૂકી આપણે ચૂપ થવાનું સૂચવીએ છીએ, દફ્તરવાળા છોકરાનું ચિત્ર દોરી બાજુમાં નિશાળ છે એવું દર્શાવીએ છીએ, તીરની આકૃતિ (→)થી દિશાનો નિર્દેશ કરીએ છીએ, ટેબલ પર હાથ પછાડી એના અવાજથી વિદ્યાર્થીઓનું ધ્યાન દોરીએ છીએ; આ જ રીતે ભાષા દ્વારા પણ આપણે હકીકતો કહીએ છીએ, આજ્ઞા કરીએ છીએ, લાગણીઓ-વિચારો-ઇચ્છાઓ વ્યક્ત કરીએ છીએ.

સહેજ વિચાર કરતાં ખ્યાલમાં આવશે કે અન્ય સંકેતપદ્ધતિઓની કાર્યક્ષમતા મર્યાદિત છે. અમુક સંયોગોમાં અમુક હદ સુધી જ કામ આપી શકે છે. ઘણી વસ્તુ ચેષ્ટાથી કહેવામાં ઘણી લાંબી પ્રક્રિયા કરવી પડે; ચિત્રોમાં પણ ઘણો શ્રમ લેવો પડે. ભાષા જગતના સર્વ અનુભવોને – સ્થૂળ ભૌતિક પદાર્થથી માંડીને મનના સૂક્ષ્મ સંચલનને લગભગ અશેષપણે વ્યક્ત કરવાની ક્ષમતા ધરાવે છે અને એ પણ પૂરેપૂરી બારીકાઈથી, ચોકસાઈથી અને ભારે કરકસરથી. ભાષાની આ અસાધારણ કાર્યક્ષમતાનું રહસ્ય એની આગવી સંકેતપદ્ધતિમાં રહેલું છે તે આપણે હમણાં જોઈશું.

: ૩ : ભાષાના સંકેતો મુખ્યત્વે વાચ્ય-શ્રાવ્ય સ્વરૂપના છે, બોલાતા-સાંભળવામાં આવતા ધ્વનિઓ ('ક' 'ખ' 'અ' 'ઈ' જેવા) અને ધ્વનિશ્રેણીઓ ('કમલ' 'ખાક' 'પ્રેમ' જેવી) દ્વારા ભાષા કામ કરે છે. ચેષ્ટા, ચિત્ર વગેરે દૃશ્યસંકેતોની પદ્ધતિઓ છે તેનાથી ભાષાનું આ જુદાપણું છે. ઉપરાંત, ટેબલ પર હાથ પછાડવાના વગેરે અવાજોથી પણ ભાષાનું માધ્યમ જુદું પડે છે, કેમકે એનું માધ્યમ ગમે તે પ્રકારના અવાજોનું નહીં પણ મૌખિક (oral) કે વાચિક (vocal) ધ્વનિઓનું છે – મુખ દ્વારા, વાગવયવોને નામે ઓળખાતા અવયવોથી નિષ્પન્ન થતા ધ્વનિઓનું છે.

લિપિ દૃશ્યસંકેતોની પદ્ધતિ છે. જગતની ઘણી ભાષાઓમાં લિપિ શોધાઈ છે.

---

૮. Robert A. Hall : "Languages are system of oral-auditary habits, used by humans for conveyance of messages through arbitrary symbolism."

વિકસિત ગણિત જેવા કેટલાક વિષયોમાં લેખન આવશ્યક છે અને સંસ્કૃત સમાજના ઘણા વ્યવહારોમાં લેખનનું એક ભાષાસ્વરૂપ નીપજી આવે છે, તેમ છતાં વ્યાપક અક્ષરજ્ઞાન તો છેલ્લાં સો-દોઢસો વરસની જ હકીકત છે અને માનવજાતિના અર્ધાથી વધુ ભાગને હજુ અક્ષરજ્ઞાન નથી. એ રીતે ભાષાનું વાણીસ્વરૂપ જ મૂળભૂત છે એ વાત આપણે વિગતે જોઈ ગયા છીએ. લેખનને એક અલગ ભાષાસ્વરૂપ લેખીએ તોપણ એ વાણીસ્વરૂપ પર આધારિત અને એના પરિણામરૂપ છે એ ભૂલવું ન જોઈએ.

: ૪ : ભાષાના સંકેતોની મહત્ત્વની લાક્ષણિકતા એ છે કે એ સંકેતો યાદચ્છિક કે પ્રતીકાત્મક હોય છે; ચિત્રાત્મક કે અભિવ્યંજનાત્મક નહીં.

વાહનવ્યવહારમાં નિશાળે જતાં બાળકોનું આલેખન એક સંકેત તરીકે ઘણી વાર વપરાય છે. એમાં વાહન ચલાવનારને, એણે જે સ્થિતિની સંભાળ રાખવાની છે એનું સીધું પ્રતિમાવિધાન, સાક્ષાત્ ચિત્ર મળે છે. આ સંકેત ચિત્રાત્મક કે પ્રતિનિધાનાત્મક સંકેત કહેવાય. મધમાખીઓ જ્યારે પાંખોના નૃત્યથી મધની દિશા બતાવે છે ત્યારે એમાં પણ સીધું પ્રતિમાવિધાન જ રહેલું હોય છે. ગુસ્સામાં મુક્કી ઉગામનાર પણ પોતે જે કરવા માગે છે તેનું સીધું ચિત્ર જ આપે છે.

પણ નિશાળ છે એમ બતાવવા માટે કેટલીક વાર મશાલનું ચિહ્ન વાપરવામાં આવે છે. મશાલ જ્ઞાનનું પ્રતીક બને છે, પણ આ સંકેત વાહન ચલાવનારને આપોઆપ સમજાય નહીં, એને સમજાવવો પડે, કેમકે મશાલ અને જ્ઞાન વચ્ચેનો સંબંધ નૈસર્ગિક, આવશ્યક કે સાહજિક સંબંધ નથી, એ આરોપેલો અને આકસ્મિક સંબંધ છે. આને યાદચ્છિક સંકેત કહેવાય. 'હા' કે 'ના' કહેવા માટે માથું ધુણાવવાની ક્રિયા પણ યાદચ્છિક સંકેત છે, કેમકે જુદાજુદા સમાજોમાં અમુક એક પ્રકારે માથું ધુણાવવાનો અર્થ 'હા' અને 'ના' એમ જુદોજુદો થાય છે. સલામ પણ આદર વ્યક્ત કરવાની યાદચ્છિક ચેષ્ટા છે.

ભાષાના સંકેતો આ જાતના યાદચ્છિક સંકેતો છે એમ સાબિત કરવામાં જરાયે મુશ્કેલી પડે તેવું નથી. એક જ પ્રાણી માટે જુદાજુદા સમાજોમાં કેવા જુદાજુદા શબ્દો વપરાય છે તે જુઓ : ગુ. કૂતરો, સં. શ્વાન, અં. dog, ફ્રે. chien, ઇટે. cane, સ્પે. perro, જર્મન hund. એક જ વસ્તુ દર્શાવવા માટે ગમે તે ધ્વનિશ્રેણીઓ વાપરી શકાતી હોય તો એનો અર્થ એ જ થાય કે એ ધ્વનિશ્રેણીઓ અને એના અર્થ વચ્ચે કશો જ નૈસર્ગિક કે આવશ્યક સંબંધ નથી પણ યાદચ્છિક કે આકસ્મિક સંબંધ છે.

ભાષાઓમાં કેટલાક શબ્દો એવા વપરાય છે કે જે અવાજનું સાક્ષાત્ ચિત્ર આપતા આપણને લાગે છે. આપણે એમને રવાનુકારી શબ્દો તરીકે ઓળખીએ પણ છીએ : ખળખળ, ધડબડ, ટનટન, ટપટપ. આમાં સંકેત અને સંકેતિત વચ્ચે આવશ્યક સંબંધ હોવાનું આપણને લાગે, પણ એ ખ્યાલમાં રાખવું જોઈએ કે આવા શબ્દોમાં અવાજની

આબેહૂબ નકલ નથી હોતી, અવાજનાં શિષ્ટસંમત રૂપો જ હોય છે. તેથી જ ઘંટારવ માટે આપણે 'ટનટન' શબ્દ વાપરીએ છીએ ત્યારે અંગ્રેજીમાં ding-dong અને જર્મનમાં bim-bam વપરાય છે. ઘંટનો અવાજ તો એક જ હોય, છતાં એને માટે જુદાજુદા શબ્દો વપરાય એનો અર્થ જ એ કે એમાં તે-તે ભાષાસમાજની આગવી રૂઢિ કામ કરી રહી છે. બિલાડીના અવાજ માટેના શબ્દો પણ કેવા જુદા પડે છે ! – ગુ. મ્યાઉં, અં. meow, જર્મન miau, ત્યારે ફ્રે. ઇટે. gnao ! વળી, આવા રવાનુકારી શબ્દો પણ ભાષાનો એક અત્યંત નાનકડો ભાગ છે. બાકીના શબ્દોમાં તો આટલી ચિત્રાત્મકતા પણ નથી હોતી.

સંકેતોનો એક ત્રીજો પ્રકાર પણ છે – અભિવ્યંજનાત્મક સંકેતો. રુદન દુઃખનું, લાલી લજ્જાનું અને ચહેરાની ફીકાશ ભયનું ચિહ્ન બની શકે છે. અહીં એ ચિહ્ન એ લાગણીના પરિણામરૂપ હોય છે, એ લાગણીના પ્રગટ આવિષ્કારરૂપ હોય છે અને એ રીતે એ લાગણીનું એ સૂચન કરે છે. બન્નેની વચ્ચે સાહજિક કે નૈસર્ગિક સંબંધ છે – દુઃખ આવી પડતાં આપોઆપ રડી જવાય છે. આ રીતે અભિવ્યંજનાત્મક સંકેતોમાં યાદચ્છિકતા હોતી નથી. પ્રાણીઓના અવાજો બહુધા આ કોટિના છે. પોપટ કે બગલો એનો નાશ કરવા આવનારને જોઈ ચીસ પાડે છે ત્યારે એ એની સાહજિક, આપોઆપ થતી પ્રતિક્રિયા હોય છે. આથી જ પ્રાણીઓને કયા પ્રસંગે કયા અવાજો કરવા તે શીખવાનું નથી હોતું. દેખીતી રીતે જ માણસ જે વાચિક ધ્વનિઓનો ભાષામાં ઉપયોગ કરે છે તે આ પ્રકારના નથી હોતા અને માણસને એ ધ્વનિઓ કરતાં શીખવું પડે છે.

અભિવ્યંજનાત્મક અવાજો તત્કાલીન પ્રત્યક્ષ પરિસ્થિતિનો જ નિર્દેશ કરી શકે. પ્રતીકાત્મક ઉદ્‌ગાર નજર બહારના પદાર્થોનો, ભૂતકાળ અને ભવિષ્યકાળનો, જે કાંઈ કલ્પી શકાય કે સંભવિત હોય તેનો પણ નિર્દેશ કરી શકે. માણસ અભિવ્યંજનાત્મક અવાજમાંથી આવા પ્રતીકાત્મક વાચિક ધ્વનિ તરફ વળ્યો એ એના વિકાસનો મોટો કૂદકો હતો.

: ૫ : ભાષાના સંકેતોની એક બીજી મહત્ત્વની લાક્ષણિકતા એ છે કે એ સંઘટિત હોય છે અને એની અનેકસ્તરીય વ્યવસ્થા ભાષામાં જોવા મળે છે. ભાષા વાચિક ધ્વનિઓની બનેલી છે પણ દરેક ભાષા મર્યાદિત સંખ્યાના (મોટે ભાગે ૨૦–૩૦) ભેદક ધ્વનિઓનો જ ઉપયોગ કરે છે એટલું જ નહીં, ભેદક ધ્વનિઓનું દરેક ભાષાને પોતાનું વિશિષ્ટ માળખું હોય છે. આ ધ્વનિઓ અર્થ ધરાવતા નથી, પણ ધ્વનિઓનાં એવાં સંયોજનો થાય છે જે અર્થ વ્યક્ત કરવા વપરાય છે. સંયોજનો પર ભાષામાં કેટલાંક નિયંત્રણો હોય છે, છતાં ધ્વનિશ્રેણીઓ તૈયાર કરવાની શક્યતા અનંત છે અને તેથી જ બીજી કોઈ સંકેતપદ્ધતિમાં નથી તેવી નવાનવા અર્થો વ્યક્ત કરવાની સગવડ ભાષામાં સહજ રીતે મળે છે.

અર્થ ધરાવતાં આ ધ્વનિરૂપોને અનેક પ્રકારની વાક્યરચનામાં ગોઠવી શકાય છે અને અનેક પ્રકારના વાક્યાર્થો નિપજાવી શકાય છે. રૂપોને જોડવાના પણ ભાષાના પોતાના નિયમો હોય છે. એટલે ભાષામાં વ્યવસ્થા છે એમ આપણે કહીએ છીએ તે ધ્વનિઓ પરત્વે, રૂપરચના પરત્વે તેમ વાક્યરચના પરત્વે પણ સાચું છે. ભાષામાં કામ કરતી આ સંઘટનાઓનો વિગતે પરિચય આપણે હવે પછી કરીશું, પણ અહીં આપણે જે મુદ્દા પર ભાર મૂકવા માગીએ છીએ તે એ છે કે ભાષાની સંકેતપદ્ધતિમાં વ્યવસ્થા હોય છે, જે બીજી સંકેતપદ્ધતિમાં હોતી નથી. તેથી જ તેમાં બીજી સંકેતપદ્ધતિઓમાં નથી તે ઉત્પાદકતાનો – એ જ ઘટકોની મદદથી નવું નિર્માણ કરવાનો – ગુણ રહેલો છે. 'અ' 'ગ' 'જ' 'મ' એટલા ધ્વનિઓના ઉપયોગથી આપણે કેટલાં રૂપો બનાવ્યાં છે ! – 'ગજ' 'જમ' 'મગ' 'મગજ' વગેરે. 'કિરણ' 'અશોક' 'દિલીપ' 'વિશે' 'કહ્યું' 'ને' એ ઘટકોથી આપણે કેટલાં વાક્યો બનાવી શકીએ છીએ ! 'કિરણે અશોકને દિલીપ વિશે કહ્યું', 'દિલીપે કિરણને અશોક વિશે કહ્યું' વગેરે. તારસંદેશા જેવી સંકેતપદ્ધતિમાં આપણને વ્યવસ્થા જણાશે પણ એ સંકેતપદ્ધતિ ભાષા પર અવલંબિત છે એ ભૂલવું ન જોઈએ.

ભાષાની વ્યવસ્થામાં ઘણી અનિયમિતતાઓ અને અપૂર્ણતાઓ હોય છે. કોઈ ભાષા એવી સુસંગત નથી હોતી કે આપણને જુલ્મ લાગે. બધી ભાષા-વ્યવસ્થાઓ એટલેકે વ્યાકરણો ચૂતાં હોય છે.[૯] પણ વ્યવસ્થા, નિયમિત તંત્ર, વ્યાકરણ એ માનવભાષાનું પ્રાણભૂત તત્ત્વ છે. એથી જ તો માણસને 'વાણીનો વિશેષ ગુણ ધરાવતા માણસ' (homo loquens)ને બદલે 'વ્યાકરણનો વિશેષ ગુણ ધરાવતા માણસ' (homo grammaticus) તરીકે ઓળખાવવાનું પણ સૂચવવામાં આવ્યું છે.

ભાષાના વાચિક ધ્વનિસંકેતો જ યાદચ્છિક છે એવું નથી; ભાષાનું સમગ્ર તંત્ર યાદચ્છિક છે. શબ્દોને જોડવાની, એક શબ્દ પરથી બીજો શબ્દ સિદ્ધ કરવાની, વાક્યરચનાની વગેરે ખાસિયતો જુદીજુદી ભાષામાં જુદીજુદી જોવા મળે છે. એનો અર્થ એ થાય કે વાક્યાર્થ અને વાક્યરચના વચ્ચે પણ આવશ્યક કે નૈસર્ગિક સંબંધ નથી.

: ૬ : ભાષાની સંકેતવ્યવસ્થા નૈસર્ગિક નથી તેમ વ્યક્તિનું સર્જન નથી. પરસ્પર વ્યવહાર કરતા સામાજિક જૂથમાં જ એ અસ્તિત્વમાં આવે છે, રૂઢ બને છે અને સ્વીકૃતિ પામે છે. સામાજિક જૂથ બદલાય તેમ ભાષાની સંકેતવ્યવસ્થા પણ ઓછેવત્તે અંશે બદલાય છે. ભાષા સામાજિક જૂથમાં જ ટકે છે. સામાજિક જૂથનું અસ્તિત્વ ન રહેતાં, એકલદોકલ વ્યક્તિમાં સીમિત થવાનું આવતાં ભાષાનો હ્રાસ થવાની શક્યતા પણ હોય છે. આ

૯. "...unfortunately or luckily – no language is tyrannically consistent. All grammars leak." – Sapir

રીતે ભાષા એક સામાજિક ઘટના કે સંસ્થા છે. એટલેકે કોઈ પણ ભાષા કોઈ એક નિશ્ચિત દેશકાળના નિશ્ચિત સામાજિક જૂથમાં રૂઢિથી સ્વીકૃત થયેલી અને એ સામાજિક જૂથના સભ્યોને પરસ્પર અવબોધક્ષમ બનતી વ્યવસ્થા છે.

: ૭ : આથી જ વ્યક્તિને માટે ભાષા એ બહુધા મેળવેલો-કેળવેલો સંસ્કાર બની રહે છે. વ્યક્તિના ભાષાવપરાશમાં સર્જનાત્મકતાને અમુક રીતે અવકાશ છે, વ્યક્તિ ભાષાનો ઉપયોગ પોતાની પસંદગીપૂર્વક કેટલેક અંશે કરી શકે છે, તેમ છતાં ભાષા એણે શીખવાની હોય છે, ભાષાના તંત્રથી એણે ટેવાવાનું હોય છે એ નિર્વિવાદ છે. એ રીતે ભાષા ચાલવાની ક્રિયા જેવો સેન્દ્રિય સાહજિક વ્યાપાર નથી, સ્વૈચ્છિક પણ બિનસાહજિક આદતરૂપ વ્યાપાર છે. આથી જ એને "વ્યક્તિના કાબૂની અંદરનો તેમ વ્યક્તિના કાબૂની બહારનો વ્યાપાર કહેવામાં આવ્યો છે."[૧૦]

: ૮ : આવી ભાષા એ કેવળ માનવીય વ્યાપાર છે, માનવસમાજમાં જોવા મળતી ઘટના છે એ હવે સમજાવવાની ભાગ્યે જ જરૂર હોય. પ્રાણીઓ પાસે આ જાતની ભાષા નથી એ આપણે વારંવાર સ્ફુટ કર્યું છે.

---

૧૦. "both below and above the control of the individual" – Twadell

---

સંદર્ભ

ભાષાવિજ્ઞાન : ક્રિસ્ટલ, પૃ.૯–૩૭; રોબિન્ઝ, પૃ.૧૦–૧૧.

ભાષા અને માનવસમાજ : સપિર, પૃ.૩–૪; માર્તિને, પૃ.૧૭–૧૮; હૉલ, પૃ.૪–૬; પંડિત(૪), પૃ.૫૪–૫૬.

ભાષાનાં કાર્યો : માર્તિને, પૃ.૧૮–૧૯; બાર્બર, પૃ.૨૫–૨૬; વૉલવર્ક, પૃ.૩–૧૨; લીચ, પૃ.૪૮–૫૧.

'ભાષા' શબ્દના અર્થો : માર્તિને, પૃ.૧૬; ક્રિસ્ટલ, પૃ.૨૩૯–૪૦.

માનવભાષા અને પ્રાણીઓના અવાજો : સ્ટર્ટિવન્ટ, પૃ.૪૨–૪૭; બાર્બર, પૃ.૯, ૨૪–૨૫; હૉલ, પૃ.૪૧૭–૧૮.

ભાષા અને વાણી : સોશુર, પૃ.૯–૧૩, ૧૮; હૉકિટ, પૃ.૧૪૧–૪૪; ભાયાણી(૪), પૃ.૨૪૬–૪૭.

ઉચ્ચારણ અને લેખન : બ્લૂમફીલ્ડ, પૃ.૨૧; હૉલ, પૃ.૨૭૦–૭૩; સ્ટર્ટિવન્ટ, પૃ.૧૯–૨૫; સોશુર, પૃ.૨૩–૨૭; પામર, પૃ.૨૬–૩૪; વૉલવર્ક, પૃ.૧૪–૧૬.

ભાષાનાં લક્ષણો : હૉલ. પૃ.૧૩–૧૬; સ્ટર્ટિવન્ટ, પૃ.૨–૪; સપિર, પૃ.૩–૧૨; બાર્બર, પૃ.૧૦–૨૫; પામર, પૃ.૮–૧૧; ક્રિસ્ટલ, પૃ.૨૩૯–૪૩; ગ્રે, પૃ.૧૩; કેરલ, પૃ.૧૦.

સ્વાધ્યાય

૧. ખાલી જગ્યા પૂરો (કૌંસમાં શબ્દો આપ્યા હોય ત્યાં એમાંના શબ્દો વડે) :

(૧) 'ભાષા' શબ્દને આપણે ઘણી વાર 'અભિવ્યક્તિનું કોઈ પણ માધ્યમ' એવા અર્થમાં વાપરીએ છીએ, જેમકે

"....."

(૨) પ્રાણીઓના ધ્વનિસંકેતો ..... હોય છે, જ્યારે માનવભાષાના ધ્વનિસંકેતો ..... હોય છે. (ચિત્રાત્મક, પ્રતિનિધાનાત્મક, પ્રતીકાત્મક, યાદચ્છિક, અભિવ્યંજનાત્મક)

(૩) ઉચ્ચાર બદલાય છે ત્યારે જોડણી .....

(૪) ઉચ્ચાર સરખો અને જોડણી જુદી હોય તેવા બે શબ્દો :

૧. .....; ૨. .....

(૫) જોડણી એક પ્રકારની અને ઉચ્ચારણ જુદાં હોય તેવા બે શબ્દો :

૧. .....; ૨. .....

૨. નીચેનામાંથી કયાં લક્ષણો 'ભાષા'ને અને કયાં 'વાણી'ને લાગુ પડી શકે તે જણાવો : વૈયક્તિક, ક્ષણિક, સાહજિક, વૈવિધ્યપૂર્ણ, એકરૂપ.

૩. નીચેનાં વિધાનોમાંથી કયાં ખરાં અને ખોટાં છે તે જણાવો :

(૧) ભાષા શીખવા માટે ભાષાનું વ્યાકરણ શીખવું જોઈએ.

(૨) ભાષા માનવીની એક વિશેષતા છે.

(૩) ભાષા માણસની સાહાજિક પ્રવૃત્તિ છે.

(૪) ભાષા બોલવા માટે ભગવાને માણસને જીભ આપી છે.

(૫) ભાષા પરિવર્તનીય છે.

(૬) પશુઓ અનુકરણથી અવાજો કરતાં શીખે છે.

(૭) માણસ ભાષા અનુકરણથી શીખે છે.

(૮) ભાષા જાણવા માટે લિપિ જાણવી આવશ્યક છે.

(૯) ભાષા વિના સંદેશાવ્યવહાર ન થઈ શકે.

(૧૦) ભાષા લિપિસંકેતોની બનેલી છે.

૪. ભાષાની સંકેતપદ્ધતિની ત્રણ મહત્ત્વની લાક્ષણિકતાઓ નોંધો :

(૧)

(૨)

(૩)

૨

[૧] ભાષાનું માળખું

: ૧ : ભાષામાં એક છેડે અવાજો હોય છે, બીજે છેડે એ અવાજો દ્વારા રજૂ થતો જગતનો કોઈ અંશ કે અનુભવ કે અર્થ હોય છે. 'કિશોરે આજે દિલીપને એક સરસ પુસ્તક ભેટ આપ્યું' એ ઉક્તિમાં ધ્વનિનો એક સાતત્યયુક્ત પ્રવાહ છે અને તે દ્વારા વ્યવહારજીવનની એક ઘટનાનું વર્ણન થયું છે. પણ આપણે જાણીએ છીએ કે માનવભાષામાં, પ્રાણીઓના ઉદ્‌ગારોમાં હોય છે તેમ, દરેક ઘટના, દરેક પરિસ્થિતિ કે દરેક અનુભવ માટે કોઈ અલગ આગવી ઉક્તિ નથી હોતી. માનવભાષાની ઉક્તિઓ કેટલાક નિયત અંશોની બનેલી હોય છે અને એ અંશોના જુદીજુદી જાતના સંયોજનથી જુદાજુદા અર્થો પ્રગટ કરી શકાય છે. ઉપરની ઉક્તિમાંથી 'કિશોર' 'આજ' એવા શબ્દો તો કોઈ પણ ભાષક છૂટા પાડી શકશે.

વાગવયવોથી ઉચ્ચરિત ધ્વનિઓની શ્રેણી અને એ દ્વારા અંતે વ્યક્ત થતો અર્થ – એ બે છેડા વચ્ચે માનવભાષા સંઘટનાના વિવિધ સ્તરોવાળી એક જટિલ વ્યવસ્થા ધરાવે છે. એટલેકે ભાષાના માળખા કે આકૃતિનાં અનેક અંગો કે ઘટકો છે. ભાષાનું સ્વરૂપ સમજવા માટે ભાષાની આ સંઘટનાઓ, અંગો કે ઘટકોનો પરિચય મેળવવો પણ આવશ્યક છે.

: ૨ : ભાષા મૂળભૂત રીતે વાચિક ધ્વનિઓની બનેલી છે એટલે ઉચ્ચારણ એ ભાષાનું સૌથી પહેલું અને પાયાનું અંગ બને. વાચિક ધ્વનિઓ તો અનંત શક્ય છે, પણ જે ધ્વનિઓને ભાષકસમાજ જુદા શબ્દો બનાવવામાં ઉપયોગમાં લે અને પોતાની વ્યવસ્થાના ભાગરૂપ બનાવે તેને જ ભાષાના ધ્વનિઓ કહેવાય. ડચકારો એ પણ એક વાચિક ધ્વનિ છે, આપણા સમાજમાં અમુક સંયોગોમાં એ સ્વતંત્ર રીતે નકારનો અર્થ પણ દર્શાવે છે, પણ ડચકારાને આપણે શબ્દો બનાવવાના કામમાં લેતા નથી એટલે આપણી ભાષાનો એ ધ્વનિ નથી એમ કહેવાય. અરબી જેવી કેટલીક ભાષામાં ડચકારો ભાષાના ધ્વનિ તરીકે આવે છે. 'કાલ' 'ખાલ' 'ગાલ' 'ઘાલ' એવા શબ્દો જો આપણી ભાષામાં બની શકતા હોય તો આપણે કહી શકીએ કે 'ક' 'ખ' 'ગ' 'ઘ' એ આપણી ભાષાના ધ્વનિઓ છે. અંગ્રેજીમાં 'કેપ' 'ગેપ' એવો દ્વિવિધ ભેદ જ મળતો હોય તો એમ કહેવું પડે કે એમાં 'ક' અને 'ગ' એ બે ધ્વનિઓ છે. ('ખ' અને 'ઘ'ને મળતું ઉચ્ચારણ અમુક

સંજોગોમાં મળે, પણ એનાથી થતા જુદા શબ્દો ન હોય.)

દરેક ભાષા આ રીતે મર્યાદિત ધ્વનિઓનો પોતાની વ્યવસ્થામાં ઉપયોગ કરે છે, એટલું જ નહીં પણ દરેક ભાષાની પોતાની જુદી જ ધ્વનિવ્યવસ્થા હોય છે. આપણે હમણાં જોયું તેમ ગુજરાતી ભાષામાં એક સ્થાનના સ્પર્શવ્યંજનોમાં 'ક' 'ખ' 'ગ' 'ઘ' એવો અઘોષ-ઘોષ અલ્પપ્રાણ-મહાપ્રાણના ભેદકધર્મોવાળો ચતુર્વિધ ધ્વનિભેદ વપરાય છે; ત્યારે અંગ્રેજીમાં અઘોષ-ઘોષના ભેદકધર્મોવાળો દ્વિવિધ ધ્વનિભેદ વપરાય છે. એ જ રીતે, કોઈ ભાષા ત્રણ જ સ્વરધ્વનિઓનો ઉપયોગ કરતી હોય (જેમકે, 'ઇ' 'અ' 'ઉ'), કોઈ પાંચનો ઉપયોગ કરતી હોય (જેમકે 'ઇ' 'અ' 'એ' 'ઓ'), કોઈ આઠનો કરતી હોય (જેમકે 'ઇ' 'એ' 'ઍ' 'અ' 'આ' 'ઉ' 'ઓ' 'ઑ'), કોઈ એથી વધુનો પણ ઉપયોગ કરતી હોય. એટલું જ નહીં, એ ધ્વનિઓ વચ્ચેના વિરોધની ભાત પણ દરેક ભાષાની જુદી હોય. ધ્વનિઓની શ્રેણીઓ રચવાની પણ દરેક ભાષાની પોતાની ખાસિયત, પોતાનું નિયમતંત્ર હોય.

જુદા અર્થના શબ્દો બનાવવા માટે ધ્વનિના જે નાનામાં નાના એકમો વપરાય તેને 'ધ્વનિઘટકો' (phonemes) કહેવામાં આવે છે અને એ ધ્વનિઘટકોની જે વ્યવસ્થા ભાષામાં અસ્તિત્વ ધરાવતી હોય, એ ધ્વનિઘટકોની શ્રેણીઓ રચવા માટેનું ભાષાનું જે નિયમતંત્ર હોય તેને ભાષાનું 'ધ્વનિતંત્ર' (phonology) કહેવામાં આવે છે.

એ નોંધપાત્ર છે કે ધ્વનિઘટકો અર્થભેદક હોય છે પણ એ જાતે કશો અર્થ ધરાવતા નથી. 'ક' કે 'ગ' કે 'આ' કે 'ઓ'નો ગુજરાતી ભાષામાં કશો અર્થ નથી. ('આ' સ્વતંત્ર અર્થ ધરાવતો એકમ પણ છે, પણ એ જુદી વસ્તુ છે.) પરંતુ ધ્વનિઘટકો ભેગા મળીને અર્થ ધરાવતા એકમો બનાવે છે. વાચિક ધ્વનિઓ કે ધ્વનિઘટકો જાણે ઘડ્યા અને પકાવ્યા વિનાની માટી છે અને અર્થ ધરાવતા એકમો જાણે એ માટીમાંથી બનાવવામાં આવેલી ઈંટો છે. આવી ઈંટોની એટલેકે અર્થ ધરાવતા એકમોની રચનાથી ભાષાની ઉક્તિ બને છે.

: ૩ : ધ્વનિઘટકોની શ્રેણીથી અર્થ ધરાવતા નાનાનાના એકમો બનતા હોય છે, જેને આપણે ઘણી વાર 'શબ્દ' તરીકે ઓળખાવતા હોઈએ છીએ. જેમકે 'કિશોરે' 'આજે' 'આપ્યું' વગેરે. પણ જરા ધ્યાનથી જોઈશું તો જણાશે કે 'કિશોર' 'આજ' 'આપ' એ એકમો પણ આપણી ભાષામાં અર્થ ધરાવે છે. એટલેકે અહીં ખરેખર અર્થ ધરાવતા એકથી વધુ એકમો છે : 'કિશોર+એ' 'આજ+એ' 'આપ+ય+ઉં' વગેરે. 'કિશોરે'ના 'એ'નો પણ અર્થ તો છે જ, કેમકે એ 'એ'ને લીધે જ કિશોર આપવાની ક્રિયા કરનાર છે – કર્તા છે એવું વાક્યમાં સૂચવાય છે. એટલેકે એ 'એ' કર્તૃત્વવાચક છે. એ જ રીતે 'આજે'નો 'એ' અધિકરણવાચક છે, 'આપ્યું'નો 'ય' ભૂતકાળ દર્શાવે છે.

અર્થ ધરાવતા આવા જે નાનામાં નાના એકમો આપણે જુદા પાડી શકીએ તેને ભાષાવિજ્ઞાનમાં 'રૂપઘટક' (morpheme) કહેવામાં આવે છે. 'નાનપણ'નો 'પણ' પણ રૂપઘટક, કેમકે એ ભાવવાચક સંજ્ઞા બનાવે છે ('નાન' તો ખરો જ), તેમ 'અજાણ'નો 'અ' પણ ખરો, કેમકે એ વિરુદ્ધાર્થ દર્શાવે છે, અને 'પીળો'નો 'ઓ' પણ ખરો, કેમકે એ પુંલ્લિંગ દર્શાવે છે.

જોઈ શકાશે કે રૂપઘટકોના ઘણા પ્રકારો છે : કેટલાક છૂટા આવી શકે છે ('કિશોર' 'આજ' 'આપ'), કેટલાક આવી શકતા નથી. ('નાન' 'પણ' 'ઈ' 'એ'). કેટલાક બિનભાષાકીય જગત સાથે સંકળાયેલા છે, એટલેકે જગતના પદાર્થ કે અનુભવને રજૂ કરે છે ('કિશોર' 'આજ' 'આપ') ત્યારે કેટલાક માત્ર ભાષારચનાના એટલેકે વ્યાકરણના અર્થો જ આપે છે. 'એ'નો કર્તૃત્વનો અર્થ, 'ઓ'નો પુંલ્લિંગનો અર્થ, 'ય'નો ભૂતકાળનો અર્થ આ જાતના છે. અમુક રૂપઘટકો અમુક સાંથે જ જોડાય છે, અમુક બીજા સાથે જોડાય છે – જેમકે, 'એ' 'ને' વગેરે સંજ્ઞાઓ સાથે જ આવે છે, લિંગવાચક 'ઓ' 'ઈ' 'ઉં' સંજ્ઞા, વિશેષણ અને કૃદંતો સાથે જ આવે છે, વગેરે. એટલેકે રૂપઘટકોનું પણ એક વ્યવસ્થાતંત્ર ભાષામાં અસ્તિત્વ ધરાવતું હોય છે. આને 'રૂપતંત્ર' (morphology) કહેવામાં આવે છે.

દરેક ભાષાનું રૂપતંત્ર પણ આગવું હોય છે, એટલેકે રૂપઘટકોના વર્ગો તથા ભાષામાં એ કેવી રીતે આવી શકે છે તેના નિયમો દરેક ભાષાના પોતાના હોય છે. દા.ત., ચીની જેવી ભાષામાં વ્યાકરણગત અર્થ ધરાવતા બદ્ધ ઘટકો (એટલેકે 'પ્રત્યયો') જ નથી. અંગ્રેજી ભાષા આપણી જેમ લિંગ વ્યક્ત કરતી નથી, એની સમાસરચનાઓ પણ આપણાથી જુદી જાતની છે, વગેરે. આપણી ભાષામાં વિશેષણોને બહુવચનનો 'ઓ' લાગતો નથી, કેટલીક ભાષાઓમાં લાગતો હોય છે. આપણે ત્યાં પણ કેટલીક બોલીઓમાં વિશેષણો અને ક્રિયાપદોને બહુવચનનો પ્રત્યય લાગતો જોવા મળે છે. જેમકે, (સૌરાષ્ટ્રી) 'બાયડિયું ઊભિયું'ત્યું', (ઉત્તર ગુજરાતની તથા ચરોતરી) 'બધિયો બાયડિયો ઊભિયો હતિયો.'

: ૪ : ભાષાની ઉક્તિમાં અમુક રૂપઘટકો આવે એટલું જ બનતું નથી, એ રૂપઘટકોના અર્થોને જોડવા માટેની ખાસ યુક્તિઓ કે ખાસ નિયમો હોય છે. 'કિશોરે આજે દિલીપને એક સરસ પુસ્તક આપ્યું' એ ઉક્તિ જુઓ. એમાં 'એ' 'ને' એ કર્તા-કર્મવાચક રૂપઘટકોથી 'આપ્યું' ક્રિયાપદ સાથે એનો સંબંધ જોડાય છે, પણ તે ઉપરાંત 'ને' 'દિલીપ'ને લાગે છે, 'પુસ્તક'ને નહીં ('કિશોરે પુસ્તકને પૂંઠું ચડાવ્યું' એમાં 'પુસ્તક'ને 'ને' લાગશે); 'પુસ્તક આપ્યું' એમ જ કહી શકાશે, 'પુસ્તક આપી' એમ નહીં; 'સરસ પુસ્તક' એમ જ કહી શકાશે, 'પુસ્તક સરસ' એમ નહીં. એટલેકે સંબંધ વ્યક્ત કરનારા પ્રત્યયો લગાડવાના

પણ વિશિષ્ટ નિયમો હોય છે, કેટલાંક પદ બીજા પદને અમુક રીતે અનુસરે એવી રીતે આવતાં હોય છે, પદોનો એક નિયત ક્રમ પણ હોય છે. પદોને એક સળંગ ઉક્તિ રૂપે અન્વિત કરવાનું આ જે નિયમતંત્ર તેને 'વાક્યતંત્ર' (syntax) કહેવામાં આવે છે.

દરેક ભાષાનું વાક્યતંત્ર પણ લાક્ષણિક હોય છે. અંગ્રેજી ભાષામાં કર્તાકર્મસૂચક પ્રત્યયો નહીં હોવાથી પદના ક્રમથી જ કર્તાકર્મ વ્યક્ત થાય છે, જેમકે 'John hit Burns' એમાં 'John' કર્તા અને 'Burns' કર્મ છે. તો 'Burns hit John' એમાં 'Burns' કર્તા અને 'John' કર્મ છે. એટલે અંગ્રેજી ભાષાનાં પદોનો ક્રમ ગુજરાતી ભાષા કરતાં વધારે નિયત રહે છે. ગુજરાતીમાં અર્થના કશા ફરક વિના 'સંજયે રાહુલને માર્યો' 'રાહુલને સંજયે માર્યો' એમ પદક્રમ બદલાવી શકાય. ગુજરાતી ભાષામાં વિશેષણ વિશેષ્યની પહેલાં આવે છે, સ્પૅનિશ જેવી ભાષામાં વિશેષણ વિશેષ્યની પછી આવે છે. ચીની ભાષામાં વાક્યસંબંધ દર્શાવતા પ્રત્યયો તો નથી જ, પણ સંજ્ઞા, વિશેષણ એવા રૂપવર્ગો પણ નથી. વાક્યમાંના સ્થાન પરથી જ શબ્દ સંજ્ઞા છે, વિશેષણ છે કે ક્રિયાપદ એ નક્કી થાય. (આ અંગેની વધુ વિગતો માટે જુઓ હવે પછી 'ભાષાઓનું બંધારણવૈવિધ્ય'.)

ગુજરાતીમાં 'તે મુંબઈ ગયો' એમ બોલાય છે, પરંતુ 'તે ઘર ગયો' નથી બોલાતું, 'તે ઘરે (ઘેર) ગયો' એમ બોલાય છે; ત્યારે અંગ્રેજીમાં 'He went to Bombay' પણ 'He went home' એવી વાક્યરચના છે. (પાછું 'He went to his Father's home' એમ થશે.) દરેક ભાષાની વાક્યરચનાની ખાસિયતો કેવી લાક્ષણિક હોય છે એ આ પરથી સમજાશે.


રૂપતંત્ર અને વાક્યતંત્રનાં ક્ષેત્રો સારી પેઠે સંકળાયેલાં છે અને અમુક કક્ષાએ એક પણ બની જાય છે, કેમકે ઘણા રૂપઘટકો વાક્યાર્થને વ્યક્ત કરવા પ્રયોજાતા હોય છે. આ રૂપતંત્ર અને વાક્યતંત્ર તે જેને આપણે પરંપરાગત રીતે 'વ્યાકરણ' કહીએ છીએ તેના જ બે મુખ્ય વિભાગો. એટલેકે ધ્વનિતંત્ર સિવાયનું ભાષાનું જે નિયમતંત્ર તેનો સમાવેશ વ્યાકરણમાં થાય.

: ૫ : શબ્દભંડોળ એ પણ ભાષાનું એક મહત્ત્વનું અંગ છે. શબ્દો દ્વારા બિનભાષાકીય જગત વ્યક્ત થાય છે અને શબ્દો સંસ્કૃતિના વાહક છે.

શબ્દભંડોળમાં સંઘટના જોવી મુશ્કેલ છે કેમકે શબ્દો યદચ્છાએ ઘડાય છે, લુપ્ત થાય છે. પણ શબ્દો દ્વારા વ્યક્ત થતા અર્થોમાં સંઘટના હોય છે ખરી. શબ્દો અર્થની દૃષ્ટિએ જૂથ રચતા હોય છે અને એક શબ્દનો અર્થ, જે બીજા શબ્દોના વિરોધમાં એ શબ્દ આવતો હોય તેના અર્થો પર બધો આધાર રાખે છે. આપણી ભાષામાં 'કાકા'

'મામા' 'માસા' 'ફુઆ' એવા જુદાજુદા સંબંધ વ્યક્ત કરતા શબ્દો છે ત્યારે અંગ્રેજીમાં 'uncle' શબ્દ જ આ બધા માટે સમાન છે અને જ્યારે વિશિષ્ટ સંબંધ દર્શાવવો હોય ત્યારે 'maternal' 'paternal' એવાં વિશેષણો લગાડવામાં આવે છે. દરેક ભાષામાં રંગવાચક શબ્દોની જુદી અને આગવી ભાત જ જોવા મળે છે. આમ છતાં, આખાયે શબ્દભંડોળમાં આવી સંઘટના જોવી મુશ્કેલ છે.

: ૬ : આ રીતે આપણને ભાષાની સંઘટનાની આ પ્રમાણે આકૃતિ પ્રાપ્ત થાય છે :



કૌંસમાં મુકાયેલી ઘટનાઓ ભાષાનો સાક્ષાત્ વ્યાપાર નથી; ભાષાની નીચેની કે ઉપરની, પણ બહારની ઘટના છે. જેમકે, વાચિક ધ્વનિઓ તે ભાષા નથી, એ તો ભાષામાં ઉપયોગમાં લેવાતી સામગ્રી છે. વાચિક ધ્વનિઓની કોઈક વ્યવસ્થા રચાય ત્યારે ભાષા અસ્તિત્વમાં આવે છે. એ જ રીતે, ભાષા દ્વારા અર્થોનું જે જગત વ્યક્ત થાય છે તે ભાષા નથી, એ પણ ભાષાનું નિરૂપ્ય વસ્તુ છે. અર્થજગતને વ્યક્ત કરવા ધ્વનિ વગેરેની જે વ્યવસ્થા કાર્યશીલ બને છે તે ભાષા છે. ભાષાવિજ્ઞાન ભાષાનો એટલેકે ભાષાવ્યવસ્થાનો અભ્યાસ કરે છે, તેથી જે ઘટનાઓ કૌંસમાં મુકાયેલી છે તેની સાથે એને સીધી નિસબત નથી, કૌંસ બહારની ઘટનાઓ જ એનું ખરું અભ્યાસક્ષેત્ર છે.

[૨] ભાષા અને બોલી

: ૧ : જેને આપણે વિશાળ દૃષ્ટિએ ભાષાસમાજ (દા.ત. ગુજરાતી ભાષા બોલનારો સમાજ) ગણીએ છીએ તેમાં ભાષા સર્વત્ર એક સ્વરૂપે બોલાતી નથી હોતી એ તો આપણા સૌના અનુભવની વાત છે. સોરઠમાં અને ચરોતરમાં ગુજરાતી ભાષા જુદી રીતે બોલાય છે, કોઈ પણ સ્થળના વાણિયા-બ્રાહ્મણ અને વસવાયાની ભાષામાં ભેદ હોય છે, કૉલેજના

વ્યાખ્યાનમાં અને ઘરની વાતચીતમાં આપણે કંઈક જુદી ભાષા સાંભળીએ છીએ. કોઈ પણ ભાષાસમાજમાં આ રીતે પ્રદેશ, વ્યવસાય, સામાજિક વર્ગ, પ્રયોજન, પ્રસંગના ભેદે ભાષાના અનેક સ્વરૂપભેદો અસ્તિત્વ ધરાવતા હોય છે. આમાંથી પ્રાદેશિક સ્વરૂપભેદો અને સ્પષ્ટ તથા મોટા સામાજિક સ્વરૂપભેદોને આપણે 'બોલીઓ' તરીકે ઓળખીએ છીએ. બાકીના સ્વરૂપભેદો તે ભાષાના માત્ર શૈલીભેદો (styles) કહેવાય.

આપણે જોઈ ગયા છીએ કે ભાષા સમાજની સરજત છે. ભાષાનો આધાર સામાજિક વ્યવહાર છે. એટલે સમાજના ભિન્નભિન્ન વર્ગો કે જૂથો વચ્ચે વ્યવહારની જેટલી ઘનિષ્ઠતા તેટલી એમની ભાષા સામાન્યતઃ એકરૂપ રહેવાની; જેટલી ઘનિષ્ઠતા ઓછી એટલી એમની વચ્ચે ભાષાભેદની શક્યતા રહેવાની. મોટા પ્રદેશ કે સમાજમાં સંબંધની ઓછીવત્તી ઘનિષ્ઠતાવાળા અનેક વર્ગો હોવાના જ અને એ રીતે ભાષાભેદો કે બોલીઓ કે શૈલીભેદો પણ અસ્તિત્વ ધરાવવાના; પરસ્પર સમજી ન શકાય એવા ભાષાભેદો પણ હોવાના. 'બાર ગાઉએ બોલી બદલાય' એ આપણી કહેવત વાગ્વ્યવહારની ઘનિષ્ઠતાના આ સિદ્ધાંતનું જ સમર્થન કરે છે. અલબત્ત, એ સાચું છે કે કેટલીક વાર સંપર્કમાં રહેલાં જૂથો પોતાના અલગ વ્યક્તિત્વને જાળવવા કે તે પર ભાર આપવા અન્યથી ફંટાતા પ્રયોગો કરવાનું વલણ પણ ધરાવે છે.

આમ છતાં, સમાજના ભિન્નભિન્ન વર્ગો કે રાજ્યના ભિન્નભિન્ન પ્રદેશો વચ્ચે વાગ્વ્યવહારની આવશ્યકતા તો ઊભી રહેવાની જ – વિકસિત સમાજમાં વિશેષપણે. એને માટે એણે વ્યાપક વ્યવહારનું કોઈ ભાષાસ્વરૂપ તો ઊભું કરવું જ પડે. એનું નામ તે શિષ્ટ અથવા માન્ય ભાષા અથવા ટૂંકમાં 'ભાષા'. આપણા વ્યવહારોમાં આપણે એને નમૂના તરીકે રાખીએ છીએ, કૉર્ટ-કચેરીઓમાં એને વાપરીએ છીએ, શાળા-મહાશાળાઓમાં એને શીખીએ છીએ. આમ, ભાષા એ બોલી ઉપર વ્યાપ્ત એક વિશાળ વાફ્સ્વરૂપ છે જે હરકોઈ તબક્કે શીખવું જ પડે છે.

: ૨ : એક એવો ખ્યાલ સર્વત્ર વ્યાપક છે કે બોલી એ ભાષાનું વિકૃત કે ભ્રષ્ટ સ્વરૂપ છે. ભાષા બોલતાં ન આવડે એટલે બોલી ઉદ્ભવે. આ રીતે બોલી એ અશુદ્ધ, ઊતરતી અને હલકી ચીજ ગણાય છે. કોઈ ચરોતરી વ્યક્તિ 'કામ'ને બદલે 'કૉંમ' બોલે, કોઈ સુરતી વહોરો 'હુંએ કીઢું' એમ બોલે તો આપણે એમ કહીશું કે એને ગુજરાતી શુદ્ધ રીતે બોલતાં આવડતું નથી. આપણે બધા શુદ્ધ ગુજરાતી બોલવાનો પ્રયત્ન કરીશું અને આપણી પાસે એવો પ્રયત્ન કરાવવામાં આવશે.

પરંતુ બોલી વિશેનો આ ખ્યાલ વૈજ્ઞાનિક નથી. ભાષા અને બોલી વચ્ચે તાત્ત્વિક કે સ્વરૂપગત કશો જ ભેદ નથી. બોલી પણ ભાષાની જેમ અભિવ્યક્તિ-અવગમનનું માધ્યમ છે, એ રીતે કાર્ય કરે છે અને એ માટે પૂરતું કાર્યક્ષમ એવું તંત્ર ધરાવે છે.

એટલેકે બોલીને પણ પોતાનું 'વ્યાકરણ' હોય છે. એ કંઈ વ્યાકરણવિહીન વસ્તુ નથી. આપણા શિષ્ટ વ્યાકરણમાં આપણે એનો સમાવેશ ન કરતા હોઈએ તેથી શું ? ભાષા અને બોલી વચ્ચે ભેદ હોય તો તે માત્ર વ્યાવહારિક ભેદ છે, અથવા કહો કે વિસ્તારનો ભેદ છે. ભાષા મોટા વિસ્તારમાં કામ આપે છે, બોલી એવું જ કામ નાના વિસ્તારમાં આપે છે.

બોલીના પ્રયોગોને આપણે 'ગ્રામ્ય' ગણીએ છીએ એ એક સામાજિક મૂલ્યનિર્ણય છે, અમુક રીતભાત આપણા સમાજમાં અશિષ્ટ ગણાય તેમ. માન્ય ભાષા શિક્ષણ-સંસ્કાર-વહીવટનું ભાષાસ્વરૂપ હોઈને એનો સામાજિક મોભો ઊંચો ગણાય છે, બોલી એ વ્યવહારોમાં સ્વીકારાતી નથી તેથી એનો સામાજિક મોભો નીચો ગણાય છે. બોલી બોલનારા 'અભણ' 'ગામડિયા' ગણાય છે, બોલીને કારણે નોકરી મળવામાં મુશ્કેલી પડે છે. તેમ છતાં આ સામાજિક રૂઢિ જ થઈ, બોલી ભાષાકીય તંત્રની દૃષ્ટિએ ઊતરતી છે એવો એનો અર્થ થતો નથી. બોલી એ ભાષાથી 'જુદો' પ્રયોગ છે, 'વિકૃત' પ્રયોગ નથી.

: ૩ : સાહિત્યપરંપરાવાળા સંસ્કૃત સમાજમાં માન્ય ભાષા બોલીઓ પર ઘણો પ્રભાવ પાડતી હોય છે તેમ છતાં એ બાબતની ઉપેક્ષા નહીં કરી શકાય કે માન્ય ભાષાના પાયામાં ઘણી વાર કોઈ એક બોલી રહેલી હોય છે. કોઈ ભાષાસમાજને જ્યારે વિશાળ સામાજિક વ્યવહાર માટે માન્ય ભાષાની આવશ્યકતા ઊભી થાય છે ત્યારે જે સ્થળ (કે જે વર્ગ) રાજકીય દૃષ્ટિએ, વેપારઉદ્યોગની કે શિક્ષણસંસ્કારની દૃષ્ટિએ મહત્ત્વ ધરાવતું હોય, કેન્દ્રીય હોય ત્યાંની બોલીને માન્ય ભાષાનો મોભો મળે છે. વળી, કોઈ પણ બોલીમાં માન્ય ભાષા બનવાની શક્યતા અને ક્ષમતા રહેલી હોય છે. વસ્તુતઃ માન્ય ભાષા કોઈ બોલીમાંથી પોતાની સઘળી સામગ્રી લેતી નથી. માન્ય ભાષાના ઘડતરમાં દરેક બોલીએ ઓછોવત્તો ફાળો આપ્યો હોય છે; તેમ સાહિત્ય દ્વારા તથા અન્ય રીતે બોલીઓમાંથી માન્ય ભાષામાં ભરણું થયા કરતું હોય છે. આથી જ માન્ય ભાષા કોઈ પણ એક ભૌગોલિક ઘટક સાથે સંપૂર્ણપણે સમરેખ હોતી નથી, એના ઉદ્‌ભવમાં કોઈ એક બોલીએ મુખ્ય ભાગ ભજવ્યો હોય તે છતાં. અને એટલે જ માન્ય ભાષા બધાની માલિકીની ગણાય છે, કોઈ એક પ્રદેશનો તેના પર હકદાવો હોતો નથી. માન્ય ભાષાએ વિશાળ વ્યવહારના સાધન તરીકે કામ કરવાનું હોઈ આ જાતનું સંચયલક્ષી સ્વરૂપ તેને માટે અનિવાર્ય બની રહે છે.

આ રીતે જોઈએ તો ભાષા એક તારવણી છે, તેથી અમૂર્ત અને કંઈક કૃત્રિમ છે, ત્યારે બોલી એની તુલનાએ વાસ્તવિક અને તેથી સ્વાભાવિક છે. ભાષાના ઉદ્‌ભવ પાછળ બિનભાષાકીય પરિબળો કામ કરતાં હોય છે. એક માન્ય ભાષા હટી જાય અને તેને સ્થાને બીજી માન્ય ભાષા આવે તેમાં પણ નવા રાજકીય વિભાગો થવા કે રાજકીય

કે સાંસ્કૃતિક કેન્દ્ર બદલાવું એવી જાતનાં કારણો કામ કરતાં હોય છે.

ભાષા અને બોલીનાં લક્ષ્યો અમુક હદે જુદાં છે એમ કહી શકાય. ભાષામાં સામાજિક વ્યવહારની વિશાળતા અને સર્વગમ્યતા સિદ્ધ કરવાનો પ્રયાસ હોય છે, ત્યારે બોલીમાં (પ્રાદેશિક કે વર્ગગત) વ્યક્તિત્વ જાળવવાનો પ્રયાસ હોય છે. પરિણામે માન્ય ભાષાનો ખ્યાલ સંસ્કૃતિનો સૂચક બની જાય છે. આદિવાસી જૂથોમાં આપણને કેવળ બોલીઓ જ જોવા મળે છે.

: ૪ : કોઈ પણ મોટા ભાષાસમાજમાં જે મહત્ત્વના પ્રાદેશિક-સામાજિક ભાષાસ્તરો અસ્તિત્વ ધરાવતા હોય છે તેનું બ્લૂમફીલ્ડ નીચે પ્રમાણે વર્ગીકરણ આપે છે :

સાહિત્યિક માન્ય ભાષા : ઔપચારિક ચર્ચા અને લેખનમાં વપરાતું ભાષાસ્વરૂપ. જેમકે, સાહિત્યની ભાષા, રેડિયોની ભાષા, વિદ્યાપીઠોના વ્યાખ્યાનની ભાષા વગેરે.

બોલચાલની માન્ય ભાષા : શિષ્ટ વર્ગના વાણીવ્યવહારનું ભાષાસ્વરૂપ. શિષ્ટ વર્ગ લેખન અને ઔપચારિક ચર્ચા સિવાય રોજિંદા વ્યવહારમાં થોડું વધારે નમનીય એવું ભાષાસ્વરૂપ વાપરતો હોવાનો. ભણેલો વાણિયાબ્રાહ્મણનો ઉપલો વર્ગ પોતાની બોલચાલમાં આપણે ત્યાં જે ભાષાસ્વરૂપ વાપરે છે તેને સ્થૂળ રીતે બોલચાલની માન્ય ભાષામાં સમાવી શકાય.

પ્રાંતીય માન્ય ભાષા : મધ્યમવર્ગનું પ્રાંતીય ભાષાસ્વરૂપ. કાઠિયાવાડમાં શિક્ષિત વર્ગ પણ પ્રાંતીય રંગે રંગાયેલું એવું ભાષાસ્વરૂપ વાપરવાનો. એને પ્રાંતીય માન્ય ભાષા કહી શકાય.

ઉપશિષ્ટ (substandard) ભાષા : નીચલા મધ્યમ વર્ગનું ભાષાસ્વરૂપ, પ્રાદેશિક ભિન્નતાવાળું પણ તીવ્ર સ્થાનીય ભેદો વગરનું. નાના કસ્બાઓનાં બજારો વગેરેમાં આપણને સાંભળવા મળે તેને ઉપશિષ્ટ ભાષા કહી શકીએ.

સ્થાનિક બોલી : નીચલામાં નીચલા વર્ગનો વાણીવ્યવહાર, જે ગામડેગામડે બદલાતો હોય છે.

આની સાથે જ્ઞાતિ, ધર્મ, વ્યવસાય, વયજૂથ, પ્રસંગ આદિના ભાષાભેદો ગૂંથાય એટલે સમગ્ર સમાજના વાણીવ્યવહારનું કેવું સંકુલ ચિત્ર ઊપસે !

[૩] પ્રાદેશિક બોલીઓનું સ્વરૂપ


: ૧ : જેમ ભાષા વિશે તેમ બોલી વિશે પણ આપણો ખ્યાલ છે કે એને નિશ્ચિત ભૌગોલિક સીમાઓ હોય છે અને એ સીમાઓમાં એ એકસરખે સ્વરૂપે બોલાય છે. પરંતુ આ માન્યતા યથાર્થ નથી. ભાષાઓને તેમ બોલીઓને કુદરતી સીમાઓ હોતી નથી[૧] (સિવાય

૧. "Dialects have no natural boundaries." – Saussure

કે નદી, ડુંગર, રણ જેવા કુદરતી અવરોધો બે ભાષાપ્રદેશ કે બોલીપ્રદેશ વચ્ચે આવેલા હોય). રાજસ્થાની અને ગુજરાતી ભાષા સરહદ પર એકબીજી સાથે હળીભળી જતી લાગશે તેમજ ચરોતરીનો પ્રદેશ ક્યાં પૂરો થાય છે અને સુરતીનો ક્યાં શરૂ થાય છે એ નક્કી કરવું મુશ્કેલ લાગશે. એટલું જ નહીં, ચરોતરી બોલીપ્રદેશનાં ગણ્યાતાં બે દૂરદૂરનાં સ્થાનોની બોલી જેટલી જુદી પડશે તેના કરતાં ચરોતરી-સુરતી બોલીપ્રદેશોનાં નજીકનજીકનાં સ્થાનોની બોલી બહુ ઓછી જુદી પડશે. 'બાર ગાઉ'એ બોલી બદલાતી હોય ત્યાં કોઈ પણ બોલીપ્રદેશને કેવી રીતે સીમાંકિત કરી શકાય ?

વળી બોલીલક્ષણો સમગ્ર ભાષાપ્રદેશમાં બહુ વૈવિધ્યપૂર્ણ રીતે વેરાયેલાં હોય છે. એક બાજુથી સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ભીલી પ્રદેશમાં 'પીંપળો' બોલાય છે. અને ઉત્તર-મધ્ય ગુજરાતમાં 'પેંપરો' બોલાય છે; ત્યારે બીજી બાજુથી સૌરાષ્ટ્ર તથા ઉત્તર-મધ્ય ગુજરાતમાં 'છે'ને સ્થાને 'સેં' 'ત્સેં', દક્ષિણ ગુજરાતમાં 'છે' અને ભીલીમાં 'હે' બોલાય છે; તો 'ન' કે 'નહીં'ને સ્થાને સૌરાષ્ટ્રમાં 'નો', ઉત્તર-મધ્ય ગુજરાતમાં 'નેં' અને દક્ષિણ ગુજરાતમાં 'ની' બોલાય છે. ભાષાસમાજ જાણે ભરત ભરેલી ચાદર હોય એવો લાગે છે.

આથી એવું મંતવ્ય દર્શાવવામાં આવે છે કે કુદરતી બોલીઓ કે બોલીવિભાગો હોતા જ નથી, કુદરતી છૂટક બોલીલક્ષણો જ હોય છે.[૨] એટલે બોલીઓના નિશ્ચિત પ્રદેશો બાંધી દઈને એનાં લક્ષણોનો અભ્યાસ કરવાને બદલે ભિન્નભિન્ન બોલીલક્ષણો અમુક પ્રદેશમાં ક્યાંક્યાં અને કેવી રીતે વેરાયેલાં છે તેની તપાસ કરવી જોઈએ અને આવાં બોલીલક્ષણોની ભૌગોલિક સીમાઓ દર્શાવતી રેખાઓ (isoglosses) દોરીને બોલીઓના નકશા તૈયાર કરવા જોઈએ. બોલીભેદની રેખાઓ કેવી આડીઅવળી પથરાયેલી હોય છે તે નીચેની આકૃતિ પરથી સમજાશે.



૨. "...there are only natural dialectal features, not natural dialects."
– Saussure

બોલી પણ અંતે એક તારવણી છે. માત્ર ઓછા ભાષકોને એમાં આવરી લેવામાં આવતા હોવાથી વાસ્તવિક વાણીવ્યવહારની એ કંઈક વધુ નજીક રહે છે. એટલે બોલીની સંકુલ સ્થિતિનું સાચું ચિત્ર આવા નકશાઓ દ્વારા જ મળી શકે. આમ છતાં, ઐતિહાસિક-સાંસ્કૃતિક-રાજકીય-વહીવટી દૃષ્ટિએ જે પ્રાદેશિક એકમો પોતાનું આગવું વ્યક્તિત્વ ધરાવતા હોય છે તેમની વચ્ચે એકથી વધુ સંકેતભેદોની ભીંત અસ્તિત્વ ધરાવતી દેખાય છે તેથી ભિન્નભિન્ન પ્રદેશોની ભિન્નભિન્ન બોલીઓનો ખ્યાલ ઊભો થઈ શકે છે. આ ખ્યાલ સગવડભરેલો છે અને અમુક હદ સુધી ઉપયોગી પણ થઈ શકે છે.

[૪] ભાષાના સામાજિક-સાંસ્કૃતિક-પ્રાસંગિક સ્વરૂપભેદો

: ૧ : ભાષાભેદો માત્ર પ્રદેશભેદે જ નહીં પરંતુ સામાજિક વર્ગભેદે, વ્યવસાયભેદે, વયજૂથભેદે, પ્રસંગભેદે પણ અસ્તિત્વ ધરાવતા હોય છે. સામાજિક વર્ગભેદની અનેક ભૂમિકા હોઈ શકે છે – જ્ઞાતિ કે જાતિ (વાણિયા, બ્રાહ્મણ, પાટીદાર, કાઠી, મેર, વહોરા ઇ૦), ધર્મ (જૈન, વૈષ્ણવ ઇ૦), મોભો અને આર્થિક પરિસ્થિતિ (શેઠિયા, મહેતાજીઓ ઇ૦), શિક્ષણ (ભણેલા, અભણ) વગેરે. દરેક વર્ગને પોતાની કેટલીક બોલીગત વિશિષ્ટતાઓ હોય છે. જૈનો પોતાના સાધુમહારાજને માટે 'કાળધર્મ પામ્યા' એવો શબ્દપ્રયોગ કરશે તો વૈષ્ણવો 'ગોલોકવાસી થયા' એમ કહેશે. વહોરો 'હુંએ કીદ્ધું' એમ બોલશે, તો કાઠી, મેર, વાઘરી, પારસી વગેરેની બોલીઓ પણ લાક્ષણિક રીતે જુદી તરી આવતી દેખાશે. આપણા સમાજમાં જ્ઞાતિપ્રથાના મહત્ત્વને કારણે જ્ઞાતિ ભાષાભેદનું એક પ્રબળ નિમિત્ત બને છે.

: ૨ : ભિન્ન વ્યાવસાયિક વર્ગોની બોલીઓ પણ – ખાસ કરીને એના શબ્દભંડોળની દૃષ્ટિએ – કેટલીક પોતીકી લાક્ષણિકતાઓ ધરાવતી હોય છે : વકીલોની બોલચાલમાં કાયદાની પરિભાષાના શબ્દો અને ડૉક્ટરોની બોલચાલમાં એમની પરિભાષાના શબ્દો આવવાના જ. વેપારીઓ 'તેજી' 'મંદી' 'હવાલા' 'લેવાલી' 'લેણ ફૂંકવું' ને એવું ઘણું, આપણને ન સમજાય તેવું પણ, બોલતા દેખાશે. આ બધી ધંધાકીય વિશિષ્ટ બોલીઓ (trade jargons) કહેવાય છે.

ચોરો, સોનીઓ જેવા ધંધાદારીઓ તો પોતાની ગુપ્ત સાંકેતિક બોલી પણ પ્રયોજતા હોય છે જેને 'પારસી' કહેવામાં આવે છે.

: ૩ : આ ઉપરાંત એક ભાષાભેદનો ખાસ ઉલ્લેખ કરવો જોઈએ જે મુખ્યત્વે યુવાનો (teen-agers), કૉલેજના વિદ્યાર્થીઓ વાપરે છે અને જેને 'સ્લૅન્ગ'(slang – ઉપશિષ્ટ ભાષા) તરીકે ઓળખવામાં આવે છે. 'પોલસન' 'ગોટલી મારવી' 'પાવલી' 'લેકચરબાજી' '૪૨૦' 'બામ' 'ઉપલો માળ ખાલી હોવો' 'ટ્યૂબલાઇટ થવી' 'પેપરવેઇટ મૂકવું' 'પબ્લિક કૅરિઅર' (ચારિત્ર્ય વિનાની સ્ત્રી) વગેરે શબ્દપ્રયોગો જાણીતા છે. સ્લૅન્ગ એક જાતનો

રૂઢિપ્રયોગ છે, એના શબ્દોનું ઘડતર વિચિત્ર હોય છે, શબ્દો પરદેશી ભાષામાંથી પણ લીધા હોય છે અને એમાં દૂરાકૃષ્ટ, મનસ્વી, કટાક્ષમય અર્થસામ્યો રહેલાં હોય છે.

સ્લેન્ગનું આયુષ્ય ઘણું ટૂંકું હોય છે, એ ઝડપથી બદલાય છે અને કેટલીક વાર તો માન્ય શબ્દભંડોળમાં એ સ્થાન પણ મેળવે છે. સ્લેન્ગ માત્ર યુવાન વયના કૉલેજના વિદ્યાર્થીઓ જ નહીં પણ રમતગમતના શોખીનો, જુગારીઓ, રખડુઓ, ગુનેગારો વગેરે પણ વાપરતા હોય છે. બીજા લોકો પણ હળવા મુક્ત મિજાજમાં હોય ત્યારે આ જાતના ભાષાપ્રયોગો કરે છે. સ્લેન્ગ અને ધંધાકીય જારગનોનો હેતુ સામૂહિક એકતાની ભાવના વિકસાવવાનો અને બહારનાઓને પોતાના જૂથથી દૂર રાખવાનો હોય છે.

: ૪ : આ ઉપરાંત આપણે પ્રસંગભેદે પણ કંઈક જુદી જાતનું ભાષાસ્વરૂપ પ્રયોજતા હોઈએ છીએ. અધ્યાપક વર્ગમાં વ્યાખ્યાન આપે, સમાન કક્ષાની વ્યક્તિઓ સાથે ચર્ચાવિચારણા કરે અને ઘરમાં પત્ની તથા બાળકોની સાથે ઘરગથ્થુ વાતચીત કરે – આ બધા પ્રસંગે એનાં ભાષાસ્વરૂપ અને શૈલી થોડાં જુદાંજુદાં રહેવાનાં. ઘરમાં એ તળપદી રીતે બોલશે, પરંતુ શિષ્ટ વ્યવહારમાં એ ભાષાનું શિષ્ટ સ્વરૂપ વાપરશે.

: ૫ : આ બધા ભાષાના શૈલીભેદો છે એમ પણ કહેવાય. દરેક ભાષામાં જોવા મળતો એક લાક્ષણિક શૈલીભેદ તે નિષિદ્ધ પ્રયોગ (taboo)નો છે. સામાજિક સ્તરે આપણે અમુક શબ્દપ્રયોગને નિષિદ્ધ ગણીએ છીએ અને એમને સ્થાને બીજી જાતની ઉક્તિઓ પ્રયોજીએ છીએ. આ નિષેધનાં કારણો જુદાંજુદાં હોઈ શકે. નિષિદ્ધ શબ્દપ્રયોગોમાં પાપ કે અમંગળતાના સંસ્કારો હોય, તે ગ્રામ્યતા કે અસંસ્કારિતા કે પછાતપણાના સૂચક ગણાતા હોય, તેના વડે અશિષ્ટ કે ગુહ્ય ગણાતાં અંગો અને ક્રિયાઓનું કે આઘાતજનક ઘટનાઓનું સીધું ઉઘાડું કથન થઈ જતું હોવાનો ખ્યાલ હોય. અમંગળતાના કે ગ્રામ્યતાના સંસ્કારોને ટાળવા માટે, તથા અશિષ્ટતા અને આઘાતજનકતાને ઢાંકીને વાતને રજૂ કરવા માટે આપણે એને બદલે બીજા શબ્દપ્રયોગો કરીએ છીએ. દાખલા તરીકે, વેપારીઓ ચોપડામાં 'બારશ'ને બદલે 'સાડા અગિયારશ'ની મિતિ નાખશે ('બારમું' અને 'ભૂખડીબારશ'નાં અર્થસાહચર્યો જુઓ); સહેજ સુધરેલો માણસ 'બાપા'ને બદલે 'ફાધર' બોલશે; સગર્ભાવસ્થા માટે 'દિવસ રહેવા' 'ન્હાયાં નથી' અને પેશાબખાના માટે 'ટૉઇલેટ' એવા શબ્દપ્રયોગો થશે; મૃત્યુનું સૂચન 'આંખમાથું દુઃખવું' કે 'દેવલોક પામવું' એવા પ્રયોગ દ્વારા કરવામાં આવશે. એ નોંધપાત્ર છે કે કાળક્રમે નવાનવા પ્રયોગો પણ 'ઉઘાડા' લાગવા માંડતાં નિષિદ્ધ બનતા જાય છે; એનું સ્થાન બીજા પ્રયોગો લેતા જાય છે.

[૫] ભાષાવર્ગીકરણની પદ્ધતિઓ

: ૧ : જગતની ભાષાઓનાં સ્વરૂપોમાં ઘણુંબધું વૈવિધ્ય જોવા મળે છે. આમ છતાં, તેમની

વચ્ચે અમુક જાતના સંબંધો અને અમુક પ્રકારની સમાનતાઓ પણ જોઈ શકાય છે અને એ દૃષ્ટિએ એમને જુદાજુદા વર્ગોમાં વહેંચી શકાય છે. ભાષાઓના વર્ગીકરણની મુખ્ય બે પદ્ધતિઓ જાણીતી છે.

એક પદ્ધતિ તે ભાષાઓને જન્યજનકસંબંધ (એટલેકે કુળક્રમ) કે ઐતિહાસિક સંબંધ અનુસાર ગોઠવવામાં આવે તે. ભાષા પરિવર્તનશીલ છે તેથી સમયેસમયે ભાષારૂપો બદલાતાં રહે છે. એક ભાષારૂપનું સ્થાન બીજું ભાષારૂપ લે છે. એને આપણે એક ભાષામાંથી બીજી ભાષા ઊતરી આવી એમ પણ કહીએ છીએ. જેમકે સંસ્કૃત, પછી પ્રાકૃતો, પછી અપભ્રંશ, પછી અર્વાચીન ભારતીય ભાષાઓ આવેલી છે એટલે એમની વચ્ચે સમયનો, વંશપરંપરાનો સંબંધ છે એમ કહી શકાય અને એને એક કુળમાં મૂકી શકાય. કાળક્રમે એક મૂળ ભાષાસ્વરૂપના અનેક ફાંટા પડતા હોય છે એટલે ભાષાઓનાં કુટુંબવૃક્ષો પણ આલેખી શકાય છે. આ જાતના વર્ગીકરણને ઉદ્‌ભવમૂલક (genetic), ઐતિહાસિક (historical) કે આનુવંશિક કે પારિવારિક (genealogical) વર્ગીકરણ કહેવામાં આવે છે.

: ૨ : ભાષાઓના વર્ગીકરણની બીજી પદ્ધતિ તે ભાષાઓને એમની પ્રકૃતિગત, આકૃતિગત કે સ્વરૂપગત સમાનતાઓને ધ્યાનમાં રાખી ભિન્નભિન્ન વર્ગોમાં ગોઠવવી તે. પરંતુ આપણે જોઈએ છીએ તેમ ભાષાની પ્રકૃતિ કે આકૃતિનાં અનેક પાસાંઓ છે – ધ્વનિતંત્ર, રૂપતંત્ર, વાક્યતંત્ર ઇત્યાદિ. અમુક ભાષાઓ આમાંના કોઈ એક પાસામાં સમાનતા ધરાવતી હોય, બીજામાં ન ધરાવતી હોય. એટલે અહીં વર્ગીકરણનાં એકથી વધુ ધોરણો આપણે સ્વીકારવાનાં રહે. અત્યાર સુધી મુખ્યત્વે રૂપતંત્રની દૃષ્ટિએ ભાષાઓનો તુલનાત્મક અભ્યાસ કરવાનું કામ થયું છે અને વિશેષ પ્રમાણમાં થયું છે. તેથી રૂપતંત્રની દૃષ્ટિએ જ કરવામાં આવેલાં વર્ગીકરણો આપણને પ્રાપ્ત થાય છે. આ જાતના વર્ગીકરણને પ્રકૃતિમૂલક, આકૃતિમૂલક કે સ્વરૂપલક્ષી (typological) અથવા રૂપતંત્રીય (morphological) વર્ગીકરણ કહેવામાં આવે છે.

એ નોંધપાત્ર છે કે કુળક્રમની દૃષ્ટિએ એક વર્ગમાં હોય એ ભાષાઓમાં સ્વરૂપગત સમાનતા હોવી જ જોઈએ એવું નથી, તેમજ સ્વરૂપગત સમાનતા ધરાવતી ભાષાઓ નિકટનો કુળસંબંધ ધરાવતી હોવી જોઈએ એવું પણ નથી.

: ૩ : વર્ગીકરણની એક ત્રીજી પદ્ધતિનો પણ ઉલ્લેખ કરી શકાય. હમણાં જ આપણે જોઈ ગયા તેમ ભાષાઓ-બોલીઓ પ્રદેશની દૃષ્ટિએ સંકળાયેલી હોય. એવી ભાષા-બોલીઓનો એક વર્ગ કરી શકાય. આ જાતના વર્ગીકરણને ક્ષેત્રીય (areal) વર્ગીકરણ કહેવામાં આવે છે.

[૬] ભાષાઓનું બંધારણવૈવિધ્ય

: ૧ : આપણે આગળ જોઈ ગયા છીએ કે બાહ્ય જગતના અંશોને રજૂ કરતા શબ્દો ગમે તેમ ખડકી દેવા માત્રથી ભાષાની ઉક્તિ બનતી નથી, એમના પરસ્પર સંબંધને પણ આપણે કોઈ ને કોઈ રીતે વ્યક્ત કરવાનો રહે છે. ગુજરાતીમાં 'શિક્ષક વિદ્યાર્થી પુસ્તક આપ' એમ શબ્દો મૂકી દેવાથી નહીં ચાલે પરંતુ શબ્દો સાથે કર્તા, કર્મ ઇત્યાદિ સંબંધ દર્શાવનારાં તત્ત્વો જોડીને અન્વિત અખંડ અર્થ નિપજાવવો પડશે : 'શિક્ષકે વિદ્યાર્થીને પુસ્તક આપ્યું' કે 'શિક્ષકને વિદ્યાર્થીએ પુસ્તક આપ્યું.'

સંબંધો વ્યક્ત કરવાનું આ તંત્ર – જેને આપણે 'બંધારણ' કહીએ તે – ભાષાઓમાં વિવિધ પ્રકારનું જોવા મળે છે. એક બાજુથી ચીની, અંગ્રેજી, ફ્રેન્ચ જેવી ભાષાઓ આપણને મળે છે જેમાં સંબંધાર્થો વ્યક્ત કરનારાં તત્ત્વો કાં તો હોતાં નથી અથવા હોય છે તો શબ્દો સાથે બહુ ઓછે ઠેકાણે જોડાય છે, એટલેકે એમાં શબ્દો મોટે ભાગે મુક્ત રૂપઘટકો તરીકે આવે છે અને સંબંધાર્થો વાક્યકક્ષાએ વ્યક્ત થાય છે. દાખલા તરીકે, 'I shall go to the temple of Shiva in the morning on foot' એ અંગ્રેજી વાક્યમાં સંબંધ દર્શાવનારા 'to' 'of' 'in' 'on' તથા ભવિષ્યકાળ દર્શાવનાર 'shall' બધા મુક્ત ઘટક તરીકે આવેલાં છે અને તેથી એ સંબંધો વાક્યકક્ષાએ વ્યક્ત થયા છે એમ કહેવાય. 'John hit Burns' જેવા વાક્યમાં તો કર્તાકર્મનો સંબંધ વાક્યમાં શબ્દોનું જે સ્થાન છે તેના પરથી જ સૂચિત થાય છે, અને અર્થ બદલાવ્યા વિના શબ્દક્રમ ફેરવી શકાતો નથી.

બીજી બાજુથી, સંસ્કૃત, લૅટિન, ગ્રીક જેવી ભાષાઓ એવી છે કે જેમાં સંબંધાર્થો શબ્દને લાગતા પ્રત્યયો દ્વારા વ્યક્ત થાય છે, એટલેકે સંબંધતત્ત્વો વાક્યને આધારે નહીં, શબ્દને આધારે રહેલાં હોય છે અને તેથી એમાં શબ્દ મહત્ત્વનો બની રહે છે, વાક્ય ગૌણ. અહીં શબ્દમાં એક કરતાં વધુ રૂપઘટકો અને એક કરતાં વધુ અર્થતત્ત્વો ભેગાં થયેલાં જોવા મળે છે. દાખલા તરીકે, 'अहं शैवमंदिरं गमिष्यामि' એ વાક્ય જુઓ. એમાં સંબંધો અને કાળ પણ પ્રત્યય તથા રૂપાખ્યાન દ્વારા વ્યક્ત થાય છે. 'गमिष्यामि' એ રૂપ જવાની ક્રિયા, ભવિષ્યકાળ, જવાની ક્રિયા કરનાર પહેલો પુરુષ (એટલેકે બોલનાર) છે – એ બધું દર્શાવે છે. એથી જ અહીં શબ્દોના ક્રમમાં સંપૂર્ણ હેરફેર થઈ શકે છે. 'હું સવારે પગે ચાલીને શૈવમંદિરે જઈશ' એ ગુજરાતી વાક્યમાં પણ સંબંધાર્થો શબ્દને લાગેલા પ્રત્યયોથી વ્યક્ત થયેલા છે અને એમાં પણ અમુક અંશે મુક્ત હેરફેરને અવકાશ રહે છે.

અંગ્રેજી, ફ્રેન્ચ જેવી ભાષાઓ જેમાં શબ્દો બહુધા મુક્ત રૂપઘટકો તરીકે આવે છે તેમને 'analytic' ભાષાઓ તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતીમાં એમને આપણે

'અશ્લિષ્ટ' ભાષાઓ કહી શકીએ. (ગુજરાતીમાં 'analytic' માટે વિશ્લિષ્ટ, વિશ્લેષણાત્મક, વ્યસ્ત એવી સંજ્ઞાઓ પણ પ્રયોજાય છે.) સંસ્કૃત, લૅટિન જેવી ભાષાઓના શબ્દોમાં પ્રકૃતિપ્રત્યયનો યોગ થયો હોય છે તેમને 'synthetic' કે 'inflecting' તરીકે ઓળખાવવામાં આવે છે. ગુજરાતીમાં આપણે એમને 'શ્લિષ્ટ' કે 'પ્રત્યયાત્મક' કહી શકીએ. ('synthetic' માટે ગુજરાતીમાં સંશ્લેષણાત્મક, સમસ્ત એ સંજ્ઞાઓ પણ પ્રયોજાય છે.)

: ૨ : આ વર્ગીકરણને હજુ બન્ને બાજુ આગળ લઈ જઈ શકાય. એક તરફ આપણને ચીની જેવી ભાષા મળે છે, જેમાં દરેક શબ્દ મુક્ત ઘટક છે, એટલું જ નહીં પણ ધાતુરૂપ છે અને માત્ર સંબંધાર્થો જ નહીં પણ સંજ્ઞા, વિશેષણ, ક્રિયાપદ જેવા વ્યાકરણી વિભાગો સુધ્ધાં શબ્દકક્ષાએ નહીં પણ વાક્યકક્ષાએ વ્યક્ત થાય છે, કહો કે કેવળ પદક્રમ દ્વારા વ્યક્ત થાય છે. દાખલા તરીકે, 'ઙો (ઙ્+ઓ) ત નિ' એટલે 'હું મારું છું તમને' પણ 'નિ ત ઙો' એટલે 'તમે મારો છો મને'. અહીં કર્તાકર્મસંબંધ કેવળ સ્થાનથી નક્કી થયો છે. ચીની ભાષામાં 'તા' એક મૂલપ્રકૃતિ શબ્દ છે, એ અનેક રીતે આવી શકે – સંજ્ઞા તરીકે (એટલેકે 'મોટાઈ' કે 'મહત્તા'ના અર્થમાં), વિશેષણ તરીકે (એટલેકે 'મોટું'ના અર્થમાં), ક્રિયાપદ તરીકે (એટલેકે 'મોટા હોવું'ના અર્થમાં) વગેરે. વાક્યમાં એ ક્યાં આવેલ છે એના પર એના અર્થનો આધાર છે. આ રીતે 'તા લેન' એટલે 'મોટો માણસ' પણ 'લેન તા' એટલે 'માણસ મોટો છે' એમ થાય. 'કુઓક' પણ એ રીતે સંજ્ઞા, વિશેષણ, ક્રિયાપદ તરીકે આવી શકે. 'કુઓક તા'માં છેલ્લે આવતો 'તા' ક્રિયાપદ તરીકે કામ આપતો હોઈ 'કુઓક' સંજ્ઞા બની જાય, અને અર્થ થાય 'રાજ્ય મોટું છે', પરંતુ, 'કુઓક તા –' એમ 'તા' પછી કોઈ શબ્દ હોય તો તે શબ્દ ક્રિયાપદ તરીકે કામ આપે, એટલે 'તા' સંજ્ઞા બની જાય, 'કુઓક' વિશેષણ બને અને અર્થ થાય 'રાજ્યની કે રાજકીય મહત્તા.' ઍનેમાઇટ અને સિઆમી ભાષાઓ પણ ચીની ભાષાના પ્રકારની છે.

બીજી તરફ, ઍલ્ગૉન્કિન પરિવારની ફૉક્સ ભાષા, નૂતકા ભાષા, એસ્કિમોની ભાષા જેવી ભાષાઓ છે, જેમાં શબ્દને પ્રત્યયો લાગે છે એટલું જ નહીં પણ પ્રચુર માત્રામાં લાગે છે અને માત્ર સંબંધતત્ત્વો જ પ્રત્યય દ્વારા વ્યક્ત થાય છે એવું નહીં પણ ગૌણ રીતે વ્યક્ત કરવાં મુશ્કેલ હોય એવાં અર્થતત્ત્વો પણ પ્રત્યય દ્વારા વ્યક્ત થાય છે; ત્યાં સુધી કે આખું વાક્ય જ એક શબ્દરૂપ બની જાય છે. દાખલા તરીકે, એસ્કિમો ભાષામાં 'અઉલિસર' એટલે 'માછલાં મારવાં', 'પેઅતોર' એટલે 'ઘંડી પડવું', 'પેન્નુસુઅપોક' એટલે 'ઉતાવળ કરવી'. હવે 'તે માછલાં મારવા જવાની ઉતાવળ કર્યા કરે છે' તેને માટેની ઉક્તિ જુઓ : 'અઉલિસરિઅતોરસુઅપોક'. બધા અર્થતત્ત્વવાચક રૂપઘટકો

જોડાઈને એકશબ્દરૂપ વાક્ય બન્યું.

ચીની જેવી ભાષાઓને 'isolating' (અયોગાત્મક) કે 'root language' (ધાતુરૂપ ભાષા) તરીકે ઓળખાવવામાં આવે છે. એમને પ્રત્યયરહિતા કે અન્વયાનુસારિણી પણ કહેવામાં આવે છે. ફ્રેંક્સ જેવી ભાષાઓ 'polysynthetic' (પ્રશ્લિષ્ટ) ભાષાઓ તરીકે ઓળખાય છે.

: ૩ : જે ભાષાઓમાં અર્થતત્ત્વો અને સંબંધતત્ત્વોના વાચક ઘટકો જોડાતા હોય એટલેકે પ્રકૃતિ-પ્રત્યયનો યોગ થતો હોય તેમાં એ યોગ પણ જુદીજુદી કોટિનો હોઈ શકે છે. જેમકે, તુર્કી, બાન્ટુ નૂતકા વગેરે ભાષાઓમાં પ્રકૃતિપ્રત્યયનો યોગ શિથિલ પ્રકારનો હોય છે; એટલેકે પ્રત્યયો શબ્દને જાણે ચોંટાડેલા હોય એવી સ્થિતિમાં રહે છે, બન્નેને સરળતાથી જુદા પાડી શકાય છે અને ઓળખી શકાય છે. તુર્કી ભાષામાં 'એવ' એટલે 'ઘર' થાય છે, 'લેર' બહુત્વવાચક છે, 'ઇમ' સ્વત્વવાચક છે, 'ઇન' ષષ્ઠીનો સંબંધ દર્શાવે છે. આ બધા કેમ જોડાય છે તે જુઓ : 'એવ-લેર-ઇમ-ઇન' (મારાં ઘરોનું). એ જ રીતે 'સેવ-મેક' (પ્રેમ કરવો) 'સેવ-ઇક-મેક' (પ્રેમ થવો) 'સેવ-ઇલ-મેક' (પ્રેમને પાત્ર થવું) 'સેવ-દિર-મેક' (પ્રેમ કરાવવો) 'સેવ-ઇશ-મેક' (પરસ્પર પ્રેમ કરવો) – આ બધામાં સાધિત અર્થો પ્રત્યયોથી વ્યક્ત થયા છે અને એ પ્રત્યયો છૂટા પાડી શકાય એવા, ચોંટાડેલા જેવી સ્થિતિમાં છે. ગુજરાતીમાં પણ આવો યોગ ઘણે ઠેકાણે દેખાશે. દા.ત. 'અણસમજુપણું'માં 'અણ-સમજ-ઉ-પણ-ઉં' એટલા રૂપઘટકો ભેગા થયા છે અને એમની સ્થિતિ શિથિલ યોગની છે.

સંસ્કૃત, ગ્રીક, લૅટિન, ફ્રેંક્સ જેવી કેટલીક ભાષાઓમાં પ્રકૃતિપ્રત્યયનો યોગ અશિથિલ જોવા મળે છે. એટલેકે બન્ને સહેલાઈથી છૂટાં ન પાડી શકાય એવી રીતે એકબીજામાં ભળી જાય છે, સ્વરવિકાર પામીને ભળી જાય છે. સંસ્કૃતમાં 'રાજન્' એ સંજ્ઞાનાં 'રાજ્ઞઃ' (રાજાનું) 'રાજ્ઞા' (રાજાથી) વગેરે રૂપો થાય છે તે જુઓ, 'નીતિ' પરથી 'નૈતિક', 'પ્રી' પરથી 'પ્રેય', 'રઘુ' પરથી 'રાઘવ', 'મધુર' પરથી 'માધુર્ય' થાય છે તે જુઓ. આ બધામાં પ્રત્યય લાગતાં અંગમાં સ્વરવિકાર થયો છે અને તેથી અંગ અને પ્રત્યયનો યોગ અત્યંત દૃઢ બની ગયો છે.

અરબી અને હિબ્રૂ જેવી ભાષાઓમાં દેખીતા પ્રત્યયો નથી લાગતા, પરંતુ આંતરિક વિકાસ દ્વારા સંબંધાર્થો અને સાધિત અર્થો વ્યક્ત થાય છે. દાખલા તરીકે, અરબીમાં 'ક્તબ્' એ મૂળ ધાતુ છે. એના પરથી મુખ્યત્વે આંતરિક વિકાર દ્વારા કેટલાંબધા શબ્દો બને છે ! – 'કતબ' (એણે લખ્યું હતું) 'કુતિબ' (લખાતું રહ્યું છે) 'યક્તુબ' (લખાશે) 'અક્તબ' (એણે કોઈની પાસે લખાવ્યું છે) 'ક્તબુન્' (લખવાની ક્રિયા) 'કિતાબુન્' (પુસ્તક) 'કાતિબુન્' (લેખક) 'મક્તબુન્' (શાળા) ઇત્યાદિ. એ જ રીતે 'સ્લ્મ્' પરથી 'સલામ'

'સલીમા' 'સુલેમાન' 'ઇસ્લામ' વગેરે તથા 'અશ્શૂક્' પરથી 'આશિક' 'મઅશુક' 'ઇશ્ક' વગેરે શબ્દો બને છે.

તુર્કી જેવી પ્રત્યયના શિથિલ યોગવાળી ભાષાને 'agglutinating' (યોગાત્મક), સંસ્કૃત જેવી દઢ યોગવાળી ભાષાને 'fusional' (એકરૂપાત્મક કે શ્લિષ્ટ) અને અરબી જેવી આંતરવિકાર દ્વારા શબ્દો સિદ્ધ કરતી ભાષાને 'symbolic' (આંતરવિકારાત્મક) કહેવામાં આવી છે.

ભાષાના બંધારણનું એક પાસું લેતાં જ ભાષાઓમાં આટલી બહુવિધતા દેખાય છે તો વધુ પાસાં લઈએ તો કેટલું વૈવિધ્યસભર અને ગૂંચવણભરેલું બની જાય ?

સંદર્ભ

ભાષાનું માળખું : હૉલ, પૃ.૩૧–૩૫; હૉકિટ, પૃ.૧૩૭–૧૩૮; બાર્બર, પૃ.૧૭–૨૪; લાડો, પૃ.૧૨–૧૬.

ભાષા અને બોલી : પંડિત(૧), પૃ.૨૫૨–૨૫૯; સોશુર, પૃ.૧૯૩–૧૯૬; વ્યાસ યોગેન્દ્ર (૧), પૃ.૧૦–૧૨.

પ્રાદેશિક બોલીઓનું સ્વરૂપ : પંડિત(૧), પૃ.૨૬૦–૨૬૩; સોશુર, પૃ.૨૦૧–૨૦૩; સ્ટર્ટિવન્ટ, પૃ.૩૨–૩૩; વ્યાસ યોગેન્દ્ર(૧), પૃ.૬–૯.

બોલચાલનાં વિવિધ સ્વરૂપો : પંડિત(૨), પૃ.૭૬૧–૭૬૩; વ્યાસ યોગેન્દ્ર(૧), પૃ.૧૨–૧૮; વૉલવર્ક, પૃ.૯૯–૧૧૩.

સ્લૅન્ગ : હૉલ, પૃ.૨૩૫; હૉકિટ, પૃ.૩૧૮; સ્ટર્ટિવન્ટ, પૃ.૧૨૬–૧૨૭; વ્યાસ યોગેન્દ્ર(૧), પૃ.૧૪–૧૬.

ટબૂ : હૉલ, પૃ.૨૩૬; સ્ટર્ટિવન્ટ, પૃ.૧૨૪–૧૨૬.

ભાષાઓનું આકૃતિમૂલક વર્ગીકરણ : ભાયાણી(૪), પૃ.૧૮૦–૨૦૮; સપિર, પૃ.૧૨૦–૧૪૬; વ્યાસ(૨), પૃ.૬૨૬–૬૩૮.

સ્વાધ્યાય

૧. ખાલી જગ્યા પૂરો (કૌંસમાં શબ્દો આપ્યા હોય ત્યાં એમાંના શબ્દો વડે) :

(૧) ભાષા અને બોલી વચ્ચે ___નો નહીં, ___નો ભેદ છે. (સ્વરૂપ, કાર્ય, વિસ્તાર, સામાજિક મોભો)

(૨) ભાષાસમાજમાં ___ ભેદે, ___ ભેદે, ___ ભેદે અને ___ ભેદે બોલીભેદો અસ્તિત્વ ધરાવતા હોય છે.

(૩) ભાષાઓના વર્ગીકરણની બે મુખ્ય પદ્ધતિઓ છે : ___ અને ___. (ઐતિહાસિક, આનુવંશિક, પ્રકૃતિમૂલક, રૂપતંત્રીય)

(૪) ભાષાની ઉક્તિમાં વ્યાકરણી સંબંધો એ માટેના ખાસ રૂપઘટકો વડે જ વ્યક્ત થાય એવું નથી, ___ વડે પણ વ્યક્ત થાય.

(૫) પદસંબંધો પદકક્ષાએ વ્યક્ત થાય તે ___ ભાષા; પદસંબંધો વાક્યકક્ષાએ વ્યક્ત થાય

તે _____ ભાષા. (શ્લિષ્ટ, અશ્લિષ્ટ, પ્રત્યયાત્મક)

૨. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો અને ખોટાં હોય તે સુધારીને લખો :
(૧) ભાષામાં બધી જાતના અવાજોનો ઉપયોગ થાય છે.
(૨) દરેક ધ્વનિઘટકને કંઈક ને કંઈક અર્થ હોય છે.
(૩) ભાષામાં અર્થ ધરાવતો એકમ તે રૂપઘટક.
(૪) એક પરિવારની ભાષાઓ હંમેશાં એક સ્વરૂપની હોય છે.
(૫) બોલીઓને નૈસર્ગિક સીમાઓ હોતી નથી.
(૬) બોલી એટલે ભાષાનું વિકૃત સ્વરૂપ.

૩. નીચેની દરેક પરિસ્થિતિ માટે, એ જાતની પરિસ્થિતિ જેમાં જોવા મળતી હોય તેવી કોઈ પણ એક ભાષાનું નામ આપો. એમાંથી એ પરિસ્થિતિ સમજાવતું એક ઉદાહરણ આપો અને એ જાતની ભાષાને કઈ સંજ્ઞાથી ઓળખવામાં આવે છે તે જણાવો :
(૧) સંબંધાર્થ દર્શાવનારાં અલગ તત્ત્વો હોતાં નથી.
(૨) સંબંધાર્થ દર્શાવનારાં તત્ત્વો હોય છે, પણ બહુધા મુક્ત રૂપઘટક તરીકે આવે છે.
(૩) સંબંધાર્થ દર્શાવનારાં તત્ત્વો હોય છે અને શબ્દ સાથે શિથિલતાથી જોડાય છે.
(૪) સંબંધાર્થ દર્શાવનારાં તત્ત્વો હોય છે અને શબ્દ સાથે દૃઢપણે જોડાય છે.
(૫) સંબંધાર્થ આંતરવિકાર દ્વારા વ્યક્ત થાય છે.

૩

[૧] ભાષાની પરિવર્તનશીલતા

: ૧ : ભાષા એક સતત પરિવર્તન પામતો પદાર્થ છે; ત્યાં સુધી કે ભાષા ક્ષણેક્ષણે વ્યક્તિએ-વ્યક્તિએ બદલાતી હોય છે. આમ છતાં, ભાષા બોલનારાઓને તો પોતાની ભાષા વણબદલાયેલી અને કાયમ એકનું એક સ્વરૂપ ધરાવતી લાગે છે. આમ લાગવાનાં ઘણાંબધાં કારણો હોય છે : ભાષા બોલવામાં ફેર પડે છે પણ ભાષાનું લિખિત રૂપ જલદી બદલાતું નથી, વહીવટની અને સાહિત્યની ભાષામાં રૂઢિચુસ્તતા હોય છે, ૧૦-૨૦ વર્ષ પહેલાં આપણે શું બોલતા હતા એ આપણને યાદ નથી હોતું અને બીજાંના ઉચ્ચારણભેદોની તથા નવઘડતરોની પ્રથમપહેલાં આપણે ઉપેક્ષા કરીએ છીએ.

ભાષાનું તંત્ર જ એવું છે કે પરિવર્તન એને માટે સ્વાભાવિક લેખાય. ઊલટાનું વિસ્મય આપણને એ વાતનું થવું જોઈએ કે ભાષા આટલેબધે ધીમેથી કેમ બદલાય છે. આપણે જોઈ ગયા તેમ ઉચ્ચારણભિન્નતાની અપાર શક્યતાઓ છે. ભાષા શીખવી એટલે અમુક અંશે અર્થહીન ભેદો પ્રત્યે બેધ્યાન થવાનું શીખવું. તેથી ભાષામાં આપણી જાણ બહાર પરિવર્તનો ચાલ્યાં જ કરતાં હોય એવું બનવાનું. વળી ભાષાના ઉપયોગમાં શક્તિનો ઓછામાં ઓછો વ્યય કેમ થાય એ તરફ આપણું વલણ હોય છે, એને કારણે પણ અમુક પ્રકારનાં ધ્વનિપરિવર્તનો થાય છે. ધ્વનિઓ ઘસાતાં-બદલાતાં વ્યાકરણના ફેરફારો પણ આવી પડે છે. બીજી પ્રજાઓ અને બોલીઓના સંપર્કથી, અનુકરણથી, ભાષામાં જ સાદૃશ્યના વ્યાપારથી અને ફેશનથી પણ ભાષા બદલાય. અને અંતે ભાષાએ સમાજની જરૂરિયાતો સાથે તાલ મિલાવવાનો હોય છે. બિનભાષાકીય જગત સતત પરિવર્તન પામતું હોવાથી સમાજની જરૂરિયાતો પણ બદલાય છે અને તેથી પણ ભાષાને – ખાસ કરીને શબ્દભંડોળ અને શબ્દાર્થને – બદલાવાની ફરજ પડે છે.

આવી પરિસ્થિતિમાં તો ભાષા કેટલીબધી બદલાવી જોઈએ ? પરંતુ બીજી બાજુથી, ભાષાની અપરિવર્તનશીલતાને પોષક પરિબળો પણ કામ કરે છે – ભાષાસંકેતની યાદચ્છિકતા, સંકેતોની બહુલતા, ભાષાતંત્રની અતિસંકુલતા, નવીનીકરણ પરત્વે સમૂહગત જડતા વગેરે. આથી તો ભાષા જેટલી બદલાવી જોઈએ એટલી બદલાતી નથી અને તેનું સાતત્ય જળવાઈ રહે છે.

: ૨ : ભાષામાં સર્વ કંઈ પરિવર્તનશીલ છે. ભાષાનું કોઈ તત્ત્વ કે કોઈ અંગ એવું નથી

કે જેમાં ફેરફાર ન થાય. ઉચ્ચારણ અને ધ્વનિતંત્ર, રૂપતંત્ર, પદાન્વયની રીતિ અને વાક્યરચના, શબ્દભંડોળ, શબ્દોના સંકેતો એટલેકે અર્થો – આ બધામાં પરિવર્તન આવતું હોય છે. આ ચારે જાતનાં પરિવર્તનોને આપણે દૃષ્ટાંતોથી સમજીએ.

સૌથી પહેલું ધ્વનિપરિવર્તન. ધ્વનિપરિવર્તનમાં બે બાબતોનો સમાવેશ થાય – (૧) શબ્દોના વ્યક્તિગત ધ્વનિઓમાં એટલેકે ઉચ્ચારણમાં ફેરફાર થવો, (૨) ભાષાની ધ્વનિઘટકોની વ્યવસ્થામાં ફેરફાર થવો. ઉચ્ચારણનાં સ્થાનપ્રયત્નો પરનું નિયમન એકસરખું નહીં રહેતું હોવાથી ઉચ્ચારણભેદો તો સહજ છે. એમાંથી જે ઉચ્ચારણભેદો સમાજને સહ્ય બને તે વ્યાપક બને છે. ઉપરાંત, ભાષાસમાજની ઉચ્ચારણની ટેવો પણ બદલાતી હોય છે. પરિણામે 'કર્મ'નું 'કમ્મ' અને પછી 'કામ', 'ચતુષ્ક'નું 'ચઉક્ક' અને પછી 'ચોક', 'લિખ'નું 'લખ' એમ બોલાવા લાગે છે. આ બાબતમાં લક્ષ ખેંચવા જેવો મુદ્દો એ છે કે ધ્વનિપરિવર્તન હંમેશાં નિયમિત હોય છે. એટલેકે કોઈ પણ એક સમયે એક પરિસ્થિતિમાં એકસરખું જ ધ્વનિપરિવર્તન થતું હોય છે. 'કર્મ'નું 'કમ્મ' થાય તો 'ધર્મ'નું 'ધમ્મ' અને 'ચર્મ'નું 'ચમ્મ' થવું જ જોઈએ. 'લિખ'નું 'લખ' થતું હોય તો 'તિલ'નું 'તલ' થવું જોઈએ.

ધ્વનિપરિવર્તન એકસરખું થતું દેખાતું ન હોય ત્યાં એનાં – જ્ઞાત કે અજ્ઞાત – બીજાં કારણો હોવાનાં. એક બાજુથી 'નિપાન'નું 'નવાણ' થયેલું (એટલેકે 'ન'નો 'ણ' થયેલો) અને બીજી બાજુથી 'ઉષ્ણ'નું 'ઊનું' થયેલું (એટલેકે 'ણ'નો 'ન' થયેલો) જોવા મળતું હોય, 'કર્મ'નું 'કામ' તેમજ 'કરમ'થયેલું હોય (અને સાથેસાથે 'કર્મ' પણ વપરાતું હોય) તો એનું કારણ એ હોય કે એ ફેરફારો જુદાજુદા સમયના હોય. અંગ્રેજીમાં નિયમ તરીકે આરંભનો 'f' જળવાઈ રહેતો હોય પણ 'fixen'નું 'vixen' થયું હોય તો એનું કારણ એ હોય કે એ શબ્દ બીજી કોઈ બોલીમાંથી ઉછીનો લીધો હોય જેમાં 'f'નો 'v' થયો હોય. 'પીતમ્'નું 'પીયું' થવાને બદલે 'પીધું' થયું હોય તો એનું કારણ એ હોય કે બોલનારાઓ 'ખાદિતમ્'નું 'ખાધું' થયું તેનાથી પ્રેરાયેલા હોય.

આ રીતે ધ્વનિપરિવર્તન થતાં (અને તે સિવાય પણ) કેટલીક વાર ભાષાના ધ્વનિઘટકોના માળખામાં પણ ફેરફાર થાય છે. અમુક પરિસ્થિતિમાં અપભ્રંશના 'અઇ' અને 'અઉ' ગુજરાતીમાં વિવૃત 'એ' અને 'ઓ' રૂપે વિકસ્યા છે, જે નવા ધ્વનિઘટકો છે. ઉપરાંત 'ઋ' 'ષ' જેવા સંસ્કૃતના કેટલાક ધ્વનિઘટકો પછીથી લુપ્ત થયા છે. બંગાળી અને હિન્દીમાં 'ણ' લુપ્ત થયો છે (જોકે હિંદીમાં સંસ્કૃત તત્સમ શબ્દોમાં 'ણ' પાછો દાખલ પણ થયો છે). આ બધા ભાષાની ધ્વનિઘટકોની વ્યવસ્થાને અસર કરતા ફેરફારો છે.

: ૩ : બીજું વ્યાકરણગત પરિવર્તન. એમાં જાતિ-વચન-વિભક્તિની વ્યવસ્થા, રૂપાખ્યાનો, કાળ-અર્થની વ્યવસ્થા, પદાન્વયની વ્યવસ્થા વગેરેમાં થયેલા ફેરફારોનો સમાવેશ થાય.

દાખલા તરીકે, સંસ્કૃતમાં ત્રણ વચનો હતાં : એકવચન, દ્વિવચન અને બહુવચન, એમાંથી દ્વિવચન નીકળી જઈ ગુજરાતીમાં માત્ર બે વચન જ રહ્યાં છે. સંસ્કૃતમાં ત્રણ લિંગમાંથી હિંદી અને બંગાળીમાં નપુંસકલિંગનો લોપ થયો છે. વિભક્તિસંબંધો દર્શાવનારા સંસ્કૃતના પ્રત્યયોને સ્થાને ગુજરાતીમાં 'થી' 'ને' 'માં' વગેરે નવા જ અનુગો અસ્તિત્વમાં આવી ગયા છે. સહાયકારક ક્રિયાપદ 'હો'ના ઉપયોગથી ગુજરાતીમાં કાળ-અર્થની સંકુલ પરિસ્થિતિ વ્યક્ત કરતાં સંયુક્ત રૂપો પણ અસ્તિત્વમાં આવ્યાં છે, જે સંસ્કૃત કે પ્રાકૃતમાં નહોતાં. સંસ્કૃતમાં વિશેષણો વિશેષ્ય પ્રમાણે પ્રત્યયો લેતાં. ગુજરાતીમાં વિશેષણો સામાન્યતઃ પ્રત્યયો લેતાં નથી, તેથી વિશેષણ વિશેષ્યની પૂર્વે આવે એવો પદક્રમ નિયત થઈ ગયો છે. સંસ્કૃતમાં 'જનૈઃ' પછી કે વાક્યમાં અન્યત્ર 'સકલૈઃ' આવી શકે, ગુજરાતીમાં 'સઘળા માણસોએ' એમ જ કહેવું પડે.

વ્યાકરણગત પરિવર્તનના મૂળમાં ઘણી વાર ધ્વનિપરિવર્તન રહેલું હોય છે. સંસ્કૃતનાં એકવચન, દ્વિવચન અને બહુવચનનાં રૂપોમાં જે ધ્વનિપરિવર્તનો થતાં ગયાં તે નીચે આપવામાં આવ્યાં છે. તે પરથી ખ્યાલ આવશે કે દ્વિવચન કેવી રીતે લુપ્ત થયું અને ગુજરાતીમાં બહુવચનના નવા પ્રત્યય('ઓ')ની કઈ રીતે જરૂર ઊભી થઈ.

	એ.વ.	દ્વિ.વ.	બ.વ.
સંસ્કૃત	દેવઃ (દેવો)	દેવૌ	દેવાઃ
પ્રાકૃત	દેવો	દેવો	દેવા
અપભ્રંશ	દેવુ	–	દેવ
જૂ. ગુજરાતી	દેવ	–	દેવ
ગુજરાતી	દેવ	–	દેવો

: ૪ : ત્રીજું અર્થપરિવર્તન. ભાષામાં શબ્દોના અર્થોમાં ફેરફાર થવો તે. આ ફેરફારની રીતિ અનેક પ્રકારની હોઈ શકે :

કેટલીક વાર અર્થનો સંકોચ થાય; જેમકે 'મૃગ'નો મૂળ અર્થ 'પશુ' હતો ('મૃગયા' એટલે પશુઓનો શિકાર; 'મૃગપતિ' એટલે પશુઓનો સ્વામી, સિંહ) જેને સ્થાને ગુજરાતીમાં એનો અર્થ એક પશુવિશેષ – 'હરણ' થઈ ગયો છે. એ જ રીતે 'કુટુંબી' શબ્દનો મૂળ અર્થ 'કુટુંબ ધરાવનાર (કોઈ પણ વ્યક્તિ)' એવો હતો. એના પરથી આવેલો 'કણબી' શબ્દ એક વર્ગ – ખેડૂત પૂરતો મર્યાદિત થઈ ગયો છે.

આથી ઊલટું, કેટલીક વાર શબ્દનો અર્થ વિસ્તૃત પણ થાય. જેમકે, 'ગવેષણા' એટલે મૂળભૂત રીતે તો 'ગાયની શોધ', પરંતુ પછીથી એ શબ્દ કોઈ પણ વસ્તુની શોધ માટે વપરાવા લાગ્યો ('શોધ' એ અર્થ વેદકાળ જેટલો જૂનો છે પણ 'ગવેષણા'નો વ્યુત્પત્તિગત અર્થ 'ગાયની શોધ' જ થાય).

કેટલીક વાર રૂપકાત્મક રીતે પણ શબ્દનો અર્થ બદલાય. 'પર્વ' શબ્દનો મૂળ અર્થ શેરડી વગેરેમાં વચ્ચેવચ્ચે આવતી 'ગાંઠ' હતો. પછીથી વર્ષ દરમ્યાન ધ્યાન ખેંચે એવી રીતે આવતા 'તહેવારો' માટે એ શબ્દ રૂઢ થયો. 'પક્ષ' → 'પાંખ' (પંખીની) → 'પાંખ' (મકાનની) તથા 'હાથ' → 'હાથો' વગેરેમાં રૂપકાત્મક રીતે અર્થ વિસ્તરેલો દેખાશે.

કેટલીક વાર સ્થળકાળના સંબંધે કે અંગાંગિસંબંધે પણ અર્થ બદલાય. 'પ્રતોલિ' એટલે 'દરવાજો', પણ એના પરથી આવેલા 'પોળ' શબ્દનો અર્થ ગુજરાતીમાં (દરવાજામાંથી જેમાં જવાય તે) 'ગલી' થઈ ગયો છે. (રાજસ્થાનમાં 'પોળ' શબ્દ 'દરવાજા'ના અર્થમાં જ વપરાય છે.) 'લોહિત' એટલે 'રાતું' પરંતુ 'લોહી' એટલે (રાતા રંગનું) શરીરનું એક દ્રવ્ય.

અર્થપરિવર્તનને કારણે એવી પરિસ્થિતિ પણ ઊભી થાય કે હલકો અર્થ ધરાવતો શબ્દ ગૌરવયુક્ત અર્થ ધરાવતો શબ્દ બની જાય અને ગૌરવયુક્ત અર્થવાળો શબ્દ હલકો અર્થ ધરાવતો પણ થઈ જાય. 'કર્પટ' એટલે ફાટેલું વસ્ત્ર, પણ 'કાપડ' શબ્દ ફાટેલા નહીં પણ સારા વસ્ત્ર માટે વપરાય છે. 'મહારાજ' શબ્દની 'મારાજ' એવા વ્યાપક ઉચ્ચારણમાં શી દશા થઈ છે તે તો આપણે જાણીએ છીએ.

: ૫ : છેલ્લે શબ્દભંડોળનું પરિવર્તન. ભાષાનું સૌથી પરિવર્તનશીલ અંગ તે શબ્દભંડોળ છે. શબ્દો બહારના જગતના અંશોના કે અનુભવના સંકેતરૂપ હોય છે અને બહારનું જગત તથા બહારના જગત વિશેનું આપણું દર્શન સતત બદલાતું હોય છે. તેથી શબ્દભંડોળમાં પણ સતત પરિવર્તન થયા કરતું હોય છે. પ્રજાઓ નવાનવા પ્રદેશોમાં જાય, નવી પ્રજાઓના સંપર્કમાં આવે, નવી વસ્તુઓ શોધે કે બનાવે, ત્યારે એને નવા શબ્દોની જરૂર પડે. આજના ઔદ્યોગિક અને વૈજ્ઞાનિક વિકાસના યુગમાં તો અનેક નવી કામગીરીઓ અસ્તિત્વમાં આવી છે, અનેક નવી ટેકનીકો પણ શોધાઈ છે. આ બધાંને વ્યક્ત કરવા શબ્દો તો જોઈએ જ. એ શબ્દો એવા શબ્દ ધરાવતી ભાષામાંથી લેવામાં આવે કે નવા શબ્દો બનાવવામાં આવે. આપણી ગુજરાતી ભાષામાં જૂના સમયમાં ફારસી-અરબી (જરૂર, દરવાજો, રદ) અને આધુનિક સમયમાં અંગ્રેજી શબ્દો (ટેકનીક, સ્ટેશન, મશીન) કેટલાબધા લીધેલા છે ! 'હાથો' 'પાનું' 'આગગાડી' 'ઘોડાગાડી' એમ નવા શબ્દો પણ આપણે બનાવી લીધા છે ને ?

આ સાથે કેટલાક જૂના શબ્દો ભાષામાંથી લુપ્ત પણ થતા હોય છે. અમુક વસ્તુઓનો વપરાશ બંધ થઈ જાય છે, સમાજના અમુક ધંધારોજગાર, વર્ગ-વ્યવસ્થા, રીતરિવાજ બંધ થાય છે એટલે એ અંગેના શબ્દો પણ વપરાશમાંથી જતા રહે છે. આજે વપરાશમાં ન હોય એવા સંખ્યાબંધ શબ્દો આપણને અખાભગત, પ્રેમાનંદ, શામળની

કૃતિઓમાંથી મળી આવે. થોડાક શબ્દો જુઓ : ભાખવું, વાંછવું, બાડુવાં, ભાવઠ, તતખેવ, કોશીસાં, મેગળ, ઉપંગ, નફેરી, સોંધો, જૂજવું, નાંધડાં, આખર (=અક્ષર), માંડલાં, જાજરઉં, અણકરતઉ, નિટોલ વગેરે.

અશુભતા કે ગ્રામ્યતાના ખ્યાલથી પણ અમુક પ્રયોગો રદ થાય છે અને નવા પ્રયોગો અસ્તિત્વમાં આવે છે. 'ઘાઘરો'ને બદલે 'ચણિયો', 'બાયડી'ને બદલે 'પત્ની' કે 'વાઇફ', 'બાપા'ને બદલે 'ફાધર' ચલણી બને છે.

આ કારણે કોઈ પણ સમયનું શબ્દભંડોળ કેટલેક અંશે એ સમયની સાંસ્કૃતિક પરિસ્થિતિ પર પ્રકાશ પાડી શકે છે. શબ્દભંડોળના અભ્યાસનું આ રીતે સાંસ્કૃતિક ઇતિહાસની દૃષ્ટિએ મહત્ત્વ છે. ભારત-યુરોપીય (ઇંડો-યુરોપિઅન) પ્રજા, એનું આદિ નિવાસસ્થાન, એનાં સ્થળાંતરો – વગેરે વિશેનાં વિદ્વાનોનાં અનુમાનો એમની ભાષામાં ક્યા શબ્દો હતા, ક્યારે કયા નવા શબ્દો આવ્યા વગેરેની શોધ પર આધારિત છે.

ભાષા સમગ્ર રીતે કેટલી પરિવર્તનશીલ છે એનો ખ્યાલ હવે આવી ગયો હશે.

[૨] જગતનાં ભાષાકુળો

: ૧ : ભાષાઓનાં બે પ્રકારના વર્ગીકરણની આપણે આગળ વાત કરી ગયા – સ્વરૂપલક્ષી વર્ગીકરણ અને પારિવારિક વર્ગીકરણ. પારિવારિક વર્ગીકરણ એટલે જન્યજનકસંબંધે કે ઐતિહાસિક વિકાસની દૃષ્ટિએ સંકળાયેલી ભાષાઓને એક પરિવાર કે કુળમાં ગોઠવી આપવી તે. સ્વરૂપલક્ષી વર્ગીકરણથી આ તદ્દન અલગ વસ્તુ છે. કોઈ પણ ભાષાકુળની ભાષાઓ કાયમને માટે એક ને એક સ્વરૂપની રહે એમ બનતું નથી. હમણાં જ આપણે જોયું તેમ ભાષાઓ સતત પરિવર્તન પામે છે, વિકસે છે અને એ પરિવર્તન કે વિકાસ સ્વરૂપગત પણ હોય છે. સંસ્કૃત સમસ્ત કે શ્લિષ્ટ ભાષા હતી. પરંતુ એમાંથી ઊતરી આવેલી ગુજરાતી, મરાઠી, હિંદી વગેરે ભાષાઓ અમુક અંશે વ્યસ્ત કે યોગાત્મક બની ગઈ છે. ટૂંકમાં, પારિવારિક સંબંધને સ્વરૂપગત સમાનતાના સંબંધ સાથે ગૂંચવી મારવો નહીં જોઈએ.

: ૨ : અઢારમી સદીમાં સંસ્કૃતનો અભ્યાસ કરતાં સર વિલિઅમ જોન્ઝને સંસ્કૃતની લૅટિન અને ગ્રીક સાથેની કેટલીક ધાતુવિષયક અને વ્યાકરણવિષયક સમાનતાઓ દેખાઈ. એવી કે આ ત્રણે ભાષા કોઈ એક મૂળમાંથી આવી હશે એવી ધારણા બાંધવા તેઓ પ્રેરાયા. પછીથી જર્મેનિક અને કેલ્ટિક ભાષાઓ તેમજ જૂની ઈરાની ભાષા એ જ કુળની હોય એવું લાગ્યું. અઢારમી સદી પછી તો તુલનાત્મક ભાષાવિજ્ઞાનનો ઘણોબધો વિકાસ થયો અને એને પરિણામે ઘણીબધી ભાષાઓ વચ્ચેના કુળસંબંધો પ્રમાણભૂત રીતે શોધાવા લાગ્યા. ઐતિહાસિક ક્રમે પાછળ જતાં નાનાંનાનાં કુળોને મોટાં કુળોમાં સમાવી લેવાનું

શક્ય બન્યું, જેમનો અભ્યાસ થઈ શક્યો એમાંની ઘણીખરી ભાષાઓનાં દશબાર મુખ્ય કુળો પણ તારવી શકાયાં. આ મુખ્ય કુળો વચ્ચેના સંબંધો પણ તપાસાવા લાગ્યા અને એવું લાગ્યું કે આ રીતે કદાચ બધી ભાષાઓના મૂળરૂપ એક આદિમાનવભાષા સુધી પહોંચી જવાશે, પણ એ શક્ય બન્યું નથી. ઘણીબધી ભાષાઓ લુપ્ત થઈ ચૂકી છે. ઘણી ભાષાઓનો હજુ સુધી અભ્યાસ થવો બાકી છે, ઘણે ઠેકાણે વચ્ચેની કડીઓ મળતી નથી. પરિણામે, કેટલીક પ્રાચીન-અર્વાચીન ભાષાઓ – જેમાં જપાની, કૉરિઅન, આફ્રિકાની બુશમન જેવી મહત્ત્વની ભાષાઓનો સમાવેશ થાય છે – અસંબંધિત રહી છે એટલેકે એમને કોઈ પણ ભાષાકુળમાં ગોઠવી શકાઈ નથી; સુદાની, એસ્કિમો, ઑસ્ટ્રેલિઅન આદિ ઘણાં ભાષાજૂથોનો અભ્યાસ થયો નથી અને કોઈ મોટા કુળમાં એમને સાંકળી શકાયાં નથી.

હવે આપણે જગતનાં મુખ્ય ભાષાકુળોનો પરિચય કરીએ (સામે મૂકેલો જગતનો ભાષા-નકશો જુઓ).

: ૩ : સૌથી મોટામાં મોટું અને સૌથી વિશેષ મહત્ત્વ ધરાવતું ભાષાકુળ તે ભારત-યુરોપીય (ઇંડો-યુરોપિઅન) ભાષાકુળ છે. થોડાક ભાગોને બાદ કરતાં સમગ્ર યુરોપમાં, ઉત્તર અને દક્ષિણ અમેરિકાખંડમાં અને દક્ષિણ ભારત સિવાયના સમગ્ર ભારતમાં આ કુળની ભાષાઓ બોલાય છે. એ રીતે આ કુળની ભાષાઓ સૌથી વધુ ભૌગોલિક વિસ્તાર અને સૌથી વધુ ભાષકો (લગભગ બે અબજ) ધરાવે છે. યુરોપની જાણીતી ભાષાઓ (અંગ્રેજી, ફ્રેન્ચ, રુસી, સ્પૅનિશ, ઇટૅલિઅન, ડચ, પૉર્ચુગીઝ, આયરિશ, સ્કૉચ, પોલિશ, સ્વીડિશ વગેરે) તથા ભારતની અર્વાચીન ભાષાઓ (ગુજરાતી, હિન્દી, મરાઠી, બંગાળી, પંજાબી, સિંધી વગેરે) આ કુળની છે. શ્રીલંકા(સિલોન)ની સિંહલી અને જિપ્સીઓની રોમાની ભાષાનો સમાવેશ પણ ભારત-યુરોપીય પરિવારમાં થાય છે.

એ દેખાઈ આવશે કે ભારત-યુરોપીય કુળની ઘણીખરી ભાષાઓ વિકસિત સંસ્કૃત પ્રજાઓની ભાષાઓ છે. એમાંની કેટલીક ભાષાઓ – દાખલા તરીકે, અંગ્રેજી, ફ્રેન્ચ, હિન્દી, રુસી – નું આંતરરાષ્ટ્રીય મહત્ત્વ છે. એ કુળની પ્રાચીન ભાષાઓ – સંસ્કૃત, ગ્રીક અને લૅટિન – સાહિત્યની દૃષ્ટિએ અત્યંત સમૃદ્ધ ભાષાઓ છે. એમાં ઘણા જૂના સમયનું સાહિત્ય પણ ઉપલબ્ધ છે, જેમકે સંસ્કૃતમાં ઋગ્વેદ છેક ઈ.સ.પૂ.૧૨૦૦ના અરસાની રચના છે અને ગ્રીકમાં હોમરનાં કાવ્યો ઈ.સ.પૂ.૮૦૦માં રચાયેલાં છે.

આ રીતે ભારત-યુરોપીય ભાષાકુળ સાંસ્કૃતિક દૃષ્ટિએ મહત્ત્વનું છે, એટલું જ નહીં પરંતુ એમાં ભાષાઅધ્યયનની સામગ્રી પણ વિશેષપણે ઉપલબ્ધ છે. તુલનાત્મક પદ્ધતિનો વિનિયોગ આ કુળના અભ્યાસમાં જ ઘણોબધો વહેલો કરવામાં આવ્યો હતો અને ઘણુંબધું તુલનાત્મક અધ્યયન આ કુળ પરત્વે જ કરવામાં આવ્યું છે. પરિણામે

આ કુળનાં ઘણાં લક્ષણો જાણીતાં થઈ ચૂક્યાં છે અને આ કુળની મૂળ ભાષા આદિમ ભારત-યુરોપીય કેવી હશે તેની કલ્પના પણ વિદ્વાનો કરી શક્યા છે. આ કુળને દશ જુદીજુદી શાખાઓમાં વહેંચવામાં આવે છે – હિટાઇટ, ભારત-ઈરાની, ગ્રીક, ઇટૅલિક (અથવા લૅટિન અથવા રોમૅન્સ), જર્મૅનિક, કેલ્ટિક, આર્મીનિઅન, બાલ્ટોસ્લાવૉનિક, ઍલ્બેનિઅન અને તોખારિઅન. પણ આ વિશે થોડી વિગતે વાત આપણે પછીથી કરીશું.

: ૪ : મુખ્યત્વે યુરોપમાં અને અમુક અંશે એશિઆમાં વિસ્તરેલું બીજું ભાષાકુળ યુરાલીય (અથવા ફ્રિનો-યૂગ્રિઅન) ભાષાકુળ છે. એમાં યુરોપની ત્રણ અગત્યની ભાષાઓનો સમાવેશ થાય છે : રશિઆના ઉત્તરપૂર્વ ભાગમાં આવેલા ફ્રિનલંડની ફ્રિનિશ ભાષા, એની નીચે બાલ્ટિક સમુદ્રને કાંઠે આવેલા જૂના સોવિઅટ સંઘના રાજ્ય એસ્થોનિઆની એસ્થોનિઅન ભાષા તથા મધ્ય યુરોપમાં હંગરીની હંગેરિઅન (કે મગ્યાર) ભાષા. યુરાલીય ભાષાકુળમાં આ ઉપરાંત નૉર્વે, સ્વીડન અને ફ્રિનલંડના ઉત્તરીય ભાગોમાં બોલાતી લૅપિશ ભાષા, બાલ્ટિક સમુદ્રની આજુબાજુ અને યુરોપીય તેમજ એશિઆઈ રશિઆના કેટલાક ભાગોમાં બોલાતી કેટલીક ભાષાઓનો પણ સમાવેશ થાય છે. આ ભાષાકુળનું મૂળ કેન્દ્ર યુરલ પર્વતની આજુબાજુના પ્રદેશમાં હોવાનું મનાય છે તેથી એ યુરાલીય ભાષાકુળ તરીકે ઓળખાય છે.

: ૫ : આલ્તાઈ (અથવા તુર્કી અથવા તુર્કો-તર્તાર) ભાષાકુળ મુખ્યત્વે એશિઆમાં વિસ્તરેલું છે. મધ્ય એશિઆમાં આલ્તાઈ પર્વતની આજુબાજુનો પ્રદેશ એનું મૂળ કેન્દ્ર હોવાથી આ નામથી એ ભાષાકુળ ઓળખાય છે. છેક તુર્કિસ્તાનથી આલ્તાઈ પર્વત સુધીના અને એની પૂર્વના પ્રદેશમાં પણ આ કુળની ભાષાઓ બોલાય છે. તુર્કિસ્તાનની તુર્કી, સોવિઅટ સંઘનાં મધ્યએશિઆઈ રાજ્યોની તુર્કમન, આજારબેજાની, ઉઝબેક, કઝાક અને કિરગિઝ ભાષાઓ તથા મૉંગોલિઆ અને મૅન્ચુરિઆની મૉંગોલ અને મૅન્ચુ ભાષાઓનો એમાં સમાવેશ થાય છે.

કેટલાક વિદ્વાનો યુરાલીય અને આલ્તાઈ ભાષાકુળો વચ્ચે કંઈક સંબંધ જુએ છે અને યુરલ-આલ્તાઈ ભાષાકુળ એવા નામથી બન્નેને જોડી દે છે.

: ૬ : કેવળ એશિઆમાં પ્રસરેલું એક મહત્ત્વનું ભાષાકુળ તે ચીની-તિબેટી (અથવા ચીની-થાઈ) ભાષાકુળ છે. આ કુળની મહત્ત્વની ભાષા ચીની છે. ખરેખર તો એમાં અનેક ભાષા-બોલીભેદો રહેલા છે, પણ એના બોલનારાઓની સંખ્યા ૪૦ કરોડની ઉપર છે. એણે હિંદી ચીન (ઇંડો-ચાઇના) અને છેક ઇન્ડોનેશિઆ સુધી પગપેસારો કર્યો છે અને છેક ઈ.સ.પૂ.૨૦૦૦ના અભિલેખો એ ભાષામાં મળે છે એ રીતે એનું ઘણું મહત્ત્વ છે. આજના વિશ્વની એક મહાસત્તાની એ ભાષા છે એ રીતે એનું રાજકીય મહત્ત્વ પણ છે.

આ કુળમાં સમાવિષ્ટ થતી બીજી કેટલીક ભાષાઓ છે – તિબેટ અને એની આજુબાજુના પ્રદેશોમાં બોલાતી તિબેટી, ચીનની દક્ષિણે આવેલા હિંદી ચીનને નામે ઓળખાતા ભૂમિભાગમાંના બર્માની બર્મી, થાઇલન્ડ (કે સિઆમ)ની થાઈ (કે સિઆમી) અને લાઓસની લાઓસિઅન. હિમાલયના પર્વતીય પ્રદેશમાંની કેટલીક બોલીઓ પણ આ કુળની છે.

: ૭ : દ્રાવિડી ભાષાકુળ એશિઆમાં – વિશેષપણે ભારતમાં – જોવા મળે છે. દક્ષિણ ભારતમાં અને સિલોન (શ્રીલંકા)ના ઉત્તર ભાગમાં બોલાતી તમિળ, મળયાળમ, તેલુગુ અને કન્નડ આ કુળની મહત્ત્વની ભાષાઓ છે. મધ્ય ભારતના પહાડી પ્રદેશોમાં અને ઓરિસ્સા, બિહાર, બંગાળના કેટલાક જંગલી પ્રદેશોમાં બોલાતી ગોંડી વગેરે બોલીઓ પણ આ ભાષાકુળની છે. આ ભાષાકુળની એક ભાષા બ્રાહૂઈ છેક બલૂચિસ્તાનના પહાડોમાં બોલાતી જોવા મળે છે, જે બતાવે છે કે દ્રવિડો આર્યોના આક્રમણના પહેલાં ઉત્તર ભારત અને એની ઉપરના પ્રદેશમાં પણ વસતા હતા.

: ૮ : મોનખ્મેર (અથવા ઑસ્ટ્રો-એશિઆટિક) ભાષાકુળમાં અગ્નિ એશિઆમાં અત્યંત છૂટીછવાયી પથરાયેલી ઘણીબધી ભાષાઓનો સમાવેશ થાય છે અને સામાન્ય રીતે એ ભાષાઓ બીજાં કુળોની ભાષાઓથી વીંટળાયેલી છે. મોન ભાષા દક્ષિણ બર્મામાં બોલાય છે. ખ્મેર ભાષાજૂથમાં નિકોબાર ટાપુઓની નિકોબારી, હિંદી ચીનમાંના કમ્બોડિઆની કમ્બોડિઅન, વિએતનામની વિએતનામી વગેરેનો સમાવેશ થાય છે. મધ્ય ભારતમાં છોટાનાગપુરના ઉચ્ચ પ્રદેશમાં અને આસામના ખાસી પહાડોમાં વસતી પહાડી જાતિઓની ભાષાઓ – મુંડા અને ખાસી – પણ આ ભાષાકુળની છે.

: ૯ : મલાયો-પૉલિનેશિઅન ભાષાકુળ ભૌગોલિક દૃષ્ટિએ ખૂબ ફેલાયેલું છે – પેસિફિક મહાસાગરના ટાપુઓમાં અને પશ્ચિમમાં છેક માલાગાસી (માડાગાસ્કર) ટાપુ સુધી. સુમાત્રા, મલાયા, બૉર્નિઓના કિનારાના ભાગો તથા અન્ય સ્થળોએ વ્યાપક મલય ભાષા, એના પર આધારિત અને ઇન્ડોનેશિઆની સત્તાવાર ભાષા ઇન્ડોનેશિઅન, જાવા અને બાલીની ભાષાઓ તથા માડાગાસ્કરની માલાગાસી ભાષા આ કુળની છે. તદુપરાંત, પૂર્વમાં ફિલિપાઇન્સ, ફિજી, હવાઈ, ન્યૂઝીલંડ, સૉલમન, ફૉર્મોસા વગેરે ટાપુઓમાં બોલાતી ઘણીબધી ભાષાઓ અને બોલીઓ પણ આ કુળની જ છે.

કેટલાક વિદ્વાનો મોનખ્મેર અને મલાયો-પૉલિનેશિઅન ભાષાકુળોને સંબદ્ધ માને છે અને એમને ઑસ્ટ્રિક ભાષાકુળ તરીકે ઓળખાવે છે.

: ૧૦ : પ્રાચીનતાની અને સાંસ્કૃતિક અભ્યાસની દૃષ્ટિએ ભારત-યુરોપીય ભાષાકુળ પછીનું મહત્ત્વનું સ્થાન ધરાવતું ભાષાકુળ આફ્રો-એશિઅન (અથવા સેમિટિક-હૅમિટિક)

ભાષાકુળ છે. એ કુળના ભાષાપ્રદેશો આફ્રિકા અને એશિઆમાં આવેલા છે. યહૂદી વગેરે પ્રાચીન જાતિઓ માટેના નામ 'સેમાઇટ' પરથી આ કુળની એક મહત્ત્વની શાખા 'સેમિટિક' તરીકે ઓળખાય છે. અત્યારના ઇરાક, સિરિઆ, ઇઝરાએલ અને જૉર્ડન રાજ્યોના પ્રદેશમાં, ભૂમધ્ય સમુદ્રને કિનારે અને યૂફ્રેટીઝ-ટાઇગ્રીસ નદીઓની આજુબાજુ બૅબિલોનિઆ, અસિરિઆ અને ફિનિશિઆનાં પ્રાચીન સંસ્કૃતિધામો વિકસ્યાં હતાં. તેની પ્રાચીન ભાષાઓ બૅબિલોનિઅન (કે અસિરિઅન કે અક્કેડિઅન), ફિનિશિઅન, હિબ્રૂ, અરામી વગેરે સેમિટિક શાખાની ભાષાઓ છે. આ બધી ભાષાઓ ઈ.સ.પૂ.આઠમા સૈકા અને એની પહેલાં વિકસેલી હતી. પ્રાચીન બૅબિલોનિઅન ભાષાનાં કીલાકાર લિપિનાં લખાણો તો અભિલેખો અને માટીની તકતીઓ રૂપે છેક ઈ.સ.પૂ.૨૮૦૦નાં મળે છે. હિબ્રૂ અત્યારે ઇઝરાએલમાં પુનર્જીવિત કરવામાં આવી છે (જે પ્રાચીન હિબ્રૂ કરતાં જુદી પડે છે) અને અરામી જેવી આ ભાષા માત્ર ધાર્મિક વિધિઓમાં થોડીક વપરાય છે એ બાદ કરીએ તો આ ભાષાઓ લુપ્તવત્ ગણાય.

આ ભાષાઓનું સ્થાન આ પ્રદેશોમાં અરબી ભાષાએ લીધું છે, એટલું જ નહીં પણ અરબી આરબ રાજ્યોના વિસ્તાર સાથે અરબસ્તાન(સાઉદી અરેબિઆ)થી માંડી આફ્રિકાના ઇજિપ્ત, ઍલ્જિરિયા અને મોરોક્કો સુધી સત્તાવાર ભાષા તરીકે ફેલાયેલી છે. ઇસ્લામની પવિત્ર ભાષા તરીકે અને સાહિત્યની ભાષા તરીકે પણ એનું મહત્ત્વનું સ્થાન છે. આ અરબી ઉપરાંત આફ્રિકાના ઇથિઓપિઆ(ઍબિસિનિઆ) દેશની ઇથિઓપિઅન (ઍબિસિનિઅન કે હસબી) ભાષા પણ સેમિટિક શાખાની છે.

આ કુળની બીજી શાખાઓ છે – પ્રાચીન ઇજિપ્શિઅન, બર્બર, કુશાઇટ, ચાદ વગેરે. પ્રાચીન ઇજિપ્શિઅનમાં તો છેક ઈ.સ.પૂ.૪૦૦૦ના ચિત્રલિપિમાં લખાયેલા અભિલેખો મળે છે. નાઇલ નદીને કિનારે જે મિસર સંસ્કૃતિ વિકસી હતી તેની આ ભાષા. આજે તો ઇજિપ્તમાં પણ અરબી ભાષાએ સ્થાન મેળવ્યું છે, પણ પ્રાચીન ઇજિપ્શિઅનમાંથી ઊતરી આવેલી કૉપ્ટિક ભાષા ધાર્મિક વિધિઓમાં વપરાય છે.

બર્બર ભાષાઓ ઉત્તર આફ્રિકા અને સહરાના વિસ્તારમાં છૂટીછવાયી વેરાયેલી છે, જોકે ત્યાં પણ ઘણેખરે ઠેકાણે માન્ય ભાષા તો અત્યારે અરબી જ બની ચૂકી છે. આ શાખાની લિબિઅન ભાષામાં છેક ઈ.સ.પૂ.ચોથી સદીના અભિલેખો મળે છે. કુશાઇટ શાખાની ભાષાઓ પૂર્વ આફ્રિકાના શિંગડા જેવા ભાગમાં અને તેની આજુબાજુના પ્રદેશોમાં બોલાય છે. સોમાલિઆની સોમાલી વગેરે ભાષાઓનો એમાં સમાવેશ થાય છે. ચાદ શાખામાં ઉત્તર અને મધ્ય નાઇજિરિઆમાં ચાદ સરોવરની આજુબાજુના પ્રદેશોમાં નાના-નાના ભાષાસમાજો વડે બોલાતી અને ખૂબ ઓછી જાણીતી એવી ઘણી ભાષાઓનો સમાવેશ થાય છે.

ઇજિપ્શિઅન, બર્બર, કુશાઇટ અને ચાદ શાખાઓને 'હેમિટિક' ભાષાકુળની શાખાઓ તરીકે ઓળખવામાં આવી છે (અને સેમિટિકને એની સાથે જોડી દઈને સેમિટિક-હેમિટિક ભાષાકુળ બનાવવામાં આવ્યું છે), પરંતુ આ ચારેય શાખાઓને સેમિટિક સાથે જેટલું મળતાપણું છે એથી વિશેષ મળતાપણું એકબીજાની સાથે નથી. એટલે હવે ભાષાવૈજ્ઞાનિકો આ બધાં ભાષાજૂથોને આફ્રો-એશિઅન ભાષાકુળની શાખાઓ ગણાવે છે.

: ૧૧ : આફ્રિકામાં આ ઉપરાંત ઘણીબધી ભાષાઓ અને ઘણાં ભાષાજૂથો નજરે પડે છે. પરંતુ એમાંની ઘણી ભાષાઓના ભાષકો અલ્પસંખ્ય છે, ઘણી ભાષાઓની સામગ્રીનો અભ્યાસ થયો નથી, તેથી એમની વચ્ચેના સંબંધો પૂરી ચોકસાઈથી સ્થાપિત કરી શકાયા નથી. જે સંબંધો જોડી શકાયા છે તેમાં સૌથી મોટું ભાષાકુળ તે બાન્ટુ ભાષાકુળ છે. આફ્રિકાના દક્ષિણ-પશ્ચિમ છેડાના થોડા ભાગને બાદ કરતાં, ભૂમધ્યરેખા નીચેના સમગ્ર આફ્રિકાખંડમાં, યુરોપિઅનોના આક્રમણ પહેલાં, આ ભાષાકુળ વ્યાપેલું હતું. આફ્રિકાના પશ્ચિમ-મધ્ય ભાગમાં સમગ્ર ગિનીકાંઠે નાઇજર નદીની નીચેના પ્રદેશમાં બોલાતાં કેટલાંક ભાષાજૂથોને બાન્ટુ સાથે સાંકળી લઈને કેટલીક વાર 'નાઇજર-કૉંગો' એવું ભાષાકુળ પણ દર્શાવવામાં આવે છે.

આ ઉપરાંત ટાંઝાનિઆની ઉપરના, ચારી અને નાઇલ નદીના પ્રદેશમાં બોલાતી ભાષાઓને 'ચારી-નાઇલ' ભાષાકુળમાં તથા આફ્રિકાના છેક દક્ષિણ-પશ્ચિમ ભાગમાં બોલાતી બુશમન વગેરે ભાષાઓને 'ખોઇસન' ભાષાકુળમાં ગોઠવવામાં આવે છે.

: ૧૨ : અમેરિકામાં ભારત-યુરોપીય ભાષાઓ – જેવી કે અંગ્રેજી, સ્પૅનિશ, પૉર્ચુગીઝ, ફ્રેન્ચ – શિષ્ટ સમાજની ભાષાઓ તરીકે સ્થાન પામી ચૂકી છે અને ત્યાંની આદિવાસી રેડઇન્ડિઅન પ્રજાઓમાં પણ એમનું જબરું આક્રમણ થઈ રહ્યું છે. પરિણામે આદિવાસીઓની ભાષાઓ ઝડપથી લુપ્ત થઈ રહી છે. છતાં આદિવાસીઓની ભાષાઓનો જે કંઈ અભ્યાસ થઈ શક્યો છે તે પરથી એમાં જેમની વચ્ચેનો સંબંધ બહુ ચોક્કસપણે સ્થાપિત થઈ શકે તેમ નથી તેવાં સંખ્યાબંધ ભાષાજૂથો નજરે પડે છે : મેક્સિકોની ઉત્તરમાં ૨૫થી ૫૦, મેક્સિકો અને મધ્ય અમેરિકામાં ૨૦, દક્ષિણ અમેરિકામાં ૮૦ જેટલાં. ઉત્તર અમેરિકાનાં આઠદશ મોટાં ભાષાકુળો વિશે ઠીકઠીક અભ્યાસ થયો છે. તેમાંથી ત્રણેક મહત્ત્વનાં ભાષાકુળોની નોંધ આપણે અહીં લઈએ.

એક ભાષાકુળ તે એસ્કિમો-અલ્યૂટ ભાષાકુળ છે. ઉત્તર અમેરિકાને પશ્ચિમ છેડે આવેલા અલ્યૂશિઅન ટાપુઓમાં બોલાતી અલ્યૂટ ભાષાનો અને ત્યાંથી (એટલે અલૅસ્કાથી) શરૂ કરી ગ્રીનલંડ, લેબ્રાડોર સુધીના આર્કટિક મહાસાગરના કિનારાઓના પ્રદેશમાં બોલાતી એસ્કિમો ભાષાઓનો સમાવેશ આ કુળમાં થાય છે.

બીજું ભાષાકુળ તે ઍથબૅસ્કન ભાષાકુળ. અલૅસ્કાનો અંદરનો ભાગ અને કૅનેડાનો ઉત્તર-પશ્ચિમ ભાગ આ ભાષાકુળનો મુખ્ય વિસ્તાર છે. કૅલિફૉર્નિઆમાં છૂટીછવાયી બોલાતી કેટલીક ભાષાઓ પણ આ કુળની છે અને મેક્સિકોની ઉત્તર સરહદની બાજુના મોટા વિસ્તારમાં પણ આ કુળની ભાષાઓ બોલાય છે. એમાંથી 'નવહો' ભાષાનો અમેરિકન ઇન્ડિઅનોની બીજી સર્વ ભાષાઓ કરતાં વધુ અભ્યાસ થયો છે.

ત્રીજું ભાષાકુળ તે ઍલ્ગૉન્કિન ભાષાકુળ. પૂર્વમાં લેબ્રાડોરથી કૅરલિના સુધીના ઍટ્લૅન્ટિકના કિનારાના પ્રદેશોમાં, આ બાજુ લેબ્રાડોરથી રૉકી પર્વત સુધીના કૅનેડાના સમગ્ર પૂર્વ અને મધ્ય વિસ્તારમાં અને એની દક્ષિણે મિસિસિપીના ઉત્તરી ભાગમાં (મોટાં સરોવરોના પશ્ચિમ-દક્ષિણ વિસ્તારમાં) આ કુળની ભાષાઓ બોલાય છે. મૅસચ્યૂસિટ્સ, ફૉક્સ વગેરે આ કુળની ભાષાઓ છે.

: ૧૩ : ઑસ્ટ્રેલિઆમાં પણ માન્ય ભાષા તો ભારત-યુરોપીય પરિવારની અંગ્રેજી ભાષા છે, જેણે આદિવાસીઓની ભાષાઓને ખસેડી નાખી છે. ઑસ્ટ્રેલિઆના આદિવાસીઓની ભાષાઓનો બહુ અભ્યાસ થયો નથી પણ એમને ઑસ્ટ્રેલિઅન ભાષાકુળમાં ગોઠવવામાં આવે છે.

: ૧૪ : આપણે નોંધેલાં ભાષાકુળોને ભૌગોલિક ખંડો પ્રમાણે ગોઠવવાં હોય તો આપણે આ રીતે ગોઠવી શકીએ :

(૧) યુરોપ અને એશિઆમાં ફેલાયેલું ભાષાકુળ : ભારત-યુરોપીય ભાષાકુળ.

(૨) મુખ્યત્વે યુરોપમાં ફેલાયેલું ભાષાકુળ : યુરાલીય ભાષાકુળ.

(૩) મુખ્યત્વે એશિઆમાં ફેલાયેલાં ભાષાકુળો : આલ્તાઈ, ચીની-તિબેટી, દ્રાવિડી, મોનખ્મેર (અથવા ઑસ્ટ્રો-એશિઆટિક), મલાયો-પૉલિનેશિઅન ભાષાકુળો.

(૪) આફ્રિકા અને એશિઆમાં ફેલાયેલું ભાષાકુળ : આફ્રો-એશિઅન (અથવા સેમિટિક-હૅમિટિક) ભાષાકુળ.

(૫) આફ્રિકામાં ફેલાયેલાં ભાષાકુળો : બાન્ટુ (કે નાઇજર-કૉંગો), ચારી-નાઇલ, ખોઇસન વગેરે ભાષાકુળો.

(૬) અમેરિકામાં ફેલાયેલાં ભાષાકુળો : એસ્કિમો-અલ્યૂટ, ઍથબૅસ્કન, ઍલ્ગૉન્કિન વગેરે.

(૭) ઑસ્ટ્રેલિઆનું ભાષાકુળ : ઑસ્ટ્રેલિઅન ભાષાકુળ.

[૩] ભારતીય ઉપખંડનાં ભાષાકુળો

: ૧ : ભારતીય ઉપખંડ એટલેકે ભારત અને પાકિસ્તાનના પ્રદેશોમાં જોવા મળતાં મુખ્ય

ભાષાકુળોનો થોડો વિગતે પરિચય મેળવીએ. સૌથી મહત્ત્વનું ભાષાકુળ, અલબત્ત, ભારત-યુરોપીય પરિવારની ભારતીય-આર્ય શાખાનું છે. ભારતમાં આર્યો ઈ.સ.પૂ.૧૫૦૦ લગભગ પ્રવેશ્યા ત્યારથી આ શાખાનો આરંભ થયો કહેવાય. એ સમયમાં રચાયેલા ઋગ્વેદની વૈદિક ભાષા એ ભારતીય-આર્યનો જૂનામાં જૂનો નમૂનો. એ આશ્ચર્યજનક છે કે વૈદિક ભાષા મૌખિક પરંપરાએ આજ સુધી સચવાઈ છે. એમાંથી, જેને આપણે આજે સંસ્કૃત તરીકે પિછાનીએ છીએ તે પ્રશિષ્ટ સંસ્કૃત વિકસી. પછી આવી પાલિ અને શૌરસેની, મહારાષ્ટ્રી, માગધી, પૈશાચી, અર્ધમાગધી વગેરે પ્રાકૃતો. પછી અપભ્રંશ અને પછી આજની ઉત્તર ભારતની ભાષાઓ. આ બધો ભારત-યુરોપીયની ભારતીય-આર્ય શાખાનો જ વંશવિસ્તાર.

અત્યારે ભારતીય-આર્ય કુળની ભાષાઓ બોલનારાઓની સંખ્યા ભારતીય ઉપખંડમાં ૫૪ કરોડ જેવી હશે, એટલેકે ૭૫ ટકા જેટલા લોકો ભારતીય-આર્ય કુળની ભાષા બોલે છે. ભારતીય ઉપખંડમાં બોલાતી ભારતીય-આર્ય કુળની નોંધપાત્ર ભાષાઓ અને બોલીઓની યાદી તેમના બોલીપ્રદેશના નિર્દેશ સાથે નીચે આપવામાં આવી છે (સામે મૂકેલો ભારતનો ભાષા-નકશો પણ જુઓ) :

ભાષા / બોલી	પ્રદેશ
કાશ્મીરી (રાજ્યભાષા)	કાશ્મીર
સિંધી	સિંધ (પાકિસ્તાન)
લહંદા	પશ્ચિમ પંજાબ (પાકિસ્તાન)
પંજાબી (રાજ્યભાષા)	પંજાબ (પૂર્વ)
પશ્ચિમી પહાડી – જોનસરી, ભદ્રવાહી	હિમાચલપ્રદેશ, કાશ્મીર
મધ્ય પહાડી – ગઢવાલી, કુમાઉની	ઉત્તરપ્રદેશ
પૂર્વી પહાડી – નેપાળી (રાજ્યભાષા)	નેપાળ
અસમિયા (રાજ્યભાષા)	આસામ
બંગાળી (રાજ્યભાષા)	બાંગ્લાદેશ, બંગાળ (પૂર્વ)
ઊડિયા (રાજ્યભાષા)	ઓરિસ્સા
બિહારી – મૈથિલી, મગહી, ભોજપુરી	બિહાર
હિંદી (રાજ્યભાષા)	બિહાર, ઉત્તરપ્રદેશ, હરિયાણા, રાજસ્થાન, મધ્યપ્રદેશ, દિલ્હી, હિમાચલપ્રદેશ
હરિયાણવી (બાંગડુ)	હરિયાણા
ખડી બોલી, વ્રજ, કનોજી, અવધી	ઉત્તરપ્રદેશ
રાજસ્થાની – મારવાડી, જયપુરી, મેવાતી	રાજસ્થાન

બુંદેલી, બઘેલી	મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ
છત્તીસગઢી, નિમાડી	મધ્યપ્રદેશ
માળવી	મધ્યપ્રદેશ, રાજસ્થાન
મરાઠી (રાજ્યભાષા)	મહારાષ્ટ્ર
ખાનદેશી, કોંકણી, વરાડી	મહારાષ્ટ્ર
ગુજરાતી (રાજ્યભાષા)	ગુજરાત
કચ્છી[1]	ગુજરાત – કચ્છ
ઉર્દૂ	ઉત્તરપ્રદેશ, બિહાર, કર્ણાટક, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, બાંગ્લાદેશ
ઉર્દૂ (રાજ્યભાષા)	પાકિસ્તાન

: ૨ : ભારતનું બીજું મહત્ત્વનું ભાષાકુળ તે દ્રાવિડી ભાષાકુળ છે. આ ભાષાકુળના ભાષકોની સંખ્યા ૧૫ કરોડ જેટલી છે. દક્ષિણ ભારતનાં ચાર મોટાં રાજ્યોની માન્ય ભાષાઓ દ્રાવિડી કુળની છે – તામિળનાડુની તમિળ, કેરાળાની મળયાળમ, કર્ણાટકની કન્નડ અને આંધ્રપ્રદેશની તેલુગુ. આમાં તમિળમાં પ્રાચીન (છેક પહેલી સદીથી મળતું) અને સમૃદ્ધ સાહિત્ય છે.

આ ઉપરાંત, દક્ષિણના નીલગિરિ પર્વતોમાં રહેતી પહાડી જાતિઓમાં બોલાતી બડગા, કોટા, ટોડા વગેરે બોલીઓ પણ દ્રાવિડી કુળની છે. ભારતના અન્ય કેટલાક છૂટાછવાયા ભાગોમાં પણ પ્રાચીન જાતિઓમાં દ્રાવિડી કુળની બોલીઓ બોલાતી જોવા મળે છે. કેરાળા-કર્ણાટકને પશ્ચિમ કાંઠે તુળુ, અને મધ્ય ભારતના ભોપાલથી માંડીને વર્ધા-નાગપુર, બાલાઘાટ, સંબલપુર સુધીના પહાડી વિસ્તારોમાં તેમજ બંગાળના રાજમહલ જિલ્લાની જંગલી જાતિઓમાં ગોંડી, કુરુખ, કૂઈ, કૂવી વગેરે બોલીઓ બોલાય છે. બલૂચિસ્તાનમાં આ કુળની બ્રાહૂઈ ભાષા અને શ્રીલંકામાં તમિળ બોલાય છે તેનો આપણે આગળ ઉલ્લેખ કરી ગયા છીએ.

આર્યો ભારતમાં આવ્યા ત્યારે અહીં દ્રવિડ પ્રજા સ્થિર થઈ ચૂકેલી હતી. સિંધુ ખીણના હરપ્પા, મોહેં જો દડો વગેરે સ્થાનોમાંથી જે સંસ્કૃતિના નમૂનાઓ મળી આવ્યા છે એ દ્રવિડોની સંસ્કૃતિ હતી એવો એક મત છે. બલૂચિસ્તાનની બ્રાહૂઈ ભાષા એ વાતની સાક્ષી પૂરે છે કે પ્રાચીન કાળમાં દ્રવિડો ભારતના ઉત્તરી ભાગમાં વસતા હતા. આર્યોના હુમલાઓને કારણે એમને દક્ષિણમાં છેક શ્રીલંકા સુધી હઠવું પડ્યું હોય એમ જણાય છે. પણ આર્ય ભાષા ઉપર દ્રવિડ પ્રજાની ભાષાની અસર પડ્યા વિના રહી નથી. દાખલા

---

૧. કચ્છી ગુજરાતીની નહીં પણ સિંધીની બોલી છે.

તરીકે, મૂર્ધન્ય ધ્વનિઓ (અને દંડ, કરંડ, અંડ જેવા શબ્દો) આર્યોની ભાષામાં દ્રાવિડી ભાષાઓના પ્રભાવથી વિકસ્યા હોય એવો સંભવ મનાય છે. દ્રાવિડી કુળની ભાષાઓમાંથી શબ્દોનું ભરણું તો આર્ય ભાષાઓમાં છેક આજ સુધી થતું રહ્યું છે.

: ૩ : ભારતની ભાષાઓમાં જોવા મળતું ત્રીજું કુળ તે મોનખ્મેર અથવા ઑસ્ટ્રો-એશિઆટિક ભાષાકુળ છે. એના બોલનારાઓની સંખ્યા પ્રમાણમાં ઘણી અલ્પ – સાઠ-સિત્તેર લાખ જેવી – છે અને એ ભાષાઓ ઑસ્ટ્રિક શાખાની મુંડા કે કોલ જાતિની ભાષાઓ તરીકે છૂટીછવાયી ટકી રહી છે. ઑસ્ટ્રિક પ્રજા દ્રવિડોની પહેલાં ભારતમાં વસનારી પ્રજા હતી અને દ્રવિડોની સામે ટકી ન શકતાં એ પ્રજાએ પર્વતીય અને જંગલી સ્થાનોમાં આશ્રય શોધ્યો તથા પૂર્વમાં હિંદી ચીન તરફ પણ એ પ્રજા જતી રહી એવું વિદ્વાનોનું માનવું છે.

ભારતમાં અત્યારે ઉત્તરમાં સીમલા, ગઢવાલ, નેપાલ, દાર્જિલિંગના પર્વતીય પ્રદેશોમાં, મેઘાલયના ખાસી પહાડોમાં, છોટાનાગપુરના ઉચ્ચ પ્રદેશમાં, મધ્ય ભારતના પર્વતીય વિસ્તારમાં તથા તામિળનાડુમાં પણ ક્યાંક-ક્યાંક આ કુળની ભાષાઓ બોલનારાઓ મળી આવે છે. આ કુળની મુખ્ય શાખા તે મુંડા ભાષાઓ છે, જેમાં મુંડારી, સાંતાલી, હો, કોર્કુ, સોરાના, સવર, કનાવરી વગેરેનો સમાવેશ થાય છે. સાંતાલી ઓરિસ્સાના સાંતાલ પ્રદેશમાં અને કનાવરી સીમલા બાજુ બોલાય છે. મેઘાલયના ખાસી પહાડોમાં બોલાતી ખાસી અને નિકોબાર ટાપુઓની નિકોબારી પણ મોનખ્મેર કુળનું એક જુદું જૂથ રચે છે.

આ ઑસ્ટ્રો-એશિઆટિક ભાષાઓની અસર પણ આર્યોની ભાષા પર પડી છે. તાંબૂલ, નારિકેલ, હરિદ્રા, અલાબુ, વાર્તિંગણ આદિ ઘણા સંસ્કૃત શબ્દો ઑસ્ટ્રો-એશિઆટિક મૂળના હોવાનું માનવામાં આવે છે. બિહારની મૈથિલી વગેરે બોલીઓ પણ આ ભાષાકુળનો પ્રભાવ બતાવે છે.

: ૪ : ભારતમાં અત્યંત ગૌણ રીતે જોવા મળતું આશરે ૪૦ લાખ ભાષકો ધરાવતું છેલ્લું ભાષાકુળ તે ચીની-તિબેટી ભાષાકુળ છે. ઉત્તર અને ઉત્તરપૂર્વ ભારતની સીમા પર આવેલા એક બાજુ લડાખ અને બીજી બાજુ નેફા વિસ્તારના પહાડી પ્રદેશોમાં બોલાતી કેટલીક અનાર્ય બોલીઓ ચીની-તિબેટી ભાષાકુળની છે. જેમકે લડાખી, શેરપા, મેઘાલયના ગારો પર્વતના પ્રદેશમાં બોલાતી ગારો ભાષા, બોડો ભાષા અને નાગાલૅન્ડની નાગ ભાષાઓ, મિઝોરામની મિઝો, મણિપુરની મણિપુરી, ત્રિપુરાની ત્રિપુરી વગેરે. નેપાળની નેવારી અને મણિપુરીમાં ચૌદમી સદીનું સાહિત્ય મળે છે. મણિપુરીમાં સાહિત્યપરંપરા વિકસેલી છે.

સંદર્ભ

ભાષાની પરિવર્તનશીલતા : હૉલ, પૃ.૨૮૩–૨૮૮; સ્ટર્ટિવન્ટ, પૃ.૬૫–૭૩, ૧૨૩–૧૪૧; બ્લૂમફીલ્ડ, પૃ.૩૪૬–૩૫૪, ૪૨૫–૪૪૩, માર્તિને, પૃ.૧૮૫–૧૯૩; ભાયાણી(૫), પૃ.૨૧–૫૧; પંડિત(૧), પૃ.૧૪૨–૧૫૫; વ્યાસ(૨), પૃ.૧૩૫–૧૫૮, ૫૦૨–૫૧૫.

અર્થપરિવર્તન : સાંડેસરા, પૃ.૨૭–૧૨૫.

જગતનાં ભાષાકુળો : બ્લૂમફીલ્ડ, પૃ.૫૭–૭૩; ગ્લીસન, પૃ.૪૫૭–૪૭૯; હૉકિટ, પૃ.૫૮૭–૫૯૮; પંડિત(૨), પૃ.૭૫૭; ભાયાણી(૩), પૃ.૧૨–૨૦; વ્યાસ(૨), પૃ.૬૨૧–૬૨૬.

ભારતનાં ભાષાકુળો : સક્સેના, પૃ.૩૦૧–૩૧૩, ૩૬૭–૩૭૫; દવે, પૃ.૨૧–૨૪; પંડિત(૨), પૃ.૭૫૬; વ્યાસ યોગેન્દ્ર (૧), પૃ.૫૯–૭૯.

સ્વાધ્યાય

૧. નીચેનાં વિધાનોને વધારે ચોકસાઈથી મૂકી શકાય એમ હોય તો મૂકી આપો :
(૧) ભાષામાં હંમેશાં એકસરખું ધ્વનિપરિવર્તન થતું હોય છે.
(૨) એક પરિવારની ભાષાઓ એક સ્વરૂપની હોતી નથી.

૨. અર્થપરિવર્તન થતાં અર્થનો વિસ્તાર થયો હોય તેવો એક શબ્દ :
..... = ... > ..... .
અર્થપરિવર્તન થતાં અર્થનો સંકોચ થયો હોય તેવો એક શબ્દ :
..... = ... > ..... .

૩. નીચેનામાંથી એક વ્યાકરણપરિવર્તનનું ઉદાહરણ છે. કયું તે જણાવો :
(૧) સં. કૃતમ્‌નું ગુ. 'કર્યું' થયું.
(૨) ગુજરાતીમાં 'કરાયું' એવું કર્મણિ રૂપ વપરાવા લાગ્યું.
(૩) પ્રેમાનંદના સમયમાં વપરાતો 'જૂજવું' શબ્દ આજે વપરાતો નથી.

૪. (ક) નીચેની ભાષાઓ કયા કુળની છે તે દર્શાવો :
ઇટૅલિઅન, બર્મી, કન્નડ, ઇન્ડોનેશિઅન.
(ખ) નીચેનાં ભાષાકુળોની દરેકની બે-બે મહત્ત્વની ભાષાનાં નામ આપો :
યુરાલીય, આલ્તાઈ, આફ્રો-એશિઅન, બાન્ટુ.

૫. નીચે ભાષાઓ કે બોલીઓનાં સ્થાનો અને ભાષાકુળોનાં નામો આપેલાં છે. દરેક ભાષાની સામે એનાં સ્થાન અને ભાષાકુળની ખરી વિગત ગોઠવી આપો :

ભાષા / બોલી	સ્થાન	ભાષાકુળ
ડચ	નેધરલૅંડ	ભારત-યુરોપીય
સિંહલી	મધ્ય ભારત	આલ્તાઈ

કિરગિઝ	શ્રીલંકા	દ્રાવિડી
તમિળ	ઇઝરાએલ	આફ્રો-એશિઅન
હિબ્રૂ	મધ્ય એશિઆ	
ગોંડી		

૬. ભાષાકુળ અને તેના સ્થાનનાં સાચાં જોડકાં ગોઠવી આપો :

ભાષાકુળ	સ્થાન
યુરાલીય	આર્ક્ટિક મહાસાગરના કિનારાના પ્રદેશો
મોનખ્મેર	પેસિફિક મહાસાગરના આજુબાજુના પ્રદેશો
મલાયો-પૉલિનેશિઅન	બાલ્ટિક સમુદ્રની આજુબાજુના પ્રદેશો
સેમિટિક	હિંદી ચીન
એસ્કિમો	યૂફ્રેટીઝ-ટાઇગ્રીસ નદીઓની આજુબાજુનો પ્રદેશ

૪

[૧] ભારત-યુરોપીય અને એની વિવિધ શાખાઓ

: ૧ : આપણી ગુજરાતી ભાષા એ ભારત-યુરોપીય (ઇન્ડો-યુરોપિઅન)ની ભારતીય-આર્ય (ઇન્ડો-આર્યન) શાખાની છે એ વાત આગળ નોંધી ગયા છીએ. એટલે ભારત-યુરોપીય પરિવારની વિવિધ શાખાઓનો પરિચય ગુજરાતી ભાષાના કુળક્રમને સમજવામાં ઉપયોગી થશે.

ભારત-યુરોપીય પરિવારની ભાષાઓની મૂળ જનનીરૂપ આદિમ ભારત-યુરોપીય ભાષામાં લખાયેલો એક પણ શબ્દ મળ્યો નથી. પરંતુ આ કુળની સંસ્કૃત, ગ્રીક જેવી મૂળ સ્વરૂપમાં સચવાયેલી પ્રાચીન ભાષાઓમાં જે ભાષાકીય સમાનતાઓ જોવા મળે છે તેને આધારે આદિમ ભારત-યુરોપીય ભાષાનું પુનર્ઘટન ભાષાવૈજ્ઞાનિકોએ કર્યું છે. એ નોંધપાત્ર છે કે ત્રણ પેઢીની મહેનતને અંતે આ પુનર્ઘટન શક્ય બન્યું છે. વિદ્વાનોએ માત્ર ભાષાનું પુનર્ઘટન જ નથી કર્યું પણ ભાષાને આધારે એ ભાષા બોલનાર પ્રજાનું મૂળ નિવાસસ્થાન ક્યાં હતું, એની સંસ્કૃતિ કેવા પ્રકારની હતી, ક્યારે અને ક્યાંક્યાં એણે સ્થાનાન્તર કર્યું અને એ ભાષાનો વિકાસ કયાકયા તબક્કામાં થયો વગેરે વિશે પણ અનુમાનો કર્યાં છે.

અલબત્ત, આ અનુમાનો વિશે એકમતી પ્રવર્તતી નથી. આદિમ ભાષા બોલનાર આદિમ ભારત-યુરોપીય પ્રજા (જેને કેટલીક વાર 'વિરોસ'[૧] કે આર્ય પ્રજા તરીકે પણ ઓળખાવવામાં આવી છે તે) ક્યાં અને ક્યારે રહેતી હતી તે હજુ સાવ નિર્વિવાદ રીતે સ્થાપિત થઈ શક્યું નથી. ઈશુની ત્રણેક હજાર વર્ષ પૂર્વે આદિમ ભારત-યુરોપીય પ્રજા એશિઆ માઇનરમાં (અત્યારના તુર્કિસ્તાનના કાળા સમુદ્ર, ઇજિઅન સમુદ્ર અને ભૂમધ્ય સમુદ્ર વચ્ચેના ભાગમાં) અથવા કિરગિઝનાં મેદાનોની ઉત્તરમાં (મધ્ય એશિઆથી માંડી યુરલ પર્વતમાળાઓ સુધીના કોઈ ભાગમાં) કે મધ્ય યુરોપમાં (રાઇન નદીથી મધ્ય અને દક્ષિણ રશિઆ સુધીના કોઈ ભાગમાં) રહેતી હશે એવી માન્યતાઓ દર્શાવવામાં આવી છે; જોકે દક્ષિણનાં રશિઆના પ્રદેશોમાં આ પ્રજા વસતી હતી એ માન્યતા અત્યારે વધારે પ્રતિષ્ઠિત છે.

---

૧. સંસ્કૃત વગેરે પ્રાચીન ભાષાઓમાં મળતા એક શબ્દ (જેમકે સં.વીર) પરથી પુનર્ઘટિત ભા-યુ ભાષાનો શબ્દ.

: ૨ : આદિમ ભારત-યુરોપીય પ્રજાએ, ગમે તે કારણે, એના મૂળ પ્રદેશમાંથી સ્થળાંતર કર્યું જણાય છે. જુદાંજુદાં જૂથો જુદેજુદે સમયે બહાર નીકળી જુદીજુદી દિશાઓમાં ગયાં. સૌથી પહેલું જૂથ દક્ષિણ તરફ જઈ એશિઆ માઇનરમાં સ્થિર થયું – ઈ.સ.પૂ.૨૦૦૦ કે તેની પણ પહેલાં. આદિમ ભારત-યુરોપીય પ્રજા લેખનકળા જાણતી નહોતી. અહીં તેને બૅબિલોનિઅન કે સુમેરિઅન પ્રજા પાસેથી લેખનકળા મળી. જે હિટાઇટ લેખો એશિઆ માઇનરમાંથી મળ્યા છે તે કીલાકાર બૅબિલોનિઅન લિપિમાં છે.

એક બીજું જૂથ આ પછી તરત જ (ઈ.સ.પૂ.૨૦૦૦ કે પછી) નીકળી ઈરાન અને ભારત સુધી પહોંચ્યું. આ જૂથ પણ એશિઆ માઇનર અને મેસપટેમિઆ (એશિઆ માઇનરના પર્વતોથી ઈરાનના અખાત સુધીનો યૂફ્રેટીઝ-ટાઇગ્રીસ નદીઓ વચ્ચેનો પ્રદેશ)ના માર્ગે ઈરાન, ભારત તરફ ગયું હોય એમ કેટલાક લોકો માને છે, તો કેટલાક એમ માને છે કે બલ્ખને માર્ગે ભારત તરફ જતા આર્યોનું એક જૂથ મેસપટેમિઆ તરફ વળ્યું હશે. ગમે તેમ આ જૂથની મેસપટેમિઆમાં ઉપસ્થિતિ નકારી શકાય તેમ નથી. આ જૂથના લોકો વિશેષપણે આર્ય પ્રજા તરીકે ઓળખાયા.

ત્રીજું એક જૂથ બાલ્કન પ્રદેશોમાં (એડ્રિઑટિક, ઇજિઅન અને કાળા સમુદ્ર વચ્ચેના દ્વિપકલ્પીય ભાગમાં) થઈ છેક દક્ષિણે ગ્રીસમાં ઈ.સ.પૂ.૧૨૦૦-૧૦૦૦ના ગાળામાં સ્થિર થયું. આ જૂથના લોકો તે હેલીન પ્રજા. ક્રીટમાંથી મળેલી તકતીઓનું એક અર્થઘટન તો આ પ્રજા ગ્રીસની તળભૂમિમાં ઈ.સ.પૂ.૧૪૦૦ લગભગ પહોંચી ગયાનું જણાવે છે અને પુરાતત્ત્વનાં પ્રમાણો અનુસાર પણ આ પ્રજા ઈ.સ.પૂ.૧૯૦૦ લગભગ બાલ્કન પ્રદેશોમાં પહોંચી ગઈ હતી એમ માની શકાય તેમ છે.

બીજી કેટલીક ટોળીઓ પણ મૂળ પ્રદેશમાંથી બહાર નીકળી અને પશ્ચિમના પ્રદેશોમાં વિસ્તરી. એક બાજુ છેક ફ્રાન્સ-ઇંગ્લંડ સુધી પહોંચી (ઈ.સ.પૂ.૫૦૦ આસપાસ), અને બીજી બાજુ સ્પેન-પોર્ચુગલ સુધી પહોંચી (ઈ.સ.ના આરંભમાં). કેલ્ટિક અને લૅટિન શાખાની ભાષાઓ આ રીતે વિસ્તરી. પુરાતત્ત્વની દૃષ્ટિએ તો લૅટિન શાખાની ટોળીઓ ઈ.સ.પૂ.૧૫૦૦ લગભગ ઉત્તર ઇટલીમાં વસી ગઈ હતી.

જર્મન કે સ્લાવ પ્રજાની માહિતી ઈ.સ.ના આરંભ પહેલાં મળતી નથી. બીજી શાખાઓ વિશેનો પણ પ્રાચીન સમયનો ઇતિહાસ મળતો નથી. પણ પછી શાખાઓ પ્રસરતી ગઈ છે, એકબીજીને આવરી લેતી ગઈ છે, કેટલીક લુપ્ત પણ થઈ છે. એટલે ભારત-યુરોપીયના ફેલાવાનો ઇતિહાસ કાળજીથી શોધવો પડે તેવો છે.

એવું પણ જણાય છે કે ભારત-યુરોપીય પ્રજાનું આ સ્થાનાન્તર શરૂ થયું તે પૂર્વે જ તે પ્રજા મોટા પ્રદેશ પર પથરાયેલી હશે અને એમાં બોલીભેદો અસ્તિત્વ ધરાવતા હશે. આદિમ ભારત-યુરોપીય ભાષાનું પુનર્ઘટન સાવ એક સ્વરૂપની ભાષા તરીકે શક્ય

નથી, તેથી આવું અનુમાન થાય છે. એટલે સ્થાનાન્તર કરનાર ટોળીઓ પોતાના બોલીભેદ લઈને નીકળી હોય એ શક્ય છે. પછીથી કેન્દ્રથી છૂટાં પડેલાં અને દૂર ગયેલાં આ જૂથોમાં સ્વાભાવિક રીતે જ નવા બોલીભેદો વિકસ્યા હોય. નવી પરિસ્થિતિઓ અને અન્ય પ્રજાઓના સંસર્ગે પણ એમાં ભાગ ભજવ્યો હોય. આદિમ ભારત-યુરોપીયમાંથી આ રીતે વિકસેલી ભાષાઓને એમના કુળક્રમ અનુસાર દશ જેટલી શાખાઓમાં વહેંચવામાં આવે છે.

: ૩ : ભારત-યુરોપીય પરિવારની સૌથી પ્રાચીન શાખા તે હિટાઇટ શાખા છે. એમાં એશિઆ માઇનર(કે ઍનેતોલિઆ)ની કેટલીક અત્યંત પ્રાચીન ભાષાઓનો સમાવેશ થાય, જે અત્યારે તો લુપ્ત થયેલી છે. ભારત-યુરોપીય પ્રજાનું સૌથી પહેલું છૂટું પડેલું જૂથ એશિઆ માઇનરમાં આવી વસ્યું હતું તેની આ ભાષા. બોગાઝ-કુઈમાંથી ઈ.સ.પૂ. ૧૪૦૦ના કીલાકાર લિપિમાં લખાયેલા અભિલેખો મળ્યા તેનાથી આ હિટાઇટ શાખા પ્રકાશમાં આવી. નોંધવું જોઈએ કે હિટાઇટની પ્રાચીનતાને કારણે કેટલાક વિદ્વાનોએ એને ભારત-યુરોપીયની શાખા નહીં પણ સમકક્ષ એટલેકે ભગિનીભાષા ગણી છે અને એ બન્ને (આદિમ ભારત-યુરોપીય અને હિટાઇટ) કોઈ એક મૂળ ભાષામાંથી ઊતરી આવી હશે એમ માન્યું છે; જોકે આ મત અત્યારે અસ્વીકૃત થયેલો છે. એ નોંધવું જોઈએ કે હિટાઇટનું ઘણુંખરું શબ્દભંડોળ બિનભારતયુરોપીય છે.

બીજી શાખા તે ભારત-ઈરાની (ઇન્ડો-ઈરાનિઅન). આદિમ ભારત-યુરોપીય પ્રજાનું જે બીજું જૂથ મૂળ નિવાસસ્થાનમાંથી બહાર નીકળી ઈરાન અને ભારત સુધી પહોંચ્યું તેમાં વિકસેલી ઈરાની અને ભારતીય ભાષાઓ આ શાખાની ગણાય. આ શાખાનાં પ્રાચીન લખાણોમાં ભા-યુનાં કેટલાંક પ્રાચીન લક્ષણો સચવાયાં હોઈ એનું તુલનાત્મક અભ્યાસ માટે ઘણું મહત્ત્વ છે. આ શાખા વિશે થોડી વિગતે વાત આપણે હવે પછી કરીશું.

ત્રીજી શાખા તોખારિઅન. આ સદીનાં આરંભમાં જર્મન વિદ્વાનોને તુર્ફાન એટલેકે ચીની તુર્કિસ્તાનના પ્રદેશ (અત્યારના સિકિઆંગના કાશગરિઆ વિભાગ)માંથી બૌદ્ધધર્મનાં કેટલાંક લખાણો પ્રાપ્ત થયાં તેનાથી આ શાખાની જાણ થઈ. આ લખાણો ઈ.સ.છઠ્ઠી સદીનાં છે, અને અત્યારે તો આ શાખાની ભાષા બોલાતી નથી. ઈ.સ.પૂ. બીજી સદીમાં મધ્ય એશિઆમાં શક જાતિની એક શાખાનું સામ્રાજ્ય હતું તેની આ ભાષા હોવાનું મનાય છે.

ચોથી ગ્રીક શાખા. યુરોપના દક્ષિણમાં આવેલા ગ્રીસમાં જૂના સમયમાં બોલાતા ઍટિક, ડૉરિક, કૉઈની વગેરે ભાષાભેદો તથા અર્વાચીન ગ્રીક ભાષા અને તેની બોલીઓનો સમાવેશ આ શાખામાં થાય છે. સાઇપ્રસ, તુર્કિસ્તાન અને અમેરિકામાં પણ

ગ્રીક ભાષાના થોડા બોલનારાઓ વસે છે. ગ્રીસની નીચે આવેલા ક્રીટના ટાપુમાંથી આ શાખાની ગણાતી માઇસીનિઅન ભાષાની ખૂબ પ્રાચીન – ઈ.સ.પૂ.૧૪૦૦-૧૨૦૦ની તકતીઓ મળી આવી છે અને ઈ.સ.પૂ.સાતમી સદીમાં (કે એથી પણ પહેલાં) ગ્રીક ભાષામાં હોમર વગેરેનાં મહાકાવ્યો લખાયાં ત્યારથી તો એમાં ઘણું સમૃદ્ધ સાહિત્ય મળે છે.

પાંચમી શાખા ઍલ્બેનિઅન. યુરોપમાં એડ્રિઍટિક સમુદ્રને પૂર્વ કિનારે ગ્રીસના ઉત્તરે આવેલા ઍલ્બેનિઆની ભાષા એક સ્વતંત્ર શાખાનો મોભો ધરાવે છે. એમાં ચૌદમી સદીનો એક ગ્રંથ મળે છે તે બાદ કરતાં સત્તરમી સદી પહેલાંના લિખિત દસ્તાવેજો ખાસ નથી. અત્યારની ભાષામાં તો ઘણાબધા ઉછીના શબ્દો છે, કેમકે ઍલ્બેનિઅન ભાષા પર જુદેજુદે સમયે લૅટિન, ગ્રીક, સ્લાવૉનિક અને તુર્કી ભાષાઓની ઘણીબધી અસર પડેલી છે.

છઠ્ઠી શાખા ઇટૅલિક (કે લૅટિન કે રોમૅન્સ). પ્રાચીન ઇટલીમાં બોલાતી, આજે લુપ્ત થયેલી કેટલીક ભાષાઓની સાથે લૅટિન આ કુળની પ્રાચીન ભાષા છે. ઈ.સ.પૂ.૩૦૦ જેટલા જૂના દસ્તાવેજો લૅટિનમાં મળે છે. લૅટિન અત્યારે રોમન કૅથલિક સંપ્રદાયની ધાર્મિક ભાષા તરીકે જીવંત છે. યુરોપના પૂર્વ-દક્ષિણનાં રાજ્યો પૉર્ચુગલ, સ્પેન, ફ્રાન્સ, બેલ્જિઅમ, સ્વિટ્ઝર્લૅન્ડ, ઇટલી, સાર્ડિનિઆમાં તેમજ મધ્ય યુરોપમાં રૂમેનિઆમાં બોલાતી પૉર્ચુગીઝ, સ્પૅનિશ, ફ્રેન્ચ, ઇટૅલિઅન, સાર્ડિનિઅન, રૂમેનિઅન વગેરે ભાષાઓ તથા એની બોલીઓ ઇટૅલિક શાખાની છે.

સાતમી શાખા તે બાલ્ટો-સ્લાવૉનિક. એની બે પ્રશાખાઓ છે. એક બાલ્ટિક, જેમાં ઈ.સ.૧૭૦૦થી લુપ્ત થઈ ચૂકેલી જૂની પ્રુશિઅન (પ્રુશિઆ તે જર્મનીનો બાલ્ટિક સમુદ્રના કાંઠાનો ઉત્તરી પ્રદેશ) તથા બાલ્ટિક સમુદ્રના પૂર્વ કિનારાનાં જૂના સોવિઅટ રાષ્ટ્રસંઘનાં રાજ્યો લિથુએનિઆ અને લૅટવિઆની લિથુએનિઅન અને લૅટવિઅન ભાષાઓનો સમાવેશ થાય છે. બીજી પ્રશાખા તે સ્લાવૉનિક, જેમાં પ્રાચીન સ્લાવૉનિક, તથા પૂર્વ યુરોપના મધ્ય અને દક્ષિણ ભાગમાંનાં રાજ્યો રશિઆ, (સોવિઅટ રાષ્ટ્રસંઘમાંનું) યુક્રેન, પૉલૅંડ, ચેકોસ્લોવૅકિઆ, યુગોસ્લાવિઆ, બલ્ગેરિઆ, મૅસિડોનિઆની ભાષાઓ રશિઅન, યુક્રેઇનિઅન, પોલિશ, ચેક, સ્લોવની, બલ્ગેરિઅન, મૅસિડોનિઅન વગેરેનો સમાવેશ થાય છે. પ્રાચીન સ્લાવૉનિકમાં દશમી-અગિયારમી સદીનાં ધાર્મિક લખાણો બલ્ગેરિઆમાંથી મળે છે.

આઠમી શાખા જર્મૅનિક. તેમાં પૂર્વ યુરોપની પ્રાચીન ગૉથિક ભાષા તથા અત્યારના આઇસલૅંડ, નૉર્વે, સ્વીડન, ડેન્માર્ક, જર્મની, ઑસ્ટ્રિઆ, નેધરલૅંડ્ઝ, બેલ્જિઅમ, ઇંગ્લૅંડ, આયર્લૅંડ, સ્કૉટલૅંડ વગેરે પ્રદેશોમાં બોલાતી આઇસલૅન્ડિક, નૉર્વેજિઅન, સ્વીડિશ, ડેનિશ,

જર્મન, ડચ, ફ્લેમિશ, ઇંગ્લિશ વગેરે ભાષાઓનો સમાવેશ થાય છે. ગૉથિકમાં ઈ.સ. ચોથી સદીમાં થયેલું બાઇબલનું ભાષાંતર મળે છે.

નવમી શાખા કેલ્ટિક. કેલ્ટિક ભાષાના ઉત્કીર્ણ લેખો ઈ.સ.પૂ.૧૦૦ના મળે છે. પરંતુ ખરેખર તો આ ભાષા ઘણી પ્રાચીન હોવાનો સંભવ છે. એક સમયે યુરોપના મોટા ભાગમાં આયર્લૅંડ ને સ્પેનથી માંડીને જર્મની અને ઇટલી સુધીના પ્રદેશમાં આ શાખા ફેલાયેલી હતી. પરંતુ સમય જતાં એનું સ્થાન ઇટૅલિક અને પછીથી જર્મૅનિક ભાષાઓએ લીધું. ઈ.સ.ના આરંભમાં લુપ્ત થયેલી ગૉલ ભાષાઓ આ શાખાની હતી. અત્યારે આયર્લૅંડની ગેલિક, સ્કૉટલંડની સ્કૉચ, વેલ્સની વેલ્શ, ફ્રાન્સના ઉત્તર કિનારાના પ્રદેશની બ્રેતન વગેરે જૂજ ભાષાઓમાં આ શાખા સચવાયેલી છે. આયર્લૅંડની આયરિશ (ગેલિક)માં આઠમી સદીથી સાહિત્યની સમૃદ્ધ પરંપરા જોવા મળે છે.

દશમી શાખા તે આર્મીનિઅન. એક સમયે એશિયા માઇનર અને દક્ષિણ કૉકેસસના વિસ્તારમાં બોલાતી પ્રાચીન આર્મીનિઅન ભાષાનું સ્થાન તો હવે ધાર્મિક વિધિઓમાં જ રહ્યું છે. અત્યારની આર્મીનિઅન ભાષાની પાંચમી સદી પહેલાંની સામગ્રી મળતી નથી અને એના પર ઈરાની ભાષાની એવી ઘેરી અસર પડેલી છે કે એને ઈરાની બોલી ગણવી એવો પણ એક મત પ્રચલિત છે. અત્યારે આર્મીનિઅન ભાષાના બોલનારાઓ મુખ્યત્વે રશિઆ, ઈરાન અને તુર્કિસ્તાનમાં અને મર્યાદિત સંખ્યામાં લેબનન, અમેરિકા અને યુરોપના કેટલાક ભાગોમાં જોવા મળે છે.

: ૪ : ભારત-યુરોપીયની આ શાખાઓને કેટલીક વાર 'શતમ્' (કે 'સતમ્') અને 'કેન્તુમ્' એવા બે વર્ગોમાં વહેંચી નાખવામાં આવે છે. જે શાખાઓમાં આદિમ ભા-યુના કંઠ્યતાલવ્ય 'ક'નો તાલવ્ય સંઘર્ષી 'શ' થયેલો જોવા મળે છે (દા.ત. 'ક્યમ્તોમ'નું સં.'શતમ્', અવે.'સતમ્') તેમને 'શતમ્' વર્ગની શાખાઓ કહેવામાં આવે છે, જેમકે ભારત-ઈરાની, બાલ્ટો-સ્લાવૉનિક, આર્મીનિઅન અને ઍલ્બેનિઅન. જે શાખાઓમાં એનો શુદ્ધ કંઠ્ય 'ક' થયેલો જોવા મળે છે. (દા.ત., 'ક્યમ્તોમ્'નું લે.'કેન્તુમ્') તેમને 'કેન્તુમ્' વર્ગની શાખાઓ તરીકે ઓળખવામાં આવે છે. જેમકે ગ્રીક, ઇટૅલિક, કેલ્ટિક અને જર્મૅનિક. પહેલાં તો આ વર્ગીકરણને પૂર્વ અને પશ્ચિમની શાખાઓને જુદી પાડનાર વર્ગીકરણ તરીકે જોવામાં આવતું હતું, કેમકે ભારત-ઈરાની વગેરે 'શતમ્' વર્ગની શાખાઓ પૂર્વ તરફની છે, જ્યારે ગ્રીક વગેરે 'કેન્તુમ્' વર્ગની શાખાઓ પશ્ચિમ તરફની છે. પરંતુ તોખારિઅન ભાષાની શોધ પછી આ માન્યતા તૂટી પડી છે, કેમકે એ પૂર્વ તરફની હોવા છતાં 'કેન્તુમ્' વર્ગની છે.

[૨] ભારત-યુરોપીયથી ભારતીય-આર્ય

: ૧ : ભારત-યુરોપીય પ્રજાનું જે જૂથ ભારતમાં આવી વસ્યું તેના ભાષા-વંશમાં આપણી

ગુજરાતી ભાષા આવે. એટલે એનો ઇતિહાસ થોડો વિગતે વિચારીએ.

આ આર્યો અને એમની ભાષા વિશેની નોંધપાત્ર હકીકતો નીચે પ્રમાણે છે :

(૧) આ આર્યોની ભાષાનો જૂનામાં જૂનો નમૂનો આપણને ઋગ્વેદમાં મળે છે. ઋગ્વેદ ઈ.સ.પૂ.૧૨૦૦ના અરસામાં રચાયેલો હોવાનું માની શકાય તેમ છે, તેથી તે પહેલાં આર્યો ભારતમાં આવી વસ્યા હોવા જોઈએ.

(૨) વૈદિક ભાષાનું ઈરાનના પ્રાચીન ધર્મગ્રંથ અવેસ્તાની ભાષા સાથે ગાઢ સામ્ય છે; એટલુંબધું કે થોડાક ધ્વનિઓના ફેરફારમાત્રથી એક ભાષાને બીજી ભાષામાં ફેરવી શકાય છે. વૈદિક અને અવેસ્તન ભાષાના થોડાક શબ્દો જુઓ : અસુર – અહુર; સોમ – હઓમ; મિત્ર – મિથ્ર; અથર્વણ – અથ્રૌર્વણ, હસ્ત – ઝસ્ત. ભારતના આર્યોનો ઈરાનના આર્યો સાથેનો સંબંધ આથી નિર્વિવાદ સ્થાપિત થાય છે.

(૩) વેદના દેવો અવેસ્તામાં દુષ્ટ તત્ત્વો એટલેકે 'દાનવો' રૂપે દેખા દે છે. વૈદિક દેવને મળતો અવેસ્તાનો દએવ શબ્દ જ 'દાનવ'ના અર્થનો છે; જ્યારે વૈદિક અસુરને મળતો અવેસ્તાનો અહુર શબ્દ 'દેવ' એટલેકે પૂજ્યતાના અર્થનો વાચક છે. ભારતના અને ઈરાનના આર્યો વચ્ચેના કોઈક મતભેદનું આથી સૂચન થાય છે.


(૪) આર્યભાષાનાં ચિહ્ન છેક પ્રાચીન સમયમાં એશિઆ માઇનર અને મેસપટેમિઆના પ્રદેશોમાંથી પણ મળે છે. ઈ.સ.પૂ.૧૫૦૦–૧૩૦૦ના ગાળામાં ઉત્તર મેસપટેમિઆમાં હુર્રીઓનું મિતન્ની રાજ્ય હતું. ત્યાંના દસ્તાવેજોમાં (જે માટીની તકતીઓ પર ત્યાંની ભાષામાં લખાયેલા છે) રાજવીઓનાં તથા પ્રતિષ્ઠિત વ્યક્તિઓનાં નામો આર્ય હોવાની પ્રબળ છાપ પાડે છે, એટલું જ નહીં મિતન્ની રાજ્યના પ્રભાવને લીધે છેક સિરિઆ અને પૅલેસ્ટાઇન સુધીનાં રાજકુળોમાં આર્ય અસરવાળાં નામો નજરે પડે છે. હિટાઇટ રાજ્યને મિતન્ની સાથે થયેલા સુલેહકરારમાં પણ જે દેવોને નામે સોગંદ લેવામાં આવ્યા છે તેમાંથી ચાર દેવો તો સ્પષ્ટપણે આર્ય દેવો છે. તદુપરાંત, હિટાઇટ ભાષાના એક અશ્વવિદ્યાના ગ્રંથમાં પણ આર્યભાષાની પારિભાષિક સંજ્ઞાઓ જોવા મળે છે. આ બધું છેક ઈ.સ.પૂ.૧૫૦૦ના ગાળામાં આ વિસ્તારમાં આર્યોની ઉપસ્થિતિ સૂચવે છે.

આ હકીકતો પરથી એવું અનુમાન ઘણી વાર કરવામાં આવે છે કે આર્યો દક્ષિણ રશિઆના પોતાના મૂળ વતનમાંથી નીકળી પહેલપ્રથમ એશિઆ માઇનર અને મેસપટેમિઆના પ્રદેશોમાં આવ્યા હશે. ત્યાં તેમણે રાજ્યો સ્થાપ્યાં હશે, હિટાઇટ સાથે એમને સંઘર્ષ થયો હશે અને પછી ઈરાન તરફ આગળ વધ્યા હશે. ઈરાનમાં વસ્યા પછી આર્યોમાં અસુરપૂજકો અને દેવપૂજકો એવાં બે જૂથ પડ્યાં હોય, બન્ને વચ્ચે સંઘર્ષ થયો હોય અને દેવપૂજકોનું જૂથ ભારત તરફ આગળ વધ્યું હોય.

: ૨ : પરંતુ ઉપરની માન્યતાઓ સ્વીકારવામાં કેટલીક મુશ્કેલીઓ નડે છે. દેવપૂજકો અને અસુરપૂજકોના સંઘર્ષની ધારણાને બીજું કોઈ સમર્થન નથી. વળી, ઋગ્વેદની રચના ઈ.સ.પૂ.૧૨૦૦ના ગાળામાં થયેલી છે, ત્યારે અવેસ્તાની જૂનામાં જૂની ગાથાઓ ઈ.સ.પૂ. ૬૦૦ પહેલાંની જણાતી નથી. એટલે ભારતના આર્યો ઈરાનમાંથી કશાક સંઘર્ષને કારણે બહાર નીકળીને આવ્યા હોય એ બહુ સંભવિત લાગતું નથી. ઊલટું, ઈરાની આર્યો ઈરાનમાં પહોંચ્યા તે પહેલાં ભારતના આર્યો ભારતમાં પહોંચ્યા હોય એવી શક્યતા લાગે છે. એટલેકે આર્યો ભારતમાં અને ઈરાનમાં પહોંચ્યા તે પૂર્વે એક સ્થળે સાથે રહેતા હોય અને કોઈ મતભેદને કારણે જુદા પડી જુદેજુદે સમયે ભારત અને ઈરાન પહોંચ્યા હોય.


બીજી બાજુથી, એશિઆ માઇનર અને મેસપટેમિઆમાં આર્ય ધર્મ, અશ્વવિદ્યા અને નામોનો પ્રભાવ દેખાય છે, છતાં ત્યાંની સ્થાનિક ભાષાઓ અને સંસ્કૃતિનું સ્થાન આર્યભાષા અને સંસ્કૃતિ લઈ શકી નથી. ઉપરાંત, ત્યાંના શબ્દોમાં જે આર્યભાષા સાથે મળતાપણું છે તે વિશેષપણે વૈદિક ભાષા એટલે ભારતીય આર્યોની ભાષા સાથે છે, ભારતીય આર્યો અને ઈરાની આર્યોની ભાષાની પૂર્વભૂમિકારૂપ જે આદિમ ભારત-ઈરાની ભાષાનું પુનર્ઘટન કરવામાં આવે છે તેની સાથે નહીં. જો આર્યો એશિઆ માઇનર અને મેસપટેમિઆ થઈને ઈરાન તરફ આવ્યા હોય તો એશિઆ માઇનર અને મેસપટેમિઆમાં આર્યભાષામાં જે ચિહ્નો મળે છે તેમનું સામ્ય પુનર્ઘટિત આદિમ ભારત-ઈરાની ભાષા સાથે હોવું જોઈએ. વળી, એશિઆ માઇનર અને મેસપટેમિઆનાં આર્યભાષાનાં એ ચિહ્નો આર્યોના ભારત-વસવાટના અને ઋગ્વેદની રચનાના લગભગ સમકાલીન છે. એટલે સંભવ તો એવો જણાય કે જે આર્યો ઈરાની આર્યોથી છૂટા પડી ભારતમાં આવ્યા તેમનો જ કોઈ ફાંટો વચ્ચેથી મેસપટેમિઆ પહોંચ્યો હોય અને એણે ત્યાંના રાજકર્તા વર્ગમાં સ્થાન મેળવ્યું હોય. ભાષાનું જે મર્યાદિત મળતાપણું છે તે આર્યોના કોઈ જૂથના આ જાતના પરદેશી જેવા વસવાટથી જ સમજાવી શકાય.

આ બીજા અનુમાનને અનુસરીને આર્યોના સ્થાનાન્તરનો નકશો આ પ્રમાણે ગોઠવવામાં આવે છે : ઈ.સ.પૂ.૩૦૦૦ના અરસામાં દક્ષિણ રશિઆના પ્રદેશમાં ભારત-યુરોપીય પ્રજા વસતી હતી. તેમાંથી આર્ય જૂથ ઈ.સ.પૂ.૨૬૦૦ના અરસામાં છૂટું પડ્યું અને એરલ સમુદ્ર થઈ ઓક્ઝસ નદીની ખીણને માર્ગે આગળ વધ્યું. બલ્ખના પ્રદેશમાં એ થોડો સમય સ્થિર થયું. અહીં એમનામાં બે જૂથો પડ્યાં. એક જૂથ વહેલું છૂટું પડી સપ્તસિંધુના પ્રદેશની દિશામાં આગળ વધ્યું. આગળ વધતાંવધતાં એમાંથી એક સમૂહ ફંટાઈને ઉત્તરપશ્ચિમ દિશામાં વળ્યો અને કેટલીક પેઢીઓ પછી મેસપટેમિઆ પહોંચ્યો. ત્યાં એણે રાજ્યકર્તા અને ઉમરાવવર્ગમાં સ્થાન મેળવ્યું, ઈ.સ.પૂ.૧૬૫૦ લગભગ. દરમ્યાન બાકીનો સમૂહ સપ્તસિંધુના પ્રદેશમાં પહોંચ્યો, ઈ.સ.પૂ.૧૫૦૦ લગભગ.



બલ્ખમાં રહેલા બાકીના આર્યોએ જરા મોડેથી સ્થાનાન્તર આરંભ્યું અને તેઓ ઈરાન પહોંચ્યા, ઈ.સ.પૂ.૧૦૦૦ આસપાસ.

આ રીતે આદિમ ભારત-યુરોપીય ભાષાના નીચે પ્રમાણે ફાંટા પડ્યા :



: ૩ : ઈરાની પ્રશાખાના પ્રાચીન દસ્તાવેજો પ્રમાણમાં મોડા સમયના મળે છે. અવેસ્તાની અવેસ્તન અને શિલાલેખોની પ્રાચીન ઈરાની (કે ફારસી) એ એના પહેલા નમૂનાઓ. અવેસ્તાની જૂનામાં જૂની ગાથાઓ ઈ.સ.પૂ.૬૦૦ આસપાસ રચાયેલી છે અને શિલાલેખો ઈ.સ.પૂ. છઠ્ઠી કે પાંચમી સદીના છે. ઈ.સ.૩૦૦થી ૯૦૦ના ગાળામાં બોલાતી પહલવી અને બીજી કેટલીક બોલીઓ ઈરાનીની મધ્યકાલીન ભૂમિકાની ભાષાઓ ગણાય. ઈરાની શાખાની વર્તમાન ભાષાઓ આ પ્રમાણે છે : મોટા ભાગના ઈરાનમાં અને ભારતીય મુસ્લિમોમાં વપરાતી અર્વાચીન ફારસી, અફઘાનિસ્તાનમાં અને પાકિસ્તાનના પશ્ચિમોત્તર ભાગમાં બોલાતી પખ્તૂન (અથવા અફઘાન), પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં તથા સિંધના પશ્ચિમ ભાગમાં બોલાતી બલૂચી, પૂર્વ તુર્કી, ઈરાક અને પશ્ચિમ ઈરાનના પહાડોમાં

બોલાતી કુર્દીશ તથા મધ્ય એશિઆ, કૉકેસસ પર્વતનો વિસ્તાર, પામીરના ઉચ્ચ પ્રદેશ અને હિન્દુકુશ પર્વતમાળામાં બોલાતી કેટલીક બોલીઓ. એ નોંધપાત્ર છે કે ઈરાની ભાષાપ્રદેશોમાં ઘણે ઠેકાણે તુર્કી બોલીઓ આવવા લાગી છે અને આવી ગઈ છે.

: ૪ : ઈરાની અને ભારતીય-આર્ય શાખાઓ જુદી પડી તેની વચ્ચેની ભૂમિકાની દરદ નામની ભાષાઓનો ઉલ્લેખ પણ અહીં થઈ શકે. સિન્ધુ ખીણના ઉપરી પ્રદેશમાં બોલાતી કાફિરી વગેરે બોલીઓ તથા કાશ્મીરીને દરદ ભાષાઓ ગણવામાં આવે છે. આ દરદ ભાષાઓને કેટલાક વિદ્વાનોએ ભારતીય આર્યોની પહેલાં ઈરાનમાંથી નીકળેલા અને અલગ થયેલા લોકોની ભાષાઓ માની છે. અને એ રીતે એને ભારત-ઈરાનીની એક ઉપશાખા તથા ઈરાની અને ભારતીય-આર્યની સંક્રમણાવસ્થાની સૂચક ગણી છે; જોકે હવે સામાન્ય રીતે મોટા ભાગની દરદ ભાષાને ભારતીય-આર્ય શાખાની જ માનવામાં આવે છે. એક-બે પર ઈરાની પ્રભાવ હોવાથી એમના વિશે સંદેહ રહે છે.

ભારતીય-આર્ય વિશે આપણે જુદો વિચાર કરીશું.

[૩] ભારતીય-આર્ય : પ્રાચીન ભૂમિકા

: ૧ : ભારતીય આર્યભાષા એટલે ભારતમાં આવી સ્થિર થયેલા આર્યોની ભાષા – ભારતમાં આર્યો આવ્યા ત્યારથી માંડીને આજ સુધીના એના વિકાસ સમેત. સામાન્ય રીતે એને ત્રણ ભૂમિકામાં વહેંચી નાખવામાં આવે છે :

(૧) પ્રાચીન ભારતીય-આર્ય : ઈ.સ.પૂ.૧૫૦૦ કે પછીથી માંડી ઈ.સ.પૂ.૫૦૦ સુધીની ભાષાભૂમિકા, જેમાં વૈદિક, પ્રશિષ્ટ સંસ્કૃત વગેરેનો સમાવેશ થાય.

(૨) મધ્યમ ભારતીય-આર્ય : ઈ.સ.પૂ.૫૦૦થી ઈ.સ.૧૦૦૦ સુધીની ભાષાભૂમિકા, જેમાં પાલિ, પ્રાકૃતો, અપભ્રંશ વગેરેનો સમાવેશ થાય.

(૩) અર્વાચીન ભારતીય-આર્ય : ઈ.સ.૧૦૦૦થી આજ સુધીની ભાષાભૂમિકા, જેમાં ગુજરાતી, મરાઠી, બંગાળી, હિંદી, પંજાબી વગેરે વર્તમાન ભારતીય ભાષાઓનો સમાવેશ થાય.

: ૨ : પ્રાચીન ભારતીય-આર્યનો જૂનામાં જૂનો નમૂનો ઋગ્વેદ છે. એનો રચનાકાળ એટલેકે સંકલનકાળ ઈ.સ.પૂ.૧૨૦૦ આસપાસનો ગણાય છે. પણ એમાંથી કેટલુંક આર્યો ભારતમાં આવ્યા તે પહેલાં રચાયું હોવાનો સંભવ છે, તો કેટલુંક અહીં આવ્યા પછી રચાયું હશે. દશમા જેવાં મંડળોની ભાષા પહેલાં નવ મંડળોની ભાષાથી શબ્દભંડોળ, રૂપાખ્યાનના વૈવિધ્ય આદિ પરત્વે જુદી પડી આવે છે તે પરથી આવું સમજાય છે.

અને આ સ્વાભાવિક છે. કેમકે આર્યો ભારતમાં એકસાથે આવ્યા ન હોય અને જુદેજુદે સમયે જુદીજુદી ટોળીઓમાં આવેલા આર્યોની ભાષા સાવ એકરૂપ ન હોય.

કાળક્રમે પણ ભાષા પરિવર્તન પામી હોય. ઉપરાંત, ભારતમાં આવ્યા પછી આર્યોને અહીં વસતી ઑસ્ટ્રિક, નિગ્રોટુ (કે કાલેય), દસ્યુ (દ્રવિડ) વગેરે જાતિના લોકો સાથે સંપર્ક થયો અને સંઘર્ષો પણ થયા. એમની ભાષાઓએ આર્યોની ભાષા પર પ્રભાવ પાડ્યો હોય. જેમકે, કાલેય જાતિના લોકો (અત્યારે આંદામાનમાં વસતા) પાસેથી આર્યોને 'બાદુડ' (=ચામાચીડિયું) જેવાં કેટલાંક પશુપંખીઓનાં નામો મળ્યાં; ઑસ્ટ્રિકો પાસેથી 'નારિકેલ' 'તાંબૂલ' 'હરિદ્રા' 'કર્પાસ' 'ઉન્દુરુ' 'સર્ષપ' વગેરે શબ્દો મળ્યા અને દ્રવિડો પાસેથી 'ઉલૂખલ' 'કુણ્ડ' 'દણ્ડ' 'પિણ્ડ' 'મયૂર' જેવા શબ્દો મળ્યા. આર્યભાષા આર્યેતર પ્રજાઓએ અપનાવતાં એમની ઉચ્ચારણની ખાસિયતોએ પણ આર્યભાષાના પરિવર્તનમાં ભાગ ભજવ્યો હોય.

પરિણામે, વેદકાળમાં જ ત્રણ જુદાજુદા સ્તરનાં ભાષાસ્વરૂપ પ્રચલિત હોય એવું આપણને જોવા મળે છે :

(૧) ઋગ્વેદમાં સામાન્ય રીતે જોવા મળતું પ્રાચીન ભાષાસ્વરૂપ, જે બ્રાહ્મણો-પુરોહિતો દેવતાનાં સ્તોત્રો કે સૂક્તો તથા અન્ય ધાર્મિક કાવ્યો રચવા માટે વાપરતા તે.

(૨) સૂક્તોની ભાષાથી વધુ વિકસિત, મુકાબલે અર્વાચીન ભાષાસ્વરૂપ, જે બ્રાહ્મણો અને અન્ય ઉચ્ચ વર્ગના લોકો શિષ્ટ વ્યવહાર અને અધ્યયન-અધ્યાપન માટે વાપરતા તે (ઋગ્વેદનાં પાછળનાં મંડળોમાં આ કથ્ય સંસ્કૃતનો પ્રભાવ વરતાય છે).

(૩) વધુ પરિવર્તન પામેલું તળપદું ભાષાસ્વરૂપ, જે સામાન્ય જનતા પોતાના નિત્યના વ્યવહારમાં વાપરતી તે (જેના નમૂના મળતા નથી, પણ પછીથી જેમાંથી પ્રાકૃતો વિકસે છે).

: ૩ : ઉપર વેદકાળમાં પ્રચલિત જે ત્રણ ભાષાસ્વરૂપ બતાવ્યાં તેમાંથી બીજું એટલે કથ્ય સંસ્કૃત સાહિત્યમાં ધીમેધીમે સ્થાન મેળવતું જાય છે અને એનો પ્રભાવ વધતો જાય છે. ત્યાં સુધી કે ઈ.સ.પૂ.૮૦૦ના અરસામાં વૈદિક ભાષાને સ્થાને, જેને આજે આપણે સામાન્યતઃ 'સંસ્કૃત' તરીકે પિછાનીએ છીએ તે પ્રશિષ્ટ સંસ્કૃત આવી જાય છે. આ ભાષાવિકાસ સાહિત્યમાં આ ક્રમે પ્રતિબિંબિત થયેલો દેખાય છે :

ઋગ્વેદ → યજુર્વેદ અને જૂના બ્રાહ્મણગ્રંથો → ઉત્તરકાલીન બ્રાહ્મણો,
ઉપનિષદો, સૂત્રગ્રંથો, ઐતિહાસિક કાવ્યો (રામાયણાદિ).

ઐતિહાસિક કાવ્યો પ્રશિષ્ટ સંસ્કૃતના વિકાસની અવધિ બતાવે છે.

આ રીતે ભારતીય-આર્યની પ્રાચીન ભૂમિકાને બે તબક્કામાં વહેંચી શકાય :

(૧) વૈદિક : ઈ.સ.પૂ.૧૨૦૦થી ઈ.સ.પૂ.૮૦૦

(૨) પ્રશિષ્ટ સંસ્કૃત : ઈ.સ.પૂ.૮૦૦થી ઈ.સ.પૂ.૪૦૦

: ૪ : આ ગાળામાં આર્યોનો વસાહતી પ્રદેશ પણ વિકસ્યો હતો. પંજાબથી ગંગા-યમુનાના દોઆબમાં થઈને પૂર્વમાં છેક બિહાર સુધી તેઓ વિસ્તર્યા. કેન્દ્રથી છૂટા પડેલા અને દૂર ગયેલા આર્યોની ભાષા સ્વાભાવિક રીતે જ વિશેષ ભિન્નતા પ્રગટ કરે. વળી અન્ય ભાષાભાષીઓ સાથેની આપ-લેને કારણે પણ એ પરિવર્તન પામે. બ્રાહ્મણગ્રંથોના સમયમાં (એટલેકે ઈ.સ.પૂ.૧૦૦૦થી ઈ.સ.પૂ.૬૦૦ના ગાળામાં) આર્યોમાં પ્રાદેશિક ભાષાભેદો ધીમેધીમે સ્પષ્ટ થતા ગયા જણાય છે. ત્રણ ભાષાભેદોનો તો બ્રાહ્મણગ્રંથોમાં પણ ઉલ્લેખ મળે છે :

(૧) ઉદીચ્ય (કે ઉત્તરીય કે વાયવીય) ભાષાભેદ : ઉત્તરમાં એટલેકે પંજાબમાં બોલાતો ભાષાભેદ.

(૨) મધ્યદેશીય ભાષાભેદ : મધ્યદેશમાં એટલેકે ગંગાયમુનાના દોઆબમાં – આજના ઉત્તરપ્રદેશમાં – બોલાતો ભાષાભેદ.

(૩) પ્રાચ્ય ભાષાભેદ : પૂર્વમાં એટલેકે આજના બિહારના પ્રદેશમાં બોલાતો ભાષાભેદ.

કેન્દ્રમાં, જ્યાં આર્યો મોટા જથ્થામાં હોય ત્યાં, ભાષાનું સ્વરૂપ વધુ સ્થિતિચુસ્ત રહે. ઉદીચ્યોની ભાષા પરત્વેની સ્થિતિસંરક્ષકવૃત્તિનો ઉલ્લેખ પણ, આથી, મળે છે : "ઉદીચ્ય પ્રદેશમાં ઉચ્ચારણ સમજપૂર્વક કરવામાં આવે છે. લોકો વાણીનું શિક્ષણ લેવા ઉદીચ્ય વિદ્વાનો પાસે જાય છે." કેન્દ્રથી વધુ દૂરનાં સ્થાનોએ ભાષાનું સ્વરૂપ લવચીક રહે. પ્રાચ્યોનાં શિથિલ ઉચ્ચારણોનો પણ ઉલ્લેખ મળે છે.

: ૫ : આ ત્રણ ભાષાભેદોમાંથી મધ્યદેશના સાંસ્કારિક વર્ચસ્વને કારણે એના ભાષાભેદને વિશેષ પ્રતિષ્ઠા મળી. એમાં સાહિત્યસર્જન પણ વધારે થયું. પરિણામે મધ્યદેશીય ભાષાભેદને નિયમબદ્ધ કરવાના, એનું શાસ્ત્ર એટલેકે વ્યાકરણ રચવાના પ્રયત્નો થયા. એની અંતિમ કક્ષા ઈ.સ.પૂ.૪૦૦માં પાણિનિના 'અષ્ટાધ્યાયી'માં આવે છે. સંસ્કૃત ભાષા પાણિનિના વ્યાકરણથી આગળ કોઈ વિકાસ બતાવતી નથી – ખાસ કરીને રૂપરચનાની બાબતમાં. એનો અર્થ એ થાય કે પાણિનિએ વ્યાકરણ રચ્યું ત્યારે સંસ્કૃત સાહિત્યની ભાષા બની ચૂકી હતી. એ વિશાળ સમાજની રોજિંદા વ્યવહારની, બોલચાલની જીવંત ભાષા રહી ન હતી.

આમ છતાં, ઘણા લાંબા સમય સુધી, લગભગ બારમી સદી સુધી, સંસ્કૃત એક કડીરૂપ ભાષા તરીકે સમગ્ર ભારતમાં કામ આપતી રહી. એમાં સાહિત્યસર્જન, શાસ્ત્રરચના, વાદવિવાદ વગેરે થતાં રહ્યાં. એને રાજ્યાશ્રય પણ મળતો રહ્યો. એની

રૂપરચનામાં નહીં પણ કંઈક એના ઉચ્ચારણમાં અને વિશેષે વાક્યરચનામાં તથા પ્રયોગોમાં અને તેથીયે વિશેષપણે શબ્દભંડોળમાં ઉત્તરોત્તર વધુ પરિવર્તન પ્રાકૃતો અને લોકબોલીઓના પ્રભાવ નીચે થતું રહ્યું અને એ રીતે એણે એક જીવંત ભાષા જેવું કામ આપ્યું. હજુ પણ સંસ્કૃત ભાષા ભારતના સાંસ્કૃતિક વારસાને પામવાના એક અમૂલ્ય સાધન તરીકેનું સ્થાન માત્ર ભારતીય સમાજમાં જ નહીં પણ વિશ્વમાં પણ ભોગવે છે. સંસ્કૃત ભાષા બોલાતી બંધ થયા પછી પણ એણે વિકસતી નવી ભાષાઓને સમૃદ્ધ કરવામાં સતત ભાગ ભજવ્યો છે – એક પોષણકેન્દ્ર તરીકે કામ આપ્યું છે અને હજુ આપે છે. સંસ્કૃત એ રીતે કાર્યશીલ ભાષા છે એમ કહેવું પડે.

: ૬ : ભારતીય-આર્યની આ પહેલી ભૂમિકાનાં કેટલાંક વિશિષ્ટ ભાષાલક્ષણો, ખાસ કરીને ભારત-યુરોપીય અને ભારત-ઈરાનીથી એનો વિકાસ દર્શાવતાં લક્ષણો ટૂંકમાં નોંધીએ :

(૧) આદિમ ભારત-યુરોપીયમાં મૂળ સ્વરો ત્રણ હતા – અ, ए, ओ (હ્રસ્વ તેમજ દીર્ઘ), કદાચ દુર્બળ – અતિહ્રસ્વ अ પણ હતો. य (इ), र (ऋ), ल (ऌ), व (उ), न, म એટલા અર્ધસ્વરો હતા. (એટલેકે એ સ્વર તેમજ વ્યંજન તરીકે આવતા હતા.) મૂળ સ્વરો અને અર્ધસ્વરોના સંયોગથી ઘણા સંયુક્તાક્ષરો (अय् વગેરે) થતા હતા. ભારત-ઈરાનીમાં ભારત-યુરોપીયના હ્રસ્વ अ, ऍ, ऑ એ ત્રણે સ્વર अ (વસ્તુતઃ હ્રસ્વ आ) રૂપે અને દીર્ઘ अ (=आ), ए, ओ એ ત્રણે સ્વર आ (દીર્ઘ) રૂપે પરિણમે છે, અને અતિહ્રસ્વ अનો इ થાય છે. ऋ નો उर् અને ऌનો उल् થાય છે. જોકે વૈદિકમાં ऋ વ્યંજનમાં પરિણમવા ઉપરાંત સ્વર તરીકે પણ ટક્યો છે એટલું જ નહીં, દીર્ઘ ऋનો પણ વિકાસ થયો છે. ऌ સ્વર તરીકે રડ્યાખડ્યા ઉદાહરણમાં જોવા મળે છે.

ભારત-યુરોપીયના સંયુક્તાક્ષરો ભારત-ઈરાનીમાં ઘણા ઓછા થઈ જાય છે અને ભારતીય-આર્યમાં એમાંથી ए, ऐ, ओ, औ એ સ્વરો વિકસે છે. આ રીતે ભારતીય-આર્યમાં अ, इ, उ, ऋ (હ્રસ્વદીર્ઘ), ऌ, ए, ओ એ સ્વરો તથા ऐ, औ એ સંયુક્ત સ્વરોની વ્યવસ્થા ઊભી થાય છે.

વૈદિકમાં अનું ઉચ્ચારણ હ્રસ્વ વિવૃત (હ્રસ્વ आ) હતું તે પછીથી હ્રસ્વ સંવૃત (अ) થવા લાગે છે.

(૨) ભારતીય-આર્યમાં સાનુનાસિક સ્વરો નવા વિકસે છે. કેટલાક સંયોગોમાં બહુધા દીર્ઘ સ્વરો સાનુનાસિક રૂપે આવે છે.

(૩) ભારત-યુરોપીયમાં ઉદાત્ત અને અનુદાત્ત સૂર (વિશિષ્ટ પ્રકારના ઉચ્ચારણધર્મો) હતા તે વૈદિકમાં ટકી રહે છે અને કેટલીક વાર એમાં પાંચ સૂરો હોવાનું પણ નોંધાયું છે. વૈદિક પછીથી આ સૂરવ્યવસ્થા લુપ્ત થાય છે.

(૪) ભારત-યુરોપીયના અર્ધસ્વરોમાંથી ન, મ ભારત-ઈરાનીમાં અને ભારતીય-આર્યમાં અર્ધસ્વરો રહેતા નથી, અનુનાસિક સ્પર્શવ્યંજનો તરીકે જ આવે છે. ભારતીય-આર્યમાં ङ, ञ એ અનુનાસિક સ્પર્શવ્યંજનો ઉપધ્વનિઓ તરીકે આવતા થાય છે (ङ કદાચ ભારત-યુરોપીયમાં હોય) અને ન પણ અમુક સંયોગોમાં ण રૂપે પરિણમે છે. આ રીતે ङ (કંઠ્ય), ञ (તાલવ્ય), ण (મૂર્ધન્ય), न (દંત્ય), म (ઓષ્ઠ્ય) એમ પાંચ સ્થાનની અનુનાસિક સ્પર્શવ્યંજનોની વ્યવસ્થા નિર્મિત થાય છે.

(૫) આદિમ ભારત-યુરોપીય કંઠ્ય સ્પર્શવ્યંજનોની બે શ્રેણીઓ હતી – શુદ્ધ કંઠ્ય (क વગેરે) અને કંઠ્યૌષ્ઠ્ય (क्व વગેરે). તાલવ્યની આજુબાજુ આવતા કંઠ્યનું તાલવ્યીકરણ થતું હતું તેથી કંઠ્યતાલવ્ય (क्य વગેરે) એ ત્રીજી શ્રેણી હતી એમ પણ કહેવાય. (અંગ્રેજી K : king – કિંગ, Q : Queen – ક્વીન અને C : can – કેન એ ત્રણ લિપિચિહ્નોમાં કંઠ્યના આ ત્રણ ભેદોનો સંકેત રહેલો છે.) આ ઉપરાંત, દંત્ય અને ઓષ્ઠ્ય સ્પર્શવ્યંજનોની શ્રેણીઓ પણ હતી. ભારત-ઈરાનીમાં કંઠ્યૌષ્ઠ્ય પણ શુદ્ધ કંઠ્ય સ્પર્શવ્યંજન તરીકે પરિવર્તિત થાય છે અને કંઠ્યતાલવ્યનું વધુ તાલવ્યીકરણ થાય છે.

ભારતીય-આર્યમાં એ કંઠ્યતાલવ્યોમાંથી અને તાલવ્યના પરિસરમાં આવતા શુદ્ધ કંઠ્ય અને કંઠ્યૌષ્ઠીય વ્યંજનોમાંથી તાલવ્ય સ્પર્શવ્યંજનો નીપજે છે. ભારતીય-આર્યમાં મૂર્ધન્ય સ્પર્શોની નવી શ્રેણી ઉદ્‌ભવે છે. ભારત-યુરોપીયના દંત્યો (કે તાલવ્યો પણ) અમુક સંયોગોમાં મૂર્ધન્ય રૂપે પરિણમ્યા હોવાનું જણાય છે તે ઉપરાંત દ્રાવિડી ભાષાઓના પ્રભાવે પણ એમાં કામ કર્યું હોવાનો સંભવ છે. પછીથી મૂર્ધન્યોનો જે વ્યાપક વપરાશ થવા લાગે છે અને દંત્યના મૂર્ધન્યભાવ જેવાં વલણો કામ કરે છે તેમાં દ્રાવિડી ભાષાઓનો પ્રભાવ વિશેષપણે વ્યક્ત થાય છે.

આ રીતે વૈદિકમાં આપણને સ્પર્શવ્યંજનોની પાંચ શ્રેણી મળે છે : કંઠ્ય, તાલવ્ય, મૂર્ધન્ય, દંત્ય અને ઓષ્ઠ્ય. આનાથી ભિન્નપણે, ઈરાની શાખા દંત્ય-મૂર્ધન્યોનો ભેદ દર્શાવતી નથી. એમાં મૂર્ધન્યની નવી શ્રેણી જોવા મળતી નથી.

(૬) ભારત-યુરોપીયમાં સ્પર્શવ્યંજનના બધા વર્ગોમાં અઘોષ-ઘોષ અલ્પપ્રાણ-મહાપ્રાણના ભેદ હતા, જોકે અઘોષ મહાપ્રાણ ઓછા જોવા મળતા હતા. ઈરાનીમાં અઘોષ મહાપ્રાણ રહેતા નથી ને ઘોષ મહાપ્રાણ સ્પર્શો પણ મહાપ્રાણત્વ ગુમાવે છે કે સંઘર્ષી બને છે. તેથી એમાં અલ્પપ્રાણ-મહાપ્રાણનો ભેદ રહેતો નથી. ભારતીય-આર્ય ભારત-યુરોપીયના સ્પર્શવ્યંજનોનો અઘોષ-ઘોષ, અલ્પપ્રાણ-મહાપ્રાણ એ ચતુર્વિધ ભેદ જાળવે છે. ભારત-યુરોપીયની વ્યંજનવ્યવસ્થા આ રીતે ઈરાની કરતાં ભારતીય શાખામાં વધુ સંપૂર્ણતાથી જળવાયેલી કહેવાય.

(૭) ભારત-યુરોપીય દંત્ય ઊષ્મવ્યંજન સનો ઈરાનીમાં હ થાય છે ત્યારે ભારતીય-આર્યમાં એ ઘણે મોડે સુધી ટકે છે (જુઓ અવે.અહુર – વૈ.અસુર). ભારત-યુરોપીયમાં ઘોષ ઊષ્મવ્યંજન (झ) હતો તે ઈરાનીમાં ટકે છે, ભારતીય-આર્ય શાખામાં એનો લોપ થાય છે. ભારત-યુરોપીયના કંઠ્યતાલવ્ય સ્પર્શવ્યંજન (क्य)માંથી ઊતરી આવેલો તાલવ્ય અઘોષ ઊષ્મવ્યંજન શ ઈરાની તેમજ ભારતીય-આર્ય બન્ને શાખાઓમાં જોવા મળે છે, જ્યારે ભારતીય શાખા વધુમાં મૂર્ધન્ય ષ પણ વિકસાવે છે. ઈરાનીમાં સમાંથી વિકસેલો ઘોષ હ છે પણ અઘોષ હ નથી; ભારતીય-આર્યમાં બન્ને છે – ઘોષ હ ભારત-યુરોપીયના घ, घ्य કે ध्व ધ્વનિઓમાંથી નીપજેલો છે, જ્યારે અઘોષ હ (વિસર્ગ) ભારત-યુરોપીયના પદ્યાન્ત સ કે રમાંથી અથવા નવો વિકસેલો મનાય છે.

આમ, ભારતીય-આર્યમાં ઊષ્મ કે સંઘર્ષી વ્યંજનોની એક વ્યવસ્થિત શ્રેણી ઊભી થાય છે – કંઠ્ય હ (અઘોષ તથા ઘોષ) તેમજ તાલવ્ય શ, મૂર્ધન્ય ષ અને દંત્ય સ (ત્રણે અઘોષ).

(૮) વૈદિક કાળે ल ઉપશિષ્ટ ગણાતો હતો ને એને સ્થાને र વપરાતો હતો. પ્રશિષ્ટ સંસ્કૃતમાં लનો પ્રચાર વધે છે. વૈદિકમાં ळ, ळ्ह એ ધ્વનિઓ હતા તે પ્રશિષ્ટ સંસ્કૃતમાં ટકતા નથી, એના ड અને ह થઈ જાય છે.

(૯) નામિક રૂપાખ્યાનમાં આઠ વિભક્તિ, ત્રણ વચન અને ત્રણ લિંગનું તંત્ર ભારત-યુરોપીયમાં હતું તે ભારત-ઈરાની અને ભારતીય-આર્યમાં જળવાયેલું છે. વિભક્તિપ્રત્યયો પણ સચવાયા છે, જેમકે સંસ્કૃતના भ વ્યંજનવાળાં भ्याम्, भिस्, भ्यस् એ પ્રત્યયો ભારત-યુરોપીયનો વારસો છે. જોકે રૂપવૈવિધ્ય ધીમેધીમે ઘટતું જાય છે. સંસ્કૃતમાં પ્રથમ (કર્તા) અને આઠમી (સંબોધન) વિભક્તિનાં રૂપો એકસરખાં થાય છે અને દ્વિવચનમાં ઘણી વિભક્તિનાં રૂપો સમાન થઈ જાય છે – માત્ર ત્રણ પ્રત્યય બચે છે. વૈદિકનાં કેટલાંક વૈકલ્પિક રૂપોમાંથી પ્રશિષ્ટ સંસ્કૃતમાં એક જ રૂપ બચે છે. જેમકે વૈ.પું. પ્ર.દ્વિ.વ. देवा, देवौ > પ્ર.સં. देवौ, વૈ.પું. પ્ર.બ.વ. जन्नाः, जनाःसः > પ્ર.સં. जन्नाः, વૈ.નપું. પ્ર.બ.વ. भुवना, भुवनानि > પ્ર.સં. भुवनानि વગેરે. દ્વિવચનનું મહત્ત્વ ઘટે છે, વિભક્તિતંત્રનું થોડું વધારે સરલીકરણ થાય છે અને समीपे, आश्रित જેવા અનુગાત્મક શબ્દોની સહાયથી વિભક્તિ વ્યક્ત કરવાની રીતિ અસ્તિત્વમાં આવે છે. તેમ છતાં, મૂળનું વિભક્તિતંત્ર ભાંગી પડ્યું છે એમ કહેવાય એવું નથી.

(૧૦) ભારત-યુરોપીય કરતાં ભારતીય-આર્યમાં આખ્યાતિક રૂપતંત્ર વૈવિધ્યપૂર્ણ અને જટિલ બને છે. ક્રિયાપદના ભાવ કે અર્થ (mood)ના ભેદો (નિર્દેશાર્થ વગેરે) તથા કર્તૃવાચ્ય અને કર્મવાચ્ય તેમજ પરસ્મૈપદી અને આત્મનેપદી એ રૂપો ભારત-યુરોપીયમાંથી મળેલાં છે પરંતુ ભારત-યુરોપીયમાં કાળભેદ જવલ્લે જ હતો, નિર્દેશાર્થમાં

ક્રિયારૂપની આગળ અ મૂકીને ભૂતકાળ દર્શાવવાની ને વર્તમાનકાળના રૂપમાં વચ્ચે સ ઉમેરીને ભવિષ્યકાળ દર્શાવવાની રીત કદાચ હતી, પણ બહુધા અવસ્થા કે વ્યાપારવિશેષના ભેદ દર્શાવનારાં રૂપો હતાં. વૈદિકમાં કેટલોક કાળભેદ વિકસે છે. ભારત-ઈરાનીમાં નહોતી તેવી દ્વિતીય ભવિષ્ય અને વિશિષ્ટ પરોક્ષ ભૂત (periphrastic perfect) જેવી કાળરચનાઓ દાખલ થાય છે. ધાતુના અર્થ પર રૂપાખ્યાનનો આધાર હોઈ ગણવ્યવસ્થા અસ્તિત્વમાં આવે છે અને આખ્યાતિક રૂપતંત્ર જટિલ બને છે.

પ્રશિષ્ટ સંસ્કૃત આખ્યાતિક રૂપતંત્રની દૃષ્ટિએ દરિદ્ર બને છે. એમાં સરખાં રૂપોની વ્યવસ્થા નિપજાવવાનું વલણ જોવા મળે છે. વર્તમાનકાળનાં રૂપોને મૂળભૂત ગણી એની મદદથી બીજા કાળ-અર્થો વ્યક્ત કરવાની પદ્ધતિ જોવા મળે છે (જેમકે गच्छति स्म), ભવિષ્યનાં રૂપો વર્તમાનને અનુસરે છે અને ભૂતકાળમાં ભૂતકૃદંતનો વપરાશ વધે છે. પરોક્ષ અને અદ્યતન ભૂતકાળનો પ્રયોગ ઘટે છે, પરોક્ષ ભૂતકાળના રૂપને દૂરનો ભૂતકાળ બતાવવામાં જ પ્રયોજવાનું વલણ ઊભું થાય છે અને વર્તમાન અને ભૂતના દ્વિપક્ષી વિરોધ તરફની ગતિ વરતાય છે. બે ગણમાં વપરાતા ધાતુઓ એક ગણમાં જ વપરાતા થાય છે (कृ – આઠમો ગણ करोति, નવમો ગણ कृणोति, તેમાંથી करोति બચે છે), હેત્વર્થકૃદંતના સોળ પ્રત્યયોમાંથી એક तुम् જ બચે છે.

(૧૧) ભારત-યુરોપીયમાં પ્રકૃતિ + સાધક પ્રત્યય + વિભક્તિચિહ્ન એ ત્રણ ઘટકોથી બનેલાં રૂપો હતાં અને એ રીતે ભાષાસ્વરૂપ સંશ્લિષ્ટ હતું. વૈદિકમાં પણ એમ જ છે. પરંતુ નામિક અને આખ્યાતિક અંગોને સાધક પ્રત્યયો લાગી બનતાં સાધિત અંગોની પ્રચુરતા જોવા મળે છે.

(૧૨) ભારતીય-આર્યની સમાસરચના ભાષાની સવિશેષ સંશ્લિષ્ટતાની સૂચક છે. ભારત-યુરોપીયમાં પદો સમાસ રૂપે જોડાતાં હતાં. ભારત-ઈરાનીમાં બન્ને પદો દ્વિવચનમાં આવતાં તેથી બે પદોને જાણે બાજુબાજુમાં મૂકવામાં આવ્યાં હોય એમ લાગતું. ભારતીય-આર્યમાં વચન-વિભક્તિના પ્રત્યયો ઘણા સમાસપ્રકારોના છેડે આવવા લાગતાં સમાસરચના દૃઢ, અશિથિલ બને છે. ઉપરાંત, પ્રશિષ્ટ સંસ્કૃત તરફ આવતાં સમાસની દીર્ઘતા અને બહુલતાનું વલણ જોર પકડતું જાય છે અને બહુવ્રીહિ સમાસ વિશેષપણે પ્રયોજાય છે. વૈદિકમાં ઉપસર્ગ ધાતુરૂપથી સ્વતંત્ર રહેતો હતો તે પ્રશિષ્ટ સંસ્કૃતમાં એની પૂર્વે જોડાઈ જાય છે એને પણ સંશ્લિષ્ટતા તરફના વધતા જતા વલણના ઉદાહરણરૂપ લેખી શકાય.

(૧૩) વૈદિકનું શબ્દભંડોળ પ્રશિષ્ટ સંસ્કૃતમાં ઠીકઠીક બદલાય છે. કેટલાક શબ્દો વપરાશમાંથી નીકળી જાય છે. જેમકે अत्क (=વસ્ત્ર), दर्शत (=સુંદર) વગેરે. બે અર્થો ધરાવતા શબ્દો એક અર્થ ગુમાવે છે. જેમકે વૈદિકમાં नना બે અર્થ હતા – '-ના જેવું' અને

'નહીં', તેમાંથી પ્રશિષ્ટ સંસ્કૃતમાં બીજો અર્થ જ ટકે છે. અસુરના 'બળવાન' અને 'દાનવ' એ બે અર્થમાંથી પણ બીજો જ ટકે છે. કેટલાક શબ્દોના અર્થમાં પરિવર્તન થાય છે. જેમકે વહ્નિ એટલે 'વહન કરનાર' એવો અર્થ હતો અને એ શબ્દ અગ્નિના વિશેષણ તરીકે આવતો તેનો પ્રશિષ્ટ સંસ્કૃતમાં 'અગ્નિ' એવો અર્થ જ થઈ જાય છે; ક્ષિતિનો 'નિવાસ' 'ઘર' એવો અર્થ હતો તેમાંથી 'પૃથ્વી' એવો અર્થ થઈ જાય છે.

[૪] ભારતીય-આર્ય : મધ્યમ ભૂમિકા

: ૧ : આપણે આગળ નોંધી ગયા કે ઋગ્વેદકાળમાં સામાન્ય જનતા રોજબરોજના વ્યવહારમાં તળપદું ભાષાસ્વરૂપ વાપરતી. સમય જતાં એ તળપદા ભાષાસ્વરૂપમાંથી પ્રદેશભેદે ભિન્નત્વ ધરાવતી લોકબોલીઓ વિકસી જણાય છે. દૂરપૂર્વના પ્રદેશમાં શિષ્ટ સંસ્કૃત અને લોકબોલી વચ્ચેનો તફાવત વધારે ઘેરો પણ બન્યો હશે. તેથી મહાવીરે (ઈ.સ.પૂ.૫૨૫) અને બુદ્ધે (ઈ.સ.પૂ.૫૦૦) મગધ દેશમાં પંડિતો અને શિષ્ટ વર્ગોમાં પ્રચલિત સંસ્કૃત ભાષામાં ઉપદેશ કરવાને બદલે તત્કાલીન લોકબોલીમાં ઉપદેશ કરવાનું પસંદ કર્યું. આ રીતે પૂર્વની બોલીને પ્રતિષ્ઠા અને ગૌરવ મળ્યાં. એને પગલે, વિકાસ પામી રહેલી મધ્યદેશ, ઉત્તર અને પશ્ચિમની જનબોલીઓ પણ આગળ આવવા લાગી. આ ભારતીય-આર્યની બીજી એટલે મધ્યમ ભૂમિકા. જે જનબોલીઓ આ રીતે શિષ્ટ વ્યવહાર અને સાહિત્ય આદિમાં પ્રતિષ્ઠિત થઈ તે પ્રાકૃતો તરીકે ઓળખાઈ.

પ્રાકૃતના કેટલીક વાર બે થર સ્વીકારવામાં આવે છે :

(૧) પ્રથમ થરની પ્રાકૃતો : ઈ.સ.પૂ.૧૨૦૦થી ઈ.સ.પૂ.૫૦૦ : વેદકાળનું તળપદું ભાષાસ્વરૂપ એટલેકે જનબોલીઓ : પરંતુ આ જનબોલીઓના કોઈ નમૂના મળતા નથી એટલે એ વિશે કશી નિશ્ચિતપણે વાત થઈ શકે તેમ નથી.

(૨) દ્વિતીય થરની પ્રાકૃતો : ઈ.સ.પૂ.૫૦૦થી ઈ.સ.૧૦૦૦ : સાહિત્યિક પ્રાકૃતો : આ પ્રાકૃતોના નમૂના મળે છે એટલે આપણે માટે પ્રાકૃતોનો આરંભ દેખીતી રીતે અહીં થાય છે એમ કહેવાય.

: ૨ : સાહિત્યિક પ્રાકૃતના વિકાસને ત્રણ તબક્કાઓમાં વહેંચી શકાય :

(૧) પૂર્વકાલીન પ્રાકૃત ભાષાઓ : ઈ.સ.પૂ.૫૦૦થી ઈસવી સનનો આરંભ : બૌદ્ધ ગ્રંથો(મહાવંશ, ત્રિપિટક, જાતકાદિ)ની પાલિ તથા અશોકકાલીન શિલાલેખોમાં જોવા મળતી ભાષાઓનો સમાવેશ આ તબક્કામાં થાય છે. બુદ્ધે ઉપદેશ આપ્યા પછી ઘણા સમય બાદ એને સંકલિત કરવામાં આવ્યો હતો, એની બે-ત્રણ આવૃત્તિઓ પણ થઈ છે એટલે બૌદ્ધ ગ્રંથો કોઈ એક સમય કે પ્રદેશની ભાષાને રજૂ કરતા હોય એમ કહી શકાય તેમ નથી. એમાંના જૂનામાં જૂના ભાગોમાંની ભાષા ઈ.સ.પૂ. ત્રીજી સદી પહેલાંની

જણાતી નથી. મહાવીરના ઉપદેશની છેલ્લી વાચના તો બુદ્ધના ઉપદેશથીયે ઘણી મોડી, ઈ.સ.ની છઠ્ઠી સદીમાં, તૈયાર થયેલી છે એટલે એનું ભાષાસ્વરૂપ મુકાબલે ઘણું અર્વાચીન છે. આ સમયની બોલીઓનું સ્થૂળ પણ કંઈક અંશે શ્રદ્ધેય ચિત્ર આપણને અશોકના શિલાલેખો (ઈ.સ.પૂ.ત્રીજી સદી)માંથી જ મળે છે. એમાં પૂર્વ, પશ્ચિમ અને ઉત્તરની બોલીઓ જુદી તારવી શકાય છે.

(૨) ઉત્તરકાલીન પ્રાકૃત ભાષાઓ : ઈ.સ.ના આરંભથી ઈ.સ.૬૦૦ : અશોક પછીના શિલાલેખોની, સંસ્કૃત નાટકોમાં (સ્ત્રીઓ અને નીચલા વર્ગનાં પાત્રોને મુખે) વપરાયેલી, વરરુચિ (ઈ.સ.૨૦૦), હેમચંદ્ર વગેરેએ જેમનાં વ્યાકરણ રચ્યાં અને 'બૃહત્કથા' (પહેલી સદી), 'સેતુબંધ' આદિ કાવ્યો જેના નમૂના છે તે પ્રાકૃત ભાષાઓનો સમાવેશ આ તબક્કામાં થાય. જૈન આગમોના ટીકાગ્રંથોની જૈન મહારાષ્ટ્રી આ તબક્કામાં આવે. ભરત નાટ્યશાસ્ત્ર(ત્રીજી-ચોથી સદી)માં માગધી વગેરે સાત પ્રાદેશિક બોલીઓ અને આભીર વગેરેની જાતિ-વિશિષ્ટ બોલીઓનો ઉલ્લેખ મળે છે. પરંતુ વ્યાપકપણે આ સમયમાં ચાર પ્રાકૃતોને જુદી પાડવામાં આવે છે :

૧. હિંદુકુશની દક્ષિણમાં ભારતના ઉત્તરપશ્ચિમ ભાગની પૈશાચી પ્રાકૃત,

૨. નર્મદાની ઉત્તરમાં સિંધ, પંજાબ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, સૌરાષ્ટ્રને આવરી લેતા વિશાળ પ્રદેશની શૌરસેની પ્રાકૃત,

૩. બનારસથી સીતાપુર અને જબલપુર સુધીના બિહાર, બંગાળ અને ઓરિસ્સાના વિસ્તારની માગધી પ્રાકૃત અને

૪. વિન્ધ્યની દક્ષિણે ગોદાવરીના ઉત્તર ભાગથી શરૂ કરી ગોવા સુધીના મહારાષ્ટ્ર, વિદર્ભ આદિ વિસ્તારોની મહારાષ્ટ્રી પ્રાકૃત.

(૩) અંતિમ પ્રાકૃત : ઈ.સ.૬૦૦થી ઈ.સ.૧૦૦૦ : 'પઉમચરિય' આદિ ગ્રંથોમાં જોવા મળતા, હેમચંદ્રાદિના વ્યાકરણમાં નિબદ્ધ થયેલા, 'અપભ્રંશ'ને નામે ઓળખાયેલા ભાષાભેદનો સમાવેશ આ તબક્કામાં થાય છે.

અપભ્રંશની ઉપલબ્ધ પ્રાચીનતમ સાહિત્યકૃતિ નવમી શતાબ્દીથી બહુ વહેલી નથી, પરંતુ છઠ્ઠી-સાતમી સદીમાં સંસ્કૃત-પ્રાકૃતથી ભિન્ન એવી એક સાહિત્યભાષા તરીકેના અપભ્રંશના ઉલ્લેખો મળે છે તે પરથી સમજાય છે કે નવમી સદી પહેલાં પણ અપભ્રંશ સાહિત્ય સારી રીતે ખેડાયું હશે, પરંતુ લુપ્ત થયું હશે.

અપભ્રંશના સ્વરૂપ, કાર્યપ્રદેશ અને ગુજરાતી સાથેના સંબંધના પ્રશ્નો જરા વિગતે વિચારવા જેવા હોઈ આપણે એની જુદી ચર્ચા કરીશું.

: ૩ : આ બીજી ભૂમિકામાં થયેલાં મુખ્ય ભાષાકીય પરિવર્તનો આ મુજબ છે :

(૧) આ પ્રાકૃત ભૂમિકામાં ધ્વનિપરિવર્તનો એટલાંબધાં થાય છે કે શબ્દોનું સ્વરૂપ

સાવ બદલાઈ જાય છે. ધ્વનિતંત્રના પરિવર્તનની વાત કરીએ તો ऋ, ऐ, औ એ સ્વરો લુપ્ત થાય છે (ऋનો रि, इ, उ કે अ થાય છે; ऐ, औ અનુક્રમે ए અને ओ રૂપે પરિણમે છે); અઘોષ ह (વિસર્ગ) લુપ્ત થાય છે; श, ष, स એ ત્રણ ઊષ્મવ્યંજનોમાંથી કોઈક બોલીમાં માત્ર श તો કોઈમાં માત્ર स બચે છે; આરંભે સંયુક્ત વ્યંજન આવી શકતો નથી, બે સ્વર લગોલગ આવે છે વગેરે પ્રકારના ફેરફારો થાય છે.

(૨) અન્ય ધ્વનિપરિવર્તનોની વાત કરીએ તો અંત્ય વ્યંજનો લુપ્ત થાય છે, સંયુક્ત વ્યંજનોનું અમુક નિયમોને અધીન રહીને સારૂપ્ય થાય છે, કેટલાક સ્વરમધ્યવર્તી અલ્પપ્રાણ વ્યંજનોનો લોપ થાય છે, કેટલાક મહાપ્રાણ વ્યંજનો સ્પર્શત્વ ગુમાવી ह રૂપે પરિણમે છે, અંત્ય સ્વરો હ્રસ્વ બનતા ચાલે છે. સ્વરમધ્યવર્તી વ્યંજનોના લોપથી પ્રાકૃતો સ્વરબહુલ ભાષાઓ બને છે અને લગોલગ આવેલા સ્વરોના સંકોચની પ્રક્રિયા પણ ચાલે છે.

(૩) પ્રાકૃતોમાં નામિક વિભક્તિતંત્ર સંસ્કૃત કરતાં ઘણું સરળ થઈ જાય છે. દ્વિવચન લુપ્ત થાય છે, આઠ વિભક્તિઓમાંથી ચોથી અને છઠ્ઠી માટે એક જ રૂપ વપરાવા લાગે છે, પાંચમી છઠ્ઠી સાથે અને સાતમી ત્રીજી સાથે ભળવા લાગે છે અને સંસ્કૃતનાં સ્વરાંતનાં – ખાસ કરીને 'અ'કારાંતનાં જ – રૂપાખ્યાનો મુખ્યત્વે ટકી રહે છે, ભિન્ન લિંગનાં રૂપો પણ સમાન બનતાં જાય છે : આ રીતે રૂપવૈવિધ્ય ઘણું ઓછું થઈ જાય છે. કેટલાક ધાતુનાં ભૂતકૃદંતો વિભક્તિદર્શક અનુગોનું કામ આપવા લાગે છે. પ્રત્યયો ક્યાંક અંગમાં ભળી જાય છે.

(૪) સર્વનામોનાં રૂપાખ્યાનોમાં પણ લિંગભેદ ઘસાવા લાગે છે અને સંજ્ઞા પ્રમાણે રૂપાખ્યાનો થવા લાગે છે. સંબંધવિભક્તિવાળા રૂપનો અંગ તરીકે ઉપયોગ થવા લાગે છે. આમ છતાં, સર્વનામોનું રૂપવૈવિધ્ય ટકી રહે છે.

(૫) વિશેષણોમાંથી તુલનાદર્શક રૂપો લુપ્ત થાય છે.

(૬) સંસ્કૃતના આખ્યાતિક રૂપાખ્યાનની જટિલતા પણ પ્રાકૃતમાં રહેતી નથી અને એકરૂપતાનો વ્યાપાર ચાલે છે. ગણવિભાગ લુપ્ત થાય છે, વિકરણ પ્રત્યય પણ લુપ્ત થાય છે કે મૂળ અંગમાં ભળી જાય છે, સ્વરાંત અને વ્યંજનાંત ધાતુઓનો ભેદ લુપ્ત થાય છે. આત્મનેપદ-પરસ્મૈપદનો ભેદ લુપ્ત થાય છે. બહુધા પરસ્મૈપદના પહેલા ગણ પ્રમાણે બધાં રૂપાખ્યાનો થાય છે. ઇચ્છાદર્શક અને આવૃત્તિવાચક રૂપો લુપ્ત થાય છે અને ચ્વિરૂપો પણ વિરલ થતાં જાય છે.

(૭) ત્રણ પ્રકારના ભૂતકાળમાંથી એક સાદો ભૂતકાળ જ રહે છે અને કર્મણિ ભૂતકૃદંત જ ભૂતકાળ વ્યક્ત કરવાનું કામ કરે છે તેથી ભૂતકાળની વાક્યરચના મુખ્યત્વે કર્મણિ રહે છે. બે ભવિષ્યકાળમાંથી એક સાદો ભવિષ્યકાળ બચે છે.

(૮) કૃદંતોમાંથી ભવિષ્ય, પરોક્ષ વગેરે કેટલાંક કૃદંતો લુપ્ત થાય છે. ભૂતકૃદંતનો વિશેષણાત્મક ઉપયોગ લુપ્ત થતાં એ કેવળ ક્રિયાપદ તરીકે ઉપયોગમાં આવતું થયું. બીજાં કેટલાંક કૃદંતરૂપો અનુગો તરીકે વપરાવા લાગ્યાં.

[૫] અપભ્રંશનું સ્વરૂપ અને ગુજરાતીને મળેલો એનો વારસો

: ૧ : અપભ્રંશના સ્વરૂપ અને વિસ્તાર પરત્વે એક મતભેદ છે કે અપભ્રંશ એક જ ભાષાપ્રકાર હતો કે પ્રાકૃતભેદોની જેમ અપભ્રંશભેદો પણ અસ્તિત્વમાં આવ્યા હતા ? નવમી-દશમી સદી અને પછીના રુદ્રટ અને માર્કંડેય જેવા કેટલાક આલંકારિકો અને વ્યાકરણકારોએ અપભ્રંશના અનેક ભેદો ગણાવેલા હોવાથી ગ્રિઅર્સન જેવાની એવી માન્યતા હતી કે પ્રદેશભેદે જેટલા પ્રાકૃતભેદો હતા તેટલા તેના ઉત્તરકાલીન અપભ્રંશભેદો અસ્તિત્વમાં આવ્યા હશે અને એમાંથી દરેક પ્રદેશની અર્વાચીન ભાષા ઉદય પામી હશે. જેમકે, માગધી પ્રાકૃત→માગધ અપભ્રંશ→બંગાળી વગેરે.

: ૨ : બીજી બાજુથી યાકોબી, આલ્સડૉર્ફ, મોદી, ભાયાણી જેવા વિદ્વાનોનો એવો મત છે કે અપભ્રંશ એક જ ભાષાભેદ હતો અને તે કેવળ પશ્ચિમકાંઠાના પ્રદેશ સાથે સંકળાયેલો હતો. આમ માનવાનું કારણ એ છે કે સાતમી સદીમાં દંડીએ અપભ્રંશને આભીરોની ભાષા તરીકે ઓળખાવી છે અને આભીરો પશ્ચિમકાંઠાના પ્રદેશો – સિંધ, રાજસ્થાન, ગુજરાત, સૌરાષ્ટ્રથી ખાનદેશ, વરાડ અને વ્રજ સુધીના – સાથે સંકળાયેલા રહ્યા છે. દશમી સદીમાં રાજશેખર તો સ્પષ્ટ રીતે મારવાડ, સૌરાષ્ટ્ર વગેરે પશ્ચિમકાંઠાના પ્રદેશોને અપભ્રંશના સ્થાન તરીકે ઓળખાવે છે. આ ઉપરાંત, પ્રાપ્ત અપભ્રંશ સાહિત્ય વિદર્ભ તેમજ ગુજરાત-રાજસ્થાનના જૈન કવિઓનું જ છે અને ગુજરાતમાં હેમચંદ્ર જ અપભ્રંશનું સવિસ્તર નિરૂપણ કરે છે તે પણ સૂચવે છે કે અપભ્રંશને પશ્ચિમ સાથે વિશેષ સંબંધ હતો.

એ નોંધપાત્ર છે કે પ્રાપ્ત અપભ્રંશ સાહિત્ય સ્થૂળમાને એક જ સ્વરૂપનું છે, કેટલાક વૈયાકરણો અપભ્રંશને એક પ્રાકૃતભેદ જ ગણે છે અને હેમચંદ્ર પણ અપભ્રંશનું એક જ સ્વરૂપ લેખે પ્રતિપાદન કરે છે.

આથી એમ માનવામાં આવે છે કે પશ્ચિમકાંઠાની આભીર વગેરે જાતિઓની બોલીઓ કોઈ પણ કારણે પરિમાર્જિત સ્વરૂપમાં સાહિત્યમાં સ્થાન પામી અને તે અપભ્રંશ તરીકે ઓળખાઈ. વિશાળ પ્રદેશોમાં બોલાતાં એને સ્થાનિક બોલીઓનો પાસ લાગ્યો હશે (અને તેથી જ પાછળથી અપભ્રંશભેદોના ઉલ્લેખો મળતા હશે), પરંતુ સાહિત્યભાષા તરીકે તે એક જ સ્વરૂપની હશે.

: ૩ : કોઈ પણ રીતે અપભ્રંશનો પશ્ચિમકાંઠાના પ્રદેશ સાથેનો અને તેથી ગુજરાતી સાથેનો

સંબંધ નિર્વિવાદ છે. અપભ્રંશની કેટલીક મહત્ત્વની લાક્ષણિકતાઓ અને ગુજરાતીને એનો મળેલો વારસો આ મુજબ છે :

(૧) અંત્ય સ્વરોના હ્રસ્વત્વની પ્રક્રિયા અપભ્રંશમાં ચાલુ રહે છે અને બધાં પદો હ્રસ્વસ્વરાંત રહે છે (ઘોડઓ > ઘોડઉ; માલા > માલ; ગામે > ગામિ). આના ફણગા રૂપે અન્ય સ્થાનોએ પણ એનો ઇ અને ઓનો ઉ કરવાનું વલણ દેખાય છે (એँण > इण).

(૨) અંત્ય સ્થાને અનુનાસિક વ્યંજન લુપ્ત થઈ સ્વર સાનુનાસિક બનવાથી સંસ્કૃતમાં નહોતા તેવા સાનુનાસિક સ્વરો અસ્તિત્વમાં આવ્યા (इण > इं).

(૩) સનો હ કરવાનું વલણ પ્રાકૃતમાં હતું તે અપભ્રંશમાં પણ જોવા મળે છે અને પ્રત્યયોમાં એ પ્રબળપણે વ્યક્ત થાય છે (દિઅહ, પાહાણ તથા હિ, હુ વગેરે પ્રત્યયો).

(૪) પ્રાકૃતના સામાન્ય વલણ રકારના લોપને સ્થાને રકારની જાળવણીનાં દૃષ્ટાંતો મળે છે (દ્રમ, અંત્ર, પ્રિઅ) તથા અમુક સંયોગોમાં આરંભે કે મધ્યસ્થાને રકારનો પ્રક્ષેપ કરવાનું વલણ પણ દેખાય છે (વાસ > વ્રાસુ). આ વલણ ગુજરાતીમાં પણ જોવા મળે છે (શાપ > શ્રાપ, સરાપ).

(૫) પ્રાકૃતમાં ક્વચિત્ દેખાતા ઘોષભાવના એક ફણગા રૂપે તનો દ થતો જોવા મળે છે (ગત > ગદ).

(૬) સંયુક્ત વ્યંજનોના એકત્વનું વલણ ઉત્તરકાલીન અપભ્રંશમાં જોવા મળે છે (નવક્ખી સ્થાને નવખી, કણ્ણિઆરને સ્થાને કણિઆર), જે અર્વાચીન ભૂમિકાનું દ્યોતક બને છે.

(૭) નામિક વિભક્તિતંત્ર અપભ્રંશમાં વિશેષ સરળ બને છે. કર્તા-કર્મ, કરણ-અધિકરણ, સંપ્રદાન-અપાદાન-સંબંધ એ વિભક્તિઓનાં રૂપો લગભગ એક જ થઈ જવાથી ચારેક વિભક્તિઓ જ બચે છે. અંત્ય સ્વરોના પરિવર્તનથી રહ્યાસહ્યા વિભક્તિભેદો નષ્ટ થવાથી વિશિષ્ટ વિભક્તિસંબંધ-વાચક અનુગાત્મક શબ્દો કેરઉ, તણઉ, થિઉ વગેરે વપરાવા લાગે છે. ગુજરાતીના '-ન-' 'થી' વગેરે વિભક્તિઅનુગો આમાંથી આવે છે.

(૮) નામિક અંગોમાં વિસ્તારિત અંગો (ઘોડઉ જેવા)નો વપરાશ વધે છે. કૃદંતો તો નિયમે કરીને વિસ્તારિત રૂપમાં જ મળે છે (કરંતઉ, ગયઉ, ઘડિયઉ). ગુજરાતીમાં 'ઓ'કારાંત અને 'ઉં'કારાંત નામો આમાંથી આવ્યાં છે.

(૯) આજ્ઞાર્થ બી.પુ.એ.વ. કરે જેવાં કેટલાંક નવાં આખ્યાતિક રૂપો જોવા મળે છે. ભવિષ્ય આજ્ઞાર્થમાં જવાળું રૂપ વપરાય છે જે ગુજરાતીમાં ઊતરી આવે છે.

(૧૦) કેટલાંક કૃદંતરૂપો અને સાર્વનામિક રૂપો ('મારું' 'તમારું' જેવાં) ગુજરાતીને અપભ્રંશમાંથી જ વારસા રૂપે મળ્યાં છે.

(૧૧) વિભક્તિઓના કેટલાક વિશિષ્ટ પ્રયોગો અપભ્રંશમાં જોવા મળે છે, જેમાંથી કેટલાક ગુજરાતીમાં પણ ઊતરી આવ્યા છે.

(૧૨) રવાનુકારી અને પ્રાસરંગી તત્ત્વો તેમજ દેશ્ય શબ્દોનું પ્રાચુર્ય અપભ્રંશમાં દેખાય છે, જેનો વારસો પણ ગુજરાતીને મળે છે.

[૬] ભારતીય-આર્ય : અર્વાચીન ભૂમિકા

: ૧ : ઈ.સ.૧૦૦૦ના અરસામાં ભિન્નભિન્ન પ્રાકૃતો અને અપભ્રંશ બોલાતી બંધ થઈ ચૂકી હતી અને સ્થાનિક બોલીઓ ઉદય પામવા લાગી હતી, જેમાંથી અર્વાચીન ઉત્તર ભારતીય ભાષાઓ ગુજરાતી, મરાઠી, બંગાળી વગેરેનો વિકાસ થયો. આ ભારતીય-આર્યની ત્રીજી ભૂમિકા – અર્વાચીન ભૂમિકા.

ભારતીય-આર્યની પ્રાકૃત ભૂમિકા સંસ્કૃતના સંયુક્ત વ્યંજનોના સારૂપ્યથી જુદી તરી આવતી હતી (જેમકે, હસ્તનું હત્થ થયું). અર્વાચીન ભૂમિકામાં સંયુક્ત વ્યંજનો એકવડા બને છે (જેમકે હત્થનું 'હથ' 'હાથ' 'હાત' ઇત્યાદિ થાય છે). ખુલ્લા અક્ષરો બોલવાની ખાસિયતને કારણે સ્વરાન્તર્ગત એકવડા સ્પર્શવ્યંજન હવે જળવાઈ રહે છે અને સંસ્કૃત શબ્દો અવિકૃત રૂપમાં પ્રયોજાવા લાગે છે (જેમકે, પ્રાકૃત ભૂમિકામાં સંસ્કૃત વચનનું વયણ થયેલું, હવે વચન શુદ્ધ રૂપે બોલાય છે.)

: ૨ : ભારતમાં મુસ્લિમ રાજ્ય-અમલ આવતાં સંસ્કૃત-પ્રાકૃતને જે રાજ્યાશ્રય મળતો હતો તે જતો રહ્યો, સાહિત્યને લોકાશ્રય શોધવો પડ્યો અને તેથી સ્થાનિક બોલીઓના વિકાસને વેગ મળ્યો એમ જણાય છે. રાજકીય સંઘર્ષો અને ઊથલપાથલોએ પણ સ્થાનિકતાને ઉત્તેજન આપ્યું હોય. સ્થાનિક બોલીઓના ઉદયની આ પ્રક્રિયા એકસાથે થઈ નથી પણ સમયના લાંબા પટ પર ફેલાયેલી છે. ઈ.સ.૮૦૦થી એનો આરંભ થયો છે અને ઈ.સ. ૧૦૦૦ કે ૧૨૦૦ સુધી તે ચાલી છે. કોઈ બોલી વિશાળ ભાષાપ્રદેશમાંથી વહેલી છૂટી પડીને સ્વતંત્ર રીતે વિકસવા લાગી હોય, કોઈ બોલીમાં એ પ્રક્રિયા મોડી થઈ હોય.

દાખલા તરીકે, શૌરસેની પ્રાકૃતનો ભાષાપ્રદેશ – જ્યાં મુખ્યત્વે અપભ્રંશે ઈ.સ.૬૦૦ પછી સ્થાન લીધું હતું – તેમાંથી જુદાંજુદાં જૂથો જુદાજુદા સમયે છૂટાં પડતાં ગયાં છે. સૌથી પહેલું પંજાબી-લહંદા-સિંધી જૂથ એમાંથી અળગું થયું છે, કેમકે બાકીના પ્રદેશમાં જે એકસમાન પરિવર્તન આવ્યું – સંયુક્ત વ્યંજનનો એકવડો વ્યંજન થવો અને પૂર્વસ્વરનું દીર્ઘ થવું – તેનાથી જુદી જાતની સ્થિતિ આ જૂથમાં જોવા મળે છે. અહીં પૂર્વસ્વર હ્રસ્વ જ રહે છે – સંયોગલોપ થાય કે ન થાય તોપણ. પ્રાકૃતના હત્થોનું પ્રાચીન પંજાબીમાં હત્થો જ રહે છે, સિંધીમાં 'હથ' થાય છે, પંજાબી-લહંદા-સિંધી જૂથ શૌરસેન ભાષાપ્રદેશમાંથી ઈ.સ.૮૦૦–૧૦૦૦ના ગાળામાં છૂટું પડ્યું જણાય છે.

રાજસ્થાની-ગુજરાતી જૂથ આ પછી ઈ.સ.૯૦૦–૧૧૦૦ના ગાળામાં શૌરસેન પ્રદેશમાંથી છૂટું પડ્યું. એટલેકે દોઆબનો અને દોઆબની દક્ષિણ-પશ્ચિમનો ભાગ અળગા થયા. ગુજરાતી-પ્રાચીન રાજસ્થાનીમાં નપુંસકલિંગ ટકી રહે છે ત્યારે દોઆબના પ્રદેશમાં એ લુપ્ત થાય છે; ગુજરાતી-રાજસ્થાની (અને વ્રજમાં પણ) પ્રથમાના 'અઉ' 'અઉં' દ્વારા 'ઓ' 'ઔ' 'ઉં'કારાંત નામો સિદ્ધ થાય છે ('ઘોડઉ'→'ઘોડો') ત્યારે દોઆબમાં પ્રથમામાં 'આ' આવી 'આ'કારાન્ત નામ સિદ્ધ થાય છે ('ઘોડા'). બહુવચનમાં ગુજરાતી-રાજસ્થાનીમાં જૂના પુંલ્લિંગરૂપ દ્વારા 'આ' આવે છે ('ઘોડા'), ત્યારે દોઆબમાં જૂના નપુંસકલિંગના રૂપ દ્વારા 'એ' આવે છે (હિં. 'ઘોડે').

: ૩ : ભારતીય-આર્યની આ ત્રીજી ભૂમિકા હજુ ચાલુ જ છે. ઈ.સ.૧૦૦૦ પછીના સમયમાં ભારતીય-આર્ય ભાષાઓએ ઘણો વિકાસ સાધ્યો છે, ફારસી, અંગ્રેજી આદિ વિદેશી ભાષાઓથી એ ખૂબ પ્રભાવિત પણ થઈ છે, પરંતુ ભાષાઓમાં સ્વરૂપગત કે વ્યવસ્થાગત મોટા ફેરફારો થયા નથી અને વિદેશી ભાષાઓનો પ્રભાવ મુખ્યત્વે શબ્દભંડોળ પૂરતો મર્યાદિત રહ્યો છે. તેથી આ આખા સમયને અર્વાચીન ભૂમિકા તરીકે જ સ્વીકારવામાં આવે છે.

: ૪ : આ ભૂમિકાની કેટલીક મહત્ત્વની ભાષાકીય લાક્ષણિકતાઓ નીચે પ્રમાણે છે :

(૧) સંપર્કમાં રહેલા સ્વરોના સંક્ષેપની પ્રક્રિયા ચાલે છે. એને કારણે કેટલીક ભાષાઓમાં વિવૃત 'એ' અને 'ઓ' એ નવા ધ્વનિઓ નીપજે છે.

(૨) પંજાબીમાં ઉદાસીન અ, અવધીમાં અઘોષ સ્વરો, ગુજરાતીમાં મર્મર સ્વરો જેવા અન્ય કેટલાક સ્વરધ્વનિઓ પણ અસ્તિત્વમાં આવે છે.

(૩) કાળક્રમે ઇ-ઈ અને ઉ-ઊના હ્રસ્વત્વ-દીર્ઘત્વનો ભેદ ઘણી ભાષાઓમાં લુપ્ત થાય છે.

(૪) સાનુનાસિક-નિરનુનાસિક સ્વરોની સ્પષ્ટ શ્રેણીઓ વિકસે છે.

(૫) તાલવ્ય વ્યંજનો ('ચ' વગેરે) સ્પર્શ-સંઘર્ષી બને છે.

(૬) સંયુક્ત વ્યંજનો એકવડા બને છે. પૂર્વસ્વર, કેટલીક ભાષાઓને અપવાદે, એકવડો બને છે.

(૭) પૂર્વભૂમિકાનાં વિસ્તારિત-અવિસ્તારિત નામિક અંગોમાંથી વિકારી અને અવિકારી નામિક અંગોના વર્ગો ઊભા થાય છે. ('આંગળ' અને 'આંગળો' 'આંગળી' 'આંગળું')

(૮) અંત્ય સ્વરો ઘસાઈ જવાથી જૂનું વિભક્તિતંત્ર સાવ લુપ્ત થઈ જાય છે અને અપભ્રંશમાં વપરાવા શરૂ થયેલા અનુગાત્મક શબ્દો વિભક્તિપ્રત્યયો રૂપે પરિણમે છે

તથા બીજા ઘણા અનુગો પણ વપરાવા લાગે છે. આ કારણે નામિક રૂપરચના કંઈક અશ્લિષ્ટ પ્રકારની બને છે.

(૯) અંત્ય સ્વરને આધારે રહેલાં નામિક અંગોના વર્ગો હવે ટકતા નથી. બધા પ્રકારનાં અંગોનાં રૂપાખ્યાન હવે એકસરખાં થાય છે. માત્ર વિકારી નામોમાં કર્તાકર્મ વિભક્તિનું અને અનુગો પૂર્વેનું એવા રૂપભેદો જોવા મળે છે.

(૧૦) લિંગની ઘણી હેરફેર થાય છે. લિંગભેદે થતા રૂપભેદો પણ નષ્ટ થાય છે. આ કારણે ઘણી ભાષાઓમાંથી નપુંસકલિંગ લુપ્ત થાય છે.

(૧૧) વિભક્તિપ્રત્યયોની નવી વ્યવસ્થામાં વિશેષણો વિભક્તિપ્રત્યય લેતાં નથી. તેથી વિશેષ્ય-વિશેષણસંબંધ સ્થાનનિયત થઈ જાય છે. પરિણામે નવ્ય ભારતીય ભાષાઓમાં પદક્રમ કેટલેક અંશે નિશ્ચિત સ્વરૂપનો થઈ જાય છે.

(૧૨) ભૂતકૃદંત પરથી ઊતરી આવેલાં આખ્યાતિક અંગોનો મોટો સમૂહ નજરે પડે છે. ભૂતકાળ ભૂતકૃદંતથી જ વ્યક્ત થાય છે. ભૂતકાળમાં કર્મણિનો અર્થ ઘસાઈ જાય છે. કર્મણિની નવી વ્યવસ્થાઓ નિપજાવાય છે.

(૧૩) ભવિષ્યકાળનું 'સ'કારવાળું રૂપ ઘણીખરી ભાષાઓમાંથી લુપ્ત થાય છે. (જુઓ હિં.'કરેગા'. ગુજરાતીમાં બચ્યું છે – 'કરશે'.)

(૧૪) ક્રિયારૂપો ઓછાં થાય છે. કાળ-અર્થને વ્યક્ત કરતાં ઘણાં સ્વતંત્ર રૂપો નષ્ટ થાય છે. સહાયકારક ક્રિયાપદોની નવી વ્યવસ્થાઓ ઊભી થાય છે અને એના વડે કાળ-અર્થની અનેકવિધ છાયાઓ વ્યક્ત થવા લાગે છે.

(૧૫) અમુક આખ્યાતોનો અવસ્થાવાચક તરીકે ઉપયોગ થાય છે.

(૧૬) દ્વિરુક્ત પ્રયોગોનું વલણ પ્રબળ બને છે.

(૧૭) ફારસી-અંગ્રેજીમાંથી ઘણું નવું શબ્દભંડોળ આવે છે અને અંગ્રેજીની અસર નીચે નવી વાક્યરચનાઓ પણ પ્રચલિત બને છે.

સંદર્ભ

ભારત-યુરોપીયની શાખાઓ : બ્લૂમફીલ્ડ, પૃ.૫૭–૬૫; ગ્લીસન, પૃ.૪૫૭–૪૬૩; હૉકિટ પૃ.૫૯૧–૫૯૩; લેમન, પૃ.૧૭–૪૦.

ભારત-યુરોપીયથી ભારતીય-આર્ય : દવે, એકમ ૭–૯; ઑલબ્રાઇટ, પૃ.૨૪–૨૬; ભાયાણી(૫), પૃ.૩૩૨–૩૩૫; બરો, પૃ.૩–૫, ૨૭–૩૦.

ભારતીય-આર્યનો વિકાસ : બ્લૉક; ભટ્ટ, પૃ.૭૭–૧૩૦; ભાયાણી(૧), પૃ.૭૮–૮૮; (૬), પૃ.૫૧–૭૧; દેસાઈ જિતેન્દ્ર, પૃ.૬૨–૧૨૬; દવે, એકમ ૧૧–૨૨, ૨૮–૩૫; વ્યાસ(૧), પૃ.૪૬–૧૦૦;

પંડિત (૧), પૃ.૨૭૪–૩૦૨.
અપભ્રંશનું સ્વરૂપ : ભાયાણી (૧), પૃ.૩૫–૪૦.

સ્વાધ્યાય

૧. માગેલી માહિતી આપો :
   (૧) ભારત-યુરોપીય પ્રજાનું મૂળ નિવાસસ્થાન :
   (૨) એનો સમય :
   (૩) ભારત-યુરોપીય ભાષાકુળનો પ્રાચીનતમ દસ્તાવેજ :
   (૪) એનો સમય :
   (૫) એની ભાષા :
   (૬) ભારત-યુરોપીય ભાષાકુળની એશિઆમાં વિસ્તરેલી શાખાઓ :
   (૭) ભારત-યુરોપીય ભાષાકુળની યુરોપમાં વિસ્તરેલી શાખાઓ :

૨. નીચેની ભાષાભૂમિકાઓની સામે એનો સમયગાળો દર્શાવો :
   (૧) વૈદિક સંસ્કૃત :
   (૨) પ્રશિષ્ટ સંસ્કૃત :
   (૩) પૂર્વકાલીન પ્રાકૃત :
   (૪) ઉત્તરકાલીન પ્રાકૃત :
   (૫) અપભ્રંશ :

૩. નીચેની રચનાઓને એમના કાળક્રમમાં ગોઠવી આપો :
   રામાયણ, મહાભારત, ઋગ્વેદ, અશોકના શિલાલેખો, બૃહત્કથા, યજુર્વેદ, પઉમચરિય

૪. નીચેની લાક્ષણિકતાઓ ભારતીય-આર્યની પ્રાચીન, મધ્યમ કે અર્વાચીન ભૂમિકાની છે તે જણાવો :
   (૧) આરંભે સંયુક્ત વ્યંજન આવી શકવા.
   (૨) આરંભે એકવડો વ્યંજન આવવો.
   (૩) સંયુક્ત વ્યંજનોનું સાદૃશ્ય થવું.
   (૪) સંયુક્ત વ્યંજનો એકવડા થવા.
   (૫) નામિક વિભક્તિતંત્રમાં ગુજરાતીને અપભ્રંશનો શો વારસો મળ્યો છે ?

૫

[૧] ગુજરાતીનો ઉદ્‌ભવ : પહેલી ભૂમિકા

: ૧ : ગુજરાતી ભાષા વિશે આપણે વિચાર કરવા બેસીએ ત્યારે સૌથી પહેલાં એ વસ્તુ આપણું ધ્યાન ખેંચે કે 'ગુજરાતી ભાષા' એવો શબ્દપ્રયોગ તો છેક સત્તરમી સદીમાં પ્રેમાનંદના 'દશમસ્કંધ'માં આપણને જોવા મળે છે. તે પહેલાં ભાલણ પોતાની ભાષાને એક વખત 'ગુર્જર ભાષા' તરીકે ઓળખાવે છે ખરા, પરંતુ સામાન્ય રીતે પ્રેમાનંદ સુધીના સર્વ કવિઓ પોતાની ભાષાને 'પ્રાકૃત' તરીકે ઓળખાવતા દેખાય છે.

પણ આમાં કંઈ અસાધારણ નથી. બાળકનું જેમ નામ મોડું પડે તેમ ભાષાને પણ પોતાનું અલગ નામ મોડું મળે. ભાષાનું અલગ વ્યક્તિત્વ બંધાતાં અને સ્વીકારાતાં સમય લાગતો હોય છે. આમેય ભાષા એક સતત પરિવર્તનશીલ પદાર્થ છે, એમાં થતાં પરિવર્તનો અત્યંત ધીમાં અને લાંબા સમયપટ પર ફેલાયેલાં હોય છે. તેથી 'નવી ભાષા'ના ઉદ્‌ગમકાળ તરીકે સમયના કોઈ એક ચોક્કસ બિંદુ પર આંગળી મૂકવી અશક્ય છે. માત્ર અભ્યાસની સગવડ ખાતર બદલાતાં મહત્ત્વનાં ભાષાકીય વલણોને લક્ષમાં રાખીને આપણે ભાષાવિકાસના તૂબક્કાઓ વ્યાપકભાવે જુદા પાડી શકીએ ખરા. ભાષાવિકાસની ધીમી ગતિને કારણે ભાષા બદલાઈ રહી છે એવો ભાસ થતો નથી અને પરિણામે ભાષાનાં જૂનાં નામો ભાષામાં ઠીકઠીક પરિવર્તન આવ્યા પછી પણ ચાલુ રહેતાં હોય છે.

બીજી બાજુથી, ભાષા વિકાસ પામે તેની સાથે કે તેની પછી એના પ્રચારની ભૌગોલિક-રાજકીય સીમાઓ પણ ઘણી વાર બદલાતી હોય છે, અને ભાષાને નામ મળતું હોય છે ભૌગોલિક-રાજકીય સીમાઓથી. તેથી બદલાયેલાં નામો ભાષાના સાતત્યને સમજવામાં અવરોધરૂપ બને એવો પણ સંભવ હોય છે.

પરિણામે ગુજરાતી ભાષાનો ઉદ્‌ગમકાળ નક્કી કરવા માટે ભાષાના નામની ચિંતા કર્યા વિના આપણે જોવાનું એટલું જ રહે કે આગળ દર્શાવ્યાં તે અપભ્રંશોત્તર ભૂમિકાનાં લક્ષણો ગુજરાતી ભાષાની પૂર્વપરંપરામાં ક્યારે અને ક્યાં પ્રગટ થતાં દેખાય છે.

: ૨ : અપભ્રંશોત્તર ભૂમિકાનાં (આજની ગુજરાતીમાં સ્થિર થયેલાં) કેટલાંક મહત્ત્વનાં લક્ષણો જેમાં સ્પષ્ટપણે વ્યક્ત થયાં હોય એવી સાહિત્યરચનાઓ બારમીતેરમી સદીમાં આપણને મળે છે, જેમકે વજ્રસેનકૃત 'ભરતેશ્વર-બાહુબલિ-ઘોર' (ઈ.સ.૧૧૬૯ આસપાસ), શાલિભદ્રકૃત 'ભરતેશ્વર-બાહુબલિ-રાસ' (ઈ.સ.૧૧૮૫), ધર્મકૃત

'જંબુસામિચરિય' (ઈ.સ.૧૨૧૦) અને વિજયસેનસૂરિકૃત 'રેવંતગિરિરાસુ' (ઈ.સ.૧૨૩૦ આસપાસ). પણ સાહિત્યમાં પ્રતિષ્ઠિત બનેલાં લક્ષણો બોલચાલમાં તો ઘણાં વહેલાં આવી ગયેલાં હોય છે એટલે અપભ્રંશોત્તર ભૂમિકાનો આરંભ બારમી સદીથીયે વહેલો થયો હોવાનું ખુશીથી માની શકાય.

આ માન્યતાનું સમર્થન કરે એવા કેટલાક સંકેતો પણ મળી આવે છે. જેમકે હેમચંદ્રના 'સિદ્ધહૈમ શબ્દાનુશાસન' (બારમી સદી)ના અપભ્રંશ વ્યાકરણવિભાગમાં દૃષ્ટાંત રૂપે જે દુહાઓ આપવામાં આવ્યા છે તેમાં અપભ્રંશોત્તર ભૂમિકાનાં ભાષાલક્ષણો પણ ક્યાંક-ક્યાંક ડોકાઈ જાય છે. એનો અર્થ એ થાય કે તત્કાલીન લોકબોલીમાં પરિવર્તન થઈ ચૂક્યું છે અને એની છાયા હેમચંદ્રે આપેલાં ઉદાહરણોની અપભ્રંશ ભાષા પર પડી છે. આ પહેલાં છેક ઈ.સ.૧૦૧૪માં ભોજે પણ પોતાના 'સરસ્વતીકંઠાભરણ'માં 'ગુર્જરોના પોતાના અપભ્રંશ'નો ઉલ્લેખ કર્યો હતો (अपभ्रंशेन तुष्यन्ति स्वेन नान्येन गुर्जराः). તે ઉલ્લેખ પણ સૂચવે છે કે ગુર્જરોની ભૂમિમાં અપભ્રંશોત્તર ભાષાભૂમિકાનો ઉદય થવા લાગ્યો હતો. આ રીતે, આજની ગુજરાતીની પૂર્વપરંપરાનો છેડો આપણને દશમી-બારમી સદીમાં દેખાય છે. એને ગુજરાતીનો ઉદ્ગમકાળ ગણી શકાય.

: ૩ : પણ અહીં એક હકીકત ખાસ ધ્યાન માગી લે છે. તે એ કે દશમી-બારમી સદીની આ ભાષા આજના ગુજરાતની સીમાઓ પૂરતી મર્યાદિત નહોતી. ગુર્જરો જુદેજુદે સમયે પંજાબ, રજપૂતાના, મધ્ય ભારત અને ગુજરાતના ભાગોમાં વસતા રહ્યા છે, શાસન કરતા રહ્યા છે અને એ રીતે ગુર્જર દેશ – ગુજરાતની સીમાઓ આજથી ભિન્ન અને ઘણી વિસ્તૃત રહી છે. જોધપુરની અગ્નિદિશામાં આવેલું 'ભિન્નમાલ' કે 'શ્રીમાલ' છેક સાતમી સદીમાં ગુર્જરની રાજધાની હોવાનું નોંધાયું છે. કનોજ, ધારા, અને પછી અણહિલવાડ પાટણ ગુર્જરશાસનનાં કેન્દ્ર બન્યાં છે. ઈ.સ.૧૦૫૦ પછી ધારાનું પરમારશાસન તૂટે છે અને ભીમદેવ સારસ્વતમંડલનો રાજા બની આજના ગુજરાતના ભાગોને એક ચક્ર નીચે લાવે છે ત્યારે એ ગુર્જરભૂમિ તરીકે ઓળખાય છે. પણ ત્યાર પછીયે બારમી સદીમાં જયસિંહ સિદ્ધરાજ અણહિલવાડને રાજધાની રાખી ગુજરાત, રજપૂતાના અને માળવાના પ્રદેશો પર રાજ્ય કરે છે.

પરિણામે, દશમી-બારમી સદીમાં અપભ્રંશોત્તર ભૂમિકાની જે ભાષા ઉદ્ભવી તે એક વિશાળ પ્રદેશની ભાષા હતી – આજના ગુજરાત-રાજસ્થાન-માળવાના પ્રદેશની. સ્થૂળ રીતે કહેવું હોય તો છેક દ્વારકાથી માંડીને મથુરા સુધીના પ્રદેશની. એમાંથી આજની ગુજરાતી અને રાજસ્થાની ભાષા તથા મારવાડી, મેવાતી, જયપુરી, મેવાડી, માળવી, ખાનદેશી વગેરે બોલીઓ વિકસી છે.

આ સંદર્ભમાં એવો પ્રશ્ન સહેજે થાય કે આ ભાષાને 'ગુજરાતી' (ગુજરાતીની

પહેલી ભૂમિકા કે પ્રાચીન ગુજરાતી) કહી શકાય ખરી ? રાજસ્થાનીઓ એને પ્રાચીન રાજસ્થાની તરીકે ઓળખાવવાના. એ ભાષાને જુદાંજુદાં નામોથી ઓળખાવવાના પ્રયત્નો થયા છે, જેમકે તેસ્સિતોરીએ એને 'પ્રાચીન પશ્ચિમ રાજસ્થાની' તરીકે, નરસિંહરાવે 'અંતિમ અપભ્રંશ' કે 'ગૌર્જર અપભ્રંશ' તરીકે, કે. હ. ધ્રુવે 'અપભ્રંશ' કે 'પ્રાચીન ગુજરાતી' તરીકે, કે. કા. શાસ્ત્રીએ 'ગુર્જર ભાષા' કે 'જૂની ગુજરાતી' તરીકે અને ઉમાશંકરે 'મારુ-ગુર્જર' તરીકે ઓળખાવી છે.

અપભ્રંશોત્તર ભૂમિકાની આ ભાષાને 'અપભ્રંશ' (અંતિમ કે ગૌર્જર) તરીકે ઓળખાવવામાં તો ભારે જોખમ છે, કેમકે એથી એ અપભ્રંશનો જ એક પ્રકાર લેખાઈ જાય અને નવી ભૂમિકાનો ઉદય થયો છે એ હકીકતનું વિસ્મરણ થાય. 'રાજસ્થાની' અને 'મારુ-ગુર્જર' એ આધુનિક સમયનાં નામો છે અને પ્રાચીન સમયની ભાષાકીય પરિસ્થિતિને વ્યક્ત કરવા એ કેટલે અંશે કામ આવી શકે એ શંકાસ્પદ છે. 'રાજસ્થાન' ત્યારે હતું જ નહીં અને 'મારુ' અને 'ગુર્જર'નો ભેદ શિષ્ટ કે સાહિત્યભાષાની કક્ષાએ નહોતો. (ઈ.સ.૭૭૮માં ઉદ્યોતનસૂરિ 'કુવલયમાલા'માં મારુ, ગુજ્જર અને લાડની બોલીઓનો નિર્દેશ કરે છે.)

હકીકતમાં આઠમીથી અગિયારમી સદી સુધી પશ્ચિમ રજપૂતાના અને ઉત્તર ગુજરાતનો ઘણો ભાગ સંયુક્તપણે 'ગુજ્જરત્તા' કે 'ગુર્જરત્રા' તરીકે ઓળખાતો હતો. તો એ સમયની ભાષાને ગુર્જર ભાષા કે ગુજરાતી ભાષા કહેવામાં શું ખોટું ? વળી, નપુંસકલિંગની જાળવણી જેવી કેટલીક બાબતોમાં આજની ગુજરાતીએ પ્રાચીન ભાષાભૂમિકાનો વારસો રાખ્યો છે; રાજસ્થાન પ્રદેશની ભાષા તો ખરેખર બીજી અસરો નીચે આવી સમગ્ર ભાષાવિસ્તારથી છૂટી પડે છે. એ બધું જોતાં ડૉ. ટી. એન. દવે, ડૉ. ભાયાણી જેવા વિદ્વાનો દશમી-બારમી સદીમાં ઉદ્‌ભવેલી વિશાળ પ્રદેશની આ ભાષાને 'ગુજરાતી' (કે ગુજરાતીની પહેલી ભૂમિકા કે પ્રાચીન ગુજરાતી) કહેવાનું પસંદ કરે છે; જોકે ખરી પરિસ્થિતિ આપણા લક્ષમાં હોય તો નામનો પ્રશ્ન ગૌણ બની રહે છે.

ઉપર કહી તેવી રાજકીય પરિસ્થિતિ અને પ્રવાસશીલ વેપારીવર્ગ તથા જૈન સાધુવર્ગના વર્ચસને કારણે ગુજરાત-રાજસ્થાનના પ્રદેશો પર ઈ.સ.ના લગભગ ચૌદમા સૈકા સુધી એક સહિયારી સાહિત્યભાષાની સ્થિતિ ચાલુ રહે છે. એટલે પ્રાચીન પશ્ચિમ રાજસ્થાની કે મારુ-ગુર્જર કે જૂની ગુજરાતીનો સમય આપણે ઈ.સ.ની દશમી-બારમી સદીથી ઈ.સ.ની ચૌદમી સદી સુધીનો ગણી શકીએ.

: ૪ : આ ભાષાભૂમિકાનાં કેટલાંક મહત્ત્વનાં, ખાસ કરીને એને અપભ્રંશથી જુદી પાડતાં, લક્ષણો આ પ્રમાણે છે :

ધ્વનિવિકાસની વાત કરીએ તો, (૧) અપભ્રંશના સંયુક્ત વ્યંજનો એકવડા બને

છે (પાછળનો વ્યંજન રહે છે) અને એની પહેલાંનો સ્વર દીર્ઘ બને છે. જેમકે, સં. કર્મનું પ્રાકૃત-અપભ્રંશમાં કમ્મ થયું હતું, જૂની ગુજરાતીમાં એનું 'કામ' થાય છે.

(૨) સંયુક્ત વ્યંજનોમાં પૂર્વવ્યંજન જ્યારે અનુનાસિક હોય ત્યારે એ લુપ્ત થાય છે અને દીર્ઘ થયેલો પૂર્વસ્વર સાનુનાસિક બને છે. જેમકે સં. પञ्च, પ્રા.-અપ. પંચ, ગુ. 'પાંચ'. આ રીતે સાનુનાસિક સ્વરોની શ્રેણીનો ધ્વનિતંત્રમાં ઉમેરો થાય છે.

(૩) અંત્ય 'ઉ'કાર – ખાસ કરીને અપભ્રંશના પુંલ્લિંગ પ્રથમા-દ્વિતીયાના એકવચનના – નો 'અ' થાય છે. જેમકે, સં. कुम्भकारः, અપ. कुम्भआरुમાંથી 'કુંભાર'.

(૪) અમુક ધ્વનિસંદર્ભમાં 'હ'કાર અને 'વ'કારનો લોપ થાય છે. જેમકે અપ. बारह > ગુ. 'બાર'; સં.लेखशाला, પ્રા.-અપ.लेहसाल, જૂ.ગુ. 'લેસાલ', અર્વા. ગુ. 'નિશાળ'. 'ગાંધીજી'નો 'જી' (<जिअ <जीव), 'આણલદે'નો 'દે' (<देई <देवी)માં 'વ'કારલોપ છે, જોકે એનો સમય નિર્ણીત કરી શકાતો નથી.

(૫) અમુક સંયોગોમાં પ્રથમ વર્ણ રૂપે રહેલા 'અ' 'ઉ'નો અપભ્રંશમાં લોપ થતો હતો તે પ્રક્રિયા ગુજરાતીમાં પણ નજરે ચડે છે : સં.आक्षेति, પ્રા.-અપ.अच्छइ, ગુજ.'છઇ' 'છે'; સં.अन्यदपि, પ્રા.-અપ. अन्नइ, ગુ. 'નઇ' 'ને'. અને સંપર્કમાં રહેલા સ્વરોનો સંકોચ થવાની પ્રક્રિયા પણ ચાલુ રહે છે, આગળ વધે છે : સં. अवपूरयति, પ્રા.-અપ. अवपूरइ, *ओउरइ, ગુ. 'ઓરે'; અપ. करिअ > ગુજ. 'કરી' (સં.ભૂ.કૃ.); અપ. थोअडउं > ગુ. 'થોડું'.

રૂપવિકાસની વાત કરીએ તો, (૧) અપભ્રંશ સુધીમાં સંસ્કૃતનું વિભક્તિતંત્ર વિચ્છિન્ન થઈ ગયેલું અને સંસ્કૃતના પ્રત્યયો ઘસાઈ જતાં નવા વિભક્તિદર્શક અનુગોનો પ્રચાર થવા લાગેલો. જૂની ગુજરાતીમાં આ પ્રક્રિયા આગળ ચાલે છે. અને 'સિઉં' 'નઇ' 'થિકઉ' 'પાસિ' વગેરે નવા અનુગો પ્રચારમાં આવે છે.

(૨) 'છ' અને 'હો' અંગનાં પ્રાચીન રૂપો સહાયકારક તરીકે પ્રયોજાવા લાગે છે અને કૃદંતમૂલક મિશ્ર કાળોની રચના થવા લાગે છે; જેમકે 'કરઇ છઇ' 'કરતઉ હતઉ' ઇત્યાદિ.

(૩) આ બન્નેને પરિણામે ગુજરાતીનું બંધારણ વધુ વ્યસ્તતા કે અશ્લિષ્ટતા ધરાવતું થાય છે.

શબ્દભંડોળની દૃષ્ટિએ જોઈએ તો, (૧) ખુલ્લા અક્ષરો એટલેકે બે સ્વર વચ્ચે રહેલા વ્યંજનો બોલવાની ખાસિયતને કારણે સંસ્કૃત શબ્દો એમના અધિકૃત રૂપમાં અપનાવવાનું શક્ય બને છે. તેથી ગુજરાતીમાં સંસ્કૃત તત્સમ શબ્દોનો વપરાશ વધતો જાય છે. પ્રાકૃત-અપભ્રંશકાળમાં સ્વર પછી આવતો બેવડો વ્યંજન જ ટકી શક્યો હતો. એકવડો વ્યંજન ઉચ્ચારી શકાતો નહોતો. જેથી વચનનું વયણ થયું હતું; હવે 'વચન'નું ઉચ્ચારણ થઈ શકે છે.

(૨) અપભ્રંશમાં અજ્ઞાત મૂળના 'દેશ્ય' શબ્દોનું ઘણું ભરણું થયેલું. આ પ્રક્રિયા ગુજરાતીમાં ચાલુ રહે છે અને અનેક નવતર શબ્દો – કદાચ ગુર્જરોની ભાષામાંથી – આવે છે.

(૩) રવાનુકારી અને દ્વિરુક્ત શબ્દોના પ્રમાણમાં પણ વધારો થાય છે.

[૨] ગુજરાતીનો વિકાસ : બીજી ભૂમિકા

: ૧ : ઈ.સ.૧૨૯૭માં ગુજરાત પર અલ્લાઉદ્દીન ખીલજીનું આક્રમણ આવે છે અને પરિણામે ગુજરાતમાં મુસ્લિમ રાજ્ય-અમલનાં મંડાણ થાય છે. ગુજરાત-રાજસ્થાનના સાંસ્કૃતિક સંબંધો એને કારણે શિથિલ થયા હશે એમ જણાય છે. ઈ.સ.૧૪૦૭માં તો ગુજરાતની સલ્તનત સ્વતંત્ર બને છે અને દિલ્હી સાથેના એના સંબંધનો તંતુ પણ કપાઈ જાય છે. ઈ.સ.૧૪૧૧માં ગુજરાતની રાજધાની પાટણથી ખસીને અમદાવાદ આવે છે – ગુજરાત-રાજસ્થાનને એ રીતે છેટું પડવા લાગે છે. બીજી બાજુથી રજપૂતાનાનાં રાજ્યો દિલ્હીની નિકટમાં રહે છે અને તેનો ભાષાકીય પ્રભાવ ઝીલે છે. આનું પરિણામ એ આવે છે કે ગુજરાત અને રાજસ્થાનની ભાષાઓ અલગ પડવા લાગે છે.

ગુજરાતી-રાજસ્થાની-માળવી જૂથમાંથી સૌથી પહેલી જયપુરી ઈ.સ. પંદરમા શતકના આરંભમાં છૂટી પડે છે. ત્યારબાદ પંદરમી સદીમાં જ ગુજરાતી, મારવાડી અને માળવી પણ જુદી પડે છે. પંદરમી-સોળમી સદીથી (નરસિંહ-ભાલણના સમયથી) ગુજરાતી લગભગ આજના ગુજરાતની ભાષા તરીકે વિકસવા લાગે છે.

આ ગુજરાતીની બીજી ભૂમિકા કે મધ્યકાલીન ગુજરાતી. ઈ.સ.૧૬૫૦ સુધી એટલેકે અખાના કવનકાળ સુધી આ ભૂમિકા ચાલુ રહે છે. એટલે ગુજરાતીની બીજી ભૂમિકાનો સમય આપણે ઈ.સ.ની પંદરમી સદીથી સત્તરમી સદીના પૂર્વાર્ધ સુધીનો ગણી શકીએ.

: ૨ : આ બીજી ભૂમિકાનાં, એને પહેલી ભૂમિકાથી (અને રાજસ્થાનીથી) જુદી પાડનારાં કેટલાંક ભાષાલક્ષણો આ પ્રમાણે છે :

ધ્વનિવિકાસની દૃષ્ટિએ, (૧) અપભ્રંશના 'અઈ' અને 'અઉ' એ સ્વરયુગ્મોને સ્થાને અમુક પરિસ્થિતિઓમાં વિવૃત 'એ' અને 'ઓ' આવે છે. જેમકે પઇસઇ પરથી 'પેસે', ચઉક પરથી 'ચોક' ઇત્યાદિ. વિવૃત 'એ' અને 'ઓ' ગુજરાતીની એક આગવી લાક્ષણિકતા બની રહે છે.

(૨) બીજા અક્ષરમાં 'આ' હોય ત્યારે પહેલા અક્ષરના 'આ'નો 'અ' થાય છે. જેમકે 'આણાવઇ'નું 'અણાવે', 'આવાસ'નું 'અવાસ', 'આષાઢ'નું 'અસાડ'.

(૩) અનન્ત્ય 'ઇ' અને 'ઉ'નો 'અ' થાય છે. જેમકે લિખઇનું 'લખે', છુરઉનું 'છરો'

થાય છે.

(૪) સ્વીકૃત શબ્દોમાં 'અ'ના આગમ વડે સંયુક્ત વ્યંજનો વિશ્લિષ્ટ બને છે. જેમકે, ધર્મ'નું 'ધરમ', 'સૂત્ર'નું 'સૂતર', 'તર્ફ'નું 'તરફ' વગેરે.

(૫) મધ્યવર્તી 'લ'નો 'ળ' થાય છે. જેમકે મિલઇનું 'મળે' થાય છે. ખરેખર તો આ પ્રક્રિયા પ્રાકૃત-અપભ્રંશથી શરૂ થઈ ચૂકેલી હોવાનું હવે મનાય છે.

(૬) 'ઇ' 'ઉ'માં હ્રસ્વત્વ-દીર્ઘત્વભેદનો લોપ આ સમયનો જ વિકાસ છે.

રૂપવિકાસની દૃષ્ટિએ, (૧) કર્મણિનું 'આ' પ્રત્યયવાળું નવું રૂપ પ્રચારમાં આવે છે. જેમકે 'કરીઇ'ને સ્થાને 'કરાય'.

(૨) વર્તમાનકાળના પહેલો પુરુષ બહુવચનનું 'ઈએ'વાળું રૂપ ('કરીએ' : જૂનું રૂપ કરહુ) જેવાં નવાં આખ્યાતિક રૂપો સિદ્ધ થાય છે.

(૩) ઇસિउं, રહઇં જેવા કેટલાક પ્રયોગો રાજસ્થાનીમાં સીમિત રહે છે. ગુજરાતીમાં ઇસિउંને સ્થાને 'એહવઉં' અને રહઇંને સ્થાને 'નઇ' અનુગ પ્રચલિત થાય છે.

શબ્દભંડોળની દૃષ્ટિએ, (૧) પુરાણો સાથે પ્રસ્થાપિત થયેલા ગાઢ સંપર્કને કારણે સંસ્કૃત તત્સમ શબ્દો અને સમાસરચનાઓ પ્રચુર માત્રામાં નજરે પડે છે.

(૨) મુસ્લિમો સાથેના ગાઢ સંપર્કને કારણે અનેક ફારસી-અરબી શબ્દો પણ ભાષામાં ઉમેરાય છે.

[૩] ગુજરાતીનો વિકાસ : ત્રીજી ભૂમિકા

: ૧ : બીજી ભૂમિકામાં ભાષામાં જે લક્ષણો વિકસતાં બતાવ્યાં છે તે સત્તરમી સદીના પૂર્વાર્ધ સુધીમાં ભાષાનાં સ્થિર અંગરૂપ બની જાય છે અને સત્તરમી સદીના ઉત્તરાર્ધથી એટલેકે વિશ્વનાથ જાની અને પ્રેમાનંદના સમયથી ધ્વનિતંત્ર અને રૂપતંત્રની દૃષ્ટિએ તો લગભગ આજની ગુજરાતી ભાષાનું સ્વરૂપ નજરે પડે છે. પછીના સમયમાં અંગ્રેજી ભાષાના સંપર્કને કારણે ગુજરાતી ભાષાના શબ્દભંડોળનો ઘણોબધો વિકાસ થયો છે અને ઘણા નવા રૂઢિપ્રયોગો અને નવી વાક્યરચનાઓ પણ ગુજરાતીમાં પ્રવેશ્યાં છે. નર્મદ, ગોવર્ધનરામ, નાનાલાલ, બલવંતરાય, ગાંધીજી આદિને હાથે ગુજરાતી ભાષાની ઘણી નિગૂઢ શક્તિઓ પ્રગટ થઈ છે એ રીતે એ ગુજરાતી ભાષાનું એક નોંધપાત્ર સ્થિત્યંતર કે વિકાસસોપાન છે. આમ છતાં, ઉચ્ચારણ અને વ્યાકરણ જેવા ઘટકોમાં કોઈ મોટું કે પાયાનું પરિવર્તન ન થયું હોવાથી પ્રેમાનંદકાળથી આજ સુધીની ભાષાને એક ભૂમિકાની ગણીએ અને અંગ્રેજી સંપર્ક પછીના ભાષાવિકાસને પેટાતબક્કામાં મૂકીએ તો ચાલે. એટલે સત્તરમી સદીના ઉત્તરાર્ધથી આજ સુધીની તે ગુજરાતીની ત્રીજી ભૂમિકા કે અર્વાચીન ગુજરાતી.

: ૨ : આ ત્રીજી ભૂમિકાનાં પણ કેટલાંક વિશિષ્ટ ભાષાલક્ષણો બતાવી શકાય :

ધ્વનિવિકાસની દૃષ્ટિએ, (૧) સૌથી ધ્યાન ખેંચતું લક્ષણ તે અંત્ય તથા અમુક પરિસ્થિતિઓમાં મધ્યવર્તી 'અ'નો લોપ છે : જેમકે, 'રમત'નું 'રમત્', 'બોલતો'નું 'બોલ્તો', 'અમદાવાદ'નું 'અમ્દાવાદ્', 'અંગરખું'નું 'અંગર્ખું', 'કરવત'નું 'કર્વત્' વગેરે.

(૨) 'હ' 'હિ' કે 'હુ'નો 'હે' કે 'હો' થાય છે. જેમકે, 'રહંટ'નું 'રહેંટ', 'બહિરઉં'નું 'બહેરું', 'શહર'નું 'શહેર', (પ્રહર >) 'પહરુ'નું 'પહોર', 'પહુલઉં'નું 'પહોળું' વગેરે.

(૩) તાલવ્ય 'ઇ' 'ય' પૂર્વે 'સ'નો 'શ' થાય છે. જેમકે 'કરિસ્યઇ'નું 'કરશે', 'કસિઉં'/'કસ્યું'નું 'કશું', 'સિઉં'/'સ્યું'નું 'શું' વગેરે.

રૂપવિકાસની દૃષ્ટિએ, (૧) બહુવચનનો 'ઓ' પ્રત્યય પ્રચારમાં આવે છે.

(૨) 'વિધ્યર્થ + માં + આવ્'વાળી કર્મણિની રચના થવા લાગે છે. જેમકે 'લખવામાં આવ્યું' વગેરે.


શબ્દભંડોળની દૃષ્ટિએ, (૧) ઓગણીસમી સદીથી અંગ્રેજી શબ્દો વપરાતા થયા અને એનું ભરણું વધતું ચાલે છે; તે ઉપરાંત અંગ્રેજીના સીધા અનુવાદરૂપ 'પગલાં લેવાં' જેવા ઘણા રૂઢિપ્રયોગો પણ ગુજરાતી ભાષામાં દાખલ થાય છે.

[૪] ગુજરાતીની પડોશભાષાઓ

ગુજરાતી ગુજરાત રાજ્યની માન્ય ભાષા છે. ગુજરાતની સીમાઓ અત્યારે આ પ્રમાણે છે (પાછળના પાના પરનો ગુજરાતનો નકશો જુઓ) : કચ્છ, કાઠિયાવાડ સમેત સમગ્ર પશ્ચિમ સીમાએ તથા કાઠિયાવાડની દક્ષિણે અરબી સમુદ્ર, ઉત્તરે કચ્છનું રણ અને પાકિસ્તાનનો સિંધ પ્રદેશ, ઉત્તર-પૂર્વ સીમાએ રાજસ્થાન, મધ્ય-પૂર્વ સીમાએ મધ્યપ્રદેશ અને દક્ષિણ-પૂર્વ તથા દક્ષિણ સીમાએ મહારાષ્ટ્ર. ગુજરાતમાં બોલાતી ગુજરાતી ભાષા અનેક બોલીઓમાં વહેંચાયેલી છે. અને એની બધી સીમાઓએ પણ એ જુદીજુદી ભાષાઓ-બોલીઓ સાથે મળે છે, ભળે છે.

ગુજરાત રાજ્યમાં ઉત્તર ભાગમાં આવેલા કચ્છ પ્રદેશની જનભાષા કચ્છી છે. એ ગુજરાતીની નહીં પણ સિંધી ભાષાની શાખા છે; જોકે અત્યારે કચ્છમાં શિક્ષણ-સંસ્કારની અને રાજ્યની ભાષા તરીકે સ્વીકારાયેલી ગુજરાતી ઝડપથી કચ્છીને ખસેડી રહી છે. કચ્છની ઉત્તરે પાકિસ્તાનનો સિંધ પ્રદેશ છે ત્યાં જનભાષા સિંધી છે પણ રાજ્યભાષા ઉર્દૂ છે.

ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા અને (ઝાલોદ સુધીના) પંચમહાલ જિલ્લાઓની સરહદે રાજસ્થાન ફેલાયેલું છે. તેની રાજ્યભાષા હિંદી છે પણ એમાં મારવાડી-મેવાડી-જયપુરી વગેરે જનભાષાઓ બોલાય છે, જેમનું ગુજરાતી સાથે ઘણું



મળતાપણું છે. બનાસકાંઠાની સરહદે, પાલનપુરની ઉત્તરે આબુ-સિરોહીના પ્રદેશની જનભાષા મારવાડી છે અને સાબરકાંઠાની સરહદે, ખેડબ્રહ્મા, ઈડર, ડુંગરપુરની ઉત્તર-પૂર્વ દિશામાં ઉદેપુર-ચિતોડના વિસ્તારની જનભાષા મેવાડી છે.

ઝાલોદથી શરૂ કરીને દાહોદ, છોટાઉદેપુર થઈને રાજપીપળા સુધીની પંચમહાલ અને વડોદરા જિલ્લાઓની પૂર્વ સરહદે મધ્યપ્રદેશનું રાજ્ય છે. એની પણ રાજ્યભાષા

હિંદી છે, પરંતુ આ સરહદે મધ્યપ્રદેશના ઉજ્જૈન આસપાસના વિસ્તારની જનભાષા માળવી છે અને તેની નીચેના પ્રદેશની નિમાડી છે, જેની સાથે પણ ગુજરાતીનો ઘણો જૂનો સંબંધ છે.

એ નોંધપાત્ર છે કે બનાસકાંઠાના છેક ઉત્તરી ભાગથી એટલે આબુ-સિરોહીના પ્રદેશથી ડુંગરપુર-વાંસવાડા થઈ રાજપીપળા સુધીની સમગ્ર સરહદે ભીલી બોલીઓના પ્રદેશો આવેલા છે. આ ભીલી બોલીઓ પણ ગુજરાતી સાથે ઘણું મળતાપણું ધરાવે છે.

રાજપીપળાથી શરૂ કરી ભરૂચ, સુરત, ડાંગ અને વલસાડ જિલ્લાઓની સમગ્ર સરહદે મહારાષ્ટ્ર રાજ્ય આવેલું છે. તેની રાજ્યભાષા મરાઠી છે, પરંતુ સુરત જિલ્લા અને ડાંગ જિલ્લાની સરહદે મહારાષ્ટ્રમાં જનભાષા ખાનદેશી છે, જેની સાથે પણ ગુજરાતીને ઘણો નિકટનો સંબંધ છે. એનાથી નીચેના પ્રદેશમાં ગુજરાતી-મરાઠી એકબીજીની સાથે મળે છે. છેક દક્ષિણમાં અરબી સમુદ્રના કિનારાના પ્રદેશમાં ગુજરાતી મહારાષ્ટ્રની જનભાષા કોંકણી સાથે સંપર્કમાં આવે છે, જેની સાથે એ મરાઠી કરતાં વિશેષ મળતાપણું ધરાવે છે.

આ રીતે ગુજરાતીની પડોશભાષાઓનો આવો નકશો ઊભો થાય છે : ઉત્તરે કચ્છી અને સિંધી (માન્યભાષા ઉર્દૂ), ઉત્તર-પૂર્વમાં મારવાડી અને મેવાડી (માન્યભાષા હિંદી), પૂર્વમાં માળવી અને નિમાડી (માન્યભાષા હિંદી), દક્ષિણ-પૂર્વમાં ખાનદેશી અને દક્ષિણમાં મરાઠી અને કોંકણી. ગુજરાતીની પડોશભાષાઓનું આ ચિત્ર આપણે આગળ નોંધેલા કુલસંબંધોને પણ કેટલેક અંશે સ્ફુટ કરી આપશે.

[૫] ગુજરાતીના વ્યાકરણમાં પરિવર્તન

: ૧ : કોઈ પણ વિકસતી ભાષાનાં સર્વ અંગોમાં પરિવર્તન આવતું હોય છે. ગુજરાતી ભાષાના વિકાસ દરમ્યાન પણ એનાં ધ્વનિતંત્ર, રૂપતંત્ર, શબ્દરાશિ આદિમાં સમયેસમયે પરિવર્તનો થયેલાં છે. કેટલાંક ધ્વનિપરિવર્તનોનો વિચાર આપણે આ પછીના પ્રકરણમાં કરવાના છીએ. અહીં આપણે વ્યાકરણગત પરિવર્તનના અને શબ્દરાશિમાં થયેલા ફેરફારો અંગેના મહત્ત્વના મુદ્દાઓ નોંધીએ.

વ્યાકરણગત પરિવર્તન એટલે નામિક-આખ્યાતિક રૂપાખ્યાનો, વિવિધ વ્યાકરણી કોટિઓ, વાક્યરચનાની રીતિ આદિમાં થયેલા ફેરફારો. ગુજરાતી ભાષાના નામિક રૂપાખ્યાનમાં બે-ત્રણ વસ્તુ ધ્યાન ખેંચે છે. એક તો, અપભ્રંશના 'અઉ' અને 'અઉં'માંથી 'ઓ'કારાન્ત અને 'ઉં'કારાંત નામોની સિદ્ધિ. નામ એટલેકે સંજ્ઞા અને વિશેષણ એ બન્નેમાં આ જાતનાં અંગો સિદ્ધ થયેલાં છે : ઘોડો, છોકરું; સારો, સારું. આને કારણે ગુજરાતીમાં

સંજ્ઞા અને વિશેષણ પરત્વે વિકારી અને અવિકારી એવો ભેદ ઊભો થયો.

બીજું, ગુજરાતીમાં બહુવચનનો પ્રત્યય 'ઓ' ત્રીજી ભૂમિકાથી વપરાશમાં આવે છે. સંસ્કૃતનું દ્વિવચન તો અપભ્રંશકાળ સુધીમાં લુપ્ત થઈ ચૂકેલું. બહુવચનનો 'આ' પ્રત્યય પણ લુપ્તપ્રાય હતો. તેમાં વિકારી નામો અમુક પરિસ્થિતિમાં 'આ'કારાંત બનતાં હતાં એટલે બહુવચન વ્યક્ત કરવા માટે નવા સાધનની જરૂરિયાત ઊભી થઈ હશે.

ત્રીજું, વિભક્તિસંબંધો વ્યક્ત કરતા સંસ્કૃતના પ્રત્યયોમાંથી ઘણા અપભ્રંશકાળ સુધીમાં ઘસાઈ ચૂક્યા હતા (ચારેક જળવાયેલા), એટલે વિભક્તિસંબંધો વ્યક્ત કરવાની સમગ્ર વ્યવસ્થા અપભ્રંશે અને પછીથી ગુજરાતીએ નવેસરથી ઊભી કરવી પડી. અપભ્રંશકાળમાં કેટલાક અનુગો પ્રચારમાં આવ્યા. ગુજરાતીના વિકાસ દરમ્યાન એમાં 'ને' 'થી' 'નું' 'માં'નો ઉમેરો થયો. 'વડે' 'વતી' '-એ કરી' 'માટે' 'વાસ્તે' 'કાજે' 'સારુ' 'ખાતર' 'તણું' 'કેરું' 'પર' 'ઉપર' 'વિશે' આદિ અનેક નામયોગીઓ પણ આ હેતુ માટે પ્રયોજાવા લાગ્યા. આમ ગુજરાતીમાં પોતાનું આગવું અને નવું વિભક્તિતંત્ર અસ્તિત્વમાં આવ્યું. સર્વનામોમાં રૂપાખ્યાનો પણ બહુધા સંજ્ઞાઓનાં રૂપાખ્યાનોની રીતે થવા લાગ્યાં. આ વિભક્તિદર્શક અનુગો અને નામયોગીઓ સંબંધોની અનેક સૂક્ષ્મ અને સંકુલ છાયાઓને વ્યક્ત કરતા થાય છે.

આખ્યાતિક રૂપાખ્યાનની વાત કરીએ તો, પ્રાકૃત ભૂમિકાથી જ સંસ્કૃતના કર્મણિ ભૂતકૃદંત પરથી ઊતરી આવેલાં રૂપોના ઉપયોગથી જ ભૂતકાળ દર્શાવવાનું શરૂ થઈ ચૂક્યું હતું. ગુજરાતીની વિશેષતા એ છે કે એણે 'એલ' પ્રત્યયથી વિસ્તારિત, દૂરવર્તી ભૂતકાળ દર્શાવતું રૂપ ('કરેલું' ઇત્યાદિ) ઉપજાવ્યું. તદુપરાંત, આ કર્મણિ રૂપોએ કર્મણિનો અર્થ લગભગ ગુમાવ્યો એમ પણ કહી શકાય. 'છોકરો હસ્યો' 'હું શીખંડ જમ્યો' જેવા કેટલાક ધાતુઓના પ્રયોગો તેમજ 'મેં પુસ્તક વાંચ્યું'નું કર્મણિ 'મારાથી પુસ્તક વંચાયું' થઈ શકે છે તે પરથી આ પ્રતીત થઈ શકે છે. એથી જ ભૂતકૃદંતના ઉપયોગવાળાં વાક્યોમાં ગુજરાતીમાં કર્મ પ્રત્યય પણ લઈ શકે છે, જેમકે 'તેણે મને બોલાવ્યો.'

કેટલાંક નવાં આખ્યાતિક રૂપો અને અર્થો પણ ગુજરાતીમાં કાળક્રમે વિકસે છે : 'જ' પ્રત્યયવાળું ભવિષ્ય આજ્ઞાર્થ સૂચવતું રૂપ ('કરજે' ઇ૦), ઇરાદા કે ફરજસૂચક '-ન-'થી વિસ્તારિત સામાન્ય કૃદંતનું રૂપ ('કરવાનું' ઇ૦) વગેરે. કૃદંતોનાં ઘણાં રૂપો (કરવું, કરનાર, કરીને ઇ૦) અપભ્રંશ અને પછી ગુજરાતીમાં નવાં વિકસેલાં છે.

પરંતુ આખ્યાતિક રૂપાખ્યાનની બાબતમાં એક મોટું પરિવર્તન તે સંયુક્ત રૂપોનો વિકાસ છે. 'છ/હો' ધાતુનાં રૂપો સહાયકારક ક્રિયાપદ તરીકે વપરાય છે અને અનેક મિશ્ર કાળો અને અર્થોને અવકાશ આપે છે : કરવું છે, કર્યું હતું, કરતો હશે, કરતો હોવાનો, કરવાનું હોય છે, વગેરે.

એક બીજું નોંધપાત્ર પરિવર્તન તે 'કરી નાખવું' જેવાં સંયુક્ત ક્રિયાપદોનો વિકાસ છે.

શરૂઆતમાં ગુજરાતીમાં સંસ્કૃતનો કર્મણિ પ્રયોગ ઊતરી આવે છે – 'મેં પુસ્તક વાંચ્યું' જેવો. પરંતુ પછીથી એમાંથી કર્મણિનો અર્થ ઘસાઈ જતાં 'થી' પ્રત્યયના ઉપયોગવાળી નવી કર્મણિ રચના અસ્તિત્વમાં આવે છે – 'મારાથી પુસ્તક વંચાયું'. કર્મણિ અને પ્રેરક અંગોનો પણ ગુજરાતીમાં વિશિષ્ટ રીતે વિકાસ થાય છે.

ક્રિયાવિશેષણોની બાબતમાં ગુજરાતીમાં ઘણું વૈવિધ્ય આવે છે. કેટલાંક ક્રિયાવિશેષણો અવિકારી છે, તો કેટલાંક વિકારી. કેટલાંક ક્રિયાવિશેષણો અનુગોવાળાં રૂપમાં વપરાય છે તો કેટલાંક અનુગો વગરનાં રૂપમાં વપરાય છે. (જેમકે **'જલદી** ચાલો' 'તે **મોડો** આવ્યો' **'ઉતાવળે** ચાલો' વગેરે.)

ગુજરાતીમાં સમાસરચનાની શક્તિ નબળી પડે છે, શબ્દસિદ્ધિની નવી ભાતો અસ્તિત્વમાં આવે છે અને સંયોજકોમાં ફારસીમાંથી 'કે' આવે છે.

વાક્યરચનાની રીતમાં પણ કેટલાક ફેરફારો થતા રહ્યા છે. મુખ્ય ફેરફાર એ કે વિશેષણો અનુગો લેતાં બંધ થયાં તેથી વિશેષ્ય-વિશેષણસંબંધ સ્થાનનિયત થઈ ગયો. વાક્યરચનાની બાબતમાં, અંગ્રેજીના પ્રભાવને કારણે પરોક્ષ રચના અને સંકુલ રચનાઓ પણ અસ્તિત્વમાં આવી.

આ રીતે ગુજરાતીના વ્યાકરણનાં સર્વ અંગોમાં કાળક્રમે ઘણાંબધાં પરિવર્તનો આવેલાં છે.

[૬] ગુજરાતીના શબ્દભંડોળમાં પરિવર્તન

: ૧ : ગુજરાતી ભાષા પાસે એના ઉદ્‌ગમકાળે અપભ્રંશના વારસારૂપ બે પ્રકારનો શબ્દરાશિ હતો : તદ્‌ભવ શબ્દો અને દેશ્ય શબ્દો.

તત્ એટલે તે, મૂળ જનનીરૂપ સંસ્કૃત ભાષા. તેમાંથી ઊતરી આવેલા શબ્દો તે તદ્‌ભવ શબ્દો. સંસ્કૃતનું શબ્દભંડોળ અમુક વર્ણવિકારો સાથે પ્રાકૃતમાં ઊતરી આવ્યું, પછી અપભ્રંશમાં અને પછી ગુજરાતીમાં. આ રીતે જે શબ્દો એ ને એ રૂપે નહીં પણ વર્ણવિકારો પામીને સંસ્કૃતમાંથી પ્રાકૃત-અપભ્રંશને ક્રમે ગુજરાતીમાં ઊતરી આવ્યા તે તદ્‌ભવ શબ્દો તરીકે ઓળખાય છે, જેમકે સં. હસ્ત:નું પ્રાકૃતમાં હત્થો, અપભ્રંશમાં હત્થુ અને ગુજરાતીમાં 'હાથ' થયું. તો 'હાથ' તદ્‌ભવ શબ્દ કહેવાય. કાન, દાંત, પંખી, કામ, કાજ, મીઠું, અરીસો, પૂછવું ઇત્યાદિ ગુજરાતીના ઘણાબધા શબ્દો આ રીતના તદ્‌ભવ શબ્દો છે.

અપભ્રંશમાં આ રીતના તદ્‌ભવ શબ્દો ઉપરાંત ઘણાબધા અજ્ઞાત મૂળના શબ્દોનો

પ્રવેશ પણ નજરે ચડે છે, જેનું પ્રમાણ પ્રાચીન ગુજરાતીમાં વધતું દેખાય છે. આ શબ્દો આર્યેતર જનજાતિઓની ભાષાઓ કે બોલીઓમાંથી આવેલા હોય એવો સંભવ છે – આભીરો અને ગુર્જરોની ભાષામાંથી કેટલાક શબ્દો આવ્યા હશે, કેટલાક દ્રાવિડી કે મુંડા મૂળના પણ હશે. હેમચંદ્રે 'દેશીનામમાલા'માં પ્રાકૃત સાહિત્યમાં વપરાતા દેશ્ય શબ્દોનો કોશ આપેલો છે (જોકે એમાંથી કેટલાક શબ્દો સંસ્કૃતમાંથી પણ વ્યુત્પન્ન કરી શકાયા છે). એમાંના કેટલાક શબ્દો આ રહ્યા : અયાલિ, છઇલ્લ, ઘગ્ઘર, ઝંડુઅ વગેરે, જેમાંથી હેલી, છેલ, ઘાઘરો, ઝાડ વગેરે ગુજરાતી શબ્દો ઊતરી આવ્યા છે. એ જ રીતે અડદ, આળ, ઊધઈ, ગઢ, ચૂંટી, ઠુંઠો, તાલાવેલી, ડુંગર, વોંકળો, બાવળ, ઓડ, ઓઢવું, ખડકી, પેટ, પકડવું વગેરે પણ દેશ્ય મૂળના શબ્દો છે. દેશ્ય શબ્દોમાં અનુરણનથી બનેલા શબ્દોની બહુલતા ધ્યાન ખેંચે એવી છે. ગુજરાતીના કિલકિલ, છમછમ, ડગમગ, બડબડ જેવા શબ્દો દેશ્ય વારસો છે.

: ૨ : ગુજરાતીના ઉદ્‌ગમકાળે એના શબ્દરાશિમાં પરિવર્તન-ઉમેરણના બીજા બે પ્રવાહો પણ નજરે પડે છે : એક, તત્સમ શબ્દોનો અને બીજો, અર્ધતત્સમ કે અર્વાચીન તદ્‌ભવ શબ્દોનો.

આપણે આગળ નોંધી ગયા છીએ એ પ્રમાણે ભારતીય-આર્યની અર્વાચીન ભૂમિકામાં ખુલ્લા અક્ષરો બોલવાની ખાસિયતને કારણે સંસ્કૃત શબ્દો એમના અધિકૃત રૂપમાં અપનાવવાનું શક્ય બને છે. આ 'તત્સમ' (તેની એટલેકે સંસ્કૃતની સમાન) શબ્દો. જેમકે, કર્ણ, હસ્ત, પક્ષી, નયન, કર્મ, મિષ્ટ, પૃચ્છા, કાર્ય, પ્રીતિ, નીતિ, સ્વાભાવિક, બલિષ્ઠ વગેરે. પુરાણો સાથેના સંપર્કને કારણે, ખાસ કરીને આખ્યાનકવિતામાં સોળમી સદી પછી તત્સમ શબ્દોનો વપરાશ ઘણો વધતો દેખાય છે. ઓગણીસમી સદીમાં પંડિતયુગમાં સંસ્કૃત વિદ્યાના પુનરુત્થાનના પ્રભાવ નીચે તત્સમ સંસ્કૃત શબ્દોનો ઉપયોગ પરિસીમાએ પહોંચે છે એમ કહી શકાય. ગાંધીયુગમાં તળપદી ભાષા તરફનું વલણ આવે છે, તેમ છતાં સંસ્કૃત વૃત્તોની આનુષંગિક અસર તરીકે કે પ્રશિષ્ટતાના સંકેત તરીકે કવિતામાં સંસ્કૃત શબ્દોનો વપરાશ સારા પ્રમાણમાં ચાલુ રહે છે. આજે સર્જનાત્મક સાહિત્યમાં ભાષા-બોલીની અવનવી લઢણોનો કાર્યસાધક વિનિયોગ થઈ રહ્યો છે, તેની સાથે સંસ્કૃતનું શબ્દભંડોળ પણ વિશેષ સજ્જતાથી ઉપયોગમાં લેવાઈ રહ્યું છે. પારિભાષિક શબ્દકોશનું નિર્માણ તો મુખ્યત્વે સંસ્કૃતને આધારે જ થઈ રહ્યું છે.

ગુજરાતી ભાષાના ઉદ્‌ભવ પછી એમાં અર્ધતત્સમ કે અર્વાચીન તદ્‌ભવ શબ્દો પણ ઉમેરાય છે. જે શબ્દો પ્રાકૃત-અપભ્રંશને ક્રમે નહીં પરંતુ ભારતીય-આર્યની અર્વાચીન ભૂમિકામાં સંસ્કૃતમાંથી સીધેસીધા, વિશ્લેષ કે બીજા ગૌણ પ્રકારના વિકાર પામીને એટલેકે એ સમયના ઉચ્ચારણના માળખામાં બંધબેસતા થાય તેવા રૂપે આવ્યા હોય

એમને અર્ધતત્સમ કે અર્વાચીન તદ્‌ભવ શબ્દો કહેવામાં આવે છે. દા.ત., સંસ્કૃત કર્મનું 'કરમ', ઉપવાસનું 'અપવાસ', કઠિનનું 'કઠણ', મધુનું 'મધ' થયું. આ બધા તેમજ સનાન, સલોકો, હરખ, સૂરજ, દુરિજન, લખવું, લણવું વગેરે શબ્દો અર્ધતત્સમ કે અર્વાચીન તદ્‌ભવ શબ્દો છે.

: ૩ : દરેક ભાષા પરભાષામાંથી શબ્દો સ્વીકારતી કે ઉછીના લેતી હોય છે. આવા સ્વીકૃત કે ઉછીના લેવામાં આવેલા કે આદાન કરેલા શબ્દો (loan words) – દેશી અને વિદેશી – ગુજરાતીમાં પણ ઘણા છે. જૂના સમયમાં પૉર્ચુગીઝ, ફ્રેન્ચ, અંગ્રેજી વગેરે વિદેશી ભાષાઓમાંથી તેમજ કન્નડ, હિંદી, મરાઠી, બંગાળી વગેરે ભારતીય ભાષાઓમાંથી પણ ગુજરાતી ભાષાએ શબ્દો લીધેલા છે.

અરબી-ફારસી શબ્દોનો પ્રવેશ ગુજરાતીમાં ઘણો જૂનો છે અને ઘણો વ્યાપક પણ છે. છેક ઈ.સ.ની આઠમી સદીથી ગુજરાતની તળભૂમિમાં અરબ મુસ્લિમોનું આગમન શરૂ થઈ ચૂક્યું હતું. અરબ મુસ્લિમો મુખ્યત્વે વેપારાર્થે અને દરિયામાર્ગે આવતા હતા. તેથી ચીજવસ્તુના, વેપારવણજના, વહાણવટાના કેટલાક શબ્દો એમની ભાષામાંથી ગુજરાતીમાં આવે છે. ઈ.સ.૧૦૨૫ પછી, મહમૂદ ગઝનવીના આક્રમણ પછી સૌરાષ્ટ્રના દક્ષિણ કાંઠે અફઘાન મુસ્લિમોનું આક્રમણ ઉત્તરોત્તર વધતું જાય છે. આ કારણે લશ્કરના સાજ-સરંજામ, શસ્ત્રાસ્ત્રો ઇત્યાદિને લગતા શબ્દો એમની ભાષામાંથી ગુજરાતીમાં આવે છે. છેક ઈ.સ.૧૧૮૫માં 'ભરતેશ્વર-બાહુબલિ રાસ'માં અરબી 'સાબાન' (=તંબુ) શબ્દ આપણને જોવા મળે છે.

ઈ.સ.૧૨૯૭માં ગુજરાત પર અલ્લાઉદ્દીન ખીલજીની ચડાઈ આવે છે. મુસ્લિમ લશ્કરો ગુજરાતમાં હરતાંફરતાં થાય છે. એમની ઉર્દૂ ભાષા (જેમાં શબ્દભંડોળ મુખ્યત્વે ફારસી-અરબીનું હતું)નો પણ ગુજરાતીના શબ્દભંડોળ પર પ્રભાવ પડે છે. 'રણમલ્લ છંદ' 'કાન્હડદે પ્રબંધ' જેવી યુદ્ધવિષયક કૃતિઓમાં ફારસી-અરબી શબ્દોની જે પ્રચુરતા દેખાય છે તેનું કારણ આ. પછીથી તો ગુજરાતમાં મુસ્લિમ સલ્તનત સ્થિર થાય છે અને રાજવહીવટની ભાષા ફારસી બને છે (જેમાં શબ્દભંડોળ મુખ્યત્વે અરબીનું છે). લાંબા કાળના મુસ્લિમઅમલ તથા મુસ્લિમ પ્રજાના ગાઢ સંપર્કને કારણે ગુજરાતીમાં રાજ્યવહીવટ, શસ્ત્રસરંજામ, બાંધકામ, ખિતાબો, વેપાર-ઉદ્યોગ-ધંધા, રાચરચીલું, પોશાક, ખાણીપીણી, મોજશોખનાં સાધનો, રમતગમત, કાળગણના, તોલમાપ, શરીરના ભાગો વગેરેને લગતા તેમજ રોજબરોજના વ્યવહારના અનેક શબ્દો ફારસીમાંથી આવે છે. એ નોંધપાત્ર છે કે આ શબ્દો ઘણી વાર એમના અધિકૃત રૂપમાં નહીં પણ ગુજરાતીના ધ્વનિતંત્રને અનુરૂપ એવા ફેરફારો સાથે ગુજરાતીમાં આવ્યા છે (ઉર્દૂ મારફતે શબ્દો

આવ્યા એ પણ કદાચ એનું કારણ હોય), જેમકે 'પર્દેહ'નું 'પરદો'-'પડદો', 'મોહાવરત્'નું 'મહાવરો', 'અમાનત'નું 'અનામત', 'મુફ્ત'નું 'મફત' થયું.

સીધા અરબીમાંથી તો બહુ થોડા શબ્દો શરૂમાં ગુજરાતીમાં આવ્યા હશે. પછીથી અરબી (અને તુર્કી પણ) શબ્દો ફારસી મારફતે જ ગુજરાતીમાં આવ્યા છે. એટલે ગુજરાતી માટે તો એ બધા ફારસી શબ્દો જ છે. ભિન્નભિન્ન વિષયને લગતા આવા ફારસી શબ્દોના આપણે થોડા નમૂના જોઈએ :

(૧) રાજ્યવહીવટ અને શાસનને લગતા : જિલ્લો, તાલુકો, ઇલાકો, મુકદ્દમો, અદાલત, કાનૂન, ઇનસાફ, કારભાર, ફરમાન, પરવાનો ઇ૦

(૨) હોદ્દાઓ કે અધિકારપદોને લગતા : વજીર, કાજી, બક્ષી, સૂબો, દીવાન, કારકુન, શિરસ્તેદાર, બેગમ, બાદશાહ ઇ૦

(૩) શસ્ત્રસરંજામને લગતા : શમશેર, મ્યાન, તીર, ગલોલ, ખંજર, તોપ, તમંચો, ચાકુ ઇ૦

(૪) બાંધકામને લગતા : મિનારો, બુરજ, હોજ, ફુવારો, કિલ્લો, મહેલ, દીવાલ, દરવાજો ઇ૦

(૫) વેપારને લગતા : ગુમાસ્તો, દસ્તાવેજ, દસ્કત, સોદો ઇ૦

(૬) ખાણીપીણી અને અન્ય મોજશોખને લગતા : હલવો, શરાબ, શરબત, જલેબી, અત્તર, સુરમો, જાજમ, રકાબી, પ્યાલો, જલસો, કલગી ઇ૦

(૭) રોજિંદા વ્યવહારને લગતા : ખબર, જરૂર, નજર, દુનિયા, અસર, અસલ, ખરું, હવા, યાદ, મહેમાન, જલદી, તંદુરસ્તી, તાજગી, તવંગર, કાબૂ, હરોળ ઇ૦

આ શબ્દસૂચિ જ બતાવી આપશે કે ફારસી શબ્દો ગુજરાતી જીવનવ્યવહાર સાથે કેટલાબધા વણાઈ ગયેલા છે.

: ૪ : પંદરમી સદીથી યુરોપના વેપારીઓનું ભારતમાં આગમન શરૂ થયું. તેમણે ભિન્નભિન્ન સ્થળોએ પોતાની વેપારી વસાહતો કે કોઠીઓ સ્થાપી અને પછી રાજ્યસત્તા પણ પ્રાપ્ત કરી. ગુજરાતને વિશાળ દરિયાકાંઠો હોઈ ત્યાં યુરોપીય પ્રજાનો પગપસારો ઘણો વહેલો થયો. ઈ.સ.ની સોળમી સદીમાં સૌરાષ્ટ્ર-ગુજરાતને દક્ષિણ કાંઠે દીવ અને દમણમાં ફિરંગીઓ (પૉર્ચુગીઝો)એ પોતાની સત્તા જમાવી અને છેક ભારતની આઝાદી પછી થોડાં વર્ષ સુધી એમની સત્તા રહી. એમની સાથેના સંપર્કે ગુજરાતી ભાષામાં એમની ફિરંગી (કે પૉર્ચુગીઝ) ભાષામાંથી એમની મારફત વપરાશમાં આવેલી ચીજવસ્તુઓ વિશેના તથા બીજા ઘણા શબ્દો આવ્યા છે. દાખલા તરીકે કપ્તાન, કૉફી, તમાકુ, બટાટા, આફૂસ, પાયરી, મોસંબી, પાદરી, પલટણ, પાટલૂન, પિસ્તોલ, ચાવી, મેજ, બાલદી, પીપ, ફલાણું, ફાલતુ, છીંટ, લિલામ વગેરે.

ઈ.સ.૧૬૬૪માં સુરતમાં ફ્રેન્ચ વેપારીઓએ એમની કોઠીઓ નાખી. પરંતુ ફ્રેન્ચ લોકોનું ગુજરાતમાં વર્ચસ્વ જામ્યું નહીં. તેથી ફ્રેન્ચ ભાષામાંથી ગુજરાતીમાં આવેલા શબ્દો ખાસ જોવા મળતા નથી; જોકે કેટલાક ફ્રેન્ચ શબ્દો અંગ્રેજી મારફતે આવ્યા છે ખરા. 'રેસ્ટોરાં' શબ્દ મૂળ ફ્રેન્ચ છે, પણ આપણે ત્યાં એ અંગ્રેજી દ્વારા પણ આવ્યો હોય.

પણ યુરોપીય ભાષાઓમાંથી સૌથી વિશેષ પ્રભાવ ગુજરાતી પર અંગ્રેજી ભાષાનો પડ્યો છે. અંગ્રેજોએ ઈ.સ.૧૬૧૨માં સુરતમાં કોઠીઓ નાખેલી, પરંતુ પછીથી તો એમણે રાજકીય સત્તા પ્રાપ્ત કરી અને આખા ભારત પર આધિપત્ય મેળવ્યું. અંગ્રેજી સંસ્કૃતિના ગાઢ સંપર્કમાં આપણે આવ્યા. આપણા આચારવિચાર, વેપારઉદ્યોગ, કારીગરી, રોજબરોજનો જીવનવ્યવહાર, આપણા વપરાશની વસ્તુઓ – આ સર્વમાં અંગ્રેજ પ્રજાનું અનુકરણ આપણે ત્યાં થવા લાગ્યું. અંગ્રેજી કેળવણી અને અંગ્રેજી સુધારાએ આપણા જીવનને જુદી જ દિશા આપી. રાજ્યવહીવટમાં અને સમગ્ર ભારતમાં કડીરૂપ ભાષા તરીકે અંગ્રેજી ભાષાએ સ્થાન પ્રાપ્ત કર્યું. પરિણામે રોજબરોજના વ્યવહારના, અનેક નવી ચીજ-વસ્તુઓના, વહીવટના અને ભિન્નભિન્ન શાસ્ત્રોની પરિભાષાના શબ્દો પણ અંગ્રેજીમાંથી ગુજરાતીમાં આવ્યા. જેમકે, સ્ટેશન, ટેબલ, કોર્ટ, અપીલ, ટિકિટ, સ્કૂલ, બેન્ક, પાસ, પરમિટ, દાક્તર, બાટલી, રસીદ, માસ્તર, ફારમ, ઇસ્પિતાલ, એરિંગ, બંગડી, પાકીટ, જાકીટ, ટેક્નીક, ટ્રેજેડી, કોમેડી, ફારસ વગેરે.

હજુ સુધી જગતના વિકસતા જ્ઞાનવિજ્ઞાન સુધી પહોંચવાનું અને એ રીતે ઉચ્ચ શિક્ષણનું માધ્યમ પણ આપણે માટે મુખ્યત્વે અંગ્રેજી ભાષા જ રહી છે. તેથી ગુજરાતીમાં – ખાસ કરીને શિક્ષિત અને વિવિધ ટેક્નિકલ વ્યવસાયવાળા લોકોની વાતચીતમાં નવાનવા અંગ્રેજી શબ્દોનો ઉમેરો થતો જોવા મળે છે. વૈજ્ઞાનિક પરિભાષામાં અનેક અંગ્રેજી શબ્દો આપણે સ્વીકારી લીધા છે અને હજુ સ્વીકારી લેવાનું ચાલુ રાખ્યું છે. અંગ્રેજી ભાષા શિષ્ટતા અને સંસ્કારિતાની, મોભાની સૂચક બની ગઈ છે. તેથી સામાન્ય પ્રજાજન પણ પોતાના રોજબરોજના વ્યવહારમાં 'ફાધર' 'સર્વિસ' જેવા કેટલાક અંગ્રેજી શબ્દો વાપરવાનો આગ્રહ રાખતો દેખાશે. જે રીતે એક સમયે ફારસી શબ્દભંડોળ આપણા જીવન સાથે વણાઈ ગયું હતું તેમ અત્યારે અંગ્રેજી શબ્દભંડોળ આપણા જીવન સાથે વણાઈ ગયું છે – વણાઈ રહ્યું છે. હવે તો શાળાકક્ષાએ પણ અંગ્રેજી માધ્યમનો પ્રસાર થઈ રહ્યો છે તેને કારણે તથા ઇન્ટરનેટ વગેરેને કારણે અંગ્રેજીનો પગપેસારો ખૂબ જ વધી રહ્યો છે.

: ૫ : ભારતના અન્ય ભાગોની પ્રજાઓ સાથેના સંપર્કને કારણે ગુજરાતીમાં કેટલીક ભારતીય ભાષાઓના શબ્દો પણ આવ્યા છે. ગુજરાતને કર્ણાટક સાથે જૂના સમયમાં ઠીકઠીક સંબંધ બંધાયો હતો. ગુજરાતી વેપારીઓ કર્ણાટક સુધી પહોંચતા. ગુજરાત-

કર્ણાટક વચ્ચે રાજદ્વારી સંબંધો પણ હતા. ગુજરાતના રાજા કર્ણદેવ સોલંકીની રાણી મીનળદેવી કર્ણાટકની રાજકુંવરી હતી તે જાણીતી વાત છે. ગુજરાતી ભાષાના વકટ, લેણ, મૂર, નાર ઇત્યાદિ રમતગમતના શબ્દો કન્નડ ભાષામાંથી આવેલા હોવાનું ગણાય છે; જોકે એમનું મળતાપણું તેલુગુનાં શબ્દરૂપો સાથે વિશેષપણે છે. ઉપરાંત આ શબ્દો દક્ષિણની બધી ભાષામાં જોવા મળતો સમાન મૂળનો વારસો છે. એલચી, ઓડ (આ જાતિ કર્ણાટકની હતી), બાવના (=ચંદન), કાલવવું, કંડારવું, હાઉ (કન્નડ ભાષામાં એનો અર્થ 'સર્પ' થાય છે) વગેરે શબ્દો પણ કર્ણાટક સાથેનો સંબંધ બતાવે છે; જોકે આમાંથી પણ કેટલાક શબ્દો મરાઠી મારફતે આવ્યા હોય એવો સંભવ છે.

ઘણા લાંબા સમય સુધી વ્રજ ભાષાએ ભારતની સાહિત્યભાષા તરીકે કામ આપ્યું છે. ભાલણ, દયારામ, દલપતરામ આદિ ઘણા ગુજરાતી કવિઓએ વ્રજ ભાષામાં રચનાઓ કરી છે. ઉપરાંત, કાવ્યશિક્ષણના, છંદ-અલંકારના ગ્રંથો જૂના સમયમાં વ્રજભાષામાં જ પ્રાપ્ય હતા અને આપણા ઘણા પ્રાચીન કવિઓએ કાવ્યરચનાની તાલીમ એ દ્વારા જ લીધી હતી. દલપતરામ સુધ્ધાં વ્રજ ભાષાનું કાવ્યશિક્ષણ પામ્યા હતા. મુસ્લિમ લશ્કરો દ્વારા જૂની હિંદીના સંપર્કમાં પણ આપણે આવ્યા. પછીથી હિંદીએ ભારતની કડીરૂપ ભાષા તરીકે કામ આપવા માંડ્યું. સંતો-ભજનિકો-સાધુબાવાઓની તો એ સર્વસામાન્ય ભાષા બની રહી. આધુનિક સમયમાં સ્વાતંત્ર્યની ચળવળ વખતે હિંદી ભાષા આપણી રાષ્ટ્રીયતાની સૂચક બની અને ભારત સ્વતંત્ર થતાં એને સત્તાવાર રીતે રાષ્ટ્રભાષાનું સ્થાન મળ્યું. જૂના સમયથી માંડીને આજ સુધીમાં ઘણાબધા વ્રજ-હિંદી શબ્દો ગુજરાતીમાં આવતા રહ્યા છે. અત્યારે કદાચ ચલચિત્રો અને વર્તમાનપત્રો હિંદી શબ્દોને પ્રચારમાં લાવવામાં વધારે ભાગ ભજવતાં હોય.

ગુજરાતીમાં વપરાતા હિંદી શબ્દોમાંથી કેટલાક આ રહ્યા : બુઢ્ઢો, બિરાજવું, બોજો, બત્તી, બાલ, બંસી, બાઘડો ('બાઘ' પરથી), બડો, બંકડો, બડબાગી, બાદલ, બહાર, જોબન, નેન, ભલમનસાઈ, ગહેરાઈ, આબાદી, ભભૂત, આસાની, શહીદ, હસ્તી, જિંદગી, સિતમ, મંજિલ, શાયર, હમદર્દી, તમન્ના, આરજૂ, પનિહારી, ગાયકી, અપનાવવું વગેરે. (અહીં નોંધાયેલા ફારસી શબ્દો પણ હિંદી મારફતે આવ્યા હોવાની શક્યતા છે.) ગોંસાઈ, જોહર, સ્વાંગ, સોંધો ઇત્યાદિ શબ્દો પણ હિંદી મૂળના હોય એવું ધારવામાં આવે છે. 'કિસ ગિનતી' 'જૈસે થે' 'રફતાર બેઢંગી' 'કરતા રહેવું' જેવા કેટલાક પ્રયોગો અને 'મન ચંગા...' 'લેને ગઈ પૂત...' જેવી કહેવતો પણ હિંદી સાથેનો આપણો સંબંધ કેટલો ગાઢ છે તે બતાવે છે.

બહુ જૂના સમયમાં મહારાષ્ટ્રના સંતો ગુજરાતમાં આવ-જા કરતા હતા. નરસિંહની ભાષામાં દેખાતો 'ચો' પ્રત્યય મરાઠી સાથેનો જૂનો સગાઈસંબંધ દર્શાવે છે. પણ

ઈ.સ.૧૬૬૪માં શિવાજીએ સુરત લૂંટ્યું ત્યાર પછી ગુજરાત પર મરાઠાઓનાં આક્રમણો વારંવાર આવતાં રહ્યાં. મરાઠી લશ્કરો ગુજરાતમાં સતત ફરતાં થયાં. ૧૭૬૦થી તો ગુજરાતમાં મરાઠાઓનું ગાયકવાડી રાજ્ય પણ સ્થપાયું અને લગભગ બે સૈકા સુધી રહ્યું. ગુજરાતમાં એને કારણે મરાઠાઓની વસ્તી પણ થઈ. મરાઠાઓ સાથેના આ સંપર્કને કારણે ગુજરાતીમાં નિદ્રાન, વાટાઘાટ, ચળવળ, અટકળ, ફુટકળ, મવાળ, હલકટ, તાબડતોબ, ભળતું, નિમણૂક, લબાડ, દેસાઈ, જંજાળ, પંતુજી, ગૂપ(ચૂપ) વગેરે શબ્દો મરાઠીમાંથી આવ્યા છે.

છેક આધુનિક સમયમાં બંગાળી ભાષા સાથે પણ ગુજરાતીને નોંધપાત્ર કહેવાય એવો સંબંધ બંધાયો છે. રવીન્દ્રનાથના શાંતિનિકેતનના કેળવણીપ્રયોગે ગુજરાતી યુવાનોને ખૂબ આકર્ષ્યા. ત્યાં રહીને કેટલાક યુવાનો બંગાળી સાહિત્ય-ભાષા-સંસ્કારિતાના નિકટના સંપર્કમાં આવ્યા. રવીન્દ્રનાથ તથા શરદબાબુના સાહિત્યનું તો ગુજરાતને ઘેલું લાગ્યું અને બંગાળીમાંથી અનુવાદો કરવાની પ્રવૃત્તિ મોટા પાયા પર શરૂ થઈ. હજુ પણ બંગાળીના નવાનવા અભ્યાસીઓ આપણે ત્યાં તૈયાર થતા રહ્યા છે અને બંગાળી નવલકથા, કવિતા ઇત્યાદિનાં ભાષાંતરોની પ્રવૃત્તિ ચાલુ રહી છે. ગુજરાતી વેપારીઓ પણ બંગાળમાં લાંબા સમયથી વસતા રહ્યા છે. આ બધાંને પરિણામે બંગાળી ભાષાના કેટલાક શબ્દો પણ ગુજરાતીમાં પ્રવેશ્યા છે. બિપિન, રજની, નીતીન ('નીતીન્દ્ર'નો સંક્ષેપ), (ગોવર્ધનરામે પાડેલું 'અલકકિશોરી') વગેરે નામો, મહાશય, શ્રીયુત, બાબુ, બાની, શિલ્પ ('રચનાકળા'ના અર્થમાં) જેવા શબ્દો બંગાળીની અસર બતાવે છે. રૂપસી, અપરૂપ જેવા કેટલાક વિશિષ્ટ બંગાળી શબ્દો પણ કેટલીક વાર આપણે ત્યાં પ્રયોજાતા હોય છે.

: ૬ : ભાષા જેમ પરભાષામાંથી શબ્દો લે છે તેમ જરૂર પડ્યે નવા શબ્દો પણ ઘડે છે. નવા શબ્દો ઘડવાના પ્રયત્નો પણ ગુજરાતીમાં થયા છે, જોકે એમાં સંસ્કૃતની સહાય ઘણી મોટી છે. બલવંતરાયે idea માટે 'ધ્યર્થ' અને diary માટે 'દિનકી' શબ્દો યોજેલા, જે વ્યાપક બન્યા નથી. વિજયરાયે diary માટે યોજેલો 'વાસરિકા' શબ્દ થોડોક પ્રચલિત બન્યો છે. નર્મદ-નવલરામથી માંડીને કાકા કાલેલકર સુધીના અનેક લેખકોએ અનેક અંગ્રેજી શબ્દોના પર્યાયો નવા ઘડ્યા છે (એમાં કાલેલકરનું પ્રદાન સૌથી મોટું હશે), જેમાંના કેટલાક આ રહ્યા : સ્વાનુભવરસિક, સર્વાનુભવરસિક, આત્મલક્ષી, પરલક્ષી, નવલકથા, નવલિકા, કલ્પન, પ્રતિરૂપ, લાગણી, કાર્યસૂચિ, સામ્યવાદ, ગ્રંથસ્વામિત્વ, લોકશાહી વગેરે.

આમ અનેક અસરો ઝીલીને, અનેક નવા ઉન્મેષો દ્વારા ગુજરાતી ભાષા શબ્દભંડોળની દૃષ્ટિએ સમૃદ્ધ બની છે અને વધુ ને વધુ બની રહી છે.

સંદર્ભ

ગુજરતી ભાષાનો ઉદ્‌ભવ અને વિકાસ : ભાયાણી(૧), પૃ.૭૮–૯૨; દવે, એકમ ૩૩–૩૭; દીવટિયા,પૃ.૧૬૧–૧૭૮; પંડિત(૫), પૃ.૬૦–૬૫.

ગુજરાતીની પડોશભાષાઓ : દવે, એકમ ૧ અને ૭૨.

ગુજરાતી વ્યાકરણમાં પરિવર્તન : શાસ્ત્રી(૧), પૃ.૭–૧૩; પંડિત(૧), પૃ.૧૯૬–૨૫૧.

ગુજરાતીનું શબ્દભંડોળ : દીવટિયા, પૃ.૧૭–૨૪; નાયક; શાસ્ત્રી(૨), પૃ.૭૫–૮૬.

સ્વાધ્યાય

૧. માગેલી માહિતી સંક્ષેપમાં આપો :

(૧) 'ગુજરાતી ભાષા' એવો શબ્દપ્રયોગ સૌથી પહેલો ક્યારે અને ક્યાં મળે છે ?

(૨) ગુજરાતી ભાષાની સર્વપ્રથમ રચના કઈ ? એનો સમય કયો ?

(૩) બારમાથી ચૌદમા શતક સુધી વિશાળ પ્રદેશ પર બોલાતી ભાષાને 'ગુજરાતી' એવું નામ આપવાનાં કયાં કારણો છે ? કોઈ પણ બે કારણો નોંધો.

(૪) ગુજરાતીના પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન ભૂમિકાઓના સમયગાળા દર્શાવો.

૨. ખાલી જગ્યા પૂરો :

(૧) ગુજરાતમાં ઉત્તરે આવેલા કચ્છની રાજ્યભાષા _____ છે, જનભાષા _____ છે.

(૨) દશમા-બારમા સૈકામાં અપભ્રંશોત્તર ભૂમિકાની જે ભાષા ગુજરાત-રાજસ્થાનમાં ઉદ્‌ભવી તેને ઉમાશંકર જોશી _____ એવું નામ આપે છે.

૩. નીચેનામાંથી ગુજરાતીની પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન ભૂમિકાનાં લક્ષણો જુદાં તારવી બતાવો :

સંયુક્ત વ્યંજનો એકવડા બનવા; બહુવચનના 'ઓ' પ્રત્યયનો ઉપયોગ થવો; સહાયકારક ક્રિયાપદનો ઉપયોગ થવો; 'અઇ' ને 'અઉ' એ સ્વરયુગ્મોનો સંયોગ થવો.

૪. નીચેનામાંથી સંસ્કૃતમાંથી ઊતરી આવેલાં અને ગુજરાતીમાં નવાં વિકસેલાં રૂપો અને પ્રયોગો જુદાં પાડી બતાવો :

'-ય-' પ્રત્યયવાળું ભૂતકૃદંતનું રૂપ (જેમકે 'કર્યું'),
'-ય+એલ-' પ્રત્યયવાળું ભૂતકૃદંતનું રૂપ (જેમકે 'કરેલું'),
'મારાથી પુસ્તક વંચાયું' એ જાતની કર્મણિ રચના,
'મેં પુસ્તક વાંચ્યું' એ જાતની કર્મણિ રચના.

૫. નીચે ગુજરાતીની કેટલીક પડોશભાષાઓ અને એનાં સ્થાન દર્શાવ્યાં છે. યોગ્ય જોડકાં ગોઠવી આપો :

ઉત્તરે	માળવી
પૂર્વમાં	કોંકણી
દક્ષિણમાં	સિંધી

૬. નીચેના શબ્દોમાંથી તત્સમ, તદ્‌ભવ (પ્રાચીન કે અર્વાચીન) અને દેશ્ય તથા ફારસી, પોર્ચુગીઝ, અંગ્રેજી, કન્નડ, હિંદી, મરાઠી અને બંગાળીમાંથી ઊતરી આવેલા શબ્દો જુદા તારવી બતાવો :

કાજ, ડુંગર, નયન, મહાવરો, ચમચો, બંગડી, અપનાવવું, કાલવવું, રૂપસી, વાટાઘાટ, મોસંબી, તાજગી, હરખ.

૬

[૧] ગુજરાતીનો ધ્વનિવિકાસ

: ૧ : ગુજરાતી ભાષાનું ઘણુંબધું શબ્દભંડોળ સંસ્કૃતમાંથી પ્રાકૃત-અપભ્રંશને કમે આવેલું છે એ આપણે જાણીએ છીએ. ગુજરાતી ભાષામાં આજે જે શબ્દસ્વરૂપો જોવા મળે છે તે ભિન્નભિન્ન સમયે થયેલાં અનેક ધ્વનિપરિવર્તનોના પરિણામરૂપ છે. અહીં આપણે ગુજરાતીનાં શબ્દસ્વરૂપો ઘડનાર કેટલાંક મહત્ત્વનાં અને વ્યાપક પ્રકારનાં ધ્વનિ-પરિવર્તનોની નોંધ લેવા માગીએ છીએ, જેથી ગુજરાતી ભાષાના વિકાસનું આપણું ચિત્ર સંપૂર્ણ બને.

આપણે આગળ વાત કરી ગયા છીએ એ પ્રમાણે ધ્વનિપરિવર્તનો અત્યંત નિયમિત હોય છે. એટલેકે એક સમયે એક ભાષાજૂથ કે પ્રદેશમાં, એકસરખા સંયોગોમાં એકસરખું પરિવર્તન થતું હોય છે. આમ છતાં, આપણે ધ્વનિપરિવર્તનનો જે નિયમ બાંધીએ એમાં ન સમાય એવાં દષ્ટાંતો તો નજરે ચડવાનાં, કેમકે ભિન્ન સમયે અને ભિન્ન પ્રદેશ કે જૂથમાં થયેલાં પરિવર્તનોની દિશા જુદી હોય, શબ્દ કે શબ્દનું ઘટકતત્ત્વ પરભાષામાંથી આવેલું હોય, કેટલેક ઠેકાણે ધ્વનિપરિવર્તનમાં ભાગ ભજવતી પરિસ્થિતિની વ્યાખ્યા પૂરી ચોકસાઈથી થઈ શકી ન હોય. ભારતીય-આર્યનો વિકાસ તો અનેક શાખાપ્રશાખા રૂપે થયો છે, અને એમાં પરસ્પર ઘણું આદાનપ્રદાન પણ થયું છે. એથી પરિવર્તનપ્રક્રિયાનું વૈવિધ્ય એમાં સહજ છે અને નિયમાનુસારી ન લાગે એવા શબ્દો મળવા પણ સહજ છે. એટલે આપણે અહીં જે જાતનું પરિવર્તન નોંધીએ તેનાથી જુદી જાતનું પરિવર્તન દર્શાવતાં દષ્ટાંતો નજરે ચડે તો એથી ગૂંચવણમાં પડવું નહીં જોઈએ. આપણે તો અહીં થોડાક સિદ્ધ નિયમો પ્રસિદ્ધ ઉદાહરણો દ્વારા જ જોઈશું.

બેત્રણ બાબતો આ પરત્વે લક્ષમાં રાખવી જરૂરી છે : ૧. મૂળ સંસ્કૃત શબ્દનું ક્યારેક પ્રથમા વિભક્તિનું રૂપ તો ક્યારેક કેવળ નામિક અંગ, ક્યારેક ક્રિયાપદનું વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચનનું રૂપ તો ક્યારેક મૂળ ધાતુ જ અહીં લીધેલ છે ને એવું પ્રાકૃત શબ્દમાં પણ બનેલ છે. ઉપરાંત, ક્યારેક કથી વિસ્તારિત અંગો ને ક્યારેક અવિસ્તારિત અંગો લીધાં છે. તેથી એક જ કે સમાન શબ્દનાં સહેજ જુદાં પડતાં સ્વરૂપો અહીં જોવા મળશે. ૨. મધ્યમ ભૂમિકામાં ક્યારેક પ્રાકૃત ને ક્યારેક અપભ્રંશ રૂપ આપ્યું છે તેથી પું.માં चउक्को, चउक्कु અને નપું.માં अच्चरिज्जं, अच्चरिज्जु એમ બન્ને રૂપ

અહીં જોવા મળશે. ઉ. ફૂદડીવાળાં રૂપો તે સંભવિત રૂપો છે. પ્રાપ્ત સાહિત્યમાં એ નોંધાયેલાં મળતાં નથી. પણ ભાષાવિકાસની દૃષ્ટિએ એ રૂપ એ ક્રમે હોવાનું અનુમાન કરવું આવશ્યક છે એમ તાત્પર્ય છે.

સંસ્કૃતથી ગુજરાતી સુધીમાં થયેલાં ધ્વનિપરિવર્તનોમાં બે ભૂમિકા આપણે જુદી પાડવાની છે. સંસ્કૃત પછી પ્રાકૃત-અપભ્રંશની ભૂમિકાએ થયેલાં પરિવર્તનો અને પ્રાકૃત-અપભ્રંશ પછી ગુજરાતીની ભૂમિકાએ થયેલાં પરિવર્તનો. બીજી રીતે કહીએ તો પ્રાચીન ભારતીય-આર્યથી મધ્યમ ભારતીય-આર્ય સુધીમાં થયેલાં પરિવર્તનો અને મધ્યમ ભારતીય-આર્યથી અર્વાચીન ભારતીય-આર્ય સુધીમાં થયેલાં પરિવર્તનો. આ બંને ભૂમિકાઓનાં કેટલાંક મહત્ત્વનાં ધ્વનિપરિવર્તનોની નોંધ આપણે અહીં લઈશું.

[૨] ઋનું પરિવર્તન

: ૧ : સંસ્કૃતથી પ્રાકૃત સુધીમાં સ્વરોમાં થયેલાં પરિવર્તનોમાં સૌથી વધુ ધ્યાન ખેંચતું પરિવર્તન તે ઋનું પરિવર્તન છે. આદ્ય સ્થાને ઋનો રિ થાય છે. મધ્યવર્તી ઋનો સામાન્ય રીતે ઇ થાય છે. પૂર્વે ઓષ્ઠ્ય વ્યંજન આવ્યો હોય તો ઉ થાય છે અને ક્વચિત્ અ થાય છે. નીચેનાં ઉદાહરણો જુઓ :

	સંસ્કૃત	પ્રા.-અપ.	ગુજ.
આદ્ય ઋનો રિ :	ऋणम्	रिणु	(રણ)
	ऋद्धिः	रिद्धि	(રીધ)
	ऋक्षः	रिच्छु	(રીંછ)
	ऋध्यति	रिज्झइ	(રીઝે)
અનાદ્ય ઋનો ઇ :	शृङ्गम्	*सिंगु	(શીંગ-ડું)
	घृतम्	घिउ	(ઘી)
	दृश्यते	दिस्सइ	(દીસે)
	शृगालः	सियालु	(શિયાળ)
	दृष्टकम्	दिट्ठउं	(દીઠું)
અનાદ્ય ઋનો ઉ :	पृष्ठिः	पुंठि	(પૂંઠ)
	मृतकम्	मुअउं	(મૂઉં)
	पृच्छति	पुच्छइ	(પૂછે)
અનાદ્ય ઋનો અ :	कृष्ट-	कड्ढ-	(કાઢ-વું)
	कृष्णः	कन्हु	(કન્હાન)
	नृत्यति	नच्चइ	(નાચે)

મૃત્તિકા	મટ્ટિઅ	(માટી)
શૃંખલા	સંકલ	(સાંકળ)

[૩] દીર્ઘ સ્વરોનું હ્રસ્વત્વ

: ૧ : સંસ્કૃતમાંથી પ્રાકૃતમાં આવતાં દીર્ઘ સ્વરો હ્રસ્વ થયેલા જોવા મળે છે. જેમકે, ઐનો એ થાય છે અને ઔનો ઓ થાય છે.

નીચેનાં ઉદાહરણો જુઓ :

ઐનો એ :	કૈશુકમ્	કેસુઅ	(કેસૂ, કેસૂડો)
	ગૈરિકઃ	ગેરુઓ	(ગેરુ)
	તૈલમ્	તેલં	(તેલ)
ઔનો ઓ :	ઔષધમ્	ઓસઢં	(ઓસડ)
	ગૌરમ્	ગોરં	(ગોરું)
	જ્યૌતિષિકઃ	જોઇસિઓ	(જોશી)
	પૌષઃ	પોસો	(પોસ)
	મૌક્તિકમ્	મોત્તિઅં	(મોતી)
	સૌવર્ણિકઃ	સોવન્નિઓ	(સોની)

: ૨ : સંસ્કૃત સંયુક્ત વ્યંજનો પ્રાકૃતમાં સાદૃપ્ય પામે છે એ હવે પછી આપણે જોઈશું. સાદૃપ્ય પામતા સંયુક્ત વ્યંજનો પૂર્વેના સંસ્કૃતના દીર્ઘ સ્વરો પ્રાકૃતમાં હ્રસ્વ બને છે. આનો અ થાય છે (રાત્રિઃ > રત્તિ), ઈનો ઇ થાય છે (તીક્ષ્ણમ્ > તિક્ખં) અને ઊનો ઉ થાય છે (શૂન્યમ્ > સુન્નં). આનાં વધુ ઉદાહરણો સંયુક્ત વ્યંજનોના પરિવર્તનના હવે પછી થયેલા વિગતે નિરૂપણમાં જોવા મળશે.

: ૩ : સ્વરના હ્રસ્વત્વનું આ વલણ પ્રાકૃતમાંથી અપભ્રંશમાં જતાં પણ જળવાયેલું જોવા મળે છે. ખાસ કરીને અંત્ય સ્વરો હ્રસ્વ બને છે – આનો અ થાય છે, ઈનો ઇ થાય છે, ઊનો ઉ થાય છે, એનો ઇ થાય છે અને ઓનો ઉ થાય છે. જેમકે,

	સં.	પ્રા.	અપ.	ગુજ.
આનો અ :	(માલા)	માલા	માલ	(માળ)
	(ધારા)	ધારા	ધાર	(ધાર)
	(આજ્ઞા)	આણા	આણ	(આણ)
ઈનો ઇ :	(નારી)	નારી	નારિ	(નાર)
	(વાપી)	વાવી	વાવિ	(વાવ)
	(સર્પિણી)	સપ્પિણી	સપ્પિણિ	(સાપણ)

ઊનો ઉ :	(વધૂ)	વહૂ	વહુઅ	(વહુ)
	(श्वश्रू)	સાસૂ	સાસુઅ	(સાસુ)
	(ग्रामे)	ગામે	ગામિ	(ગામ – હું ગામ જઈશ)
ઓનો ઉ :	(जनः)	જણો	જણુ	(જણ)
	(रक्तकः)	રત્તઓ	રત્તઉ	(રાતો)

[૪] સ્વરતંત્રીય પરિવર્તન

: ૧ : એ નોંધપાત્ર છે કે ऋનું પરિવર્તન એ માત્ર સાદું ધ્વનિપરિવર્તન નથી, સ્વરતંત્રનું પરિવર્તન છે. પ્રાકૃત ભૂમિકામાં ऋ સ્વર રહ્યો જ નથી. એ જ રીતે પ્રાકૃત ભૂમિકામાં ન ટકેલો બીજો સ્વર ऌ છે. જોકે ऌ સંસ્કૃતમાં પણ વિરલ હતો અને ऌ સ્વર ધરાવતો કોઈ શબ્દ જ પ્રાકૃતમાં ઊતરી આવ્યો નથી. આ બે સ્વરો સિવાય સંસ્કૃતના સઘળા મૂળભૂત સ્વરો પ્રાકૃતમાં ટકી રહ્યા છે.

: ૨ : ગુજરાતીમાં આપણને 'ऋ' સ્વરવાળા શબ્દો જોવા મળે છે – 'ऋષિ' વગેરે. પરંતુ આ અર્વાચીન ભારતીય-આર્યની ભૂમિકાએ સીધા સંસ્કૃતમાંથી આદાન થયેલા શબ્દો છે, અને એમાં 'ऋ'નું સ્વર તરીકેનું ઉચ્ચારણ રહ્યું નથી – એ 'રુ' 'રિ' કે 'ર' તરીકે જ ઉચ્ચારાય છે એટલેકે એ 'ર+ઉ' 'ર+ઇ' કે 'ર+અ' જ છે. આમ, ગુજરાતી સહિતની સર્વ અર્વાચીન ભારતીય-આર્ય ભાષાઓ સ્વરતંત્ર પરત્વે મધ્યમ ભારતીય-આર્યનો આ વારસો સાચવે છે – 'ऋ' સ્વર ન હોવો તે.

: ૩ : સંસ્કૃતના ऐ અને औ એ સ્વરો પણ પ્રાકૃતમાં રહેતા નથી (એ ए અને ओમાં પરિવર્તન પામે છે) પરંતુ આ બન્ને સ્વરો સંયુક્ત સ્વરો હતા, મૂળભૂત સ્વરો ન હતા. ગુજરાતીમાં પછીથી 'ઐ' 'ઔ' વિકસે છે (જેમકે, 'ભૈ', 'સૌ') એ જુદી વાત છે.

: ૪ : સંસ્કૃતમાં એકથી વધુ સ્વરો લગોલગ આવી શકતા ન હતા. પ્રાકૃતમાં આવી શકે છે. એ પણ એક રીતનું ધ્વનિતંત્રીય પરિવર્તન કહેવાય. દાખલા તરીકે ચમ્મઆરો (< चर्मकारः)માં અ અને આ, उउंबर-(< उदुम्बर-)માં બે ઉ, દેઅઉલં (< देवकुलम्)માં એ, અ અને ઉ, પિઅઅર-(<प्रियतर-)માં ઇ, અ અને અ એ સ્વરો લગોલગ આવેલા છે. જોઈ શકાય છે કે સ્વરમધ્યવર્તી વ્યંજનોના લોપથી આ સ્થિતિ ઉદ્ભવી છે.

[૫] લગોલગ આવેલા સ્વરોનું પરિવર્તન

: ૧ : લગોલગ આવેલા સ્વરોનો, પછીથી, પ્રાકૃત-અપભ્રંશમાં જ સંકોચ થતો રહ્યો છે. બે સજાતીય સ્વરોનું સ્થાન દીર્ઘ સ્વર લે છે. જેમકે,

અ+અનો આ :	(નગર)	નઅર > -નાર-	(ન્નાર – ગિરનાર)
અ+આનો આ :	(चर्मकारः)	चम्मआरो > चमारो	(ચમાર)
આ+આનો આ :	(कोष्ठागारः)	कोट्ठाआरो > कोट्ठारो	(કોઠાર)
આ+અનો આ :	(भाजनम)	भाअणं > भाणउं	(ભાણું)
ઇ+ઇનો ઈ :	(द्वितीय-)	बिइज्ज- > बिज्जउं	(બીજું)
ઉ+ઉનો ઊ :	(उदुम्बर)	उउंबर- > उंबर-	(ઉંબરો – એ નામનું વૃક્ષ)

છેલ્લાં બે ઉદાહરણમાં દીર્ઘ ઈને સ્થાને ઇ અને દીર્ઘ ઊ ને સ્થાને હ્રસ્વ ઉ થયો છે એનું કારણ પાછળ આવતા સંયુક્ત વ્યંજનો છે.

: ૨ : એઅનું સ્થાન એ અને ઓઅનું સ્થાન ઓ લે છે. જેમકે,

એઅનો ઐ :	(देवकुलम्)	देअउलं > देउल	(દેવળ)
	(देवगृहम्)	देअहरं > देहरं	(દહેરું)
ઓઅનો ઔ :	(सौवर्णम्)	(सोवन्नं) > सोअन्नं > सोन्नं	(સોનું)

: ૩ : અઇ, અઈ (કે અય)ને સ્થાને એ અને અઉ, અઊ (કે અવ)ને સ્થાને ઓ આવે છે. જેમકે,

અઇ, અઈ(કે અય)નો અ :	(स्थविर-)	*थइर- > थेर	–
	(कदली)	कयली > केली	(કેળ)
અઉ, અઊ(કે અવ)નો ઓ :	(मुकुरः)	मऊरो > मोरो	(મોર – આંબાનો)
	(अपलपति)	अवलवइ > ओलवइ	(ઓળવે)

અહીં સંયુક્ત સ્વર (સ્વર+અર્ધસ્વર) અય, અવ એ સાદા સ્વર એ, ઓ બન્યા છે એમ પણ કહી શકાય.

: ૪ : લગોલગ આવેલા સ્વરોનું કેટલીક વાર બીજી રીતનું સરલીકરણ પણ થયું છે. એમની વચ્ચે ય શ્રુતિ કે વ શ્રુતિ દાખલ થઈ છે.

ઇઅ કે અઅ એ સ્વરયુગ્મોની વચ્ચે યશ્રુતિ દાખલ થઈ છે. જેમકે,

ઇઅ > ઇય :	(वाणिजकः)	वाणिअओ > वाणियओ	(વાણિયો)
	(मक्षिका)	मक्खिआ > मक्खिया	(માખી)
	(हसित-)	हसिअ- > हसिय-	(હસ્યું)
	(हृदयम्)	हिअअं > हिययं	(હૈયું)
અઅ > અય :	(नगरम्)	नअरं > नयरं	(ન્નેર – ચાંપાનેર)
	(गत-)	गअ- > गय-	(ગયું)
	(घनतर-)	घणअर- > घणयर-	(ઘણેરું)

(मदनफलम्) मअणहलं > मयणहलं (મીંઢળ)

આદ્ય ઉવાળા સ્વરયુગ્મમાં વ શ્રુતિ દાખલ થઈ છે. જેમકે,

उअ > उव :	(कटुकं)	कडुअउं > कडुवउं	(કડવું)
	(लघुकं)	लहुअउं > हलुवउं	(હળવું)
उओ > उवउ :	(कंचुकः)	कंचुओ > कंचुवउ	(કંચવો)
	(बटुकः)	बडुओ > बडुवउ	(બડવો)

[६] इनो ए तथा उनो ओ

: १ : संस्कृतमांथी प्राकृतमां आवतां क्वचित् संयुक्त व्यंजननां पूर्ववर्ती इनो ए अने उनो ओ थयो छे. जेमके,

इनो ए :	पिण्डकः	पेंडओ	(પેંડો)
	तित्तिरः	तेत्तरो	(તેતર)
	नीव्रः	नेव्वं	(નેવું)
उनो ओ :	पुस्तकं	पोत्थउं	(પોથું)
	कुद्दालः	कोद्दालो	(કોદાળો)
	मुक्त-	मुक्कल- > मोक्कल-	(મોકળું)
	बू-	बुल्ल- > बोल्ल-	(બોલવું)

કેટલાક શબ્દોમાં સંસ્કૃતના उद्- (સંધિ થતાં उल्, उच् વગેરે) કે उप- ઉપસર્ગનો ओ થયો છે. જેમકે,

उद्नो ओ :	उल्लंघयति	ओलंघइ	(ઓળંગે)
	उच्छीर्षकम्	ऊसीसयं > ओसीसयं	(ઓશીકું)
उपनो ओ :	उपलक्ष-	ओलक्ख-	(ઓળખવું)
	उपाध्यायः	ओज्झाओ	(ઓઝા)

उपनो वस्तुतः उव द्वारा ओ थयो होवानुं कही शकाय.

[७] आद्य स्थानना असंयुक्त स्पर्शव्यंजननुं परिवर्तन

: १ : संस्कृतथी प्राकृत-अपभ्रंश द्वारा गुजराती सुधीमां थयेलुं एक महत्त्वनुं परिवर्तन ते संस्कृतना असंयुक्त के एकवडा स्पर्शव्यंजनोनुं परिवर्तन छे. आद्य स्थानना, मध्य स्थानना अने अंत्य स्थानना स्पर्शव्यंजनो जुदीजुदी रीते परिवर्तन पामे छे एटले ए त्रणेनी जुदी नोंध आपणे लेवी जोईए. मध्य स्थानना स्पर्शव्यंजनोमां तो अल्पप्राण अने महाप्राण व्यंजनो पण भिन्न रीते परिवर्तन पामे छे एटले एमनी पण अलग

નોંધ કરવી જોઈએ.

: ૨ : સંસ્કૃતમાં નીચે પ્રમાણે સ્પર્શવ્યંજનો હતા તે આપણે જાણીએ છીએ :

	કંઠ્ય	તાલવ્ય	મૂર્ધન્ય	દંત્ય	ઓષ્ઠ્ય
અલ્પપ્રાણ	ક, ગ	ચ, જ,	ટ, ડ	ત, દ	પ, બ
મહાપ્રાણ	ખ, ઘ	છ, ઝ	ઠ, ઢ	થ, ધ	ફ, ભ
નાસિક્ય	ઙ	ઞ	ણ	ન	મ

હવે આ સ્પર્શવ્યંજનોનાં પરિવર્તનોનો આપણે વિચાર કરીએ.

: ૩ : સંસ્કૃતમાં આદ્ય સ્થાને રહેલા અસંયુક્ત એકવડા સ્પર્શવ્યંજનો પ્રાકૃત-અપભ્રંશમાં સામાન્ય રીતે મૂળ સ્વરૂપે જળવાઈ રહે છે અને ગુજરાતીમાં પણ એ જ રૂપે ઊતરી આવે છે. એટલેકે આદ્ય સ્થાનના અસંયુક્ત સ્પર્શવ્યંજનો અવિકૃત રહે છે. જેમકે,

कथयति	कहइ	કહે
तरति	तरइ	તરે
पानीयम्	पाणिउ	પાણી

આ દૃષ્ટાંતોમાં આદ્ય સ્થાનના અસંયુક્ત ક ત પ પ્રાકૃત-અપભ્રંશ-ગુજરાતીમાં એમ ને એમ રહ્યા છે.

આદ્ય સ્થાનના એકવડા સ્પર્શવ્યંજનોમાં અપવાદ રૂપે કેટલાંક ધ્વનિપરિવર્તનો થયેલાં જોવા મળે છે. જેમકે, કેટલાક શબ્દોમાં આદ્ય અલ્પપ્રાણ સ્પર્શવ્યંજનનું મહાપ્રાણ સ્પર્શવ્યંજનમાં પરિવર્તન થયું છે. દા.ત. સં. कीलक: > પ્રા. खीलअ-, खिल्लअ- (ગુ. ખીલો)માં અલ્પપ્રાણ કનો મહાપ્રાણ ખ થયો છે. નીચેનાં ઉદાહરણોમાં પનો ફ અને બનો ભ એ અલ્પપ્રાણમાંથી મહાપ્રાણમાં પરિવર્તન છે :

पनसम्	फणसं	(ફણસ)
परुषम्	फरुसं	(ફરસું)
परशुः	फरसु	(ફરશી)
बूष-	भूस-	(ભૂસું)

કેટલાક સંયોગોમાં દંત્ય સ્પર્શવ્યંજન(આદ્ય તેમજ અનાદ્ય)નો મૂર્ધન્ય થયો છે તે આપણે હવે પછી જોઈશું.

શ, ષ એ ઊષ્મવ્યંજનો તથા ય આદ્ય સ્થાને પરિવર્તન પામે છે એ પણ આપણે હવે પછી જોઈશું.

[૮] મધ્ય સ્થાનના અસંયુક્ત અલ્પપ્રાણ સ્પર્શવ્યંજનોનું પરિવર્તન

: ૧ : મધ્ય સ્થાનના સ્પર્શવ્યંજનો એટલે શબ્દના આરંભમાં કે અંતમાં નહીં આવતા

સ્પર્શવ્યંજનો. એ અસંયુક્ત હોય એટલે એની આગળપાછળ સ્વર જ આવે. તેથી એમને સ્વરમધ્યવર્તી તરીકે પણ ઓળખાવી શકાય. આવા સ્પર્શવ્યંજનોમાં અલ્પપ્રાણ અને મહાપ્રાણ જુદીજુદી રીતે પરિવર્તન પામે છે. એટલે બન્નેની આપણે જુદી નોંધ લઈશું.

સંસ્કૃતમાં મધ્ય સ્થાને આવતા અસંયુક્ત (એટલેકે સ્વરમધ્યવર્તી) અલ્પપ્રાણ સ્પર્શવ્યંજનોમાંથી ક, ગ, ચ, જ, ત અને દ ઘણુંખરું પ્રાકૃત-અપભ્રંશ ભૂમિકામાં જ લુપ્ત થઈ જાય છે. ક્વચિત્ તેમને સ્થાને ય શ્રુતિ આવે છે. દાખલા તરીકે, સંસ્કૃતનો કોકિલા શબ્દ લો. એમાં શબ્દારંભે એક ક છે. એ નિયમ મુજબ અવિકૃત રહે છે. પણ બીજો ક શબ્દના વચ્ચેના ભાગમાં છે, અસંયુક્ત છે, એની આગળ ઓ અને પાછળ इ સ્વર આવેલા છે, તેથી એનો લોપ થાય છે અને પ્રાકૃતમાં કોइला શબ્દ બને છે, જેના પરથી આપણો ગુજરાતી 'કોયલ' શબ્દ ઊતરી આવ્યો છે. એ જ રીતે, સંસ્કૃત વચન શબ્દ લો. એમાં ચ અલ્પપ્રાણ સ્પર્શવ્યંજન છે, અસંયુક્ત છે અને મધ્ય સ્થાનનો છે તેથી એનો લોપ થાય છે, પણ અહીં એને સ્થાને ય શ્રુતિ ઉચ્ચારાય છે તેથી પ્રાકૃત-અપભ્રંશમાં વચનનું વયણ થાય છે, જેના પરથી ગુજરાતીમાં 'વેણ' શબ્દ ઊતરી આવેલ છે.

આ દરેક અલ્પપ્રાણ વ્યંજનનાં થોડાં વધારે ઉદાહરણો પણ નોંધીએ :

કનો લોપ :	लोहकार:	लोहआरु	(લુહાર)
	चित्रकारक:	चित्तआरउ	(ચિતારો)
	यूका	जूआ, जूअ	(જૂ)
	जलौका	जलौआ, जलौअ	(જળો)
	मुकुर:	मउर	(મોર – આંબાનો)
	राजकुलं	राउलं	(રાવળ)
	शूकर:	सूअरो, सूवरु	(સૂવર)
	विकिरति	विइरइ	(વેરે)
	विकालकम्	विआलउं	(વાળુ)
	नकुलिकक:	नउलियउ	(નોળિયો)
ગનો લોપ :	सागर:	सायरु	(સાયર)
	नगरम्	नयरु	(નેર – ચાંપાનેર ઇ૦)
	शृगाल:	सियालु	(શિયાળ)
	मृगाङ्क:	मियंकु	(મયંક)
	भाण्डागार:	भण्डाआरु	(ભંડાર)
	कोष्ठागार:	कोट्ठाआरु	(કોઠાર)
चનો લોપ :	सहचरी	सहयरी	(સહિયર)

	वनचरः	वणयरु	(વણિયર)
	सूचिः	सूइ	(સોય)
	सौचिकः	सोइउ	(સઈ=દરજી)
જનો લોપ :	रजनी	रयणी	(રેણ)
	वाणिजकः	वाणियउ	(વાણિયો)
	भाजनकम्	भाअणउं	(ભાણું)
	बीजम्	बीउ	(બી)
	राजिका	राइअ	(રાઈ)
	तेजनकम्	तेअणउं	(તીણું)
	विजायते	विआयइ	(વિયાય)
તનો લોપ :	प्रतोलि	पओलि	(પોળ)
	कातरः	कायरु	(કાયર)
	घातः	घाउ	(ઘા)
	माता	माआ, माअ	(મા)
	अमृतम्	अमिउ	(અમી)
	घृतम्	घिउ	(ઘી)
	गतकः	गयउ	(ગયો)
	मृतकः	मुअउ	(મૂઓ)
	अक्षतम्	अक्खअं	(આખું)
	शीतलकम्	सीअलउं	(શીળું)
	शीतकालकः	सीयआलउ	(શિયાળો)
	अन्यतरकम्	अन्नयरउं	(અનેરું)
	चतुष्कः	चउक्कु	(ચોક)
	चतुर्थकम्	चउत्थउं	(ચોથું)
	चतुर्गुणकम्	चउग्गुणउं	(ચોગણું)
	चातुर्मासकम्	चाउमासउं	(ચોમાસું)
	जातिका	जाइआ, जाइअ	(જાઈ – એ નામનું ફૂલ)
	चतुरस्रम्	चउरस्सु	(ચોરસ)
	जामातृकः	जामाइउ	(જમાઈ)
	हसति	हसइ	(હસે)
	हसितकम्	हसियउं	(હસ્યું)

દનો લોપ :	પાદ:	પાઓ, પાઉ	(પા – ચોથો ભાગ)
	કદલી	કયલી	(કેળ)
	ખદિર:	ખઇરુ	(ખેર – એ નામનું વૃક્ષ)
	ખાદતિ	ખાઅઇ	(ખાય)
	હૃદયકમ્	હિઅયઉં	(હૈયું)
	પાદોનકમ્	પાઓણઉં	(પોણું)
	ઉદુમ્બરક:	ઉમ્બરઉ	(ઉંબરો – એ નામનું વૃક્ષ)

: ૨ : બાકી રહેલા અલ્પપ્રાણ વ્યંજનોમાંથી સંસ્કૃતમાં મધ્ય સ્થાને આવતા અસંયુક્ત ટનો પ્રાકૃત-અપભ્રંશમાં ડ થાય છે, ઠનો ઢ થાય છે અને પનો વ થાય છે. નીચેનાં ઉદાહરણો જુઓ :

ટનો ડ :	વટ:	વડુ	(વડ)
	ભટ:	ભડુ	(ભડ)
	કૂટમ્	કુડ્ડુ	(કૂડ)
	કટિ:	કડિ	(કડ, કેડ)
	પટમ્	પડુ	(પડ)
	ચિત્રકૂટમ્	ચિત્તઊડુ	(ચિતોડ)
	રાષ્ટ્રકૂટમ્	રટ્ઠઊડુ	(રાઠોડ)
	પર્પટ:	પપ્પડુ	(પાપડ)
	કર્પટમ્	કપ્પડુ	(કાપડ)
	મર્કટક:	મક્કડઉ	(માકડો, માંકડો)
	ઘટક:	ઘડઉ	(ઘડો)
	કટકમ્	કડઉં	(કડું)
	ઘોટક:	ઘોડઉ	(ઘોડો)
	કીટક:	કીડઉ	(કીડો)
	કુક્કુટક:	કુક્કુડઉ	(કૂકડો)
	વાટિકા	વાડિઅ	(વાડી)
	કર્કટિકા	કક્કડિઅ	(કાકડી)
	પુટક:	પુડઉ	(પડો)
	કટુકમ્	કડુઉં	(કડવું)
	પટહ:	પડહુ	(પડો)
	પટલમ્	પડલુ	(પડળ)

	ઘટતિ	ઘડઇ	(ઘડે)
	રટતિ	રડઇ	(રડે)
	ત્રોટયતિ	તોડઇ	(તોડે)
	સ્ફોટયતિ	ફોડઇ	(ફોડે)
	*સ્ફાટયતિ	ફાડઇ	(ફાડે)
ઠનો ઢ :	મઠ:	મઢો	(મઢ)
	પઠતિ	પઢઇ	(પઢે)
	પીઠ:	પીઢો	(પીઢ)
	કર્મઠ:	કમ્મઢો	(કામઢો)
પનો વ :	વાપી	વાવિ	(વાવ)
	તાપ:	તાવુ	(તાવ)
	તાપયતિ	તાવઇ	(તાવે)
	સર્ષપ:	સરિસવુ	(સરસવ)
	કૂપક:	કૂવઉ	(કૂવો)
	દીપક:	દીવઉ	(દીવો)
	ગોપાલ:	ગોવાલુ	(ગોવાળ)
	સપાદ:	સવાઉ	(સવા)
	કરપત્રમ્	કરવત્તુ	(કરવત)
	વિરૂપકમ્	વિરૂવઉં	(વરવું)
	લપતિ	લવઇ	(લવે)
	ઉપસ્કરિકા	ઉવક્ખરિઅ	(વખરી)
	કષપટ્ટિકા	કસવટ્ટિઅ, કસઉટિઅ	(કસોટી)

[૯] મધ્ય સ્થાનના અસંયુક્ત મહાપ્રાણ સ્પર્શવ્યંજનોનું પરિવર્તન

: ૧ : હવે સંસ્કૃતમાં મધ્ય સ્થાને આવતા અસંયુક્ત મહાપ્રાણ સ્પર્શવ્યંજનોનું પરિવર્તન આપણે જોવાનું રહે છે. સંસ્કૃતમાં ખ, ઘ, છ, ઝ, ઠ, ઢ, થ, ધ, ફ અને ભ એટલા મહાપ્રાણ સ્પર્શવ્યંજનો છે. એમાંથી ખ, ઘ, થ, ધ, ફ અને ભ એટલાનું પ્રાકૃત-અપભ્રંશમાં પરિવર્તન થતું દેખાય છે. પ્રાકૃત-અપભ્રંશમાં એ સ્પર્શત્વ ગુમાવી ह રૂપે પરિણમે છે, જે ह પછીથી (૧) કાં તો એમ ને એમ રહે છે, અથવા (૨) તેનો સ્થાનફેર થાય છે, અથવા (૩) એ આજુબાજુના કોઈ અલ્પપ્રાણ વ્યંજનમાં ભળી જઈ એને મહાપ્રાણ બનાવે છે, અથવા (૪) એ લુપ્ત થાય છે.

દાખલા તરીકે, (૧) સં. શોભતેમાં भ મહાપ્રાણ સ્પર્શવ્યંજન છે, અસંયુક્ત છે અને મધ્ય સ્થાને રહેલો છે. પ્રાકૃત-અપભ્રંશમાં भનો હ થતાં શોભતેનું સોહઇ થાય છે. આ ગુજરાતીમાં એમ ને એમ રહે છે અને 'સોહે' શબ્દ બને છે.

(૨) સં. અધુનામાં મધ્ય સ્થાને રહેલા અસંયુક્ત धનો હ થતાં અપભ્રંશમાં અહુણા શબ્દ બને છે. અહીં હ આદ્ય સ્થાને ખસે છે અને ગુજરાતીમાં 'હમણાં' થાય છે.

(૩) સં. ગંભીરકમ્‌નું અપભ્રંશમાં ગહીરउं થાય છે. भનો જે હ થયો તે આદ્ય સ્થાન તરફ ખસે છે અને અલ્પપ્રાણ વ્યંજન गમાં ભળી જઈ એને મહાપ્રાણ घ બનાવે છે. આથી ગુજરાતીમાં એનાથી 'ઘેરું' શબ્દ થાય છે.

(૪) સં. યૂથિકાનું અપભ્રંશમાં જૂહિઅ થાય છે. थનો જે હ થયો તે પછીથી લુપ્ત થાય છે અને ગુજરાતીમાં 'જૂઈ' બને છે.

બીજાં કેટલાંક ઉદાહરણો પણ જુઓ :

खનો હ :	सखी	सहि	સહી (સહીપણાં)
	नखरः	नहरु	ન્હોર (નહોર)
	मुखम्	मुहु	મ્હોં (મોં)
	संमुखकम्	संमुहउ	સ્હામું (સામું)
घનો હ :	मेघः	मेहु	મેહ
	माघः	माहु	માહ (મહા મહિનો)
थનો હ :	कथ्यति	कहइ	કહે
	मथितम्	महिउ	મહી
	पृथुलकम्	पुहुलउं	પ્હોળું (પહોળું)
	*प्रथिल्लकम्	पहिल्लउं	પ્હેલું (પહેલું)
	पृथुका	पहुआ	પૌંઆ
	गूथम्	गूहु	ગૂ
	तिथिवारः	तिहिवारु	તહેવાર
धનો હ :	वेधः	वेहु	વેહ
	साधुः	साहु	સાહ, શાહ
	वधूका	वहुअ	વહુ
	दधिकम्	दहिउं	દહીં
	माधवकः	माहवउ	મ્હાવો (ભાવજી)
	बधिरकम्	बहिरउं	બ્હેરું (બહેરું)
	परिधा	परिह+ण	પ્હેરણ (પહેરણ)

	गोधा	गोह	ઘો
	गोधूमः	गोहूउं	ઘઉં
	सूत्रधारः	सुत्तहारु	સુથાર, સુતાર
	शशधरः	ससहरु	શશિયર
फनो ह :	अफल	अहल	એળે
	कफोणिका	कहोणिअ	કોણી
	चारुफली	चारुहली	ચારોળી
मनो ह :	लभते	लहइ	લહે
	निभालयति	निहालइ	નિહાળે
	सौभाग्यम्	सोहग्गु	સોહાગ
	आभीरः	आहीरु	આહીર
	विभानकम्	विहाणउं	વ્હાણું (વહાણું)
	वल्लभकम्	वल्लहउं	વ્હાલું (વહાલું)
	लाभकः	लाहउ	લ્હાવો (લહાવો)
	(અથવા) लभ्-	लह्-	લ્હાવો (લહાવો)
	बुभुक्षा	बुहुक्ख	ભૂખ

હનાં પરિવર્તનોનાં બીજાં દૃષ્ટાંતો માટે જુઓ હવે પછી [૨૬]માં : ૨ :.

[૧૦] મધ્ય સ્થાનના અસંયુક્ત ન્નું પરિવર્તન

: ૧ : અનુનાસિક સ્પર્શવ્યંજનોમાંથી એકમાત્ર ननो, એ મધ્ય સ્થાને અસંયુક્ત રૂપે હોય ત્યારે, ण થાય છે. (સ્વરમધ્યવર્તી ण, म અવિકૃત રહે છે.) જેમકે,

जनः	जणु	(જણ)
घनः	घणु	(ઘણ)
हानिः	हाणि	(હાણ)
हीनकम्	हीणउं	(હીણું)
ऊनकम्	ऊणउं	(ઊણું)
फेनम्	फेणु	(ફીણ)
खादनकम्	खाअणउं	(ખાણું)
गायनकम्	गाअणउं	(ગાણું)
पानीयम्	पाणिउ	(પાણી)
खनति	खणइ	(ખણે)

धूनोति	धूणइ	(ધૂણે)
जनयति	जणइ	(જણે)

[૧૧] દંત્યનો મૂર્ધન્યભાવ

: ૧ : દંત્ય સ્પર્શવ્યંજન – આદ્ય કે અનાદ્ય, સંયુક્ત કે અસંયુક્ત – કેટલાક સંયોગોમાં મૂર્ધન્ય સ્પર્શવ્યંજન તરીકે પરિણમ્યો છે.

(૧) રકારના સંપર્કમાં કે પરિસરમાં આવતા દંત્યનો મૂર્ધન્ય થયો છે. જેમકે,

તનો ટ કે ડ :	वर्ति	वट्टि	(વાટ)
	दीपवर्ति	दीवट्टि	(દીવેટ)
	वर्त्मा	वट्टा	(વાટ)
	त्रसरम्	टसरं	(ટસર)
	प्रतिजिह्वा	पडिजिब्भा	(પડજીભ)
	आम्रातकः	अंबाडओ	(અંબાડો=ભીંડી)
થનો ઠ :	ग्रंथिः	गंठि	(ગાંઠ)
દનો ડ :	छर्दति	छंडइ	(છાંડે)
	दर्भः	डब्भो	(ડાભ)
	दरः	डरो	(ડર)
ધનો ઢ :	द्व्यर्ध-	दिवड्ढ-	(દોઢ)
	सार्ध	सड्ढ-	(સાડા – સાડા ત્રણ વ.)

(૨) ઋના પરિસરમાં આવેલા દંત્યનો મૂર્ધન્ય થાય છે. જેમકે,

તનો ટ કે ડ :	मृतकम्	मटकं, मडअं	(ભડું)
	मृत्तिका	मट्टिआ	(ભાટી)
	निर्वृत-	निव्वड-	(નીવડવું)
નનો ડ :	वृहन्नला	विहंदला, विहंडला	(વ્યંડળ)

(૩) ષના પરિસરમાં આવેલા દંત્યનો મૂર્ધન્ય થાય છે. જેમકે,

ધનો ઢ :	औषधम्	ओसढं	(ઓસડ)

(૪) લના પરિસરમાં આવેલા દંત્યનો મૂર્ધન્ય થાય છે. જેમકે,

દનો ડ :	दोला	डोला	(ડોળી)

: ૨ : સ્થ એ સંયુક્ત વ્યંજનનું પરિવર્તન સામાન્ય રીતે त्थ રૂપે થાય છે તે હવે પછી આપણે જોઈશું. પણ કેટલીક વાર આવા કિસ્સાઓમાં પણ દંત્યનો મૂર્ધન્ય થયો છે. એટલેકે स्थनो ट्ठ थयो छे (આદ્ય स्थाने ठ). प्रतिष्ठा, अनुष्ठान વગેરે શબ્દોને પ્રભાવે

આમ બન્યું હોવાનો સંભવ છે. જેમકે,

उत्थितम्	उट्ठिअं	(ઊઠ્યું)
प्रस्थापयति	पट्ठवइ	(પાઠવે)
रहःस्थानम्	रहट्ठाणं	(રહેઠાણ)
स्थाम	ठामं	(ઠામ)
एकस्थकं	एकट्ठअं	(એકઠું)

: ૩ : કેટલેક સ્થાને અજ્ઞાત કારણે દંત્યનો મૂર્ધન્ય થયો છે. જેમકે,

તનો ટ કે ડ :	पतति	पडइ	(પડે)
	पताका	पडाआ	(પડાઈ)
થનો ઢ :	क्वथति	कढइ	(કઢે)
દનો ડ :	दशति	डसइ	(ડસે)

[૧૨] અન્ય એકવડા વ્યંજનોનું પરિવર્તન

: ૧ : અન્ય એકવડા વ્યંજનોમાંથી શ અને ષ એ ઊષ્મ વ્યંજનોનું પરિવર્તન નોંધપાત્ર છે. અસંયુક્ત હોય ત્યારે આદ્ય તેમજ અનાદ્ય (સ્વરમધ્યવર્તી) સ્થાને એ બંનેનો સ થાય છે. અપવાદ રૂપે આદ્ય સ્થાને સનો છ થયેલો પણ જોવા મળે છે. નીચેનાં ઉદાહરણો જુઓ :

આદ્ય શનો સ :	शोषः	सोसु	(સોસ)
	शश-	सस-	(સસલું)
	शतकः	सअउ	(સો)
	शुष्ककम्	सुक्कउं	(સૂકું)
	शुद्धि	सुद्धि	(સૂધ)
	शल्यम्	सल्लु	(સાલ)
	शून्यकम्	सुन्नउं	(સૂનું)
આદ્ય ષનો સ :	षष्टिः	सट्ठि	(સાઠ)
	षोडश	सोलस, सोलह	(સોળ)
	षण्ढः	संदु	(સાંઢ)
આદ્ય ષનો છ :	षष्ठं	छट्ठं	(છઠ્ઠું)
	षट्पदः	छप्पओ	(છપ્પો)
અનાદ્ય શનો સ :	कोशः	कोसु	(કોસ)
	दश	दस	(દસ)

	दशति	डसइ	(ડસે)
	संशयः	संसउ	(સાંસો)
	पंचाशत्	पंचास	(પચાસ)
	श्वशुरकः	ससुरउ	(સસરો)
અનાદ્ય ષનો સ :	पौषः	पोसु	(પોસ)
	कषति	कसइ	(કસે)
	घृषति	घिसइ	(ઘસે)
	आषाढः	आसाढु	(અસાડ)
	ज्यौतिषिकः	जोइसिउ	(જોશી)

: ૨ : અર્ધસ્વરોમાંથી અસંયુક્ત યનો આદ્ય સ્થાને જ થાય છે. નીચેનાં દૃષ્ટાંતો જુઓ :

यमः	जमु	(જમ)
यवः	जवु	(જવ)
यतः	जउ	(જો)
याति	जाइ	(જાય)
योक्त्रम्	*जोत्रउं	(જોતરું)
युध्यते	जुज्झइ	(ઝૂઝે)
योगक्षेम	जोअखेम	(જોખમ)

પણ મધ્ય સ્થાને યનો લોપ થાય છે. જેમકે,

भयः	भओ	(ભો)
समयः	समओ	(સમો)
वलयम्	वलउं	(વળું)
मयूरः	मऊरो, मोरो	(ભોર)

: ૩ : પ્રાકૃત ભૂમિકામાં સંસ્કૃતમાંથી સીધા ઊતરી આવેલા કે ધ્વનિપરિવર્તન દ્વારા આવેલા વનો પછીથી કેટલાક સંયોગોમાં લોપ થાય છે. આવા સંયોગો બે છે : (૧) વની આગળ ઉ, ઓ કે એ અને પાછળ અ કે ઇ આવેલ હોય; (૨) વની આગળ અ અને પાછળ ઇ આવેલ હોય. જેમકે,

उ+व्+अ :	(उपाख्यानम्)	उवक्खाणं > उअक्खाणं	(ઉખાણું)
	(रूपः)	रूव- > रूअ-	(રૂડું)
	(अपूप-)	पूव- > पूअ-	(પૂડો)
उ+व्+इ :	(कूपिका)	कूविआ > कूइआ	(કૂઈ)

ओ+व्+अ :	(सौवर्णम्)	सोवन्नं > सोअन्नं	(સોનું)
	(अपवरकः)	ओवरओ > ओअरओ	(ઓરડો)
ओ+व्+इ :	(यज्ञोपवीतम्)	जन्नोवीअं > जन्नोईअं	(જનોઈ)
ए+व्+अ :	(देवकुलम्)	देवउलं > देअउलं	(દેવળ)
ए+व्+इ :	(देवी)	देवी > देई	(દે – રન્નાદે વ૦)
अ+व्+इ :	(प्रविष्टम्)	पविट्ठं > पइट्ठं	(પેઠું)
	(अविधवा-)	अविहवा- > अइहवा-	(અહેવાતણ, હેવાતણ)

[૧૩] અંત્ય સ્થાનના અસંયુક્ત વ્યંજનોનું પરિવર્તન

: ૧ : સંસ્કૃતનો અંત્ય સ્થાનનો એકવડો સ્પર્શ તેમજ અન્ય કોઈ પણ વ્યંજન પ્રાકૃતમાં સામાન્ય રીતે લુપ્ત થાય છે અને ગુજરાતી સુધી એ ઊતરી આવતા નથી. જેમકે,

विद्युत्	विज्जु	(વીજ)
जगत्	जग	(જગ)
पंचाशत्	पंचास	(પચાસ)
अस्मिन्	अम्हि, अहिं	(અહીં)
चतुर्-	चउ-	(ચો – ચોગણું)
षष्	छ	(છ)
छंदस्	छंद	(છંદ)

ગુજરાતીમાં 'જગત' શબ્દ મળે છે પણ અર્વાચીન ભારતીય-આર્યની ભૂમિકાએ સંસ્કૃતમાંથી સીધો લીધેલો શબ્દ છે. એવું જ 'કવચિત્' 'કિંચિત્' 'કદાચિત્' વગેરે શબ્દોનું પણ છે.

: ૨ : કેટલીક વાર સંસ્કૃતનાં વ્યંજનાંત અંગોમાં પ્રાકૃતમાં સ્વર ઉમેરાય છે. જેમકે, સં. उपानह्નું પ્રા. उपानहा, पाणहा થાય છે, સં. शरद्નું પ્રા. सरओ થાય છે, વગેરે. આ વલણ સંસ્કૃતમાં જ શરૂ થઈ ગયું હોવાનું જણાય છે કેમકે આપણને સંસ્કૃતમાં दिश्-दिशा, वाच्-वाचा, सरित्-सरिता એવા શબ્દો મળે છે.

: ૩ : એ નોંધપાત્ર છે કે સંસ્કૃતના અંત્ય વ્યંજનના સીધાસાદા લોપનાં દૃષ્ટાંતો ઓછાં મળે છે કેમકે સંસ્કૃત વ્યંજનાંત નામોનાં પહેલી વિભક્તિ એકવચનનાં રૂપો ઘણી વાર વ્યંજનાંત રહેતાં નથી અને પછીની ભૂમિકામાં શબ્દો આ રૂપ પરથી ઊતરી આવે છે. જેમકે, સં. चन्द्रमस्નું પહેલી વિભક્તિ એકવચનનું રૂપ चन्द्रमा થાય છે, राजन्નું राजा થાય છે જે ગુજરાતીમાં ઊતરી આવેલ આપણે જોઈએ છીએ. અલબત્ત, આ સંસ્કૃતમાંથી

અર્વાચીન ભારતીય-આર્યની ભૂમિકાએ સીધા ઊતરી આવેલા શબ્દો છે, પણ પ્રાકૃતમાં પણ સં. चन्द्रमस्, चन्द्रमा નું चंदम અને સં. राजन्, राजा નું राज કે राय થયેલ છે. ટૂંકમાં, આ સ્થાનોએ स् કે न् નો સીધો લોપ થયેલો નથી.

[૧૪] સ્પર્શવ્યંજન અને ઊષ્મવ્યંજનના સંયોગનું પરિવર્તન

: ૧ : સંસ્કૃતથી પ્રાકૃત-અપભ્રંશ સુધીમાં થયેલું એક મહત્ત્વનું પરિવર્તન તે સંયુક્ત વ્યંજનોનું પરિવર્તન છે. આમ તો એમાં સારૂપ્યની પ્રક્રિયા થઈ છે; પણ જુદાજુદા પ્રકારના સંયોગનું પરિવર્તન, અમુક નિયમોને અધીન રહીને જુદીજુદી રીતે થયું છે. એમાંથી સ્પર્શવ્યંજન અને ઊષ્મવ્યંજનના સંયોગનું પરિવર્તન પહેલાં જોઈએ.

સંસ્કૃતમાં श, ष અને स એ ઊષ્મવ્યંજનો છે. પણ આ બધા ઊષ્મવ્યંજનો બધા સ્પર્શવ્યંજનો સાથે જોડાતા નથી. ष અને स અમુક સ્પર્શવ્યંજનો સાથે જ જોડાતા આપણને જોવા મળે છે. આપણને જેમના પરિવર્તનનાં દૃષ્ટાંતો વ્યાપક રીતે નજરે ચડે છે તેવા થોડાક સંયોગોની જ આપણે અહીં ચર્ચા કરીશું.

: ૨ : સૌથી પહેલાં क्ष (क् + ष). એમાં क् સ્પર્શવ્યંજન છે અને ष् ઊષ્મવ્યંજન. એનું પરિવર્તન બે રીતે થતું જોવા મળે છે. સંસ્કૃતમાં અનાદ્ય સ્થાને રહેલા क्ष નો પ્રાકૃત-અપભ્રંશમાં બહુધા क्ख થાય છે, જ્યારે આદ્ય સ્થાને રહેલા क्ष નો સીધો પ્રાકૃત-અપભ્રંશમાં જ ख થઈ જાય છે. નીચેનાં દૃષ્ટાંતો જુઓ :

અનાદ્ય क्ष નો क्ख :

प्रक्षणम्	मक्खणु	(માખણ)
लक्षम्	लक्खु	(લાખ – સંખ્યા)
साक्षी	सक्खि	(સાખ)
रक्षा	रक्ख	(રાખ)
लाक्षा	लक्ख	(લાખ – એ નામનો પદાર્થ)
लिक्षा	लिक्ख	(લીખ)
भिक्षा	भिक्ख	(ભીખ)
शिक्षा	सिक्ख	(શીખ)
अक्षतकम्	अक्खउं	(આખું)
कुक्षिः	कुक्खि	(કૂખ)
चोक्षकम्	चोक्खउं	(ચોખું)
मक्षिका	मक्खिअ	(માખી)
रूक्षकम्	लुक्खउं	(લૂખું)
अन्यपक्षकम्	अन्नवक्खउं	(અનોખું)

	પ્રેક્षते	પેક્ખઇ	(પેખે)
	પરીક્षते	પરિક્ખઇ	(પરખે, પારખે)
	ઉપલક્षયતિ	ઓલક્ખઇ	(ઓળખે)
	પ્રક્षાલયતિ	પક્ખાલઇ	(પખાળે)
અનાદ્ય ક્षનો ख :	ક્षાર	ખારુ	(ખાર)
	ક્षાન્તિ	ખંતિ	(ખાંત)
	ક્षીર:	ખીરુ	(ખીર)
	ક્षીરકમ્	ખીરઉં	(ખીરું)
	ક્षમતે	ખમઇ	(ખમે)
	*ક્षુન્દતિ	ખુંદઇ	(ખૂંદે)
	ક્षેત્રમ્	ખેત્રુ	(ખેતર)

ક્વચિત્ સંસ્કૃતના અનાદ્ય ક્षનો પ્રાકૃત-અપભ્રંશમાં च्छ થાય છે, જ્યારે આદ્ય ક્षનો छ થાય છે :

અનાદ્ય ક્षનો च्छ :	કક્षા	કચ્છ	(કાચ્છ-ડી, કાચ્છ-ડો)
આદ્ય ક્षનો छ :	ક્षાર:	છારુ	(છાર)
	ક્षુરક:	છુરઉ	(છરો)
	*ક્षુન્દતિ	છુંદઇ	(છૂંદે)

ક્વચિત્ આદ્ય સ્થાને ક્षનો झ પણ થયો છે. જેમકે,

આદ્ય ક્षનો झ :	ક્षરતિ	ઝરઇ	(ઝરે)
	ક્षીણમ્	ઝીણં	(ઝીણું)

ક્ष + નાસિક્ય ક્વચિત્ ક્ख રૂપે, ક્વચિત્ च्छ રૂપે તો ક્વચિત્ न्ह રૂપે પરિણમેલ છે. જેમકે,

ક્ष + નાસિક્ય > ક્ख :	તીક્ષ્ણમ્	તિક્ખં	(તીખું)
	લક્ષ્મ	લક્ખ	(લાખું)
ક્ष + નાસિક્ય > च्छ :	અલક્ષ્મી	અલચ્છી	(અળછ, અળશ)
ક્ष + નાસિક્ય > न्ह :	શ્લક્ષ્ણમ્	લન્હં, નન્હં	(ન્હાનું, નાનું)

: ૩ : સ્પર્શવ્યંજન અને ઊષ્મવ્યંજનનો બીજો એક સંયોગ તે ત્સ. સંસ્કૃતમાં અનાદ્ય સ્થાને આવતા ત્સનો પ્રાકૃત-અપભ્રંશમાં च्छ થઈ જાય છે. (આદ્ય સ્થાને ત્સ આવતા નથી.) નીચેનાં દૃષ્ટાંતો જુઓ :

ઉત્સંગ:	उच्छंगु	(ઉછંગ)

उत्सवः	उच्छवु	(ઓછવ)
मत्सरः	मच्छरु	(મચ્છર = દ્વેષ)
वत्स-	वच्छ-	(વાછ-ડો)
मत्स्य-	मच्छ-	(માછ-લું)
संवत्सरिका	संवच्छरिअ	(સમચ્છરી)

: ૪ : પ્સના પરિવર્તનનાં પણ એકબે ઉદાહરણ મળે છે તે નોંધી લઈએ. આદ્ય સ્થાને એ આવતા નથી. અનાદ્ય સ્થાને આવે છે ત્યારે પ્રાકૃત-અપભ્રંશમાં એનો च्छ થાય છે. જેમકે,

अप्सरा	अच्छरा	(અછરા – જૂ.ગુ.)
परिप्सति	परिच्छइ	(પ્રીછે)

[૧૫] ઊષ્મવ્યંજન અને સ્પર્શવ્યંજનના સંયોગનું પરિવર્તન

: ૧ : સંસ્કૃતમાં ઊષ્મવ્યંજન અને સ્પર્શવ્યંજનનો સંયોગ વધારે મળે છે. स्क, ष्क, स्ख, श्च, ष्ट, ष्ठ, स्त, स्थ, स्प, ष्प, स्फ આ બધામાં પહેલો ઊષ્મવ્યંજન છે અને બીજો સ્પર્શવ્યંજન છે.

ઊષ્મવ્યંજન અને સ્પર્શવ્યંજનના સંયોગનાં પરિવર્તનોનો સામાન્ય નિયમ આપી શકાય એવું છે. આવો સંયોગ જ્યારે અનાદ્ય સ્થાને આવતો હોય ત્યારે પ્રાકૃત-અપભ્રંશમાં એને બદલે તે સ્પર્શવ્યંજનને અનુરૂપ અલ્પપ્રાણ અને મહાપ્રાણનો સંયોગ આવે છે. આ નિયમને આપણે આ પ્રમાણે મૂકી શકીએ :

(અનાદ્ય) ઊષ્મવ્યંજન + સ્પર્શવ્યંજન >

(તે સ્પર્શવ્યંજનને અનુરૂપ) અલ્પપ્રાણ + મહાપ્રાણ

દાખલા તરીકે, સંસ્કૃતનો अष्ट શબ્દ લો. ष्टમાં ઊષ્મ અને સ્પર્શવ્યંજનનો સંયોગ છે, એ અનાદ્ય સ્થાને છે. પ્રાકૃત-અપભ્રંશમાં એનું પરિવર્તન ટને અનુરૂપ અલ્પપ્રાણ અને મહાપ્રાણ (ટ્ અને ઠ)ના સંયોગમાં થાય. એટલે અષ્ટનું અટ્ઠ થયું.

: ૨ : ઊષ્મવ્યંજનનો અને સ્પર્શવ્યંજનનો સંયોગ જો આદ્ય સ્થાનનો હોય તો તેને બદલે પ્રાકૃત-અપભ્રંશ ભૂમિકામાં જ તે સ્પર્શવ્યંજનને અનુરૂપ એકલો મહાપ્રાણ વ્યંજન આવે છે. એટલે આ નિયમને આપણે આ રીતે મૂકી શકીએ :

(આદ્ય) ઊષ્મવ્યંજન + સ્પર્શવ્યંજન >

(તે સ્પર્શવ્યંજનને અનુરૂપ) મહાપ્રાણ વ્યંજન

દાખલા તરીકે, સંસ્કૃત स्तर શબ્દમાં આદ્ય સ્થાને ઊષ્મવ્યંજન અને સ્પર્શવ્યંજનનો

સંયોગ છે. પ્રાકૃત-અપભ્રંશમાં તેને સ્થાને તને અનુરૂપ મહાપ્રાણ વ્યંજન થ આવતાં થરુ થાય છે.

: ૩ : ઊષ્મવ્યંજન અને સ્પર્શવ્યંજનના ભિન્નભિન્ન પ્રકારના સંયોગોનાં પરિવર્તનનાં થોડાંક ઉદાહરણો આપણે જોઈએ :

અનાદ્યે ષ્ક, સ્કનો ક્ખ :	વિષ્કિરતિ	વિક્ખિરઇ	(વીખરે)
	શુષ્ક- (चन्दनकाष्ठ)	સુક્ખ-	(સુખ-ડ)
	આયુષ્કમ્	આયુક્ખઉં	(આયખું)
	ઉપસ્કરિકા	ઉવક્ખરિઅ	(વખરી)
આદ્યે સ્ક, સ્ખનો ખ :	સ્કમ્ભક:	ખંભઉ	(ખાંભો, ખભો)
	*સ્કન્ધિ	ખંધિ	(ખાંધ)
	સ્ખલતિ	ખલઇ	(ખળે)
	સ્ખાલયતિ	ખાલઇ	(ખાળે)
અનાદ્યે સ્થનો ચ્છ :	પશ્ચાત્	પચ્છઇ	(પછી)
	વૃશ્ચિક:	વિચ્છિઉ	(વીંછી)
	તિરશ્ચકમ્	તિરચ્છઉં	(તીરછું)
અનાદ્યે ષ્ટ, ષ્ઠનો ટ્ઠ :	લષ્ટિકા	લટ્ઠિ	(લાઠી)
	અરિષ્ટકમ્	અરિટ્ઠઉં	(અરીઠું)
	રુષ્ટ-	રુટ્ઠ-	(રૂઠ-વું)
	કષ્ટ-	કટ્ઠ-	(કઠ-વું)
	તુષ્ટ-	તુટ્ઠ-	(તૂઠ-વું)
	નષ્ટકમ્	નટ્ઠઉં	(નાઠું)
	વિનષ્ટકમ્	વિણટ્ઠઉં	(વણઠચું, વંઠચું)
	પ્રવિષ્ટકમ્	પઇટ્ઠઉં	(પેઠું)
	ઉપવિષ્ટકમ્	બઇટ્ઠઉં	(બેઠું)
	મૃષ્ટકમ્	મિટ્ઠઉં	(મીઠું – એ નામનું દ્રવ્ય)[1]
	મુષ્ટિકા	મુટ્ઠિઅ	(મૂઠી)
	પિષ્ટિકા	પિટ્ઠિઅ	(પીઠી)

---

૧. 'ગળ્યું'ના અર્થમાં 'મીઠું' માટે સંસ્કૃતમાં જોવા મળતો મિષ્ટ શબ્દ પાછળનો અને મૃષ્ટ પરથી જ આવેલો છે.

	ज्येष्ठः	जेट्ठ	(જેઠ)
	श्रेष्ठी	सेट्ठि	(શેઠ)
	ओष्ठः	ओट्ठो, होट्ठो	(હોઠ)
	कोष्ठकः	कोट्ठउ	(કોઠો)
	अङ्गुष्ठकः	अंगुट्ठउ	(અંગૂઠો)

ક્વચિત્ સંસ્કૃતના ષ્ટ, ષ્ઠનો પ્રાકૃતમાં ટ્ઠ, ઠ દ્વારા ઢ થયો છે. જેમકે,

ષ્ટ > ઠ > ઢ :	दंष्ट्रा	दाठा > दाढा	(દાઢ)
	वेष्टते	वेठते > वेढते	(વેઢ)
ષ્ઠ > ટ્ઠ > ઢ :	कुष्ठः	कुट्ठो > कोढो	(કોઢ)
અનાદ્ય સ્તનો ત્થ :	नास्ति	नत्थि	(નથી)
	हस्ती	हत्थी	(હાથી)
	हस्तः	हत्थु	(હાથ)
	मस्तकम्	मत्थउं	(માથું)
	प्रस्तरकः	पत्थरउ	(પથરો)
	प्रस्तारकः	पत्थारउ	(પથારો)
	सस्तरकः	सत्थरउ	(સાથરો)
	कस्तीरम्	कत्थीरु	(કથીર)
	दधिस्तरकम्	दहित्थरउं	(દહીંથરું)
	पुस्तकम्	पोत्थउं	(પોથું)
	स्वस्तिकः	सत्थियउ	(સાથિયો)
	अस्तमनकम्	अत्थमणउं	(આથમણું)
આદ્ય સ્ત, સ્થનો થ :	स्तन्यम्	थण्णु	(થાન)
	स्तोक-	थोअ-+ड+उं	(થોડું)
	स्तम्भ-	थंभ-+ल+उ	(થાંભલો)
	स्थानकम्	थाणउं	(થાણું)
	स्थालिका	थालिअ	(થાળી)

ક્વચિત્ સ્થનો ટ્ઠ, ઠ થયો છે તે માટે જુઓ આ પૂર્વે [૧૧]માં : ૨ :

અનાદ્ય ષ્પ, સ્ફનો પ્ફ :	बाष्पः	*बप्फु	(બાફ)
	आस्फालयति	अप्फालइ	(અફાળે)
આદ્ય સ્પ, સ્ફનો ફ :	स्पन्दकः	फंदउ	(ફંદો)
	स्फुरति	फुरइ	(ફરે)

स्फोटयति	फोडइ	(ફોડે)
स्फट्यते	फट्टइ	(ફાટે)
*स्फुट्यते	फुट्टइ	(ફૂટે)

: ૪ : એ નોંધપાત્ર છે કે ઊષ્મવ્યંજન તથા સ્પર્શવ્યંજનના સંયોગનું અપવાદ રૂપે જુદી રીતનું પરિવર્તન થયેલું પણ કેટલાક દાખલાઓમાં જોવા મળે છે. એ સંયોગ અલ્પપ્રાણ + મહાપ્રાણ સ્પર્શવ્યંજનના સંયોગ રૂપે પરિણમવાને બદલે બેવડા અલ્પપ્રાણ સ્પર્શવ્યંજન રૂપે પરિણમેલ છે. જેમકે,

ઊષ્મ+સ્પર્શ > બેવડો સ્પર્શ :	चतुष्कः	चउक्को	(ચોક)
	नस्कम्	नक्कं	(નાક)
	आश्चर्यम्	अच्चरिज्जं	(અચરજ)
	चतुष्पदी	चउप्पाइआ	(ચોપાઈ)

જોઈ શકાશે કે અહીં चतुष्कનું નિયમ મુજબ चउक्खो થાય તેને બદલે चउक्को થયું છે, आश्चर्यम्નું अच्छरिज्जं થાય એને બદલે अच्चरिज्जं થયું છે વગેરે.

: ૫ : ઊષ્મવ્યંજન તથા નાસિક્યનો સંયોગ જરા જુદી રીતે પરિવર્તન પામે છે. ત્યાં ઊષ્મવ્યંજન ह રૂપે પરિણમે છે અને ह તથા નાસિક્યનું સ્થાનપરિવર્તન થાય છે. જેમકે, स्नનો न्ह અને ष्णનો ण्ह થાય છે. ष्णનું, અલબત્ત, ण्ह ન થતાં न्ह જ થાય છે. નીચેનાં ઉદાહરણો જુઓ :

ष्णનો न्ह :	उष्णकम्	उन्हउं	(ઊનું)
	पार्ष्णि	पन्हि	(પાની)
ष्मનો म्ह :	ग्रीष्मः	गिम्हो	(ઘામ)
स्नનો न्ह :	स्नाति	न्हाइ	(નહાય)
	प्रस्नवः	पन्हवो	(પાનો)
स्मનો म्ह :	अस्म-	अम्ह-	(અમ, અમે)

क्ष (क् + ष्) + નાસિક્યના સંયોગ માટે જુઓ આ પૂર્વે **[૧૩]**માં : ૨ :.

અપવાદ રૂપે ઊષ્મવ્યંજન + નાસિક્યને સ્થાને બેવડો ઊષ્મવ્યંજન આવે છે. જેમકે,

रश्मिः	रस्सि	(રાશ)
विस्मरति	विस्सरइ	(વીસરે)

[૧૬] ઊષ્મવ્યંજન તથા અન્ય વ્યંજનોના સંયોગનું પરિવર્તન

: ૧ : અન્ય વ્યંજનોમાંથી य, र, व ઊષ્મવ્યંજન સાથે જોડાતા જોવા મળે છે. અનાદ્ય સ્થાને એ સંયોગ હોય ત્યારે પ્રાકૃત-અપભ્રંશમાં એને બદલે બેવડો स (स्स) આવે છે

અને આદ્ય સ્થાને એકવડો સ આવે છે. જેમકે,

અનાદ્ય ઊષ્મ + યનો સ્સ :	નશ્યતિ	નસ્સઇ	(નાસે)
	દૌષ્યિકः	દોસ્સિઓ	(દોશી)
આદ્ય ઊષ્મ + યનો સ :	શ્યામલम्	સામલં	(સામળું, શામળું)
	સ્યાલકः	સાલઓ	(સાળો)
અનાદ્ય ઊષ્મ + રનો સ્સ :	વિશ્રામકः	વિસ્સામઉ	(વિસામો)
આદ્ય ઊષ્મ + રનો સ :	શ્રેષ્ઠી	સેટ્ઠિ	(શેઠ)
અનાદ્ય ઊષ્મ + વનો સ્સ :	નિશ્વાસः	નિસ્સાસો	(નિસાસો)
આદ્ય ઊષ્મ + વનો સ :	શ્વાસः	સાસો	(સાસ)

[૧૭] જળવાઈ રહેતા સંયોગો

: ૧ : સંસ્કૃતના બેવડા વ્યંજનો એક નિયમ તરીકે પ્રાકૃતમાં એમ ને એમ જળવાઈ રહે છે. જેમકે,

कुक्कुटः	कुक्कुडो	(કૂકડો)
उच्चरति	उच्चरइ	(ઉચરે)
कज्जलम्	कज्जलं	(કાજળ)
पट्टकः	पट्टउ	(પાટો)
मत्त-	मत्त-	(માતું)
कुद्दालः	कुद्दालो	(કોદાળો)
भिन्नम्	भिन्नं	(ભીનું)
पिप्पलः	पिप्पलो	(પીપળો)
द्रम्मः	दम्मो	(દામ)
झल्लरी	झल्लरी	(ઝાલર)

પરંતુ બેવડા ય (य्य)નો જ્જ થાય છે. જેમકે, સં. शय्या > પ્રા. सेज्जा > ગુ. સેજ.

: ૨ : એક જ સ્થાનના અલ્પપ્રાણ અને મહાપ્રાણ સ્પર્શવ્યંજનોનો સંયોગ જળવાઈ રહે છે. જેમકે,

સં. पुच्छम्‌ના च्छમાં તાલુસ્થાનીય અલ્પપ્રાણ તથા મહાપ્રાણ સ્પર્શવ્યંજન જોડાયેલા છે. પ્રાકૃતમાં એ पुच्छं જ રહે છે (અને ગુજરાતીમાં 'પૂછ' 'પૂછડું' થાય છે). બીજાં ઉદાહરણો જુઓ :

पृच्छति	पुच्छइ	(પૂછે)
बद्धम्	बद्धं	(બાધું)

सिद्धम्	सिद्धं	(સીધું)

: ૩ : અનુનાસિક સ્પર્શવ્યંજન સાથેનો સમાન સ્થાનના નિરનુનાસિક વ્યંજનનો સંયોગ પણ ટકી રહે છે. જેમકે,

अङ्कः	अंको	(આંક)
पङ्गुलकः	पंगुलउ	(પાંગળો)
चञ्चुः	चंचु	(ચાંચ)
अञ्जनम्	अंजणं	(આંજણ)
दण्डकः	दंडउ	(દાંડો)
दन्तः	दंतो	(દાંત)
कन्दकः	कंदउ	(કાંદો)
*स्कन्धिः	खंधि	(ખાંધ)
कम्पते	कंपइ	(કાંપે)
जम्बू	जंबू	(જાંબુ)

ઊષ્મવ્યંજન પૂર્વે નાસિક્ય વ્યંજનનો સંયોગ પણ ટકી રહે છે. જેમકે,

वंशः	वंसो	(વાંસ)
संशयः	संसओ	(સાંસો)

[૧૮] સંયુક્ત સ્પર્શવ્યંજનોનું પરિવર્તન

: ૧ : સંસ્કૃતમાં જ્યાં બે ભિન્નભિન્ન સ્થાનના અલ્પપ્રાણ નિરનુનાસિક સ્પર્શવ્યંજનોનો સંયોગ હોય ત્યાં પ્રાકૃતમાં પહેલો વ્યંજન બીજા જેવો થઈ જાય છે એટલે બીજો વ્યંજન બેવડાય છે. પરંતુ આમાં જ્યારે બીજો વ્યંજન મહાપ્રાણ હોય ત્યારે એટલેકે અલ્પપ્રાણ તથા મહાપ્રાણનો સંયોગ હોય ત્યારે પહેલો વ્યંજન બીજા વ્યંજનના સ્થાનનો અલ્પપ્રાણ વ્યંજન થઈ જાય છે. જેમકે સં. अलक्तकःમાં क, त બન્ને અનુક્રમે કંઠ્ય અને દંત્ય અલ્પપ્રાણ સ્પર્શવ્યંજનો છે, તો પ્રાકૃતમાં એનું अलत्तओ (ગુ. અળતો) થાય છે. પણ સં. उत्खात-માં ख મહાપ્રાણ સ્પર્શવ્યંજન છે તેથી એનું પ્રાકૃતમાં उक्खा (ગુ. ઉખાડવું) થાય છે. બીજાં થોડાં ઉદાહરણો જુઓ :

અલ્પપ્રાણ + અલ્પપ્રાણ :	भक्तम्	भत्तु	(ભાત)
	मत्कुणः	मक्कुण	(માકણ)
	उद्गमः	उग्गमु	(ઊગમ)
	शब्दः	सद्दु	(સાદ)
	उत्पद्यते	उप्पज्जइ	(ઊપજે)

અલ્પપ્રાણ + મહાપ્રાણ :	दुग्धम्	दुद्धु	(દૂધ)
	लब्धकम्	लद्धउं	(લાધ્યું)
	उद्घाटयति	उग्घाडइ	(ઉઘાડે)

: ૨ : નિરનુનાસિક સ્પર્શવ્યંજન સાથે નાસિક્ય સ્પર્શવ્યંજન જોડાયેલ હોય ત્યારે પરિવર્તન જુદી રીતે થાય છે. પોતાના સ્થાનના કે અન્ય સ્થાનના નિરનુનાસિક સ્પર્શવ્યંજન સાથે ન જોડાય ત્યારે એ સંયોગને સ્થાને પ્રાકૃત-અપભ્રંશમાં બેવડો નિરનુનાસિક સ્પર્શવ્યંજન આવે છે. જેમકે,

ग + न > ग्ग :	अग्निः	अग्गि	(આગ)
	लग्न-	लग्ग-	(લાગ-વું)
त + न > त्त :	यत्नम्	जत्तं	–

પરંતુ નિરનુનાસિક સ્પર્શવ્યંજન જો મહાપ્રાણ હોય ત્યારે એની સાથેના નના સંયોગને સ્થાને અલ્પપ્રાણ + મહાપ્રાણનો સંયોગ આવે છે. જેમકે સં. कृतघ्नનું પ્રા. कयग्घ થાય છે, સં. विघ्नનું પ્રા. विग्घ થાય છે.

નિરનુનાસિક સ્પર્શવ્યંજનનો મ સાથેનો સંયોગ બહુધા પ્પમાં પરિવર્તન પામે છે. જેમકે,

रुक्मिणी	रुप्पिणी	(રૂપેણ)
कुट्मल-, कुड्मल-	कुप्पल-, कुंपल-	(કૂંપળ)
आत्मा	आप्पा, अप्पा	(આપ)
पक्ष्मन्	पप्पण, *पंपण	(પાંપણ)

ज + ञ (=ज्ञ)નો ञ्ञ થાય છે. જેમકે,

अभिज्ञानम्	अहिञ्ञाणं	(એંધાણ)
याज्ञिकः	जञ्ञिओ	(જાની)
विज्ञापयति	विञ्ञवइ	(વીનવે)
संज्ञा	सञ्ञा	(સાન)

ભિન્ન સ્થાનવાળા બે નાસિક્યોના સંયોગમાં પહેલો વ્યંજન બીજાને મળતો થઈ જાય છે. જેમકે,

न + म > म्म :	तन्मयम्	तम्मयं	–
म + न > म्न :	प्रद्युम्नः	पज्जुन्नो	(પજૂન – જૂ.ગુ.)

[૧૯] સ્પર્શવ્યંજન સાથે અન્ય વ્યંજનોના સંયોગનું પરિવર્તન

: ૧ : સ્પર્શવ્યંજનો સાથેના અન્ય વ્યંજનો એટલેકે य, र, ल, वના સંયોગનો હવે વિચાર

કરવાનો રહે છે. એ સંયોગ એકસરખી રીતે પરિવર્તન પામે છે. નાસિક્ય સમેત કોઈ પણ (અલ્પપ્રાણ) સ્પર્શવ્યંજન સાથે ય, ર, લ, વ જોડાયેલ હોય ત્યારે એ સંયોગનું પરિવર્તન બેવડા સ્પર્શવ્યંજન રૂપે થાય છે (ણ્ણને સ્થાને ન્ન જ આવે છે) અને સ્પર્શવ્યંજન જ્યારે મહાપ્રાણ હોય ત્યારે એ સંયોગનું પરિવર્તન અલ્પપ્રાણ-મહાપ્રાણના સંયોગ રૂપે થાય છે. જેમકે,

અલ્પ. સ્પર્શ + ય :	શિક્યકમ્	સિક્કउं	(શીકું)
	વણિજ્યતિ	વણિજ્જઇ	(વણજે)
	ત્રુટયતિ	તુટ્ટઇ	(તૂટે)
	કુપ્યતિ	કુપ્પઇ	(કોપે)
નાસિક્ય + ય :	જન્યા	જન્ના, જન્ન	(જાન)
	ધાન્યમ્	ધન્નુ	(ધાન)
	શૂન્યકમ્	સુન્નउं	(સૂનું)
	અરણ્યમ્	રન્નં	(રાન)
	પુણ્યમ્	પુન્નં	(પૂન)
	સુરમ્ય-	સુરમ્મ	–
મહા. સ્પર્શ + ય :	ઉપાખ્યાનકમ્	ઉવક્ખાણउं	(ઉખાણું)
	લભ્યતે	લબ્ભઇ	(લાભે)
અલ્પ. સ્પર્શ + ર :	ચક્રમ્	ચક્કુ	(ચાક, ચાકડો)
	રાત્રિ:	રત્તિ	(રાત)
મહા. સ્પર્શ + ર :	વ્યાઘ્ર:	વગ્ઘુ	(વાઘ)
	ગૃધ્ર:	ગિદ્ધુ	(ગીધ)
અલ્પ. સ્પર્શ + લ :	વિપ્લવ:	વિપ્પવો	–
અલ્પ. સ્પર્શ + વ :	પક્વકં	પક્કउं	(પાકું)
	ખટ્વા	ખટ્ટા, ખટ્ટ	(ખાટ)

: ૨ : એ નોંધપાત્ર છે કે દંત્ય સ્પર્શ સાથેનો યનો સંયોગ જુદી રીતે પરિવર્તન પામે છે. એ સંયોગને સ્થાને દંત્યને મળતો બેવડો તાલવ્ય કે અલ્પપ્રાણ-મહાપ્રાણ તાલવ્યનો સંયોગ આવે છે. જેમકે,

અલ્પ. દંત્ય + ય :	સત્યકમ્	સચ્चउं	(સાચું)
	અદ્ય	અજ્જ	(આજ)
	મિથ્યા	મિચ્છા	–
મહા. દંત્ય + ય :	બુધ્યતે	બુજ્ઝઇ	(બૂઝે)

उपाध्यायः	उवज्झाउ	(ઓઝા)

દ+રનો સંયોગ પણ ક્યારેક દ્દ રૂપે પરિણમે છે – સં. पद्रम्, પ્રા. पद्दं, वद्दं, (ગુ. -વદ, -ઓદ – હળવદ, દાહોદ વગેરે) – પરંતુ વધારે તો બેવડા લ્લ રૂપે પરિણમે છે. નીચેનાં ઉદાહરણો જુઓ :

पद्र-	पल्ल-, पल्ली वल्ल-, वल्ली	(-ઓલ, -ઓલી – રણોલી વગેરે)
उद्रम्	उल्लं, ओल्लं	(ઓલવવું)
भद्रम्	भल्लं	(ભલું)

દંત્ય વ્યંજન સાથેનો વનો સંયોગ પણ દંત્યને અનુરૂપ બેવડા ઓષ્ઠ્ય વ્યંજન કે અલ્પપ્રાણ-મહાપ્રાણના સંયોગ રૂપે પરિણમે છે. (આગળ સ્પર્શવ્યંજન સાથેના મના સંયોગનું થયેલું આ રીતનું પરિવર્તન આપણે નોંધ્યું છે.) જેમકે,

-त्वन	प्पण	(-પણ – નાનપણ વગેરે)
ऊर्ध्वम्	उब्भं	(ઊભું)

: ૨ : ઉપરનાં પરિવર્તનો તે અનાદ્ય સ્થાનનાં છે. આદ્ય સ્થાને એકવડો અલ્પપ્રાણ કે મહાપ્રાણ વ્યંજન આવે છે. જેમકે,

च्योतति	चुअइ	(ચૂએ)
ज्येष्ठः	जेट्ठो	(જેઠ)
ध्यानम्	झाणं	–
क्रोशः	कोसो	(કોસ)
द्रम्मः	दम्मो	(દ્રમ)
प्रस्तरः	पत्थरो	(પથ્થર)
म्रक्षणम्	मक्खणं	(માખણ)
द्वारम्	बारं	(બાર, બારણું)
द्वि	बि	(બે)

સ્પર્શવ્યંજન સાથે લનો સંયોગ આદ્યસ્થાને સાવ જુદી રીતે જ પરિવર્તન પામે છે. ત્યાં સ્વરાગમપૂર્વક સંયોગનો વિશ્લેષ થાય છે. જેમકે, સં.क्लेश, પ્રા.किलेस, સં. म्लान-, પ્રા. मिलाण- વગેરે.

[૨૦] ર, લ, વ, હ્ના અન્ય વ્યંજનો સાથેના તથા પરસ્પર સંયોગનું પરિવર્તન

: ૧ : હવે ય, ર, લ, વ, હ્ના અન્ય વ્યંજનો સાથેના સંયોગોનો વિચાર કરવાનો રહે છે. આદ્ય સ્થાને કેવળ વ સાથેનો સંયોગ મળે છે, ય, ર, લ સાથેના સંયોગ મળતા

નાથી. આ વ્યંજનોવાળા સંયોગો આપણે એક-એક લઈને તપાસીએ.

: ૨ : રની સાથે ઘણા વ્યંજનો જોડાઈ શકે છે. એમાંથી र्यનું પરિવર્તન વિશિષ્ટ રીતે થયું છે. र्यને સ્થાને જ્જ આવે છે, ક્વચિત્ લ્લ પણ આવે છે. જેમકે,

कार्यं	कज्जं	(કાજ)
धैर्यं	धेज्जं	(ધીજ – જૂ.ગુ.)
पर्यस्तिका	पल्लत्थिआ, पल्लट्ठिआ	(પલાઠી, પલાંઠી)

र સાથેના અન્ય – સ્પર્શ, નાસિક્ય વગેરે સર્વ – વ્યંજનોના સંયોગોનું પરિવર્તન એકસરખી રીતે થાય છે. બધે જ એ સંયોગને સ્થાને બેવડા સ્પર્શ વગેરે આવે છે (ण्णને સ્થાને न्न આવે છે). જ્યાં બીજો વ્યંજન મહાપ્રાણ હોય ત્યાં અલ્પપ્રાણ-મહાપ્રાણનો સંયોગ આવે છે. નીચેનાં ઉદાહરણો જુઓ :

र + સ્પર્શ (અલ્પ.) :	गर्जति	गज्जइ	(ગાજે)
	गर्दभकः	गद्दहउ	(ગધો, ગધેડો)
	कर्पूरम्	कप्पूरु	(કપૂર)
र + સ્પર્શ (મહા.) :	चतुर्थकम्	चउत्थउं	(ચોથું)
	वर्धते	वद्धइ	(વાધે, વધે)
र + નાસિક્ય :	पर्णम्	पन्नु	(પાન)
	कर्मम्	कम्मु	(કામ)
र + ल :	निर्लज्जः	निल्लज्जो	(નીલજ)
र + व :	चर्वति	चव्वइ	(ચાવે)
	सर्वः	सव्वो	(સાવ)

र સાથેનો દંત્યનો સંયોગ મૂર્ધન્યભાવ પામે છે એ આપણે આગળ [૧૧]ના : ૧ :માં જોઈ ગયા છીએ.

र સાથેના ઊષ્મવ્યંજન તથા હના સંયોગો અપવાદરૂપ પરિવર્તન-વલણો દર્શાવે છે. र સાથે ઊષ્મવ્યંજન જોડાયો હોય ત્યારે બેવડા ઊષ્મને બદલે એકવડો ઊષ્મ આવી પૂર્વ સ્વર દીર્ઘત્વને પામે છે. જેમકે, સં. पार्श्व-નું પ્રા. पास- થાય છે. र + હનો સંયોગ સ્વરાગમપૂર્વક વિશ્લેષ પામે છે. જેમકે, સં. अर्हन्तः, પ્રા. अरिहंतो.

: ૩ : ल સાથે સ્પર્શવ્યંજન (નાસિક્ય સમેત) જોડાયેલ હોય ત્યારે એ સંયોગને સ્થાને પાછલો વ્યંજન બેવડાઈને આવે છે. જેમકે,

गुल्गुलः	गुग्गुलो	(ગૂગળ)
फाल्गुनः	फग्गुणो	(ફાગણ)

कल्पः	क्प्पो	–

ल સાથે य કે व જોડાયેલ હોય ત્યારે એ સંયોગને સ્થાને બેવડો ल (ल्ल) આવે જેમકે,

कल्यम्	कल्लं	(કાલ)
कल्यवर्तः	कल्लवत्तो	(કલવો)
पल्वलम्	पल्ललं	–

: ४ : व સાથેના य કે रના સંયોગને સ્થાને व्व આવે છે. જેમકે,

व + य :	सीव्यति	सिव्वइ	(સીવે)
	कर्तव्य-	करिअव्व-	(કરવું)
व+र :	नीव्रः	निव्वं	(નેવ, નેવું)

આદ્ય સ્થાને એકવડો व જ આવે છે. જેમકે,

व्याख्यानम्	वक्खाणं	(વખાણ)
व्यवहरति	ववहरइ, वउहरइ	(વહોરે)

: ५ : ह સાથે य નાસિક્યનો સંયોગ હોય ત્યારે એ બે વ્યંજનોનો વ્યત્યય થાય છે અને પછીથી હને સ્થાને નાસિક્યના વર્ગનો મહાપ્રાણ ઘોષ સ્પર્શવ્યંજન આવે છે. જેમકે,

चिह्नम्	चिन्हं > चिंधं	(ચીંધ-વું)
ब्राह्मणः	बम्हणो > बंभणो	(બાંભણ)

ह સાથેનો यનો સંયોગ ज्झ રૂપે પરિવર્તન પામે છે. જેમકે,

गुह्यम्	गुज्झं	(ગૂઝ)
बाह्यम्	बज्झं	(બાઝ – જૂ.ગુ.)
दुह्यते	दुज्झइ	(દૂઝે)

ह સાથેનો वનો સંયોગ ब्भ રૂપે પરિવર્તન પામે છે. જેમકે, સં. जिह्वा, પ્રા. जिब्भा. (ગુ. જીભ).

[૨૧] સંયુક્ત વ્યંજનોનું નાસિક્યીકરણ

: ૧ : બે ભિન્ન સ્થાનના સંયુક્ત વ્યંજનોનું સારૂપ્ય થવું, એક વ્યંજન બેવડાવવો કે અલ્પપ્રાણ-મહાપ્રાણનો સંયોગ આવવો એ એક વ્યાપક નિયમસરની ધ્વનિપ્રક્રિયા છે એ અત્યાર સુધીના નિરૂપણથી સમજાયું હશે. આની સામે ભિન્ન સ્થાનના સંયુક્ત વ્યંજનોનું નાસિક્ય + સ્પર્શ કે સંઘર્ષી વ્યંજન રૂપે પરિવર્તન થવાની એક પ્રક્રિયા પણ ઘણા દાખલાઓમાં જોવા મળે છે તે એક વ્યાપક વલણનો સંકેત કરે છે. દાખલા તરીકે, સં. अक्षिનું પ્રા. अक्खि થવાને બદલે अंखि (ગુ. આંખ) થાય છે; સં. वक्त्रમ્નું પ્રા. वक्कं

થવાને બદલે વંક (ગુ. વાંકું) થાય છે. બીજાં ઉદાહરણો પણ જુઓ :

પક્ષ:	પંખો	(પાંખ)
ઋક્ષ:	રિંછો	(રીંછ)
વૃશ્ચિક:	વિંછિઓ	(વીંછી)
વેષ્ટતે	વિંટइ	(વીંટે)
કર્કર:	કંકરો	(કાંકરો)
અશ્રુ	અંસુ	(આંસુ)
છિદ્રકમ્	છિંડઅં	(છીંડું)

[૨૨] અપભ્રંશના સંયુક્ત વ્યંજનોનું સરલીકરણ : હ્રસ્વ સ્વરનું દીર્ઘ થવું : સાનુનાસિક સ્વરોનું નિર્માણ

: ૧ : હવે આપણે અપભ્રંશથી ગુજરાતી સુધીમાં થયેલાં કેટલાંક મહત્ત્વનાં ધ્વનિપરિવર્તનો જોઈએ. આવું એક પરિવર્તન તે સંયુક્ત વ્યંજનોનું પરિવર્તન છે. આપણે જોઈ ગયા કે સંસ્કૃતના વ્યંજનસંયોગ પ્રાકૃત-અપભ્રંશમાં સારૂપ્યવ્યાપારથી બેવડા વ્યંજન કે અલ્પપ્રાણ-મહાપ્રાણના સંયોગ રૂપે પરિવર્તન પામે છે, જેમકે સં: કર્મનું પ્રાકૃત-અપભ્રંશમાં કમ્મ થાય છે તેમાં ર્‌મ એ સંયોગ બેવડા મ (મ્મ) રૂપે પરિવર્તન પામેલ છે, જ્યારે દહ્યતેનું દજ્ઝइ થાય છે તેમાં હ્‌ય એ સંયોગનું અલ્પપ્રાણ-મહાપ્રાણના સંયોગ જ્ઝ રૂપે પરિવર્તન થયેલ છે. ગુજરાતીમાં સામાન્યતઃ આ જાતના સંયોગોનો લોપ થાય છે એટલેકે બેવડા વ્યંજન એકવડા બને છે, અલ્પપ્રાણ-મહાપ્રાણના સંયોગમાંથી કેવળ મહાપ્રાણ વ્યંજન રહે છે અને સંયુક્ત વ્યંજન પૂર્વેનો સ્વર દીર્ઘ બને છે.

દાખલા તરીકે, કમ્મમાંના મ્મનો ગુજરાતીમાં 'મ' થાય છે અને એની પૂર્વેનો અ સ્વર દીર્ઘ થતાં 'આ' બને છે. એટલેકે અપભ્રંશ કમ્મનું ગુજરાતીમાં 'કામ' થાય છે. એ જ રીતે, દજ્ઝइમાંના જ્ઝમાંથી ગુજરાતીમાં એકલો મહાપ્રાણ 'ઝ' રહે છે અને પૂર્વ સ્વર અનો 'આ' થાય છે, એટલે દજ્ઝइનું 'દાઝે' થાય છે.

આ પ્રક્રિયાનાં ઘણાં ઉદાહરણો સંસ્કૃતના સંયુક્ત વ્યંજનોના પ્રાકૃત-અપભ્રંશમાં થયેલા પરિવર્તનને સંદર્ભે આગળ આવી ગયાં છે. સંયોગલોપ અને પૂર્વસ્વરદીર્ઘત્વની દૃષ્ટિએ નીચેનાં ઉદાહરણો પણ જુઓ :

બેવડા વ્યંજન :	(અદ્ય)	અજ્જુ	આજ
	(સર્પ:)	સપ્પુ	સાપ
	(ચક્રમ્)	ચક્કુ	ચાક, ચાકડો

	(झल्लरी)	झल्लरि	ઝાલર
	(वर्णः)	वन्नु	વાન
	(भक्तः)	भत्तु	ભાત
	(सप्त)	सत्तु	સાત
	(खट्वा)	खट्ट	ખાટ
	(चत्वरम्)	चच्चरु	ચાચર
	(खाद्यकम्)	खज्जउं	ખાજું
	(वाद्यकम्)	वज्जउं	વાજું
	(अर्बुदः)	अब्बुउ	આબુ
	(नश्यति)	नस्सइ	નાસે
	(मार्गयति)	मग्गइ	માગે
	(आत्मा)	अप्प	આપ
	(आत्मनः)	अप्पणं+उं	આપણું
	(अरण्यम्)	रन्नु	રાન
	(वार्ता)	वत्त	વાત
	(विद्युत्)	विज्जु	વીજ
	(अर्पयति)	अप्पइ	આપે
	(लज्जा)	लज्ज	લાજ
	(शीर्षम्)	सिस्सु	શીશ
	(शिक्यकम्)	सिक्कउं	શીકું
	(पिप्पलकः)	पिप्पलउ	પીપળો
	(फुल्लम्)	फुल्लु	ફૂલ
	(उद्यमः)	उज्जमु	ઉજમ
	(उर्णा)	उन्न	ઊન
	(शून्यकम्)	सुन्नउं	સૂનું
	(कूर्चकः)	कुच्चउ	કૂચો
અલ્પ. + મહા. :	(व्याघ्रः)	वग्घु	વાઘ
	(हस्तः)	हत्थु	હાથ
	(साक्ष्यम्)	सक्खु	સાખ
	(बुभुक्षा)	बुहुक्ख	ભૂખ
	(पिच्छकम्)	पिच्छउं	પીછું

(गृध्रः)	गिद्धु	ગીધ
(दुग्धम्)	दुद्धु	દૂધ
(ऊर्ध्वकम्)	उब्भउं	ઊભું
(स्तस्तरकः)	सत्थरउ	સાથરો

: ૨ : અપભ્રંશના સંયુક્ત વ્યંજનમાં જ્યારે પૂર્વ વ્યંજન અનુનાસિક હોય છે ત્યારે સંયોગલોપ થતાં પાછળનો નિરનુનાસિક વ્યંજન રહે છે અને દીર્ઘ થયેલો સ્વર સાનુનાસિક બને છે. દાખલા તરીકે, સંસ્કૃત પञ्चનું અપભ્રંશમાં પञ्च (લેખનમાં पंच) જ રહ્યું, ગુજરાતીમાં એ ञ્નો લોપ થયો અને પૂર્વનો જે અ સ્વર દીર્ઘ થઈ 'આ' થયો તે સાનુનાસિક બન્યો. એટલે થયું 'પાँચ'.

બીજાં કેટલાંક ઉદાહરણો પણ જુઓ :

(अङ्कः)	अंकु	આँક
(षण्ढः)	संढु	સાँઢ
(कङ्गुः)	कंगु	કાँગ
(पञ्जरकम्)	पंजरउं	પાँજરું
(जङ्घाः)	जंघ	જાँઘ
(ग्रन्थिः)	गंठि	ગાँઠ
(कण्ठकः)	कंठउ	કાँઠો
(कण्टकः)	कंटउ	કાँટો
(चन्द्रकः)	चंदउ	ચાँદો
(दन्तः)	दंतु	દાँત
(तन्तुः)	तंतु	તાँત, તાँતણો
(कन्दकः)	कंदउ	કાँદો
(बन्धकः)	बंधउ	બાँધો
(अन्धिका)	अंधिअ	આँધી
(अश्रु)	अंसु	આँસુ
(अक्षि)	अंखि	આँખ
(पक्ष)	पंख	પાँખ
(उच्चकम्)	उंचउं	ઊંચું
(अङ्गणकम्)	अंगणउं	આँગણું
(अन्तरितः)	अंतरिउ	આँતર્યો
(इन्धनम्)	इंधनु	ઇંધણ

: ૩ : આ નિયમના અપવાદરૂપ દૃષ્ટાંતો ઘણાં મળી આવે છે. એમાં બેત્રણ પ્રકારની પરિસ્થિતિઓ કામ કરી રહેલી જણાય છે. એક તો, પ્રથમ સિવાયના અક્ષરમાં પૂર્વે નાસિક્યવાળો વ્યંજનસંયોગ આવે ત્યારે એ અવિકૃત રહે છે. જેમકે, સં. खण्ड પ્રા.-અપ. खण्डનું ગુજરાતીમાં 'ખાંડ-વું' થાય છે, કેમકે અહીં ण्डનો સંયોગ પ્રથમ અક્ષરમાં જ છે; પરંતુ સં. अखण्ड, પ્રા.-અપ. अखण्डનું ગુજરાતીમાં પણ 'અખંડ' (અખણ્ડ) જ રહે છે, કેમકે અહીં ण्डનો સંયોગ પ્રથમ નહીં પણ બીજા અક્ષરમાં આવેલો છે. બીજાં કેટલાંક દૃષ્ટાંતો પણ જુઓ :

(अष्टांग)	अट्ठंग	અઠંગ
(पर्यङ्कः)	पल्लंगु	પલંગ
(मृगाङ्कः)	मियंकु	મયંક
(चतुष्खण्डकम्)	चउखंडउं	ચોખંડું
(कुसुम्भकः)	कुसुंभउ	કસુંબો

બીજું, પછીના અક્ષરમાં દીર્ઘ સ્વર કે સંયુક્ત વ્યંજન આવતો હોય તોપણ પહેલા અક્ષરનો નાસિક્યવાળો વ્યંજનસંયોગ અવિકૃત રહે છે. જેમકે સં.अङ्गुलिः, અપ. अंगुलिનું ગુ. 'આંગળી' થાય છે. પરંતુ સં. अङ्गरक्षकम्, અપ. अङ्गरक्खउंનું ગુ. 'અંગરખું' (અઙ્ગરખું) જ થાય છે, 'આંગરખું' નહીં, કેમકે પાછળ क्ख એ સંયુક્ત વ્યંજન છે. સં. कम्प् પરથી થયેલા અપ. कम्पावंइનું ગુ. 'કંપાવે' (કમ્પાવે) થાય છે. 'કાંપાવે' નહીં, કેમકે પાછળ દીર્ઘ સ્વર આ આવેલો છે.

આ જ રીતે, નાસિક્ય વિનાનો વ્યંજનસંયોગ પણ જ્યારે પ્રથમ સિવાયના અક્ષરમાં હોય ત્યારે સંયોગલોપ થાય છે, પરંતુ પૂર્વ સ્વર દીર્ઘ થતો નથી. જેમકે, સં. षष्टि, અપ. सट्ठिનું ગુ. 'સાઠ' થાય છે, કેમકે, ત્યાં વ્યંજનસંયોગ પહેલા અક્ષરમાં છે; પરંતુ સં. एकषष्टि, અપ. एकसट्ठिનું ગુ. 'એકસઠ' થાય છે, કેમકે ત્યાં વ્યંજનસંયોગ છેક ત્રીજા અક્ષરમાં જતો રહ્યો છે.

બીજાં કેટલાંક ઉદાહરણો પણ જુઓ :

(आलस्यम्)	आलस्सु	આળસ
(चतुरस्रम्)	चउरस्सु	ચોરસ
(करपत्रम्)	करवत्तु	કરવત
(हलपद्रम्)	हलवद्दु	હળવદ
(अलक्तकः)	अलत्तउ	અળતો
(अलग्नकम्)	अलग्गउं	અળગું
(आरात्रिका)	आरत्तिअ	આરતી

(નિરન્નકમ્)	નિરણ્ણઉં	નરણું
(નવરાત્રકમ્)	નવરત્તઉં	નોરતું
(વિનશ્યતિ)	વિણસ્સઇ	વણસે
(નિરીક્ષતે)	નિરિક્ખઇ	નરખે, નિરખે (નીરખે)
(સૌરાષ્ટ્રઃ)	સોરટ્ઠુ	સોરઠ

ચોથું, પછીના અક્ષરમાં જો દીર્ઘ સ્વર કે સંયુક્ત વ્યંજન આવતો હોય તો પહેલા અક્ષરના વ્યંજનસંયોગનો પણ લોપ થવા છતાં પૂર્વ સ્વર દીર્ઘ થતો નથી. જેમકે સં. चर्म, અપ. चम्मનું ગુજરાતીમાં 'ચામ' થાય છે, પરંતુ સં. चर्मकारः, અપ. चम्मआरુનું ગુજરાતીમાં 'ચમાર' થાય છે, કેમકે મ્મની પછી દીર્ઘ સ્વર આ હોઈને પૂર્વેનો અ દીર્ઘ થતો નથી. એ જ રીતે સં. उत्सङ्गः, અપ. उच्छङ्गુમાં ઙ્ગ બીજા અક્ષરમાં હોઈ એ અવિકૃત રહે છે, તેમ ચ્છ પછી ઙ્ગ સંયુક્ત વ્યંજન આવતા હોઈ એનો છ થાય છે, પણ પૂર્વ સ્વર દીર્ઘ થતો નથી અને આપણને ગુજરાતીમાં 'ઉછંગ' (ઉછઙ્ગ) મળે છે.

બીજાં ઉદાહરણો પણ જુઓ :

(વ્યાખ્યાનમ્)	વક્ખાણુ	વખાણ
(પ્રક્ષાલયતિ)	પક્ખાલઇ	પખાળે
(કાર્પાસઃ)	કપ્પાસુ	કપાસ
(કર્પૂરમ્)	કપ્પૂરુ	કપૂર
(યજ્ઞોપવીતમ્)	જન્નોઅઇઉ	જનોઈ
(ઉદ્ઘાટયતિ)	ઉગ્ઘાડઇ	ઉઘાડે
(ઉષ્મકાલકઃ)	ઉહ્નઆલઉ	ઉનાળો
(પ્રતિચ્છાયા)	પડિચ્છાયઉ	પડછાયો
(આશ્ચર્યમ્)	અચ્ચરિજ્જુ	અચરજ

છેલ્લે, કેટલાંક દૃષ્ટાંતો એવાં મળે છે કે જેમાં વ્યંજનસંયોગ પ્રથમ અક્ષરનો છે, પછીના અક્ષરમાં દીર્ઘ સ્વર કે વ્યંજન આવતો નથી, છતાં સંયોગલોપે પૂર્વ સ્વર દીર્ઘ થતો નથી. જેમકે,

(પશ્ચાત્)	પચ્છઇ	પછી
(ભદ્રકમ્)	ભલ્લઉં	ભલું
(પત્રકમ્)	પત્તરઉં	પતરું
(કર્પટકમ્)	કપ્પડઉં	કપડું
(પ્રસ્તરકઃ)	પત્થરઉ	પથરો
(કષ્ટઃ)	કટ્ઠ-	કઠ-વું

આમાં જુદાંજુદાં કારણો હોવા સંભવ છે. નરસિંહરાવે એક કારણ એ આપ્યું છે કે ઉત્તર અક્ષરના સ્વર પર ભાર હોય ત્યાં સંયોગલોપે પૂર્વે સ્વર દીર્ઘ થતો નથી. કપ્પડઉંનું 'કપડું' થાય છે તેમ 'કાપડું' થાય છે એનું કારણ આવું કંઈક હોઈ શકે, તેમ છતાં આ દૃષ્ટાંતોમાં નિશ્ચિતપણે કંઈ વિધાન કરવું મુશ્કેલ લાગે છે.

આ સિવાય અમુક સ્વરભારવાળાં ઉચ્ચારણોમાં નાસિક્ય વગરનો વ્યંજનસંયોગ – પ્રથમ સ્થાનનો પણ – અવિકૃત રહે છે. દાખલા તરીકે સં.પક્વકઃ, પ્રા.-અપ. પક્કઉ ઉપરથી ગુ. 'પાકો' શબ્દ આવ્યો છે, તેમજ 'પક્કો' પણ આવ્યો છે. 'પક્કો'માં ભારપૂર્વકનું ઉચ્ચારણ રહેલું છે. સંયોગ આ રીતે અવિકૃત રહેતો હોય એવા બીજા કેટલાક શબ્દો છે – ઉજ્જડ, ખપ્પર, પત્થર, છત્તર, પત્તું, જુટ્ઠું, લુખ્ખું, બુટ્ઠું, બુદ્ધો, કચ્છ, ચોક્કો, પંજો, છક્કો, સત્તો, અટ્ઠો વગેરે. (આમાં કેટલાક શબ્દોમાં હિંદીનો પ્રભાવ હોવાની શક્યતા છે.) એ નોંધવું જોઈએ કે 'પતું' 'લૂખું' 'સતો' 'અઠો' એવાં ઉચ્ચારણો પણ બોલીભેદે મળે છે.

આ અપવાદરૂપ પરિસ્થિતિઓનો વિચાર કરતાં આપણે સંયુક્ત વ્યંજનોના પરિવર્તન અંગેનો નિયમ એ રીતે બાંધી શકીએ કે અપભ્રંશના સંયુક્ત વ્યંજનો (પહેલા અનુનાસિક વ્યંજનવાળા સંયુક્ત વ્યંજનો પહેલા અક્ષરમાં હોય ત્યારે) ગુજરાતીમાં સાદા બને છે (એટલેકે બેવડા વ્યંજન એકવડા બને છે, અલ્પપ્રાણ અને મહાપ્રાણના સંયોગમાંથી એકલો મહાપ્રાણ રહે છે તથા અનુનાસિક અને નિરનુનાસિકના સંયોગમાંથી નિરનુનાસિક રહે છે) અને એ સંયુક્ત વ્યંજન પહેલા અક્ષરમાં હોય તેમજ પછીના અક્ષરમાં દીર્ઘ કે ભારયુક્ત સ્વર કે સંયુક્ત વ્યંજન ન હોય ત્યારે એની પૂર્વેનો સ્વર દીર્ઘ બને છે. (અનુનાસિકવાળા સંયોગની બાબતમાં એ સ્વર સાનુનાસિક પણ બને છે.)

[૨૩] નાસિક્ય પૂર્વેના એનો 'ઈ/ઇ' અને ઓનો 'ઊ/ઉ'

: ૧ : પ્રા.-અપ.ના નાસિક્ય વ્યંજન પહેલાંના એનો ગુજરાતીમાં 'ઈ' કે 'ઇ' અને ઓનો 'ઊ' કે 'ઉ' થયો છે. જેમકે,

એનો 'ઈ' કે 'ઇ' :	(उज्जयिनी)	उज्जैणिअ	ઉજ્જીણી (જૂ.ગુ.)
	(क्षेम-)	खेम-	ખીમ-જી
	(छेदनिका)	छेणिअ	છીણી
	(फेनम्)	फेणं	ફીણ
ઓનો ઊ' કે 'ઉ' :	(कोमल-)	कोवँल-	કૂંળું
	(रोम)	रोवँउं	રૂંવું
	(लवणम्)	लोणं	લૂણ
	(सलवणम्)	सलोणउं	સલૂણું

[૨૪] અइ, અउનું પરિવર્તન

: ૧ : અપભ્રંશથી ગુજરાતી સુધીમાં બીજું એક પરિવર્તન તે અપભ્રંશના અइ, અउ એ સ્વરયુગ્મોનું પરિવર્તન છે. આ પરિવર્તન ગુજરાતી ભાષાના વિકાસ દરમિયાન મધ્યકાલીન ગુજરાતીની ભૂમિકાએ થયેલ છે. અપભ્રંશના વારસારૂપ અइ, અउ અમુક પરિસ્થિતિઓમાં વિવૃત 'એ' અને 'ઓ' રૂપે તો બીજી પરિસ્થિતિઓમાં સંવૃત 'એ' અને 'ઓ' રૂપે પરિવર્તન પામે છે.

કઈ પરિસ્થિતિઓમાં વિવૃત અને કઈ પરિસ્થિતિઓમાં સંવૃત 'એ' 'ઓ' નિષ્પન્ન થાય છે તે વિશે કેટલીક સંદિગ્ધતા પ્રવર્તે છે. નરસિંહરાવે આમાં સ્વરભારને કારણભૂત માન્યો હતો. એમણે એવો નિયમ આપ્યો હતો કે અइ, અउ એ સ્વરયુગ્મોમાં જ્યારે અ સ્વરિત હોય ત્યારે इ, उનો 'ય', 'વ' થઈ 'અય્' અને 'અવ્' વિવૃત 'એ' અને 'ઓ'માં પરિવર્તન પામે છે; તો જ્યારે इ અને उ સ્વરિત હોય ત્યારે (અથવા અય્, અવ્માં य्, व् સ્વરિત હોય ત્યારે એ 'અઇ' 'અઉ' થઈ) સંવૃત 'એ' અને 'ઓ'માં પરિવર્તન પામે છે. દાખલા તરીકે, સં. વૈરમ્ પરથી આવેલા અપ. વइરુમાં અ સ્વરિત છે, તેથી એનું 'વયરુ' થઈ 'વેર' થયું; જ્યારે સં. गर्दभकः પરથી આવેલા અપ. गद्धयडउમાં य સ્વરિત હોઈ એનું 'ગદ્ધઇડઉ' થઈ 'ગધેડો' થયું.

: ૨ : પરંતુ પ્રાપ્ત દૃષ્ટાંતો જોતાં વિવૃત 'એ' અને 'ઓ'ની સિદ્ધિમાં ડૉ. ભાયાણી દર્શાવે છે તેવી બેત્રણ પ્રકારની પરિસ્થિતિઓ કામ કરી રહેલી જણાય છે : (૧) અइ અને અउ (કે અય્ અને અવ્) પ્રથમ સ્થાને હોય; (૨) અइ અને અउ (કે इ અને उ પણ) હના સંપર્કમાં હોય; (૩) અइ, અउ (કે इ અને उ પણ) અનુસ્વાર કે અનુનાસિકના સંપર્કમાં હોય. નીચેનાં ઉદાહરણો જુઓ :

વિવૃત 'એ' :	(खदिरः)	खइरु	खैर
		(દે) वइंगणु	वैंगण
	(नयनम्)	नयणु	नेण
	(वचनम्)	वयणु	वेण
	(प्रविशयति)	पइसइ	पैसे
	(वैराग्यम्)	वइरग्गु	वैराग
	(*मलिल्लकम्)	मइल्लउं	मेलुं
	(बधिरकं)	बहिरउं	બહેરું (બહેરું)
	(सीमन्तकः)	सइंथउ	સેંથો
	(पिण्डकः)	पिण्डउ	પેંડો

વિવૃત 'ઑ' :	(मुकुरम्)	मउरु	મૉર
	(कः पुनः)	कउणु	કૉણ
	(मुकुटः)	मउडु	મૉડ
	(चतुष्कः)	चउक्कु	ચૉક
	(नवमी)	नवमी	નૉમ
	(गवाक्षः)	गवक्खु	ગૉખ
	(धवलकम्)	धवलउं	ધૉળું
	(कपर्दिका)	कवड्डिअ	કૉડી
	(चतुरस्रम्)	चउरस्सु	ચૉરસ
	(पृथुलकम्)	पहुलउं	પ્હૉળું (પહૉળું)
	(अन्यपक्षकम्)	अन्नवक्खउं	અનૉખું

હના સંપર્કે ઇ અને ઉના 'એ' અને 'ઓ' થવાનાં દૃષ્ટાંતો માટે જુઓ [૨૫]માં : ૪ :.

: ૩ : આથી ઊલટું, જ્યારે અઇ અને અઉ પ્રથમ સિવાયના સ્થાને આવેલા હોય અને હ કે અનુનાસિક કે અનુસ્વારનો સંપર્ક ન હોય ત્યારે તે સંવૃત 'એ' અને 'ઓ' રૂપે પરિણમે છે. જેમકે,

સંવૃત 'એ' :	(वत्सतरकः)	वच्छयरउ	વછેરો
સંવૃત 'ઓ' :	(कषपट्टिका)	कसऊटिअ	કસોટી
	(चित्रकूट)	चित्तऊडु	ચિતોડ
	(राष्ट्रकूटः)	रट्ठऊडु	રાઠોડ

: ૪ : આમ છતાં, ઉપરના નિયમના અપવાદરૂપ કેટલાંક દૃષ્ટાંતો મળી આવે છે ખરાં. 'મેગળ' (< मयगलु < मदकलः) અને 'વેરે' (< वइरइ < विकिरति)માં અઇ અને અઉ પ્રથમ સ્થાનના હોવા છતાં અને 'અનેરું' (< अन्नयरउं < अन्यतरकम्)માં અનુનાસિકનો સંપર્ક હોવા છતાં વિવૃત નહીં પણ સંવૃત 'એ' જ થયો છે. આમાંથી કેટલાક સંવૃત 'એ' પ્રાકૃત-અપભ્રંશ ભૂમિકામાંથી જ સિદ્ધ થઈ ચૂક્યા હોય એમ બને. જેમકે, સં. कदलीનું 'કેળ' પ્રાકૃત-અપભ્રંશમાં થયું હોવાનું માની શકાય છે. 'પ્હૉર' (< पहरु < प्रहरः)માં હના સંપર્કે 'અ'નો પણ વિવૃત 'ઑ' થયો જણાય છે, તો 'ઑખા' (< उषा), 'કેડ' (< कडि < कटिः) અને 'ગૉળ' (< गुलु < गुडः)માં અનુનાસિક કે 'હ'નો સંપર્ક ન હોવા છતાં 'અ' અને 'ઉ' વિવૃત 'ઍ' 'ઑ' રૂપે પરિણમ્યા છે. નરસિંહરાવ, જોકે, આ બધાં સ્થાનોએ સ્વરિત 'ઇ' 'ઉ' કે 'અ'ને કારણભૂત ગણે. પણ નરસિંહરાવના આ મતને કોઈ શાસ્ત્રીય

સમર્થન નથી. સ્વરિતતાનું ધોરણ આત્મલક્ષી ધોરણ બની રહે છે.

: ૫ : અંત્ય સ્થાનના અઇ અને અઉ હ્રસ્વવિવૃત કે અર્ધવિવૃત 'એ' અને 'ઓ' રૂપે પરિણમે છે :

અર્ધવિવૃત 'એ' :	(मया)	મઇં	મૈં
	(*करति)	કરઇ	કરે
અર્ધવિવૃત 'ઓ' :	(ततः)	તઉ	તો
	(शतम्)	સઉ	સો
	(*करत्)	કરઉ	કરો

: ૬ : એ નોંધપાત્ર છે કે અપભ્રંશના અંત્ય સ્થાનના નપું.ના અઉંનો 'ઉં' થાય છે. જેમકે સં. धवलकम्, અપ. ધવલઉં, ગુ. ધોળું.

[૨૫] અન્ય સ્વરપરિવર્તનો

: ૧ : ગુજરાતીમાં અપભ્રંશના એકલા ઉ અને ઇનો 'અ' થયો છે. અપભ્રંશમાં પહેલી-બીજી વિભક્તિમાં પું.-નપું.લિંગમાં અંતે ઉ આવતો તેનો તથા સ્ત્રીલિંગના તેમજ અન્ય અંત્ય ઇનો કંઈક વહેલો 'અ' પ્રાચીન ગુજરાતીમાં થયો છે, ત્યારે અનંત્ય ઉ, ઇનો 'અ' પછીથી મધ્યકાલીન ગુજરાતીમાં થયો છે. સીધા સંસ્કૃત, ફારસીમાંથી લીધેલા શબ્દોમાં પણ આ પરિવર્તનો થયાં છે.

નીચેનાં ઉદાહરણો જુઓ :

અંત્ય ઉનો 'અ' :	(गुणः)	गुणु	ગુણ
	(चंचुः)	चंचु	ચાંચ
	(गुरुः)	गुरु	ગોર
	(देवदारुः)	देवदारु	દેવદાર
	मधु		મધ
અંત્ય ઇનો 'અ' :	(हसेः)	हसि	હસ (આજ્ઞાર્થમાં)
	(पाली)	पालि	પાળ
	(रात्रिः)	रत्ति	રાત
	(नारी)	नारि	નાર
	(भित्तिः)	भित्ति	ભીત, ભીંત
	(वर्तिः)	वट्टि	વાટ
	(मुष्टिः)	मुट्ठि	મૂઠ

	(अर्चिः)	अच्चि	આંચ
	(मसिः)	मसि	મસ
	(ग्रन्थिः)	गंठि	ગાંઠ
	(कुक्षिः)	कुक्खि	કૂખ

રીતિ > 'રીત', પ્રીતિ > 'પ્રીત', જાતિ > 'જાત' જેવા શબ્દો જુઓ એટલે અંત્ય ઇના 'અ'ની ચાલુ પ્રક્રિયાનો ખ્યાલ આવશે.

અનંત્ય ઉનો 'અ' :	(मानुषः)	माणुसु	માણસ
	(लुनाति)	लुणइ	લણે
	(बटुकः)	बडुवउ	બડવો
	(खुरिका)	खुरिअ	ખરી
	(पुनः)	पुणु	પણ
	(सुपुत्रः)	सुपुत्तु	સપૂત
	(लशुनम्)	लसुणु	લસણ
	(पङ्गुलकः)	पंगुलउ	પાંગળો
	(हिङ्गुलकः)	हिंगुलउ	હીંગળો
	(कर्बुरकम्)	कब्बुरउं	કાબરું
	(कुक्कुटकः)	कुक्कुडउ	કૂકડો
	(फाल्गुनः)	फग्गुणु	ફાગણ
	(श्वशुरकः)	ससुरउ	સસરો
	(आकुलकः)	आकुलउ	આકળો
	(अगुरुः)	अगुरु	અગર(+બત્તી)
	उपाश्रयः		અપાસરો
	उपवासः		અપવાસ
	फा. कुसूर		કસૂર
	फा. जुऱ्र		જરૂર
	फा. तुमाशा		તમાશો
	फा. मुर्दह्		મડદું
અનંત્ય ઇનો 'અ' :	(मिलति)	मिलइ	મળે
	(मालिनी)	मालिणि	માલણ
	(विनश्यति)	विणस्सइ	વણસે
	(विरूपकम्)	विरूवउं	વરવું

(लिखति)	लिखइ	લખે
(*चिनति)	चिणइ	ચણે
(स्थितकः)	थियउ	થયો
(निपानम्)	निवाणु	નવાણ
(विषमकम्)	विसमउं	વસમું
(गर्भिणिका)	गब्भिणिअ	ગાભણી
(पूर्णिमा)	पुन्निम	પૂનમ
(हरिणम्)	हरिणु	હરણ
(वाणिज्यम्)	वाणिज्जु	વણજ
त्वरितम्		તરત

: ૨ : બીજા અક્ષરમાં 'આ' હોય ત્યારે પહેલા અક્ષરમાંના 'આ'નો મધ્યકાલીન ગુજરાતીમાં 'અ' થયો છે. જેમકે, સં.आनय्, પ્રા.અપ. आण्, પ્રા.ગુ.आण+आव-=आणावइ, મ.ગુ. અણાવે. એ જ રીતે जाणावइ > જણાવે, पामाडइ > પમાડે થાય છે. સંસ્કૃતમાંથી સ્વીકૃત શબ્દોમાં પણ આ પરિવર્તન થયેલું જોવા મળે છે. જેમકે, આકાશ > અગાશી, આવાસ > અવાસ.

: ૩ : મધ્યકાલીન ગુજરાતીમાં કેટલાંક સ્વરયુગ્મોનું પરિવર્તન થયું છે. જેમકે, આ, એ, ઓ પછીના ઇનો 'ય' થયો છે અને ઇઉનું 'ઇઅ' થઈ 'ઇય' થયું છે. (પછી 'ય' લુપ્ત થઈ પૂર્વસ્વર દીર્ઘ થયો છે.)

आइ > 'आय' :	(मातृका)	(माइआ)	माइ > माय (> मा)
			बाइ > बाय (> बा)
			मांह्य > मांय (> मां)
एइ > 'एय' :	(एते)	(एइ)	एइ > एय (> ए)
ओइ > 'ओय' :	(गुडूची)	(गलोइ)	गळोइ > गळोय (> गळो)
इउ > इय :	(भ्रातृकः)	(भाइउ)	भाईउ > भाईय (> भाई)

: ૪ : હના સંપર્કે અનો અર્વાચીન ગુજરાતીમાં 'ઍ' કે 'ઑ', ઇનો 'ઍ' અને ઉનો 'ઑ' થયો છે. કેટલીક વાર 'એ' કે 'ઓ' પણ થાય છે. જેમકે,

અનો 'ઍ' :	(अरघट्ट)	(अरहट्ट)	રહંટ > રહૅંટ
	(कथनम्)	(कहणु)	કહણ > કહૅણ
	(लहरी)	(लहरि)	લહર > લહૅર
	फा. ઝહર		ઝહૅર > ઝૅર

	ફા. શહર		શહેર
	ફા. નહર		નહેર
અનો 'ઓ' :	(પ્રહર:)	(પહરુ)	પહર > પહોર
	(નખર:)	(નહરુ)	નહર > નહોર
ઇનો 'એ' :	(તિથિવાર-)	(તિહિવાર-)	તિહિવાર > તહેવાર
	(બધિરકમ્)	(બહિરઉં)	બહિરઉં > બહેરું
	(ભગિની)	(બહિન્નિ)	બહિનિ > બહેન
ઉનો 'ઓ' :	(બહુલકમ્)	(બહુલઉં)	બહુલઉં > બહોળું
ઉનો 'ઓ' :	(નિમ્બફલી)	(લિંબહલી)	લીંબહલી > લીંબોળી

[૨૬] અન્ય વ્યંજનપરિવર્તનો

: ૧ : અપભ્રંશ પછી ગુજરાતીના ઉદ્‌ભવવિકાસ દરમિયાન કેટલાંક વ્યંજનપરિવર્તનો પણ થયાં છે. એમાં નોંધપાત્ર પરિવર્તન તે સ્વરમધ્યવર્તી લનું 'ળ' રૂપે થયેલું પરિવર્તન છે. આ પરિવર્તન ચોક્કસ કયે સમયે થયું તે કહેવું મુશ્કેલ છે પણ ગુજરાતીના વિકાસ દરમિયાન એ પરિવર્તન થયું છે તે નિશ્ચિત છે. નીચેનાં ઉદાહરણો જુઓ :

લનો 'ળ' :	(ગલતિ)	ગલઇ	ગળે
	(જ્વાલા)	જાલ	જાળ, ઝાળ
	(અંચલમ્)	અંચલુ	આંચળ
	(બલ:)	બલુ	બળ
	(ગાલિ:)	ગાલિ	ગાળ
	(નાલિકેરમ્)	નાલિએરુ	નાળિયેર
	(ઉલ્લઙ્ઘયતિ)	ઓલંઘઇ	ઓળંગે
	(અવલગ્યતિ)	વલગ્ગઇ	વળગે
	(પંચકુલિક:)	પંચઉલિઉ	પંચોળી
	(રક્તાલુકમ્)	રત્તાલુઉં	રતાળું
	(હરિદ્રા)	હલદ્દ	હળદર

અર્વાચીન ગુજરાતીમાં સંસ્કૃતમાંથી સ્વીકૃત શબ્દોમાં પણ આ પ્રક્રિયા જોવા મળે છે. જેમકે, કલા > કળા, વ્યાકુલ > વ્યાકુળ, વિશાલ > વિશાળ વગેરે.

: ૨ : ગુજરાતીના વિકાસ દરમિયાન કેટલાક શબ્દોમાં હનો સ્થાનફેર થયો છે – એ બહુધા શબ્દારંભ તરફ ખસ્યો છે, કેટલીક વાર આજુબાજુના અલ્પપ્રાણ સ્પર્શવ્યંજન સાથે ભળી જતાં મહાપ્રાણ સ્પર્શવ્યંજન નીપજ્યો છે, તો કેટલીક વાર એનો લોપ થયો

છે. જેમકે,

હનું પુરસ્સરણ :	(व्यवहारः)	-	विवहार > विहवार (>વહેવાર)
	(आवाहः)	आवाहु	હવાડો
		ओल्हव-	હોલવવું
અલ્પ.+ह > મહા. :	(कटाहिका)	कडाहिय	કઢાઈ
	(महिषी)	महिसि	ભઇંસિ (> ભેંસ)
	(लोह-)	(लोह-)	लोहउं > લોઢું
	ग्रहणम्		ग्रहणउं > ઘરાણું, ઘરેણું
	संग्रह		સંઘરો
	ग्राहक		ઘરાક
	उद्ग्राहण		ઉઘરાણું
हનો લોપ :	(द्वादश)	बारह	બાર
	(एकसप्तति)	एकहत्तरि	એકોતેર
	(अस्म-)	(अम्हइं)	अम्हई > અમે
	(उष्णकम्)	(उन्हउं)	ઊન્હઉં > ઊનું
	(आभीरः)	(आहीरु)	આહીર > આયર
	(माधवः)	(माहवु)	માહવ > માવ-જી
	(पितृगृहम्)	पिइहरं)	પીહરુ > પીયર, પિયર
	(यूथिका)	(जूहिय)	જૂહી > જૂઈ
	(पटहः)	(पडहु)	પડહુ > પડો

હનાં પરિવર્તનો માટે જુઓ આ ઉપરાંત [૯].

: ૩ : અપભ્રંશમાં રકારની જાળવણી ઉપરાંત રકારના પ્રક્ષેપનું વલણ જોવા મળતું હતું. ગુજરાતીમાં પણ રકારના પ્રક્ષેપની પ્રક્રિયા ચાલુ રહે છે. જુઓ : તૂઠવું > ત્રૂઠવું, તાંબું > ત્રાંબું, શાપ > શ્રાપ, કોડિ (< સં. कोटि) > કરોડ. સં. तर्क-, तर्कु- > પ્રા. तक्क-, तक्कु પરથી આવેલા 'ત્રાક' 'ત્રાગડો' 'ત્રાગવું' વગેરેમાં પણ આ પ્રક્રિયા છે.

: ૪ : 'ઈ' કે 'ય'ના પૂર્વવર્તી 'સ'નો અર્વાચીન ગુજરાતીમાં 'શ' થયો છે. જેમકે, કરિસઇ > કરશે, ભઇંસિ > ભેંશ વગેરે.

: ૫ : પ્રાકૃતમાં યનો જ થતો હતો તે આપણે જોયું છે. અર્વાચીન ગુજરાતીમાં સંસ્કૃતમાંથી સીધા આવેલા શબ્દોમાં પણ આ પ્રક્રિયા જોવા મળે છે. જેમકે, સં. यात्रा > જાતરા, आर्या > આરજા, कार्य > કારજ, सूर्य > સૂરજ વગેરે.

: ૬ : સ્વીકૃત શબ્દોમાં ક્નો 'ગ' કરવાનું વલણ પણ ગુજરાતીમાં જોવા મળે છે. ઘોષભાવનું આ વલણ પ્રાકૃતમાં અમુક પ્રદેશભેદે શરૂ થયું હોય એવી શક્યતા છે. પણ ગુજરાતીમાં તો આ જાતનું ધ્વનિપરિવર્તન બતાવતા ઘણાબધા શબ્દો મળે છે : કાગ (કાક), અગર (આકર), અગાશી (આકાશ), ગાળો (કાલ), પ્રગટ (પ્રકટ), મગર (મકર), મૂંગો (મૂક), સોગ (શોક), સગળું, સઘળું (સકલ), સગું (સ્વક), ત્રગડો (ત્રિક) વગેરે.

: ૭ : મધ્યકાલીન ગુજરાતીનું એક વિશિષ્ટ ધ્વનિપરિવર્તન તે અમુક પ્રકારના સંયુક્ત વ્યંજનોનો વિશ્લેષ છે. પ્રાચીન ગુજરાતીમાં અપભ્રંશના બેવડા વ્યંજનો એકવડા થઈ પૂર્વ સ્વર દીર્ઘ થયો હતો. એનાથી આ જુદી જાતનું ધ્વનિપરિવર્તન છે અને સ્વીકૃત સંસ્કૃત, ફારસી, અંગ્રેજી બધા શબ્દોમાં એ કામ કરતું દેખાય છે. સં. ધર્મનું 'ધરમ', સૂર્યનું 'સૂરજ', ભક્તનું 'ભગત', સૂત્રનું 'સૂતર', વ્રતનું 'વરત', સ્નાનનું 'સનાન', લગ્નનું 'લગન', લક્ષ્મણનું 'લખમણ', અર્જુનનું 'અરજણ', પંક્તિનું 'પંગત', શ્લેષ્મનું 'સળેખમ'; ફા. 'દર્દ'નું 'દરદ', 'મુફ્ત'નું 'મફત'; અં. 'કોર્ટ'નું 'કોરટ', 'ફોર્મ'નું 'ફરમ' વગેરે આ જાતનાં ઉદાહરણો છે.

ધ્વનિપરિવર્તનના આટલા નિયમો સંસ્કૃતથી ગુજરાતી સુધીના ધ્વનિવિકાસના જુદાજુદા તબક્કાઓનો અને ગુજરાતીના શબ્દસ્વરૂપના ઘડતરનો પરિચય કરવા માટે પર્યાપ્ત છે.

સંદર્ભ

સંસ્કૃતથી ગુજરાતી સુધીનું પરિવર્તન : ભાયાણી(૫), પૃ.૮૧–૧૬૪; ભાયાણી (૭).

એકવડા સ્પર્શવ્યંજનોનું પરિવર્તન : દીવટિયા, પૃ.૯૭–૧૦૮.

સંયુક્ત વ્યંજનોનું પરિવર્તન : દીવટિયા, પૃ.૧૩૨–૧૩૫; ભાયાણી(૧), પૃ.૧૩૭–૧૪૨; ભાયાણી(૪), પૃ.૫૭–૬૬.

'અઇ' અને 'અઉ'નું પરિવર્તન : દીવટિયા, પૃ.૫૩–૬૩.

સ્વાધ્યાય

૧. નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો, અને ખોટાં કે અચોક્કસ કે અપર્યાપ્ત વિધાનો સુધારીને લખો :

(૧) સંસ્કૃતના આદ્ય સ્થાનના અસંયુક્ત સ્પર્શવ્યંજનો પ્રાકૃત-અપભ્રંશમાં અવિકૃત રહે છે.

(૨) સંસ્કૃતના 'ખ' 'ધ' 'ફ' 'ભ'ને સ્થાને પ્રાકૃત-અપભ્રંશમાં આવેલો 'હ' ગુજરાતીમાં લુપ્ત થાય છે.

(૩) સંસ્કૃતના સ્પર્શવ્યંજન + યને બદલે પ્રાકૃત-અપભ્રંશમાં એ સ્પર્શવ્યંજન બેવડાઈને આવે છે.

(૪) અમુક આરોહ-અવરોહથી થયેલાં ઉચ્ચારણોમાં અપભ્રંશનો બેવડો વ્યંજન ગુજરાતીમાં અવિકૃત રહે છે.

૨. ખાલી જગ્યા પૂરો અથવા અધૂરાં કથનો પૂરાં કરો :

(૧) સંસ્કૃતના મધ્યસ્થાનના એકવડા જનો પ્રાકૃત-અપભ્રંશમાં _____ થાય છે. જેમકે _____ > _____.

(૨) સંસ્કૃતના સ્વરમધ્યવર્તી પનો પ્રાકૃત-અપભ્રંશમાં _____ થાય છે, જેમકે _____ > _____.

(૩) સંસ્કૃતના આદ્ય સ્થાનના ક્ષનો પ્રાકૃત-અપભ્રંશમાં _____ થાય છે, જેમકે _____ > _____.

(૪) સંસ્કૃતના ઊષ્મવ્યંજન અને સ્પર્શવ્યંજનના સંયોગને સ્થાને પ્રાકૃત-અપભ્રંશમાં તે સ્પર્શવ્યંજનને અનુરૂપ _____ અને _____ નો સંયોગ આવે છે. જેમકે _____ > _____.

(૫) અપભ્રંશથી ગુજરાતી સુધીમાં સંયુક્ત વ્યંજનોના પરિવર્તનમાં બેવડા વ્યંજનોને સ્થાને _____ આવે છે અને અલ્પપ્રાણ-મહાપ્રાણના સંયોગને સ્થાને _____ આવે છે અને પૂર્વસ્વર બને છે.

(૬) પ્રાકૃત-અપભ્રંશના અइ એ સ્વરયુગ્મનો નીચેની પરિસ્થિતિમાં વિવૃત 'એ' થાય છે (કોઈ પણ એક પરિસ્થિતિ દર્શાવવી) :

પરિસ્થિતિ		દૃષ્ટાંત
_____	_____ >	_____

(૭) અપ. वक्खाणु > ગુ. 'વખાણ'માં સંયોગલોપ થવા છતાં પૂર્વસ્વર દીર્ઘ થયો નથી; કેમકે _____.

૩. સં. खण्ड् > પ્રા.-અપ. खण्ड्નું ગુજરાતીમાં 'ખાંડ(વું)' થાય છે; જ્યારે સં. अखण्ड>પ્રા.-અપ. अखंडનું ગુજરાતીમાં 'અખંડ' (અખણ્ડ) જ રહે છે. તે કેમ ?

૪. નીચેના શબ્દોની વ્યુત્પત્તિ આપો અને તેમાં તમારા અભ્યાસમાં આવેલા ધ્વનિ-પરિવર્તનના કયા નિયમો પ્રવર્ત્યા છે તે જણાવો :

નોળિયો, મયંક, ચિતોડ, માથું, ઘેરું, પરખે, આંગળી, શીળું, ઉખાણું, વાજું.

૫. સંયુક્ત વ્યંજનના સારૂપ્યની, સંયોગલોપની અને વિશ્લેષની પ્રક્રિયા કયા જુદાજુદા કાળે થયેલી છે તે જણાવો.

૭

[૧] ગુજરાતની પ્રાદેશિક બોલીઓ

: ૧ : ગુજરાતના વતનીઓ આપણે સૌ આપણી જાતને ગુજરાતી ભાષા બોલનારા તરીકે ઓળખીએ છીએ. શિષ્ટ વ્યવહારમાં આપણે સૌ એકસમાન ભાષાસ્વરૂપ વાપરીએ છીએ કે વાપરવાનો પ્રયત્ન કરીએ છીએ, જેને આપણે માન્ય ભાષા કહીએ છીએ, પરંતુ આપણા રોજિંદા ઘરગથ્થુ વ્યવહારમાં પ્રદેશભેદે અને જાતિભેદે આપણે ભિન્ન ભાષાસ્વરૂપો વાપરીએ છીએ, જેને આપણે 'બોલી' કહી શકીએ. આ રીતે, માન્ય ગુજરાતીના વિસ્તારમાં પ્રાદેશિક અને જાતિગત બોલીઓનો એક સંકુલ અસ્તિત્વ ધરાવે છે. એક બાજુથી કાઠિયાવાડના, ચરોતરના, સુરતના રહેવાસીઓની બોલીઓ જુદી પડે છે તો બીજી બાજુથી મેર અને કાઠીની, તેમજ પારસી અને દૂબળાની બોલીઓ પણ જુદી પડે છે.

શિક્ષણ અને શિષ્ટ વ્યવહારનું માધ્યમ હોવાને કારણે આપણે માન્ય ભાષાનો વિગતે પરિચય કરીએ એ સ્વાભાવિક છે, પરંતુ ગુજરાતની વર્તમાન ભાષાપરિસ્થિતિનો સમગ્રપણે ખ્યાલ મેળવવો હોય તો આ બોલીઓનો, એમના પરસ્પરના તથા માન્ય ભાષા સાથેના સંબંધનો પણ અભ્યાસ કરવો જોઈએ. દુર્ભાગ્યે એક-બે અપવાદો બાદ કરતાં આપણે ત્યાં બોલીઓના શાસ્ત્રીય વ્યવસ્થિત વિગતપૂર્ણ અભ્યાસો થયા નથી એટલે આપણે બોલીઓની વાત કરતાં આપણા પ્રાસંગિક પરિચય કે આપણી સામાન્ય છાપથી ચાલવાનું રહે છે. એમાંયે પ્રાદેશિક બોલીઓ અંગે જેટલી માહિતી પ્રાપ્ય છે તેટલી જાતિગત બોલીઓની પ્રાપ્ય નથી. આપણે અહીં કેવળ ગુજરાતની મુખ્ય પ્રાદેશિક બોલીઓ અને એમનાં વ્યાવર્તક લક્ષણોનો પરિચય કરવા ધારીએ છીએ.

: ૨ : પૃ.૮૮ પર મૂકેલો વર્તમાન ગુજરાત રાજ્યનો નકશો જુઓ. એના મુખ્ય ત્રણ ભૂમિભાગો પડતા દેખાશે. સૌરાષ્ટ્ર કે કાઠિયાવાડનો દ્વીપકલ્પીય ભાગ, તળ ગુજરાતનો ભૂમિભાગ અને કચ્છનો રણથી ઘેરાયેલો ભૂમિભાગ. આમાંથી કચ્છના પ્રદેશમાં કચ્છી બોલાય છે, એમાં પ્રાચીન લોકસાહિત્ય પણ છે, પરંતુ એનું સગપણ ગુજરાતી સાથે નહીં પણ સિંધી સાથે છે. એમાં સંયુક્ત વ્યંજનોનું સરલીકરણ અને પૂર્વસ્વરદીર્ઘત્વ થયું નથી, તેમજ નપુંસકલિંગ નથી, જે બે લક્ષણો સિંધી-પંજાબીનાં છે, ગુજરાતીનાં નહીં. એટલે કચ્છીનો આપણે ગુજરાતીની બોલી તરીકે વિચાર નહીં કરી શકીએ.

તળ ગુજરાતના ભૂમિભાગમાં આપણે ત્રણ બોલીપ્રદેશો સહેલાઈથી જુદા તારવી શકીએ એમ છીએ : એક, સાબરમતીનો ઉત્તર-પશ્ચિમ, બનાસકાંઠા સુધીનો (દક્ષિણમાં અમદાવાદ જિલ્લા સુધીનો) વિસ્તાર, જેને ઉત્તર ગુજરાત તરીકે ઓળખવામાં આવે છે. બે, સાબરમતી અને મહી વચ્ચેનો (દક્ષિણમાં વડોદરા જિલ્લા સુધીનો) વિસ્તાર, જેને મધ્ય ગુજરાત તરીકે ઓળખવામાં આવે છે. ત્રણ, મહીની દક્ષિણે તાપી લગીનો ભરૂચ જિલ્લાનો અને તાપીની દક્ષિણનો સુરત અને વલસાડ જિલ્લાનો વિસ્તાર, જેને દક્ષિણ ગુજરાત તરીકે ઓળખવામાં આવે છે.

આ મુખ્ય બોલીપ્રદેશોની અંદર પેટા બોલીપ્રદેશો પણ જોઈ શકાય. સૌરાષ્ટ્રી બોલીના વિસ્તારમાં સોરઠ, હાલાર, ઓખામંડળ, ઝાલાવાડ, ગોહિલવાડ એ પાંચ પ્રદેશો સ્પષ્ટ રીતે જુદા તારવી શકાય છે. પંચમહાલને મધ્ય ગુજરાતની ચરોતરીના એક બોલીભેદના વિસ્તાર તરીકે અને ભરૂચ જિલ્લાને સુરતીના એક બોલીભેદના વિસ્તાર તરીકે જોઈ શકાય. ભીલી પ્રદેશોની ભીલી બોલીઓ પણ એમની આજુબાજુના મુખ્ય બોલીવિસ્તારોની બોલીઓ સાથે કેટલોક સંબંધ ધરાવે છે. ગ્રિઅર્સને ૨૨ જેટલી ભીલી બોલીઓનો ઉલ્લેખ કર્યો હતો.

ઉત્તર ગુજરાતની બોલી મારવાડીની કેટલીક અસરો બતાવે છે. અને આ સ્વાભાવિક છે, કેમકે છેક પંદરમી સદી સુધી ઉત્તર ગુજરાત અને પાટણને રાજસ્થાન સાથે ગાઢ સંબંધ હતો અને એમની એક સહિયારી ભાષા હતી. પછીથી ગુજરાતનું કેન્દ્ર અમદાવાદમાં ખસ્યું ત્યારે પણ પાટણ તો રાજસ્થાનની નજીક જ રહ્યું. રાજસ્થાન સાથેનો ગુજરાતના સંપર્કનો મુખ્ય માર્ગ પણ પાટણ તરફનો – પાલનપુરનો રહ્યો. મધ્ય ગુજરાતની ચરોતરી આદિમ વાણીની ઘણીબધી અસરો બતાવે છે. ચરોતરના રહેવાસીઓને પ્રાચીન સમયમાં ભીલો અને આદિમ જાતિઓના લોકો સાથે ગાઢ સંબંધ હોય એવો સંભવ છે, તેથી આમ બન્યું છે. નર્મદાની દક્ષિણના પ્રદેશનો એક સમયે કોંકણમાં સમાવેશ હતો તેથી દક્ષિણ ગુજરાતની બોલી મહારાષ્ટ્રની કોંકણી સાથે કેટલીક સમાનતા દર્શાવે તે સ્વાભાવિક છે. દક્ષિણ ગુજરાતમાં પારસીઓ અને વહોરાઓની વસ્તીને કારણે એમની જાતિગત બોલીનાં કેટલાંક લક્ષણો પણ સમગ્ર પ્રદેશમાં વ્યાપક બન્યાં હોય એવો સંભવ છે.

સૌરાષ્ટ્રમાં, ખાસ કરીને સોરઠ વિસ્તારમાં, આર્યો ઘણા જૂના સમયથી વસ્યા છે. સૌરાષ્ટ્ર, દ્વીપકલ્પ હોઈ એમાં પ્રવેશવાનો એક જ માર્ગ છે અને એમાંયે સોરઠ તો ખૂબ અંદરનો પ્રદેશ છે, એટલે પરદેશી આક્રમણ અને પરદેશી રાજ્યઅમલ ત્યાં ખૂબ ઓછાં થયાં છે. જૂનાગઢના મુસ્લિમ રાજ્યઅમલે લોકબોલી પર અસર કરી નથી. આ જ રીતે, ઓખામંડળ પણ ખૂબ અંદરનો ભાગ છે તેમજ ત્યાં શિક્ષણનો પ્રસાર પણ ઘણો ઓછો

છે તેથી બાહ્ય અસરોથી એ પણ અસ્પૃષ્ટ રહ્યો છે. ગોહિલવાડમાં વલભીપુર, સિહોર વગેરે જૂનાં સંસ્કૃતિધામો આવેલાં છે એટલે ત્યાં પણ પ્રાચીન ભાષાની અસર હોય એ સ્વાભાવિક છે. હાલાર અને ઝાલાવાડની બોલીઓમાં કેટલીક બહારની અસરો થઈ છે. હાલારમાં કચ્છમાંથી આવેલા જાડેજાઓના રાજ્યઅમલને કારણે કચ્છની જાડેજી બોલીનાં કેટલાંક લક્ષણો આવ્યાં છે, જ્યારે ઝાલાવાડમાં થર-પારકરને રસ્તે આવેલા ઝાલાઓને કારણે ત્યાંની બોલી સાથે કેટલીક સમાનતા ધરાવતી બોલી બોલાય છે.

ગુજરાતની પ્રાદેશિક બોલીઓનો આટલો સામાન્ય પરિચય મેળવ્યા પછી મુખ્ય બોલીઓનાં માન્ય ભાષાથી જુદાં પડતાં કેટલાંક મહત્ત્વનાં લક્ષણો આપણે નોંધીએ.

[૨] સૌરાષ્ટ્રી બોલીની લાક્ષણિકતાઓ

: ૧ : સૌરાષ્ટ્રની બોલીઓની ઉચ્ચારણવિષયક મુખ્ય લાક્ષણિકતાઓ નીચે પ્રમાણે છે :

(૧) વિવૃત 'એ' અને 'ઓ'નો અભાવ : માન્ય ગુજરાતીના વિવૃત 'એ' અને 'ઓ'ને સ્થાને સંવૃત 'એ' અને 'ઓ' જ ઉચ્ચારાય છે. એટલે 'ગોળ' (આકાર) અને 'ગોળ' (ભાવાનો), 'મેલ' (=મૂક) અને 'મેલ' (=મલિનતા)નું એકસરખું જ ઉચ્ચારણ, 'ગોળ' અને 'મેલ' એ રીતનું થવાનું. આમ, ગુજરાતીના આઠ ભેદક સ્વરોને બદલે છ ભેદક સ્વરોની વ્યવસ્થા બની રહે છે. આ કેવળ હાલારી બોલીની ખાસિયત છે.

(૨) અંત્ય 'આઈ' 'આઉ'નું 'અઈ' ('ઐ') 'અઉ' ('ઔ') : 'ભાઈ'નું 'ભૈ', 'ગાઉ'નું 'ગૌ' વગેરે. આ પણ ઝાલાવાડી બોલીની લાક્ષણિકતા છે.

(૩) દર્શક સર્વનામનાં અને તે પરથી થયેલાં રૂપોમાં 'એ'ને સ્થાને 'ઇ' : 'એ'નું 'ઇ', 'તેમ'નું 'તિમ' વગેરે. આ ખાસ કરીને હાલાર-સોરઠના વિસ્તારની લાક્ષણિકતા છે.

(૪) 'શ'નો 'સ' : 'આવીશ'નું 'આવીસ', 'ખાશું શું'નું 'ખાસું સું' વગેરે. આ પણ હાલારીની ખાસિયત છે.

(૫) 'સ' અને 'શ' નો અઘોષ 'હ' (ह़) : 'સાચું'નું 'હ़ાચું', 'માણસ'નું 'માણહ़', 'વાંસોવાંસ'નું 'વાંહ़ોવાહ़', 'થાશે'નું 'થાહ़ે' વગેરે. ગોહિલવાડીમાં તાલવ્યના સંયોગે 'શ' ઉચ્ચારાય છે, જેમકે 'સીવવું'ને સ્થાને 'શીવવું' વગેરે.

(૬) 'સ'નો પૂર્વવર્તી નિરનુનાસિક સ્વર સાનુનાસિક થવો : 'ભસવું'નું 'ભંહ़વું', 'પાસે'નું 'પાંહ़ે' વગેરે. આ વિશેષે ગોહિલવાડીની લાક્ષણિકતા છે.

(૭) 'હ' શ્રુતિનો લોપ : 'મ્હારું'નું 'મારું', 'બ્હેન'નું 'બેન', 'રૂહેવું'નું 'રેવું' વગેરે.

(૮) મૂર્ધન્ય વ્યંજનોના પૂર્વવર્તી 'ર' 'ડ' 'ળ'નો 'ય' : 'ગોરણી'નું 'ગોયણી', 'ખાંડણી'નું 'ખાયણી', 'ચાળણી'નું 'ચાયણી' વગેરે.

(૯) 'ળ'નો 'ર' : 'નિશાળ'નું 'નિસાર', 'કળતર'નું 'કરતર' વગેરે. આ પણ

હાલારીની લાક્ષણિકતા છે.

(૧૦) 'ચ' 'છ'નો 'સ' (તાલવ્યના પરિસરમાં 'શ') : 'ચોર'નું 'સોર', 'છે'નું 'સે', 'ચિઠ્ઠી'નું 'શિઠી', 'છીબું'નું 'શીબું' વગેરે. હાલારીમાં તાલવ્યના પરિસરમાં પણ 'શ' નહીં પણ 'સ' જ ઉચ્ચારાય છે.

(૧૧) 'ક' 'ખ' 'ગ' 'ઘ'નું તાલવ્યના પરિસરમાં 'ચ' 'છ' 'જ' 'ઝ' : 'કેમ'નું 'ચ્યમ', 'ગયો'નું 'જ્યો', 'ખેતર'નું 'છેત્તર', 'ઘી'નું 'ઝી' વગેરે. આ ઝાલાવાડી બોલીની વિશેષતા છે અને એમાં ઉત્તર-મધ્ય ગુજરાતનો પ્રભાવ હોવાની શક્યતા છે.

(૧૨) 'ય' શ્રુતિનું વ્યાપક ઉચ્ચારણ : 'કરશું'નું 'કરસ્યું', 'લાંઘણ'નું 'લાંઘણ્ય', 'કર'નું 'કર્ય', 'નથી'નું 'નથ્ય', 'ઘેરે'નું 'ઘેર્ય', 'એટલે'નું 'અટ્યલે' વગેરે. 'ય' શ્રુતિ ખાસ કરીને શબ્દાંતે આવે છે તેમ આ પરથી જણાશે. આ 'ય' શ્રુતિ બહુધા પુરઃસરણ પામીને ઉચ્ચારાય છે, જેમકે 'વાત્ય'ને બદલે 'વાય્ત', 'નથ્ય'ને બદલે 'નય્થ' વગેરે. 'ય' શ્રુતિ એ ખાસ કરીને સોરઠી બોલીની લાક્ષણિકતા છે. કેટલાક વિસ્તારોમાં 'ય' (અને 'ઈ')વાળા ભૂતકૃદંતનાં રૂપોમાં પણ પુરઃસૃત 'ય' શ્રુતિ ઉચ્ચારાય છે, જેમકે 'કર્યું'ને સ્થાને 'કય્રું', 'ચાલી'ને સ્થાને 'ચાય્લી' વગેરે.

(૧૩) અનુસ્વારનું પ્રાબલ્ય : 'અમેં' 'પછેં' 'જાયેં' 'તયેં – તૈયેં' 'કરિયેં સૈયેં' વગેરે. આ ખાસ કરીને સોરઠના આહીરોની લાક્ષણિકતા છે.

(૧૪) અનુસ્વારને સ્થાને અનુનાસિક વ્યંજન : 'ગાઁડો'નું 'ગાણ્ડો', 'ચાઁદો'નું 'ચાન્દો' વગેરે.

(૧૫) 'ડ' અને 'ડ઼'નું ભેદકત્વ : પાડી (=ભેંસની પાડી) – પાડ઼ી (= પાડી નાખી). બે સ્વર વચ્ચે આ ધ્વનિઓ ભેદક ધ્વનિઓ તરીકે આવતા જણાય છે.

: ૨ : હવે સૌરાષ્ટ્રી બોલીની કેટલીક વ્યાકરણવિષયક વિશેષતાઓ નોંધીએ :

(૧) બહુવચનનો 'ઉં' પ્રત્યય : 'માણસો'ને બદલે 'માણહું', 'છોકરીઓ'ને બદલે 'છોકરિયું' વગેરે. ક્વચિત્ સ્ત્રીલિંગમાં ભૂતકૃદંતના ઉપયોગવાળા ક્રિયાપદના રૂપમાં પણ આ 'ઉં' પ્રત્યય લાગે છે, જેમકે 'વાં કેટલી સોકરિયું આવિયું'ત્યું ?'

(૨) કર્મણિમાં 'ય'ને સ્થાને 'ણ' : 'ભરાયો'ને સ્થાને 'ભરાણો', 'ખોવાઈ'ને સ્થાને 'ખોવાણી' વગેરે.

(૩) સંભાવના અને વર્તમાનમાં પ.પુ.બ.વ.નાં રૂપોમાં 'ઈએ'ને સ્થાને 'ઈ' કે 'ઁ' : 'કરીએ'નું 'કરી' કે 'કરીં', 'બોલીએ'નું 'બોલી' કે 'બોલીં' વગેરે.

(૪) સંભાવના અને વર્તમાનનાં બી.પુ.એ.વ.નાં રૂપોમાં અંત્ય 'એ' પ્રત્યયનો લોપ : 'જો તું કરે' 'તું ખાય' 'તું જુએ' 'તું કરે છે' વગેરેને સ્થાને 'જો તું કર' 'તું ખા' 'તું

જો' 'તું કર સ' વગેરે.

(૫) 'આ'કારાન્ત ધાતુઓના 'આ'કારની જાળવણી : 'થવું' 'જઉં' 'જશે'ને સ્થાને 'થાવું' 'જાઉં' 'જાસે' વગેરે.

(૬) ભવિષ્યકાળમાં પહેલો પુરુષ બહુવચનમાં 'ઈશું'ને બદલે 'શું' ('સું') : 'જોઈશું'નું 'જોશું', 'કરીશું'નું 'કરસું' વગેરે.

: ૩ : સૌરાષ્ટ્રી બોલીનું શબ્દભંડોળ પણ કેટલેક અંશે જુદું તરી આવે એવું છે. કેટલાક શબ્દો જુઓ : 'ઉંઆ' કે 'વાં' (=ત્યાં), 'ઘોરે' (=જેમ), 'ઓલું' (=પેલું), 'મોર' (=આગળ), 'હારે' (=સાથે), 'હાલવું' (=ચાલવું), 'અટાણે' (=અત્યારે), 'ગગો' (=દીકરો), 'ઝાલવું' (=પકડવું), 'બરકવું' (=બોલાવવું), 'વયા જવું' (=ચાલ્યા જવું) વગેરે. સૌરાષ્ટ્રના ચાર કે પાંચ બોલીપ્રદેશોનું પણ કેટલુંક જુદું શબ્દભંડોળ છે. જેમકે હાલારીમાં 'પૈસો' શબ્દ છે ત્યાં ગોહિલવાડીમાં 'ફદિયું', ઝાલાવાડીમાં 'જંઈ', સોરઠીમાં 'કાવડિયું' શબ્દો વપરાય છે, 'વાં'ને સ્થાને કેટલેક ઠેકાણે 'ન્યાં' અને 'પણે' પણ વપરાય છે.

[૩] ઉત્તર ગુજરાતની (પટ્ટણી) બોલીની લાક્ષણિકતાઓ

: ૧ : ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાત, વ્યાપક રીતે જોઈએ તો, દક્ષિણ ગુજરાતથી ભિન્ન એવો એક એકમ છે. એટલેકે તળ ગુજરાતના બે વિભાગો આપણે કલ્પી શકીએ – મહીની ઉપરનો ભાગ અને મહીની નીચેનો ભાગ. પરિણામે ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ઘણાં બોલીલક્ષણો સમાન છે અને અમુક તત્ત્વો પૂરતો જ ભેદ રહે છે. આટલી સ્પષ્ટતા સાથે આપણે ઉત્તર ગુજરાતની બોલીની ઉચ્ચારણવિષયક લાક્ષણિકતાઓ પહેલાં તપાસીએ :

(૧) સાનુનાસિક અથવા નાસિક્ય વ્યંજનના સંપર્કવાળી 'આ' અને 'ઈ'ના વિવૃત 'ઑ' અને 'ઍ' : 'ચાંદો'નું 'ચૉંદો', 'ત્યાં'નું 'ત્યૉં', 'પાણી'નું 'પૉણી', 'ગામ'નું 'ગૉમ', 'વીંટી'નું 'વૅંટી', 'પીંપળો'નું 'પૅંપરો', 'મીણ'નું 'મૅણ', 'નીકળ્યો'નું 'નૅકર્યો' વગેરે.

(૨) અંત્ય 'આં', 'ઉં' અને 'ઈં'ની સાનુનાસિકતાનો લોપ : 'બૈરાં'નું 'બૈરા', 'કરવું'નું 'કરવુ', 'દહીં'નું 'દઈ', 'મહીં'નું 'મઈ' વગેરે.

(૩) અંત્ય 'આઈ' અને 'આઉ'નું 'અઈ' અને 'અઉ' : 'ભઈ' 'ખઈ પીને' 'ખઉ છુ' વગેરે. આ લક્ષણે પડોશના ઝાલાવાડના પ્રદેશમાં પણ પગપેસારો કર્યો છે એ આપણે સૌરાષ્ટ્રી બોલીની વાત કરતાં નોંધી ગયા છીએ.

(૪) તાલવ્યના પરિસરેમાં કંઠ્યનું તાલુકરણ : 'કેટલા'નું 'ચેટલા', 'કીધું'નું 'ચીધું', 'ખેતર'નું 'છેતર', 'માગ'નું 'માજ', 'સૂંઘી'નું 'સૂંઝી' વગેરે. આ લક્ષણે પણ પડોશના ઝાલાવાડમાં પગપેસારો કર્યો છે.

(૫) 'ય' 'એ' 'ઈ'ના સાન્નિધ્યમાં 'વ'નો લોપ : 'લાયો', 'પકઈએ', 'વાયતર' (વાવેતર), 'આઈ' (આવી) વગેરે.

(૬) 'ળ'નો 'ર' : 'ધોળો'નું 'ધોરો', 'ઉતાવળ'નું 'ઉતાવર', 'કાળિયો'નું 'કારિયો' વગેરે.

(૭) 'ડ' અને 'ણ' પૂર્વેના 'ર'નો 'ય' : 'શારડી'નું 'શાયૂડી', 'ઠાકરડા'નું 'ઠાકયૂડા', 'બારણું'નું 'બાયૂણું' વગેરે. આ બોલીલક્ષણ સૌરાષ્ટ્રના કેટલાક પ્રદેશોમાં પણ જોવા મળે છે.

(૮) સ્વરાન્તર્ગત 'ઢ'નો 'હ + થડકારાવાળો ડ્' : 'કાઢવું'નું 'કહાડ્વું', 'રૂઢિઓ'નું 'રૂહડ્રિઓ' વગેરે.

આ બધી મહીની ઉપરના આખા વિસ્તારની સર્વસામાન્ય લાક્ષણિકતાઓ છે. હવે મધ્ય ગુજરાતથી અલગ એવા ઉત્તર ગુજરાતના વિભાગની થોડીક આગવી વિશેષતાઓ નોંધીએ :

(૯) 'હ' શ્રુતિનો ઘસારો અથવા એનું નહીંવત્ ઉચ્ચારણ : 'કહાડ્વું' નહીં પણ 'કાડ્વું', 'મહીં' નહીં પણ 'મઈ', 'વહુ' નહીં પણ 'વઉ', 'ઇતિહાસ' નહીં પણ 'ઇતિયાસ' વગેરે.

(૧૦) 'સ'નો અઘોષ 'ફ્' : 'સમજુ'નું 'ફમજુ', 'નિશાળ'નું 'નિફાળ', 'માણસ'નું 'માણફ' વગેરે. આ ઉત્તર ગુજરાતનું કાઠિયાવાડ સાથેનું સમાન લક્ષણ છે.

(૧૧) 'ચ' અને 'છ'નો 'સ' અને 'શ' : 'ચાર'નું 'સાર', 'ખરચી'નું 'ખરસી', 'છીંક'નું 'શીંક', 'છાશ'નું 'શાશ' વગેરે.

: ૨ : હવે ઉત્તર ગુજરાતની બોલીની કેટલીક વ્યાકરણગત વિશેષતાઓ નોંધીએ :

(૧) 'આ' અને 'ઓ'કારાન્ત ધાતુઓનાં સબળ રૂપો : 'થાવું' 'જાશે' 'ખોવે છે' (માન્ય 'ખુએ છે') 'રોવે છે' વગેરે. આ ઉત્તર ગુજરાતનું કાઠિયાવાડ સાથેનું સમાન લક્ષણ છે.

(૨) ભવિષ્યકાળ પહેલો પુરુષ બ.વ.માં 'ઈ' વગરનાં રૂપો : 'લેશું' 'જોશું' 'કરશું' વગેરે. આ પણ કાઠિયાવાડ સાથેનું સમાન લક્ષણ છે.

(૩) ભવિષ્યકાળના 'શ'નો 'હ' : 'મારહે' 'પડહે' વગેરે. આ મારવાડીની અસર હોવાની શક્યતા છે.

(૪) 'નથી'ને સ્થાને 'નહીં' (નઈ)નો પ્રયોગ : 'તું મારું કામ કેમ કરતો નથી ?'ને બદલે 'તુ મારુ કામ ચ્યમ કરતો નઈ ?'

(૫) સ્ત્રીલિંગમાં વિશેષણને અને કૃદંતના ઉપયોગવાળા ક્રિયાપદના રૂપને બહુવચનનો 'ઓ' પ્રત્યય : 'બધિયો બાયડિયો ઊભિયો હતિયો.' આમાં મધ્ય ગુજરાતની

બોલીનો પ્રભાવ હોવાની શક્યતા છે.

(૬) પુરુષવાચક સર્વનામોનાં રૂપોમાં અંત્ય સ્વરનું હ્રસ્વત્વ : 'મેં'નું 'મિ' કે 'મીં', 'તેં'નું 'તિ' કે 'તીં' વગેરે. ક્યારેક 'તમે'નું 'તમં' પણ સંભળાય છે.

: ૩ : ઉત્તર ગુજરાતના શબ્દભંડોળની પણ કેટલીક વિશેષતાઓ છે. 'તાણે' (=ત્યારે), 'હેંડ' (=ચાલ), 'વાખ' (=વાસ, બંધ કર), 'આલ' (=આપ), 'સઈ રાખ' (=પકડી રાખ), 'છોડી' (=છોકરી), 'વાયરો' (=પવન) વગેરે ઉત્તર ગુજરાતમાં વિશેષપણે વપરાતા શબ્દો છે.

[૪] મધ્ય ગુજરાતની (ચરોતરી) બોલીની લાક્ષણિકતાઓ

: ૧ : આપણે આગળ નોંધી ગયા તેમ મહીના સમગ્ર ઉત્તર ભાગની એટલેકે પટ્ટણી અને ચરોતરી બોલીપ્રદેશોની ઉચ્ચારણવિષયક કેટલીક ખાસિયતો સમાન છે. એ રીતે ઉત્તર ગુજરાતની બોલીની ચર્ચા વેળા ગણાવેલી પહેલી આઠ ઉચ્ચારણવિષયક ખાસિયતો ચરોતરી બોલીની પણ છે. એમાં માત્ર એટલું નોંધવાનું રહે છે કે સ્વરાન્તર્ગત 'ઢ'નું મહાપ્રાણત્વ જુદું પાડી થડકારવાળા 'ડ઼' રૂપે એનું ઉચ્ચારણ ઉત્તર ગુજરાત કરતાં મધ્ય ગુજરાતમાં વિશેષપણે વ્યાપક છે. ઉપરાંત, ચરોતરીમાં 'વ'નો લોપ આદિસ્થાનમાં તાલુસ્વરોનું સાન્નિધ્ય ન હોય ત્યારે પણ થાય છે. જેમકે 'વાણિયો'નું 'ઑણિયો', 'વ્હોરો'નું 'હોરો' વગેરેવગેરે. બીજાં કેટલાંક લક્ષણો નીચે પ્રમાણે છે :

(૯) 'સ'નો અઘોષ 'હ઼' : આ વલણ મધ્ય ગુજરાતમાં ઉત્તર ગુજરાત જેટલું વ્યાપક નથી.

(૧૦) 'ચ' 'છ' 'જ' 'ઝ'નાં સ્પર્શ-સંઘર્ષી ઉચ્ચારણો : એટલેકે એમાંનું સંઘર્ષિત્વ માન્ય કરતાં વિશેષ છે. જેમકે, 'વેચી'નું 'વેત્સી', 'છે'નું 'ત્સેં', 'છોકરો'નું 'ત્શોકરો', 'જડ્યો' 'દ્ઝડ્યો', 'ઝાડ'નું 'દ્ઝાડ' વગેરે. એ નોંધપાત્ર છે કે આ ભીલી બોલીઓમાં પણ જોવા મળતું લક્ષણ છે.

(૧૧) 'હ' શ્રુતિનો સાર્વત્રિક ઉપયોગ : 'પ્હાનો' 'વ્હેંત' 'મ્હારો' ઉપરાંત 'દ્હાડ્યમ' (દાડમ), 'બરધ્યો' (બળદિયો), 'મ્હગર' (મગર) વગેરે.

(૧૨) 'ય' શ્રુતિ : 'આંખ્ય' 'લાવ્ય' 'દ્હાડ્યમ' 'વાડક્યા' 'કારક્યા' (કાળકા) વગેરે.

: ૨ : ચરોતરીની વ્યાકરણવિષયક મુખ્ય વિશેષતાઓ નીચે પ્રમાણે છે :

(૧) સ્ત્રીલિંગમાં વિશેષણ અને કૃદંતમૂલક ક્રિયાપદોને બહુવચનનો 'ઓ' : 'બધિયો બાયડિયો ઊભિયો હતિયો'. ઉત્તર ગુજરાતમાં પણ જોવા મળતું આ વલણ ચરોતરમાં વધારે વ્યાપક છે.

(૨) 'અ'કારાંત નામોને બહુવચનમાં 'આં' પ્રત્યય (ઉચ્ચારણ 'ઑં') : 'ખેતરૉં' 'માણહૉં' 'પગૉં' વગેરે.

(૩) પંચમી વિભક્તિમાં 'થી'ને બદલે 'હિં' : 'ક્યાંથી આવ્યા ?'ને બદલે 'ત્સ્યાંહિં આયા ?', 'હાથથી ગયો'ને બદલે 'હાથહિં જ્યો' વગેરે.

(૪) સહાયકારક 'છ'નાં રૂપોમાં અંત્ય સ્વરોનો હ્રાસ : 'તે મારે છે'નું 'તે મારે ત્સ', 'હું નિશાળે જાઉં છું'ને બદલે 'હુ નૅહાર જાત્સ' વગેરે. આમેય સહાયકારક 'છે'નો ઉપયોગ ચરોતરીમાં ઓછો થાય છે.

(૫) ભવિષ્યકાળમાં પહેલો-બીજો પુરુષ એકવચનનાં રૂપોમાં 'ઈશ'ને બદલે 'એશ' કે 'એ' : 'હું મારીશ'નું 'હું મારેશ' કે 'હુ મારે'. આ પણ ભીલી બોલીને મળતું લક્ષણ છે.

(૬) સંભાવના અને વર્તમાનકાળમાં બીજો પુરુષ એકવચનનાં રૂપો પહેલા પુરુષ જેવાં : 'તું કેમ મારે છે ?'નું 'તુ ત્સ્યમ મારુ ત્સ', 'જો તું ન કરે'નું 'જો તુ ન કરુ' વગેરે.

: ૩ : ચરોતરીનું શબ્દભંડોળ કાઠિયાવાડીની જેમ ઘણું જુદું તરી આવે એવું છે : 'ગમ' (=બાજુ), 'અગાડી' (=આગળ), 'બૂહલું' (=ધોકો), 'જેમણાં' (=છાણાં), 'ધાગડી' (=ગોદડી), 'વઢવું' (=લડવું) વગેરે. ઉપરાંત ચરોતરના પટેલોના આફ્રિકાના નિવાસને કારણે સ્વાહિલી જેવી આફ્રિકન ભાષામાંથી આવેલા 'ફગિયો' (=પૂંજો), 'સાની' (=થાળી), 'સફૂરિયું' (=તપેલી) વગેરે શબ્દો પણ જોવા મળે છે.

[૫] દક્ષિણ ગુજરાતની (સુરતી) બોલીની લાક્ષણિકતાઓ

: ૧ : દક્ષિણ ગુજરાતની બોલીની ઉચ્ચારણવિષયક મુખ્ય લાક્ષણિકતાઓ નીચે પ્રમાણે છે :

(૧) અમુક સંયોગોમાં 'અ'નો 'એ' : 'તાસક'નું 'તાસેક', 'કાતર'નું 'કાતેર' વગેરે.

(૨) 'હ' શ્રુતિનો અભાવ અને માન્ય ગુજરાતીના 'હ'નો (આદિસ્થાનના પણ) લોપ : 'હું'નું 'ઉં', 'હવે'નું 'અવે', 'ચાહ'નું 'ચાઈ', 'કહું'નું 'કઉં' 'નહીં'નું 'નીં', 'હશે'(હોશે)નું 'ઓહ્ર' વગેરે.

(૩) દંત્ય અને મૂર્ધન્ય વ્યંજનોની અદલબદલ : એક બાજુથી 'તમે'નું 'ટમે', 'થોડા'નું 'ઠોડા', 'પંદર'નું 'પંડર', 'બધા'નું 'બઢા', તો બીજી બાજુથી 'કઢી'નું 'કધી', 'માણસ'નું 'માનસ', 'છાંટોપાણી'નું 'છાંતોપાની' વગેરે.

(૪) 'ળ'નો 'લ' : 'ગળે'નું 'ગલે', 'મળવા'નું 'મલવા' વગેરે.

(૫) 'ણ'ની પૂર્વે 'ર' કે 'ળ'નું સારૂપ્ય : 'પારણું'નું 'પાણું' વગેરે.

(૬) 'શ' અને 'સ'નો અઘોષ 'હ્ર' : 'શાક'નું 'હ્રાક', 'સારો'નું 'હ્રારો', 'વલસાડ'નું 'વલહ્રાડ' વગેરે.

(૭) અમુક સંયોગોમાં 'ડ' અને 'ન'નો 'લ' : 'કડલું'નું 'કલ્લું', 'ગાડલું'નું 'ગાલ્લું', 'નાનલું'નું 'નાલ્લું', 'નાખે'નું 'લાખે' વગેરે.

(૮) વ્યંજનને બેવડાવવાનું વલણ : 'દીહ્રો', 'છત્તાં', 'કાચ્ચો', 'સાચ્ચું' વગેરે.

(૯) કેટલાક સંયોગોમાં 'ય'નો લોપ : 'ક્યાં'નું 'કાં', 'ત્યાં'નું 'તાં' વગેરે.

: ૨ : હવે થોડીક વ્યાકરણવિષયક વિશેષતાઓ જોઈએ :

(૧) સહાયકારક 'છ'નાં રૂપોના અંત્ય સ્વરોનો હ્રાસ : 'ઉં મારું છ', 'તે મારે છ' વગેરે.

(૨) ચાલુ વર્તમાનકાળના રૂપમાં વિધિવાક્યમાં વર્તમાનકૃદંતનો ઉપયોગ : 'હું કરું છું'ને સ્થાને 'ઉં કરતો છ'.

(૩) સંકેતાર્થનાં 'તે'વાળાં રૂપો : 'મારું ચાલતે તો હું એને કાઢી મૂકતે' વગેરે.

(૪) ભૂતકૃદંતના '-ય-'નું પુરઃસરણ : 'ચાયૂલો' 'કયૂરું' 'નાયૂખી' વગેરે. ઉપરાંત આ 'ય' શ્રુતિની 'ઈ' સાથે હેરફેર થાય છે, એટલે 'ચાઈલો' 'નાઈખી' જેવું ઉચ્ચારણ પણ થાય.

(૫) દ્વિતીય ભૂતકૃદંત ('-ય+એલ-'વાળાં)માં પણ 'એ'નો લોપ : 'છપાયેલું'નું 'છપાયૂલું' (કે 'છપાઈલું'), 'કહેલું'નું 'કયૂલું', 'ખાધેલું'નું 'ખાધૂલું' વગેરે. જોકે 'ય' કે 'હ'નો સંપર્ક ન હોય ત્યાં ('ખાધેલું' જેવામાં) 'એ' ઉચ્ચારવાનું વલણ પણ છે.

(૬) ભવિષ્યકાળ પ.પુ.એ.વ.માં 'આ'વાળું રૂપ : 'હું લખીશ'ને સ્થાને 'હું લખા', 'હું ખાઈશ'ને બદલે 'હું ખાવા', 'હું જઈશ'ને બદલે 'હું જવા' વગેરે.

(૭) દ્વિતીય ભૂતકૃદંતનો બહોળો ઉપયોગ : માન્ય ગુજરાતીમાં જ્યાં સામાન્ય રીતે પ્રથમ ભૂતકૃદંતનો ઉપયોગ થાય ત્યાં પણ દક્ષિણ ગુજરાતમાં દ્વિતીય ભૂતકૃદંતનો ઉપયોગ થાય છે. જેમકે, 'ગયો' નહીં પણ 'ગયેલો.'

: ૩ : સુરતી બોલીનું કેટલુંક લાક્ષણિક શબ્દભંડોળ પણ છે. જેમકે 'હવાકો' (=પૈસો), 'પોયરો' (=છોકરો), 'એવણ' (=એ), 'બી' (=પણ), 'ઉધેરવું' (=ઉછેરવું), 'તીવારે' (=ત્યારે), 'આ ફા' (=આ બાજુ), 'તી ફા' (=તે બાજુ), વગેરે.

સંદર્ભ

ગુજરાતની બોલીઓ : પંડિત(૩), પૃ.૨૯૭–૨૯૮; ગ્રિઅર્સન પૃ.૯૯–૧૨૪ તથા પ્રસ્તાવના; દવે, એકમ, ૬૩–૬૫; વ્યાસ યોગેન્દ્ર(૧), પૃ.૧૩૨–૧૪૯.

ચરોતરી બોલીનાં લક્ષણો : પંડિત(૨), પૃ.૭૬૧–૭૬૩.

હાલારી બોલીનાં લક્ષણો : આચાર્ય, પૃ.૩૫–૫૮.

સ્વાધ્યાય

૧. ખાલી જગ્યા પૂરો :

(૧) 'હ' શ્રુતિનો લોપ એ _____ બોલીની લાક્ષણિકતા છે.

(૨) 'તે'વાળાં સંકેતાર્થ રૂપ _____ બોલીની લાક્ષણિકતા છે.

(૩) ચરોતરી બોલીમાં 'અ'કારાંત નામોને બહુવચનમાં _____ પ્રત્યય લાગે છે. જેમકે _____ .

(૪) _____ ની બોલીમાં 'ય' 'એ' અને 'ઈ'ના સાન્નિધ્યમાં 'વ'નો લોપ થાય છે. જેમકે _____ , _____ , _____ .

૨. નીચેની શબ્દસૂચિમાંથી મુખ્યપણે સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, ચરોતર અને દક્ષિણ ગુજરાતમાં વપરાતા શબ્દો જુદા તારવી આપો :

હાલવું, હેંડવું, અગાડી, મોર (=આગળ), હવાકો, વાખવું, પોયરો, વાયરો.

૮

[૧] ઉચ્ચારણપ્રક્રિયા

: ૧ : આપણે હવે માન્ય ગુજરાતીના ધ્વનિઘટકોનો પરિચય મેળવવાનો છે. પરંતુ તે પહેલાં એ ઘટકોનું સ્વરૂપવર્ણન જે સંજ્ઞાઓમાં આપણે કરવા માગતા હોઈએ તેની પ્રાથમિક સ્પષ્ટતા કરી લેવી જોઈએ.

કોઈ પણ ભાષાના ધ્વનિઓનું સ્વરૂપવર્ણન ત્રણ રીતે થઈ શકે છે. એ ધ્વનિઓના ઉચ્ચારણમાં શરીરના જે અવયવો જે જાતની કામગીરી બજાવતા હોય તેને લક્ષમાં રાખીને એમનું વર્ણન થઈ શકે અથવા એ ધ્વનિઓના ઉચ્ચારણમાં જે અવાજનાં મોજાંઓ ઉત્પન્ન થાય છે અને તે જે રીતે હવા દ્વારા પ્રસરે છે તેને અનુલક્ષીને પણ તેમનું વર્ણન થઈ શકે અથવા એ ધ્વનિઓનાં મોજાંઓને કાન જે રીતે ઝીલે છે તેને એટલેકે શ્રવણના ધર્મોને અનુલક્ષીને પણ એમનું વર્ણન થઈ શકે.

પરંતુ આમાંથી પહેલી રીત જ વધુ ખેડાયેલી છે અને આપણે ગુજરાતી ભાષાઓના ધ્વનિઓનું વર્ણન એ રીતે એટલેકે ઉચ્ચારણની દૃષ્ટિએ જ કરવા માગીએ છીએ. તેથી ઉચ્ચારણની પ્રક્રિયાનો, એમાં ભિન્નભિન્ન અવયવો જે કામગીરી બજાવે છે તેને અનુલક્ષીને, થોડો ખ્યાલ મેળવીએ.


: ૨ : આપણે આરંભમાં જ નોંધી ગયા છીએ કે વિશિષ્ટપણે ઉચ્ચારણના કે વાણીના કહી શકાય એવા અવયવો માનવશરીરમાં નથી. જે અવયવો વાણી ઉત્પન્ન કરવામાં ભાગ ભજવે છે – ફેફસાં, કંઠ, જીભ, હોઠ વગેરે – તે બધાંની મુખ્ય કામગીરી બીજી છે. માત્ર માણસ એ અવયવોનો વાણી ઉત્પન્ન કરવામાં ઉપયોગ કરતાં શીખ્યો છે.

વાણી એક રીતે શરીરતંત્રની એક આવશ્યક પ્રક્રિયા શ્વાસોચ્છ્વાસની અદ્‌ભુત ઉપપેદાશ છે. મોટા ભાગના વાચિક ધ્વનિઓ ઉચ્છ્વાસ કાઢતાં ફેફસાંમાંથી મુખ કે નાક વાટે બહાર ફેંકાતી હવાના દબાણથી ઉત્પન્ન થાય છે. શ્વાસ લેતાં હવા અંદર પ્રવેશે છે ત્યારે ભાગ્યે જ કોઈ વાચિક ધ્વનિ ઉત્પન્ન થાય છે. ઉચ્છ્વાસની પ્રક્રિયા પણ સામાન્ય રીતે તો મૂંગી હોય છે પણ પસાર થતી હવા જો દબાય કે અવરોધાય તો અવાજ ઉત્પન્ન થાય છે. વૃક્ષો કે ખડકો કે ટેકરીઓ સાથે ઘસાતી હવા જે અવાજો ઉત્પન્ન કરે છે, શરણાઈ, હારમોનિયમ જેવાં વાદ્યોમાં હવાના દબાણ કે અવરોધથી જે સંગીત ઉત્પન્ન થાય છે તે આપણને પરિચિત છે. બોલતી વખતે આપણે બહાર નીકળતી હવાને એના

વહનમાર્ગમાં જુદેજુદે સ્થળે અને જુદીજુદી રીતે અવરોધીએ કે અટકાવીએ છીએ. ભિન્નભિન્ન વાચિક ધ્વનિઓ અવરોધનાં સ્થાન અને રીતની ભિન્નતા સાથે સંબંધ ધરાવે છે અને એના પરિણામરૂપ છે. ઉચ્છ્વાસમાર્ગને, એના અવરોધનાં શક્ય સ્થાનો અને રીતોને તથા તેનાથી ઉત્પન્ન થતા અવાજોને હવે આપણે તપાસીએ.


વાગવયવો

૧. શ્વાસનળી
૨. સ્વરયંત્ર
૩. સ્વરતંત્રીઓ
૪. કંઠવિવર
૫. નાસિકાપથ
૬. મુખપથ
૭. પડજીભ
૮. કોમલ તાલુ
૯. કઠોર તાલુ
૧૦. મૂર્ધા
૧૧. વર્ત્સ
૧૨. દાંત
૧૩. હોઠ
૧૪. જિહ્વાનીક
૧૫. જિહ્વાગ્ર
૧૬. જિહ્વામધ્ય
૧૭. જિહ્વાપૃષ્ઠ
૧૮. જિહ્વામૂલ



: ૩ : અહીં મૂકેલી આકૃતિ જુઓ. ફેફસાંમાંથી નીકળેલી હવા શ્વાસનળી દ્વારા બહાર જાય છે ત્યારે કંઠમાં શ્વાસનળીને ઉપરને છેડે આવેલા સ્વરયંત્ર(કંઠનાળ)ના કાણામાંથી પસાર થાય છે. હૈડિયો તે આ સ્વરયંત્રની બહારની બાજુ. સ્વરયંત્રનું આ ઉપલું દ્વાર, જેને તંત્રીવિવર (કે કાકલ કે કંઠમૂલ) કહેવામાં આવે છે, તેમાં અત્યંત સૂક્ષ્મ તારો જેવી કોમળ પેશીઓના બનેલા બે પડદા (બે નાનકડા હોઠ જેવી રચનાઓ) આડા આવે છે, જેમને નાદતંત્રીઓ કહેવામાં આવે છે. આ નાદતંત્રીઓ સ્થિતિસ્થાપક છે એટલે એમને ખેંચી, હવાનો પ્રવાહ બહાર જતો કે અંદર આવતો સાવ બંધ થઈ જાય એ રીતે ભેગી કરી શકાય (આકૃતિ–૨) અથવા એમને ઢીલી મૂકી પોતપોતાની બાજુએ સંકેલાયેલી

અને સારી પેઠે છૂટી રાખી શકાય જેથી હવા વચ્ચેથી મુક્તપણે, કશા ઘર્ષણ અને શ્રાવ્ય અવાજ વિના પસાર થઈ શકે (આકૃતિ–૧) અથવા એમને નાનકડું દ્વાર રાખી તંગ રીતે ખંચાયેલી રાખી શકાય જેથી પસાર થતી હવા નાદતંત્રીઓને ધ્રુજાવે અને અવાજનાં મોજાંઓ ઉત્પન્ન થાય જેને 'ઘોષ' કહેવામાં આવે છે (આકૃતિ–૩). નાદતંત્રીઓ સંપૂર્ણ બિડાયેલી હોય કે હવા સરળતાથી પસાર થઈ શકે એટલી ખુલ્લી હોય તે તેની નિષ્કંપ અવસ્થા છે અને તે બન્ને અઘોષ ધ્વનિની સ્થિતિઓ છે. પ્રાણાયામમાં કે બીજી પ્રક્રિયાઓમાં નાદતંત્રીઓને પૂરેપૂરી બીડી દઈને આપણે શ્વાસને રૂંધીએ છીએ. શ્વાસોચ્છ્વાસ લઈએ છીએ ત્યારે નાદતંત્રીઓ સાવ છૂટી હોય છે.



આકૃતિ–૧ આકૃતિ–૨ આકૃતિ–૩ આકૃતિ–૪

[૧. નાદતંત્રીઓ. ૨. ઍરિટીનૉઇડ કાર્ટિલિજ]

હવે, નાદતંત્રીઓ વડે પ્રગટ થતા જુદાજુદા પ્રકારના ધ્વનિઓને ઓળખવાનો પ્રયત્ન કરીએ. નાદતંત્રીઓને એકદમ ભેગી કરીને હવાને રોકવામાં આવે કે હવાના દબાણથી બીડેલી નાદતંત્રીઓને એકાએક છૂટી પાડવામાં આવે ત્યારે એક પ્રકારનો અઘોષ સ્પર્શધ્વનિ ઉત્પન્ન થાય છે. આને તંત્રીવિવરોત્થ સ્પર્શધ્વનિ કહેવામાં આવે છે. અરબી જેવી કેટલીક ભાષાઓમાં આવા સ્પર્શધ્વનિનો ભેદક રૂપે ઉપયોગ થાય છે. ગુજરાતીમાં 'હંઅ' જેવા ઉચ્ચારણમાં અને અમેરિકન બોલીઓમાં Mountainના t્ના ઉચ્ચારણમાં આ જાતનો સ્પર્શધ્વનિ રહેલો છે. પરંતુ એનો કોઈ ભેદક ઉપયોગ આપણે કરતા નથી.

ખુલ્લી નાદતંત્રીઓ કોઈ શ્રાવ્ય અવાજ ઉત્પન્ન કરતી નથી, પરંતુ ખુલ્લી નાદતંત્રીઓ વચ્ચેથી પસાર થયેલી હવા બીજે ક્યાંય અવરોધાય અને એનાથી જે અવાજ ઉત્પન્ન થાય તેનું સ્વરૂપ બાંધવામાં એ ભાગ ભજવે છે. આપણે હમણાં નોંધી ગયા એ પ્રમાણે ખુલ્લી નાદતંત્રીઓ 'અઘોષ' છે તેથી ખુલ્લી નાદતંત્રીઓ દ્વારા પસાર થયેલી હવા બીજે ક્યાંય – બે હોઠ વચ્ચે, દાંત-જીભની વચ્ચે, જીભ-તાળવા વચ્ચે – અવરોધ પામી અવાજ ઉત્પન્ન કરે તો એ બધા અઘોષ ધ્વનિઓ રહે છે. જેમકે ગુજરાતીના 'ક' 'ખ' 'ટ' 'ઠ' વગેરે ધ્વનિઓ.

બીજી બાજુથી 'ગ' 'ઘ' 'ડ' 'ઢ' વગેરે ધ્વનિઓના ઉચ્ચારણમાં હવા મુખમાં અમુક સ્થાનોએ અવરોધાયેલી હોય છે, પરંતુ સાથેસાથે તંગ ખેંચાયેલી નાદતંત્રીઓ વચ્ચેના

સાંકડા દ્વારમાંથી નાદતંત્રીઓને કંપાવીને પસાર થયેલી હોય છે. તેથી એ બધા 'ઘોષ' ધ્વનિઓ છે. ઘોષ-અઘોષ ધ્વનિઓનો ભેદ બન્ને કાન પર સજડ રીતે હાથ દબાવીને 'ટાંક' 'ડાંગ' જેવાં શબ્દજોડકાં મોટેથી બોલવાથી પારખી શકાશે. 'ડાંગ'ના સમગ્ર ઉચ્ચારણમાં એક જાતનો રણઝણ ધ્વનિ સંભળાશે. અથવા હૈડિયાની ઉપર હળવેકથી આંગળી દાબીને પણ સ્વરતંત્રીઓની ધ્રુજારીને અનુભવી શકાશે. ઘણીબધી ભાષાઓમાં ઘોષ અને અઘોષ ધ્વનિઓનો આ ભેદ નજરે પડે છે.

આપણે હમણાં નોંધ્યું તેમ નાદતંત્રીઓ જ્યારે કંપતી હોય છે ત્યારે ખૂલવા-બંધ થવાનાં આવર્તનો થતાં હોય છે. આ આવર્તનો દરમિયાન નાદતંત્રીઓ પૂરેપૂરી બિડાવાને બદલે તેમની વચ્ચે થોડી જગ્યા રહે અને નાદતંત્રીઓ કંપે તે સાથે હવા તે સ્થાને ઘસાય કે ખળભળે ત્યારે જે ધ્વનિ ઉત્પન્ન થાય છે તેને 'મર્મર' કહેવામાં આવે છે. ગુજરાતીમાં 'બ્હીક' 'કુહાડી' વગેરેમાં 'હ' છે તેને ડૉ. પ્રબોધ પંડિત મર્મરધ્વનિ તરીકે ઘટાવે છે. આ ઉપરાંત, નાદતંત્રીઓ થોડી વિસ્તરેલી હોય, હવા ઘસાઈને ખળભળાટ સાથે પસાર થાય, પણ નાદતંત્રીઓ કંપે નહીં ત્યારે જે અઘોષ ધ્વનિ ઉત્પન્ન થાય છે તેને 'ફુસફુસાહટ' કે ગુસપુસ ધ્વનિ તરીકે ઓળખાવવામાં આવે છે. અંગ્રેજીમાં heat વગેરે શબ્દોમાં આરંભનો ધ્વનિ આ પ્રકારનો છે. સંસ્કૃતનો વિસર્ગ પણ આ જાતનો ધ્વનિ હતો.

બીજો એક અઘોષ ગુસપુસ ધ્વનિ નાદતંત્રીઓ બિડાયેલી હોય પરંતુ એની બાજુના ઍરિટીનૉઇડ કાર્ટિલિજ છૂટા પડે અને હવા તેમની વચ્ચેથી ઘસાઈને ખળભળાટ સાથે પસાર થાય ત્યારે ઉત્પન્ન થાય છે (આકૃતિ–૪).

નાદતંત્રીઓના તંગપણાને ઓછુંવત્તું કરી શકાય છે. એ પ્રમાણે નાદતંત્રીઓની ધ્રુજારીના તથા હવાનાં મોજાંના આવર્તનના દરમાં પણ ફેરફાર કરી શકાય છે. તેનાથી ધ્વનિમાં જે ભેદ થાય છે તેને 'સૂર' કહેવામાં આવે છે. આ કેટલીક ભાષાઓમાં ધ્વનિના ભેદક ધર્મ તરીકે કામ આપે છે.

: ૪ : તંત્રીવિવરમાંથી નીકળેલી હવા જેને કંઠવિવર કહેવામાં આવે છે એ ભાગમાંથી પસાર થાય છે. જીભની પાછળનો અને મુખપથ તેમજ નાસિકાપથ નીચેનો પોલાણવાળો આ ભાગ છે. ત્યાં માર્ગની દીવાલ સાથે જીભના પાછલા મૂળને અડકાડીને હવાનો સંપૂર્ણ અવરોધ થઈ શકે છે. આવા અવરોધથી ઉત્પન્ન થતા અવાજને કંઠવિવરીય સ્પર્શધ્વનિ કહેવામાં આવે છે. અરબીની બોલીઓમાં આ સ્પર્શધ્વનિ એક વાચિક ધ્વનિ તરીકે છે. પરંતુ આ સ્થાને સ્પર્શ કરતાં સંઘર્ષ વધુ શક્ય છે. એટલેકે હવાનો સંપૂર્ણ અવરોધ થવાને બદલે સંકોચાવેલી જગ્યામાંથી હવા ઘસાઈને પસાર થાય તે વધુ શક્ય છે. અરબીની કેટલીક બોલીઓમાં ઘોષ અને અઘોષ બન્ને પ્રકારના કંઠવિવરીય સંઘર્ષી ધ્વનિઓ છે. મધ્ય એશિઆની કેટલીક ભાષાઓમાં પણ આવા સંઘર્ષીઓ છે.

કંઠવિવરનું ઘર્ષણ જીભ અને હોઠની હલચલથી ઉત્પન્ન થયેલા ધ્વનિઓને જુદું રૂપ આપે એમ પણ બની શકે. એટલેકે આ ઘર્ષણ એક ભેદક ધર્મ તરીકે કામ કરે. અરબી ભાષામાં આવા કંઠવિવરીય ઘર્ષણયુક્ત ધ્વનિઓ છે.

ગુજરાતીમાં અઘોષ 'હ્' ('હ્રાવરણી')ના ઉચ્ચારણમાં જિહ્વામૂલ પાછલી દીવાલની નજીક જઈ કંઠવિવરમાં ઘર્ષણ ઉત્પન્ન કરતું જણાશે. ઘોષ 'હ'માં પણ તંત્રીવિવરોત્થ ઘર્ષણની સાથે કંઠવિવરીય ઘર્ષણનો અંશ રહેલો જણાય છે.

: ૫ : કંઠવિવરમાંથી નીકળેલી હવા માટે બે માર્ગ છે – એક મુખનો અને બીજો નાકનો. તાળવાને છેડે પડજીભ નામે એક લટકતો ભાગ છે જે ઊંચોનીચો થઈ શકે છે. એ ઊંચો થાય એટલે કોમલ તાલુનો પૃષ્ઠ ભાગ પાછળની દીવાલને અડકે છે અને નાસિકાપથ બંધ થાય છે. હવા કેવળ મુખપથ દ્વારા બહાર આવે છે. જો પડજીભ નીચી રહે તો નાસિકાપથ ખુલ્લો રહે છે. નાસિકાપથ ખુલ્લો હોય ત્યારે પણ મુખપથ ખુલ્લો હોઈ તે દ્વારા તો હવા બહાર આવે જ છે – કોઈકોઈ સ્થાને અવરોધ સાથે યા કશા અવરોધ વિના. નાસિકાવિવરમાં બીજા અવરોધો શક્ય નથી તેથી નાસિકાપથ દ્વારા હવા પસાર થાય ત્યારે ફેર એટલો પડે છે કે ધ્વનિઓ 'નાસિક્ય' કે 'અનુનાસિક' બની જાય છે. નાસિકાપથ દ્વારા હવા પસાર ન થાય તો ધ્વનિઓ 'અનનુનાસિક' કે 'નિરનુનાસિક' રહે છે.

આ રીતે, કેવળ મુખપથ દ્વારા જ હવા પસાર થાય અને નાસિકાપથ બંધ હોય ત્યારે ગુજરાતીમાં 'ક' 'ખ' જેવા અનનુનાસિક ધ્વનિઓ ઉચ્ચારાય છે; હવા નાસિકાપથ અને મુખપથ બન્ને દ્વારા પસાર થતી હોય અને મુખપથમાં ક્યાંક ને ક્યાંક અવરોધ થતો હોય ત્યારે ગુજરાતીના 'ન' અને 'મ' જેવા અનુનાસિક ધ્વનિઓ ઉચ્ચારાય છે. મુખપથ અને નાસિકાપથ બન્નેમાંથી હવા અવરોધ વિના પસાર થાય ત્યારે 'દાંત'માં 'આં'નું છે તેવું સ્વરનું નાસિક્ય કે સાનુનાસિક ઉચ્ચારણ થાય છે. શરદીમાં નાસિકાપથ અવરુદ્ધ થાય ત્યારે નાસિક્ય ધ્વનિઓનું ઉચ્ચારણ થઈ શકતું નથી એ જાણીતી વાત છે.

: ૬ : મુખવિવર સૌથી વધુ વૈવિધ્યયુક્ત ઉચ્ચારણોનું સ્થાન છે. એમાં ખૂબ જ ગતિશીલ અવયવ જીભની કામગીરી સૌથી વધુ નોંધપાત્ર છે. (અંગ્રેજી ભાષાનો જીભ માટેનો શબ્દ tongue અને ફારસીનો 'જબાન' 'ભાષા'ના અર્થમાં પણ પ્રયોજાય છે એ સૂચક છે. બીજી કેટલીક ભાષાઓમાં પણ એવું છે.) જીભની (અને નીચલા હોઠની) જુદાજુદા પ્રકારની સ્થિતિમાં જુદાજુદા પ્રકારના ધ્વનિઓ ઉત્પન્ન થાય છે. આ ધ્વનિઓને મુખ્યતયા બે વિભાગોમાં વહેંચી શકાય. એક, મુખવિવરમાં આવેલી હવાના જથ્થાને જીભ (કે હોઠ)

પોતાની અમુક સ્થિતિથી જુદું રૂપ આપે, એમાં વિકાર આણે અને જે અનુનાદન-અનુકંપન (resonance) ઉત્પન્ન થાય તે. ગુજરાતીમાં 'અ' 'આ' જેવા ધ્વનિઓ જેમને 'સ્વરો' તરીકે ઓળખવામાં આવે છે તેમના ઉચ્ચારણમાં આવી સ્થિતિ હોય છે. બીજું, જીભ (કે હોઠ) દ્વારા હવાનો સંપૂર્ણ અવરોધ થાય અથવા તો સાંકડા માર્ગને કારણે હવા ઘસાય કે ખળભળાટ પામે તેનાથી થતા ધ્વનિઓ. 'ક' 'ખ' 'શ' 'લ' વગેરે જેવા ધ્વનિઓ જેમને આપણે 'વ્યંજનો' તરીકે ઓળખીએ છીએ તેમાં આ સ્થિતિ હોય છે.

સ્વરોના ઉચ્ચારણ વેળા મુખવિવર ખુલ્લું રહે છે. વ્યંજનોના ઉચ્ચારણ વેળા થતો અવરોધ સંપૂર્ણ હોય અથવા સંપૂર્ણ ન પણ હોય. જીભ કે હોઠ, ઉપરના કોઈ ભાગને સ્પર્શી પળભર હવાને રોકે અને પછી છોડી દે એનાથી જે ધ્વનિઓ ઉત્પન્ન થાય છે તેમને 'સ્ફોટકો' કે 'સ્પર્શધ્વનિઓ' કહેવામાં આવે છે, જેમકે ગુજરાતી 'ક' 'ખ' વગેરે.

જીભ કે હોઠ હવાને પૂરેપૂરી રોકવાને બદલે થોડી જગ્યા રાખે અને હવા ઘસાઈને બહાર નીકળે તેથી જે ધ્વનિઓ ઉત્પન્ન થાય છે તેમને 'સંઘર્ષીઓ' કહેવામાં આવે છે, જેમકે ગુજરાતી 'શ' 'સ' વગેરે. 'શ' 'સ'ને 'ઊષ્મ' ધ્વનિઓ પણ કહેવામાં આવે છે. એમાં જીભનો આકાર અર્ધચંદ્ર જેવો ◡ થાય છે અને હવા વચ્ચેથી ઘસાઈને પસાર થાય છે. જીભનો આકાર ઊંધા નળિયા જેવો ◠ થાય અને હવા જીભની બે બાજુએથી ઘસાઈને પસાર થાય તો એ 'પાર્શ્વિક' (સંઘર્ષી) ધ્વનિઓ કહેવાય છે, જેમકે ગુજરાતી 'લ'નું ઉચ્ચારણ. ઉચ્ચારણોમાં ક્યારેક જીભ ધ્રૂજે (જેમકે અંગ્રેજીમાં 'r'નું ઉચ્ચારણ) તો એ 'પ્રકંપી' ધ્વનિ કહેવાય; ક્યારેક જીભ ઊંચે જઈને નીચે પડે (જેમકે ગુજરાતી 'ળ'નું ઉચ્ચારણ) તો એ 'લુંઠિત' કે 'થડકારાવાળા' ધ્વનિઓ કહેવાય.

મુખવિવરમાં થતાં ઉચ્ચારણોની બાબતમાં જે અટપટી પરિસ્થિતિ છે એનો ખ્યાલ એના પરથી આવશે કે અમુક અંશે સ્પર્શત્વ અને અમુક અંશે સંઘર્ષિત્વ હોય એવા ધ્વનિઓ શક્ય છે અને સ્વરત્વવ્યંજનત્વની સીમા પરના ધ્વનિઓ પણ શક્ય છે.

: ૭ : મુખવિવરમાં ઉત્પન્ન થતા ધ્વનિઓને ઉચ્ચારણ-અવયવો અને ઉચ્ચારણબિંદુઓની દૃષ્ટિએ વર્ગીકૃત કરી શકાય છે. સ્વરોના ઉચ્ચારણમાં જીભના જુદાજુદા ભાગો ઉચ્ચારણઅવયવ તરીકે કામ કરે છે અને એ ભાગોની જુદીજુદી જાતની ઊંચીનીચી સ્થિતિથી જુદીજુદી જાતના સ્વરો ઉચ્ચારાય છે. જીભ તો એક સળંગ અવયવ છે. એના કુદરતી ભાગો નથી તેમજ મુખનું પોલાણ પણ એક સળંગ વસ્તુ છે. એટલે એના નિયત વિભાગો હોઈ ન શકે. કોઈ પણ ભાષામાં કઈ રીતે વિભાગીકરણ થાય છે એ જ મહત્ત્વની વસ્તુ છે. આ રીતે, ગુજરાતીમાં જીભના આગલા, વચલા અને પાછલા ભાગની ઉચ્ચ, મધ્ય અને નિમ્ન સ્થિતિથી ભિન્નભિન્ન પ્રકારના સ્વરો અસ્તિત્વમાં આવે છે, જેમકે,

'ઈ' જીભનો આગળનો ભાગ ઊંચો થવાથી બોલાતો સ્વર છે.

વ્યંજનોના ઉચ્ચારણમાં જીભ ઉપરાંત હોઠ (નીચલો) પણ ઉચ્ચારણઅવયવ તરીકે કામ કરે છે. ઉચ્ચારણબિંદુઓ તાળવાના જુદાજુદા ભાગો, મૂર્ધા[૧], દન્તમૂલ કે વર્ત્સ, દાંત (ઉપરના), હોઠ (ઉપરનો) છે. આમાંના કોઈ પણ અવયવ પર અનેક ઉચ્ચારણબિંદુઓ શક્ય છે પણ કોઈ પણ ભાષા જે ઉચ્ચારણસ્થાનોનો ધ્વનિભેદ સ્વીકારતી હોય તેટલાં ઉચ્ચારણસ્થાનો પૂરતું જ તે ભાષામાં વર્ગીકરણ મહત્ત્વનું છે. આ રીતે, ગુજરાતીમાં 'પ' 'ફ' 'બ' 'ભ' નીચલો હોઠ ઉપલા હોઠને અડકી હવાનો અવરોધ કરે છે તેથી થતા ધ્વનિઓ છે (જેમને આપણે 'ઓષ્ઠ્ય' વ્યંજનો તરીકે ઓળખીએ છીએ). 'મ' આ વર્ગનો પણ અનુનાસિક વ્યંજન છે. 'ત' 'થ' 'દ' 'ધ' જીભનો એકદમ આગળનો ભાગ ઉપરના દાંતને અડકવાથી થતા ધ્વનિઓ છે (જેમને આપણે 'દંત્ય' વ્યંજનો તરીકે ઓળખીએ છીએ). 'ન' આ વર્ગનો પણ અનુનાસિક વ્યંજન છે. 'સ' આ વર્ગનો પણ સંઘર્ષી વ્યંજન છે. 'લ' પણ આ વર્ગનો પણ પાર્શ્વિક વ્યંજન છે. ગુજરાતીમાં આ ઉપરાંત વર્ત્સ્ય, તાલવ્ય અને કંઠ્ય વ્યંજનોની શ્રેણીઓ પણ છે તે આપણે જાણીએ છીએ.

: ૮ : કોઈ પણ ધ્વનિના આ સિવાય બીજા પણ ગુણધર્મો હોઈ શકે. ધ્વનિ હ્રસ્વ રીતે, દીર્ઘ રીતે કે પ્લુત રીતે ઉચ્ચારાતો હોય. દાખલા તરીકે, 'ઠીઈઈઈક'માં 'ઈ' કેટલો લંબાયેલો છે ! કોઈ ભાષામાં આ હ્રસ્વત્વ-દીર્ઘત્વ-પ્લુતત્વ ભેદક હોઈ શકે. સ્પર્શધ્વનિના ઉચ્ચારણમાં સ્પર્શનિવૃત્તિ પછી હવાનો ફુત્કાર અને ઘસારો આવે કે ન આવે. કોઈ ભાષામાં આ અલ્પપ્રાણત્વ-મહાપ્રાણત્વ ભેદક હોય એટલેકે એનાથી બે જુદા વર્ણો/શબ્દો બનતા હોય. ગુજરાતીમાં સ્પર્શધ્વનિઓમાં એ ભેદક છે, તેથી જ એમાં આપણને 'ક'

---

૧. પૃ.૧૫૬ પરની આકૃતિમાં તાળવાના મધ્યમાં ઊંચામાં ઊંચા ભાગને મૂર્ધાસ્થાન તરીકે બતાવવામાં આવેલ છે. સંસ્કૃતના મૂર્ધન્ય ધ્વનિઓને પ્રતિવેષ્ટિત ગણવામાં આવ્યા છે, તેથી તે જીભને વાળીને તાળવાના ભાગને સ્પર્શીને બોલાતા હોવાનું અભિપ્રેત હશે એમ મનાય. પરંતુ ડૉ. જયદેવ શુક્લ મારી વિનંતીથી શોધેલી માહિતીને આધારે કહે છે કે મૂર્ધા એટલે મુખવિવરનો સમગ્ર ઉપરિભાગ – છાપરાનો ભાગ. એટલેકે 'મૂર્ધા' શબ્દથી તાળવાનો કોઈ ચોક્કસ ભાગ દર્શાવાતો નથી. વસ્તુતઃ રને કેટલાક સંસ્કૃત વ્યાકરણકારોએ મૂર્ધન્ય તો કેટલાકે દન્તમૂલ્ય કે વર્ત્સ્ય ગણ્યો જ છે. માટે ડૉ. શુક્લનું સૂચન છે કે આ ધ્વનિઓના વર્ણનમાં 'મૂર્ધન્ય'ને સામાન્ય શબ્દ અને 'વર્ત્સ્ય'ને વિશેષ શબ્દ ગણવો જોઈએ. કે. હ. ધ્રુવ, અલબત્ત, મૂર્ધા એટલે ઉપલા દાંતનો માથાનો ભાગ – ઊર્ધ્વદંતમૂળ એવો જ અર્થ કરે છે અને આપણે મૂર્ધન્ય ઉચ્ચારોને સ્થાનભ્રષ્ટ કરી અતિતાલવ્ય બનાવ્યા છે તેવી ફરિયાદ કરે છે (વાગ્વ્યાપાર, ૧૮–૧૯); જોકે ગુજરાતી ઉચ્ચારણમાં 'ટ' વગેરે વ્યંજનો વર્ત્સ્ય જ છે.

અને 'ખ', 'ગ' અને 'ઘ' ઇત્યાદિ અલ્પપ્રાણ-મહાપ્રાણ વ્યંજનોનાં જોડકાંઓ મળે છે. ફેફસાંમાંથી નીકળતી હવાની શક્તિ ઓછીવત્તી હોય જેને 'સ્વરભાર' તરીકે ઓળખવામાં આવે છે. અને એ સ્વરભાર પણ કોઈ ભાષામાં ભેદક હોય, જેમકે અંગ્રેજીમાં સ્વરભાર ભેદક છે.

: ૯ : ઉચ્ચારણપ્રક્રિયાની વાત આપણે એને ઘણા વિભાગોમાં વહેંચીને કરી છે. એ પરથી ઉચ્ચારણની ખરી વસ્તુસ્થિતિનો ખ્યાલ આવવો મુશ્કેલ છે. હકીકતમાં ઉચ્ચારણ એ એક સળંગ આખી પ્રક્રિયા છે, તંત્રીવિવરથી માંડીને હોઠ કે નાક વાટે હવા બહાર આવે ત્યાં સુધીની. આ વહન દરમિયાન હવા ઘણેબધે ઠેકાણે પરિવર્તન પામતી હોય અને એનો ફાળો ધ્વનિના સ્વરૂપનિર્માણમાં હોય. જેમકે 'ક' એ ખુલ્લા તંત્રીવિવર અને કંઠવિવરથી પણ બંધ નાસિકાપથથી જીભનો પાછલો ભાગ તાળવાના પાછલા છેડાને સ્પર્શવાથી થતો ફુત્કાર વગરનો ધ્વનિ છે. એને આપણે અઘોષ અનનુનાસિક અલ્પપ્રાણ જિહ્વાપૃષ્ઠ-તાલુપૃષ્ઠ (કે કંઠપૂર્વ) સ્પર્શવ્યંજન તરીકે ઓળખાવી શકીએ. ઉપરાંત, સળંગ ઉક્તિમાં તો ભિન્નભિન્ન ધ્વનિઓ પણ એક ક્રમમાં, અખંડ પ્રવાહ રૂપે આવતા હોય છે અને એ રીતે એકબીજાના સ્વરૂપ પર અસર પાડતા હોય છે. આ વસ્તુ ખ્યાલમાં ન રાખીએ તો ઉચ્ચારણપ્રક્રિયાનું સાચું ચિત્ર ન ઊપસે.

[૨] ભાષાના ધ્વનિઓ કે ધ્વનિઘટકો

: ૧ : આપણે માન્ય ગુજરાતીના ધ્વનિઓ કે ધ્વનિઘટકો તારવવાના છે. માન્ય ગુજરાતીના ધ્વનિઓ એટલે માન્ય ગુજરાતી ભાષાની વ્યવસ્થામાં ઉપયોગમાં લેવાતા ધ્વનિઓ. આપણે શરૂઆતમાં જ નોંધી ગયા છીએ કે દરેક ભાષકસમાજ અર્થ સૂચવવા માટે જે કોઈ અવાજોનો ઉપયોગ કરે છે તે બધા ભાષાની વ્યવસ્થાના અંગરૂપ હોતા નથી. દાખલા તરીકે, ગુજરાતી ભાષકસમાજમાં ડચકારો નિષેધસૂચક ધ્વનિ છે, પણ ભાષાની વ્યવસ્થાના અંગરૂપ એ ધ્વનિ નથી, કેમકે 'ફ્' 'ઉ' 'લ્' એ ધ્વનિઓ ભેગા કરીને જે રીતે આપણે 'ફુલ' એવો સાર્થ શબ્દ બનાવી શકીએ છીએ તેવી રીતે ડચકારાના ઉપયોગ વડે કોઈ શબ્દ બનાવી શકતા નથી. ડચકારો પોતે અર્થ ધરાવે છે, પરંતુ ડચકારાને અર્થભેદક રીતે યોજી શકાતો નથી. ભાષાના ધ્વનિઘટકો તો આપણે એને કહીએ છીએ જે પોતે અર્થ ધરાવતા નથી હોતા પરંતુ જેમને અર્થભેદક રીતે પ્રયોજી શકાય છે. આ રીતે ડચકારો એ ગુજરાતી ભાષાનો ધ્વનિઘટક નથી. કોઈ ભાષા એવી હોઈ શકે ખરી કે જેમાં ડચકારો એક ધ્વનિઘટક હોય.

ઉપરાંત કોઈ પણ ભાષકસમાજમાં પ્રવર્તતું સઘળું ઉચ્ચારણભિન્નત્વ અલગઅલગ ધ્વનિઘટકો રૂપે વર્ણવવામાં આવતું નથી, વર્ણવી શકાય નહીં. અમુક હદ સુધીના

ઉચ્ચારણભેદની દરેક ભાષકસમાજમાં ઉપેક્ષા થતી હોય છે. ગુજરાતીમાં 'કુકી' શબ્દના બન્ને 'ક'નાં ઉચ્ચારણ જુઓ. પહેલા 'ક'ની અપેક્ષાએ બીજો 'ક' કંઈક આગળથી બોલાતો જણાશે. આ રીતે બન્નેમાં થોડો ભેદ છે, છતાં આપણે એને એક 'ધ્વનિ' માનીને ચાલીએ છીએ. એટલે ધ્વનિઘટક એ અમુક એક નિશ્ચિત ઉચ્ચારણને નહીં પણ ઉચ્ચારણના જૂથને દર્શાવે છે. એ જ રીતે, ઉચ્ચારણના વૈયક્તિક ભેદોની તેમજ અર્થભેદક ન હોય તેવા ધ્વનિઓની પણ આપણે ઉપેક્ષા કરીએ છીએ. કોઈ માણસ ડચકાં ખાતોખાતો બોલતો હોય તો એથી થતા ઉચ્ચારણભેદને આપણે અવગણીએ છીએ અને માન્ય ધ્વનિઓ જ એમાંથી તારવી એની ઉક્તિને સમજી લઈએ છીએ.

ટૂંકમાં, જે ધ્વનિના ઉપયોગથી જુદી ઉક્તિ બની શકે એને ભાષાની વ્યવસ્થાનો ઘટક એટલે ધ્વનિઘટક કહી શકાય. કેટલીક વખત એવું બને છે ખરું કે ભાષામાં બે વિભિન્ન ધ્વનિઓ હોય, એ બે ધ્વનિઓ બીજા ધ્વનિઓના વિરોધમાં અર્થભેદક રીતે આવી શકતા હોય, પરંતુ એ બે ધ્વનિઓ પરસ્પર એકબીજાના વિરોધમાં આવી શકતા હોય તે સંદર્ભો જ જુદા હોય. દાખલા તરીકે, ગુજરાતીમાં 'ડોલ'નો 'ડ' અને 'દોડ'નો 'ડ' ભિન્ન ધ્વનિઓ છે, (આપણે એમને 'ડ' અને 'ડ઼'ની નિશાનીઓથી સૂચવીશું'); એ અર્થમાં બન્ને અર્થભેદક છે કે આપણને 'ડોલ'–'ઢોલ', 'દોડ઼'–'દોટ' એવી વિભિન્ન ઉક્તિઓ મળી શકે છે, પરંતુ આ બન્ને 'ડ' એકબીજાના સ્થાને આવી શકશે નહીં. 'ડ' શબ્દના આરંભમાં આવી શકે છે, ત્યાં 'ડ઼' નહીં આવી શકે; 'ડ઼' શબ્દના અંતમાં (આગળ સાનુનાસિક સ્વર કે 'ણ' ન હોય ત્યારે) આવી શકે છે, ત્યાં 'ડ' નહીં આવી શકે. આનો અર્થ એ થયો કે 'ડ'-'ડ઼'નું જોડકું એક જ ધ્વનિઘટક તરીકે કામ કરે છે. એ ધ્વનિઘટક, કહો કે ડ, કલ્પી લેવામાં આવે છે અને ડ અને ડ઼ને એ ધ્વનિઘટકના ઉપઘટકો કહેવામાં આવે છે.

હવે આ દૃષ્ટિએ આપણે માન્ય ગુજરાતીના ધ્વનિઘટકોનો પરિચય કરીએ. એ કઈ જાતના સ્થાન-પ્રયત્નથી ઉચ્ચારાય છે તેનો ખ્યાલ મેળવીએ.

[૩] માન્ય ગુજરાતીના સ્વરો

: ૧ : નીચેના શબ્દસમૂહો જુઓ :

(૧) પર, પાર, પીર, પુર.

(૨) ચર, ચાર, ચીર, ચૂર, ચોર.

(૩) મલ, માલ, મિલ, મૂલ, મેલ (=મૂક), મેલ (=મલિનતા).

(૪) કેરી (=ની), કેરી (ખાવાની).

(૫) ગોળ (આકાર), ગોળ (ખાવાનો).

(૬) મર, માર, મીર, મેર (જાતિ), મેંર (=મરને), મોર (પંખી), મોંર (આંબાનો).

દરેક જૂથમાં આરંભના અને અંતના વ્યંજનો સમાન છે. વચ્ચેનો સ્વર જુદો છે. આ શબ્દજૂથોના નિરીક્ષણથી આપણે માન્ય ગુજરાતીમાં અર્થભેદક બનતા આઠ સ્વરો તારવી શકીએ : અ, આ, ઇ, ઉ, એ, ઍ, ઓ અને ઑ.[૨]

: ૨ : ગુજરાતી સ્વરોના ભેદક ધર્મો છે અગ્રત્વ-મધ્યત્વ-પૃષ્ઠત્વ અને ઉચ્ચત્વ-મધ્યત્વ-નિમ્નત્વ, એટલેકે આ સ્વરોને, તે જીભના આગળના ભાગથી કે પાછળના ભાગથી, જીભ તાળવા તરફ ઊંચે જવાથી કે નીચે રહેવાથી બોલાય છે તે રીતે જુદા પાડી શકાય. જેમકે, 'ઇ' 'એ' 'ઍ' જીભના આગળના ભાગથી બોલાય છે, જ્યારે 'ઉ' 'ઓ' 'ઑ' જીભના પાછળના ભાગથી બોલાય છે. 'અ' 'આ' જીભના વચ્ચેના ભાગથી ઉચ્ચારાય છે.

બીજી તરફથી 'ઇ' 'ઉ'ના ઉચ્ચારણમાં જીભ ઊંચે તાળવાની નજીક રહે છે, 'એ' 'ઓ'ના ઉચ્ચારણમાં જીભ જરા નીચે ઊતરે છે અને 'ઍ' 'ઑ'ના ઉચ્ચારણમાં જીભ વધારે નીચે ઊતરી તાળવાથી દૂર રહે છે. 'અ' 'આ'ના ઉચ્ચારણમાં એ ભેદ છે કે 'આ' નિમ્ન સ્થાનથી ઉચ્ચારાય છે, જ્યારે 'અ' સહેજ ઊંચા એટલેકે અનિમ્ન સ્થાનથી ઉચ્ચારાય છે. આનો અર્થ એ કે જીભના મધ્ય ભાગથી ઉચ્ચારાતા સ્વરોમાં અનિમ્ન અને નિમ્ન એવી બે જ કોટિઓ છે, અગ્ર અને પૃષ્ઠ સ્વરોમાં છે તેવી ઉચ્ચ, મધ્ય અને નિમ્ન એવી ત્રણ કોટિઓ નથી.

આ સ્વરોના ઉચ્ચારણ વેળા હોઠ ભિન્નભિન્ન આકારો ધારણ કરે છે પણ હોઠનો આકાર સ્વરોના અગ્રત્વ-પૃષ્ઠત્વ સાથે જોડાયેલો ધર્મ છે, એટલેકે એ ઉપજીવક કે આનુષંગિક ધર્મ છે. એ કોઈ વધારાનો ભેદક ધર્મ નથી. જેમકે અગ્ર સ્વરોના ઉચ્ચારણ વેળા હોઠનો આકાર ચપટો રહે છે, જ્યારે પૃષ્ઠ સ્વરોના ઉચ્ચારણ વેળા હોઠનો આકાર ગોળ બને છે.

ગુજરાતી સ્વરોમાં હ્રસ્વત્વ-દીર્ઘત્વ એટલેકે કાલમાન ભેદક નથી, પણ ભિન્નભિન્ન સ્થાનોના સ્વરો હ્રસ્વ-દીર્ઘ ઉચ્ચારાય છે ખરા. જેમકે, ભારવાચક 'જ'ની પૂર્વેનો સ્વર, પાછળ 'જ' ન આવતો હોય ત્યારે ઉચ્ચારાય તેના કરતાં દીર્ઘ ઉચ્ચારાય છે. 'હરી'

---

૨. એ-ઍ, ઓ-ઑ એ જાતની ભિન્ન જોડણી આપણે સામાન્ય રીતે કરતા નથી, ઉપરાંત આ ઉચ્ચારભેદો ગુજરાતવ્યાપી નથી. પણ માન્ય ભાષાસ્વરૂપમાં આ ઉચ્ચારભેદો અર્થભેદક રીતે આવે છે એટલે ત્યાં એમને અલગ ધ્વનિઘટકો રૂપે સ્વીકારવાના રહે. એથી ઊલટું ઇ-ઈ (ચિર-ચીર, દિન-દીન), ઉ-ઊ (પુર-પૂર, સુર-સૂર) એવા જોડણીભેદ આપણે સ્વીકાર્યા છે, પરંતુ ત્યાં (સમગ્ર ગુજરાતમાં) ઉચ્ચારણભેદ ન હોઈ એમને જુદા ધ્વનિઘટકો ગણી ન શકાય. એમને એકથી વધુ અર્થવાળા શબ્દ કે સરખા ઉચ્ચારણવાળા જુદા શબ્દો ગણવા જોઈએ. "ઐ' (અય્); 'ઔ' (અવ્) ગુજરાતીમાં સંધ્યક્ષરો છે અને 'ઋ' ખરેખર 'રુ' એટલેકે 'ર'(વ્યંજન) + 'ઉ' છે.

અને 'હરી જ'માંના 'ઈ'નાં તથા 'એણે' અને 'એણે જ'માંના બીજા 'એ'નાં ઉચ્ચારણો સરખાવી જુઓ એટલે આ હકીકતની પ્રતીતિ થશે. અંત્ય શ્રુતિનો સ્વર પણ અન્ય સ્થાનના સ્વરની અપેક્ષાએ દીર્ઘ ઉચ્ચારાય છે. જેમકે, 'બે' અને 'પૅસ'નો 'એ', 'એલાન'ના 'એ'ની સરખામણીમાં દીર્ઘ છે; 'જૂ' અને 'મજૂર'નો 'ઊ', 'મજૂરી'ના 'ઊ'ની સરખામણીમાં દીર્ઘ બોલાય છે; 'આકાર' 'બાપાજી' 'કાપાકાપી'માં આગળના 'આ' પાછળનાની અપેક્ષાએ હ્રસ્વ ઉચ્ચારણ ધરાવે છે. હ્રસ્વત્વ-દીર્ઘત્વના નિયામક બીજા કેટલાક સંયોગો પણ છે. આનો અર્થ એ છે કે હ્રસ્વત્વ-દીર્ઘત્વ સ્થાનનિયત છે, એક જ સ્થાને એકબીજાના વિરોધમાં તે આવી શકતા નથી, એટલે તે ભેદક ધર્મો નથી.

તો હવે ગુજરાતીના સ્વરોનો કોઠો આપણે નીચે મુજબ આપી શકીએ :

	અગ્ર	મધ્ય	પૃષ્ઠ
ઉચ્ચ	ઇ	–	ઉ
મધ્ય (અનિમ્ન)	એ	અ	ઓ
નિમ્ન	ઍ	આ	ઑ

: ૩ : મધ્ય કોટિના 'એ' અને 'ઓ' સિવાયના સર્વ સ્વરો સાનુનાસિક તરીકે આવી શકે છે. જેમકે ભીંત, ભેંસ, હું, આંખ, સૂંઠ, ઠાંસો વગેરે. સાનુનાસિકતા હોય ત્યાં નિમ્ન કોટિના (એટલે વિવૃત) 'ઍ' અને 'ઑ' જ આવે છે તેથી સાનુનાસિક 'એ' અને 'ઓ' ગુજરાતીમાં મળતા નથી. સ્વરોની આ સાનુનાસિકતાને કાં તો અલગ ધ્વનિઘટક ગણવી જોઈએ અગર તો આપણે સાનુનાસિક સ્વરોની શ્રેણી નીચે મુજબ સ્વીકારવાની રહે :

	અગ્ર	મધ્ય	પૃષ્ઠ
ઉચ્ચ	ઇં	–	ઉં
મધ્ય (અનિમ્ન)	–	અં	–
નિમ્ન	ઍં	આં	ઑં

: ૪ : આ બધા સ્વરો મર્મરયુક્ત સ્વરો તરીકે પણ આવી શકે છે. જેને 'હ' શ્રુતિ કે લઘુપ્રયત્ન 'હ' તરીકે ઘણી વાર ઓળખાવવામાં આવે છે તે ખરેખર તો સ્વરનું મર્મરત્વ છે. બ્હીક, દ્રહેરું, પ્હેલો, ત્હમારે, પ્હાડ, મ્હૂરત, લ્હોવું, પ્હોળું – આ શબ્દોમાં 'હી' 'હે' 'હૅ' 'હ' 'હા' 'હૂ' 'હો' 'હૉ' એ ખરેખર મર્મરયુક્ત 'ઇ' 'એ' 'ઍ' 'અ' 'આ' 'ઉ' 'ઓ' 'ઑ' છે.[૩] અહીં પણ કાં તો આ મર્મરત્વને અલગ ધ્વનિઘટક તરીકે સ્વીકારવું

૩. મર્મર એ વધારે વિસ્તાર પર ફેલાતો – અતિખંડીય ઉચ્ચારણઘટક છે. 'તમારે'નું મર્મરયુક્ત ઉચ્ચારણ 'ત્હમ્હારે' જેવું થાય છે. મર્મરનું ઉચ્ચારણ ગુજરાતવ્યાપી નથી. જ્યાં એ ઉચ્ચારણ થાય છે ત્યાં મહાપ્રાણત્વ પણ મર્મર રૂપે આવે છે – 'કાઢવું' તે 'ફ્હાડ્હવું' જેવું ઉચ્ચારાય છે. જે પ્રદેશોમાં મર્મર નથી ત્યાં 'બીક' 'કાઢવું' વગેરે ઉચ્ચારો થાય છે. માન્ય કક્ષાએ પણ મર્મરની

જોઈએ અથવા મર્મરયુક્ત સ્વરોની અલગ શ્રેણી સ્વીકારવાની રહે.

[૪] માન્ય ગુજરાતીના સ્પર્શવ્યંજનો

: ૧ : માન્ય ગુજરાતીના વ્યંજનોને આપણે મુખ્યત્વે બે વિભાગમાં વહેંચી શકીએ : સ્પર્શવ્યંજનો કે સ્ફોટકો અને સંઘર્ષીઓ.

સ્પર્શવ્યંજનો વિશે વાત કરતાં પહેલાં આપણે એક વસ્તુની નોંધ ખાસ લેવી જોઈએ. 'ચ' 'છ' 'જ' 'ઝ'ને સામાન્ય રીતે સ્પર્શવ્યંજનો ગણવામાં આવે છે, પરંતુ ગુજરાતીમાં એ શુદ્ધ સ્પર્શધ્વનિઓ રહ્યા નથી. એમનું ઉચ્ચારણ સ્પર્શ અને સંઘર્ષીની વચ્ચેની કોટિનું છે. હવા જરા અવરુદ્ધ થાય છે, પરંતુ જીભ તરત જ યથાવત્ સ્થિતિમાં આવતી નથી, એટલેકે સ્ફોટ થતો નથી અને હવા ઘસાઈને બહાર નીકળવાનું ચાલુ રાખે છે. આથી 'ચ' 'છ' 'જ' 'ઝ'ને સ્પર્શવ્યંજનો નહીં પણ સ્પર્શ-સંઘર્ષી વ્યંજનો કહેવામાં આવે છે. આમ છતાં 'ચ' 'છ' 'જ' 'ઝ' અન્ય રીતે સ્પર્શવ્યંજનોની જેમ વર્તે છે. એમના સામ્યભેદના સંબંધો અન્ય સ્પર્શવ્યંજનોની સાથે છે એટલે આપણે એમની લાક્ષણિકતાઓનો વિચાર સ્પર્શવ્યંજનોની સાથે જ કરી લઈશું.

: ૨ : સ્પર્શવ્યંજનો(સ્પર્શ-સંઘર્ષીઓ સમેત)ના ભેદક ધર્મો છે અનુનાસિકત્વ-નિરનુનાસિકત્વ, ઘોષત્વ-અઘોષત્વ, અલ્પપ્રાણત્વ-મહાપ્રાણત્વ અને ઉચ્ચારણસ્થાનો. જેમકે, 'પ' 'ફ' 'બ' 'ભ' જે સ્થાનેથી ઉચ્ચારાય છે એ સ્થાનેથી જ 'મ' પણ ઉચ્ચારાય છે પણ બન્નેની વચ્ચે ભેદ એ છે કે 'પ' 'ફ' 'બ' 'ભ' નિરનુનાસિક છે (એમના ઉચ્ચારણ વેળા હવા નાસિકાપથમાંથી પસાર થતી નથી). ત્યારે 'મ' અનુનાસિક સ્પર્શધ્વનિ છે (એના ઉચ્ચારણ વેળા હવા નાસિકાપથમાંથી પસાર થાય છે). આ રીતે 'ક' 'ખ' 'ગ' 'ઘ', 'ચ' 'છ' 'જ' 'ઝ', 'ટ' 'ઠ' 'ડ' 'ઢ', 'ત' 'થ' 'દ' 'ધ' જુદાં સ્થાનોના પણ નિરનુનાસિક ધ્વનિઓ છે. અનુનાસિકો વિશે આપણે હવે પછી અલગ ચર્ચા કરીશું. પણ એ નોંધપાત્ર છે કે નિરનુનાસિક સ્પર્શવ્યંજનના ચતુર્વિધ ભેદની સામે એક જ અનુનાસિક સ્પર્શવ્યંજન આપણને મળે છે.

: ૩ : સ્પર્શધ્વનિઓમાં ઘોષત્વ-અઘોષત્વ પણ ભેદક ધર્મ છે. આ રીત 'ક' 'ખ', 'ચ' 'છ', 'ટ' 'ઠ', 'ત' 'થ', 'પ' 'ફ' એ અઘોષ ધ્વનિઓ છે (એમના ઉચ્ચારણ વેળા ખુલ્લી નાદતંત્રીઓ વચ્ચેથી એમને કંપાવ્યા વિના હવા પસાર થાય છે), જ્યારે 'ગ' 'ઘ', 'જ' 'ઝ', 'ડ' 'ઢ', 'દ' 'ધ', 'બ' 'ભ' ઘોષ ધ્વનિઓ છે (એમના ઉચ્ચારણ વેળા તંગ ખેંચાયેલી નાદતંત્રીઓમાંથી હવા એમને કંપાવીને પસાર થાય છે).

ઉપસ્થિતિ અણસરખી હોવા સંભવ છે. માન્ય લેખન/જોડણીવ્યવસ્થામાં પણ આ અંગે એકસરખી નીતિ અપનાવી શકાઈ નથી.

: ૪ : અલ્પપ્રાણતત્વ-મહાપ્રાણત્વ પણ સ્પર્શધ્વનિઓને જુદા પાડે છે, જેમકે 'ક' 'ગ' 'ચ' 'જ', 'ટ' 'ડ', 'ત' 'દ', 'પ' 'બ' અલ્પપ્રાણ સ્પર્શવ્યંજનો છે (એમનું ઉચ્ચારણ હવાના ઓછા પ્રમાણથી થાય છે) ત્યારે 'ખ' 'ઘ', 'છ' 'ઝ', 'ઠ' 'ઢ', 'થ' 'ધ', 'ફ' 'ભ' મહાપ્રાણ સ્પર્શવ્યંજનો છે (એમનું ઉચ્ચારણ હવાના વધુ પ્રમાણથી થાય છે).

: ૫ : સ્પર્શવ્યંજનો ભિન્નભિન્ન ઉચ્ચારણસ્થાનોએ ઉચ્ચારાય છે એ રીતે પણ એમના જુદાજુદા વર્ગો પાડી શકાય છે, સ્પર્શવ્યંજનોમાં ઉચ્ચારણઅવયવનો ભેદ પણ રહેલો હોય છે, પરંતુ દરેક ઉચ્ચારણસ્થાને અમુક એક જ ઉચ્ચારણઅવયવ સ્પર્શમાં આવે છે તેથી કેવળ ઉચ્ચારણસ્થાનને વર્ગીકરણનો આધાર બનાવીએ તો ચાલે તેમ છે. આ દૃષ્ટિએ સ્પર્શવ્યંજનોના પાંચ વર્ગો પડે છે :

(૧) કંઠ્ય વ્યંજનો : 'ક' 'ખ' 'ગ' 'ઘ'નું ઉચ્ચારણ જીભનો પાછળનો ભાગ ઊંચો થઈને કંઠના આગળના ભાગને – કોમળ તાલુને સ્પર્શ કરે તેનાથી થાય છે. એ રીતે એ કોમલતાલુસ્થાનીય સ્પર્શવ્યંજનો છે. પરંપરાગત રીતે તેમને કંઠ્ય વ્યંજનો તરીકે ઓળખાવવામાં આવે છે.

(૨) તાલવ્ય વ્યંજનો : 'ચ' 'છ' 'જ' 'ઝ'નું ઉચ્ચારણ જીભનો મધ્ય ભાગ ઊંચો થઈને તાળવાના આગલા ભાગને એટલેકે કઠોર તાલુને સ્પર્શ કરે ને ઘસાય તેનાથી થાય છે. એ રીતે એ કઠોરતાલુસ્થાનીય સ્પર્શ-સંઘર્ષી વ્યંજનો છે. પરંપરાગત રીતે તેમને તાલવ્ય વ્યંજનો તરીકે ઓળખાવવામાં આવે છે.

(૩) મૂર્ધન્ય વ્યંજનો : 'ટ' 'ઠ' 'ડ' 'ઢ'ના ઉચ્ચારણમાં જીભનો આગળનો ભાગ પેઢા કે તેની ઉપરના કઠણ તાળવાની પૂર્વેના કમાન જેવા ભાગને સ્પર્શે છે. એ રીતે એ વર્ત્સ્ય સ્પર્શવ્યંજનો છે. પરંપરાગત રીતે એમને મૂર્ધન્ય વ્યંજનો તરીકે ઓળખાવવામાં આવે છે.

મૂર્ધન્ય વ્યંજનોમાં 'ડ' અને 'ઢ'ના સ્વરૂપ વિશે થોડો વિચાર કરવો જોઈએ. 'ડ'ના બે ઉપઘટકો છે – 'ડોલ'નો 'ડ' અને 'ઘોડા'નો 'ડ़'. 'ડ' મૂર્ધન્ય સ્પર્શવ્યંજન છે, પરંતુ 'ડ़' મૂર્ધન્ય પણ થડકારાવાળો વ્યંજન છે. 'ડ' શબ્દના આરંભમાં (ડોલ), સાનુનાસિક સ્વર કે 'ણ' પછી (પેંડો, પણ્ડિત), પાછળ થડકારાવાળો અન્ય વ્યંજન હોય ત્યારે (નીડર, સુડોળ, ઊડણ) અને દીર્ઘ હોય ત્યારે (અડ્ડો) આવે છે. બાકીના સંયોગોમાં 'ડ़' આવે છે. આ જ રીતે 'ઢગલો' અને 'સાંઢણી'નો 'ઢ' મૂર્ધન્ય સ્પર્શવ્યંજન છે, તો 'કઢી' અને 'વઢ'નો 'ઢ़' મૂર્ધન્ય થડકારાવાળો વ્યંજન છે. એટલે 'ઢ'ના પણ બે ઉપઘટકો છે.

(૪) દંત્ય વ્યંજનો : 'ત' 'થ' 'દ' 'ધ'ના ઉચ્ચારણમાં જીભનો આગળનો ભાગ દાંતના ઉપલા ભાગને સ્પર્શે છે. તેથી તેમને દંત્ય વ્યંજનો તરીકે ઓળખાવવામાં આવે છે.

(૫) ઓષ્ઠ્ય વ્યંજનો : 'પ' 'ફ' 'બ' 'ભ' નીચલો હોઠ ઉપલા હોઠને સ્પર્શવાથી

ઉચ્ચારાય છે. તેથી એ ઓષ્ઠ્ય (કે 'દ્વ્યૌષ્ઠ્ય') વ્યંજનો કહેવાય છે.

સ્પર્શવ્યંજનો આ રીતે ઘણા ભેદક ધર્મો ધરાવે છે અને તેથી એમાં આટલુંબધું વૈવિધ્ય આપણને જોવા મળે છે. કોઈ પણ સ્પર્શવ્યંજનનું વર્ણન એના બધા ભેદક ધર્મોનો ઉલ્લેખ કરીને જ થઈ શકે. જેમકે 'ચ' જિહ્વામધ્ય-તાલુપૂર્વ અઘોષ અલ્પપ્રાણ નિરનુનાસિક સ્પર્શસંઘર્ષી વ્યંજન છે; 'ઢ' જિહ્વાગ્ર-વર્ત્સ્ય ઘોષ મહાપ્રાણ નિરનુનાસિક સ્પર્શવ્યંજન છે.

[૫] માન્ય ગુજરાતીના સંઘર્ષી વ્યંજનો

: ૧ : ગુજરાતીમાં સંઘર્ષી વ્યંજનો ત્રણ છે – 'સ' 'શ' અને 'હ'.

આ વ્યંજનો મુખ્યત્વે સ્થાનભેદે જુદા પડે છે. ત્રણે અઘોષ મહાપ્રાણ સંઘર્ષીઓ છે પણ એ સ્થાનના ઘોષ અલ્પપ્રાણ સંઘર્ષીઓ ગુજરાતી ભાષામાં નથી. 'સ' દંત્ય સંઘર્ષી તરીકે ઓળખાય છે. એમાં જીભનું ટેરવું દાંત પાસે ને જીભનો અગ્ર ભાગ પેઢાં પાસે ગોઠવાયેલાં રહે છે અને હવા ઘસાઈને પસાર થાય છે.

'શ' તાલવ્ય સંઘર્ષી તરીકે ઓળખાય છે. એના ઉચ્ચારણમાં જીભનું ટેરવું પાછું વળીને પેઢાંની નજીક ગોઠવાય છે, જીભનો અગ્ર ભાગ તાળવાના પૂર્વ ભાગની નિકટ રહે છે અને હવા ઘસાઈને બહાર આવે છે.

ગુજરાતીમાં મૂર્ધન્ય 'ષ' જોડણીમાં છે, પરંતુ ઉચ્ચારણમાં સંસ્કૃત તત્સમ શબ્દોમાં પાછળ મૂર્ધન્ય વ્યંજન આવતો હોય તે સિવાય તે અસ્તિત્વમાં નથી. 'ઉષ્ણ' 'રાષ્ટ્ર' જેવા શબ્દોમાં મૂર્ધન્ય સંઘર્ષી ધ્વનિ બોલાય છે, એ સિવાય બધે તાલવ્ય સંઘર્ષીની જ ઉપસ્થિતિ છે. આપણે ભલે 'વિષય' લખતા હોઈએ પણ ઉચ્ચારણ તો 'વિશય' કરીએ છીએ. તેથી 'ષ' ને 'શ' એક ધ્વનિઘટકના ઉપઘટકો છે એમ કહેવાય.

: ૨ : 'હ' તંત્રીવિવરમાંથી ઘસાઈને પસાર થતી હવા દ્વારા થતો – તંત્રીવિવરોત્થ સંઘર્ષી ધ્વનિ છે. તદુપરાંત કંઠવિવરમાં પણ જિહ્વામૂળ દ્વારા થતું ઘર્ષણ પણ એમાં રહેલું જણાય છે. પરંપરાગત રીતે એને કંઠ્ય ગણવા પાછળ એ કારણ જણાય છે. એ ઘોષ મહાપ્રાણ ધ્વનિ છે.

એ નોંધપાત્ર છે કે ગુજરાતીમાં પૂર્ણ ઘોષ 'હ' નથી. ડૉ. પ્રબોધ પંડિત તો મર્મરથી ભિન્ન કોટિના કોઈ 'હ'નો સ્વીકાર જ કરતા નથી, એટલેકે એમની દૃષ્ટિએ 'બ્હીક' 'કૃહે' 'લ્હો' વગેરેની જેમ 'હમણાં' 'લુહાર' 'કહ્યું' વગેરેમાં પણ મર્મરયુક્ત સ્વર જ છે. (આ અંગે જુઓ પૃ.૧૬૫ પરની પાદટીપ ક્ર.૩.)

: ૩ : ગુજરાતીમાં એક અઘોષ 'ɦ' બોલાય છે ખરો. માન્ય ગુજરાતીમાં જ્યાં 'સ' કે 'શ' છે ત્યાં તળપદા ઉચ્ચારણમાં ઘણા પ્રદેશોમાં અઘોષ 'ɦ' બોલાય છે, જેમકે,

'સાવરણી'ને સ્થાને 'હ઼ાવરણી', 'વિસામો'ને સ્થાને 'વિહ઼ામો', 'કરશું'ને સ્થાને 'કરહું' વગેરે[૪]. આ 'હ઼' કંઠવિવરીય અઘોષ મહાપ્રાણ સંઘર્ષી ધ્વનિ છે. પણ આને આપણે એક અલગ ધ્વનિઘટક નહીં ગણી શકીએ. કેમકે 'સ'ની સાથે એની મુક્ત રીતે હેરફેર થઈ શકે છે અને 'સ' - 'હ઼' માત્ર સામાજિક મોભાનો ભેદ દર્શાવે છે.

એ જ રીતે, ગુજરાતીમાં તાલવ્ય અઘોષ સંઘર્ષી 'શ'ની સાથે ભેદક સંબંધ દર્શાવતો તાલવ્ય ઘોષ સંઘર્ષી 'ઝ઼' અમુક શબ્દોમાં ઉચ્ચારાય છે. 'સાજ' 'સાંજ (સાંઝ)' અને 'બોઝ (બોઝ઼)' એ શબ્દોને સરખાવીએ એટલે ધ્યાનમાં આવશે કે પહેલો 'જ' ઘોષ અલ્પપ્રાણ તાલવ્ય સ્પર્શસંઘર્ષી છે, બીજો 'ઝ' ઘોષ મહાપ્રાણ તાલવ્ય સ્પર્શસંઘર્ષી છે ત્યારે ત્રીજો 'ઝ઼' ઘોષ મહાપ્રાણ તાલવ્ય સંઘર્ષી છે, પરંતુ આ 'ઝ઼' 'બોઝ઼' 'આઝ઼ાદી', 'ઝ઼રીના' 'મ્યુઝ઼િયમ' જેવા પરભાષામાંથી સ્વીકૃત શબ્દોમાં જ બોલાય છે અને એને સ્થાને 'ઝ'ને મૂકવાનું વલણ પણ ઘણી વાર દેખાય છે, એટલે 'ઝ઼'ને આપણે ગુજરાતીમાં સ્થિર થયેલો સ્વતંત્ર ધ્વનિઘટક નહીં ગણી શકીએ. કેટલાક બોલીભેદોમાં 'જ' 'ઝ'ને સ્થાને સંઘર્ષી 'ઝ઼' ગુજરાતમાં સાંભળવા મળે છે. છતાં ત્યાંયે 'જ' 'ઝ' અને 'ઝ઼'ની ભેદક વ્યવસ્થા તો નથી જ.

[૬] માન્ય ગુજરાતીના પાર્શ્વિકો અને પ્રકંપીઓ

: ૧ : ઉપર આપણે સાદા સંઘર્ષી વ્યંજનોની વાત કરી. હવે આપણે જેમાં હવા જીભની બાજુમાંથી ઘસાઈને પસાર થતી હોય કે જીભ જેમાં થડકારો કે કંપ અનુભવતી હોય એવા પાર્શ્વિક અને પ્રકંપી ધ્વનિઓની નોંધ લેવાની છે. ગુજરાતીમાં એક પાર્શ્વિક ધ્વનિ છે, એક થડકારાવાળો ધ્વનિ છે અને એક પ્રકંપી ધ્વનિ છે.

'લ' દંત્ય પાર્શ્વિક ધ્વનિ છે. એના ઉચ્ચારણમાં જીભનું ટેરવું દાંતને અને જીભનો અગ્ર ભાગ પેઢાંને સ્પર્શે છે અને બે બાજુએથી હવા ઘસાંઈને નીકળે છે.

'ળ' મૂર્ધન્ય થડકારાવાળો ધ્વનિ છે. એના ઉચ્ચારણમાં જીભનું ટેરવું પેઢાના ઉપલા ભાગ પાસે જઈ થડકો ખાય છે.[૫]

'ર' દંત્ય પ્રકંપી ધ્વનિ છે. એના ઉચ્ચારણમાં જીભનું ટેરવું દાંતની નજીક રહી આછો કંપ દર્શાવે છે. ઘણી વાર તો માત્ર એક થડકારો જ હોય છે.

પાર્શ્વિકો અને પ્રકંપીઓમાં પણ ઘોષત્વ-અઘોષત્વ કે અલ્પપ્રાણત્વ-મહાપ્રાણત્વ ભેદક નથી.

અનુનાસિક 'ણ' પણ પાછળ મૂર્ધન્ય વ્યંજન ન હોય તો થડકારાવાળો (ણ઼)

૪. 'અંતઃકરણ' જેવા સંસ્કૃત તત્સમ શબ્દોમાં વિસર્ગનું ઉચ્ચારણ પણ આવું જ છે.

૫. 'ળ' અને 'ડ઼' બન્ને મૂર્ધન્ય થડકારાવાળા વ્યંજન છે. બન્ને વચ્ચે ઘણો અલ્પ – સ્પર્શત્વની માત્રાનો જ ભેદ જણાય છે.

ઉચ્ચારાય છે, સરખાવો – 'કણ્ઠી'માં થડકારા વગરનો 'ણ' છે, 'કણી' અને 'કણબી'માં થડકારાવાળો 'ણ' છે.

[૭] માન્ય ગુજરાતીના અનુનાસિકો

: ૧ : સ્વરોની સાનુનાસિકતાને તથા પાછળ અન્ય વ્યંજન સાથે જોડાયેલા અનુનાસિક વ્યંજનને આપણે ઘણી વાર એક જ લિપિચિહ્ન – શિરોબિંદુ (ં)થી દર્શાવીએ છીએ. પરંતુ નીચેના શબ્દો જોતાં જણાઈ આવશે કે એનું ઉચ્ચારણ તો ભિન્નભિન્ન રીતે થતું હોય છે :

અંગ, અંજન, અંત, અંડ, અંઅઅ (રડવાનો અવાજ), આંજવું, અંશ.

'અંગ'માં શિરોબિંદુ એ કંઠ્ય અનુનાસિક સ્પર્શવ્યંજન છે (જેને ઘણી વાર આપણે 'ઙ' એ લિપિચિહ્નથી વ્યક્ત કરીએ છીએ), 'અંજન'માં એ તાલવ્ય અનુનાસિક સ્પર્શવ્યંજન છે (જેને ઘણી વાર આપણે 'ઞ'થી રજૂ કરીએ છીએ), 'અંત'માં એ દંત્ય અનુનાસિક સ્પર્શવ્યંજન છે (એને આપણે 'ન' લિપિચિહ્નથી પણ દર્શાવીએ છીએ), 'અંડ'માં એ મૂર્ધન્ય અનુનાસિક સ્પર્શવ્યંજન છે (એને આપણે 'ણ' ચિહ્નથી પણ દર્શાવીએ છીએ), તો 'અંભ'માં ઓષ્ઠ્ય અનુનાસિક સ્પર્શવ્યંજન છે (એને આપણે 'મ' ચિહ્ન દ્વારા પણ દર્શાવીએ છીએ), 'અંઅઅ' અને 'આંજવું'માં એ સ્વરનું અનુનાસિકત્વ છે, જેની વાત આપણે આગળ કરી ગયા છીએ.

'અંશ' (અને 'માંસ' 'સંહાર' 'સંયમ' 'સંલગ્ન' 'સંવેદન') જેવા શબ્દોમાં રહેલું અનુનાસિકત્વ (જેને સંસ્કૃતમાં 'અનુસ્વાર' કહેવામાં આવે છે) ચર્ચા માગે એવું છે. ડૉ. પ્રબોધ પંડિત (તેઓ એ જાતનું અનુનાસિકત્વ 'અ'ની જ સાથે આવતું માને છે) એને દીર્ઘ ઉચ્ચારાતા 'અ'ના ઉત્તરભાગનું અનુનાસિકત્વ ગણે છે. જેમકે અ$^{\tilde{\text{અ}}}$/શ. પરંતુ ઘણી વાર ઉચ્ચારણ પાછળના વ્યંજનને અનુરૂપ સંયુક્ત સ્વરની કોટિનું જણાય છે. જેમકે, અઉંશ (કે અંત્શ/ઔંશ), માઉંસ (માંત્સ), સઉંહાર (સંવ્હાર), સઇંયમ (સંય્યમ/સૈંયમ), સઉંલગ્ન (કે સંલ્લગ્ન), સઉંવેદન (સંવ્વેદન). અંશ/કૌંસ, સંયમ/સૈંયા વગેરેનાં ઉચ્ચારણો સરખાવવાથી આ હકીકતની પ્રતીતિ થશે.[૬] જો આમ હોય તો, અને ડૉ. પંડિતના અર્થઘટનમાં પણ, આ જાતના અનુનાસિકત્વને સ્વરના અનુનાસિકત્વથી જુદા વર્ગમાં મૂકવાની જરૂર રહે નહીં.

તો પછી આપણી પાસે છ અનુનાસિક ધ્વનિઘટકો છે એમ આપણે ગણવાનું રહે : ઁ (સ્વરનું અનુનાસિકત્વ; સાનુનાસિક સ્વરોની હારમાળા સ્વીકારીએ તો આ એક

---

૬. ઉપર શિષ્ટ સંસ્કૃતાનુસારી ઉચ્ચારણની દૃષ્ટિએ ચર્ચા કરી છે. તળપદા ઉચ્ચારણમાં ઘણે ઠેકાણે અનુનાસિક સ્પર્શવ્યંજન કે પૂર્વ સ્વરનું સાનુનાસિકત્વ આવી ગયું હોવાનો સંભવ છે, જેમકે, અગ્શ (કે અન્શ), બન્સી, માઁસ વગેરે.

અલગ ધ્વનિઘટક ન રહે), ણ (અનુનાસિક મૂર્ધન્ય સ્પર્શવ્યંજન), ન (અનુનાસિક દંત્ય સ્પર્શવ્યંજન), મ (અનુનાસિક ઓષ્ઠ્ય સ્પર્શવ્યંજન), ઙ (અનુનાસિક કંઠ્ય સ્પર્શવ્યંજન) અને ઞ (અનુનાસિક તાલવ્ય સ્પર્શવ્યંજન).

: ૨ : આમાંથી ँ, ણ, ન, મ સ્વતંત્ર ધ્વનિઘટકો છે, કેમકે એ પરસ્પર અને ઙ તેમજ ઞની સાથે પણ ભેદક સંબંધ ધરાવે છે. ઙ અને ઞ અન્ય અનુનાસિકો સાથે ભેદક સંબંધ ધરાવે છે, પરંતુ પરસ્પર ભેદક સંબંધ ધરાવતા નથી તેથી એ બન્નેને એક જ ધ્વનિઘટકના ઉપઘટકો ગણવાના રહે. અનુનાસિકોના ભેદક સંબંધો નીચેનાં ઉદાહરણોથી સ્પષ્ટ થશે.

કાઁ / કાન્ / કામ્ / કાણ્ /
માઁ / માન્ / મામ્ / માણ્ /
/ ભમ્તો / ભણ્તો /
/ કન્થા / અમ્થો /
કાઁત / કાન્ત /
પાઁતી / / પામ્તી /
ઢીંચું / / ઢીમ્ચું /
સાઁસો / / સાણ્સો /
/ સણ્કો / શઙ્કા /
/ કમ્ખો / / પઙ્ખો /
/ હમ્ચી / / અઞ્ચી
બનૂજો / / પઞ્જો

જોઈ શકાશે કે ઙ કંઠ્ય વ્યંજન પૂર્વે આવે છે અને ઞ તાલવ્ય વ્યંજન પૂર્વે આવે છે. એ રીતે બન્ને વચ્ચે પૂરક સંબંધ છે.[૭]

---

૭. એ નોંધપાત્ર છે કે ડૉ. પ્રબોધ પંડિત માત્ર ઙ અને ઞને જ નહીં પણ ँને (અને દીર્ઘ ઉચ્ચારાતા 'અ'ના અનુનાસિકત્વને પણ) પરસ્પર પૂરક સંબંધવાળા અને તેથી એક જ ધ્વનિઘટકના ઉપઘટકો માને છે : ँ 'અ' સિવાયના સ્વર પછી આવે છે, 'ઙ' અને 'ઞ' એ બે 'અ' સ્વર પછી આવે છે. ગુજરાતીમાં ઘણા શબ્દો સંસ્કૃતમાંથી ઊતરી આવ્યા છે અને એમાં ઙ અને ઞ લુપ્ત થઈ પૂર્વે સાનુનાસિક દીર્ઘ સ્વર આવ્યો હોવાથી સામાન્ય રીતે આ પરિસ્થિતિ દેખાય છે, તેમ છતાં 'હઁ' 'અઁઅ' જેવી ઉક્તિઓમાં સાનુનાસિક 'અ' ઉચ્ચારાય છે અને 'સાઙ્ગ' 'આકાઙ્ક્ષા' 'ભોરિઙ્ગ' 'કાઞ્ચન' વગેરે સંસ્કૃત તત્સમ શબ્દોમાં તેમજ 'માઞ્જો' '(=કાચ પાયેલો દોરો)', 'આમ્બો' (વૃક્ષ), 'શિઙ્ગડું', 'ધિઙ્ગાણું', 'સિઞ્ચવું', 'ખોઙ્ઘું' વગેરે કેટલાક ગુજરાતી શબ્દોમાં (કેટલાક દાખલામાં સાર્વત્રિકપણે તો ઘણા દાખલામાં પ્રાદેશિકપણે) 'અ' સિવાયના સ્વર પછી 'ઙ્' અને 'ઞ' ઉચ્ચારાય છે એ ધ્યાનમાં રાખવા જેવું છે. એટલેકે 'અ'નું અનુનાસિકત્વ અને 'અ'

[૮] માન્ય ગુજરાતીના અર્ધસ્વરો

: ૧ : સામાન્ય રીતે આપણે કોઈ પણ ભાષાના ધ્વનિઘટકોને બે વિભાગોમાં વહેંચીએ છીએ : સ્વરો અને વ્યંજનો. પરંતુ કેટલીયે ભાષાઓ એવી હોય છે કે એમાં આ બેથી વધારે વિભાગો સ્વીકારવાની જરૂર પડે છે. સ્વરોને આપણે એ રીતે ઓળખીએ છીએ કે કોઈ પણ શ્રુતિમાં શ્રાવ્યતાની પરાકાષ્ઠાનું વહન કરનાર એ હોય છે. હવે, કોઈ ભાષામાં એવું બને કે અમુક ધ્વનિઘટક શ્રાવ્યતાની પરાકાષ્ઠાએ આવતો હોય તેમજ અમુક સંયોગોમાં શ્રાવ્યતાની પરાકાષ્ઠાએ ન પણ આવતો હોય, એટલેકે શ્રાવ્યતાની પરાકાષ્ઠાએ રહેલા બીજા કોઈ સ્વરના અનુગામી તરીકે અને વ્યંજનકોટિના ધ્વનિ તરીકે આવતો હોય. આવા ધ્વનિઘટકને 'અર્ધસ્વર' કહેવામાં આવે છે. એવું પણ બને કે અમુક ધ્વનિઘટક શ્રાવ્યતાની પરાકાષ્ઠાએ આવી શકતો ન હોય પણ શ્રાવ્યતાની પરાકાષ્ઠાનું વહન કરનાર સ્વરની સાથે આવી શકતો હોય અને શ્રાવ્યતાની પરાકાષ્ઠા સિવાયનાં સ્થાનોએ પણ આવતો હોય. આવા ધ્વનિઘટકને 'અર્ધવ્યંજન' કહેવામાં આવે છે. હૉકિટ ધ્વનિઘટકોના આઠ પ્રકારો દર્શાવે છે તેમાં અર્ધસ્વર અને અર્ધવ્યંજનને આ રીતે ઓળખાવે છે. પરંતુ ઘણી વાર આમાંના બીજા – 'અર્ધવ્યંજન' – પ્રકારના ધ્વનિઘટકોને પણ અર્ધસ્વર તરીકે ઓળખાવવામાં આવે છે. અમુક સંજોગોમાં જે સ્વર તરીકે કામ આપે (શ્રાવ્યતાની પરાકાષ્ઠાએ રહેલા સ્વરની સાથે આવીને પણ) અને અમુક સંયોગોમાં જે વ્યંજન તરીકે કામ આપે તે અર્ધસ્વર (કે અર્ધવ્યંજન).

: ૨ : 'ય' અને 'વ'ને ગુજરાતીમાં આ જાતના અર્ધસ્વર ગણવામાં આવે છે. સ્વર પછી (અને વ્યંજન પૂર્વે કે અંત્ય સ્થાને) આવે ત્યારે એમનું ઉચ્ચારણ સ્વરની કોટિનું હોય છે અને પ્રધાન સ્વર સાથે મળી એ સંયુક્ત સ્વરનું નિર્માણ કરે છે. જેમકે 'ભાયૂડો', 'પયૂસા' (પૈસા), 'ગાય્', 'ગાવ્', 'કેવૂડો' વગેરે. સ્વર પૂર્વે ('વ'નું 'ય' 'ર્' પૂર્વે પણ) એમનું ઉચ્ચારણ વ્યંજનની કોટિનું હોય છે, જેમકે 'પ્યાર' 'ભયાનક' 'યાર' 'ક્વાથ' 'સવાર' 'વીંટી' 'વ્રત' 'લાવ્યા' વગેરે.

'ય' જીભનો અગ્ર ભાગ કઠોર તાલુની નિકટ જવાથી ઉચ્ચારાતો તાલવ્ય અર્ધસ્વર છે. 'વ' અંત્યસ્થાનમાં અને સ્વર અને વ્યંજન વચ્ચેના સ્થાનમાં નીચલો હોઠ ઉપરના હોઠની પાસે જતાં ઉચ્ચારાતો ઓષ્ઠ્ય અર્ધસ્વર છે, જ્યારે આદિસ્થાનમાં એ નીચલો

સિવાયના સ્વર પછી ઙ્ અને ઞની ઉપસ્થિતિ ગુજરાતી ભાષામાં સાવ બાધિત નથી. સૌરાષ્ટ્ર (ને કદાચ દક્ષિણ ગુજરાતમાં) સ્વરની સાનુનાસિકતાને સ્થાને અનુનાસિક વ્યંજન ઉચ્ચારવાનું વલણ પ્રબળ છે; ગાઙડો, વાન્ધો, આમ્બો વગેરે. એ નોંધપાત્ર છે કે સંસ્કૃતના 'વાઙ્મય' 'દિઙ્મૂઢ' 'દિઙ્નાગ' વગેરે શબ્દોમાં ઙ્ અન્યસ્થાનીય વ્યંજન પૂર્વે પણ આવે છે.

હોઠ ઉપરના દાંતની નજીક જતાં ઉચ્ચારાતો દંતૌષ્ઠ્ય સંઘર્ષી છે. આ રીતે 'વ'ના બે ઉપઘટકો છે એમ કહી શકાય.

: ૩ : 'ય' અને 'વ'ને આપણે અર્ધસ્વર કહીએ છીએ પરંતુ એ શ્રાવ્યતાની પરાકાષ્ઠાએ કદી આવતા નથી, કેવળ ગૌણ સ્વર તરીકે આવે છે, તેથી હૉકિટના વર્ગીકરણ અનુસાર એમને અર્ધવ્યંજન કહેવા જોઈએ. આમેય તે 'ઇ' અને 'ઉ'ના વ્યંજનાત્મક ભાગરૂપ છે. અમુક પરિસ્થિતિમાં તે 'ઇ' અને 'ઉ'ના વિરોધે આવી શકે છે (જેમકે, વ્યંજન અને સ્વર વચ્ચે : 'પડીઓ'–'પડ્યો', 'લાડુઓ'–'લાડવો'), તો કેટલીક પરિસ્થિતિઓમાં 'ઇ'-'ય' અને 'ઉ'-'વ'ની ઉપસ્થિતિ વહેંચાયેલી છે (જેમકે, શબ્દારંભે વ્યંજન પૂર્વે 'ઇ' 'ઉ' જ આવી શકે છે અને સ્વર પૂર્વે 'ય' 'વ' જ આવી શકે છે : 'ઇઠ્યાસી' 'ઉદ્વાર' 'યાર' 'વેર' વગેરે).[૮]

[૯] ગુજરાતીના ધ્વનિઘટકો

: ૧ : હવે આપણે માન્ય ગુજરાતીના ધ્વનિઘટકોને કોઠામાં ગોઠવી શકીએ. સ્વરો (સાદા તેમજ સાનુનાસિક)ના કોઠા આગળ આવી ગયા છે. મર્મરને પણ આપણે સમર્મર સ્વરોની હારમાળા જ ગણીશું. એટલે હવે આપણે વ્યંજનોનો કોઠો જ તૈયાર કરવાનો રહે છે. આ કોઠામાં ઉપઘટકોને [ ] કૌંસમાં મૂકવામાં આવ્યા છે અને એક જ મુખ્ય ઘટકના ઉપઘટકોને કૌંસ પર સમાન અંકથી દર્શાવવામાં આવ્યા છે. ગુજરાતીમાં વિરલ રીતે વપરાતા કે અમુક જાતની બોલચાલમાં રહેલા ધ્વનિઓને ( ) કૌંસમાં મૂકવામાં આવ્યા છે.

---

૮. ડૉ. પ્રબોધ પંડિત આ ઉપરાંત બીજા બે અર્ધસ્વરો ગણાવે છે. હમણાં જ પાદનોંધ ૭માં આપણે જોયું કે ઁ, ઙ અને ઞને તેઓ એક જ ધ્વનિઘટક ('N')ના ઉપઘટકો ગણે છે. આ ધ્વનિઘટક 'N' અમુક સંયોગોમાં સ્વર તરીકે (ઁ) અને અમુક સંયોગોમાં વ્યંજન તરીકે (ઙ, ઞ) આવતો હોવાથી એને એમણે અર્ધસ્વર કહ્યો છે.

ઉપરાંત, મર્મર ('બ્હીક' 'કુહાડી' વગેરે બધાં સ્થાનોના 'હ'ને તેઓ મર્મર રૂપે જ ઘટાવે છે એ આપણે જાણીએ છીએ) અને વ્યંજનોના મહાપ્રાણત્વને તેઓ પરસ્પર પૂરક સંબંધવાળા ગણે છે; કેમકે મર્મર કેવળ સ્વર સાથે આવે છે, મહાપ્રાણત્વ કેવળ વ્યંજન સાથે. વળી, મહાપ્રાણ વ્યંજનોની સાથે મર્મર આવી શકતો નથી ('બ્હાર' અને 'બાર' થઈ શકે છે પણ 'ભ્હાર' નહીં). આથી આ બન્ને એમની દૃષ્ટિએ એક મૂળ ધ્વનિઘટક ('h')ના ઉપઘટકો છે અને એ 'h' અર્ધસ્વર છે.

દેખીતું છે કે મહાપ્રાણત્વને અલગ ધ્વનિઘટક રૂપે સ્વીકારવાથી સ્પર્શવ્યંજનોની સંખ્યા ઘટી જાય : ('ખ' એક ધ્વનિઘટક રહે નહીં, એમાં 'ક+મહાપ્રાણ ઘટક' છે એમ ગણવું પડે.) ક, ગ, ચ, જ, ટ, ડ, ત, દ, પ, બ.

પણ મર્મર અને અનુનાસિક ધ્વનિનું વિશ્લેષણ બધા ભાષાવિજ્ઞાનીઓ આ પ્રમાણે કરતા નથી.

			કંઠ્ય	તાલવ્ય	મૂર્ધન્ય	દંત્ય	ઓષ્ઠ્ય	કંઠ્યતાલવ્ય	તંત્રી-વિવરીય
સ્પર્શ	અઘોષ	અ.પ્રા.	ક		ટ	ત	પ		
		મ.પ્રા.	ખ		ઠ	થ	ફ		
	ઘોષ	અ.પ્રા.	ગ		[ડ]૧	દ	બ		
		મ.પ્રા.	ઘ		ઢ	ધ	ભ		
સ્પર્શ (થડકારાવાળો)					[ડ઼]૧				
સ્પર્શસંઘર્ષી	અઘોષ	અ.પ્રા.		ચ					
		મ.પ્રા.		છ					
	ઘોષ	અ.પ્રા.		જ					
		મ.પ્રા.		ઝ					
સંઘર્ષી	અઘોષ			[શ]૪	[ષ]૪	સ		(હ઼)	
	ઘોષ			[ઝ઼]					હ
પાર્શ્વિક						લ			
થડકારાવાળા/પ્રકંપી					ળ	ર			
નાસિક્ય			[ઙ]૨	[ઞ]૨	[ણ]૩	ન	મ		
નાસિક્ય (થડકારાવાળો)					[ણ઼]૩				
અર્ધસ્વર				ય			વ		

: ૨ : ઉપર દર્શાવેલા ધ્વનિઓ ઉક્તિના એક ખંડ કે અંશ રૂપે આવતા ધ્વનિઓ છે અને એમનાં લિપિચિહ્નોને આપણે હારબદ્ધ એક પછી એક લખી શકીએ છીએ. આ ધ્વનિઘટકોને આથી વિભાજ્ય કે ખંડીય (segmental) કે ક્રમવર્તી (linear) ધ્વનિઘટકો કહેવામાં આવે છે. ભાષામાં આ સિવાય પણ કેટલાંક ધ્વનિતત્ત્વો કામ કરતાં હોય છે જે અર્થભેદક બનતાં હોય છે, પરંતુ તે ક્રમવર્તી ધ્વનિઘટકોની પેઠે બીજા ધ્વનિઘટકોની આગળ કે પાછળ આવતાં નથી હોતાં, પરંતુ ઉક્તિના અમુક ભાગ ઉપર વિસ્તરેલાં હોય છે – સમગ્ર અક્ષર પર કે એથીયે લાંબા પટ પર. એને માટેનાં લિપિચિહ્નો ક્રમિક રીતે આવતાં ધ્વનિઘટકો માટેનાં લિપિચિહ્નોની ઉપર કે એની પછી મૂકવામાં આવે છે, પરંતુ એવી ગૃહીત સમજ હોય છે કે એ ક્રમિક ચિહ્નોના લાંબા પટ સાથે સંકળાયેલાં છે. આવા ધ્વનિઘટકોને અવિભાજ્ય કે અતિખંડીય (suprasegmental) કે સહવર્તી

ધ્વનિઘટકો કહેવામાં આવે છે.

ગુજરાતીમાં પણ આવાં કેટલાંક ધ્વનિતત્ત્વો છે. મર્મર આવું એક તત્ત્વ છે એમ આપણે આગળ જોયું. બીજું એક એવું તત્ત્વ છે 'જંક્ચર' એટલેકે ઉક્તિના ઘટકો વચ્ચેનું સાંધણ કે સંક્રમણરીતિ. ઉક્તિના ઘટકો અટક્યા વિના સંધાય કે સહેજ અટકીને સંધાય. ગુજરાતીમાં આવું બંધ કે ખુલ્લું જંક્ચર ક્યારેક અર્થભેદક બને છે. જેમકે (ખુલ્લા જંક્ચરને ',' ચિહ્નથી દર્શાવવામાં આવેલ છે) –

૧. 'સરકાર એટલે શું ?'
'સર, કાર એટલે શું ?'

૨. 'રમેશ આવે છે ?'
'રમેશ, આવે છે ?'

૩. 'ટેબલ, નીચે છે.' ('ટેબલ ક્યાં છે'ના જવાબમાં)
'ટેબલ નીચે, છે.' ('કચરાની ટોપલી ક્યાં છે ?'ના જવાબમાં)

એ નોંધપાત્ર છે કે જંક્ચર પૂર્વેના અક્ષર('સર', 'મેશ', 'બલ')નું વિલંબિત ઉચ્ચારણ થાય છે.

બીજું એક એવું તત્ત્વ તે પ્લુતિ છે. ઉક્તિના અમુક અંશને લંબાવીને ઉચ્ચારવામાં આવે તો તેથી કેટલીક વાર જુદી અર્થછાયા નીપજે છે, જેમકે (પ્લુતિને '...' ચિહ્નથી દર્શાવવામાં આવી છે) –

૧. 'ઠીક છે.' (= એકંદરે સારું છે, ચાલે એવું છે.)
'ઠી...ક છે.' (= પણ મન માનતું નથી.)

૨. 'શું થયું ?'
'શું થયું ...?' (ચીડ વ્યક્ત થાય છે.)

૩. 'હા.'
'હા...' (શંકા વ્યક્ત થાય છે.)

ભાર પણ આવું જ એક તત્ત્વ છે. ઉક્તિના કોઈ અંશને વિશેષ બળથી ઉચ્ચારીએ ત્યારે એના પ્રત્યે આપણે વિશેષપણે ધ્યાન દોરી રહ્યા હોઈએ છીએ અને બીજા કથાકના વિરોધમાં આપણે એનો ઉલ્લેખ કરી રહ્યા હોઈએ છીએ. જેમકે (ભારને નીચે લીટી કરી દર્શાવવામાં આવ્યો છે) –

૧. 'ટેબલ, નીચે છે.'
'ટેબલ, <u>નીચે</u> છે.' (= ઉપર નથી.)

૨. 'ટેબલ નીચે, છે.'
<u>ટેબલ</u> નીચે, છે. (= ખુરશી નીચે નથી.)

૩. 'તમે મને પેન્સિલ આપી હતી ?'
'તમે મને પેન્સિલ આપી હતી ?' (કે બીજા કોઈએ ?)
'તમે મને પેન્સિલ આપી હતી ?' (કે બીજા કોઈને)
'તમે મને પેન્સિલ આપી હતી ?' (કે બીજું કંઈ ?)
'તમે મને પેન્સિલ આપી હતી ?' (કે નહોતી આપી ?)

જુદાજુદા પ્રકારની ઉક્તિઓમાં જુદાજુદા પ્રકારનો આરોહ-અવરોહાત્મક સૂર પણ ગુજરાતીમાં જોવા મળે છે. પ્રશ્નાર્થક અને સાદું કથન કરનારાં વાક્યોના સૂર સ્પષ્ટ રીતે જુદા પડી જાય છે. પ્રશ્નાર્થક વાક્યમાં છેલ્લે ઊંચે ચડતો સૂર હોય છે. સાદાં કથનાત્મક વાક્યોમાં નીચો ઊતરતો સૂર હોય છે. જુઓ (ચડતો સૂર ↑ ચિહ્નથી અને ઊતરતો સૂર ↓ ચિહ્નથી દર્શાવવામાં આવ્યો છે) –

'મોટા સાહેબ અંદર છે ↓' ('મોટા સાહેબ અંદર છે.')
'મોટા સાહેબ અંદર છે ↑' ('મોટા સાહેબ અંદર છે ?')

પ્રશ્નાર્થક અને આશ્ચર્યાર્થક ઉક્તિઓનો આરોહ-અવરોહ પણ કેટલેક અંશે જુદો પડે છે. પ્રશ્નની સાથે અશક્યતા કે લાચારી જોડાય તોપણ સૂર બદલાઈ જાય છે. 'હું એને શું કહું ?' એવા સાદા પ્રશ્નાર્થક વાક્યનો સૂર જુઓ અને 'હું તમને શું કહું ? (તમને કંઈ કહેવા જેવું મને લાગતું નથી)' એ વાક્યનો પણ સૂર જુઓ. પહેલા વાક્યમાં છેલ્લે ચડતો ક્રમ છે તેવો બીજા વાક્યમાં નહીં લાગે.

પણ સૂર તો સમગ્ર ઉક્તિમાં ફેલાયેલો હોય છે. જંક્ચર, ભાર જેવાં તત્ત્વો સાથે તે સંકળાય છે અને તેમાંથી ઉક્તિના ક્રમિક અંશરૂપ નહીં તેવાં ધ્વનિતત્ત્વોનું સંકુલ માળખું સરજાય છે. આપણે તો અહીં આ તત્ત્વો અર્થભેદક રીતે કામગીરી કરે છે તેટલું જ નોંધવા માગીએ છીએ. એમની પણ ભાષાના ધ્વનિઘટકોમાં ગણના કરવી જોઈએ.

[૧૦] માન્ય ગુજરાતીનાં ઉચ્ચારણ અને જોડણી

: ૧ : હવે આપણે માન્ય ગુજરાતીનાં ઉચ્ચારણ અને જોડણીનો પ્રશ્ન વ્યવસ્થિત રીતે વિચારી શકીએ. આમ તો, પ્રકરણ ૧ [૬]માં ઉચ્ચારણ અને લેખનના સંબંધનો પ્રશ્ન વિચારતાં ગુજરાતી ભાષાની પરિસ્થિતિ વિશે પ્રસંગોપાત્ત ઘણો ઉલ્લેખ આપણે કરી ગયા છીએ.

ગુજરાતીના ધ્વનિઘટકોની આપણે તારવેલી વ્યવસ્થાના સંદર્ભમાં વિચારીએ ત્યારે આપણને જોડણીની નીચેની લાક્ષણિકતાઓ જોવા મળે છે.

(૧) સ્પર્શવ્યંજનોમાં, જ્યાં ઘોષત્વ-અઘોષત્વ, અલ્પપ્રાણત્વ-મહાપ્રાણત્વ ભેદક છે ત્યાં એ ચારે પ્રકારના સ્પર્શવ્યંજનો માટે અલગ લિપિચિહ્નો છે : ક, ખ, ગ, ઘ; ચ, છ,

જ, ઝ વગેરે.

(૨) બીજી બાજુથી, અગ્ર અને પૃષ્ઠ સ્વરોમાં મધ્યત્વ-નિમ્નત્વ (એ, એ; ઓ, ઓ) ભેદક હોવા છતાં લિપિચિહ્ન એક જ રહ્યાં છે; જોકે અંગ્રેજી આદિ પરભાષામાંથી સ્વીકૃત શબ્દો માટે વિવૃત સ્વરોને ઊંધી માત્રાથી 'એ' 'ઓ' એ રીતે દર્શાવવાનું આપણે સ્વીકાર્યું છે. તો પરભાષામાંથી સ્વીકૃત શબ્દોમાં ઘોષ મહાપ્રાણ તાલવ્ય સંઘર્ષી આપણી ભાષામાં આવ્યો છે (જેમકે, 'આઝાદી'નો 'ઝ') પણ એને માટે જુદા લિપિચિહ્નની વ્યવસ્થા આપણે કરી નથી. આમ, આપણી ભાષામાં લિપિચિહ્નો ખૂટે છે.

(૩) સંસ્કૃતનો મૂર્ધન્ય સંઘર્ષી ગુજરાતી ધ્વનિવ્યવસ્થામાં કેવળ એક ઉપઘટક રહ્યો હોવા છતાં આપણે એને માટેનું અલગ લિપિચિહ્ન ('ષ') સંસ્કૃત તત્સમ શબ્દો પૂરતું જાળવ્યું છે, ત્યારે થડકારા વગરના અને થડકારાવાળા એવા બે મૂર્ધન્ય ઘોષ અલ્પપ્રાણ ઉપઘટકો ('ડોલ' અને 'ઘોડો'ના 'ડ') માટે આપણી પાસે અલગ લિપિચિહ્નો નથી.

(૪) ગુજરાતીમાં ઉચ્ચ સ્વરોમાં હ્રસ્વત્વ-દીર્ઘત્વ ભેદક રહ્યું ન હોવા છતાં એનાં અલગ લિપિચિહ્નો (ઇ, ઈ–િ, ી; ઉ, ઊ–ુ, ૂ) રહ્યાં છે; 'ઋ' એક સ્વર તરીકે ગુજરાતીમાં સચવાયો ન હોવા છતાં, ઉચ્ચારણમાં એ 'રુ' (કોઈ વાર 'ર' કે 'રિ' પણ : 'કૃષ્ણ'નું 'કુષ્ણ', 'દૃષ્ટિ'નું 'દ્રષ્ટિ' ઉપરાંત 'કિષ્ણ' 'કિપા' જેવાં ઉચ્ચારણો પણ મળે છે) બની ગયો હોવા છતાં, અલબત્ત સંસ્કૃત તત્સમ શબ્દો પૂરતું જ, લિપિચિહ્ન આપણે જાળવ્યું છે. એ જ રીતે, 'અઇ' 'અઉ' એ સ્વરયુગ્મો માટે 'એ' 'ઔ' એ લિપિચિહ્નો અને 'ગ્ન' 'કૃષ' એ વ્યંજનયુગ્મો માટે 'જ્ઞ' 'ક્ષ' એ લિપિચિહ્નો પણ આપણે વાપરીએ છીએ. એટલેકે ગુજરાતીમાં કેટલાક વધારાના લિપિસંકેતો છે.

(૫) વ્યંજન સાથે હોય કે ન હોય ત્યારે સ્વરો માટે જુદાં ચિહ્નો છે – જેમકે, 'ઇ' અને 'િ'; 'તેમ 'ર'નાં પણ, એ સ્વર સાથે હોય કે વ્યંજન સાથે, પૂર્વ સ્થાને કે ઉત્તર સ્થાને હોય તે પ્રમાણે જુદાં ચિહ્નો છે – જેમકે, 'ર' 'ર્' '્ર' 'ૃ'. આમ, લિપિસંકેતોનું બેવડા-તેવડાપણું છે.

(૬) બધા જ પ્રકારના અનુનાસિક ધ્વનિઓ માટે આપણે અનુસ્વાર વાપરીએ છીએ – મૂર્ધન્ય, દંત્ય અને ઓષ્ઠ્ય અનુનાસિક વ્યંજનો માટે તો અલગ લિપિચિહ્નો (ણ, ન, મ) હોવા છતાં. આમ અનુનાસિકોની બાબતમાં આપણી જોડણી ગૂંચવાડાભરી છે.

એ જ રીતે, મર્મર માટે કોઈ સ્પષ્ટ વ્યવસ્થા આપણી જોડણીમાં નથી. કાં તો મર્મરને દર્શાવવો નહીં અગર આગલા વ્યંજનને સ્વરાન્ત ગણી 'હ' ચિહ્નથી જ દર્શાવવો એવો નિયમ કરવામાં આવ્યો છે. આથી 'મોર' (પંખી) અને 'મોર' (આંબાનો મ્હોર)ની, 'બહાર' (બ્હાર, out) અને 'બહાર' (વસંતની 'બહાર')ની ગૂંચવણ થાય છે. ઘણા ધાતુઓમાં આ નિયમને પણ એકસરખી રીતે આપણે લાગુ પાડતા નથી. 'ચાહવું' પણ

'નહાવું', 'મોહવું' પણ 'લહોવું' આપણે લખીએ છીએ. આમ કેટલીક બાબતોમાં ગુજરાતીમાં જોડણીની એકરૂપતા નથી.

(૭) જંક્ચર, ભાર, સૂરની સંકુલ વ્યવસ્થાને તો જોડણી ક્યાંથી રજૂ કરી શકે ? ગુજરાતીમાં 'માત્ર પ્રશ્નાર્થક, વિસ્મયાર્થક અને સાદાં કથનાત્મક વાક્યોના સૂરનાં સૂચક ચિહ્નો છે. આ પણ અંગ્રેજીમાંથી આયાત થયેલાં છે એમ કહેવાય.

: ૨ : આ સિવાય પણ ગુજરાતી જોડણીના ઘણા પ્રશ્નો છે. એ અહીં વિચારવા શક્ય નથી. પણ એક-બે બાબતનો ઉલ્લેખ કરીએ. દાખલા તરીકે, 'અ'-સ્વરાંત વ્યંજન તરીકે જેને આપણે લખીએ છીએ તેનું ઘણી પરિસ્થિતિમાં ગુજરાતીમાં ઉચ્ચારણ કેવળ વ્યંજન રૂપનું જ હોય છે. જેમકે, 'કરસન' આપણે લખીએ છીએ પણ તેના 'ર'નું ઉચ્ચારણ 'કર્તન' 'આકર્ષણ'ના 'ર'થી જુદું નથી, એટલેકે ઉચ્ચારણ 'કર્સન' છે. 'રામનામ'નું પણ ઉચ્ચારણ આપણે 'રામ્નામ્' લખીએ એના જેવું છે. ગુજરાતીની અક્ષરવ્યવસ્થાના અમુક નિયમોને કારણે આમ બને છે, પરંતુ તેનો ખ્યાલ ન હોય તો પ્રચલિત જોડણી ગેરસમજ પ્રેરનારી બને.

કોઈ પણ ભાષાની જોડણી સંપૂર્ણપણે ધ્વન્યનુરૂપ હોતી નથી. ગુજરાતી જોડણીમાં પણ ઘણી મુશ્કેલીઓ છે. આમ છતાં વ્યાપકપણે જોતાં અને મહદંશે ધ્વન્યનુરૂપ છે એમ કહી શકાય. અંગ્રેજી જેવી ભાષામાં જોડણીનું જે વૈવિધ્ય જોવા મળે છે તેના કરતાં ગુજરાતી ભાષાની સ્થિતિ સંતોષકારક લાગે.

સંદર્ભ

ઉચ્ચારણપ્રક્રિયા : હૉલ, પૃ.૪૧–૪૫; ગ્લીસન, પૃ.૨૩૯–૨૫૬; હૉકિટ, પૃ.૬૨–૬૮; પંડિત (૧), પૃ.૨૬–૮૧; દવે, એકમ ૪૧; રોબિન્ઝ, પૃ.૮૬–૯૦.

ધ્વનિઘટક : પંડિત (૧), પૃ.૮૨–૧૦૩; બ્લૂમફીલ્ડ, પૃ.૭૪–૮૫.

ધ્વનિઘટકોના પ્રકારો : હૉકિટ, પૃ.૯૩–૯૪.

ગુજરાતીનું ધ્વનિતંત્ર : કાર્ડોના, એકમ ૧.૧થી ૧.૧૦; પંડિત (૧), પૃ.૧૦૪–૧૪૨; દવે, એકમ ૪૨–૪૩; વ્યાસ યોગેન્દ્ર (૪), પૃ.૨૧–૮૨; દેસાઈ (૨), પૃ.૬૨–૧૩૦.

સ્વાધ્યાય

૧. ઉચ્છ્વાસમાર્ગનાં અને એમાં જ્યાં અવરોધ થઈ શકે તેવાં કેટલાંક સ્થાનોનાં નામ નીચે આપવામાં આવ્યાં છે. ઉચ્છ્વાસને પસાર થવાના ક્રમમાં એ નામોને ગોઠવી આપો :

ફેફસાં, કંઠવિવર, શ્વાસનળી, કંઠનાળ, તંત્રીવિવર, કઠોર તાલુ, કોમલ તાલુ, વર્ત્સ, મૂર્ધા, દન્ત, ઓષ્ઠ.

૨. નાદતંત્રીઓની ભિન્નભિન્ન પ્રકારની અવસ્થાઓ અને એ અવસ્થાઓમાં થતા ધ્વનિઓ નીચે દર્શાવેલાં છે. સાચાં જોડકાં ગોઠવી આપો :

નાદતંત્રીની અવસ્થા	ધ્વનિ
(૧) પૂરેપૂરી બિડાયેલી હોય અને એકાએક છૂટી પડે	સ્પર્શ ધ્વનિ
(૨) પૂરેપૂરી ખુલ્લી ને ઢીલી મુકાયેલી હોય	ઘોષ ધ્વનિ
(૩) નાનું દ્વાર રાખીને તંગ ખેંચાયેલી હોય	ગુસપુસ ધ્વનિ
(૪) નાદતંત્રીઓ બિડાયેલી હોય પણ ઍરિટીનૉઇડ કાર્ટિલિજ છૂટા પાડેલા હોય	અઘોષ ધ્વનિ

૩. ખાલી જગ્યા પૂરો :

(૧) _____ જીભના મધ્ય ભાગની નિમ્ન સ્થિતિથી ઉચ્ચારાતો સ્વર છે.

(૨) 'ઓ' _____ સ્વર છે.

(૩) _____ અને _____ એ બે સ્વરો સાનુનાસિક હોતા નથી.

(૪) ગુજરાતીમાં અલ્પપ્રાણત્વ-મહાપ્રાણત્વ _____ વ્યંજનોમાં ભેદક ધર્મ છે. પરંતુ _____ વ્યંજનોમાં એ ભેદક ધર્મ નથી.

(૫) 'ત' જે સ્થાનનો સ્પર્શવ્યંજન છે તે સ્થાનનો સંઘર્ષી વ્યંજન _____ છે.

૪. નીચેના શબ્દોમાં શિરોબિંદુના ચિહ્નથી દર્શાવવામાં આવેલા ધ્વનિનું સ્વરૂપવર્ણન કરો :
કંથ, હીંચકો, શંખ, પંપ, બંડ.

૫. નીચે ગુજરાતીના કેટલાક ધ્વનિઘટકોનું સ્વરૂપવર્ણન આપવામાં આવ્યું છે. તે ધ્વનિઘટકો કયા છે તે કહો :

(૧) જિહ્વાપૃષ્ઠ-કંઠપૂર્વ ઘોષ મહાપ્રાણ નિરનુનાસિક સ્પર્શધ્વનિ.

(૨) જિહ્વામૂલ-કંઠવિવરીય અઘોષ મહાપ્રાણ નિરનુનાસિક સંઘર્ષી ધ્વનિ.

(૩) જિહ્વાગ્ર-મૂર્ધન્ય થડકારાવાળો પાર્શ્વિક સંઘર્ષી ધ્વનિ.

(૪) જિહ્વાગ્ર-મૂર્ધન્ય અનુનાસિક સ્પર્શધ્વનિ.

(૫) તાલવ્ય અર્ધસ્વર.

૬. (૧) ગુજરાતીમાંથી એવા કોઈ પણ બે દાખલાઓ આપો જેમાં એક જ ઉચ્ચારણ માટે એકથી વધુ લિપિસંકેતો હોય.

(૨) ગુજરાતીમાંથી એવા કોઈ પણ બે દાખલાઓ આપો જેમાં એક જ લિપિસંકેત એકથી વધુ ઉચ્ચારણો માટે વપરાતો હોય.

૮

[૧] અંગસાધક પ્રત્યયો

: ૧ : 'તમારી અણઆવડતોનો તો કંઈ પાર નથી.' 'આજે અમે એક ફિલ્મ દેખાડીશું'. – આ વાક્યોમાંનાં 'અણઆવડતોનો' અને 'દેખાડીશું' એ પદો જુઓ. બન્નેમાં એક-એક રૂપઘટક કેન્દ્રમાં છે, જે કશોક પાયારૂપ અર્થ ધરાવે છે : 'આવડ' અને 'દેખ'. એમને આપણે મૂળ અંગ કહીશું. એ મૂળ અંગો સાથે એમના અર્થમાં વિશેષતા લાવનાર કે એમનો વાક્યનાં બીજાં પદો સાથેનો સંબંધ દર્શાવનાર રૂપઘટકો જોડવામાં આવ્યા છે – અભાવદર્શક 'અણ', ભાવવાચક સંજ્ઞા બનાવનાર 'ત', બહુવચનવાચક 'ઓ', સંબંધવિભક્તિદર્શક 'ન', 'પુંલ્લિંગસૂચક 'ઓ', પ્રેરક બનાવનાર 'આડ', ભવિષ્યકાળદર્શક 'ઈશ' અને પહેલો પુરુષ બહુવચન દર્શાવનાર 'ઉં'. આ રૂપઘટકો આવી ગૌણ રીતે જ આવે છે અને એમને આપણે 'પ્રત્યય' કહીએ છીએ. વાક્યના ઘટક તરીકે આવતું પદ કે રૂપ ઘણી વાર એક કે વધુ મૂળ અંગો અને પ્રત્યયોના જોડાણથી બનેલું હોય છે. કોઈ પણ ભાષામાં કઈ જાતના પ્રત્યયો છે તથા અંગ અને પ્રત્યયોનું જોડાણ કઈ જાતનું થાય છે તે જાણવાથી ભાષાના બંધારણનો અને એની રૂપ-સમૃદ્ધિનો ખ્યાલ આવે છે. હવે આપણે ગુજરાતી ભાષાના રૂપતંત્રનો આ દૃષ્ટિએ પરિચય કરીશું.

: ૨ : આપણે એમ કહ્યું કે 'અણઆવડતોનો' અને 'દેખાડીશું' એ પદોમાં 'આવડ' અને 'દેખ' એ મૂળ અંગો છે, પરંતુ 'આવડત' 'દેખાડ' એ પણ અંગો જ છે, કેમકે જેને પ્રત્યય લાગી શકે એ બધાં અંગો જ કહેવાય. માત્ર પેલાં 'મૂળ અંગો' છે એમ કહેવાય, ત્યારે આ 'સાધિત અંગો' છે એમ કહેવાય. એ રીતે 'અણ' 'ત' 'આડ' એ બધાં નવાં અંગ બનાવનાર – અંગસાધક પ્રત્યયો છે એમ કહેવાય.

જે પ્રત્યયો લાગ્યા પછી કોઈ પ્રત્યય લાગી ન શકે અને વાક્યમાં વપરાતું રૂપ કે પદ બને તેને રૂપસાધક કે પદસાધક પ્રત્યયો ગણવામાં આવે છે. વિભક્તિના પ્રત્યયો 'થી' 'માં' વગેરે આ રીતે રૂપસાધક પ્રત્યયો છે. ક્રિયાપદના 'કરું'ના 'ઉં' જેવા પુરુષવચનવાચક પ્રત્યયો કે 'કરત'ના 'ત' જેવા કાળઅર્થવાચક પ્રત્યયો પણ રૂપસાધક પ્રત્યયો છે. ગુજરાતીમાં આખ્યાતિક રૂપોમાં ઘણી વાર અને 'ન' અનુગની રચનામાં છેલ્લે લિંગચિહ્ન આવે છે. તેમ છતાં બધા વિભક્તિપ્રત્યયોને તેમ કાળઅર્થપુરુષવાચક પ્રત્યયોને રૂપસાધક પ્રત્યયો ગણવામાં આવે છે.

'ઓ' 'ઈ' 'ઉં' જેવાં લિંગચિહ્નોને અંગસાધક ગણવાં કે પદસાધક તે શંકાસ્પદ છે. અમુક સંયોગોમાં એ બીજા પ્રત્યયની પૂર્વે આવે છે, અમુક સંયોગોમાં એ છેલ્લે પણ આવે છે. એ રીતે બહુવચનના 'ઓ'ને પણ અંગસાધક પ્રત્યય ગણવો કે રૂપસાધક એમાં મતભેદ સંભવે એવું છે.

અહીં આપણે ગુજરાતીના અંગસાધક પ્રત્યયોનો વિચાર કરવા માગીએ છીએ, પણ કંઈક મર્યાદિત અર્થમાં. વચનવાચક અને લિંગવાચક પ્રત્યયોનો આપણે અલગ વિચાર કરવાના છીએ માટે એમનો સમાવેશ અહીં નહીં કરીએ. વિભક્તિદર્શક પ્રત્યયો કે અનુગો તો અંગસાધક ગણાય નહીં. ઉપરાંત, કાળ, ક્રિયાવસ્થા કે પુરુષવાચક પ્રત્યયોને પણ આપણે રૂપસાધક જ ગણીશું. કર્મણિ કે પ્રેરક અંગ બનાવનાર પ્રત્યયોનો વિચાર આપણે આખ્યાતિક રૂપાખ્યાનની ચર્ચા વખતે કરવાનો હોવાથી એને પણ અહીં બાકાત રાખીશું. પરિણામે, અહીં આપણા માટે અંગસાધક પ્રત્યયો એટલે કોઈ પણ અંગ પરથી કંઈક વિશેષ અર્થવાળું અંગ બનાવનાર પૂર્વપ્રત્યયો તથા આખ્યાતિક કે નામિક (એટલેકે સંજ્ઞા, વિશેષણ, સર્વનામનાં) અંગો પરથી નામિક કે આખ્યાતિક અંગો બનાવનાર અને અંગવિસ્તાર કરનાર પરપ્રત્યયો. કૃદંતો નામિક અંગો તરીકે વપરાય છે પણ એ મૂળભૂતપણે ક્રિયારૂપો હોવાથી કૃદંત બનાવનાર પ્રત્યયોનો પણ આપણે અહીં સમાવેશ નહીં કરીએ.

ટૂંકમાં, અહીં અંગસિદ્ધિ એટલે સંજ્ઞા, વિશેષણ, ક્રિયાવિશેષણ ઇત્યાદિ પ્રકારનાં (કેટલીક વાર સ્વાર્થે, કેટલીક વાર પરિવર્તિત અર્થે) અંગોની રચના. આને પરંપરાગત વ્યાકરણોમાં ઘણી વાર શબ્દસિદ્ધિ પણ કહેવામાં આવે છે.

[૨] અંગસાધક પૂર્વપ્રત્યયો

: ૧ : અંગસાધક પ્રત્યયોને મુખ્ય બે વિભાગોમાં વહેંચી શકાય : મૂળ અંગની પૂર્વે લાગતા (પૂર્વપ્રત્યયો) અને મૂળ અંગની પાછળ લાગતા (પરપ્રત્યયો).

ગુજરાતીમાં પરપ્રત્યયોની તુલનાએ પૂર્વપ્રત્યયો ઘણા ઓછા છે, એટલું જ નહીં, પૂર્વપ્રત્યયોનો મોટો ભાગ સંસ્કૃત તત્સમ પ્રત્યયોનો[૧] છે. એ પ્રત્યયો પણ બહુધા આદાન પામેલી તત્સમ સામગ્રીમાં જ સચવાયેલા છે. એટલે એ પ્રત્યયો ગુજરાતી ભાષાના ક્રિયાશીલ પ્રત્યયો ભાગ્યે જ ગણાય. થોડાક સંસ્કૃત તત્સમ પ્રત્યયો, એક-બે તદ્ભવ પ્રત્યયો અને ગણતર ફારસી-હિંદીમાંથી સ્વીકૃત પ્રત્યયો ગુજરાતી શબ્દઘડતરમાં

---

૧. પરંપરાગત વ્યાકરણોમાં સંસ્કૃત તત્સમ પૂર્વપ્રત્યયોને ઉપસર્ગ અને પૂર્વગને નામે ઓળખાવાયા છે, જેમાંથી 'પૂર્વગ' સંજ્ઞા સંસ્કૃત વ્યાકરણની નથી અને એનું સ્વરૂપ પણ વિવાદાસ્પદ છે. અહીં પ્રત્યયનું કામ આપતાં બધાં તત્ત્વોને 'પૂર્વપ્રત્યય'માં ગણ્યાં છે.

ક્રિયાશીલ છે એમ કહેવાય.

આમ છતાં, મુખ્યત્વે સંસ્કૃત તત્સમ સામગ્રીમાં જ જોવા મળતા છતાં ગુજરાતીમાં વ્યાપક વ્યવહારમાં રહેલા અને પ્રત્યય તરીકેનો જેમનો અર્થ જીવંત રહ્યો હોય તેવા મહત્ત્વના સંસ્કૃત પૂર્વપ્રત્યયો આ પ્રમાણે છે :

(૧) 'ખરાબ' '-થી ઊલટું' '-ના વિનાનું' 'મુશ્કેલ' એવો અર્થ દર્શાવનારા એટલેકે કુત્સા, વિરુદ્ધાર્થ, અભાવ, અશક્યાર્થના વાચક 'અપ' (અપકૃત્ય, અપમાન, અપલક્ષણ); 'અવ' (અવકૃપા, અવગણના); 'કુ' (કુવિચાર, કુસંસ્કાર, કુછંદ), 'દુસ્/દુર્' (દુષ્કર્મ, દુઃસાધ્ય, દુર્ગુણ, દુર્લભ); 'નિસ્ / નિર્' (નિષ્ફળ, નિરંકુશ, નિર્દય); 'વિ' (વિકેન્દ્રિત, વિસર્જન, વિમાર્ગ).

(૨) 'ઘણું' 'અમર્યાદ' 'વિશેષપણે' 'સારી પેઠે' એવો અર્થ દર્શાવનારા એટલે અતિશયતાવાચક 'અતિ' (અતિકાય, અતિપરિચય); 'પ્ર' (પ્રકંપ, પ્રગાઢ, પ્રકોપ); 'પરિ' (પરીક્ષા, પરિશ્રમ, પરિશીલન); 'વિ' (વિખ્યાત, વિશુદ્ધ); 'સમ્' (સંમાન, સંતાપ); 'સુ' (સુદૃઢ, સુદીર્ઘ).

(૩) '-ની પાછળ' '-ની જેમ' એવો અર્થ દર્શાવનાર 'અનુ' (અનુકરણ, અનુપાલન, અનુસ્નાતક).

(૪) '-ની સામેનું' એવો અર્થ દર્શાવનાર 'પ્રતિ' (પ્રતિકૃતિ, પ્રતિસ્પર્ધા, પ્રતિહિંસા).

(૫) 'ઊંચે' 'ઉપર' એવો અર્થ દર્શાવનાર 'ઉત્' – સંધિ થતાં 'ઉચ્' 'ઉદ્' 'ઉન્' વગેરે (ઉત્ક્રાન્તિ, ઉચ્ચાલન, ઉદ્ગમ, ઉન્નતિ).

(૬) ગૌણાર્થવાચક 'ઉપ' (ઉપકથા, ઉપગ્રહ, ઉપમંત્રી).

(૭) સહત્વ ('સાથે' એવા અર્થ)નો વાચક 'સમ્' (સંયોગ, સંભોગ, સંગમ).

(૮) પ્રશસ્યતા ('સારું' એવા અર્થ)નો વાચક 'સુ' (સુપાત્ર, સુમુહૂર્ત, સુવિદ્યા).

આમાંના કોઈકોઈ પ્રત્યયોવાળાં અંગો તદ્ભવ રૂપે દેખા દે છે, તો કોઈકોઈ ઠેકાણે તદ્ભવ સામગ્રીને એ પ્રત્યય લગાડવામાં આવ્યા છે : અપજશ, અપશુકન, અતિઉપાડ, કુસંપ, નિર્મળ, સુમેળ, સુઘડ ઇ૦. પણ આવું ઘડતર વિરલ અપવાદરૂપ છે.

: ૨ : આપણે માટે વધારે મહત્ત્વના તો ગુજરાતીના શબ્દઘડતરમાં જે ક્રિયાશીલ હોય તેવા પૂર્વપ્રત્યયો જ છે. એમાં સંસ્કૃત તત્સમ સામગ્રીની સાથે ઇતર સામગ્રીમાં પણ પ્રયોજાતા, મૂળ તત્સમ પણ તદ્ભવરૂપ બની ગયેલા પ્રત્યયો 'અ'[૨] 'સ', તદ્ભવ પ્રત્યયો 'અણ' 'ક' 'વણ', ફારસી પ્રત્યયો 'બે' 'ના' 'ગેર' 'બદ' તથા હિંદી પ્રત્યય 'બિન'નો

---

૨. સ્વરથી શરૂ થતા શબ્દો પૂર્વ લાગતો 'અન્' સ્વાભાવિક રીતે જ સંસ્કૃત તત્સમ શબ્દોમાં જ રહેલો છે : અનુચિત, અનર્થ ઇ૦.

સમાવેશ થાય છે.[૩]

આમાંથી 'અ' 'અણ' 'વણ' 'બે' 'ના' 'ગેર' 'બિન' એ પ્રત્યયો નકાર, અભાવ કે ઊલટાપણાનો અર્થ દર્શાવે છે : અધર્મ, અપૂરતું, અણચિંતવ્યું, વણમાગી, બેજવાબદાર, નાલાયક, ગેરવાજબી, બિનઅનુભવી ઇ૦. ('અ' ક્વચિત્ સ્વાર્થ કે અતિશયતાસૂચક પણ છે : અલોપ, અમુઝાવું, અઘોર, અજડ ઇ૦.)

'ક' અને 'બદ' પ્રત્યય 'ખરાબ' 'નઠારું' 'અયોગ્ય' એવો અર્થ દર્શાવે છે : કપૂત, કજાત; બદનામ, બદસિકલ, બદચાલ ઇ૦.


'સ' પ્રત્યય 'સાથે' 'સારું' એવો અર્થ દર્શાવે છે : સફળ, સકર્મક, સચિંત, સપૂત, સચોટ, સજોડે ઇ૦.

: ૩ : 'અ' વગેરેને હવે આપણે ગુજરાતી પ્રત્યયો જ કહી શકીએ. તેથી એના વિશે થોડો વિગતે વિચાર કરીએ – એ કયા પ્રકારનાં અંગોને લાગે છે અને એ લાગવાથી કયા પ્રકારનાં અંગો બને છે એનો. અહીં એ નોંધવું આવશ્યક છે કે ગુજરાતીમાં ઘણાં આખ્યાતિક અંગો એ ને એ રૂપે જ નામિક અંગ તરીકે કામ આપતાં હોય છે, એટલે એમને લાગેલા પ્રત્યયો આખ્યાતિક અંગને લાગેલા ગણવા કે નામિક અંગને એ બાબત તદ્દન ખુલ્લી રહે છે, જેમકે 'અબોલ' એટલે 'જે બોલી શકે તેમ નથી' (આખ્યાતિક) અને 'જેને બોલ એટલે વાણી નથી' (નામિક) એમ બન્ને રીતે ઘટાવી શકાય. આટલી સ્પષ્ટતા કરીને આપણે આગળ ચાલીએ.

ગુજરાતી અંગસાધક પૂર્વપ્રત્યયોના પ્રયોગની જરૂરી માહિતી પાછળના પાને કોઠામાં વ્યવસ્થિત કરીને મૂકી છે. જ્યાં દૃષ્ટાંત રૂપે એક જ શબ્દ છે ત્યાં એ જાતનું શબ્દઘડતર વિરલ છે એમ સમજવું.

---

૩. 'ન' સ્વતંત્ર રીતે વપરાતો શબ્દ હોઈ એને પ્રત્યય ગણ્યો નથી અને એનાથી થતી 'નાસ્તિક' 'નચિંત' જેવી રચનાઓને પ્રત્યયવાળી નહીં પણ સમાસાત્મક ગણી છે; 'ના'નું સ્વતંત્ર પ્રચલન ઘણું મર્યાદિત હોઈ એને અહીં પ્રત્યયમાં જ સમાવ્યો છે.



	વિશેષણસાધક	સંજ્ઞાસાધક	વિશેષણસાધક	વિશેષણસાધક
અ	અખૂટ, અભણ	અજંપો, અછત	અજોડ, અમૂલ્ય	અનામી, અજુગતું
અણ	અણઘડ, અણનમ	અણગમો, અણબનાવ	અણમૂલ	અણસમજુ, અણધાર્યું
ક	–	કટેવ, કજોડું	કજાત	–
સ	–	સપૂત	સચોટ, સફળ	
વણ	–		વણખપ, વણહિસાબ	વણલોભી, વણમાગ્યું
બદ	–		બદનામ, બદનસીબ	–
ગેર	–	ગેરફાયદો, ગેરવર્તણૂક	–	ગેરકાનૂની, ગેરવાજબી
ના	–		નાવારસ, નાસમજ	નાપસંદ, નાખુશ
બે	–	બેઆબરૂ, બેકાળજી	બેકદર, બેધ્યાન	
બિન	–	બિનઆવડત		બિનજરૂરી, બિનશરતી

આમાંના કોઈ પ્રત્યયો ક્વચિત્ ક્રિયાવિશેષણ કે સંજ્ઞાને લાગી ક્રિયાવિશેષણ બનાવે છે : વણપ્રયત્ને, સજોડે, ગેરકાયદે, બેવખત[૪] ઇ૦.

[૩] સંસ્કૃત તત્સમ પરપ્રત્યયો

: ૧ : ગુજરાતીમાં જોવા મળતા પરપ્રત્યયોની વિપુલતા અને વ્યાપકતાને કારણે એમને ત્રણ વિભાગોમાં વહેંચીને વિચારવા ઠીક પડશે : (૧) સંસ્કૃત તત્સમ પ્રત્યયો, (૨) ગુજરાતી તદ્ભવ પ્રત્યયો અને (૩) ફારસી પ્રત્યયો. પહેલાં સંસ્કૃત તત્સમ પ્રત્યયોનો વિચાર કરીએ.

સંસ્કૃત તત્સમ પરપ્રત્યયોને બે વર્ગોમાં વિભક્ત કરી શકાય : (ક) મૂળ ધાતુરૂપ – આખ્યાતિક – અંગોને લાગતા પ્રત્યયો, જેમને સંસ્કૃત વ્યાકરણની પરિભાષામાં કૃત્

૪. 'બેવખત'ને 'બેવખતે'નો સંક્ષેપ ગણીએ તો ક્રિયાવિશેષણને જ પ્રત્યય લાગેલો ગણવો પડે. આમેય 'વખતે' ક્રિયાવિશેષણ તરીકે આવી શકે છે. તો સંજ્ઞાને પ્રત્યય લાગેલો માનવાની જરૂર રહે નહીં.

પ્રત્યયો કહેવામાં આવ્યા છે; (ખ) મૂળ ધાતુઓ પરથી સિદ્ધ થયેલા નામિક અંગોને લાગતા પ્રત્યયો, જેમને સંસ્કૃત વ્યાકરણમાં તદ્ધિત પ્રત્યયો કહેવામાં આવ્યા છે. આપણે એમને અનુક્રમે આખ્યાતિક અને નામિક પ્રત્યયો જ કહીશું.

ગુજરાતીમાં સંસ્કૃત તત્સમ શબ્દસામગ્રી વિપુલ પ્રમાણમાં વપરાય છે. એમાં ઘણાંબધાં પ્રત્યયસિદ્ધ અંગો છે. આ બધાંની નોંધ લેવી અહીં શક્ય નથી. એ શબ્દો ગુજરાતીમાં પ્રત્યયસિદ્ધ રૂપે જ આવ્યા છે અને ઘણે ઠેકાણે પ્રત્યયની અલગ ઓળખ પણ લુપ્ત થઈ ગઈ છે. એટલે અહીં આપણે સંસ્કૃતના એવા પ્રત્યયોનો ઉલ્લેખ કરીશું જેનાં ઘણાંબધાં ઉદાહરણો ગુજરાતીમાં વ્યાપક પ્રચારમાં હોય અને જેના અર્થની સભાનતા જળવાયેલી હોય.

: ૨ : આ જાતના સંસ્કૃતના આખ્યાતિક પરપ્રત્યયો આટલા ગણી શકાય : અન / અણ, તિ, અક, તૃ (તા), માન, ત, ઇત, અનીય, તવ્ય અને ય.

આખ્યાતિક પ્રત્યય તરીકે 'અન/અણ' ત્રણ જુદાંજુદાં કાર્યો કરે છે :

(૧) એ ક્રિયાવાચક કે ભાવવાચક સંજ્ઞા બનાવે છે : વાચન (વાચ્), લેખન (લિખ્–લેખ્), મરણ (મૃ–મર્), ભજન (ભજ્), ભોજન (ભુજ્–ભોજ્), દર્શન (દશ્–દર્શ્), શ્રવણ (શ્રુ–શ્રવ્); (સ્ત્રીલિંગમાં 'અના/અણા') આલોચના (આલોચ્), રચના (રચ્), સાધના (સાધ્), વિચારણા (વિચાર્) ઇ૦.

(૨) સાધનવાચક સંજ્ઞા બનાવે છે : વદન (વદ્), નયન (ની–નય્), ચરણ (ચર્) ઇ૦.

(૩) કર્તૃવાચક વિશેષણ (જે ઘણે ઠેકાણે સંજ્ઞારૂપ બની ગયેલ છે) બનાવે છે : રમણ (રમ્), નંદન (નંદ્), મોહન (મોહ્), ભીષણ (ભીષ્), મધુસૂદન (મધુ+સૂદ્) ઇ૦.

આ પ્રત્યય 'અણ' રૂપે ક્વચિત્ ગુજરાતી તદ્ભવ અંગોને લાગી ક્રિયાવાચક સંજ્ઞા બનાવે છે – જેમકે, સુધારણા; કર્તૃવાચક વિશેષણ બનાવે છે – જેમકે, માગણ, રથખેડણ, દુઃખફેડણ.

ક્રિયાવાચક કે ભાવવાચક સંજ્ઞા બનાવનાર બીજો મહત્ત્વનો આખ્યાતિક પ્રત્યય 'તિ' (સંધિ થતાં 'ધિ' 'ટિ' 'ઢિ' ઇત્યાદિ) છે : કૃતિ (કૃ), પ્રીતિ (પ્રી), સ્થિતિ (સ્થા), ગતિ (ગમ્), શક્તિ (શક્), ભક્તિ (ભજ્), બુદ્ધિ (બુધ્), સૃષ્ટિ (સૃજ્), રૂઢિ (રુહ્).

કર્તૃવાચક વિશેષણ બનાવનાર બે આખ્યાતિક પ્રત્યય નોંધપાત્ર છે :

(૧) 'અક' : પાલક (પાલ્), હિંસક (હિંસ્), ગાયક (ગૈ–ગાય્), નર્તક (નૃત્–નર્ત્) ઇ૦. સ્ત્રીલિંગમાં 'ઇકા' : ગાયિકા, નર્તિકા ઇ૦

(૨) 'તૃ (તા)' : કર્તા (કૃ–કર્), ભોક્તા (ભૂજ્–ભોજ્), દ્રષ્ટા (દશ્) ઇ૦.

'માન' 'ત' 'ઇત' 'અનીય' 'તવ્ય' અને 'ય' કૃદન્તવાચક વિશેષણ બનાવનાર પ્રત્યયો છે, પરંતુ આ પ્રત્યયથી સિદ્ધ થયેલાં રૂપો ગુજરાતીમાં આખ્યાતિક રૂપો તરીકે વપરાતાં નથી, કેવળ વિશેષણ તરીકે જ વપરાય છે એટલે આપણે એમની અહીં જ નોંધ લઈએ છીએ.

(૧) 'માન' : વર્તમાનકૃદંતવાચક છે એટલેકે ચાલુ ક્રિયાની સ્થિતિ દર્શાવે છે : વર્ધમાન (વૃધ્–વર્ધ્), પ્રકાશમાન (પ્રકાશ્), શોભાયમાન (શુભ્–શોભ્–શોભાય્) ઇ૦.

(૨) 'ત' (સંધિમાં 'ધ' 'ઢ' 'ન') અને (૩) 'ઇત' ભૂતકૃદન્તવાચક છે એટલેકે પૂરી થયેલી ક્રિયાની સ્થિતિ દર્શાવે છે : જિત (જિ), મુક્ત (મુચ્), ક્ષુબ્ધ (ક્ષુભ્), બદ્ધ (બધ્), ગૂઢ (ગુહ્), પૂર્ણ (પૂર્), છિન્ન (છિદ્); પૂજિત (પૂજ્), કથિત (કથ્), ઇ૦.

(૪) 'અનીય' (૫) 'તવ્ય' અને (૬) 'ય' વિધ્યર્થકૃદન્તવાચક છે એટલેકે ક્રિયા કરવાની યોગ્યતા દર્શાવે છે : આચરણીય (આચર્), વંદનીય (વંદ્); વક્તવ્ય (વચ્), ક્ષંતવ્ય (ક્ષમ્); સહ્ય (સહ્), ત્યાજ્ય (ત્યજ્) ઇ૦.

: ૩ : ગુજરાતીમાં સંસ્કૃત નામિક પરપ્રત્યયોની સંખ્યા વધારે છે અને નામિક અંગસિદ્ધિ વધારે પરિચિત પણ છે. સંસ્કૃત નામિક પરપ્રત્યયોને આપણે સંજ્ઞાસાધક (બહુધા ભાવવાચક સંજ્ઞાસાધક), વિશેષણસાધક અને અંગવિસ્તારક (કે સ્વાર્થિક) એવા વિભાગોમાં વહેંચી શકીએ. વિશેષણસાધક પ્રત્યયો કર્તૃવાચક (કે જ્ઞાતૃવાચક '-ને જાણનાર' એ અર્થના), અપત્યાર્થવાચક ('-નું સંતાન' એ અર્થના), સ્વામિત્વવાચક ('-ને ધરાવનાર' એ અર્થના) અને અન્ય સંબંધોના વાચક (-ને વિશેનું' '-ને લગતું' '-ના સ્થાનનું' '-ના જેવું' '-ને યોગ્ય' '-ને અનુસરતું' વગેરે અર્થના) – એમ ભિન્નભિન્ન પ્રકારનાં વિશેષણો બનાવે છે. એમાંથી ઘણાં કર્તૃવાચક, અપત્યાર્થવાચક અને સ્વામિત્વવાચક વિશેષણો સંજ્ઞા તરીકે વપરાય છે. પરંતુ એ મૂળભૂત રીતે વિશેષણો હોવાથી એમને અહીં વિશેષણમાં જ ગણ્યાં છે. મહત્ત્વના નામિક પ્રત્યયો નીચે પ્રમાણે છે.

'અ' અને 'ય' પ્રત્યય ઘણી વિવિધ રીતે વપરાય છે :

(૧) ભાવવાચક સંજ્ઞા બનાવે છે : ગૌરવ (ગુરુ), કૌશલ (કુશલ+અ); માધુર્ય (મધુર), સૌન્દર્ય (સુન્દર) ઇ૦.

(૨) જ્ઞાતૃવાચક વિશેષણ બનાવે છે : વૈયાકરણ (વ્યાકરણ+અ).

(૩) અપત્યાર્થવાચક વિશેષણ બનાવે છે : રાઘવ (રઘુ), પૌત્ર (પુત્ર+અ); (સ્ત્રીલિંગનો 'ઈ' લાગતાં) પાર્વતી (પર્વત), જાનકી (જનક); મનુષ્ય (મનુષ્), દૈત્ય (દીતિ) ઇ૦.

(૪) અન્ય સંબંધવાચક વિશેષણો બનાવે છે : શૈવ (શિવ), પાર્થિવ (પૃથ્વી), ચાક્ષુષ (ચક્ષુષ્); ગ્રામ્ય (ગ્રામ), અન્ત્ય (અંત), ધર્મ્ય (ધર્મ) ઇ૦.

(૫) અંગને સ્વાર્થે વિસ્તારે છે : બાંધવ (બંધુ), રાક્ષસ (રક્ષસ્); માલ્ય (માલા), સૈન્ય (સેના) ઇ૦.

'અ' અને 'ય'ની પેઠે 'તા' અને 'ત્વ' પણ ભાવવાચક સંજ્ઞાઓ બનાવે છે : ગુરુત્વ, ગુરુતા, ઉચ્ચત્વ, ઉચ્ચતા, ધવલત્વ, ધવલતા, નમ્રતા, દીનતા ઇ૦.

આ પ્રત્યયો બહુધા વિશેષણ પરથી ભાવવાચક સંજ્ઞા બનાવે છે, પણ કેટલાંક ઉદાહરણો સંજ્ઞા પરથી સંજ્ઞા બનાવવાનાં પણ મળે છે. સંજ્ઞા પરથી ભાવવાચક સંજ્ઞાનાં આ ઉદાહરણો જુઓ : મનુષ્યત્વ, પશુતા, સખ્ય (સખા+ય), કૌમાર (કુમાર+અ) ઇ૦.

વિશેષણસાધક પ્રત્યયો ઘણાબધા છે. એમાંથી કેટલાક તો એકથી વધુ પ્રકારનાં વિશેષણો બનાવે છે.

'ઇક' પ્રત્યય કર્તૃવાચક ('નૈયાયિક' 'વૈજ્ઞાનિક' ઇ૦), સ્વામિત્વવાચક ('ધનિક' 'પથિક' 'રસિક' ઇ૦) અને સામાન્ય સંબંધવાચક ('શારીરિક' 'વાર્ષિક' ઇ૦) વિશેષણો બનાવે છે.

'એય' બહુધા અપત્યાર્થવાચક વિશેષણ બનાવે છે – ગાંગેય (ગંગા), ભાગિનેય (ભગિની); ક્વચિત્ સામાન્ય સંબંધવાચક ('-ને માટેનું' એવા અર્થનું) વિશેષણ બનાવે છે – પાથેય (પથ), આતિથેય (અતિથિ).

'અ' 'ય' 'ઇક' 'એય' ઉપરાંતના સંબંધવાચક વિશેષણસાધક બીજા નોંધપાત્ર પ્રત્યયો છે 'ઈય' અને 'ઈન' : ભારતીય, રાષ્ટ્રીય, જાતીય, રાજકીય (રાજ+ક+ઈય); સાર્વજનીન, મધ્યકાલીન ઇ૦.

સ્વામિત્વવાચક વિશેષણ બનાવનાર તો 'ઇક' ઉપરાંત ઘણા પ્રત્યયો છે : મત્ (માન્ કે મંત), વત્ (વાન્ કે વંત)[૫], ઇલ, ઇન્(ઈ), વિન્ (વી), આલુ (આળુ) : નીતિમાન, બુદ્ધિમંત; લક્ષ્મીવાન, રૂપવંત; જટિલ, પંકિલ; ભોગી, પક્ષી; માયાવી, તેજસ્વી; દયાળુ, કૃપાળુ. 'મત્' 'વત્' 'ઇન્' 'વિન્' સ્ત્રીલિંગમાં 'ઈ' પ્રત્યય લે છે : રૂપવતી, શીલવતી; પંખિણી; માયાવિની ઇ૦. આમાંથી કોઈ પ્રત્યય ક્વચિત્ તદ્ભવ અંગને પણ લાગે છે : ગાડીવાન.

ઉત્કર્ષવાચક વિશેષણસાધક પ્રત્યયો પણ નોંધવા જોઈએ : તર (ઘોરતર), તમ (ઘોરતમ), ઇયસ્ (શ્રેયસ્), ઇષ્ઠ (શ્રેષ્ઠ). 'ઇયસ્' પ્રત્યયવાળાં અંગો ગુજરાતીમાં વિરલ

૫. 'મંત' અને 'વંત' એ સંસ્કૃતનાં મૂળ બહુવચનનાં રૂપો ગુજરાતીમાં એકવચનમાં પણ વપરાય છે. એ રીતે એમને તદ્ભવ પણ લેખી શકાય. 'વંત' તો લિંગચિહ્ન સાથે પણ આવે છે : શીલવંતું, નસીબવંતું.

છે અને એમાં તુલનાનો અર્થ રહ્યો પણ નથી (જેમકે 'શ્રેયસ્' પરથી 'શ્રેય'). 'ઇષ્ઠ'વાળાં અંગોએ પણ તુલનાનો અર્થ ગુમાવી દીધો છે : સ્વાદિષ્ઠ, ધર્મિષ્ઠ, ઇ૦.

વિશેષણસાધક પ્રત્યયો સામાન્ય રીતે સંજ્ઞાને લાગે છે. ક્વચિત્ એ સર્વનામને (સ્વકીય, પરકીય, ભવદીય) અને ક્વચિત્ વિશેષણને (પ્રાથમિક) લાગે છે. 'તન' પ્રત્યય અવ્યયને જ લાગીને સંબંધવાચક વિશેષણ બનાવે છે : અદ્યતન, ચિરંતન ઇ૦.

છેલ્લે 'અ' અને 'ય' ઉપરાંતના એક અંગવિસ્તારક પ્રત્યયની નોંધ લેવાની રહે છે. તે છે 'ક' (સ્ત્રીલિંગ 'કા' કે પુંલ્લિંગ 'અક'ને વિરોધે સ્ત્રીલિંગ 'ઇકા') : બાલક, બાલિકા, ભિક્ષુક, લઘુક, બટુક, માતૃકા ઇ૦.

: ૪ : સંસ્કૃત તત્સમ પરપ્રત્યયોની માહિતી આપણે નીચે પ્રમાણે ગોઠવી શકીએ :

આખ્યાતિક પરપ્રત્યયો

	સંજ્ઞાસાધક		વિશેષણસાધક	
	ક્રિયાવાચક	સાધનવાચક	કર્તૃવાચક	કૃદંતવાચક
અન	દર્શન	વદન	મોહન	–
તિ	મતિ	–	–	–
અક	–	–	પાલક	–
તૃ (તા)	–	–	ભોક્તા	–
માન	–	–	–	પ્રકાશમાન
ત	–	–	–	મુક્ત
ઇત	–	–	–	પૂજિત
અનીય	–	–	–	પૂજનીય
તવ્ય	–	–	–	ક્ષન્તવ્ય
ય	–	–	–	સહ્ય

[૪] ગુજરાતી તદ્ભવ અંગવિસ્તારક પરપ્રત્યયો

: ૧ : ગુજરાતી તદ્ભવ પરપ્રત્યયોનો વિચાર બે વિભાગમાં કરવાથી વધારે અનુકૂળતા રહેશે : (૧) અંગવિસ્તારક પ્રત્યયો અને (૨) અન્ય પ્રત્યયો.

અંગવિસ્તારક પ્રત્યયો એટલે એવા પ્રત્યયો જે લાગવાથી મૂળ અંગના અર્થમાં

નામિક પરપ્રત્યયો

		વિશેષણસાધક				
સંજ્ઞાસાધક	અંગ-વિસ્તારક	સંબંધ-વાચક	કર્તૃ-વાચક	અપત્ય-વાચક	સ્વામિત્વ-વાચક	ઉત્કર્ષ-વાચક
અ (લાઘવ)	અ (બાંધવ)	અ (શૈવ)	અ (વૈયાકરણ)	અ (રાઘવ)	ઈન્ / ઈ (ભોગી)	તર (ગુરુતર)
ય (સૌન્દર્ય)	ય (સૈન્ય)	ય (ધર્મ્ય)	–	ય (મનુષ્ય)	ઇલ (જટિલ)	તમ (ગુરુતમ)
તા (સુન્દરતા)	ક (બાલક)	ઇક (શારીરિક)	ઇક (નૈયાયિક)	–	ઇક (ધનિક)	ઇયસ્ (શ્રેયસ)
ત્વ (સુન્દરત્વ)		એય (પાથેય)	–	એય (ગાંગેય)	વિન્ / વી (માયાવી)	ઇષ્ઠ (શ્રેષ્ઠ)
		ઈય (ભારતીય)			આલુ/આળુ (દયાળુ)	
		ઈન (મધ્ય-કાલીન)			મત્ / માન્-/ મંત (બુદ્ધિ-માન/મંત)	
					વત્ / વાન્-/ વંત (લક્ષ્મી-વાન/વંત)	

ખાસ કશો ફેરફાર થતો નથી, માત્ર મૂળ અંગ વિસ્તૃત થાય છે. આ પ્રત્યયોને સ્વાર્થિક પ્રત્યયો પણ કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે, છાંયો–છાંયડો, ડુંગર–ડુંગરો, કટાર–કટારી, માટી–મટોડી વગેરે. મૂળભૂત રીતે આ પ્રત્યયો લઘુતા, કુત્સા, લાડ, લાલિત્ય, તુચ્છતા, તિરસ્કાર, કોમળતા, હલકાપણું, અનુકંપા ઇત્યાદિ ભાવો કે અર્થછાયાઓ દર્શાવનારા હોય છે, પરંતુ સમય જતાં એમાંના લઘુતા આદિ ભાવો ઘસાઈ જતાં એ મૂળ અંગના અર્થમાં કશો ફેરફાર કર્યા વિના એટલેકે 'સ્વાર્થે', મૂળ અંગને કેવળ વિસ્તૃત

કરનાર તરીકે વપરાય છે; માટે એમને અંગવિસ્તારક પ્રત્યયો ગણ્યા છે. છતાં કેટલાંક ઉદાહરણોમાં એમાં લઘુતા આદિ અર્થો જળવાયેલા પણ દેખાશે. જેમકે, બેટડો, માવડી, નીમુ ઇત્યાદિ શબ્દો લાડનો; આંખડી, ફૂલડું, દડૂલો, ચાંદલિયો ઇત્યાદિ શબ્દો લાલિત્યનો; આભલું, જરીક, રેંટૂડો ઇત્યાદિ શબ્દો લઘુતાનો; તો જીભડી, બામણો, દીપલો ઇત્યાદિ શબ્દો તિરસ્કાર કે અનાદરનો અર્થ ધરાવે છે. સ્ત્રીલિંગના શબ્દો વિશેષપણે લઘુતા, લાલિત્ય, કોમળતા વગેરે અર્થો ધરાવે છે; તો એને વિરોધી પુંલ્લિંગ અને નપુંસકલિંગના શબ્દો અલઘુતા, દોદળાપણું, કઢંગાપણું ઇત્યાદિ અર્થો પણ ધરાવે છે. પરંતુ આ વિશે વિશેષ વિચાર આપણે લિંગભેદના અર્થોની ચર્ચા વખતે કરીશું.

: ૨ : અંગવિસ્તારક પ્રત્યયો સંજ્ઞા તેમજ વિશેષણને લાગી અનુક્રમે સંજ્ઞા તેમજ વિશેષણ બનાવે છે. વ્યક્તિવાચક સંજ્ઞાને અંગવિસ્તારક પ્રત્યયો વિપુલ પ્રમાણમાં લાગે છે. ક્વચિત્ ક્રિયાપદને પણ અંગવિસ્તારક પ્રત્યય લાગેલો હોય એવું જોવા મળે છે, જેમકે, હીંચ–હીંચક, અડ–અડક, સર–સરક, ઢળ–ઢળક ઇત્યાદિ.

: ૩ : કેટલાક શબ્દોમાં અંગવિસ્તારક કશો જુદો પ્રત્યય જોવા મળતો નથી. પરંતુ મૂળ લિંગચિહ્ન વિનાના અંગને લિંગચિહ્ન લાગીને એનું ઘડતર થયેલું હોય છે, જેમકે, રોપ–રોપો, ડોક–ડોકી, મૂરખ–મૂરખું વગેરે. અહીં લિંગવાચક પ્રત્યયો અંગવિસ્તારક તરીકે કામ કરે છે એમ કહી શકાય.

બીજા અંગવિસ્તારક મૂળભૂત પ્રત્યયો છે 'ઉ' 'ક' 'ખ' 'ટ' 'ડ' 'લ' અને 'ળ'. લિંગવાચક પ્રત્યયો તેમજ આ મૂળભૂત પ્રત્યયોનાં કેટલાંક મિશ્ર અને (આગળ કે વચ્ચે સ્વરના ઉમેરણવાળાં) વિસ્તૃત રૂપો પણ અંગવિસ્તારક પ્રત્યયોમાં જોવા મળે છે, જેમકે, 'વ'[૬] 'કડ' 'કલ' 'ડલ' 'રડ' 'લડ' 'આટ' 'આડ' 'આળ' 'ઈક' 'ઈડ' 'ઊક' 'ઊડ' 'ઊલ' 'ઉકડ' 'ઉકલ' 'કુડ' 'ઇય'[૭] 'ડિય' 'લિય' 'આટિય' 'ઉડિય' 'ઉલિય' 'કુડિય' 'ઓડિય' 'ઓલિય' 'ઓળિય'. આમ, અંગવિસ્તારક પ્રત્યયોની બહુલતા ધ્યાન ખેંચે એવી છે.

'ઉ' સિવાયના બધા જ અંગવિસ્તારક પ્રત્યયો લિંગચિહ્નો લે છે. મોટા ભાગના

---

૬. મૂળભૂત રીતે આ પ્રત્યય 'ઉ'કારાન્ત નામોને લિંગવાચક પ્રત્યયો લાગવાથી આવ્યો છે, જેમકે 'લાડુ'+'ઓ'+લાડવો. પછીથી એ સ્વતંત્ર પ્રત્યય બની ગયો, જેમકે 'છોડવો', 'ઝાડવું' વગેરે.

૭. મૂળભૂત રીતે આ પ્રત્યય 'ઇ'કારાન્ત નામોને લિંગવાચક 'ઓ' અને 'ઉ' પ્રત્યયો લાગવાથી આવ્યો છે, જેમકે 'લોભી'+'ઓ''/'ઉ'='લોભિયો''લોભિયું'. પછીથી એ સ્વતંત્ર પ્રત્યય બની ગયો, જેમકે 'કાગળિયો' 'આસનિયું' વગેરે.

ફરજિયાતપણે લે છે, થોડાક વિકલ્પે લે છે.

: ૪ : હવે આપણે અંગવિસ્તારક પ્રત્યયોનાં થોડાંક નમૂનારૂપ ઉદાહરણો જોઈએ (વ્યક્તિવાચક સંજ્ઞાનાં ઉદાહરણો અલગ તારવીને આપ્યાં છે) :

ઓ, ઈ, ઉં	: દાદરો, પાપિયો, કિનારી, કાપડું, મૂરખું; (વ્ય.વા.) છગનો, રંભી.
ઉ, વ	: બાપુ, શિયાળવું, ભુખાળવું; (વ્ય.વા.) જીતુ, વિમુ, જેઠવો.
ક, ઈક, ઊક	: ઢોલક, છૂટક, લોટકો, ઝીંથરકું, નાનકું, દંડીકો, પડીકું, દંડૂકો, મટૂકી; (વ્ય.વા.) ધીરકો, મણકી.
ખ	: ડાળખી, લૂમખું.
ટ, આટ, ઓટ	: પોચટ, ચોરટો, ગપાટો, રૂંવાટી, હાકોટો, રજોટી.
ડ, આડ, ઈડ, ઊડ, ઓડ	: ઢેલડ, જીવડો, એકડો, જીભડી, મુખડું, નાગડું, સીમાડો, રૂંવાડું, ખોટાડું, દેરીડો, વાલીડું, રેંટૂડો, દંતૂડી, થાકોડો, મટોડી, ટાઢોડું; (વ્ય.વા.) કાન્તિડો, સરલાડી, કેશુડો, રંજુડી.
લ, ઊલ	: નણદલ, જાણતલ, મોરલો, તારલી, હાંડલું, માંદલું, દડૂલો, મઢૂલી; (વ્ય.વા.) દીપલો, ચંપલી.
ળ, આળ	: વીજળી, શામળું, પેટાળ, ગોટાળો.
કડ, કલ, ડલ, રડ, લડ, ઉકડ, ઉકલ, કુડ	: નાનકડું, આછકલું, મુખડલું; ચાંદરડું, ભાભલડી, મીઠલડું, બચુકડું, સાચુકલું, નાનકડું; (વ્ય.વા.) દિનકુડો.
ઇય, ડિય, લિય, આટિય, ઉડિય, ઉલિય, ઓડિય, ઓલિય, ઓળિય, કુડિય	: બળદિયો, સાસરિયું, જાડિયું, પેટડિયું, વાંકડિયું, ચાંદલિયો, ચોરાટિયો, ચાંદુડિયો, મેહુલિયો, બાથોડિયું, સાપોલિયું, ડાભોળિયું, નાનકુડિયું; (વ્ય.વા.) નાથિયો, હસુડિયો.

[૫] અન્ય ગુજરાતી તદ્‌ભવ પરપ્રત્યયો

: ૧ : અંગવિસ્તારક સિવાયના તદ્‌ભવ પરપ્રત્યયોની હવે આપણે વાત કરવાની છે. એમને સામાન્ય રીતે આખ્યાતિક અને નામિક એવા વર્ગોમાં વહેંચવામાં આવે છે, પરંતુ આપણે જોઈશું કે કેટલાક પ્રત્યયો આખ્યાતિક તેમજ નામિક બન્ને પ્રકારનાં અંગોને સમાન રીતે લાગે છે. તેથી આપણે ત્રણ વર્ગો સ્વીકારવાના રહે : (૧) આખ્યાતિક તેમજ નામિક અંગોને લાગતા પ્રત્યયો, (૨) કેવળ આખ્યાતિક અંગોને લાગતા પ્રત્યયો અને (૩) કેવળ નામિક અંગોને લાગતા પ્રત્યયો.

આખ્યાતિક અંગોને પ્રત્યયો લાગી સંજ્ઞા કે વિશેષણ બને છે. સંજ્ઞા બહુધા ક્રિયા કે પરિણામનો અર્થ દર્શાવે છે (સંઘરો, સમજણ, ચમકારો); થોડીક સંજ્ઞાઓ સાધનનો (હીંચકો, ટાંકણું)[૮] અને મહેનતાણાનો (છપાઈ, ઘડામણી) અર્થ દર્શાવે છે. વિશેષણો સ્વભાવનો (છૂપું, છટકણું) અને કર્તૃત્વનો (ઠગારું, લૂંટારો) અર્થ દર્શાવે છે. કર્તૃત્વવાચક વિશેષણોમાંથી ઘણાંબધાં સંજ્ઞા તરીકે પ્રયોજાય છે એ સ્પષ્ટ છે.

નામિક અંગોને લાગતા પ્રત્યયોમાં સંજ્ઞા અને વિશેષણને લાગતા પ્રત્યયો જ મુખ્ય છે.[૯] આ પ્રત્યયો સંજ્ઞા અને વિશેષણ બનાવે છે. આ રીતે બનેલી સંજ્ઞાઓમાં મોટા ભાગની ભાવવાચક સંજ્ઞાઓ (દુશ્મનાવટ, મૂરખાઈ, ટાઢાશ, અધીરપ) અને થોડી સાધનવાચક સંજ્ઞાઓ (દિવેટિયું, દિવેલિયું) જોવા મળે છે. સાધિત વિશેષણોને ધંધા કે કર્તૃત્વવાચક વિશેષણો (મહિયારી, આડતિયો, તારણહાર), સ્વામિત્વવાચક વિશેષણો (ગોબરું, આળસુ, ખંતીલું, ગુણિયલ), સામાન્ય સંબંધવાચક વિશેષણો (ગામડિયું, ફરજિયાત), અધિકતાવાચક વિશેષણો (અદકેરું) વગેરે વર્ગોમાં આપણે વહેંચી શકીએ. ધંધા કે કર્તૃત્વવાચક વિશેષણોમાંથી ઘણાં સંજ્ઞા તરીકે વપરાય છે.

સંજ્ઞા કે વિશેષણ પરથી આખ્યાતિક અંગ બન્યાં હોય એવાં પણ થોડાં દૃષ્ટાંતો મળે છે : શરમ–શરમા(વું), લોભ–લોભા, આકળું–અકળા, ગૂંચ–ગૂંચવ, સરખું–સરખાવ, ગુમ–ગુમાવ વગેરે.

: ૨ : અંગસાધક પરપ્રત્યયો લિંગચિહ્ન સાથે આવે છે તેમ લિંગચિહ્ન વિના પણ આવે છે. 'ગૂંથણી'માં 'ણ' પ્રત્યય લિંગચિહ્ન સાથે આવ્યો છે, જ્યારે 'પીંજણ'માં એ જ પ્રત્યય લિંગચિહ્ન વિના આવ્યો છે. લિંગચિહ્નને આ રીતે જુદું પાડવાથી બે નિરર્થક જુદા પ્રત્યયો ગણાવવામાંથી આપણે ઊગરી જઈએ છીએ.

કેટલીક વાર મૂળ અંગ કશા પ્રત્યય વિના (લિંગચિહ્ન વિના કે લિંગચિહ્ન સાથે)

---

૮. સાધનવાચક સંજ્ઞાઓ ક્વચિત્ વસ્તુવાચક કે સ્થાનવાચક અર્થની છાયા ધરાવતી જણાશે. જેમકે, 'પહેરણ' એટલે 'પહેરવાની વસ્તુ'; 'વળગણી' એટલે 'જ્યાં કપડાં વળગાવવામાં આવે તે સ્થાન'. પણ પ્રધાનપણે એ સાધનવાચક છે. 'પહેરવાનું સાધન' 'વળગાવવાનું સાધન' એમ અર્થ પણ કરી શકાય.

૯. એ પ્રત્યયો ક્વચિત્ સર્વનામાદિને લાગે છે. તેનાં દૃષ્ટાંતો આગળ આવશે. પરંતુ આ સિવાય સર્વનામ અને સંખ્યાવાચક વિશેષણોના પોતાના કેટલાક વિશિષ્ટ પ્રત્યયો છે તેનો અહીં નિર્દેશ કરી લઈએ. સર્વનામો પરથી વિશેષણો (આવું, એટલું, જેવડું) અને ક્રિયાવિશેષણો (તેમ, ત્યારે, ત્યાં) બને છે. સંખ્યાવાચક વિશેષણો પરથી સંજ્ઞાઓ (પાંચમ, અગિયારશ) અને વિશેષણો (સાતમું, બેવડું) બને છે. જોઈ શકાશે કે આ સાધિત અંગો મુખ્યત્વે વ્યુત્પત્તિસિદ્ધ છે અને એમાંના પ્રત્યયો એ સિવાય કાર્ય કરતા ખાસ દેખાતા નથી.

બીજા અંગ તરીકે વપરાતું જોવા મળે છે – જેમકે, 'બોલ(વું)' (આખ્યાત) અને 'બોલ' કે 'બોલી' (સંજ્ઞા), 'ગોબર' (સંજ્ઞા) અને 'ગોબરું' (વિશેષણ). અહીં સાધિત અંગ બનાવનાર 'શૂન્યપ્રત્યય' છે એમ આપણે કહીશું. ક્વચિત્ લિંગચિહ્નના લોપથી પણ નવું અંગ બને છે – જેમકે, 'ત્રાંસું' (વિશેષણ) પરથી 'ત્રાંસ'. અહીં પણ 'શૂન્યપ્રત્યય' છે, કેમકે લિંગચિહ્નને આપણે અંગસાધક પ્રત્યયમાં સમાવતા નથી.

: ૩ : આખ્યાતિક અંગને લાગતા પ્રત્યયો આખ્યાતના મૂળ કે સાદા અંગને, કર્મણિ અંગને કે પ્રેરક અંગને પણ લાગી શકે છે. એક જ પ્રત્યય ભિન્નભિન્ન પ્રકારનાં અંગને લાગવાથી ભિન્નભિન્ન સ્વરૂપે દેખાય છે. જેમકે, 'સમજણ' 'રોકાણ' 'દળામણ' એ ત્રણ શબ્દોમાં 'ણ' 'આણ' અને 'આમણ' પ્રત્યયો હોય એવું લાગશે; પરંતુ હકીકતમાં એક જ 'ણ' પ્રત્યય છે. 'સમજ' એ સાદા અંગને 'ણ' લાગવાથી 'સમજણ' થયું. 'રોકા' એ કર્મણિ અંગને 'ણ' લાગવાથી 'રોકાણ' થયું. 'દળાવ' એ પ્રેરક અંગને 'ણ' લાગવાથી સંધિ થઈને, 'દળામણ' થયું.

કેટલીક વાર કર્મણિ કે પ્રેરકના અર્થ વિના પણ એ રીતનું ઘડતર થયેલું જોવા મળે છે, જેમકે, 'ઉડાણ' એટલે ઊડવાની ક્રિયા (ઉડાવાની નહીં), છતાં એનું ઘડતર 'ઊડ' એ સાદા અંગને નહીં પણ 'ઉડા' એ કર્મણિ અંગને 'ણ' લાગીને થયું છે. એ જ રીતે, 'વર્તાવ' એટલે વર્તવાની ક્રિયા (વર્તાવવાની ક્રિયા નહીં), છતાં એનું ઘડતર 'વર્ત' એ સાદા અંગને નહીં પણ 'વર્તાવ' એ પ્રેરક અંગને 'શૂન્યપ્રત્યય' લાગીને થયું છે. કર્મણિના અર્થ વિના કર્મણિની રીતે ઘડતર પામેલા બીજા કેટલાક શબ્દો છે – ઉતરાણ, ચઢાણ, દબાણ વગેરે; પ્રેરકના અર્થ વિના પ્રેરકની રીતે ઘડતર પામેલા બીજા કેટલાક શબ્દો છે – પડાવ, ગભરામણ, અકળામણ, મથામણ, લખાવટ, છણાવટ વગેરે.

: ૪ : ગુજરાતીમાં અંગસાધક તદ્‌ભવ પરપ્રત્યયો તો ઘણાબધા છે. વ્યાપક પ્રચારમાં હોય તેવા અને મહત્ત્વના ગણાય તેવા પરપ્રત્યયોનો એમના કાર્યને અનુલક્ષીને હવે આપણે પરિચય કરીએ. કેવળ આખ્યાતિક અને કેવળ નામિક અંગને લાગતા તથા નામિક તેમજ આખ્યાતિક બન્ને પ્રકારનાં અંગોને લાગતા પ્રત્યયોનો આપણે અલગ વિચાર કરીશું. એમાં લિંગચિહ્ન અને સાદા-કર્મણિ-પ્રેરક એ અંગભેદને આપણે જુદા તારવીશું નહીં.

સૌ પ્રથમ આપણે કેવળ આખ્યાતિક અંગોને લાગતા પ્રત્યયોનો પરિચય કરીએ. એમાં મોટા ભાગના પ્રત્યયો ક્રિયાવાચક સંજ્ઞાઓ જ બનાવે છે. જેમકે,

ટ : ફાવટ, ગભરાટ, સજાવટ, બનાવટ, કચવાટ, પછડાટ/પછડાટી.

ત : બચત, રમત, ભરતી, સમજૂતી[૧૦], લેતી, દેતી.

૧૦. વચ્ચે 'ઊ' ઉમેરાયો છે.

ક : આવક, બીક, બેઠક, છૂટકો, ડૂબકી.

તર : જીવતર, વાવેતર, ગણતરી[૧૧], બળતરા.

'કણ' પ્રત્યય[૧૨] થોડાંક શીલવાચક વિશેષણો બનાવે છે : બીકણ, ભુલકણું, વઢકણું, મારકણું.

'ણ' પ્રત્યય ઘણા અર્થોમાં પ્રયોજાય છે :

(૧) એ ક્રિયાવાચક સંજ્ઞા બનાવે છે – પીંજણ, ગૂંથણી, ગાણું, ભંગાણ, શિખામણ, શિખવણી;

(૨) સાધનવાચક સંજ્ઞા બનાવે છે – પહેરણ, વીંજણો, ગળણું;

(૩) મજૂરી કે મહેનતાણાનો અર્થ દર્શાવતી સંજ્ઞા બનાવે છે[૧૩] – ચરામણ, ઉપડામણી;

(૪) શીલવાચક વિશેષણ બનાવે છે – નમણું, છટકણું, લોભામણું;

(૫) ક્વચિત્ સામાન્ય સંબંધવાચક વિશેષણ બનાવે છે – ઉગમણું, આથમણું; અને

(૬) ક્વચિત્ કર્તૃત્વવાચક વિશેષણ બનાવે છે – માગણ.[૧૪]

: ૫ : હવે નામિક અંગને લાગતા પ્રત્યયો લઈએ. એમાં ભાવવાચક સંજ્ઞા બનાવનાર પ્રત્યયો ઘણાબધા છે. એ બહુધા વિશેષણ પરથી અને ક્વચિત્ સંજ્ઞા પરથી ભાવવાચક સંજ્ઞા બનાવે છે :

વટ[૧૫] : (વિશે. પરથી) ચોખવટ, ઝીણવટ; (સંજ્ઞા પરથી) દુશ્મનાવટ, રાજવટ, ભોગવટો, દિયરવટું.

આશ : (વિશે. પરથી) ચીકણાશ, ટાઢાશ, રતાશ, તીખાશ.[૧૬]

---

૧૧. 'ગણતર'નો વિશેષણ તરીકેનો અનિયમિત પ્રયોગ છે.

૧૨. 'ક'ને સ્વાર્થિક અંશ ગણીએ તો અહીં 'ણ' પ્રત્યય છે એમ કહેવું પડે. જુઓ બોલ–બોલકું–બોલકણું.

૧૩. પ્રેરક અંગ પરથી આવી સંજ્ઞા બને છે.

૧૪. ક્વચિત્ આ પ્રત્યય નામિક અંગ(સંજ્ઞા)ને લાગી સ્વભાવવાચક અને સ્વામિત્વવાચક વિશેષણો બનાવતો જણાય છે – કંકાસણું, ગાભણું વગેરે.

૧૫. પ્રેરક અંગને 'ટ' લાગવાથી 'વટ' થાય છે, જેમકે 'લખાવટ'. એના સાદૃશ્યથી નામિક અંગમાં આ પ્રત્યય આવ્યો હોવાનો સંભવ છે. 'ભોગવટો' એ 'ભોગવ' એ ક્રિયાપદને 'ટ' પ્રત્યય લાગી બનેલી સંજ્ઞા પણ લેખી શકાય.

૧૬. આ પ્રત્યયથી થયેલા શબ્દોમાં રંગ અને સ્વાદની સંજ્ઞાઓ વધુ જોવા મળે છે; ક્વચિત્ આખ્યાતિક અંગને પણ આ પ્રત્યય લાગેલો જોવા મળે છે – ફુલાશ, બોલાશ, વપરાશ, વગેરે.

૫ : (વિશે. પરથી) ઓછપ, સુંવાળપ, અંધાપો, બુઢાપો; (સંજ્ઞા પરથી) મેળાપ, રંડાપો.[૧૭]

પણ : (વિશે. પરથી) સગપણ, ઘડપણ, ભોળપણું, જબરાપણું; (સંજ્ઞા પરથી) બાળપણ, માણસપણું.[૧૮]

આણ : (વિશે. પરથી) પોલાણ, લંબાણ, જુઠાણું, ધિંગાણું.[૧૯]

વેડ[૨૦] : (વિશે. પરથી) ગાંડાવેડા, ધૂર્તવેડા; (સંજ્ઞા પરથી) ગોખણવેડા, વેપારીવેડા.

સ્વામિત્વવાચક વિશેષણો બનાવનાર પણ ઘણા પ્રત્યયો છે. એમાં સંજ્ઞાઓ પરથી જ વિશેષણ બને છે :

આળ[૨૧] : રિસાળ, હેતાળ, ડુંગરાળ, મર્માળું, લોહિયાળું, ઘુઘરિયાળું.

ઇયાળ[૨૨] : રમતિયાળ, અપશુકનિયાળ, ફૂમતિયાળ.

ઈલ : ઘાટીલું, કોડીલું, મોજીલું.

ઇયલ[૨૩] : દમિયલ, ઘાયલ, કોઢિયલ.

વાળ : દવાવાળા, ઝાડુવાળી, કાંટાવાળું.

'હાર' પ્રત્યય સંજ્ઞા પરથી કર્તૃત્વવાચક વિશેષણ બનાવે છે : સરજનહાર, તારણહાર.

'એર' પ્રત્યય વિશેષણ પરથી અધિકતાવાચક વિશેષણ બનાવે છે : અદકેરું, નાનેરું.[૨૪]

'ઇય' પ્રત્યય અનેક અર્થમાં વપરાય છે. એ સંજ્ઞાને જ લાગે છે અને

(૧) સ્વામિત્વવાચક વિશેષણ બનાવે છે – ધમાલિયું, ચીડિયું, પોપટિયું;

---

૧૭. છેલ્લા બે શબ્દો 'મળ' અને 'રાંડ' એ આખ્યાતિક અંગ પરથી બનેલા પણ હોય. 'બળાપો' એ આખ્યાતિક અંગને પ્રત્યય લાગી બનેલો શબ્દ છે. આવાં દૃષ્ટાંતોમાં 'પો' પૂર્વે 'આ' થાય છે એમ કહેવું જોઈએ અથવા 'આપ' પ્રત્યય છે એમ ગણવું જોઈએ.

૧૮. 'બહેનપણી' એ આ પ્રત્યયથી અનિયમિત રીતે બનેલી સામાન્ય સંજ્ઞા છે.

૧૯. 'ફરસાણ' અને 'કડવાણી' એ સંજ્ઞાઓ વસ્તુવાચક બની ગઈ છે.

૨૦. આ પ્રત્યય બહુવચન જ લે છે.

૨૧. સરખાવો પૂર્વે નોંધેલો સં. આલુ/આળુ પ્રત્યય.

૨૨. 'ઈ'કારાંત નામોને 'આળ' લાગવાથી 'ઇયાળ' થાય છે, જેમકે – લોહી+આળ = લોહિયાળ. તેના સાદૃશ્યથી આ પ્રત્યય આવ્યો જણાય છે.

૨૩. આ પ્રત્યય 'ઇય'નું 'લ' દ્વારા વિસ્તૃત થયેલું રૂપ જણાય છે – કોઢિયું + લ = કોઢિયલ.

૨૪. આ દૃષ્ટાંતોમાં અધિકતાનો અર્થ કેટલો રહ્યો છે એ પ્રશ્ન છે; કદાચ 'એર' પ્રત્યય સ્વાર્થિક પ્રત્યય જેવો બની ગયો જણાય છે.

(૨) સામાન્ય સંબંધવાચક વિશેષણ બનાવે છે – ગામડિયું, મફતિયું;

(૩) કર્તૃત્વવાચક વિશેષણ બનાવે છે – આડતિયો, રસોઇયો, ખાંધિયો; તથા

(૪) સાધનવાચક સંજ્ઞા બનાવે છે – સીંચણિયું, ખાંડણિયો.[૨૫]

'ઈ' પ્રત્યય જુદાજુદા અર્થમાં ગુજરાતીમાં પ્રયોજાતો જોવા મળે છે, પણ એનાં મૂળ જુદાંજુદાં હોવા સંભવ છે. આપણે આગળ જોઈ ગયા કે સંસ્કૃતમાં 'ઇન્' સ્વામિત્વવાચક વિશેષણસાધક પ્રત્યય હતો, જે તત્સમ શબ્દોમાં 'ઈ' રૂપે દેખાય છે. આપણે હવે પછી જોઈશું કે ફારસીમાં પણ સામાન્ય સંબંધવાચક વિશેષણસાધક 'ઈ' પ્રત્યય હતો. ગુજરાતી તદ્ભવ શબ્દોમાં જે વિશેષણસાધક 'ઈ' પ્રત્યય દેખાય છે તેના પર આ બન્નેનો પ્રભાવ જણાય છે. તદુપરાંત, ફારસીનો ભાવવાચક સંજ્ઞા બનાવતો 'ઈ' પ્રત્યય પણ તદ્ભવ સામગ્રીને લાગે છે. એટલે 'ઈ' પ્રત્યયના ત્રણ પ્રયોગો થયા :

(૧) એ સંજ્ઞા પરથી સ્વામિત્વવાચક વિશેષણ બનાવે છે – કેસરી, ટેકી, વસ્તારી, ઝડપી;

(૨) સંજ્ઞા પરથી સામાન્ય સંબંધવાચક વિશેષણ બનાવે છે – પરદેશી, કાઠિયાવાડી, ભાયાતી, વહીવટી, સુથારી, બપોરી;

(૩) વિશેષણ પરથી ભાવવાચક સંજ્ઞા બનાવે છે – ઠંડી, જુવાની, લબાડી, સપાટી.

નામિક અંગ પરથી આખ્યાતિક અંગ બનાવનારા ત્રણેક પ્રત્યયો છે : 'આ', 'અવ', 'આવ'.[૨૬]

'આ' સંજ્ઞા અને વિશેષણ પરથી ભોક્તૃત્વવાચક આખ્યાતિક અંગ બનાવે છે – (સંજ્ઞા પરથી) શરમા, લોભા; (વિશે. પરથી) અકળા વગેરે.

'અવ' અને 'આવ' સંજ્ઞા અને વિશેષણ પરથી કર્તૃત્વવાચક આખ્યાતિક અંગ બનાવે છે – (સંજ્ઞા પરથી) ગૂંચવ; (વિશે. પરથી) સરખાવ વગેરે.

: ૬ : છેલ્લે આખ્યાતિક અને નામિક બન્ને પ્રકારનાં અંગોને લાગતા પ્રત્યયોનો વિચાર કરીએ. એમાં સૌથી મહત્ત્વનો 'શૂન્યપ્રત્યય' છે.

(૧) એ આખ્યાત પરથી ક્રિયાવાચક સંજ્ઞા બનાવે છે – ચાલ, પડકાર, બચાવ, વળગાડ, સંઘરો, બગાડો, બોલી, પારખું;

---

૨૫. 'નાવણિયું' 'રાંધણિયું' જેવા શબ્દોમાં સાધનવાચકતાને સ્થાને સ્થાનવાચકતાનો અર્થ જણાશે. ક્વચિત્ આખ્યાતિક અંગને આ પ્રત્યય લાગીને 'અડવડિયું' 'લથડિયું' જેવી ક્રિયાવાચક સંજ્ઞાઓ બનતી જણાશે.

૨૬. 'આ'નો કર્મણિના 'આ' સાથેનો અને 'અવ' તથા 'આવ'નો પ્રેરકના 'અવ' તથા 'આવ' સાથેનો સંબંધ સ્પષ્ટ છે.

(૨) આખ્યાત પરથી સાધનવાચક સંજ્ઞા બનાવે છે – ઓછાડ, ઝૂલો, ખમણી;

(૩) વિશેષણ પરથી લિંગચિહ્નના લોપ દ્વારા ભાવવાચક સંજ્ઞા બનાવે છે – ત્રાંસ, વાંક, ઉતાવળ;

(૪) લિંગચિહ્ન વડે એ આખ્યાત પરથી સ્વભાવવાચક વિશેષણ બનાવે છે – છૂટું, છૂપું, ઉઘાડું; અને

(૫) લિંગચિહ્ન વડે સંજ્ઞા પરથી સ્વામિત્વવાચક વિશેષણ બનાવે છે – ગોબરું, સુવાવડું.

છેલ્લા બે પ્રકારોમાં લિંગચિહ્ન વિશેષણસાધક તરીકે કામ કરે છે એમ પણ કહી શકાય.

'આર' પ્રત્યય (૧) આખ્યાત પરથી ક્રિયાવાચક સંજ્ઞા બનાવે છે – ઝબકાર, ભંગાર, ઘસારો, મૂંઝારો, કંપારી, ધ્રુજારી;

(૨) આખ્યાત તેમજ સંજ્ઞા પરથી કર્તૃત્વવાચક વિશેષણ બનાવે છે – (આખ્યાત પરથી) પીંજારો, લૂંટારો, રંગારો, ઠગારું, ધુતારું; (સંજ્ઞા પરથી) કઠિયારો, વણજારો, મહિયારી, પાણિયારી.

'આટ'[૨૭] પ્રત્યય (૧) મુખ્યત્વે આખ્યાતિક અંગોને લાગે છે અને ક્રિયાવાચક સંજ્ઞા બનાવે છે – પમરાટ, તલસાટ, મલકાટ, ખખડાટ, ખળભળાટ, ટળવળાટ.

(૨) આ પ્રત્યય ઘણાંબધાં રવાનુકારી દ્વિરુક્ત અંગોને લાગે છે. તેમાંથી કેટલાંકના દ્વિરુક્ત અંશને સંજ્ઞા ગણીએ તો આ પ્રત્યય સંજ્ઞા પરથી ભાવવાચક સંજ્ઞા બનાવે છે એમ કહી શકાય – કિલકિલાટ, ટપટપાટ, ટકટકાટ.

(૩) ક્વચિત્ આ પ્રત્યય વિશેષણ પરથી ભાવવાચક સંજ્ઞા પણ બનાવે છે – ખારાટ, ગરમાટો.

'આઈ' પ્રત્યય આખ્યાત, સંજ્ઞા અને વિશેષણ પરથી સંજ્ઞાઓ બનાવે છે :

(૧) આખ્યાત પરથી એ ક્રિયાવાચક સંજ્ઞા બનાવે છે – ચડાઈ, કમાઈ, છપાઈ; અને

(૨) આખ્યાત પરથી મહેનતાણાવાચક સંજ્ઞા બનાવે છે – ઘડાઈ, ભરાઈ;

(૩) ક્વચિત્ સંજ્ઞા પરથી અને બહુધા વિશેષણ પરથી એ ભાવવાચક સંજ્ઞા બનાવે છે – (સંજ્ઞા પરથી) માણસાઈ, પટલાઈ; (વિશેષણ પરથી) મૂરખાઈ, સાદાઈ, લંબાઈ.

વિશેષણ બનાવનારા બે પ્રત્યયો છે – 'ઉ' અને 'આઉ'.

---

૨૭. 'ટ' પ્રત્યય કર્મણિ અંગમાં 'આટ' રૂપ લે (ઉશ્કેરાટ, પછડાટ) તેના સાદૃશ્યથી આ પ્રત્યય આવ્યો હોય એવી સંભાવના છે. 'આટ' પ્રત્યયવાળાં કેટલાંક અંગો ક્રિયાવિશેષણ તરીકે પણ વપરાય છે – ઘસઘસાટ, સડસડાટ.

'આઉ' પ્રત્યય (૧) આખ્યાત પરથી શીલવાચક વિશેષણ બનાવે છે – ટકાઉ, શિખાઉ; અને

(૨) સંજ્ઞા પરથી સામાન્ય સંબંધવાચક વિશેષણ બનાવે છે – ખેતરાઉ, સુતરાઉ, વગડાઉ.

'ઉ' પ્રત્યય (૧) આખ્યાત પરથી બહુધા કર્તૃત્વવાચક વિશેષણો બનાવે છે – ખેડુ, ઉતારુ, જાણભેદુ, વાટપાડુ, સમજુ, ઘરરખુ, કમાઉ;

(૨) સંજ્ઞા પરથી એ કેટલાંક સામાન્ય સંબંધવાચક વિશેષણો બનાવે છે – શિયાળુ, ઉનાળુ, બજારુ;

(૩) કેટલાંક સ્વામિત્વવાચક વિશેષણો બનાવે છે – લાલચુ, આળસુ.

: ૭ : હવે આપણે આખ્યાતિક-નામિક બન્ને પ્રકારના ગુજરાતી તદ્‌ભવ પર-પ્રત્યયોને, એમના મહત્ત્વના પ્રયોગોને અનુલક્ષીને, કોઠામાં ગોઠવી જોઈએ, જેથી એનું સમગ્ર ચિત્ર ઉપસ્થિત થાય. એમાં જે પ્રત્યયો બીજી રીતે આવવા ઉપરાંત અંગવિસ્તારક તરીકે કાર્ય કરે છે તેમનો એ રીતનો નિર્દેશ કર્યો છે, પણ કેવળ અંગવિસ્તારક પ્રત્યયોને સમાવ્યા નથી. આખ્યાતિક અંગ બનાવનાર પ્રત્યયો પણ કોઠામાં લીધા નથી.

ગુજરાતી તદ્‌ભવ પરપ્રત્યયો

કાર્ય → / ↓ પ્રત્યય	સંજ્ઞાસાધક						વિશેષણસાધક							
	ક્રિયાપદ પરથી		સાધનવાચક		ભાવવાચક		કર્તૃવાચક		સંબંધવાચક		શીલવાચક		સ્વામિત્વ-વાચક	અંગ-વિસ્તારક
	ક્રિયા-વાચક	મહેનતાણા-વાચક	ક્રિયા પરથી	સંજ્ઞા પરથી	વિશે. પરથી	સંજ્ઞા પરથી	ક્રિયા પરથી	સંજ્ઞા પરથી	ક્રિયા પરથી	સંજ્ઞા પરથી	ક્રિયા પરથી	સંજ્ઞા પરથી	સંજ્ઞા પરથી	
શૂન્ય	સંઘરો		ઝૂલો		વાંક						છૂપું		ગોબરું	
ણ	પીંજણ	ચરામણ	ગળણી				માગણ		આથમણું		નમણું			
ક	ડૂબકી													કણકી
તર	ભણતર													
ત	રમત													
આર	ઘસારો						રંગારો	મઢિયારી						
આઈ	લડાઈ	ઘડાઈ			સાદાઈ	પટલાઈ								
આટ	પમરાટ				ગરેમાટો									ચપાટો
ટ	કચવાટ													પોપટ
વટ					ચોખવટ	વહીવટ								
વેડ					ગાંડાવેડા									
પ					ઓછપ									
પણ					ગાંડપણ	બાળપણ								
આશ					ખારાશ									
ઈ					જુવાની					દેશી			ઝડપી	કટારી
આણ					લંબાણ									
કણ											વઢકણું			
આઉ										વગડાઉ	ટકાઉ			
ઉ							ખેડુ			બજારુ		લાલચુ		બાપુ
ઇય				ગીંચણિયું				આડતિયો		ગામડિયું			ધમાલિયું	જાડિયું
આળ													હૂંફાળું	પેટાળ
ઇયાળ													રમતિયાળ	
ઈલ													ઘાટીલું	
ઇયલ													દમિયલ	
હાર								તારણહાર						
વાળ								રસવાળું						

[૬] ફારસી વગેરે પરપ્રત્યયો

: ૧ : ગુજરાતી ભાષાના શબ્દરાશિમાં ફારસી ભાષાનો ઘણો ફાળો છે એ આપણે આગળ નોંધી ગયા છીએ. એમાં પ્રત્યયોથી સાધિત શબ્દો પણ હોય જ. અહીં આપણે એવા થોડાક અંગસાધક પ્રત્યયોની નોંધ લઈશું જેનાથી બનેલા ઘણા શબ્દો આપણે ત્યાં પ્રચલિત હોય, જેના પ્રત્યયસ્વરૂપ અંગે આપણે સભાન હોઈએ અને જેને આપણે નવા શબ્દોના ઘડતરમાં ઉપયોગમાં લેતા હોઈએ. આ જાતના પ્રત્યયો નામિક અંગોમાં જ જોવા મળે છે.

આમાં એક મહત્ત્વનો પ્રત્યય 'ઈ' છે. સંસ્કૃતમાંથી ઊતરી આવેલા 'ઈ' પ્રત્યય

સાથે એની કાર્યની સમાનતા હોવાથી, ગુજરાતી તદ્‌ભવ પ્રત્યયોને પણ એ લાગતો હોવાથી, આપણે એનો આગળ ઉલ્લેખ કરી ગયા છીએ. એટલે હવે અહીં ફારસી શબ્દોનાં ઉદાહરણો લઈને જ એ પ્રત્યયની ઓળખ કરીશું. એ પ્રત્યય

(૧) બહુધા વિશેષણ પરથી અને ક્વચિત્ સંજ્ઞા પરથી ભાવવાચક સંજ્ઞા બનાવે છે – (વિશે. પરથી) નેકી, ખુશી, ખૂબી, ગરમી, નફાખોરી, દગલબાજી; (સંજ્ઞા પરથી) દોસ્તી, ફકીરી;

(૨) સંજ્ઞા પરથી સામાન્ય સંબંધવાચક વિશેષણ બનાવે છે – જંગલી, શહેરી, આસમાની, હવાઈ.

વિશેષણ અને સંજ્ઞા પરથી ભાવવાચક સંજ્ઞા બનાવનારા બીજા પ્રત્યયો છે 'ગી' અને 'ગીરી' : (વિશે. પરથી) તાજગી, બંદગી, પસંદગી, માંદગી; ઉડાઉગીરી; (સંજ્ઞા પરથી) પરવાનગી, પેશગી; ગુલામગીરી, સોદાગીરી, દાદાગીરી, ગુંડાગીરી.

કર્તૃત્વવાચક અને સ્વામિત્વવાચક વિશેષણ બનાવનાર પ્રત્યયોની બહુલતા અને એના પ્રચારની વ્યાપકતા ધ્યાન ખેંચે છે. મહત્ત્વના થોડાક પ્રત્યયો છે 'દાર' 'ખોર' 'ગર' 'બાજ'[૨૮] અને 'ચી'. એ બધાં સંજ્ઞા પરથી નીચેના પ્રકારનાં વિશેષણ બનાવે છે :

(૧) 'દાર' સ્વામિત્વવાચક છે : દુકાનદાર, જમીનદાર, ધારદાર, સમજદાર, પાણીદાર, પગારદાર, ચોકીદાર, ઘેરદાર, ચમકદાર.

(૨) 'ખોર' 'ગર' અને 'બાજ' કર્તૃત્વવાચક છે[૨૮] : દગાખોર, નફાખોર, મસ્તીખોર, ચુગલીખોર, ઘૂસણખોર; જાદુગર, કીમિયાગર, ચૂડગર; કસરતબાજ, હિંમતબાજ, કુસ્તીબાજ, ચાલબાજ, નિશાનબાજ.

(૩) 'ચી' કર્તા કે વ્યવસાયી દર્શાવે છે : મશાલચી, તોપચી, તબલચી.

અંગવિસ્તારક – બહુધા લઘુતાદર્શક – 'ચ' પ્રત્યય સંજ્ઞાને લાગી સંજ્ઞા બનાવે છે. એ નોંધપાત્ર છે કે એ પ્રત્યય ગુજરાતી લિંગચિહ્નો લે છે: બગીચો, નકૂચો, ગળચી, ડોલચું, ઢીમચું, નાળચું.

'વાર'ને આપણે ક્રિયાવિશેષણસાધક પ્રત્યય તરીકે નોંધી શકીએ : નામવાર, વર્ગવાર વગેરે.

: ૨ : આ સિવાય ગુજરાતીમાં કોઈકોઈ હિન્દી (કર્તૃત્વવાચક 'વૈય' : લડવૈયો), મરાઠી (ભાવવાચક સંજ્ઞાસાધક 'ણૂક' : વર્તણૂક) અને પંજાબી (કર્તૃત્વવાચક 'અન્દ' : ખેલન્દો) પ્રત્યયો ઊતરી આવ્યા છે. પરંતુ એની વ્યાપકતા ઘણી ઓછી હોવાથી એની વિશેષ નોંધ લેવાની જરૂર નથી.

---

૨૮. 'ખોર' 'ગર' 'બાજ' મૂળભૂત રીતે આખ્યાત છે, પણ ગુજરાતીમાં એ આખ્યાત તરીકે સ્વતંત્ર રીતે વપરાશમાં નહીં હોવાથી એમને અહીં પ્રત્યયરૂપ બની ગયેલા લેખ્યા છે.

સંદર્ભ

ગુજરાતી તદ્‌ભવ અંગસાધક પ્રત્યયો : દેસાઈ (૧); દેસાઈ (૨), પૃ.૩૩૧–૩૫૮.
અંગસાધક પ્રત્યયો (પૂર્વગ, તદ્ધિત, કૃત્) : વ્યાસ (૧) પૃ.૧૬૩–૧૮૮; કાર્ડોના, એકમ ૭; વ્યાસ યોગેન્દ્ર (૪), પૃ.૧૩૯–૧૯૨.
અંગવિસ્તારક પ્રત્યયો : ભાયાણી (૧), પૃ.૨૦૯–૨૧૯; ભાયાણી (૨), પૃ.૧૧૪–૧૨૫; દેસાઈ (૨), પૃ.૩૫૮–૩૬૮.
ફારસી પ્રત્યયો : નાયક, પૃ.૩૪૧–૩૫૧, ૩૬૨–૩૬૮, ૩૭૩–૩૭૯.

સ્વાધ્યાય

૧. નીચેના પ્રકારોના બે-બે પ્રત્યયો બે-બે ઉદાહરણો સાથે આપો :
(૧) કુત્સાવાચક સંસ્કૃત પૂર્વપ્રત્યયો.
(૨) અભાવવાચક પૂર્વપ્રત્યયો.
(૩) સંસ્કૃત કૃદન્તવાચક વિશેષણસાધક પરપ્રત્યયો
(૪) કર્તૃત્વવાચક વિશેષણસાધક ગુજરાતી તદ્‌ભવ પરપ્રત્યયો.
(૫) ભાવવાચક સંજ્ઞાવાચક ફારસી પરપ્રત્યયો.

૨. કૌંસમાં આપેલા શબ્દો વડે ખાલી જગ્યા પૂરો :
સંસ્કૃત કૃત્ પ્રત્યય 'અન' ક્રિયાવાચક સંજ્ઞા બનાવે છે, જેમકે _____ ; સાધનવાચક સંજ્ઞા બનાવે છે, જેમકે _____ અને વિશેષણ બનાવે છે, જેમકે _____ . (ભીષણ, નયન, ભ્રમણ)

૩. નીચેના શબ્દોમાં 'ણ' પ્રત્યય કયાં જુદાંજુદાં કાર્યો કરે છે તે જણાવો :
માગણી, ચાળણી, લખામણી, છટકણી.

૪. નીચેના શબ્દોને અંગવિસ્તારક પ્રત્યયો લાગી થતાં વિસ્તૃત રૂપો (દરેકનું એક-એક) આપો :
મૂરખ, છૂટું રજ, થાક, નણંદ, આછું, સાપ.

૫. નીચેના શબ્દોમાં જે-જે અંગસાધક પ્રત્યયો હોય તેની આપેલા નમૂના પ્રમાણે ઓળખ આપો :
અણઆવડત, બેદરકારી, ક્ષણિક, જુદાઈ, સ્વાર્થસાધુ, ડોકિયું, હલકટ, છોગાળું, રંગારો, ઠરાવ.
[નમૂનો : 'અભાવો' :
અ : સંસ્કૃત પૂર્વપ્રત્યય, સંજ્ઞા-અંગ 'ભાવ'ને લાગી સંજ્ઞા બનાવે છે અને અભાવનો અર્થ દર્શાવે છે.
શૂન્ય (લિંગચિહ્ન 'ઓ') : ગુજરાતી પરપ્રત્યય, સંજ્ઞા-અંગ 'અભાવ'ને લાગી સંજ્ઞા બનાવે છે અને સ્વાર્થ દર્શાવે છે (અંગવિસ્તાર કરે છે).]

૬. નીચે આપેલાં પરપ્રત્યય અને એની ઓળખનાં સાચાં જોડકાં ગોઠવી આપો અને સામે યોગ્ય ઉદાહરણ પૂરું પાડો :

પ્રત્યય	ઓળખ	ઉદાહરણ
લ	સાધનવાચક સંજ્ઞાસાધક	
ટ	મહેનતાણાવાચક સંજ્ઞાવાચક	
અક	ક્રિયાવાચક સંજ્ઞાવાચક	
શૂન્યપ્રત્યય	ભાવવાચક સંજ્ઞાવાચક	
આઈ	કર્તૃત્વવાચક વિશેષણસાધક	
આશ	સ્વામિત્વવાચક વિશેષણસાધક	
દાર	સામાન્ય સંબંધવાચક વિશેષણસાધક	
ઇય	અંગવિસ્તારક	

૭. નીચેનાં ઉદાહરણોમાં 'અ' પ્રત્યય કયા અર્થમાં છે તે સાચાં જોડકાં બનાવીને બતાવો :

લાઘવ	અંગવિસ્તારક
બાંધવ	સંજ્ઞાસાધક
શૈવ	અપત્યવાચક વિશેષણસાધક
રાઘવ	સંબંધવાચક વિશેષણસાધક

૧૦

[૧] ગુજરાતીના દ્વિરુક્ત પ્રયોગો


: ૧ : ગુજરાતીમાં કેટલાયે એવા શબ્દપ્રયોગો છે જેમાં કોઈ ધ્વનિ-એકમ કે અર્થ-એકમ એ ને એ સ્વરૂપે કે થોડા વિકાર સાથે બેવડાતો હોય છે અથવા તો શબ્દના એકમો વચ્ચે કંઈક પ્રાસનું તત્ત્વ હોય છે. જેમકે, 'ઠેરઠેર' 'માંડમાંડ' 'કિલકિલ' 'દોડાદોડી' 'કટોકટી' 'ટપોટપ' વગેરેમાં અમુક ધ્વનિએકમનું સંપૂર્ણ પુનરાવર્તન છે, 'ફાટફૂટ' 'ચૂપચાપ' 'રસકસ' 'શાકબાક' 'આસપાસ' 'વાંકુંચૂંકું' 'પૂછગાછ' વગેરેમાં ધ્વનિએકમનું આંશિક પુનરાવર્તન છે અને 'ઢોરઢાંખર' 'ખબર-અંતર' વગેરેમાં બે એકમો વચ્ચે કંઈક વર્ણાનુપ્રાસ અને અંત્યપ્રાસનું તત્ત્વ છે. 'ધનદોલત' 'ખૂનામરકી' વગેરેમાં અર્થ-એકમનું પુનરાવર્તન છે, તો 'નોકરચાકર' 'તોડફોડ' વગેરેમાં ધ્વનિ-એકમ તેમજ અર્થ-એકમ બન્નેની પુનરાવૃત્તિ સાથેલાગી થયેલી છે. આ બધા દ્વિરુક્ત પ્રયોગો છે.

: ૨ : આપણી ભાષામાં એવા કેટલાયે શબ્દો જોવા મળે છે જેમાં વિશિષ્ટ ધ્વનિરચનાથી અવાજની, દૃશ્યતાની કે બીજી ક્રિયાઓને મૂર્ત કરવાનો પ્રયાસ હોય છે. આ શબ્દો રવાનુકારી શબ્દો તરીકે ઓળખાય છે અને એમાં દ્વિરુક્તિનું તત્ત્વ પ્રચુરપણે નજરે પડે છે. જેમકે 'ટપટપ' 'ડુગડુગી'માં અવાજનું અનુકરણ છે, 'ઝળહળ'માં અમુક દૃશ્ય ક્રિયાને રજૂ કરવાનો પ્રયાસ છે, તો 'ગદગદિયા'માં સ્પર્શની લાગણી મૂર્ત કરવામાં આવી છે. 'ગલ્લાંતલ્લાં' અમુક પ્રકારની રીતભાતને વિશિષ્ટ નાદરચનાથી વ્યક્ત કરે છે. આ જાતના રવાનુકારી દ્વિરુક્ત શબ્દોના ઘટકો ઘણી વાર સ્વતંત્ર રીતે અર્થ ધરાવતા નથી અને ભાષામાં છૂટા પ્રયોજાતા નથી; દ્વિરુક્ત રૂપે જ એમનું અસ્તિત્વ હોય છે. જેમકે, 'કચકચ' 'છનાછન' 'ખદબદ' 'રેબઝેબ' વગેરેના ઘટકો 'કચ' 'છન' 'ખદ' વગેરે ભાષામાં છૂટા પ્રયોજાતા નથી.

દ્વિરુક્ત પ્રયોગોમાં રવાનુકરણ ન હોય ત્યારે એનું ઓછામાં ઓછું એક એકમ ભાષામાં સ્વતંત્ર રીતે અર્થ ધરાવતું હોય છે જ. જ્યાં એક જ એકમની સંપૂર્ણ દ્વિરુક્તિ હોય ત્યાં (સાફસાફ, અડોઅડ, પૂરેપૂરું) અને જ્યાં દ્વિરુક્તિમાં સ્વરવ્યંજનભેદ હોય એટલેકે ઘટકો પ્રતિધ્વનિ કે પ્રાસતત્ત્વવાળા હોય ત્યાં બહુધા પૂર્વઘટક (શાકબાક, સાફસૂફ, લીંપીગૂંપી, ઢાંકીઢૂંબી) અને ક્વચિત્ ઉત્તરઘટક (ધંતરમંતર, આજુબાજુ) અર્થ ધરાવતો હોય છે. ઘટકો પ્રતિધ્વનિ કે પ્રાસતત્ત્વવાળા હોય ત્યાં બન્ને ઘટકો પણ સાર્થ હોઈ શકે

છે : જેમકે, તોડફોડ, ઊંચુંનીચું, આશકમાશૂક, ખણખોદ વગેરે. આમાં કેટલીક વાર ઘટકો પર્યાયરૂપ કે પર્યાય જેવા હોય છે – નોકરચાકર, તોડફોડ; તો કેટલીક વાર પરસ્પરવિરુદ્ધ અર્થવાળા હોય છે – ઊંચુંનીચું, નરમગરમ, સવાલજવાબ; તો કેટલીક વાર સાહચર્ય-સંબંધવાળા હોય છે – ખાણીપીણી, બારીબારણાં, નામઠામ.

: ૩ : જેમાં ધ્વનિલક્ષી દ્વિરુક્તિ છે તેવા પ્રયોગોનું આપણે આકૃતિની દૃષ્ટિએ વર્ગીકરણ કરી શકીએ. વર્ગીકરણ આ પ્રમાણે થશે :



હવે આ પ્રકારનાં ઉદાહરણો જોઈએ (લિંગચિહ્નો, વિભક્તિપ્રત્યયો, અંગસાધક પ્રત્યયો આદિને ગણનામાં લીધાં નથી) :

(૧) સંયોજક 'આ'વાળી સંપૂર્ણ દ્વિરુક્તિ : હસાહસ, દોડાદોડી, પક્ષાપક્ષી, સામાસામી, ઉપરાઉપરી, એકાએક, ગરમાગરમ, ફટાફટ, ધમાધમ, ઝપાઝપી વગેરે.

(૨) સંયોજક 'એ'વાળી સંપૂર્ણ દ્વિરુક્તિ : રગેરગ, કાનેકાન, પૂરેપૂરું, ગામેગામ, પોટલેપોટલાં, સાચેસાચું વગેરે.

(૩) સંયોજક 'ઓ'વાળી સંપૂર્ણ દ્વિરુક્તિ : અડોઅડ, જનમોજનમ, રાતોરાત, ભારોભાર, અરધોઅરધ, ટપોટપ, ખીચોખીચ, કટોકટી વગેરે.

(૪) સંયોજક 'અં'વાળી સંપૂર્ણ દ્વિરુક્તિ : ગાળંગાળી, કૂદંકૂદી, ઠોકંઠોક, મારંમાર, ખુલ્લંખુલ્લા વગેરે.

(૫) સંયોજક વિનાની સંપૂર્ણ દ્વિરુક્તિ : વાહવાહ, સાફસાફ, ઠેરઠેર, વાંચવાંચ, અર્ધુંઅર્ધું, જ્યાંજ્યાં, ઝબકઝબક, કિલકિલ, છબછબિયાં વગેરે.

(૬) સંયોજક 'અં' સાથેની પ્રથમ વ્યંજનના આવર્તનયુક્ત આંશિક લોપવાળી દ્વિરુક્તિ : ખંખોળવું, છંછેડવું, ખંખેરવું વગેરે.

(૭) સંયોજક વિનાની પ્રથમ વ્યંજનના આવર્તનયુક્ત આંશિક લોપવાળી દ્વિરુક્તિ : તતડવું, થથરવું, ચચણવું, દદડવું, બબડવું વગેરે.

(૮) આંશિક લોપ છતાં વધુ અંશની દ્વિરુક્તિ : આટઆટલું, ઠેકઠેકાણે, તેવતેવડી, લાગલગાટ વગેરે.

(૯) સ્વરભેદવાળી પ્રતિધ્વનિરૂપ દ્વિરુક્તિ : સાફસૂફ, કાપકૂપ, ઝાડીઝૂડીને, ઠીકઠાક, થીગડથાગડ, ફાટફૂટ, ટાપટીપ; (ક્વચિત્ 'આ' સંયોજક સાથે : ડાઘાડૂઘી, દાણાદૂણી, જટાજૂટ).

(૧૦) પ્રથમ વ્યંજનના ભેદવાળી પ્રતિધ્વનિરૂપ દ્વિરુક્તિ : તોડફોડ, રમતગમત, શાકબાક, ચોપડીબોપડી, બારીફારી, બનીઠનીને, માગ્યુંતાગ્યું, અમુકતમુક, હોશકોશ, તાજુંમાજું, આસપાસ, આડોશીપાડોશી, અલકમલક, ઝરમર, ટગુમગુ, ચટપટી વગેરે.

(૧૧) પહેલા વ્યંજન-સ્વરના ભેદવાળી પ્રતિધ્વનિરૂપ દ્વિરુક્તિ : ઘાલમેલ, એઠુંજૂઠું, વાંકુંચૂંકું, ઓળખીતું-પાળખીતું, કાલુંઘેલું, બાંધીચીંધી, નાગુંપૂગું, પૂછગાછ, વાસણકૂસણ, (કેટલીક વાર સંયોજક 'આ' સાથે : બોલાચાલી, અંધાધૂંધી).

(૧૨) વિશેષ ભેદવાળી છતાં કંઈક વર્ણાનુપ્રાસ ને અંત્યાનુપ્રાસવાળી દ્વિરુક્તિ : ખબરઅંતર, ટાંકાટેભા, ચકરડીભમરડી, આશકમાશૂક, ઢોરઢાંખર, સિપાઇસપરાં, લૂગડાંલત્તાં, ઢાંકીઢૂંબીને વગેરે.

: ૪ : ઉપર ધ્વનિની દ્વિરુક્તિની અંતર્ગત અર્થની દ્વિરુક્તિનાં ઉદાહરણો પણ આવી ગયાં છે. પરંતુ કેવળ અર્થની દ્વિરુક્તિ હોય તેવાં થોડાંક ઉદાહરણો જોઈએ : રદબાતલ, ઠઠ્ઠામશ્કરી, ભેટસોગાત, નોકરીધંધો, ધિંગામસ્તી, પૈસોટકો વગેરે.

કશાયે પ્રાસતત્ત્વ વિનાના વિરુદ્ધાર્થી કે સાહચર્યસંબંધવાળા એકમોનાં જોડકાંની અહીં નોંધ લેવાની જરૂર નથી. કેમકે એમાં અર્થકીય કે ધ્વનિકીય દ્વિરુક્તિના તત્ત્વ જેવું ખાસ કંઈ હોતું નથી.

: ૫ : એ નોંધપાત્ર છે કે આખ્યાતિક અને નામિક બધા પ્રકારનાં પદોની દ્વિરુક્તિ થાય છે. જુઓ :

(૧) આખ્યાતિક પદોની દ્વિરુક્તિ : માર્યોમાર્યો (તે માર્યોમાર્યો ફરે છે), વાંચવાંચ (બહુ વાંચવાંચ શું કરે છે ?), હસાહસ, બનીઠનીને, ઘાલમેલ વગેરે.

(૨) સંજ્ઞાપદોની દ્વિરુક્તિ : માણસમાણસ (માણસમાણસમાં ફેર હોય છે), રગેરગ, ધંતરમંતર, ખબરઅંતર, ભેટસોગાત વગેરે.

(૩) વિશેષણની દ્વિરુક્તિ : અર્ધુંઅર્ધું (બંને અર્ધુંઅર્ધું સફરજન લઈ લેજો), ગરમાગરમ, તાજુંમાજું, ઊંચુંનીચું, રદબાતલ વગેરે.

(૪) ક્રિયાવિશેષણની દ્વિરુક્તિ : માંડમાંડ, ઘેરઘેર, જેમજેમ, ઠેકઠેકાણે, અડખેપડખે વગેરે.

: ૬ : દ્વિરુક્ત પ્રયોગો એ સમાસાત્મક રચનાઓ છે. સમાસ તરીકે એ કયા વર્ગમાં આવે તેનો વિચાર આપણે હવે પછી કરીશું. પરંતુ અહીં આપણે એટલું નોંધી શકીએ કે દ્વિરુક્તિ આવર્તનનો અને એ દ્વારા કેટલીક વાર સરવાળા-સમુચ્ચય-સમગ્રતાનો, તો કેટલીક વાર પ્રત્યેકતાનો, કેટલીક વાર ભાર કે અતિશયતાનો તો કેટલીક વાર સાતત્યનો અર્થ દર્શાવે છે. કેટલીક વાર એમાંથી વિશિષ્ટ અર્થચ્છાયાઓ પણ નિષ્પન્ન થાય છે. દા.ત. 'માણસમાણસમાં ફેર છે' એમ કહેવામાં આવે ત્યારે એક માણસમાં, બીજા માણસમાં, ત્રીજા માણસમાં એમ એકેએક માણસમાં ફેર છે એમ સૂચવાય છે. એટલેકે અહીં દ્વિરુક્તિ પ્રત્યેકતાનો અર્થ વ્યક્ત કરે છે. 'એણે ઘરનો ખૂણેખૂણો તપાસી લીધો' એ વાક્યમાં 'ખૂણેખૂણો' એટલે એક પછી એક બધા ખૂણાઓ – એમ પ્રત્યેકતા સાથે સમગ્રતાનો અર્થ રહેલો છે. 'એણે દોડાદોડી કરી મૂકી' એ વાક્યમાં 'દોડાદોડી' શબ્દ દોડવાની ક્રિયાનું સતત આવર્તન અને તે દ્વારા એની પ્રચુરતા દર્શાવે છે. એ જ રીતે 'ગાળાગાળી' ગાળોનું અતિશય પ્રમાણ દર્શાવે છે, 'ગરમાગરમ' 'ખૂબ ગરમ' એવો અર્થ વ્યક્ત કરે છે. 'તે રાતોરાત ઊપડી ગયો' એવા વાક્યમાં 'રાતોરાત' એટલે 'રાતે ને રાતે જ' એ રીતે ભારપૂર્વક કથન થયું છે.

પ્રતિધ્વનિરૂપ કે પ્રાસતત્ત્વવાળી દ્વિરુક્તિઓ, જેમાં એક ઘટક ભાષામાં સ્વતંત્ર રીતે સાર્થ નથી હોતો, તેમાં પણ એ ઘટક સમાસના અર્થમાં કશીક વિશેષતા તો લાવે છે. 'શાકબાક' એટલે 'શાક અને એના જેવી બીજી વસ્તુઓ'. આમ દ્વિરુક્ત રચના ઇત્યાદિવાચક છે એમ કહેવાય. એ જ રીતે 'તાણીતૂસીને' એટલે 'તાણીને ને એવી બીજી ક્રિયા કરીને' એમ મૂળ અર્થમાં કશાક ભારનું ઉમેરણ થાય છે. પર્યાયઘટકોવાળી દ્વિરુક્તિમાં તો સ્પષ્ટ રીતે જ અર્થને દૃઢાવવાનો ઉદ્દેશ હોય છે.

દ્વિરુક્ત પ્રયોગ આ રીતે ભાષાનો એક લાક્ષણિક પ્રયોગ છે એમ કહી શકાય.

[૨] ગુજરાતીમાં સમાસરચના

: ૧ : ગુજરાતી ભાષામાં જોવા મળતી સમાસરચનાઓની વાત કરવામાં થોડી મુશ્કેલી છે, કેમકે એમાં ગુજરાતી ભાષાની પોતાની લાક્ષણિક સમાસરચનાઓ ઉપરાંત

સંસ્કૃતમાંથી (થોડીક ફારસીમાંથી પણ) આદાન થયેલી પણ ઘણી સમાસરચનાઓ છે. ગુજરાતીમાં ઊતરી આવેલી સંસ્કૃતની સામાસિક રચનાઓમાંથી કેટલીક ગુજરાતીમાં જીવંત રૂપે ટકેલી છે, એટલેકે એવી સમાસરચનાઓ આપણે હજુ કરીએ છીએ તો કેટલીક મર્યાદિત ઉદાહરણોમાં સચવાયેલી છે અને એ જાતનું ઘડતર ગુજરાતીમાં થતું નથી. સંસ્કૃતની સમાસરચનાઓનો વિગ્રહ કઈ રીતે કરવો એ પણ કેટલીક વાર સમસ્યા થઈ પડે છે, કેમકે સંસ્કૃત અને ગુજરાતીની વિભક્તિવ્યવસ્થા વગેરેમાં કેટલાક ધ્યાન ખેંચે એવા ભેદો છે. સંસ્કૃતમાં જે રીતે વિગ્રહ થતો હોય તે રીતે કરવો ગુજરાતીમાં સ્વાભાવિક ન પણ લાગે.

: ૨ : ઉપરાંત, ગુજરાતી વ્યાકરણમાં અત્યાર સુધી સમાસનું સંસ્કૃતનું વર્ગીકરણ, બહુધા તત્સમ સમાસસામગ્રીને અનુલક્ષીને અપાતું આવ્યું છે. ગુજરાતીની તદ્‌ભવ સમાસસામગ્રીને તપાસવાનો અને એનું વર્ગીકરણ કરવાનો કશો પ્રયત્ન થયો નથી. ખરી જરૂર છે તે ગુજરાતી ભાષામાં ચાલુ હોય એવા સમાસઘડતરનું એની ઢબે જ વર્ણન કરવાની. ડૉ. ભાયાણીએ આ અંગે થોડું દિશાસૂચન કર્યું છે. અહીં આપણે એ દિશામાં થોડો વ્યવસ્થિત અને વિગતે વિચાર કરવાનો પ્રયત્ન કરીશું.

: ૩ : સમાસ એટલે બે કે બેથી વધુ પદો ભેગાં મળી એક એકમ બનાવે તે. એમાં ત્રણ પ્રકારની સ્થિતિ જોવા મળે છે :

(૧) કેટલીક સમાસરચનાઓ એવી છે કે જેમાં બધાં પદો એક જ મોભાનાં હોય અને વાક્યમાં સમાન મહત્ત્વ ધરાવતાં હોય. દ્વન્દ્વ સમાસ આ જાતનો સર્વપદપ્રધાન સમાસપ્રકાર છે.

(૨) બીજા કેટલાક સમાસ એવા હોય છે કે જેમાં એક પદ પ્રધાન હોય અને વાક્ય સાથે સીધો સંબંધ ધરાવતું હોય, જ્યારે બીજું પદ એ પદની સાથે વિભક્તિસંબંધે, વિશેષણસંબંધે, ઉપમાન કે ઉપમેયસંબંધે જોડાઈ એને અધીન રહેતું હોય. તત્પુરુષ, કર્મધારય, દ્વિગુ, મધ્યમપદલોપી એ આ જાતના એકપદપ્રધાન સમાસ છે.

(૩) કેટલાક સમાસો એવા છે કે જેમાં સમસ્ત પદનો મોભો તેનાં ઘટકરૂપ પદોના મોભાથી જુદો હોય છે, જેનું કેન્દ્ર પોતાની બહાર હોય છે એટલેકે જે પોતાની બહારના પદને અધીન છે – એના વિશેષણ તરીકે કામ કરે છે. બહુવ્રીહિ, ઉપપદ, અવ્યયીભાવ એ આ જાતની અન્યપદપ્રધાન સમાસરચનાઓ છે.

: ૪ : ગુજરાતીની સમાસરરચનાઓનો આ દૃષ્ટિએ અભ્યાસ કરીએ તો પહેલાં બેત્રણ બાબતો લક્ષમાં રાખવાની રહેશે :

(૧) ભાષામાં સ્વતંત્ર રીતે આવી શકતાં પદો જોડાય ત્યારે જ સમાસરચના થઈ એમ

કહેવાય. 'અજાણ' 'કપૂત' 'બદદાનત' 'નિર્જીવ' 'પ્રવચન' વગેરેમાં રહેલા 'અ' 'ક' 'બદ' 'નિર્' 'પ્ર' વગેરે ઘટકો ભાષામાં સ્વતંત્ર રીતે આવતા નથી. (અને માટે તો આપણે એમને પ્રત્યયો કહીએ છીએ) એટલે આ જાતની રચનાઓને આપણે સમાસ ગણીશું નહીં. 'નમાયું'નો 'ન' ભાષામાં સ્વતંત્ર રીતે વપરાતું પદ હોવાથી એને આપણે સમાસ ગણીશું.

(૨) સમસ્ત પદને ઘણી વાર અંગસાધક પ્રત્યય લાગીને જુદા ઉપયોગવાળું પદ બનતું હોય છે. સમાસનું એક ઘટક જ સાધક પ્રત્યયવાળું હોય એનાથી આ જુદી વસ્તુ છે. દા.ત. 'એકદંડિયો'. એનું આપણે 'એક+દંડિયો' એમ વિભાજન નહીં કરી શકીએ કેમકે 'દંડિયો' આપણી ભાષામાં વપરાતું પદ નથી. એનું વિભાજન 'એકદંડ+ઇયો' એમ થશે અને પછી 'એકદંડ'ને આપણે સમાસ તરીકે સમજાવવાનો રહેશે. બીજાં કેટલાંક દૃષ્ટાંતો પણ જુઓ :

માથાકૂટિયું = માથાકૂટ + ઇયું
રાજવંશી = રાજવંશ + ઈ
નવાજૂની = નવુંજૂનું + ઈ
ખાડાટેકરાવાળો = ખાડાટેકરા + વાળો
આપરખાપણું = આપરખું + પણું
વગરવિચાર્યે = વગરવિચાર્યું + એ

'માથાકૂટિયું' વગેરેને બહુવ્રીહિ સમાસ તરીકે વર્ણવવાની આપણે ત્યાં પરંપરા છે, પણ એ પદ વિશેષણાત્મક બન્યું છે 'ઇય'ને કારણે અને એને કાઢી લેતાં 'માથાકૂટ' (માથાની કૂટ) એ તત્પુરુષ સમાસ જ રહે છે. આવાં સાધક પ્રત્યયવાળાં પદોને બહુવ્રીહિ નહીં ગણવાની ડૉ. ભાયાણીની વાત શાસ્ત્રીય છે.

(૩) કેટલીક વાર એવું જોવા મળે છે કે સમાસમાં વપરાયેલું પદ ભાષામાં સ્વતંત્ર રીતે વપરાતું નથી હોતું, પણ એવાં બીજાં પદો સ્વતંત્ર રીતે વપરાતાં હોય છે, દા.ત. 'મારકૂટ'. 'માર' સંજ્ઞા તરીકે સ્વતંત્ર રીતે વપરાય છે, 'કૂટ' નથી વપરાતું. પણ આવી આખ્યાતિક સંજ્ઞાઓની ભાત ભાષામાં છે તે પર્યાપ્ત ગણાય અને 'કૂટ'ને આખ્યાતિક સંજ્ઞા ગણી સમાસનું વિશ્લેષણ થઈ શકે. એ જ રીતે, 'સેવક' સ્વતંત્ર રીતે વપરાતું પદ હોય તો 'દાયક'ને પણ એવું ગણી શકીએ અને 'દેશસેવક'નો 'દેશનો સેવક' એવો વિગ્રહ કરીએ છીએ તેમ 'શક્તિદાયક'નો 'શક્તિનું દાયક (=દેનાર)' એવો વિગ્રહ કરી શકીએ. 'ખેડુ' સ્વતંત્ર રીતે વપરાતું પદ હોય તો 'સાધુ'ને એવું પદ ગણી 'સ્વાર્થસાધુ'નો 'સ્વાર્થનો સાધુ (=સાધનાર)' એમ વિગ્રહ કરી શકીએ. આને પરિણામે, જેમને ઉપપદ સમાસ તરીકે આપણે ઘટાવતા હતા તેમને તત્પુરુષ તરીકે ઘટાવવાના રહેશે.

હવે ગુજરાતીના મુખ્ય સમાસપ્રકારો જોઈએ.

[૩] દ્વન્દ્વ સમાસ

: ૧ : સમાન વ્યાકરણી મોભો ધરાવતાં પદો જોડાય અને સમસ્ત પદનો વ્યાકરણી મોભો પણ એનો એ જ રહે, એ પદો વાક્ય સાથે સમાન સંબંધ ધરાવતાં હોય ત્યારે એ 'દ્વન્દ્વ' સમાસ કહેવાય. ગુજરાતીમાં સંજ્ઞા, વિશેષણ, સર્વનામ, ક્રિયાવિશેષણ અને આખ્યાતિક પદના દ્વન્દ્વ સમાસો બને છે. જેમકે, (સંજ્ઞા) રામલક્ષ્મણ, ભાઈબહેન, દાણોપાણી, ચાપાણી, હાથપગ, રીતરિવાજ વગેરે; (વિશેષણ) ચારપાંચ, વહેલુંમોડું, સારુંનરસું વગેરે[૧]; (સર્વનામ) મારુંતારું, કોણકોણ વગેરે; (આખ્યાતિક પદ) આવેજાય, ઊઠવાબેસવા, વાળીચોળીને વગેરે. ઊઠબેસ, બોલચાલ, દેખભાળ વગેરે પણ મૂળભૂત રીતે તો આખ્યાતિક પદોની સમાસરચનાઓ – ઊઠવુંબેસવું, બોલવુંચાલવું, દેખવુંભાળવું – નાં નામિક રૂપો છે.

સંયોજકવાળા અને આંશિક લોપ કે ફેરફારવાળા દ્વિરુક્ત પ્રયોગો – જેમાં ઓછામાં ઓછું એક પદ ભાષામાં સ્વતંત્ર રીતે સાર્થ પદ છે – પણ દ્વન્દ્વ સમાસનાં જ ઉદાહરણો છે. જેમકે 'સાંધીસૂંધીને' એટલે 'સાંધીને અને સાંધવાની આનુષંગિક ક્રિયા કરીને'; 'ચોરબોર' એટલે 'ચોર અને ચોર જેવી કોઈ વ્યક્તિ'; 'લાગલાગટ' એટલે 'લાગટ અને લાગટ', 'સાચેસાચું' એટલે 'સાચું અને સાચું – સાવ સાચું'.

કેવળ રવાનુકારી ઘટકોવાળી દ્વિરુક્તિઓને આપણે સામાસિક રચનાઓ ન ગણીએ તો ચાલે. તેમ છતાં એમને સામાસિક રચનાઓ ગણવી હોય તો મોટે ભાગે એ દ્વન્દ્વના પ્રકારમાં આવશે; અલબત્ત, કેટલેક ઠેકાણે રવાનુકારી ઘટકોના સમાસ પરથી સંજ્ઞા, ક્રિયાવિશેષણ વગેરે બનેલાં માનવાં પડશે. જેમકે 'ડુગડુગી' એ 'ડુગડુગ' (ડુગ અને ડુગ એવો અવાજ) પરથી બનેલી સંજ્ઞા છે. 'સડસડાટ' એ 'સડસડ' (સડ ને સડ એવો અવાજ) પરથી બનેલું ક્રિયાવિશેષણ છે.

: ૨ : ઉપરનાં નિરૂપણ પરથી દેખાયું હશે કે દ્વન્દ્વ સમાસનો વિગ્રહ સામાન્ય રીતે બે પદો વચ્ચે 'અને' મૂકવાથી થાય છે. દ્વન્દ્વ સમાસના આ પ્રકારને 'ઇતરેતર દ્વન્દ્વ' કહેવામાં આવે છે. ક્વચિત્ એનો વિગ્રહ 'કે' મૂકીને પણ કરવો પડે છે. જેમકે 'ચારપાંચ' (ચાર કે પાંચ), 'વહેલુંમોડું' (વહેલું કે મોડું). આ પ્રકારના દ્વન્દ્વ સમાસને ઘણી વાર 'વૈકલ્પિક દ્વન્દ્વ' કહેવામાં આવે છે.

સંસ્કૃતમાં 'સમાહાર દ્વન્દ્વ' નામે એક પ્રકાર પણ ગણવામાં આવ્યો છે. સંસ્કૃતમાં એવાં થોડાંક ઉદાહરણો મળે છે જેમાં બન્ને પદના અર્થોને એક સમુચ્ચય રૂપે જોવામાં

---

૧. સંસ્કૃતમાં વિશેષણપદોના આવા સમાસને કર્મધારયના પેટામાં 'વિશેષણસમાસ'ને નામે મૂકવામાં આવ્યા છે. ગુજરાતીમાં એમ કરવાની જરૂર નથી તે દ્વન્દ્વ સમાસનો વ્યાપ જોતાં જ સમજાઈ જશે.

આવે છે અને તેથી સમસ્ત પદને એકવચનમાં વાપરવામાં આવે છે. જેમકે, 'આહારનિદ્રાભયમ્'. આ સામાસિક પદ વસ્તુતઃ આહાર, નિદ્રા અને ભયને જ નહીં, પ્રાણીજીવનની સઘળી લાક્ષણિકતાને – એક સમગ્રતાને નિર્દેશે છે. ગુજરાતીમાં એવા સમાસો ઘણા છે જેમાં સમુચ્ચયરૂપ અર્થ વ્યક્ત કરવાનું લક્ષ્ય હોય. 'કામકાજ' 'ઘરેણુંગાંઠું' 'રડેબડે' વગેરે દ્વિરુક્ત પ્રયોગો આ જાતના છે. અહીં સમસ્ત પદ એકવચનમાં પણ વપરાય છે. પરંતુ સાથેસાથે એને બહુવચનમાં પણ વાપરી શકાય છે. જેમકે, 'કામકાજ કર્યું' – 'કામકાજ કર્યાં', 'ઘરેણુંગાંઠું' – 'ઘરેણાંગાંઠાં'. 'સારુંનરસું' 'માગ્યુંતાગ્યું' જેવાં વિશેષણાત્મક પદોના સમાસો તો વિશેષ્ય અનુસાર એકવચન કે બહુવચનમાં આવે છે. એટલે ગુજરાતીમાં સમાહાર દ્વન્દ્વ જેવો કોઈ પ્રકાર સ્વીકારવામાં મુશ્કેલી છે. 'સારાસાર' જેવા કોઈક સમાસો આકસ્મિક રીતે ગુજરાતીમાં એકવચનમાં વપરાય છે – 'મેં એનો સારાસાર વિચાર્યો છે' – પણ ત્યાં સમાહારનો અર્થ નથી. એટલે એવાં ઉદાહરણોને ગણનામાં લેવાની જરૂર નથી.

: ૩ : ગુજરાતીમાં દ્વન્દ્વ સમાસરચનાની એ એક લાક્ષણિકતા છે કે એમાં પદો લિંગચિહ્નો તથા વચન, વિભક્તિ, કાળ, અર્થ વગેરેના પ્રત્યયો સાથે પણ આવી શકે છે, જેમકે 'તાજોમાજો' 'તાજીમાજી' 'તાજાંમાજાં' 'ચોપડીઓબોપડીઓ' 'કોનીકોની' 'જેને-જેને' 'નહાશે-ધોશે' વગેરે.

[૪] તત્પુરુષ સમાસ

: ૧ : જે સમાસમાં આગળનું પદ પાછળના પદ સાથે વિભક્તિસંબંધથી જોડાયેલું હોય તેને 'તત્પુરુષ' સમાસ કહે છે. વાક્યમાંનાં બીજાં પદો સાથે સીધું સંબંધિત પાછલું પદ હોય છે, તેથી એ પ્રધાન પદ છે. આગળનું પદ એની સાથે વિભક્તિસંબંધે જોડાયેલું હોઈ વાક્યની દૃષ્ટિએ એ ગૌણ પદ છે, દા.ત. 'હમણાં બધી વસ્તુઓના બજારભાવ વધી ગયા છે' એ વાક્યમાં 'બજારભાવ' એ સમાસમાંથી 'ભાવ' એ ઉત્તરપદ વાક્યનાં અન્ય પદો સાથે અન્વિત થાય છે – જુઓ, 'હમણાં બધી વસ્તુનાં ભાવ વધી ગયા છે' – જ્યારે 'બજાર' એ પદ 'ભાવ' સાથે સંબંધવિભક્તિથી અન્વિત ('બજારના ભાવ') છે. આ રીતે, અન્ય વિભક્તિસંબંધોવાળા તત્પુરુષ સમાસો પણ હોઈ શકે છે.

: ૨ : સંસ્કૃતમાં પોતાના વિશિષ્ટ પ્રત્યયોવાળી આઠ વિભક્તિઓ હતી અને એમને ક્રમાંક આપવામાં આવ્યા હતા – જેમકે, કર્તાની પ્રથમ વિભક્તિ, કર્મની દ્વિતીયા વિભક્તિ વગેરે. આ અનુસાર તત્પુરુષ સમાસોને પણ એમાં રહેલા વિભક્તિસંબંધ અને પ્રત્યય અનુસાર 'દ્વિતીયા તત્પુરુષ', 'તૃતીયા તત્પુરુષ' વગેરે નામથી ઓળખવામાં આવતા હતા.

ગુજરાતીમાં, આપણે હવે પછી જોઈશું કે, વિભક્તિનું માળખું ઘણુંબધું જુદું થઈ ગયું હોઈ – ખાસ કરીને વિભક્તિસંબંધોને પોતાના આગવા પ્રત્યયો કે અનુગો ન રહ્યા હોઈ – 'પ્રથમા' 'દ્વિતીયા' એ જાતનો ક્રમ ઉપયોગી રહ્યો નથી. તેથી તત્પુરુષ સમાસોને પણ એ જાતનો ક્રમ આપવાનું રહેતું નથી. એને બદલે આપણે 'કર્મ તત્પુરુષ' 'કરણ તત્પુરુષ' એવી સંજ્ઞાઓ યોજીએ તો એ પારદર્શક લાગશે.

તત્પુરુષ સમાસમાં સંસ્કૃત તત્સમ સામગ્રી કેટલીક મુશ્કેલીઓ ઊભી કરે છે. કેટલીક વાર સમસ્ત રચના ગુજરાતીમાં રૂઢ રૂપે અને મર્યાદિત પ્રયોગોમાં જ રહેલી હોય અને એનો વિગ્રહ કઢંગો લાગે. 'દુઃખાપન્ન' કે 'દુઃખપ્રાપ્ત'નું 'દુઃખને આપન્ન' કે 'દુઃખને પ્રાપ્ત' ગુજરાતીમાં કઢંગું લાગે. કેટલીક વાર સંસ્કૃત-ગુજરાતીની વિભિન્ન વિભક્તિ-રૂઢિઓને કારણે ગુજરાતીમાં જુદી રીતે વિગ્રહ કરવાનું યોગ્ય લાગે. જેમકે 'મુહૂર્તસુખ' 'કૃષ્ણાશ્રિત' એ સમાસો સંસ્કૃતમાં દ્વિતીયા (કર્મ) તત્પુરુષ છે (કેમકે દ્વિતીયા વિભક્તિના પ્રત્યયથી એનો વિગ્રહ થાય છે); ગુજરાતીમાં 'મુહૂર્તનું સુખ' 'કૃષ્ણનો આશ્રિત' એ પ્રમાણે વિગ્રહ કરવો વધારે સ્વાભાવિક હોઈ આપણે એમને સંબંધ તત્પુરુષનાં ઉદાહરણો ગણવાનાં રહે. આવાં બીજાં કેટલાંક ઉદાહરણો જુઓ :

ઉદાહરણ	સંસ્કૃતમાં પ્રકાર	ગુજરાતીમાં પ્રકાર
કલ્પનાતીત	દ્વિતીય (કર્મ)	અપાદાન તત્પુરુષ
	[કલ્પનામ્ અતીત]	[કલ્પનાથી અતીત]
ચંદ્રતુલ્ય માતૃસદૃશ પિતૃસમ	તૃતીયા (કરણ) [ચન્દ્રેન તુલ્ય]	સંબંધ તત્પુરુષ [ચંદ્રની તુલ્ય]
મિત્રસહિત	તૃતીયા (કરણ)	સંબંધ તત્પુરુષ
	[મિત્રેન સહિત]	[મિત્રની સહિત]
લોકહિત	ચતુર્થી (તાદર્થ્ય)	સંબંધ તત્પુરુષ
	[લોકાય હિત]	[લોકોનું હિત]
ચૌરભય	પંચમી (અપાદાન)	સંબંધ તત્પુરુષ
	[ચૌરાત્ ભય]	[ચોરનો ભય]
ભયત્રસ્ત	પંચમી (અપાદાન)	કરણ તત્પુરુષ
	[ભયાત્ ત્રસ્ત]	[ભયથી ત્રસ્ત]
ઈશ્વરાધીન	સપ્તમી (અધિકરણ)	કર્મ તત્પુરુષ
	[ઈશ્વરે અધીન]	[ઈશ્વરને અધીન]

ગુજરાતી તદ્ભવ સામગ્રીમાં પણ વિગ્રહ અને વર્ગીકરણની સમસ્યાઓ તો ઊભી

થાય જ છે. 'દેવદીધું'નો વિગ્રહ 'દેવે દીધું' કરીશું કે 'દેવોનું દીધું' કરીશું ? 'સમાજવિરોધી'નો વિગ્રહ 'સમાજને વિરોધી' કે 'સમાજના વિરોધી' ? 'વાતડાહ્યો' તે 'વાતનો ડાહ્યો' કે 'વાતે/વાતમાં ડાહ્યો' ? 'કાંડાઘડિયાળ'ને 'કાંડાની ઘડિયાળ' એમ વિગ્રહ કરી સાદો સંબંધ તત્પુરુષ સમાસ ગણીશું કે 'કાંડે (પહેરવાની) ઘડિયાળ' એમ મધ્યમપદલોપી સમાસનું ઉદાહરણ ગણીશું ? 'દયાદૃષ્ટિ' તે 'દયાની દૃષ્ટિ' કે 'દયાયુક્ત દૃષ્ટિ' ? ગુજરાતીનો '-ન-' પ્રત્યય એટલા અને એવા સંબંધાર્થો વ્યક્ત કરી શકે છે કે એનાથી ઘણા સમાસોનો વિગ્રહ કરવો શક્ય બને છે.

આટલી મર્યાદાઓનો સ્વીકાર કરીને આપણે આગળ વધીએ.

: ૩ : તત્પુરુષના ભિન્નભિન્ન પ્રકારો અને એનાં થોડાં લાક્ષણિક ઉદાહરણો નીચે પ્રમાણે છે. ઉદાહરણો પ્રાસાદિક અને સાહજિક વિગ્રહની દૃષ્ટિએ આપ્યાં છે :

(૧) કર્તા તત્પુરુષ : કર્તાના સંબંધવાળા અને 'એ' કે 'થી' અનુગથી વિગ્રહ પામતા સમાસો : દેવદીધું, ઈશ્વરનિર્મિત વગેરે.

(૨) કર્મ તત્પુરુષ : કર્મના સંબંધવાળા અને 'શૂન્યપ્રત્યય' કે 'ને'થી વિગ્રહ પામતા સમાસો : કલ્પનાગમ્ય, દૈવાધીન, મનગમતું, પ્રાણપ્યારું[૨], દૂધપીતું, લોહીઝરતું, અવસરચૂક્યો, છાપાજોગું[૩] વગેરે.

(૩) કરણ તત્પુરુષ : કરણના સંબંધવાળા અને 'થી' 'વડે' એ અનુગ કે નામયોગીથી વિગ્રહ પામતા સમાસો : કપોલકલ્પિત, ક્લેશયુક્ત, ખુશબોભર્યો, રસભીનું, તર્કબદ્ધ, કષ્ટસાધ્ય વગેરે.

(૪) તાદર્થ્ય તત્પુરુષ : તાદર્થ્ય સંબંધવાળા અને 'માટે'થી વિગ્રહ પામતા સમાસો : કાકબલિ (કાગડા માટેનો બલિ), પ્રયોગશાળા, અભ્યાસક્રમ, ગાડામાર્ગ વગેરે. એ નોંધપાત્ર છે કે ગુજરાતીમાં '-ન-' અનુગ આ સંબંધને વ્યક્ત કરી શકે છે અને 'કાકનો બલિ' 'ગાડાનો માર્ગ' એવો વિગ્રહ ઘણો સાહજિક છે. એ દૃષ્ટિએ આ સમાસોને આપણે સંબંધ તત્પુરુષ ગણીએ તો તાદર્થ્ય તત્પુરુષ સમાસો ગુજરાતીમાં વિરલ ગણાય.

(૫) અપાદાન તત્પુરુષ : અપાદાન સંબંધવાળા અને 'થી' 'માંથી' 'કરતાં' વગેરેથી વિગ્રહ પામતા સમાસો : ઋણમુક્ત, ધર્મભ્રષ્ટ, બ્રાહ્મણેતર, દુઃખવિમોચક, ગર્ભશ્રીમંત, સ્વાર્થરહિત વગેરે. (અહીં પણ ગુજરાતી તદ્‌ભવ સામગ્રીનાં ઉદાહરણો વિરલ જણાય છે.)

---

૨. 'પ્રાણને પ્યારું' એ વિગ્રહને અનુલક્ષીને કર્મ તત્પુરુષ ગણાવ્યો છે. 'પ્રાણ કરતાં પ્યારું' 'પ્રાણ જેટલું પ્યારું' કરીએ તો સમાસપ્રકાર બદલાઈ જાય.

૩. 'છાપા(ને) જોગું' એ વિગ્રહ અનુસાર કર્મ તત્પુરુષ પણ 'છાપાને માટે યોગ્ય' એમ વિગ્રહ કરીએ તો તાદર્થ્ય તત્પુરુષ પણ ગણી શકાય.

(૬) સંબંધ તત્પુરુષ : જેમાં સંબંધવિભક્તિ રહેલી હોય અને '-ન-'થી જેનો વિગ્રહ થતો હોય તેવા સમાસો : દેવાલય, ગૌશાળા, દેશબંધુ, વિદ્યાભ્યાસ, રાજદરબાર, લગ્નગાળો, બજારભાવ, જીવનસાધના, સ્થળસંકોચ, માંસપેશી, પ્રણયનિરૂપણ, ગામલોકો, બાંધકામ, હાથજોડ, ખાદીહાટ, હાથચાલાકી, મનમાન્યું, સ્પષ્ટવક્તા, અર્થવાહક, દેશવાસી, મર્મસ્પર્શી, માથાકૂટ, સાંભળવાફેર વગેરે.

(૭) અધિકરણ તત્પુરુષ : જેમાં અધિકરણનો અર્થ રહેલો હોય અને 'એ' 'માં' 'પ્રત્યે'થી જેનો વિગ્રહ થતો હોય એવા સમાસો : વ્યવહારકુશળ, દાનવીર, સ્વર્ગવાસ, માતૃવત્સલ, વાણીશૂરો, વહુઘેલો વગેરે.

(૮) અલુક્ તત્પુરુષ : જેમાં ઉપરમાંથી કોઈ પણ જાતનો વિભક્તિસંબંધ હોય પણ વિભક્તિપ્રત્યયનો લોપ ન થયો હોય તેવા સમાસો : સંસ્કૃતમાં આ સમાસનાં ઘણાં ઉદાહરણો મળે છે – યુધિષ્ઠિર, વાચસ્પતિ, અંતેવાસી વગેરે. પણ ગુજરાતીમાં 'ઘોડેસવાર' 'ગળેપડુ' જેવાં કોઈક જ ઉદાહરણ મળે છે.

એ નોંધપાત્ર છે કે ગુજરાતીમાં તત્પુરુષ સમાસનાં એવાં કોઈક ઉદાહરણ મળે છે કે જેમાં વિભક્તિપ્રત્યયનો લોપ થયેલો હોય પણ બહુવચનનો પ્રત્યય સચવાયેલો હોય : વર્ષોજૂનું.

(૯) મધ્યમપદલોપી તત્પુરુષ : જેમાં કોઈ ને કોઈ વિભક્તિસંબંધ હોય પણ વચ્ચેથી એક કે વધુ પદ લુપ્ત થયાં હોય (જે વિગ્રહ વખતે ઉમેરવાં પડે) તેવા સમાસો : કલ્પવૃક્ષ (કલ્પ – વિચારથી ફળ આપતું વૃક્ષ), દહીંવડાં (દહીંથી મિશ્રિત વડાં), ઘરજમાઈ (ઘરે રહેતો જમાઈ), આગગાડી (આગથી ચાલતી ગાડી), ઘરદેરાસર (ઘરમાં કરેલું દેરાસર) વગેરે.

[૫] ઉપપદ સમાસ

: ૧ : ઉપપદ સમાસ પણ આમ તો તત્પુરુષનો જ પ્રકાર છે. કેમકે એનાં પદો વચ્ચે કોઈ ને કોઈ વિભક્તિસંબંધ હોય છે, પણ એમાં પૂર્વપદ નામિક હોય છે અને ઉત્તરપદ આખ્યાતિક હોય છે તથા સમસ્ત પદ અન્ય પદના વિશેષણ તરીકે વપરાય છે. એટલે આ અન્યપદપ્રધાન સમાસનો પ્રકાર છે.

: ૨ : આપણે ત્યાં પરંપરાગત રીતે 'કુંભકાર' 'મર્મજ્ઞ' 'સ્પષ્ટવક્તા' 'કૃતઘ્ન' 'સ્વપ્નસ્થ' 'અનુજ' 'દુઃખદાયક' 'ધનુર્ધર' ઇત્યાદિને ઉપપદ સમાસનાં ઉદાહરણો ગણવામાં આવ્યાં છે અને એનો વિગ્રહ 'કુંભને કરે છે તે' 'મર્મને જાણે છે તે' વગેરે પ્રકારનો આપવામાં આવ્યો છે. પરંતુ સંસ્કૃત વ્યાકરણ, પાછળનું આખ્યાતિક પદ નિયમિત રૂપાખ્યાન પામેલું ન હોય કે આખ્યાતમાંથી સ્વતંત્ર રીતે સાધિત નામપદ ન હોય, પણ પ્રથમ પદ સાથે

જોડાવાને કારણે આખ્યાત પરથી સાધિત થતું નામપદ હોય ત્યારે જ સમસ્ત પદને ઉપપદમાં સમાવે છે. આ દૃષ્ટિએ 'ધનુર્ધર' એ ઉપપદ સમાસ નથી, 'ધર' એ સ્વતંત્ર રીતે સાધિત સંજ્ઞાપદ છે અને એનો વિગ્રહ 'ધનુષઃ ધરઃ' (=ધનુષ્યનો ધારનાર) એમ થઈ શકે છે. 'તૃ(ત્રા)' અને 'અક'વાળાં ('કર્તા' 'પાલક' જેવાં) પદોથી પણ એ ઉપપદ સમાસ નહીં પણ ષષ્ઠી તત્પુરુષ સમાસ જ બનતો જુએ છે. માત્ર 'કુંભકાર' 'મર્મજ્ઞ' 'અનુજ' જેવાં ઉદાહરણોમાં એ ઉપપદ સમાસ ગણે છે કેમકે એમાં 'કાર' 'જ્ઞ' 'જ' એ પદો સમાસમાં જ વપરાયેલાં પદો છે.

આ રીતે વિચારીએ એટલે 'સ્પષ્ટવક્તા' 'દેશવાસી' 'દુઃખદાયક' 'ચિંતાજનક' 'ખીસાકાતરુ' 'ધાડપાડુ' 'સાગરખેડુ' 'વટેમાર્ગુ' વગેરેને આપણે ઉપપદ સમાસ નહીં ગણી શકીએ કેમકે 'વક્તા' 'વાસી' 'કાતરુ' 'પાડુ' 'ખેડુ' વગેરે આખ્યાતિક પદ પરથી સાધિત થયેલાં, સ્વતંત્ર રીતે વપરાતાં કે વાપરી શકાતાં નામપદો છે. એ દૃષ્ટાંતો તત્પુરુષ સમાસમાં જ જશે. 'ધનુર્ધર' જેવા સમાસને આપણે ગુજરાતીમાં 'ધનુષ્યને ધરે છે તે' એમ વિગ્રહ કરી ઉપપદ સમાસમાં ગણાવી શકીએ કેમકે 'ધર' કે આ પ્રકારનાં સાધક પ્રત્યય વિનાનાં કર્તૃવાચક નામપદ ગુજરાતીમાં નથી. 'મર્મજ્ઞ' વગેરેને પણ સંસ્કૃતમાંથી સ્વીકારેલા ઉપપદ સમાસ ગણી શકાય.

: ૩ : ગુજરાતી તદ્‌ભવસામગ્રીની વાત કરીએ તો તેમાં ત્રણેક પ્રકારના ઉપપદ સમાસો જોવા મળે છે.

(૧) સંસ્કૃતમાં ઉપપદ સમાસમાં જોવા મળતા આખ્યાતિક પદ 'કાર'[૪] કે 'કારક' ગુજરાતીમાં પણ ક્રિયાશીલ જણાય છે – કેળવણીકાર, અસરકારક વગેરે.

(૨) સાધક પ્રત્યય વિનાના પણ લિંગચિહ્નવાળા સમાસો : કઢીચટ્ટું (કઢી ચાટે છે તે), ધૂળધોયું, વાંકદેખું, ભીખમગું, જીવરખું, વહીવંચો (વહી વાંચે છે તે).

(૩) સાધક પ્રત્યય તેમજ લિંગચિહ્ન વિનાના સમાસો : જડબાતોડ (જડબાને તોડે તે), લક્કડખોદ, ફૂલઝર, પેટપૂર, માથાવઢ, ઘરભંગ વગેરે.

: ૪ : ગુજરાતીમાં ઉપપદનાં એવા પ્રકારો પણ વિકસ્યા છે જેનો વિગ્રહ કંઈક વિશિષ્ટ રીતે થતો હોય. જેમકે –

(૧) 'ગળાડૂબ' એટલે 'ગળું ડૂબે તેટલું'. અહીં આખ્યાતિક પદ કર્તરિમાં છે ને નામિક પદ કર્તાવિભક્તિમાં છે. આવા બીજા સમાસો છે હૈયાફાટ, પાનખર વગેરે.

(૨) 'માથાબોળ' એટલે 'માથું બોળાય તેટલું'. અહીં નામિક પદ કર્મવિભક્તિમાં છે ને આખ્યાતિક પદ કર્મણિમાં છે. આવા બીજા સમાસો છે – તળિયાઝાટક, લખલૂંટ,

૪. ફારસીમાં પણ 'કાર' આ રીતે આવતું.

ઘરભંગ વગેરે. આવાં ઉદાહરણોમાં ક્વચિત્ નામિક પદ કરણ-અધિકરણ વગેરે વિભક્તિમાં પણ આવે છે – સંઘેડાઉતાર (સંઘેડા પરથી ઉતારવામાં આવેલું), હાથછડ (હાથે છડવામાં આવ્યા હોય તેવા), વસ્ત્રગાળ વગેરે. આ રીતે ગુજરાતીમાં ઉપપદ સમાસનો સ્વતંત્ર વિકાસ દેખાય છે.[૫]

[૬] કર્મધારય સમાસ

: ૧ : જે સમાસનાં પદો વચ્ચે વિશેષણવિશેષ્ય કે ઉપમાનઉપમેય કે ઉપમાન-સાધારણધર્મનો સંબંધ હોય અને તેને કારણે એ એક જ અધિકરણમાં એટલેકે વિભક્તિમાં આવતા હોય તે 'કર્મધારય' સમાસ તરીકે ઓળખાય છે, જેમકે – કૃષ્ણપક્ષ, ઘનશ્યામ, સંસારસાગર વગેરે. આમ તો આ તત્પુરુષનો જ એક પ્રકાર – સંસ્કૃતમાં પ્રથમા તત્પુરુષ – છે, કેમકે એના વિગ્રહમાં વિશેષ્યની જેમ વિશેષણને પણ પ્રથમા વિભક્તિમાં મૂકવાનું રહે છે – 'કૃષ્ણઃ પક્ષઃ ઇતિ કૃષ્ણપક્ષઃ'. વિશેષ્ય અને ઉપમેય કે ઉપમાન અને સાધારણધર્મ વાક્ય સાથે સીધી રીતે અન્વિત થાય છે અને વિશેષણાદિ વિશેષ્ય વગેરેની સાથે પ્રથમા વિભક્તિના સંબંધે રહી ગૌણત્વ દર્શાવે છે. એ રીતે આ એકપદપ્રધાન સમાસ છે.

: ૨ : કર્મધારય સમાસોને બે મોટા વર્ગોમાં આપણે વહેંચી શકીએ – વિશેષણ-વિશેષ્યસંબંધવાળા સમાસો અને સાદૃશ્યસંબંધવાળા સમાસો.

વિશેષણ-વિશેષ્યસંબંધવાળા સમાસોમાં વિશેષ્ય તરીકે સામાન્ય રીતે સંજ્ઞા આવે છે – પીતાંબર (પીત અંબર), મહારાજા, પરમાત્મા, ખુશખબર, સરપંચ, પ્રધાનમંત્રી, આડવાત, પૂરઝડપ; ક્વચિત્ વિશેષ્ય તરીકે વિશેષણ પણ આવે – અર્ધજાગ્રત, દોઢડાહ્યું. સંજ્ઞા વિશેષણનું કાર્ય કરતી હોય તેવા કર્મધારય સમાસો પણ ઘણા વ્યાપક છે : કૃષ્ણભગવાન, રમાબહેન, ગુજરાતરાજ્ય, ભારતદેશ વગેરે.[૬] આ સમાસોમાં બહુધા વિશેષણ પૂર્વપદ હોય છે અને વિશેષ્ય ઉત્તરપદ હોય છે. પરંતુ સંસ્કૃતમાં કેટલાક સમાસોમાં વિશેષણ ઉત્તરપદ હોય એવું બને છે – ગ્રામાન્તર (અન્ય ગ્રામ), કાર્યવિશેષ. 'ભર'ને પ્રત્યયરૂપ બની ગયેલો ન ગણીએ તો 'દુનિયાભર' (ભરી દુનિયા)ને ઉત્તરપદ વિશેષણ હોય એવો સમાસ કહી શકાય.

સાદૃશ્યસંબંધવાળા કર્મધારય સમાસોમાં પણ બે પેટાવિભાગો પડે – ઉપમાન-

---

૫. ફારસી 'દુકાનદાર' 'હરામખોર' વગેરે સમાસોને અહીં ગણાવ્યા નથી, કેમકે એમાંનાં આખ્યાતિક પદ 'દાર' 'ખોર', આગળ નોંધ્યું છે તેમ, આપણે માટે પ્રત્યયરૂપ બની ગયાં છે.

૬. ડૉ. ભાયાણીએ આ જાતના સમાસોને 'કૃષ્ણ એ જ ભગવાન' એ રીતે સર્વપદપ્રધાન 'અદ્વૈત' સમાસ કહ્યા છે એ ધ્યાન ખેંચે એવું છે. અહીં, એમને કર્મધારય તરીકે સમજાવી શકાય તેમ હોવાથી, જુદો વર્ગ કર્યો નથી.

સાધારણધર્મવાળા અને ઉપમાન-ઉપમેયવાળા.

ઉપમાન-સાધારણધર્મવાળા સમાસોમાં પૂર્વપદ ઉપમાન હોય છે અને ઉત્તરપદ સાધારણધર્મ હોય છે. ઘનશ્યામ (ઘન જેવું શ્યામ), મેઘગંભીર, મધમીઠું, કાજળકાળું, પાણીપોચું વગેરે. થોડા રૂઢિપ્રયોગમૂલક સમાસો મળે છે જેમાં ઉત્તરપદ ઉપમાન હોય છે – કાળુંમેશ (મેશ જેવું કાળું), લાલચટક વગેરે.

ઉપમાન-ઉપમેયવાળા સમાસોમાં બહુધા ઉપમાન ઉત્તરપદ હોય છે – સંસારસાગર (સંસારરૂપી સાગર – સંસાર એ જ સાગર), કાવ્યામૃત, દેહલતા, હૈયાસગડી, મનમંદિર વગેરે. કેટલીક વાર ઉપમેય પણ ઉત્તરપદ હોય છે – ચંદ્રમુખ, વજ્રદેહ.

ઉપમેય-ઉપમાનસંબંધવાળા કર્મધારય સમાસોમાં કયા પદને પ્રધાન ગણવું એ સંદર્ભ ઉપર આધાર રાખે એવો સંભવ છે. 'સંસારસાગર તરવો મુશ્કેલ છે' જેવા વાક્યમાં 'તરવો' સાથે સાગરનો અન્વય થાય અને તેથી 'સંસારરૂપ સાગર' એવો વિગ્રહ કરી 'સાગર' એ ઉપમાનને પ્રધાનપદ ગણવું પડે. પણ 'એના હાસ્યમય વદનકમળને ભૂલી શકાતું નથી' જેવા વાક્યમાં 'હાસ્યમય' સાથે 'વદન'નો અન્વય થશે અને તેથી 'કમળ જેવું વદન' એવો વિગ્રહ કરી 'વદન'ને પ્રધાન પદ ગણવું પડશે.

: ૩ : 'દ્વિગુ' સમાસ કર્મધારયનો જ એક પેટાપ્રકાર છે. એની વિશેષતા એ છે કે એમાં પૂર્વપદ સંખ્યાવાચક વિશેષણ હોય છે અને સમસ્ત પદ એકવચનમાં યોજાઈ સમાહારનો અર્થ વ્યક્ત કરે છે – નવરાત્ર (નવ રાત્રિનો સમૂહ), સપ્તપદી, ત્રિભુવન, ચોમાસું, ચોતરફ, અઠવાડિયું, પાંચશેરી, ચોઘડિયું, દોઢડાહ્યું, અચ્છેર વગેરે. એ નોંધપાત્ર છે કે ગુજરાતીમાં આ જાતના સમાસોમાં ઘણે ઠેકાણે લિંગચિહ્ન કે 'ઇય' જેવા સાધક પ્રત્યય આવેલા છે અને સમાહારનો અર્થ એને કારણે આવ્યો છે : 'ચો + ઘડી + ઇયું'. જો આમ હોય તો પૂર્વપદમાં સંખ્યાવાચક વિશેષણવાળા કર્મધારય સમાસોનો અલગ વર્ગ કરવાનો ખાસ અર્થ ન રહે.

: ૪ : નિષેધવાચક પૂર્વપ્રત્યયવાળો 'નઞ્ કર્મધારય' ('અધર્મ') અને અન્ય પૂર્વપ્રત્યયવાળો 'પ્રાદિ કર્મધારય' ('પ્રવચન') સંસ્કૃત વ્યાકરણ ગણાવે છે. પણ હકીકતમાં આ અંગસિદ્ધિ થઈ, સમાસસિદ્ધિ નહીં. તેથી આપણે સ્વતંત્ર રીતે વપરાતા 'ન' પદવાળા 'નઞ્ કર્મધારય'નો જ સ્વીકાર કરીશું : નધણિયાતું, નભાવતું વગેરે.

[૭] બહુવ્રીહિ સમાસ

: ૧ : જેમાં કર્મધારયની પેઠે પદોની વચ્ચે વિશેષણ-વિશેષ્ય કે ઉપમાન-ઉપમેય સંબંધ – સમાનાધિકરણ સંબંધ હોય અથવા જેમાં તત્પુરુષની પેઠે પદોની વચ્ચે અન્ય વિભક્તિસંબંધ હોય અને સમસ્ત પદ અન્ય પદનું વિશેષણ બનતું હોય તેવો સમાસ

'બહુવ્રીહિ' સમાસ કહેવાય છે. સ્પષ્ટ છે કે બહુવ્રીહિ સમાસ કર્મધારય અને તત્પુરુષથી એ રીતે જુદો પડે છે કે એ બન્ને સમાસપ્રકારો એકપદપ્રધાન છે, જ્યારે બહુવ્રીહિ અન્યપદપ્રધાન છે.

: ૨ : પદોની વચ્ચે ભિન્ન વિભક્તિસંબંધ હોય તેવા બહુવ્રીહિ સમાસ 'વ્યધિકરણ બહુવ્રીહિ' તરીકે ઓળખાય છે. એનાં સંસ્કૃતમાં થોડાં ઉદાહરણો મળે છે ચક્રપાણિ (જેના પાણિ – હાથમાં ચક્ર છે એવા), સુખાંત (જેને અંતે સુખ છે એવું) વગેરે.

વિશેષ્ય-વિશેષણ કે ઉપમેય-ઉપમાનસંબંધવાળા 'સમાનાધિકરણ બહુવ્રીહિ'નાં ઉદાહરણો સંસ્કૃત તેમજ ગુજરાતીમાં વ્યાપકપણે મળે છે. ઉપમેય-ઉપમાનસંબધવાળા બહુવ્રીહિ સમાસનાં ઉદાહરણો આ પ્રમાણે છે – ગજાનન (ગજના જેવું જેનું આનન છે તેવો), હરિણાક્ષી, પાણીપંથો, માટીપગો, કાળમુખું, ચંપાવરણું, ગૌમુખી, મૂશળધાર વગેરે.

વિશેષણ-વિશેષ્યસંબંધવાળા બહુવ્રીહિમાં સંસ્કૃતમાં તો વિશેષણ પૂર્વપદ જ હોય છે. ગુજરાતીમાં પણ એવાં ઘણાં ઉદાહરણો મળે છે : મહાબાહુ (અર્જુન) (જેના બાહુ મોટા છે તેવો), કૃતાર્થ, અગમબુદ્ધિ, ગૌરવરણું, એકલપેટું, ભારેપગી વગેરે. પૂર્વપદ સંખ્યાવાચક વિશેષણ પણ હોઈ શકે : ચતુર્મુખ, બેપગું, ચોખંડું, એકધારું, વીસનહોરી, નવસરો વગેરે.

પૂર્વપદ કોઈ પૂર્વપ્રત્યય હોય તેવા 'પ્રાદિ બહુવ્રીહિ' ('કુરૂપ')નો આપણે સ્વીકાર નહીં કરીએ પણ પૂર્વે 'ન'વાળા 'નઞ બહુવ્રીહિ'નો સ્વીકાર કરીશું : નભાઈ, નબાપો, નજીવું, નકામું, નફકરું વગેરે.

: ૩ : એ નોંધપાત્ર છે કે ગુજરાતીમાં ઉત્તરપદ વિશેષણ હોય તેવા બહુવ્રીહિ સમાસ પણ વિકસ્યા છે : હૈયાસૂનું (જેનું હૈયું સૂનું છે તેવું), માથાભારે, પેટછૂટું વગેરે. આમાં ઉત્તરપદ વિશેષણ તરીકે કામ કરતું ભૂતકૃદંત પણ હોઈ શકે છે : હૈયાફૂટું (જેનું હૈયું ફૂટ્યું છે એવું), હોઠકટું, મોંબળ્યું, માથાફરેલ, કેડભાંગલું વગેરે.

આ રીતે ગુજરાતીમાં બહુવ્રીહિ સમાસની કાર્યશીલતા ધ્યાન ખેંચે એવી છે.

[૮] અવ્યયીભાવ સમાસ

: ૧ : સંસ્કૃતમાં 'અવ્યયીભાવ' સમાસની વ્યાખ્યા આ પ્રમાણે છે : જેમાં પૂર્વપદ અવ્યય હોય, ઉત્તરપદ નામ હોય અને સમસ્ત પદ ક્રિયાવિશેષણ 'અવ્યય' તરીકે વપરાતું હોય તે અવ્યયીભાવ સમાસ. એ રીતે આ અન્યપ્રદપ્રધાન સમાસપ્રકાર છે. ગુજરાતીમાં સંસ્કૃત કે ફારસીમાંથી આવેલાં આ સમાસનાં કેટલાંક ઉદાહરણો અપાય છે : યથાશક્તિ (શક્તિ પ્રમાણે), પ્રતિદિન (પ્રત્યેક દિને), આજન્મ (જન્મથી માંડીને), આજીવન (જીવન સુધી), હરરોજ, દરવખત વગેરે.

આ જાતના સમાસો ગુજરાતીમાં 'અવ્યયીભાવ' રહ્યા છે કે કેમ તે પ્રશ્ન છે. એ સમાસોનો ગુજરાતીમાં ક્રિયાવિશેષણ તરીકે નહીં પણ વિશેષણ તરીકે વ્યાપક ઉપયોગ થતો જોવા મળે છે : આજન્મ બ્રહ્મચર્યવ્રત, યથેચ્છ વર્તન,યથાયોગ્ય પાત્રાલેખન વગેરે. આ રીતે એ સમાસો બહુવ્રીહિની સમાન થઈ ગયા છે. 'હરરોજ' 'દરવખત'ને અધિકરણનાં લુપ્તપ્રત્યય રૂપો તરીકે ઘટાવી શકાય. ('દર વખતે' એવો પ્રયોગ તો વપરાશમાં છે જ.) ક્રિયાવિશેષણ તરીકેનો ઉપયોગ એ વિભક્તિને કારણે છે. વળી, 'હર' 'દર' એ પૂર્વપદો વિશેષણો છે, ક્રિયાવિશેષણો નહીં. એટલે એ સમાસો કર્મધારયથી જુદા પડતા નથી.

: ૨ : ગુજરાતી તદ્‌ભવ સામગ્રીમાં ક્રિયાવિશેષણ તરીકે વપરાતા કેટલાક સમાસો છે ખરા. પણ એમાં જ્યાં બન્ને ઘટકો ક્રિયાવિશેષણ હોય ત્યાં સમાસને અન્યપદપ્રધાન અવ્યયીભાવ ન ગણતાં ઉભયપદપ્રધાન દ્વન્દ્વ સમાસ જ ગણવો જોઈએ. આવાં કેટલાંક ઉદાહરણો દ્વન્દ્વ સમાસમાં આપણે નોંધી ગયા છીએ : માંડમાંડ, જ્યાંત્યાં, ઘેરઘેર વગેરે.

ઘટકો ક્રિયાવિશેષણ સિવાયનાં પદો હોય અને સમસ્ત પદ ક્રિયાવિશેષણ તરીકે વપરાતું હોય તેવાં ઉદાહરણો પણ મળે છે : ઢગલામોઢે, વરસોવરસ, નજરોનજર, રાતોરાત, સાચેસાચ, મોઢામોઢ, જોગાનુજોગ, સવારસાંજ વગેરે. પરંતુ આ સમાસોને પણ અવ્યયીભાવ સમાસો ગણવામાં મુશ્કેલી છે. 'ઢગલામોઢે'માં ખરેખર તો 'ઢગલામોઢું'ને 'એ' અનુગ લાગી ક્રિયાવિશેષણાત્મક રૂપ થયું છે, અને નામિક અંગોને કરણ કે અધિકરણનો 'એ' લાગી થતાં રૂપો ક્રિયાવિશેષણ તરીકે વપરાય છે તે આપણે જાણીએ છીએ – હળવે, આજે, સાથે, પડખે વગેરે. આ 'એ' અનુગ ઘણી વાર લુપ્ત પણ રહે છે, એટલેકે નામિક અંગોનાં શૂન્યપ્રત્યયાન્ત રૂપો પણ ગુજરાતીમાં ક્રિયાવિશેષણ તરીકે કામ આપે છે – 'હું **કાલ** આવીશ' 'હું **ગામ** જઈશ' વગેરે. તો આ રીતે 'સવાર-સાંજ' 'સવારે-સાંજે'નું લુપ્તપ્રત્યય રૂપ છે એમ અવશ્ય કહી શકાય. એમાં કશો 'અવ્યયીભાવ' કે 'ક્રિયાવિશેષણીભાવ' નથી.

એ જ રીતે, સંયોજકવાળા સમાસોમાં પણ 'સાચે ને સાચે'નું 'સાચેસાચ', 'નજરે ને નજરે'નું 'નજરોનજર', 'યોગે ને અનુયોગે'નું 'જોગાનુજોગ' પ્રત્યયલોપથી થયું હોવાનું ઘટાવી શકાય. ઉપરાંત ડૉ. ભાયાણી દર્શાવે છે તેમ દ્વિરુક્તિવાળા આ બધા સમાસોમાં બન્ને ઘટકોનો મોભો એક જ છે, એટલે એમને અન્યપદપ્રધાન સમાસપ્રકારમાં નહીં પણ ઉભયપદપ્રધાન સમાસપ્રકારમાં એટલેકે દ્વન્દ્વમાં જ મૂકવાના રહે. 'પુસ્તકો ચપ ઊપડી ગયાં' અને 'પુસ્તકો ચપોચપ ઊપડી ગયાં' એ વાક્યોમાં 'ચપ' અને 'ચપોચપ'ના પ્રયોગ જોતાં સમજાઈ જશે કે બન્ને ક્રિયાવિશેષણનું જ કાર્ય કરે છે. સમાસથી કાર્ય બદલાયું છે એવું નથી.

આથી, ગુજરાતીમાં અવ્યયીભાવને મળતો કોઈ પ્રકાર સ્થાપી શકાય તેવું લાગતું

નથી એ ડૉ. ભાયાણીનો અભિપ્રાય યથાર્થ છે.

સંદર્ભ

રવાનુકારી રૂપો : વ્યાસ યોગેન્દ્ર (૪), પૃ.૨૭૫–૨૭૬.

દ્વિરુક્ત પ્રયોગો : તેરૈયા; ભાયાણી (૬), પૃ.૧–૩૨; વ્યાસ યોગેન્દ્ર (૪), પૃ.૨૭૬–૨૮૦; દેસાઈ (૨), પૃ.૩૮૬–૩૯૧.

સમાસ : ભાયાણી(૨), પૃ.૯૬–૧૧૩; શાસ્ત્રી(૩), પૃ.૭૩–૯૦; દવે જે.; વ્યાસ યોગેન્દ્ર(૪), પૃ.૨૮૦–૨૯૦; દેસાઈ (૨), પૃ.૩૭૦–૩૮૫.

સ્વાધ્યાય

૧. નીચે દ્વિરુક્ત પ્રયોગોનાં જે ઉદાહરણો આપવામાં આવ્યાં છે તેમાં કઈ જાતની દ્વિરુક્તિ છે તે જણાવો અને દરેકને મળતાં બીજાં ત્રણ ઉદાહરણો નોંધો :

ધમધમાટ, ખુલ્લંખુલ્લા, નિરનિરાળું, વાસણકૂસણ, માલમતા.

૨. નીચેના દ્વિરુક્ત શબ્દોને વાક્યમાં વાપરી બતાવો અને એમાં દ્વિરુક્તિથી શો અર્થ વ્યક્ત થાય છે તે જણાવો :

જનમોજનમ, અડોઅડ, ઉપરાઉપરી, ગરમાગરમ.

૩. ઉપપદના ત્રણ પેટાપ્રકારોની સામે યોગ્ય ઉદાહરણો ગોઠવી આપો :

પ્રકાર	ઉદાહરણો
(૧) નામિક પદની કર્મવિભક્તિ અને આખ્યાતિક પદનો કર્તરિ પ્રયોગ.	હૈયાફાટ, પેટભરું, વસ્ત્રગાળ, આખાબોલું,
(૨) નામિક પદની કર્તાવિભક્તિ અને આખ્યાતિક પદનો કર્તરિ પ્રયોગ.	ઘરભંગ, સંઘેડાઉતાર, આપરખું
(૩) નામિક પદની કર્મ, કરણ કે અધિકરણ-વિભક્તિ અને આખ્યાતિક પદનો કર્મણિ પ્રયોગ.	

૪. નીચે સમાસોનાં જોડકાં આપ્યાં છે તે કઈ રીતે એકબીજાથી જુદાં પડે છે તે સમજાવો :

(૧) મોંબળ્યું, મનમાન્યું (૨) સાચેસાચું, સાચેસાચ (૩) નધણિયાતું, નબાપું

૫. નીચે જેનાં વર્ણન આપ્યાં છે તે સમાસપ્રકાર કયા છે તે જણાવો અને દરેકનાં બે-બે ઉદાહરણ આપી, વિગ્રહ કરી, આપેલા વર્ણનની યથાર્થતા સમજાવો :

(૧) પદો સમાન વ્યાકરણી મોભો ધરાવે છે અને વિકલ્પ દર્શાવે છે.

(૨) ઉત્તરપદ પ્રધાન હોય છે અને પૂર્વપદ એની સાથે વિભક્તિસંબંધે સંકળાયેલું હોય છે.

(૩) ઉત્તરપદે રહેલું વિશેષણ પ્રધાન હોય છે અને પૂર્વપદ ઉપમાન હોય છે.

(૪) ઉત્તરપદ વિશેષણ હોય છે, પૂર્વપદ સંજ્ઞા હોય છે અને બન્ને ભેગાં મળીને વિશેષણ બનાવે છે.

૧૧

[૧] વિકારી અને અવિકારી નામો

: ૧ : ગુજરાતીમાં નામ (એટલેકે સંજ્ઞા, વિશેષણ અને સર્વનામ)નાં રૂપાખ્યાનો નામિક અંગોને વચનના તથા વિભક્તિસંબંધ દર્શાવનારા પ્રત્યયો અને અનુગો લગાડીને થાય છે. પરંતુ આ પ્રત્યયો કે અનુગો લાગે તે પહેલાં ગુજરાતી નામિક અંગો એક લાક્ષણિક સ્થિતિ લે છે તેની ખાસ નોંધ લેવી જોઈએ.

ગુજરાતીમાં કેટલાંક સંજ્ઞા-વિશેષણ એવાં છે કે જે બધા જ સંયોગોમાં – એટલેકે એકવચનમાં કે બહુવચનમાં, સર્વ વિભક્તિસંબંધોમાં, તેમજ પાછળ પ્રત્યય કે અનુગ આવતો હોય કે ન આવતો હોય તે સ્થિતિમાં એકસરખું અંગ ધરાવે છે, એમના અંગમાં કશું પરિવર્તન થતું નથી. માણસ, શાળા, લાડુ, સાસુ, લોહી વગેરે સંજ્ઞાઓ તથા ખરાબ, ભારે, ખાલી વગેરે વિશેષણો આ પ્રકારનાં છે તે નીચેનાં નમૂનારૂપ ઉદાહરણો પરથી જણાઈ આવશે :

(૧) 'અહીં એક **માણસ** બેઠો છે.' (એકવચન, પાછળ અનુગ વિના)
'અહીં ઘણા **માણસ/માણસો** બેઠા છે.' (બહુવચન, અપ્રત્યય કે સપ્રત્યય, પાછળ અનુગ વિના)
'મેં એ **માણસ**ને બોલાવ્યો.' (એકવચન, પાછળ 'ને' અનુગ)

(૨) 'એની **સાસુ** સારી છે.' (એકવચન, પાછળ અનુગ વિના)
'બધી **સાસુ** આવી જ હોય છે.' (અપ્રત્યય બહુવચન, અનુગ વિના)
'**સાસુ**ઓનો સંતાપ કંઈ ઓછો નથી હોતો.' (પાછળ બહુવચનનો પ્રત્યય અને 'નો' અનુગ)

(૩) 'એનું **લોહી** ઊકળી ઊઠ્યું.' (એકવચન, પાછળ અનુગ વિના)
'બન્નેનાં **લોહી** જુદાં છે.' (અપ્રત્યય બહુવચન, અનુગ વિના)
'અપ્રમાણિકતા એના **લોહી**માં નથી.' (એકવચન, પાછળ 'માં' અનુગ)

(૪) 'આ **ભારે** પેટી કોની છે ?' (પાછળ અનુગ વિના, એકવચન)
'આ **ભારે** પેટીઓ કોની છે ?' (પાછળ અનુગ વિના, બહુવચન)
'આ **ભારે** પેટીમાં શું છે ?' (વચન અવ્યક્ત, પાછળ 'માં' અનુગ)

આ પ્રકારનાં નામોને અવિકારી અંગોવાળાં કે અવિકારી નામો કહેવામાં આવે છે.

બીજી બાજુથી, કેટલાંક સંજ્ઞા-વિશેષણ એવાં છે જે લિંગભેદે જુદાંજુદાં અંગો ધારણ કરે છે – જેમકે છોકરો-છોકરી-છોકરું, સારો-સારી-સારું. આમાંથી સ્ત્રીલિંગ અંગો તો બધી પરિસ્થિતિમાં અવિકૃત રહે છે. પણ પુંલ્લિંગ અને નપુંસકલિંગ અંગો વચનભેદે, વિભક્તિભેદે અને પાછળ પ્રત્યય કે અનુગ હોય કે ન હોય તેવી સ્થિતિમાં જુદોજુદો વિકાર પામે છે.[૧] જેમકે,

(૧) પું. : 'એક **છોકરો** મારે ત્યાં આવ્યો.' (એકવચન, અનુગ વિના)
'મેં એ **છોકરા(ઓ)ને** પૂછ્યું.' (એકવચન કે બહુવચન, પાછળ 'ને' અનુગ)
'બીજા **છોકરા**(ઓ) ક્યાં છે ?' (બહુવચન, સપ્રત્યય કે અપ્રત્યય, અનુગ વિના)

(૨) નપું. : '**છોકરું** રડતું હતું.' (એકવચન, પાછળ અનુગ વિના)
'મેં એ **છોકરાને** છાનું રાખ્યું.' (એકવચન, પાછળ 'ને' અનુગ)
'ઘણાં **છોકરાં**(ઓ) રડતાં હતાં.' (બહુવચન, સપ્રત્યય કે અપ્રત્યય)
'મેં બધાં **છોકરાં**(ઓ)ને છાનાં રાખ્યાં.' (બહુવચન, પાછળ 'ને' અનુગ)

(૩) પું. : '**સારો** માણસ સૌને ગમે.' (એકવચન, પાછળ અનુગ વિના)
'**સારા** માણસ/માણસોને સૌ કોઈ બોલાવે.' (એકવચન કે બહુવચન, પાછળ 'ને' અનુગ)
'**સારા** માણસો રેઢા નથી પડ્યા હોતા.' (બહુવચન, પાછળ અનુગ વિના)

(૪) નપું. : '**સારું** કામ કરનાર સૌને ગમે.' (એકવચન, પાછળ અનુગ વિના)
'**સારા** કામમાં સો વિઘ્ન.' (એકવચન, પાછળ 'માં' અનુગ)
'**સારાં** કામ/કામો જલદી થતાં નથી.' (બહુવચન, પાછળ અનુગ વિના)
'એ ઘણાં **સારાં** કામ/કામોનો કરનાર છે.' (બહુવચન, પાછળ 'નો' અનુગ)

આ રીતે છોકરો, છોકરું, સારો; સારું, ઘોડો, લાડવો, પાંજરું, પાંદડું, નાનો, નાનું વગેરે વિકારી અંગવાળાં કે વિકારી નામો છે.

: ૨ : વિકારી નામો કયા-કયા સંયોગોમાં કેવાં-કેવાં અંગો ધારણ કરે છે તે હવે જોઈએ.

---

૧. એ નોંધપાત્ર છે કે સામાન્ય કૃદંતનું સ્ત્રીલિંગ અંગ વિકાર પામે છે અને અનુગો પૂર્વે 'આ'કારાંત બને છે. 'દવા **પીવી** એમાં આટલી વાર શી ?'. પણ 'દવા **પીવા**માં આટલી વાર શી ?' વગેરે.

પહેલાં પુંલ્લિંગ નામ લઈએ. એ નીચે પ્રમાણે ભિન્નભિન્ન અંગો લે છે :

(૧) **'ઓ'કારાન્ત અંગ :** પાછળ અનુગ ન હોય તેવા સંબોધન સિવાયના વિભક્તિપ્રયોગમાં એકવચનમાં એટલેકે શૂન્યપ્રત્યય કર્તાકર્મવિભક્તિ એકવચનમાં –

'મારો **ઘોડો** દોડ્યો.' (શૂન્યપ્રત્યય કર્તા, એકવચન)
'એ **સારો** માણસ છે.'

'એ **ઘોડો** હું લાવ્યો છું.' (શૂન્યપ્રત્યય કર્મ, એકવચન)
'એક **સારો** શિક્ષક શોધી લાવો.'

(૨) **'આ'કારાન્ત અંગ :** નીચેના જુદાજુદા સંયોગોમાં –

(ક) કરણ અને અધિકરણના 'એ' સિવાયના સર્વ અનુગો અને નામયોગીઓ પૂર્વે એકવચન તેમજ બહુવચનમાં –

'**ઘોડા**(ઓ)એ આજે ચંદી ખાધી નથી.'
'આ **છોકરા**(ઓ)ને શું કહેવું ?'
'એક (બે) **લાડવા**થી એનું પેટ ન ભરાય.'
'આ **છોકરા**(ઓ)નું શું કરીશું ?'
'**થેલા**(ઓ)માં શું ભર્યું છે ?'
'આ **ચૂલા** વિશે તમારો શો અભિપ્રાય છે ?'
'**સારા** શિક્ષકનું જેટલું મહત્ત્વ કરીએ એટલું ઓછું.'

(કરણવિભક્તિમાં 'ખોબાએ-ખોબાએ પાણી પીધું' ને અધિકરણવિભક્તિમાં 'તે ઘોડાએ બેઠો' એમ નહીં થઈ શકે. પણ વિશેષણ તો, એને સીધો 'એ' ન લાગ્યો હોય તો 'આ'કારાન્ત આવે છે : 'ધોળા દિવસે' 'ચોખ્ખા હાથે' વગેરે.)

(ખ) શૂન્યપ્રત્યય સંબોધન એકવચન તેમજ બહુવચનમાં –

'**બેટા**, આવજે.' '**બેટા**(ઓ), આવજો.'

(ગ) બહુવચનમાં શૂન્યપ્રત્યય કર્તાકર્મવિભક્તિમાં પણ –

'તમારી પાસે કેટલા **લખોટા** છે ?' (કર્તા)
'મેં ચાર **ઝભ્ભા** સિવડાવ્યા.' (કર્મ)
'હું **મોટા** રૂમાલ પસંદ નથી કરતો.' (કર્મ)

(આમ, બહુવચનમાં કરણ અને અધિકરણના 'એ' પૂર્વે સિવાયની બધી પરિસ્થિતિમાં 'આ'કારાંત અંગ આવે છે એમ કહેવાય.)

(૩) **વ્યંજનાંત અંગ :** કર્તા-કરણ-અધિકરણવાચક 'એ' પૂર્વે એકવચન તેમજ બહુવચનમાં –

'**મારે બેટે** મને છેતર્યો.' (કર્તા)

'ખોબેખોબે મેં પાણી પીધું.' (કરણ)
'ચોતરે ઘણા માણસો બેઠા હતા.' (અધિકરણ, એકવચન)
'સૌ સૈનિકો ઘોડે સવાર થઈને આવ્યા હતા.' (અધિકરણ, બહુવચન)
'અમારી સોસાયટીમાં ધોળે દિવસે ચોરી થઈ.' (અધિકરણ)

(કર્તૃવાચક 'એ' પૂર્વે 'આ'કારાન્ત અંગ પણ આવી શકે છે એ આપણે આગળ જોયું છે. એટલે ત્યાં વ્યંજનાંત અંગનો પ્રયોગ ઉપશિષ્ટ (sub-standard) જણાય છે. વિશેષણ તો, આગળ જોયું તેમ, એને સીધો 'એ' ન લાગ્યો હોય તો, 'આ'કારાન્ત જ આવે છે : 'મારા બેટે', 'ધોળા દિવસે' વગેરે. કરણવાચક 'એ'નાં પણ ખૂબ ઓછાં ઉદાહરણો મળશે, કેમકે સજીવ વસ્તુઓની સંજ્ઞાઓ કરણમાં પ્રયોજાતી નથી અને કરણમાં 'એ' કરતાં 'થી' અનુગ વધારે વ્યાપક છે.)

: ૩ : નપુંસકલિંગનાં નામો નીચે પ્રમાણે ભિન્નભિન્ન અંગો લે છે :

(૧) **'ઉ'કારાન્ત અંગ** : પાછળ અનુગ ન હોય તેવા સંબોધન સિવાયના વિભક્તિપ્રયોગમાં એકવચનમાં એટલેકે શૂન્યપ્રત્યય કર્તાકર્મ એકવચનમાં –

'સસલું શું ખાય છે ?'
'અહીં લીલું ઘાસ ઊગ્યું છે.' (કર્તા)
'મેં એક પાંદડું તોડ્યું.'
'રોજ તાજું શાક ખાઓ.' (કર્મ)

(૨) **'આ'કારાંત અંગ** : નીચેના જુદાજુદા સંયોગોમાં –

(ક) કરણ અને અધિકરણવાચક 'એ' સિવાયના અનુગો અને નામયોગીઓ પૂર્વે એકવચનમાં –

'સસલાએ પછીથી ઝડપ કરી.'
'આ ટોળાને કેમ કાબૂમાં રાખવું ?'
'પેલા બારણામાંથી આવો.'
'આ ગાદલાની ખોળ મેલી થઈ છે.'
'મીઠા સંગીતથી સૌનું મન રીઝે.'
'ઓશીકા ઉપર માથું રાખો.'

(કરણવિભક્તિમાં 'પવાલાએ-પવાલાએ પાણી રેડો' કે અધિકરણમાં 'એ માથાએ ઓઢતી નથી' એમ નહીં થઈ શકે. વિશેષણો, અલબત્ત, એને 'એ' લાગ્યો ન હોય તો

---

૨. એ નોંધપાત્ર છે કે સામાન્ય કૃદંતનું નપુંસકલિંગ અંગ બહુવચનમાં પણ અનુગો પૂર્વે 'આ'કારાંત બને છે, 'કપડાં ધોવાં મને ગમે નહીં', પણ 'કપડાં ધોવામાં મને મજા ન પડે' વગેરે.

કરણ અને અધિકરણવિભક્તિમાં પણ 'આ'કારાન્ત રહેશે : 'પેલા ઓશીકે માથું રાખો.')

(ખ) શૂન્યપ્રત્યય સંબોધન એકવચનમાં –

'**બચ્ચા**, સુખી થા.'

(૩) **'આં'કારાંત અંગ** : બહુવચનમાં કરણ અને અધિકરણના 'એ' પૂર્વે સિવાયના સઘળા સંયોગોમાં[૨] –

'ઝાડ પરથી **પાંદડાં** ખરી ગયાં છે.' (શૂન્યપ્રત્યય કર્તા)
'તમે કેટલાં **છાપાં** મંગાવો છો ?' (શૂન્યપ્રત્યય કર્મ)
'**બચ્ચાં**ઓ, સુખી થાઓ.' (શૂન્યપ્રત્યય સંબોધન)
'મારે બધાં **બારણાં**ઓને રંગ કરાવવો છે.'
'કબાટનાં બધાં **ખાનાં**માં ચોપડીઓ જ છે.'
'ચોપડીનાં **પાનાં**ઓ પર લીટા કોણે કર્યા છે ?'
(અનુગો અને નામયોગીઓ પૂર્વે)

(૪) **વ્યંજનાંત અંગ** : કર્તૃ-કરણ-અધિકરણવાચક 'એ' પૂર્વે, એકવચન તેમજ બહુવચનમાં –

'**સસલે** ઝડપ કરી.' (કર્તા)
'**પવાલે-પવાલે** પાણી રેડો.' (કરણ)
'તમે બે **મોઢે** વાત કરો છો.' (કરણ, બહુવચન)
'સ્ત્રીઓ હવે **માથે** ઓઢતી નથી.' (અધિકરણ, બહુવચન)
'અમે **બધે** ઘરે કહેવડાવ્યું છે.' (અધિકરણ, બહુવચન)

(અહીં પણ કર્તાવિભક્તિમાં વ્યંજનાંત અંગોનો પ્રયોગ ઉપશિષ્ટ જણાંય છે. વિશેષણો તો, આગળ નોંધ્યું છે તે પ્રમાણે, એને 'એ' પ્રત્યય લાગ્યો ન હોય તો 'આ'કારાંત જ રહે છે.)

: ૪ : એ નોંધપાત્ર છે કે સમાસમાં અને અંગસાધક પ્રત્યયો પૂર્વે કોઈ પણ લિંગમાં વ્યંજનાંત અંગ વ્યાપક રીતે આવે છે : ઘોડદોડ, છોકરમત, છોકરવાદ, આડવાત, સારમાણસાઈ, ટાઢપ, ભલાઈ, કાળાશ વગેરે. છતાં સમાસમાં તેમજ કોઈક અંગસાધક પ્રત્યયો પૂર્વે પુંલ્લિંગ તેમજ નપુંસકલિંગમાં 'આ'કારાન્ત અંગ પણ આવી શકે છે : ઘોડાગાડી, પાંજરાપોળ, ગાંડાવેડા, ઝાંપાવાળું વગેરે.

: ૫ : વિકારી અંગો વિશેની માહિતીને ટૂંકમાં નીચે પ્રમાણે મૂકી શકાય :

પરિસ્થિતિ	પુંલ્લિંગ	નપુંસકલિંગ
સંબોધનમાં	'આ'કારાંત	(એક) 'આ' (બહુ) 'આં'
શૂન્યપ્રત્યય(કર્તાકર્મ)માં	(એક) 'ઓ' (બહુ) 'આ'	(એક) 'ઉં' (બહુ) 'આં'
કર્તૃવાચક 'એ' પૂર્વે	'આ'/વ્યંજનાંત	(એક) 'આ'/વ્યંજનાંત (બહુ) 'આં'/વ્યંજનાંત
કરણ-અધિકરણના 'એ' પૂર્વે	વ્યંજનાંત	વ્યંજનાંત
અન્ય અનુગો તથા નામ-યોગીઓ પૂર્વે	'આ'કારાંત	(એક) 'આ' (બહુ) 'આં'
સમાસમાં તેમજ અંગસાધક પ્રત્યયો પૂર્વે	વ્યંજનાંત/'આ'કારાંત	વ્યંજનાંત/'આ'કારાંત

[૨] વચન : વ્યક્ત કરવાની રીતો

: ૧ : ગુજરાતીમાં બે વચન છે – એકવચન અને બહુવચન.

: ૨ : નીચેની જુદીજુદી રીતો બહુવચન દર્શાવે છે :

(૧) સંજ્ઞાઓને, અમુક સર્વનામોને અને વિશેષણ સંજ્ઞા તરીકે વપરાય ત્યારે એને પણ 'ઓ' પ્રત્યય લગાડીને બહુવચન દર્શાવી શકાય છે. દા.ત., માણસો, શાળાઓ, લાડુઓ, સાધુઓ, સાસુઓ, પાટલાઓ, બારણાંઓ, જેઓ, તેઓ, ડાહ્યાઓ, બિચારીઓ વગેરે.

(૨) '-ન-' 'ને' અનુગો પૂર્વે 'તે' 'એ' 'જે' 'આ' સર્વનામોનું 'મ'વાળું રૂપ બહુવચન દર્શાવે છે. દા.ત. તેમનું, તેમને, એમનું, જેમને, આમને વગેરે.

(એ નોંધપાત્ર છે કે અન્ય અનુગો પૂર્વે '-ન-' કે '-ણ-'વાળું અંગ આવે ત્યારે પણ આ સર્વનામો બહુવચનમાં 'મ'વાળું અંગ લઈ શકે છે : તેમનાથી, તેમણે વગેરે.)

(૩) પાછળ અનુગ ન હોય ત્યારે સંબોધન સિવાયના પ્રયોગમાં (એટલેકે શૂન્યપ્રત્યય કર્તાકર્મવિભક્તિમાં) પુંલ્લિંગ વિકારી સંજ્ઞાઓ અને વિશેષણો (તથા વિશેષણાત્મક કૃદંતો)નું 'આ'કારાન્ત રૂપ બહુવચન દર્શાવે છે :

'મેદાનમાં **છોકરા** રમે છે.'

'હું મુંબઈથી દરવખતે **લખોટા** લાવું છું.'

'**સારા માણસ** આમ જ વર્તે.'

(૪) પુંલ્લિંગમાં વિકારી કૃદંતમૂલક ક્રિયાપદોનું 'આ'કારાન્ત રૂપ બહુવચન દર્શાવે છે :

'તમે મંગાવેલ **કાચ** આવી ગયા છે.'

(૫) નપુંસકલિંગમાં વિકારી સંજ્ઞાઓ, વિશેષણો અને કૃદંતો (વિશેષણ તરીકે કે ક્રિયાપદ તરીકે)નું 'આં'કારાન્ત રૂપ બહુવચન દર્શાવે છે :

'તમારે કેટલાં **મોઢાં** છે ?'
'આ **તમારાં પુસ્તક** છે ?'
'આ **પુસ્તક** મેં **મંગાવ્યાં** છે.'
'**બધાં ઘર** અમે તપાસી વળ્યા.'
'આ **પાંદડાંનું** શું કરવાનું છે ?'

(૬) સ્ત્રીલિંગમાં વિકારી વિશેષણ અને કૃદંતોનું 'આં'કારાન્ત રૂપ માનાર્થે બહુવચન દર્શાવે છે :

'આ મારાં **મોટાં બહેન** છે.'
'તે આજે મુંબઈથી **આવ્યાં** છે.'

(૭) બહુત્વવાચક વિશેષણો બહુવચન દર્શાવે છે :

'મેં **ઘણી રીત** અજમાવી.'
'મારે **અનેક મિત્ર** છે.'
'હું **બે કલાકથી** બેઠો છું.'

: ૩ : નીચેની રીતો એકવચન દર્શાવે છે :

(૧) પુંલ્લિંગમાં વિકારી સંજ્ઞા, વિશેષણ કે કૃદન્તમૂલક ક્રિયાપદનું 'ઓ'કારાન્ત રૂપ એકવચન દર્શાવે છે :

'**ઘોડો** દોડે છે.'
'એ **સારો માણસ** છે.'
'**થાક્યો માણસ** બીજું શું કરે ?'
'મેં **ઘોડાને** ખૂબ **દોડાવ્યો**.'

(૨) પુંલ્લિંગ અને નપુંસકલિંગમાં સંબોધનવિભક્તિમાં વિકારી સંજ્ઞાનું 'આ'કારાન્ત રૂપ અને અવિકારી સંજ્ઞાનું અપ્રત્યય રૂપ એકવચન સૂચવે છે (બહુવચનમાં 'ઓ' પ્રત્યય આ સંયોગમાં ફરજિયાત છે) :

'**બેટા**, આવજે.' '**બચ્ચા**, સુખી થજે.'
'**ભાઈ**, વહેલો આવજે.' '**ખેડૂત**, તું જગતનો તાત છે.'

(૩) નપુંસકલિંગમાં વિકારી સંજ્ઞા, વિશેષણ અને કૃદન્તમૂલક ક્રિયાપદનાં

'ઉ'કારાન્ત અને 'આ'કારાન્ત અંગો એકવચન દર્શાવે છે (બહુવચનમાં 'આં'કારાન્ત અંગ આવે છે) :

'તે **છાપું** વાંચે છે.'
'**મોટું ટેબલ** અહીં લાવો.'
'**ભાંગેલું ટેબલ** બહાર મૂકો.'
'મારે આ **ટેબલ** રંગાવવું છે.'
'**સિંહ પાંજરામાં** પુરાયો.'
'**ઓશીકા** ઉપર માથું રાખો.'
'પુસ્તક **મોટા ટેબલ** પર મૂકો.'

[૩] બહુવચનના 'ઓ' પ્રત્યયના પ્રયોગનું ક્ષેત્ર

: ૧ : બહુવચન માટેનો 'ઓ' પ્રત્યય છે પણ એના પ્રયોગ પર કેટલાંક નિયંત્રણો છે. તે નીચે પ્રમાણે છે :

(૧) 'એ'કારાન્ત અને 'ઓ'કારાન્ત અવિકારી સંજ્ઞાઓને 'ઓ' પ્રત્યય લાગી શકતો નથી. હરડે, ઘો, જળ, ખો – એ સંજ્ઞાઓ બહુવચનમાં આવશે તોયે 'ઓ' પ્રત્યય લેશે નહીં, જેમકે 'પાંચ હરડેઓ' નહીં થઈ શકે.

(૨) અનાજ કે દ્રવ્યની સંજ્ઞાઓ પણ બહુવચનનો 'ઓ' પ્રત્યય લેતી નથી. ઘી, દૂધ, દહીં, ઘઉં, ચોખા એ સંજ્ઞાઓને 'ઓ' પ્રત્યય નહીં લાગે.

(૩) બીજી કેટલીક સંજ્ઞાઓ (જેમાં કેટલીક અંગવાચક અને પ્રાણીવાચક સંજ્ઞાઓનો સમાવેશ થાય છે) પણ સામાન્યતઃ 'ઓ' લેતી નથી. પેટ , હાથ, પગ, વાઘ, મોર, બોર – આ સંજ્ઞાઓને 'ઓ' પ્રત્યય લગાડવો સુભગ નથી લાગતું; જોકે આ બાબતમાં જુદાજુદા સંસ્કારો હોય એવો સંભવ છે.

(૪) સર્વનામોમાં 'તે' 'એ' અને 'જે' બહુવચનનો 'ઓ' પ્રત્યય લઈ શકે છે – તેઓ, એઓ, જેઓ. 'હું' અને 'તું' માટે બહુવચનનાં જુદાં જ રૂપો છે – 'અમે' અને 'તમે' કે 'આપ.' કોઈ, પોતે, કોણ – એ સર્વનામોને બહુવચનનો પ્રત્યય 'ઓ' લાગતો નથી તેમ એના બહુવચનનાં જુદાં રૂપો પણ નથી.

(૫) માનાર્થે બહુવચનમાં સંજ્ઞાને 'ઓ' પ્રત્યય લગાડી શકાતો નથી. 'સુરેશભાઈ મારા મિત્રો છે' એમ નહીં કહેવાય, 'સુરેશભાઈ મારા મિત્ર છે' એમ જ કહેવાશે. (બહુવચન બીજી રીતે વ્યક્ત થઈ શકે છે. જેમકે, અહીં 'મારા' દ્વારા.) પણ માનાર્થે બહુવચનમાં 'તે' વગેરે સર્વનામને 'ઓ' લાગી શકે છે : 'તેઓ મારા મિત્ર છે.'

(૬) સંબોધનવિભક્તિમાં 'ઓ' પ્રત્યય આવશ્યક છે :

'બાળકો, તોફાન ન કરો.'
'ભાઈઓ, શાંત રહો.'
'આંધળાઓ, જરા જોઈને તો ચાલો.'

(૭) સૌથી નોંધપાત્ર વસ્તુ એ છે કે 'ઓ' પ્રત્યયનો પ્રયોગ ફરજિયાત નથી. બીજી રીતે બહુવચન વ્યક્ત થતું હોય ત્યાં 'ઓ' પ્રત્યય ટાળવાનું વલણ દેખાય છે. જેમકે 'હું બે ઘોડાઓ લાવ્યો છું' એમ નહીં પણ 'હું બે ઘોડા લાવ્યો છું' એમ સામાન્ય રીતે બોલાશે. પણ જ્યાં બીજી રીતે બહુવચન વ્યક્ત ન થતું હોય અને બહુવચનની વિવક્ષા હોય ત્યાં 'ઓ' પ્રત્યય લગાડવો જરૂરી બની જાય છે. એકથી વધારે ચોપડી માગવાની હોય ત્યારે 'ચોપડીઓ લાવો' એમ જ કહેવું પડે.

[૪] વચન અંગેની લાક્ષણિક પરિસ્થિતિ

: ૧ : ગુજરાતીમાં વચન અંગેની સામાન્ય પરિસ્થિતિ પણ વિશિષ્ટ અને લાક્ષણિક છે. એ બાબતમાં નીચેના મુદ્દાઓ નોંધપાત્ર છે :

(૧) ગુજરાતીમાં વચન દર્શાવવું અનિવાર્ય નથી. જ્યાં વિવક્ષા ન હોય ત્યાં વચનને અનુક્ત રાખી શકાય છે. એટલે આપણે આગળ દર્શાવી તેમાંથી કોઈ પણ રીતે વચન – એકવચન કે બહુવચન – વ્યક્ત ન થતું હોય એવાં વાક્યો મળે. નીચેનાં વાક્યોમાં ઘાટી છાપેલી સંજ્ઞાઓ કયા વચનમાં છે તે નિશ્ચિતપણે કહી શકાશે નહીં :

'કબાટમાં શું મૂક્યું છે ?'
'**તારા પગને** શું થયું છે ?'
'ઉકરડામાં **ભૂંડ** આળોટે છે.'
'છોકરીઓ **પાટલી** પર બેઠી છે.'
'**થેલા**માં શું ભર્યું છે ?'

(૨) કેટલીક ક્રિયાવાચક અને ભાવવાચક સંજ્ઞાઓ એકવચનમાં જ વપરાય છે. ખ્યાતિ, અક્કલ, પ્રેમ, દ્વેષ – આ સંજ્ઞાઓનું બહુવચન નથી થતું. બીજી કેટલીક ક્રિયાવાચક અને ભાવવાચક સંજ્ઞાઓ સામાન્ય રીતે એકવચનમાં વપરાય છે, પણ એમાં ભેદની વિવક્ષા હોય – જુદાજુદા પ્રકારો નિર્દેશવા હોય ત્યારે બહુવચનમાં આવી શકે છે. વિદ્યા, ભાવના, લાગણી વગેરે સંજ્ઞાઓ આ પ્રકારની છે. 'એનામાં ઘણી લાગણી છે' એ વાક્યમાં લાગણીની પ્રચુરતા દર્શાવી છે છતાં એકવચન છે, જ્યારે 'એનામાં ઘણી લાગણીઓ છે' એ વાક્યમાં લાગણીઓની વિવિધતા સૂચવાય છે. 'દર્શન' (માનાર્થે) 'પ્રણામ' 'વંદન' 'અભિનંદન' 'સમાચાર' 'વખાણ' વગેરે કેટલીક ક્રિયાવાચક કે ભાવવાચક સંજ્ઞાઓ સામાન્ય રીતે બહુવચનમાં જ વપરાય છે, જેમકે 'દેવનાં દર્શન' 'મારા પ્રણામ' 'મારાં

વંદન' 'મારાં અભિનંદન' 'સારા સમાચાર' 'વખાણ થયાં' વગેરે.

(૩) દ્રવ્યવાચક સંજ્ઞાઓમાં અનાજની સંજ્ઞાઓ સામાન્ય રીતે બહુવચનમાં વપરાય છે. જેમકે, 'આ ઘઉં સારા નથી', 'આ વાલ સારા છે'; પણ વિશિષ્ટ પરિસ્થિતિમાં 'ચોખો' એવો પ્રયોગ થઈ શકે છે. 'બાજરો' એ અનાજની એક એવી સંજ્ઞા છે જે એકવચનમાં આવે છે. અન્ય દ્રવ્યવાચક સંજ્ઞાઓ સામાન્ય રીકે એકવચનમાં વપરાય છે – પાણી, લોટ, દૂધ, અનાજ વગેરે. પણ ભેદની વિવક્ષા હોય ત્યારે એમને બહુવચનમાં યોજી શકાય છે. જેમકે 'મેં ઘણાં ગામનાં પાણી પીધાં છે', 'અમે ઘણી ઘંટીના લોટ ખાધા છે' વગેરે.

[૫] બહુવચનના અર્થો

: ૧ : બહુવચન બે અર્થો વ્યક્ત કરે છે :

(૧) એક કરતાં વધુ સંખ્યા દર્શાવે છે :

'સુરેશ અને નરેશ મારા મિત્રો છે.'

'પાટલા નાના છે.'

(૨) આદર, મોભો કે સ્થાન દર્શાવે છે :

'સુરેશભાઈ મારા મિત્ર છે. તેઓ આજે મુંબઈથી આવ્યા છે.'

'મારે એક મોટાં બહેન છે.'

'તંત્રી તરીકે અમારો એવો મત છે.'

છેલ્લા પ્રયોગને અંગ્રેજીમાં editor's we (તંત્રીનું 'અમે') કહેવામાં આવે છે.[૩]

---

૩. ડૉ. ભાયાણી પોતા પ્રત્યે અનાદર વ્યક્ત કરવા માટે થતા બહુવચનના એક પ્રયોગની નોંધ લે છે : 'તમે મોટા ને બહુ સારા, ને અમારી કિંમત કોડીની.' 'એવા રે અમો એવા રે એવા, તમે કહો છે વળી તેવા રે.' જોકે આવી રચના બીજાત્રીજા પુરુષ માટે પણ થઈ શકે છે. કોઈ નાના છોકરા માટે આપણે ક્યારેક કહીએ કે 'અમારા રાજુભાઈ ભારે દોઢડાહ્યા.'

પણ મુખ્ય મુશ્કેલી આ પ્રયોગોમાં અનાદર બહુવચનથી વ્યક્ત થતો જોવામાં છે. ખરેખર તો, 'કિંમત કોડીની' 'એવા રે એવા' 'દોઢડાહ્યો' એ શબ્દ અનાદર દર્શાવે છે, અને એ અનાદર વધારે તીવ્ર બને છે બહુવચનથી વ્યક્ત થતા મોભાના વિરોધમાં. કહો કે કટાક્ષનો એક સૂર ઊભો થાય છે. પણ આ ઉદાહરણોમાં પણ બહુવચન તો આદર કે મોભો દર્શાવનાર છે એમ કહેવું જોઈએ. 'કિંમત કોડીની' 'એવા રે એવા' 'દોઢડાહ્યો' વગેરેને બદલે પ્રશંસાવાચક શબ્દો મૂકવાથી આ વાત સમજાઈ જશે :

'અમે કેવા સારા...'

'અમારા રાજુભાઈ ભારે ડાહ્યા.'

'તમે બહુ મોટા ને સારા, તો અમારી કિંમત પણ ઓછી નથી.'

એમ લાગે છે કે કેટલીક વાર બહુવચનના આવા પ્રયોગ પાછળ વ્યક્તિને કોઈ વર્ગના

[૬] લિંગ : વ્યક્ત અને અવ્યક્ત

: ૧ : ગુજરાતીમાં ત્રણ લિંગ છે – પુંલ્લિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ. લિંગભેદ સંજ્ઞા, વિશેષણ અને કૃદંતના અમુક વર્ગમાં પ્રગટપણે વ્યક્ત થાય છે.

બધી સંજ્ઞાઓ કોઈક લિંગ તો ધરાવે જ છે પણ કેટલીક સંજ્ઞાઓ એવી છે કે જેમાં એમનાં લિંગને ઓળખાવનારું કશું ચિહ્ન હોતું નથી, જ્યારે કેટલીક સંજ્ઞાઓ એમનાં લિંગનું ચિહ્ન ધરાવે છે.

નીચેની સંજ્ઞાઓ જુઓ. એમાં કશું લિંગચિહ્ન નથી. અંતે એકસરખાં અંગવાળી સંજ્ઞાઓ જુદાંજુદાં લિંગની છે :

પું.	સ્ત્રી.	નપું.
હાથ	આંખ	પેટ
રાજા	માળા	વડોદરા
ધણી	નદી	લોહી
લાડુ	સાસુ	જાજરૂ

ત્યારે નીચેની સંજ્ઞાઓ લિંગચિહ્નવાળી છે એ દેખાઈ આવે છે. પુંલ્લિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગમાં એ તે-તે લિંગનું વિશિષ્ટ ચિહ્ન – અનુક્રમે 'ઓ' 'ઈ' 'ઉં' – ધરાવે છે :

પું.	સ્ત્રી.	નપું.
છોકરો	છોકરી	છોકરું
ગોળો	ગોળી	
	પગલી	પગલું
પોટલો	પોટલી	પોટલું

: ૨ : વિશેષણો અને કૃદંતોમાં અમુક કશું લિંગચિહ્ન લેતાં નથી અને બધાં લિંગમાં સમાનપણે વાપરી શકાય છે. જેમકે, સરસ, સુંદર, ભારે, ખાલી, આવનાર, આવેલ વગેરે.

'સરસ છોકરો'	'સરસ છોકરી'
'ભારે પેટી'	'ભારે પટારો'
'આવનાર/આવેલ ભાઈ'	'આવનાર/આવેલ બાઈ'

પ્રતિનિધિ તરીકે જોવાનો પ્રયત્ન પણ હોય. 'અમારી કિંમત કોડીની' એવું કોઈ સ્ત્રી બોલતી હોય તો પોતાને સ્ત્રીવર્ગના પ્રતિનિધિ રૂપે જોઈ બહુવચન વાપરતી હોય. કેટલીક વાર બહુવચનનો પ્રયોગ માત્ર એક શૈલીપ્રકાર પણ હોય. 'તમે બહુ તેડાવતા હતા ને તે લો અમે આવ્યા' એવા વાક્યમાં વ્યક્તિ પોતાને માટે બહુવચન વાપરે તો એ કદાચ – સહેજ જુદા ભારવાળી પણ – બોલવાની એક શૈલી હોય.

ત્યારે કેટલાંક વિશેષણો અને કૃદંતો જુદાંજુદાં લિંગમાં તે-તે લિંગનાં ચિહ્નો લે છે. જેમકે,

'રૂપાળો છોકરો'	'રૂપાળી છોકરી'	'રૂપાળું છોકરું'
'મોટા રાજા'	'મોટી રાણી'	'મોટું રાજ્ય'
'આવનારો પુરુષ'	'આવનારી સ્ત્રી'	'આવનારું બાળક'
'કહ્યો/કહેલો બોલ'	'કહી/કહેલી વાત'	'કહ્યું/કહેલું વેણ'

: ૩ : સર્વનામો લિંગચિહ્ન લેતાં નથી. પરંતુ જે સંજ્ઞા માટે સર્વનામ વપરાયું હોય તેના લિંગની રચના એ લે છે. જેમકે, સ્ત્રી બોલતી હોય તો એમ કહે છે કે 'હું આવી હતી'; પુરુષ બોલતો હોય તો એમ કહે કે 'હું આવ્યો હતો.' સ્ત્રી માટે આપણે બોલતા હોઈએ તો કહીએ કે 'તે ડાહી છે'; પુરુષ માટે બોલતા હોઈએ તો કહીએ કે 'તે ડાહ્યો છે.'

પણ અનિશ્ચિત કે પ્રશ્નાર્થક સર્વનામો સામાન્ય રીતે નપુંસકલિંગ એકવચનમાં વપરાય છે :

'કોણ આવ્યું હતું ?'

'કોઈ આવ્યું લાગતું નથી.'

ખાસ સંદર્ભમાં આ સર્વનામો ચોક્કસ લિંગની અને બહુવચનની રચના પણ લે છે :

'રંજન આવી હતી.' 'કોણ આવી હતી ?' 'રંજન.'

'કોણકોણ આવ્યા હતા ?'

: ૪ : એ નોંધપાત્ર છે કે વિકારી નામોમાં પણ પુંલ્લિંગ (એકવચન અને બહુવચન) અને નપુંસકલિંગ (એકવચન) બન્નેમાં અનુગો પૂર્વે 'આ'કારાન્ત અંગ આવતું હોઈ ત્યાં લિંગભેદ પ્રગટપણે વ્યક્ત નહીં થાય. 'હું કૂતરાને કાઢું છું' એ વાક્યમાં પુંલ્લિંગ 'કૂતરો' અભિપ્રેત હોઈ શકે તેમ નપુંસકલિંગ 'કૂતરું' પણ અભિપ્રેત હોઈ શકે.

: ૫ : આપણે આગળ નોંધ્યું તેમ લિંગચિહ્ન વગરની સંજ્ઞાઓને કશુંક લિંગ તો હોય જ છે. 'આ પલંગ કેવો છે ?' 'આ બેઠક કેવી છે ?' 'આ ટેબલ કેવું છે ?' એમ આપણે કહીએ છીએ તે પરથી સમજાય છે કે 'પલંગ' પુલ્લિંગ છે, 'બેઠક' સ્ત્રીલિંગ છે, અને 'ટેબલ' નપુંસકલિંગ છે. વાક્યમાં આ રીતે વિકારી વિશેષણ કે વિધેય કે કૃદંતમૂલક ક્રિયાપદ વપરાયું હોય તો તે પરથી લિંગચિહ્ન વગરની સંજ્ઞાના લિંગની જાણ થાય છે. જેમકે, 'સારું પુસ્તક', 'સારો ગ્રંથ'; 'ભાત ખાધો', 'દાળ ખાધી', 'શાક ખાધું.'

: ૬ : સામાન્ય રીતે એક સંજ્ઞા એક જ લિંગમાં વપરાય છે. આમ છતાં કેટલીક સંજ્ઞાઓનાં લિંગ પરત્વે વિકલ્પ જણાય છે અને કેટલીક સંજ્ઞાઓ બોલીભેદે જુદાંજુદાં લિંગમાં વપરાય છે. એક કરતાં વધુ લિંગમાં વપરાતી થોડી સંજ્ઞાઓ આ મુજબ છે :

(૧) પુંલ્લિંગ અને સ્ત્રીલિંગ : ચા ('ચા પીધો'/'ચા પીધી'), તમાકુ, તપાસ, મગર, પતંગ વગેરે.

(૨) પુંલ્લિંગ અને નપુંસકલિંગ : પ્રશ્નપત્ર ('અઘરો પ્રશ્નપત્ર'/'અઘરું પ્રશ્નપત્ર'), ખર્ચ, નીમ, ઘટક, એકમ, દૃષ્ટાંત, વૃત્તાંત, નાટક વગેરે.

(૩) સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ : સવાર ('સવાર પડી'/'સવાર પડ્યું'), અગત્ય, આળસ, ઘડિયાળ વગેરે.

બીજી કેટલીક એવી સંજ્ઞાઓ છે જે એક કરતાં વધુ લિંગ ધરાવે છે પણ ત્યાં લિંગભેદ સાથે અર્થભેદ પણ જોડાયેલો હોય છે. તેથી એમને આપણે સમાન ધ્વનિવાળી પણ ભિન્ન સંજ્ઞાઓ ગણવાની રહે. જેમકે, 'હાર પહેર્યો' – 'હાર થઈ'; 'ઉપલો માળ' – 'મોગરાની માળ'; 'ખોટો ચાલ' – 'ઉતાવળી ચાલ'; 'જાન ગઈ' – 'જાન ગયો' વગેરેમાં બન્ને 'હાર' 'માળ' 'ચાલ' 'જાન' સમાન ધ્વનિ પણ અસમાન લિંગની જુદી સંજ્ઞાઓ છે.

[૭] લિંગસિદ્ધિ

: ૧ : ગુજરાતીમાં ભિન્નભિન્ન લિંગનાં નામો જુદીજુદી રીતે સિદ્ધ થયેલાં જોવા મળે છે. આપણે હવે પછી જોઈશું કે લિંગભેદ જાતિભેદ (નર-નારી વગેરે) વ્યક્ત કરવા પ્રયોજાય છે તેમજ લઘુતા-બૃહત્તા ઇત્યાદિ જાતિભેદ સિવાયના અર્થો વ્યક્ત કરવા પણ પ્રયોજાય છે. ભિન્નભિન્ન લિંગોનાં નામોની સિદ્ધિનો વિચાર આપણે એમને આ બે વિભાગોમાં વહેંચીને કરીશું તો એ વધારે અનુકૂળ પડશે.

જેમાં જાતિભેદ નથી પણ અન્ય અર્થભેદ છે એવી ભિન્નભિન્ન લિંગની સંજ્ઞાઓ કાં તો સામાન્ય પ્રકૃતિરૂપ અંગ પરથી 'ઓ' 'ઈ' 'ઉં' એ ચિહ્નો દ્વારા સિદ્ધ થયેલી હોય છે. એમાં બહુધા દ્વિપક્ષી વિરોધ હોય છે. જેમકે, ઓરડો–ઓરડી (પ્રકૃતિ 'ઓરડ'); ચમચો–ચમચી; તપેલું–તપેલી; ટોળું–ટોળી; કિનારો–કિનારી; ગાડી–ગાડું; કારેલું–કારેલી વગેરે.

અથવા તો કોઈ એક લિંગની સંજ્ઞા પરથી 'ઓ' 'ઈ' 'ઉં' એ ચિહ્નો દ્વારા (કેટલીક વાર 'ડ' 'લ' 'વ' એ સ્વાર્થિક પ્રત્યયો લઈને) સિદ્ધ થયેલી હોય છે, જેમકે,

કણ (પું.) – કણો, કણી, કણું	લાડુ (પું.) – લાડુડી, લાડવો
ડોક (સ્ત્રી). – ડોકી, ડોકું	નગર (નપું.) – નગરી
દાઢી (સ્ત્રી.) – દાઢું	બામણ (પું.) – બામણું
ઝાડ (નપું.) – ઝાડી, ઝાડવું	બોર (નપું.) – બોરડી
ભીંત (સ્ત્રી.) – ભીંતડું	કવિતા (સ્ત્રી.) – કવિતડું

જીભ (સ્ત્રી.) – જીભડી, જીભડો ઘડો (પું.) – ઘડૂલો, ઘડૂલી
પાન/પાંદ (નપું.) – પાંદડું, પાંદડી સાડી (સ્ત્રી.) – સાડલો

લિંગચિહ્ન વિનાનાં વિશેષણો પરથી સ્વાર્થિક પ્રત્યયોવાળાં લિંગચિહ્નયુક્ત વિશેષણો પણ આ રીતે બને છે, જેમકે, ગરીબ – ગરીબડો, ગરીબડી, ગરીબડું; નાજુક – નાજુકડી વગેરે.

: ૨ : જાતિભેદ દર્શાવતાં ભિન્નભિન્ન લિંગનાં નામો (સંજ્ઞાઓ અને વિશેષણ) નીચેની જુદીજુદી રીતે સિદ્ધ થયેલાં છે :

(૧) ઘણે ઠેકાણે નરનારીભેદ દર્શાવતી સ્ત્રી-પુરુષ લિંગની અલગ સંજ્ઞાઓ છે. જેમકે, મા–બાપ, ભાઈ–બહેન, વર–વહુ, રાજા–રાણી, બળદ–ગાય, મોર–ઢેલ, પુરુષ–સ્ત્રી, બંધુ–ભગિની, સાસુ–સસરો વગેરે.

(૨) ઘણે ઠેકાણે સામાન્ય પ્રકૃતિરૂપ અંગને 'ઓ' 'ઈ' 'ઉ' એ ચિહ્નો લાગી થયેલાં ભિન્નભિન્ન લિંગવાચક નામો છે. એમાં બહુધા ત્રિપક્ષી વિરોધ હોય છે : છોકરો, છોકરી, છોકરું (સામાન્ય પ્રકૃતિરૂપ અંગ 'છોકર'); વાંદરો, વાંદરી, વાંદરું; બકરો, બકરી, બકરું; સારો, સારી, સારું; રૂપાળો, રૂપાળી, રૂપાળું વગેરે.

પણ સગાઈસંબંધોમાં 'ઈ'–'ઓ'ના દ્વિપક્ષી વિરોધવાળી સંજ્ઞાઓ પણ મળે છે, જેમકે માસી–માસો, ફુઈ–ફુઓ, કાકી–કાકો, સાળી–સાળો, ભત્રીજી–ભત્રીજો વગેરે.

(૩) જુદાજુદા પ્રત્યયો વડે સિદ્ધ થયેલાં સ્ત્રીલિંગ નામો પણ ઘણાંબધાં છે. એમાં સંસ્કૃત તત્સમ અને તદ્‌ભવ સામગ્રીને આપણે જુદી પાડવાની રહે.

(ક) સંસ્કૃત તત્સમ શબ્દોમાં પુંલ્લિંગ પરથી સ્ત્રીલિંગ નામો બનાવનારા નીચેના પ્રત્યયો જોવા મળે છે :

'ઈ' : દાસ–દાસી, રાક્ષસ–રાક્ષસી, સાધુ–સાધ્વી, બુદ્ધિમાન્ (મૂળ 'બુદ્ધિમત્')–બુદ્ધિમતી, તપસ્વી(મૂળ 'તપસ્વિન્')–તપસ્વિની, સ્વામી–સ્વામિની, વિદ્વાન (મૂળ 'વિદ્વસ્')–વિદુષી વગેરે.

'આ' : સુત–સુતા, પરિણીત–પરિણીતા, પ્રિયતમ–પ્રિયતમા, ત્યક્ત–ત્યક્તા વગેરે.

'ઇકા' (કેટલીક વાર પું. 'અક'ના વિરોધે) : નવલ–નવલિકા, બાલક–બાલિકા, શ્રાવક–શ્રાવિકા વગેરે.

'આણી' : ઇન્દ્ર–ઇન્દ્રાણી, બ્રહ્મા–બ્રહ્માણી, ક્ષત્રિય–ક્ષત્રિયાણી વગેરે.

(ખ) તદ્‌ભવ શબ્દોમાં બહુધા પુંલ્લિંગ અને ક્વચિત્ નપુંસકલિંગ પરથી સ્ત્રીલિંગ નામો બનાવનારા નીચેના પ્રત્યયો છે :

'ઈ' (કેટલીક વાર સ્વાર્થિક 'ડ' 'વ' લઈને): બ્રાહ્મણ–બ્રાહ્મણી, હરણ–હરણી, કબૂતર–કબૂતરી, ઊંટ–ઊંટડી, ઉંદર–ઉંદરડી, હજામ–હજામડી, નોકર–નોકરડી,

જાનૈયો–જાનરડી, જુવાન–જુવાનડી, શિયાળ–શિયાળવી.

'ણ' (ઘણી વાર પું. 'ઈ' કે 'ઓ'ના વિરોધે) : ધોબી–ધોબણ, માળી–માળણ, કણબી–કણબણ, વીંછી–વીંછણ, સિંહ–સિંહણ, નાગ–નાગણ, સોની–સોનારણ, સુતાર–સુતારણ, વેવાઈ–વેવાણ, વેરી–વેરણ, વાણિયો–વાણિયણ, ભાગિયો–ભાગિયણ.

'ણી' (બહુધા પું.'ઇયો'ના વિરોધે) : પાપિયો–પાપણી, અભાગિયો–અભાગણી, વાંઝિયો–વાંઝણી, નાગ–નાગણી, હાથી–હાથણી.

'આણી' : શેઠ–શેઠાણી, પટેલ–પટલાણી, રજપૂત–રજપૂતાણી, ગોર–ગોરાણી, દેર–દેરાણી, જેઠ–જેઠાણી, ધણી–ધણિયાણી.

'ણી' અને 'આણી'ને 'ણ'નાં લિંગચિહ્નવાળાં અને વિસ્તારિત રૂપો પણ લેખી શકાય.

[૮] લિંગભેદના અર્થો

: ૧ : લિંગભેદ જુદાજુદા અર્થો વ્યક્ત કરે છે.

સજીવ સૃષ્ટિમાં સ્ત્રીલિંગ-પુંલ્લિંગ નૈસર્ગિક સ્ત્રીપુરુષભેદ અને નપુંસકલિંગ સ્ત્રીપુરુષભેદની અવિવક્ષા બતાવે છે. જેમકે 'ભાઈ-બહેન' 'સિંહ-સિંહણ' 'પટેલ-પટલાણી' 'પાપિયો-પાપિયણ' 'છોકરો-છોકરી' 'કૂતરો-કૂતરી' 'સગો-સગી' એ નામો નરનારીભેદ દર્શાવે છે, તો 'છોકરું' 'કૂતરું' 'સગું' એ નામો સ્ત્રીપુરુષભેદની અવિવક્ષા બતાવે છે.

પણ સજીવ સૃષ્ટિમાં, પશુપંખી આદિમાં સામાન્ય રીતે નરમાદાભેદની વિવક્ષા નથી હોતી અને ત્યારે સંજ્ઞાઓ એના એક રૂઢ લિંગમાં જ વપરાય છે. જેમકે ચિત્તો, પોપટ, કાગડો, સાપ, મચ્છર વગેરે પુંલ્લિંગ સંજ્ઞાઓ, લોંકડી, કોયલ, ગરોળી, જૂ, કીડી વગેરે સ્ત્રીલિંગ સંજ્ઞાઓ અને ઊંટ, શિયાળ, ગરુડ, કબૂતર વગેરે નપુંસકલિંગ સંજ્ઞાઓ જ આપણે સામાન્ય રીતે વાપરીએ છીએ. પણ નરમાદાભેદની વિવક્ષા હોય ત્યારે આપણે અન્ય લિંગની સંજ્ઞા યોજીએ છીએ. જેમકે, શિયાળવી, ચકલો, કાગડી, કબૂતરી, સાપણ વગેરે. આવે પ્રસંગે નપુંસકલિંગની સંજ્ઞાઓ (શિયાળ, કબૂતર) નરજાતિ દર્શાવવા કામ આપે છે તે નોંધપાત્ર છે. ક્યારેક પશુપંખીઓની બાબતમાં અન્ય લિંગની સંજ્ઞા બનતી નથી ત્યાં 'નર' કે 'માદા' શબ્દ જોડી લિંગભેદ દર્શાવવામાં આવે છે. જેમકે 'નરકોયલ'.

: ૨ : વિશેષણ અને કૃદંતનું લિંગવાચક રૂપ જો સજીવ સૃષ્ટિ માટે વપરાયું હોય તો તેની જાતિ અને નહીં તો જે સંજ્ઞા માટે વપરાયું હોય તેનું વ્યાકરણી લિંગ માત્ર બતાવે છે. જેમકે 'મોટો સિંહ'માં 'મોટો' સિંહની નરજાતિ દર્શાવે છે, પણ 'મોટો ગ્રંથ'માં 'મોટો' માત્ર 'ગ્રંથ'નું વ્યાકરણગત પુંલ્લિંગ દર્શાવે છે.

વિશેષણ અને કૃદંતનું નપુંસકલિંગનું રૂપ સામાન્ય અર્થનું વાચક બની સંજ્ઞા તરીકે

પણ વપરાય છે. જેમકે 'બહુ લાંબું ન કરતો' 'તેણે મારું કહ્યું ન માન્યું' વગેરે.

: ૩ : નિર્જીવ સૃષ્ટિને લગતી સંજ્ઞાઓમાં લિંગનો દ્વિપક્ષી વિરોધ (પુંલ્લિંગ-નપુંસકલિંગના વિરોધે સ્ત્રીલિંગ) ઘણો વ્યાપક છે. ત્યાં નૈસર્ગિક સ્ત્રીપુરુષભેદ દર્શાવવાનો હેતુ તો ન જ હોય એ સમજાય એવું છે. છતાં લિંગભેદ બીજા કેટલાક અર્થો વ્યક્ત કરે છે. એ નીચે પ્રમાણે છે :

(૧) એક મુખ્ય અર્થ છે પરિમાણનો. પુંલ્લિંગ-નપુંસકલિંગ બૃહત્ પરિમાણ અને એના વિરોધે સ્ત્રીલિંગ લઘુ પરિમાણ દર્શાવે છે. જેમકે, મોટો તે 'ઓરડો' અને નાની તે 'ઓરડી'. દડો–દડી, ચમચો–ચમચી, ટોળું–ટોળી, તપેલું–તપેલી, પૂતળું–પૂતળી, ભૂંગળું–ભૂંગળી વગેરેમાં આ રીતે પરિમાણભેદ રહેલો છે.

(૨) પરિમાણની સાથેસાથે આ સંજ્ઞાઓમાં લિંગભેદ અન્ય ભાવછાયાઓ પણ દર્શાવે છે. પુંલ્લિંગ અને નપુંસકલિંગની સંજ્ઞાઓ પ્રબળતા, ભવ્યતા, ગંભીરતા, ગૌરવ, ભારેપણું વગેરે ભાવો વ્યક્ત કરે છે તો સ્ત્રીલિંગની સંજ્ઞાઓ કોમળતા, નાજુકપણું, સુઘડપણું, લાલિત્ય વગેરે ભાવો વ્યક્ત કરે છે. જેમકે 'પાંદડું' મોટું ને 'પાંદડી' નાની એટલું જ નહીં 'પાંદડી'માં નાજુકતા પણ ખરી. એ જ રીતે, 'ટપકું'ના વિરોધે 'ટપકી' લાલિત્ય સૂચવે છે, તો 'ડાંગ'ને વિરોધે 'ડંગોરો' ભારેપણું સૂચવે છે. આ જ રીતે પગલું–પગલી, નગર–નગરી, જોડાં–મોજડી, પેટી–પટારો વગેરેમાં પણ લિંગભેદ સાથે આવી અર્થચ્છાયાઓ સંકળાયેલી જણાશે.

(૩) પણ જ્યારે પ્રશસ્યતા અભિપ્રેત ન હોય ત્યારે સ્ત્રીલિંગ નિર્બળતા, તુચ્છતા, અલ્પતા દર્શાવે છે; પુંલ્લિંગ દોદળાપણું, અણઘડપણું, કઢંગી રીતે મોટા હોવાપણું દર્શાવે છે; અને નપુંસકલિંગ વ્યક્તિત્વહીનતા, જડતા, કઢંગાપણું, તુચ્છતા, તિરસ્કાર દર્શાવે છે. જેમકે 'પાંચ રૂપિયા મળ્યા'ને બદલે 'પાંચ રૂપરડી મળી' એમ કહેવામાં પાંચ રૂપિયાની રકમની તુચ્છતા – અલ્પતા સૂચવાય છે. 'પાઘડી'ને બદલે 'પાઘડો' કહેવામાં આવે તો એથી અનુચિત રીતે મોટા હોવાપણું સૂચવાય છે. 'કવિતા'ને બદલે 'કવિતડું' કહેવાથી તિરસ્કાર દર્શાવાય છે. આવાં બીજાં ઉદાહરણો પણ જુઓ : લાડવા–લાડુડી, જીભ–જીભડો, ચિઠ્ઠી–ચિઠ્ઠો, દાઢી–દાઢું, બેટો–બેટું વગેરે.

(૪) કેટલીક વાર આ જાતની સંજ્ઞાઓમાં લિંગભેદ સ્વરૂપ, ગુણ, દ્રવ્ય, ઉપયોગના ભિન્નત્વવાળા ભિન્ન પદાર્થો દર્શાવે છે. જેમકે, દરિયાનો 'કિનારો' અને સાડીની 'કિનાર' કે 'કિનારી'; પાણી ગાળવાનું 'ગળણું' પણ ચા ગાળવાની 'ગળણી'. આવી બીજી સંજ્ઞાઓ પણ જુઓ : ચોટલો–ચોટલી, કડું–કડી, રસો–રસી, નળો–નળી, લાકડું–લાકડી, વાડો–વાડી, મેડો–મેડી વગેરે. આ જાતના અર્થભેદમાં, ક્વચિત્ સ્ત્રીલિંગ બૃહત્તા આદિ વ્યક્ત

કરે એવું પણ બને છે. જેમકે 'ખાડો' કરતાં 'ખાડી' (દરિયાની) મોટી, 'દોરો' કરતાં 'દોરી' જાડી, 'ચૂલો' કરતાં જમણવાર માટેની 'ચૂલ' મોટી, 'ટેટો' (વડનો) કરતાં 'ટેટી' (=સકરટેટી) મોટી વગેરે.

(૫) આ સંજ્ઞાઓમાં નપુંસકલિંગ ફળનું અને સ્ત્રીલિંગ (ક્વચિત્ પુંલ્લિંગ) ફળઝાડનું વાચક હોય એવું પણ જોવા મળે છે. જેમકે 'કેળું' તે ફળ અને 'કેળ' તે વૃક્ષ. એ જ રીતે, નાળિયેર–નાળિયેરી, બોર–બોરડી, ખજૂર–ખજૂરી, કારેલું–કારેલી, જાંબુ–જાંબુડો, એરંડી–એરંડો વગેરે.

સંદર્ભ

વિકારી અને અવિકારી નામો : ભાયાણી(૨), પૃ.૪૯–૫૨; કાર્ડોના, એકમ ૪.૧.૧–૪.૧.૨, ૪.૨.૧–૪.૨.૨; દેસાઈ (૨), પૃ.૧૬૮–૧૭૧.

વચનવ્યવસ્થા : ભાયાણી(૨), પૃ.૭૯–૮૨: વ્યાસ યોગેન્દ્ર(૨), પૃ.૧૦–૧૪; કાર્ડોના, એકમ ૪.૧.૬–૪.૧.૭, ૪.૨.૯; દેસાઈ (૨), પૃ.૧૬૧–૧૬૭.

લિંગવ્યવસ્થા : ભાયાણી (૨), પૃ.૫૬–૭૮; કાર્ડોના, એકમ ૪.૧.૩–૪.૧.૫; દેસાઈ (૨), પૃ.૧૪૯–૧૬૦.

સ્વાધ્યાય

૧. નીચેનાં વિધાનો ખોટાં કે અચોક્કસ છે. એમને યોગ્ય રીતે સુધારો અને તમારા સુધારાના સમર્થનમાં દૃષ્ટાંત આપો :

(૧) પુંલ્લિંગ વિકારી નામોમાં પાછળ અનુગ ન હોય ત્યારે 'ઓ'કારાન્ત અંગ આવે છે.

(૨) સમૂહવાચક સંજ્ઞાઓનું બહુવચન થતું નથી.

(૩) દ્રવ્યવાચક સંજ્ઞાઓનું બહુવચન થતું નથી.

(૪) વિકારી વિશેષણનું 'આ'કારાન્ત રૂપ બહુવચન દર્શાવે છે.

(૫) માનાર્થે બહુવચનમાં 'ઓ' પ્રત્યય આવી શકતો નથી.

(૬) કેટલીક સંજ્ઞાઓને લિંગ હોય છે, કેટલીકને નથી હોતું.

૨. માગેલી માહિતી આપો :

(૧) નપુંસકલિંગ વિકારી નામોમાં વ્યંજનાંત અંગ નીચેના સંયોગોમાં આવે છે :

	સંયોગ	દૃષ્ટાંત
૧.		
૨.		
૩.		

(૨) સર્વનામોનું બહુવચન ત્રણ જુદીજુદી રીતે થાય છે :

	રીત	દૃષ્ટાંત
૧.		

૨.

૩.

(૩) સ્ત્રીલિંગ સંજ્ઞા સિદ્ધ કરનાર ત્રણ તદ્‌ભવ પ્રત્યયો :

	પ્રત્યય	ઉદાહરણ
૧.		
૨.		
૩.		

૩. બહુવચનનો 'ઓ' પ્રત્યય ફરજિયાત હોય એવી એક પરિસ્થિતિ નોંધો અને એનું દૃષ્ટાંત આપો.

૪. એક લિંગની સંજ્ઞાને 'વ' કે 'લ' સાથે લિંગચિહ્ન લાગી અન્ય લિંગની સંજ્ઞા બને છે. બન્નેનું એકએક ઉદાહરણ આપો.

૫. નીચેનાં જોડકાંઓમાં લિંગભેદ કયા અર્થો વ્યક્ત કરે છે તે જણાવો :

(૧) ચમચો–ચમચી (૨) જીભ–જીભડો (૩) કબૂતર–કબૂતરી

(૪) ગળણું–ગળણી (૫) જાંબુ–જાંબુડો (૬) રૂપિયા–રૂપરડી

૧૨

[૧] અનુગો અને નામયોગી તત્ત્વો

: ૧ : નામિક પદોનો અન્ય સાથે સંબંધ દર્શાવવા માટે એમની પાછળ વિભક્તિસંબંધ દર્શાવનારાં તત્ત્વો પ્રયોજવામાં આવે છે. આવાં તત્ત્વોને આપણે બે વર્ગોમાં વહેંચી શકીએ : અનુગો અને નામયોગી તત્ત્વો.

અનુગો આટલા છે : શૂન્યપ્રત્યય, ને, એ, થી,માં, -ન-. '-ન-' એની પાછળ જોડાતા નામિક પદનું લિંગચિહ્ન લેતો હોઈ, 'ના' એવા સામાન્ય રૂપે પણ આવતો હોઈ તથા એની સાથે 'એ' અનુગ જોડાતો હોઈ એનાં 'નો, ની, નું, ના, નાં, ને' એવાં ભિન્નભિન્ન રૂપો મળે છે.

નામયોગી તત્ત્વોની સંખ્યા વિપુલ છે : વડે, વતી, થકી, સારુ, કાજે, અર્થે, તણું, દ્વારા, લીધે, વિશે, બદલે, સ્થાને, પ્રમાણે, કારણે, પેઠે, જેમ, જેવું, કરતાં, સિવાય, તરફ, થયાં, સામું, બરાબર, તરીકે, લેખે, રૂપે, લઈને, પૂરતું, પરત્વે વગેરે.

: ૨ : અનુગો અને નામયોગી તત્ત્વો વચ્ચે બે દૃષ્ટિએ ભેદ કરી શકાય. એક, અનુગો નામ સાથે પ્રમાણમાં દૃઢ રીતે જોડાયેલા રહે છે. એમને કોઈ સંયોગોમાં નામથી છૂટા પાડી શકાતા નથી; જ્યારે નામયોગી તત્ત્વોનો નામ સાથેનો યોગ થોડો શિથિલ હોય છે. અમુક સંયોગોમાં એમને જરા આઘાંપાછાં કરી શકાય છે. જેમકે કવિતામાં 'થકી તારા થયું સર્વે' એમ 'થકી'ને નામિક પદની પૂર્વે મૂકી શકાશે, 'થી'ને આ રીતે મૂકી શકાશે નહીં. અનુગોને આપણે નામની સાથે જોડીને લખીએ છીએ અને નામયોગી તત્ત્વોને નામની પાછળ છૂટાં પાડીને લખીએ છીએ તે પણ આ જ સ્થિતિનું સમર્થન કરે છે. નામયોગી તત્ત્વો પોતાની પૂર્વે નામનું '-ન-'વાળું રૂપ લઈ શકે છે – જેમકે 'મોહનની સાથે' – તે પણ આ સંદર્ભમાં નોંધપાત્ર છે.

બીજું, ઘણાં નામયોગી તત્ત્વો અનુગો કરતાં વિશેષ ચોક્કસ, નક્કર અને કંઈક સંકુલ અર્થો ધરાવે છે. 'બદલે' 'પ્રમાણે' 'કરતાં' 'દ્વારા' વગેરે નામયોગી તત્ત્વો જુઓ. તેમનું સ્વરૂપ પારદર્શક પણ છે. 'બદલો+એ' 'પ્રમાણ+એ' 'દ્વાર+આ' એવા ઘડતરને કારણે, પાયાનાં રૂપઘટકો સાથેના સંબંધને લીધે એમનામાં આ પારદર્શકતા આવી છે.

: ૩ : નામયોગીઓ તરીકે પ્રયોજાતાં તત્ત્વોમાં ઘણું વૈવિધ્ય દેખાય છે. એમના ત્રણચાર વર્ગો આપણે તારવી શકીએ :

(૧) કેટલાંક કેવળ નામયોગીઓ તરીકે જ આવે છે. જેમકે, તણું, વડે, સારુ, દ્વારા, લીધે, પર, બદલે, કરતાં, તરફ, પેઠે વગેરે. એટલેકે આ શુદ્ધ નામયોગીઓ છે.

(૨) કેટલાંક નામયોગી તત્ત્વો તરીકે આવે છે તેમ ક્રિયાવિશેષણ કે સંયોજક તરીકે પણ સ્વતંત્ર રીતે આવી શકે છે. અંદર, નીચે, પૂંઠે, સાથે, બરાબર, માટે, ઉપરાંત વગેરે આનાં ઉદાહરણ છે. નીચેનાં નમૂનારૂપ વાક્યો પરથી આ વાત સ્પષ્ટ થશે :

૧. 'ઓરડાની **અંદર** કોઈ બેઠું છે.' (નામયોગી)
'તે **અંદર** ગયો.' (ક્રિયાવિશેષણ)

૨. 'હું આ પેન તારા **માટે** લાવ્યો છું.' (નામયોગી)
'તને પેન ગમે છે, **માટે** હું લાવ્યો છું.' (સંયોજક)

(૩) કોઈક નામયોગી તત્ત્વો મૂળભૂત રીતે વિશેષણ કે ક્રિયારૂપ હોય એવું પણ જોવા મળે છે. જેમકે, સામું, બરાબર, થયાં, લઈને, પૂરતું વગેરે. નીચેનાં ઉદાહરણો પણ જુઓ :

૧. 'એણે મારા **સામું** જોયું પણ નહીં.' (નામયોગી)
'**સામું** ઘર કોનું છે ?' (વિશેષણ)

૨. 'ત્રણ વર્ષ **થયાં** તે લંડન છે.' (નામયોગી)
'તમને કેટલાં વર્ષ **થયાં** ?' (ક્રિયારૂપ)

(૪) બીજી બાજુથી, નામયોગી તરીકે પ્રયોજાતાં આ તત્ત્વોમાંથી કેટલાંક સંજ્ઞા વિશેષણ કે ક્રિયારૂપને 'એ' અનુગ લાગીને સિદ્ધ થયેલાં છે. જેમકે, 'સામે'માં 'સામું' વિશેષણ છે, 'લીધે'માં 'લીધું' ક્રિયારૂપ છે, તો 'સ્થાને' 'પ્રમાણે' 'કારણે' 'પૂંઠે' 'સાથે' વગેરેમાં 'સ્થાન' 'પ્રમાણ' 'કારણ' 'પૂંઠ' 'સાથ' એ સંજ્ઞાઓ છે.

: ૪ : અનુગો એકસાથે એકથી વધારે આવી શકે છે અને એ રીતે સંયુક્ત વિભક્તિ-અર્થ દર્શાવી શકે છે. અનુગોનાં આટલાં જોડાણો થાય છે : 'માં+ન-' (આંગણામાંનું), 'માં+થી' (આંગણામાંથી), 'એ+થી' (આંગણેથી).[૧]

નામયોગી તત્ત્વો એકસાથે એકથી વધુ નથી આવતાં, પરંતુ કેટલાંક નામયોગી તત્ત્વો સાથે 'થી' અનુગ જોડાઈ શકે છે. જેમકે, પાસેથી, નીચેથી, ઉપરથી, અંદરથી વગેરે. એ નોંધપાત્ર છે કે આમાંનાં કેટલાંક નામયોગી તત્ત્વો મૂળમાં 'એ' અનુગવાળાં છે, એટલેકે ત્યાં પણ 'એ' અને 'થી'નું જોડાણ થયું છે.

---

૧. '-ન-+માં' ('માણસનામાં') '-ન-+થી' ('માણસનાથી') એ જોડાણો અહીં દર્શાવ્યાં નથી, કેમકે ત્યાં '-ન-'વાળું રૂપ અંગ તરીકે કાર્ય કરે છે, '-ન-'નું કોઈ વિભક્તિકાર્ય નથી.

[૨] સંજ્ઞાનાં રૂપાખ્યાન

: ૧ : અનુગો સંજ્ઞાઓને લાગે તે પહેલાં વિકારી સંજ્ઞાઓ આપણે આગળ નોંધી ગયા છીએ તે પ્રમાણે જુદાંજુદાં અંગો ધારણ કરે છે. અવિકારી સંજ્ઞાઓને અનુગો સીધા જ લાગે છે. બહુવચનમાં જો 'ઓ' પ્રત્યય વપરાયો હોય તો તે સંજ્ઞાને અનુગની પૂર્વે લાગે છે. એટલે અનુગોને યોગે આપણને નીચે પ્રમાણે રૂપાખ્યાન પ્રાપ્ત થાય છે :

૧. અવિકારી સંજ્ઞા : માણસ–માણસો, માણસને–માણસોને, માણસથી–માણસોથી, માણસે–માણસોએ, માણસનું–માણસોનું(વગેરે), માણસમાં–માણસોમાં.

૨. વિકારી પુંલ્લિંગ સંજ્ઞા : ઘોડો–ઘોડા/ઘોડાઓ (સંબોધનેતર શૂન્યપ્રત્યય), ઘોડાને–ઘોડાઓને, ઘોડાથી–ઘોડાઓથી, ઘોડે–ઘોડાએ–ઘોડાઓએ, ઘોડાનું–ઘોડાઓનું (વગેરે), ઘોડામાં–ઘોડાઓમાં, ઘોડા–ઘોડાઓ (સંબોધન શૂન્યપ્રત્યય).

૩. વિકારી નપુંસકલિંગ સંજ્ઞા : સસલું–સસલાં/સસલાંઓ (સંબોધનેતર શૂન્યપ્રત્યય), સસલાને–સસલાંને/સસલાંઓને, સસલાથી–સસલાંથી/સસલાંઓથી, સસલે/સસલાએ–સસલાંએ/સસલાંઓએ, સસલાનું–સસલાંનું/સસલાંઓનું (વગેરે), સસલામાં–સસલાંમાં/સસલાંઓમાં, સસલા–સસલાંઓ (સંબોધન શૂન્યપ્રત્યય).

કોઈક સંજ્ઞાઓમાં મર્યાદિત પ્રયોગોમાં 'થી' અને 'માં' અનુગો પૂર્વે, '-ન-'વાળું સામાન્ય અંગ 'ના' આવી શકે છે – માણસનાથી, માણસનામાં.

: ૨ : સંજ્ઞાની પછી નામયોગી આવે ત્યારે વિકારી પુંલ્લિંગ સંજ્ઞા 'આ'કારાન્ત અંગ લે છે અને નપુંસકલિંગ સંજ્ઞા એકવચનમાં 'આ'કારાન્ત તથા બહુવચનમાં 'આં'કારાન્ત અંગ લે છે. અવિકારી સંજ્ઞાઓ એમ ને એમ રહે છે. સંજ્ઞાઓ બહુવચનનો 'ઓ' પ્રત્યય લઈને પણ આવી શકે છે. આ ઉપરાંત ઘણાંબધાં નામયોગી તત્ત્વો પૂર્વે સંજ્ઞાઓ '-ન-'વાળું રૂપ (ની, ના અને -ન-+એ=ને) લે છે. આથી, આ જાતનાં રૂપો આપણને મળે છે : ઘરની અંદર, ઘોડાની ઉપર, છોકરાંઓને માટે, મોહનના કરતાં વગેરે.

નામયોગીઓને યોગે થતા રૂપાખ્યાનને અંગે નીચેના મુદ્દાઓ ધ્યાનપાત્ર છે :

(૧) 'તણું' 'કેરું'ની પૂર્વે '-ન-'વાળું રૂપ ન આવે તે સમજાય એવું છે, પરંતુ તે ઉપરાંત 'સુધી' જેવાં કોઈક નામયોગી તત્ત્વો પણ પોતાની પૂર્વે '-ન-'વાળું રૂપ લેતાં જણાતાં નથી. જેમકે 'હું પાંચ કલાક સુધી બેઠો રહ્યો.'

(૨) બીજાં કેટલાંક નામયોગી તત્ત્વોમાં '-ન-'વાળું રૂપ લેવા-ન લેવા અંગે તથા '-ન-'વાળું કયું રૂપ લેવું ને અંગે ઠીકઠીક વિકલ્પ જણાય છે. જેમકે,

'સત્તા આગળ/સત્તાની આગળ શાણપણ ન ચાલે.'

'સુરેશ મોહન કરતાં/મોહનના કરતાં ચાલાક છે.'

'કામ અંગે/કામને અંગે હું મુંબઈ ગયો હતો.'
'છોકરાંઓ માટે/છોકરાંઓના માટે/છોકરાંઓને માટે તમે શું લાવ્યા છો ?'
'સુરેશના પહેલાં/સુરેશની પહેલાં હું પહોંચીશ.'
'આ માળ ઉપર/આ માળના ઉપર/આ માળની ઉપર માળ છે કે ધાબું છે ?'

(૩) કેટલાંક નામયોગી તત્ત્વો, અલબત્ત, નિશ્ચિતપણે '-ન-'વાળું એક જ રૂપ લે છે. જેમકે, ઘરની અંદર, મોહનની માફક, ઠંડીને લીધે વગેરે.

[૩] વિશેષણનાં રૂપાખ્યાન

: ૧ : વિકારી વિશેષણો એમનાં વિશેષ્યને અનુગો કે નામયોગીઓ લાગ્યાં હોય ત્યારે તથા એ સંબોધન-વિભક્તિમાં હોય ત્યારે પુંલ્લિંગમાં 'આ'કારાન્ત બને છે અને નપુંસકલિંગમાં એકવચનમાં 'આ'કારાન્ત તથા બહુવચનમાં 'આં'કારાંત બને છે એ આપણે આગળ જોઈ ગયા છીએ. પરંતુ વિકારી કે અવિકારી કોઈ પણ વિશેષણોને પોતાને કોઈ અનુગો લાગતા નથી.

પરંતુ વિશેષ્ય અધ્યાહૃત હોય કે વિશેષણ સંજ્ઞા તરીકે પ્રયોજાયું હોય ત્યારે એ સંજ્ઞાની જેમ જ અનુગો, નામયોગીઓ અને બહુવચનનો 'ઓ' સુધ્ધાં લે છે. નીચેનાં વાક્યો જુઓ :

'તમારે કેટલા રૂપિયા જોઈએ ?' **'પચાસથી** ચાલશે.'
'મોટાએ નાનાનું ધ્યાન રાખવું જોઈએ.'
'આ બિચારા તરફ નજર કરો.'
'માલદારો પાસેથી પૈસા લઈલઈ **ગરીબોની વચ્ચે** વહેંચી આપવા જોઈએ.'

અહીં 'પચાસ' 'મોટા' 'નાના' 'બિચારા' 'માલદાર' 'ગરીબ' વગેરે વિશેષણો છે અને એમને સંજ્ઞાની જેમ જ બહુવચનનો 'ઓ' પ્રત્યય અને અનુગો તથા નામયોગીઓ લાગ્યાં છે.

: ૨ : આમ છતાં, અમુક પ્રયોગોમાં વિકારી વિશેષણો વિશેષ્ય સંજ્ઞાનો કરણ અને અધિકરણવાચક 'એ' અનુગ વિકલ્પે લે છે. નીચેનાં વાક્યો જુઓ :

'ઉઘાડા પગે/**ઉઘાડે** પગે ફરો નહીં.'
'સારા નસીબે/**સારે** નસીબે એ પાસ થઈ ગયો.'
'એણે દીકરીઓને **સારાં** ઘરે/**સારે** ઘરે પરણાવી છે.'
'આખા રસ્તે/**આખે** રસ્તે લોકો ઊભરાયાં હતાં.'

ઉપશિષ્ટ પ્રયોગમાં વિકારી વિશેષણ ક્વચિત્ કર્તૃત્વવાચક 'એ' પણ લેતું જણાશે. જેમકે 'મારે બેટે મને છેતર્યો.'

[૪] સર્વનામનાં રૂપાખ્યાન

: ૧ : અનુગોને યોગે સર્વનામનાં જે રૂપાખ્યાન થાય છે તેમાં ઘણુંબધું વૈવિધ્ય નજરે પડે છે. એ અંગેની કેટલીક નોંધપાત્ર હકીકતો નીચે પ્રમાણે છે :

(૧) 'હું' અને 'તું' એ સર્વનામો અનુગો પૂર્વે એકવચનમાં 'મ' અને 'ત' અને બહુવચનમાં 'અમ' અને 'તમ' અંગો સ્વીકારે છે. એ બન્ને સર્વનામો સંબંધવાચક '-ન-'ને સ્થાને '-આર-' (વિકારી) પ્રત્યય લે છે. તેથી એમનાં રૂપો થાય છે – મારું, તારું, અમારું, તમારું વગેરે.

એકવચનમાં 'હું' 'તું' એ સર્વનામો 'એ' અનુગ સાનુસ્વાર લે છે, 'તે' 'એ' 'જે' અને 'આ' એ સર્વનામો 'ણ' આગમ સાથે લે છે અને 'શું' બન્ને રીતે લે છે : તેથી આવાં રૂપો થાય છે – મેં, તેં, તેણે, એણે, જેણે, આણે, શેં/શેણે. બહુવચનમાં 'હું' 'તું' એ બે સર્વનામો 'એ' અનુગ પૂર્વે 'અમ' અને 'તમ' અંગો લે છે – અમે, તમે. ઉપરાંત, એકવચન તેમજ બહુવચનમાં 'એ' અનુગ પૂર્વે 'હું' અને 'તું' '-આર-'વાળાં અંગ પણ લે છે. આથી, એકવચન તેમજ બહુવચનમાં આપણને બબ્બે રૂપો પ્રાપ્ત થાય છે – મેં/મારે, તેં/તારે, અમે/અમારે, તમે/તમારે.

(૩) બહુવચનમાં 'તે' 'એ' 'જે' વિકલ્પે અને 'આ' ફરજિયાતપણે 'ને' '-ન-' અને 'એ' પૂર્વે 'ઓ'ને સ્થાને 'મ' લે છે. 'ઓ'ને સ્થાને 'મ' થાય ત્યારે 'એ' અનુગ 'ણ' આગમ સાથે આવે છે. આથી આ સર્વનામોનાં બહુવચનનાં રૂપો આ પ્રમાણે મળે છે : તેઓનું/તેમનું, એઓનું/એમનું, જેઓનું/જેમનું, આમનું; તેઓએ/તેમણે, એઓએ/એમણે, જેઓએ/જેમણે, આમણે.

(૪) 'શું' (વિકારી) સર્વનામ 'ને', '-ન-' અને 'માં' પૂર્વે વિકલ્પે 'શા'ને બદલે 'શે' અંગ લે છે : શાને/શેને, શાનું/શેનું, શામાં/શેમાં.

(૫) 'કોણ'ના 'ણ'નો 'ને' અને '-ન-' પૂર્વે લોપ થાય છે, તે ઉપરાંત બોલચાલમાં 'કો'ને સ્થાને 'કે' અંગ પણ આવે છે : કોને/કેને, કોનું/કેનું. 'એ' પૂર્વે પણ 'કોણ'ને સ્થાને 'કેણ' વિકલ્પે આવે છે : કોણે/કેણે.

(૬) 'આપણે' સર્વનામ 'એ' અને 'ને' પૂર્વે વ્યંજનાંત અંગ લે છે – આપણે, આપણને; અને 'થી' અને 'માં' પૂર્વે વિકારીની રીતે વર્તે છે – આપણાથી, આપણામાં; '-ન-'ને સ્થાને એ માત્ર લિંગચિહ્ન લે છે – આપણું.

(૭) 'થી' અને 'માં' પૂર્વે 'હું' 'તું' અને 'કોણ' ફરજિયાતપણે અને 'આપણે' સિવાયનાં બાકીનાં સર્વનામો વૈકલ્પિક રીતે (પણ 'આ' સર્વનામ બહુવચનમાં ફરજિયાતપણે) 'આર/ન'વાળું અંગ લે છે. 'કોણ'ના 'ણ'નો અહીં પણ લોપ થાય છે; તેથી આપણને આ પ્રકારનાં રૂપો મળે છે : મારાથી, અમારાથી; મારામાં, અમારામાં;

તેથી/ તેનાથી, તેઓથી/તેઓનાથી/તેમનાથી; તેમાં/તેનામાં, તેઓમાં/તેઓનામાં/ તેમનામાં; આથી/આનાથી, આમનાથી, આમાં/આનામાં, આમનામાં; કોનાથી/કેનાથી, કોનામાં/કેનામાં, શાથી/શાનાથી/શેનાથી, શામાં/શેમાં, શાનામાં/શેનામાં.

(૮) 'શું' 'કોણ' 'કોઈ' એ સર્વનામોમાં બહુવચનનાં જુદાં રૂપો નથી.

(૯) 'આપણે' કેવળ બહુવચનનું સર્વનામ છે.

: ૨ : તો હવે સર્વનામોનાં રૂપોને આપણે આ રીતે કોઠામાં ગોઠવી શકીએ :

પ્રાતિપદિક	અનુગ					
	શૂન્ય પ્રત્યય	ને	એ	થી	આર/ન	માં
હું	હું અમે[૨]	મને, અમને	મેં'મારે, અમે/ અમારે	મારાથી, અમારાથી	મારું, અમારું	મારામાં, અમારામાં
તે	તે, તેઓ	તેને, તેઓને/ તેમને	તેણે, તેઓએ/ તેમણે	તેથી/તેનાથી, તેઓથી/તેઓનાથી/ તેમનાથી	તેનું, તેઓનું/ તેમનું	તેમાં/તેનામાં, તેઓમાં તેઓનામાં/ તેમનામાં
આ	આ	આને, આમને	આણે, આમણે	આથી/આનાથી, આમનાથી	આનું, આમનું	આમાં/ આનામાં, આમનામાં
શું	શું	શાને/ શેને	શેં/ શેણે	શાથી/શાનાથી/ શેનાથી	શાનું/ શેનું	શામાં/શેમાં/ શાનામાં/ શેનામાં
કોણ	કોણ	કોને/કેને	કોણે/કેણે	કોનાથી/કેનાથી	કોનું/કેનું	કોનામાં/કેનામાં
આપણે	આપણે[૨]	આપણને	આપણે	આપણાથી	આપણું	આપણામાં
કોઈ	કોઈ	કોઈને	કોઈએ	કોઈથી/ કોઈનાથી	કોઈનું	કોઈમાં/ કોઈનામાં

'તું'નાં રૂપો 'હું' પ્રમાણે, 'એ' અને 'જે'નાં રૂપો 'તે' પ્રમાણે અને 'પોતે' 'પોતું'

૨. 'અમે' અને 'આપણે' શૂન્યપ્રત્યયના પ્રયોગમાં બધે જ વપરાય છે, માટે જ એમાં દર્શાવ્યાં છે. પણ રચનાની દૃષ્ટિએ એમને 'એ' અનુગવાળાં ગણ્યાં છે.

તથા 'આપ'નાં રૂપો 'કોઈ' પ્રમાણે થશે. 'પોતે' અનુગો પૂર્વે 'પોતા' અંગ લે છે.

'મુજ' 'તુજ' 'અમો' 'તમો' જેવાં કવિતામાં કે અમુક તળપદી લઢણોમાં વપરાતાં રૂપોને અહીં ગણનામાં લીધાં નથી.

જ્યાં બેવડાં રૂપો છે ત્યાં કેટલેક ઠેકાણે પ્રયોગક્ષેત્ર જુદાં છે. 'મેં/મારે' વગેરે, 'તેથી/તેનાથી', 'શાથી/શાનાથી' વગેરે તથા 'તેમાં/તેનામાં' વગેરેમાં આવું જણાય છે. પણ એ વિષય અત્યારે આપણે માટે પ્રસ્તુત નથી.

: ૩ : નામયોગીઓને અંગે સર્વનામોનાં રૂપાખ્યાનમાં આ જાતની પરિસ્થિતિ દેખાય છે : કેટલાક નામયોગીઓ 'તે' 'એ' અને 'આ'ના અમુક પ્રયોગોમાં પોતાની પૂર્વે શૂન્યપ્રત્યય રૂપ લે છે – જેમકે 'તે અગાઉ' 'આ માટે' 'એ પહેલાં' વગેરે. પરંતુ એ સિવાય બધા નામયોગીઓ '-ન-' કે '-આર-'વાળું કોઈ ને કોઈ રૂપ લે જ છે. 'મારી પાસે' 'તેને લીધે' 'તેના સિવાય' 'કોઈની પછી' 'કોની નીચે' 'અમારા સુધી' વગેરે. આમાં ક્યાંક '-ન-' કે '-આર-'નું કયું રૂપ લેવું તે પરત્વે વિકલ્પ પણ જણાય છે. જેમકે 'કોની પાસે/કોના પાસે' 'તમારા માટે/તમારે માટે' વગેરે.

'તેથી'/'તેનાથી'ની જેમ 'તે માટે'/'તેના માટે' જેવી વૈકલ્પિક રચનાનાં પ્રયોગક્ષેત્ર થોડાં જુદાં પણ છે.

[૫] અનુગોના અર્થો

: ૧ : અનુગો વિવિધ વિભક્તિ-અર્થો દર્શાવે છે, એટલું જ નહીં પણ એક ને એક અનુગ પણ વિવિધ અર્થછાયાઓમાં પ્રયોજાય છે. બીજી બાજુથી, એક ને એક અર્થમાં એકથી વધારે અનુગો – કેટલીક વાર ભિન્ન પરિસ્થિતિમાં – વપરાતા જોવા મળે છે. પહેલાં આપણે વ્યક્તિગત અનુગોના અર્થો નોંધીએ. પછી અનુગોની કામગીરીમાં રહેલા સામ્યભેદ તારવીશું.

શૂન્યપ્રત્યય નીચેના ભિન્નભિન્ન અર્થો દર્શાવે છે :

(૧) એ કર્તા સૂચવે છે[૩] :

'મોહન સરસ ગીત ગાય છે.'

'હું મોહનને ગીત ગવડાવું છું.'

'કિરણ આજે શીખંડપૂરી જમ્યો છે.'

---

૩. કર્મલક્ષી ન હોય તેવા કર્તરિ પ્રયોગમાં. 'એ' અને 'ને' અનુગ પણ કર્તા દર્શાવે છે તે આગળ જોવા મળશે.

(૨) કર્મ દર્શાવે છે :

ક. એકકર્મક ધાતુનું કર્તરિ પ્રયોગનું કર્મ[૪]–

'વિપુલ ચોપડીમાંથી **ચિત્રો** જુએ છે.'

'તમારી **ચોપડી** હું સાચવીશ.'

ખ. દ્વિકર્મક ધાતુનું પ્રધાન એટલેકે ક્રિયાના વિષયવસ્તુરૂપ કર્મ –

'શિક્ષક વિદ્યાર્થીને **વાર્તા** કહે છે.'

'મોહન બારીને રંગ લગાવે છે.'

'મેં આજે એક **ભાષણ** આપ્યું.'

ગ. ભાવપ્રધાન અકર્તૃક ધાતુઓનું પણ ક્રિયાના વિષયવસ્તુરૂપ કર્મ, પ્રધાન કર્મ[૫] –

'ગુજરાતીઓને **વેપાર** વધુ ફાવે છે.'

'મને તમારું **વર્તન** ન ગમ્યું.'

ઘ. કર્મણિ રચનાનું કર્મ –

'મારાથી અઠવાડિયામાં **લેખ** લખાશે નહીં.'

'મારાથી એને **કંઈ** કહેવાયું નહીં.'

(૩) સંબોધનનો અર્થ દર્શાવે છે :

'**ભાઈ**, રસ્તામાં સાચવીને જજે.'

'ચલ, **ઘોડા**, ચલ.'

(૪) અધિકરણ દર્શાવે છે[૬] :

---

૪. 'ને' અનુગ પણ આ જાતનું કર્મ દર્શાવે છે. ફેર એટલો છે કે શૂન્યપ્રત્યય સામાન્ય રીતે નિર્જીવ સૃષ્ટિની સંજ્ઞાઓમાં આવે છે, ત્યારે 'ને' અનુગ સજીવ સૃષ્ટિની સંજ્ઞાઓમાં આવે છે; જોકે આમાં પણ અપવાદો અને પ્રયોગભેદો ક્યાંકકયાંક જણાય છે. જેમકે 'ઝાડ ઉપર હું પંખી/પંખીને જોઉં છું.' 'એણે બારણાં/બારણાંઓને રંગ્યાં', 'અમે ઘણાં મકાનો/મકાનોને પડી ગયેલાં જોયાં.'

૫. 'ફાવ' 'ગમ' જેવા ધાતુઓમાં ક્રિયા કરવાનો નહીં પણ ક્રિયા થવાનો ભાવ છે. એમાં ક્રિયા કરનાર હોતો નથી. 'વેપાર' અને 'વર્તન' ક્રિયાપદનું નિયમન કરે છે, પણ એ ક્રિયા કરનાર નથી, ક્રિયાના વિષયવસ્તુરૂપ છે તેથી એમને પ્રધાનકર્મ ગણ્યાં છે. 'હું અંતે નોકરી મેળવવામાં ફાવ્યો'(=સફળ થયો)માં 'ફાવ', અલબત્ત, કર્તા લેનાર ક્રિયાપદ છે.

૬. મર્યાદિત પ્રયોગોમાં શૂન્યપ્રત્યય આ રીતે આવે છે. મૂળભૂત રીતે એમાં અધિકરણનો 'એ' લુપ્ત થયો છે એ 'મારે ગામ' જેવા પ્રયોગ પરથી દેખાઈ આવશે. 'હાથે'નું 'હાથ' થયું છે અને 'આજે'નું 'આજ'. 'એ વાત મને આજે યાદ આવી'માં 'યાદે/યાદમાં'નું 'યાદ' થયું છે એમ માનવું જોઈએ. 'તું મારે **હાથ** માર ખાઈશ' જેવા પ્રયોગમાં 'હાથ'માં કરણવિભક્તિનો 'એ' લુપ્ત થયો છે.

ક. ક્રિયાનું સ્થાન –

'મારા મિત્ર આજે **યુરોપ** જવા ઊપડે છે.'

'મને તમારો કાગળ **હાથ** ન આવ્યો.'

ખ. ક્રિયાનો સમય –

'તે **આજ** મુંબઈ ઊતરશે.'

(૫) ક્રિયાનું પરિમાણ દર્શાવે છે[૭] :

'મગન રોજ ચાર **કલાક** વાંચે છે.'

'તમે કેટલા **ગાઉ** દોડી શકો.?'

'એણે આજે માત્ર પાંચ **ફૂટ** ખોદ્યું.'

(૬) અપૂર્ણ ક્રિયાવાચક 'છ'નું પૂરક પદ દર્શાવે છે :

'અમદાવાદથી નરોડા ચાર **માઈલ** છે.'

આ ઉપરાંત, સંજ્ઞા-પદો ઘણી વાર વિશેષણાત્મક હોય છે અને વિશેષણો અનુગો નથી લેતા એમ એ પણ અનુગ વિના આવે છે. દાખલા તરીકે 'ભારતની **રાજધાની** દિલ્હીમાં અમે દશ દિવસ રહ્યાં', 'બરણીમાં દશ **કિલો** ઘી છે', 'ઓરડો પંદર **ફૂટ** લાંબો છે' વગેરે. 'દશ **કિલો**'ને બદલે 'ઘણું', 'પંદર **ફૂટ**'ને બદલે 'ઘણો' મૂકવાથી જણાઈ આવશે કે એ સંજ્ઞા-પદો વિશેષણની જ કામગીરી કરે છે. 'દશ કિલો' ને 'પંદર ફૂટ' વિશેષ્યનાં પરિમાણવાચક વિશેષણો છે.

: ૨ : 'ને' અનુગ નીચેના અર્થો દર્શાવે છે :

(૧) કર્મ દર્શાવે છે :

ક. એકકર્મક ધાતુનું કર્તરિ પ્રયોગનું કર્મ –

'મેં દિલ્હીમાં **રાષ્ટ્રપતિને** જોયા.'

'તમારાં **છોકરાંને** હું સાચવીશ..'[૮]

ખ. દ્વિકર્મક ધાતુનું ગૌણ કર્મ – ક્રિયાના લક્ષ્યરૂપ કર્મ[૯] (કર્તરિ તેમજ કર્મણિ પ્રયોગમાં) –

'હું **તમને** એક કામ સોંપું છું.'

'પોલીસે **ચોરને** ઘણો માર માર્યો.'

---

૭. 'ચાર કલાક સુધી' 'કેટલા ગાઉ સુધી' 'પાંચ ફૂટ સુધી' એવું અહીં અભિપ્રેત છે એમ જણાશે.

૮. અહીં પણ 'છોકરાં સાચવીશ' એવો પ્રયોગ પણ થઈ શકે છે.

૯. સંસ્કૃતમાં આ સંપ્રદાનવિભક્તિ કહેવાતી હતી અને એની અલગ રૂપરચના હતી. ગુજરાતીમાં એ 'ને' અનુગથી દર્શાવાતી હોઈ કર્મની સાથે ભળી જાય છે.

'મારાથી મારા **ભાઈને** કશું કહેવાયું નહીં.'
'મારાથી **એને** જમાડાયો નહીં.'

ગ. ભાવપ્રધાન અકર્તૃક ધાતુનું ગૌણ કર્મ[૧૦] –
'**મને** અહીં ઘણી ગરમી લાગે છે.'
'મારા **ભાઈને** રાત્રે પેટમાં દુઃખતું હતું.'

ઘ. પ્રધાન કર્મ નહીં લેતા ધાતુઓનું ગૌણ કર્મ[૧૧] –
'**કોનેકોને** માર પડ્યો ?'
'**રમેશને** તાવ આવે છે.'

(૨) અમુક વિધિ, ફરજ કે ઇચ્છાવાચક પ્રયોગોમાં કર્તા દર્શાવે છે[૧૨] :
'**રસિકને** આ કામ કરવું પડશે.'
'મારા **પિતાને** યુરોપના પ્રવાસે જવું છે.'
'**તેને** શાળામાંથી પર્યટને જવાનું છે.'

(૩) સ્વામિત્વ (અંગ્રેજી 'has'નો અર્થ) દર્શાવે છે[૧૩] :
'ઘણા **રાજવીઓને** પરદેશની બૅંકોમાં ખાતાં છે.'
'**મોહનને** અત્યારે તાવ છે ખરો ?'
'મારા **પિતાને** હવે સારું છે.'
'એ **બાઈને** થોડા અનાજની જરૂર (આવશ્યકતા) છે.'

(૪) નામયોગીઓને યોગે આવે છે[૧૪] :

---

૧૦. 'લાગવું' એટલે લાગવાની ક્રિયા થવી, 'દુઃખવું' એટલે દુઃખવાની ક્રિયા થવી એમાં ક્રિયા કરનાર કોઈ હોતું નથી. (વિરોધાવો 'લગાડવું' 'દુઃખાડવું') પણ લાગવાની ક્રિયા 'હું' અને દુઃખવાની ક્રિયા 'ભાઈ'ને લક્ષ્ય કરીને થઈ છે માટે એમને ગૌણ કર્મ ગણ્યાં છે.

૧૧. કર્મ ન લે તે અકર્મક ધાતુ એમ આપણે વ્યાખ્યા કરીએ છીએ પરંતુ અકર્મક લેખાતા ધાતુઓના અમુક પ્રયોગોમાં ગૌણ કર્મનો સ્વીકાર કરવો પડે એવું લાગે છે. 'રમેશને પુસ્તક આપ્યું'માં આપવાની ક્રિયા જેમ 'રમેશ'ને લક્ષ્ય કરીને થઈ છે તેમ 'રમેશને તાવ આવ્યો'માં તાવ આવવાની ક્રિયા 'રમેશ'ને લક્ષ્ય કરીને થઈ છે. આ રીતે એ ગૌણ કર્મ જણાય છે.

૧૨. વિધિ, ફરજ કે ઇચ્છાવાચક પ્રયોગોમાં 'એ' અનુગ પણ આવે છે તે માટે આગળ જુઓ. 'એ' 'ને' ક્યાંક વૈકલ્પિક છે, તો ઘણે ઠેકાણે બન્નેનાં પ્રયોગક્ષેત્ર જુદાં છે.

૧૩. ઉપર અને અહીં '-ન-+એ' હોવાની સંભાવના વિચારવા જેવી છે, કેમકે 'હું' 'તું' સર્વનામમાં આ જાતના પ્રયોગોમાં ઘણે ઠેકાણે '-આર-+એ' આવે છે. 'એ' અનુગના અર્થો વખતે પણ એ જોવા મળશે. આ કારણે 'ને' અનુગના (૨) અને (૩) અર્થવિભાગો કંઈક સંદિગ્ધ પણ રહે છે.

૧૪. અહીં '-ન-'ને 'એ' લાગ્યો છે મૂળ તો પાછળના નામયોગી સાથે સંવાદ ખાતર. પછી 'ને' વ્યાપક બન્યો છે.

'હું **તેને** માટે આ પુસ્તક લાવ્યો છું.'
'પરદેશીઓ **ભારતને** વિશે ઘણું ઓછું જાણે છે.'

(૫) ઉચિતાદિની સાથે તાદર્થ્યે આવે છે[૧૫]:
'તે મારી **પુત્રીને** લાયક નથી'
'આમ બેસી રહેવું **તેને** યોગ્ય નથી.'

(૬) સામાન્ય કૃદંતને તાદર્થ્યે લાગે છે[૧૬] :
'તમે શાળાએ શું **કરવાને** આવો છો ?.'

: ૩ : 'એ' અનુગ નીચેના અર્થો દર્શાવે છે :

(૧) કર્તા દર્શાવે છે :
ક. કર્મલક્ષી ક્રિયારૂપોનો કર્તા –
'**રામે** રાવણને માર્યો.'
'**મેં** તમારું કેટલું કામ કર્યું ?'
ખ. વિધિ, ફરજ, ઇચ્છાવાચક પ્રયોગમાં કર્તા –
'**તમારે** મુંબઈ જવું છે ?'
'**તેણે** આ વર્ષે પાસ થવું જોઈએ.'
'**નાનાંઓએ** મોટાંને આદરથી બોલાવવાં.'
'**માણસે** પોતાનું કર્યું પોતે ભોગવવાનું છે.'

(૨) કરણ ('વડે'નો અર્થ) દર્શાવે છે[૧૭]
'**ડાંગે** માર્યાં પાણી કંઈ જુદાં ન થાય.'
'આ કામ તેં **હાથે** કર્યું ?'

(૩) રીતિ ('પૂર્વક'નો અર્થ) દર્શાવે છે[૧૭] :
'તે **ઉતાવળે** ચાલે છે.'
હૉસ્પિટલમાં **ધીમે** બોલો.'

(૪) હેતુ – કારણ ('ને લીધે'નો અર્થ) દર્શાવે છે[૧૭] :
'**ત્રાસે** તે ઠરી ગયો.'

(૫) સહત્વ ('સાથે'નો અર્થ) દર્શાવે છે :
'તે વીલે **મોઢે** ઘેર ગયો.'
'રોતી **આંખે** તે બોલ્યો.'

---

૧૫. 'પુત્રીને માટે'માંથી 'માટે' લુપ્ત થતાં 'ને' રહ્યો હોય એવો સંભવ છે.
૧૬. અહીં પણ 'કરવાને માટે'નો સંક્ષેપ 'કરવાને' થયો છે. (પછી 'કરવા' થઈ ગયું છે.)
૧૭. આ અર્થમાં 'થી' પણ વપરાય છે તે આગળ જુઓ.

(૬) ક્વચિત્ તાદર્થ્ય ('-ને માટે'નો અર્થ) દર્શાવે છે :

'હું આપનાં **દર્શને** આવ્યો છું.'

'હું તો મારા **કામે** આવ્યો છું.'

(૭) પ્રમાણનો સંબંધ ('દીઠ'નો અર્થ) દર્શાવે છે :

મણે પચીસ પૈસા મજૂરી બેસશે.'

'લાડુમાં કેટલા શેર **લોટે** કેટલી ખાંડ નાખવી જોઈએ ?'

(૮) અધિકરણ દર્શાવે છે :

ક. ક્રિયાનાં સ્થાનસમય ('માં'/'ઉપર'નો અર્થ) –

'શેઠ બેઠા હસે **સાતમે** **માળે**.'

'**વરસતે વરસાદે** અમે ફરવા નીકળ્યા.'

'**સાંજે** અમે તમારે ત્યાં આવીશું.'

ખ. સમયની ઉત્તરમર્યાદા –

'તે ઘણાં **વર્ષે** દેશ આવ્યો.'

'પાંચ **દિવસે** પણ આટલું કામ પૂરું નહીં થાય.'

ગ. ગુણલક્ષણનું અધિકરણ ('-ની- બાબતમાં' '-ના વિષયમાં'નો અર્થ)[૧૮] –

'**સ્વભાવે** તે સરળ છે.'

'**ધર્મે** તે હિંદુ છે.'

'**જગે** તે લંગડો છે.'

: ૪ : 'થી' નીચેના અર્થો દર્શાવે છે :

(૧) કર્મણિ કે ભાવે પ્રયોગમાં કર્તા – ક્રિયા કરનાર – દર્શાવે છે :

'**છોકરાથી** પાઠ વંચાતો નથી.'

'**મારાથી** ચલાતું નથી.'

(૨) કરણ કે સાધન ('વડે'નો અર્થ) દર્શાવે છે[૧૯] :

'તે **ચપ્પુથી** શાક સમારે છે.'

'**મારાથી** આ પેટી ઊપડશે નહીં.'

'એને પહેલી **પત્નીથી** બે બાળકો થયાં.'

'આ કામ **કોનાથી** થશે ?'

---

૧૮. 'થી' '-ન-' અને 'માં' આ અર્થમાં પ્રયોજાય છે તે આગળ જુઓ.

૧૯. 'એ' પણ આ અર્થમાં આવે છે, પણ બંનેનાં કેટલાંક પ્રયોગક્ષેત્રો જુદાં હોવાનું દેખાય છે. અહીંનાં ઉદાહરણોમાં 'થી'ને સ્થાને 'એ' નહીં આવી શકે. તો 'વગર લાકડીએ માર્યો'માં 'એ'ને સ્થાને 'થી' નહીં આવી શકે.

(૩) રીતિ ('પૂર્વક'નો અર્થ) દર્શાવે છે :
'તેણે મને **પ્રેમથી** બોલાવ્યો.'
'**સહેલાઈથી** વંચાય એવું આ પુસ્તક છે.'
(૪) માધ્યમ ('દ્વારા'નો અર્થ) દર્શાવે છે :
'**તારથી** સમાચાર આપજો.'
'માલ **પારસલ-ટ્રેનથી** મોકલવાનો છે.'
(૫) હેતુ કે કારણ ('-ને લીધે'નો અર્થ) દર્શાવે છે :
'પ્રજા એના **જુલમથી** ત્રાસી ગઈ.'
'હું એના **ભાષણથી** કંટાળી ગયો.'
'આ **છોકરાંઓથી** તો થાક્યા.'
(૬) અપાદાન (સંપર્ક છૂટવાનો, છૂટાપણાનો, 'માંથી' 'પાસેથી'નો અર્થ) દર્શાવે છે :
'તે મકાનને **ધાબેથી** પડ્યો.'
'તે **ગામથી** સાત વાગ્યે નીકળ્યો.'
'બચ્ચું **માથી** છૂટું પડી ગયું.'
'દવાને લીધે હું **શરદીથી** બચી ગયો.'
'પોલીસ **ચોરથી** આપણું રક્ષણ કરે છે.'
'**તમારાથી** મારે શું છુપાવવાનું હોય ?'
'તમે **મારાથી** કંઈ જુદા થોડા છો ?'
(૭) તુલના ('કરતાં'નો અર્થ) દર્શાવે છે :
'દુનિયાના બીજા ઘણા **દેશોથી** ભારત ક્યાંય મોટો છે.'
'**એકથી** બે ભલા.'
'**તમારાથી** મારે શું વિશેષ ?'
(૮) પૂર્વમર્યાદા ('-થી શરૂ કરીને'નો અર્થ) અને તેને અનુષંગે ગાળો દર્શાવે છે :
'તે **સવારથી** આવ્યો છે.'
'તેણે **સવારથી** સાંજ કામ કર્યું.'
'**મુંબઈથી** અમદાવાદ કેટલા માઈલ છે ?'
'**નર્મદથી** આજ સુધી વિકસતી આવતી કાવ્યવિભાવનાનો આલેખ આપો.'
'મારે **ચાલીસથી** પચાસ રૂપિયા જોઈએ.'
(૯) ગુણલક્ષણનું અધિકરણ ('-ની બાબતમાં'નો અર્થ) દર્શાવે છે :
'**મનથી** તે નબળો છે.'

: ૫ : 'માં' અનુગ નીચેના અર્થો દર્શાવે છે :

(૧) અધિકરણ દર્શાવે છે :

(ક) સામાન્ય અધિકરણ –

'તે **નિશાળમાં** તોફાન કરતો નથી.'

'હું **કલાકમાં** પાછો આવી જઈશ.'

'ત્યાંની **ઠંડીમાં** મારાથી રહેવાયું નહીં.'

'બટેટા ગરમ **પાણીમાં** બાફો.'[૨૦]

(ખ) ગુણલક્ષણનું અધિકરણ –

'તે **ગણિતમાં** કાચો છે.'

'એને **ધર્મમાં** ઘણો રસ છે.'

(ગ) શ્રેષ્ઠતાનું ક્ષેત્ર (અંગ્રેજી 'among'નો અર્થ) –

'બધા **છોકરાઓમાં** તે હોશિયાર છે.'

(૨) સાધન દર્શાવે છે :

'આટલા **પાણીમાં** કપડાં કેમ ધોવાય ?'

'સો **રૂપિયામાં** એ ઘર ચલાવે છે.'

(૩) માધ્યમ દર્શાવે છે :

'દવા **ટપાલમાં** મોકલજો.'

(૪) રીતિ દર્શાવે છે :

'એ પોતાની આગવી **શૈલીમાં** વાર્તા કહેતી.'

: ૬ : '-ન-'/'-આર-' ('નો' 'ની' 'નું' 'ના' 'નાં' અને પહેલો-બીજો પુરુષ સર્વનામમાં 'આરો' 'આરી' 'આરું' 'આરા' 'આરાં'[૨૧]) એટલાબધા અર્થોને વ્યક્ત કરી શકે છે કે એના પ્રયોગોનું સંપૂર્ણ વર્ગીકરણ કરવું સઘન અભ્યાસ વિના શક્ય નથી. '-ન-' અનુગ બહુધા બે નામિક પદોને જોડે છે. અને એમની વચ્ચેના સૂક્ષ્મ-સંકુલ સંબંધોને વ્યક્ત કરી શકે છે. '-ન-'થી વિશેષણાત્મક પદ બને છે અને ઘણા વિશેષણાત્મક વાક્યખંડોને '-ન-' અનુગવાળા પદ તરીકે ફેરવી શકાય છે. જેમકે 'આરોપીને કરવામાં આવેલી (સજા)'ને 'આરોપીની (સજા)' રૂપે મૂકી શકાશે. 'લુહાર વાપરે છે તે (ઘણ)'ને બદલે 'લુહારનો (ઘણ)' કરી શકાશે.

---

૨૦. 'એ ઓરડામાં તો અમે ગરમીમાં બફાઈ ગયા' જેવા પ્રયોગોમાં 'માં' અનુગ કારણવાચક જેવો અર્થ દર્શાવતો પણ લાગશે.

૨૧. '-ન-'ને 'એ' લાગી બનેલા 'ને'ની કેટલીક વાત આપણે આગળ કરી ગયા છીએ. ઘણા સંયોગોમાં 'ને' (અને એ રીતે 'આરે') પણ જોવા મળે છે એ ધ્યાનમાં રાખવું જોઈએ.

આમ છતાં, '-ન-' અનુગના મુખ્ય અર્થો તારવવાનો આપણે પ્રયત્ન કરીએ :

(૧) એ બે પદાર્થો વચ્ચેનો નીચેનામાંથી કોઈ ને કોઈ પ્રકારનો સંબંધ વ્યક્ત કરે છે (આમાંથી કેટલાક સંબંધો એકબીજા સાથે સંબદ્ધ કે મળતા પણ લાગશે) :

ક. પદાર્થ અને એના અંગ કે ઘટકનો સંબંધ – અવયવાવયવી સંબંધ :
'ઝાડની ડાળી' 'મારો હાથ' 'ડબાનું ઢાંકણું' 'મકાનનો પાયો' 'માણસનું મન' 'રાજ્યની ધારાસભા' 'શાળાનો ખંડ' વગેરે.

ખ. વસ્તુ અને એની પેદાશનો – ઉત્પાદક-ઉત્પાદ્ય (કે એથી ઊલટો) સંબંધ :
'ગાયનું દૂધ' 'દીવાનો પ્રકાશ' 'મિલનું કાપડ'; 'કાપડની મિલ' 'સોનાની ખાણ' વગેરે.

ગ. વસ્તુ અને એના ગુણધર્મનો – ગુણગુણીનો સંબંધ :
'ધારાસભાની કાર્યકુશળતા' 'રમેશની બુદ્ધિ' 'તમારી લંબાઈ' વગેરે.

ઘ. સ્વામિત્વનો સંબંધ :
'રમેશનું પુસ્તક' 'મારો બંગલો', 'ગવર્નરની સત્તા', 'મારો વિચાર', 'મારી તબિયત' વગેરે.

ચ. સામાજિક કે સગાઈસંબંધ :
'મારો શેઠ' 'દેશના નેતા' 'ગાંધીજીનાં બહેન' વગેરે.

છ. વિશેષ સંજ્ઞા અને સામાન્ય સંજ્ઞાનો – સમાનાધિકરણનો સંબંધ :
'કરેણનું ફૂલ' 'ચારનો આંકડો' 'વકીલાતનો વ્યવસાય' 'પ્રેમનો સંબંધ' વગેરે.

જ. અનન્યતાનો સંબંધ :
'એકનું એક' 'ત્યાંનો ત્યાં' 'સેવાની સેવા' વગેરે.

ઝ. ઉપમેય-ઉપમાનનો સંબંધ :
'સંસારનો સાગર' 'જીવનની નાવ' 'જ્ઞાનનું અમૃત' વગેરે.

ટ. દ્રવ્ય અને એના આકારનો કે ઘાટનો કે એમાંથી બનેલી વસ્તુઓ – પ્રકૃતિવિકૃતિનો (કે એથી ઊલટો) સંબંધ :
'લોખંડનો કબાટ' 'પિત્તળની ડોલ' 'ઘઉંનો ઢગલો' 'ચણાનો લોટ' 'બાજરીનો રોટલો'; 'કબાટનું લોખંડ' 'ડોલનું પિત્તળ' વગેરે.

ઠ. વસ્તુ અને એના મૂલ્યનો – મૂલ્યીમૂલ્યનો (કે ઊલટો) સંબંધ :
'એક શેર **ભીંડાના** કેટલા **પૈસા** થશે ?'
'આ **ચોપડીના** પાંચ **રૂપિયા** બેઠા.'
'આ **પાંચ રૂપિયાની** ચોપડી છે.'

ડ. આધાર કે આશ્રય અને એમાં રહેલી વસ્તુનો – આધારાધેય (કે એથી ઊલટો) સંબંધ :
'ગોળાનું પાણી' 'ગામના લોકો' 'લોકોનો વિશ્વાસ (ન કરવો)', 'દહીંની મટુકી', 'અંગ્રેજોનો દેશ', 'કેરીનું પીઠું' વગેરે.

ઢ. તાદર્થ્યનો સંબંધ :
'મેં આજે **પાપડનો લોટ** બાંધ્યો છે.'
'તમારી કૉલેજમાં **પ્રવેશનું** ધોરણ શું છે ?'
'**મકાનનો પાયો** મજબૂત નાખજો.'
'**આપની** મેં બહુ રાહ જોઈ.'

ણ. કારણકાર્યસંબંધ :
'ફરવાનો આનંદ' 'મુંબઈની મજા' 'બાપની બીક' વગેરે.

ત. પરિમાણ અને પરિમાણ ધરાવનારનો સંબંધ :
'પાંચ વરસનો છોકરો', 'સો રૂપિયાનો પગાર', 'સાત માઇલનું અંતર' વગેરે.

થ. ઉપરમાંથી કોઈમાં મૂકવા મુશ્કેલ લાગે તેવા અન્ય પ્રકીર્ણ સંબંધો :
'પુસ્તકની કિંમત' 'ભગવાનનું ધાર્યું' 'હાથનો માર' 'રમેશની ફરિયાદ' 'મિત્રનો કાગળ' 'આરોપીની સજા' 'છોકરાની ચિંતા' 'લાકડીનો ઘા' 'લોકોની ફરજ' 'હિમાલયનું ચડાણ' 'કાલનો વરસાદ' વગેરે.

(૨) '-ન-' અનુગથી વાક્યખંડોનો સંક્ષેપ કરી શકાય છે. એટલે એમાં બીજી રીતે જોતાં કર્તા, કર્મ, કરણ, અધિકરણ આદિ વ્યાકરણી સંબંધો પણ દેખાય છે. ખાસ કરીને ક્રિયાવાચક અને ભાવવાચક સંજ્ઞાઓને યોગે આવું વિશેષ સ્પષ્ટપણે દેખાય છે. આગળ વર્ણવેલા ભિન્નભિન્ન સંબંધોનાં (અને પ્રકીર્ણ સંબંધોનાં પણ) ઉદાહરણોને આ રીતે ઘટાવી શકાશે. જેમકે –

ક. ક્રિયા કે કર્મને અનુષંગે કર્તા :
'**ભગવાનનું ધાર્યું** (ભગવાને ધારેલું) થાય છે.'
'**મારો વિચાર** (મેં કરેલો વિચાર) તને ગમ્યો ?'
'**રમેશની ફરિયાદ** (રમેશે કરેલી ફરિયાદ) સાચી છે.'
'કેલિકો **મિલનું કાપડ** (મિલે પેદા કરેલું કાપડ) સારું આવે છે.'
'મારા **મિત્રનો કાગળ** (મિત્રે લખેલો કાગળ) આવ્યો છે.'
'**લોકોની ફરજ** (લોકોએ બજાવવાની ફરજ) શું છે ?'
'**મારું વિશ્લેષણ** (મેં કરેલું વિશ્લેષણ) તમને યોગ્ય લાગે છે ?'

ખ. ક્રિયા, કર્તા કે પ્રધાન કર્મને અનુષંગે કર્મ :
'માબાપની સેવા (માબાપને સેવવાં તે) સંતાનોનું કર્તવ્ય છે.'
'આ પુસ્તક ગુજરાતી **ભાષાનું વિશ્લેષણ** (ભાષાને વિશ્લેષવી તે) કરે છે.'
'બીજવરની પરણી (બીજવરને પરણેલી) મહાસુખ માણશે.'
'આ **ગ્રંથનો લેખક** (ગ્રંથને લખનાર) કોણ છે ?'
'આરોપીની સજા (આરોપીને કરવામાં આવેલી સજા) હું કાયમ રાખું છું.'

ગ. ક્રિયા કે કર્મને અનુષંગે કરણ :
'મેં કોઈના **હાથનો માર** (હાથથી મારવું તે) ખાધો નથી.'
'લાકડીનો ઘા (લાકડી વડે કરવામાં આવેલો ઘા) કોને વાગ્યો ?'

ઘ. ક્રિયા કે કર્મને અનુષંગે અધિકરણ :
'હિમાલયનું ચડાણ (હિમાલય ઉપર ચડવું તે) ઘણું મુશ્કેલ છે.'
'કુરુક્ષેત્રના યુદ્ધમાં (કુરુક્ષેત્રમાં લડાયેલા યુદ્ધમાં) પાંડવો જીત્યા.'
'તળાવનું પાણી (તળાવમાં રહેલું પાણી) ચોખ્ખું નથી.'
'આજનો વરસાદ (આજે પડેલો વરસાદ) ભારે છે.'

(૩) '-ન-' અનુગ ક્રિયાપદનું સામાન્ય અધિકરણ પણ દર્શાવે છે :
'તે **દિવસનો** ઊંઘે છે અને **રાતનો** વાંચે છે.'

(૪) ગુણલક્ષણનું અધિકરણ દર્શાવે છે :
'સ્વભાવનો તે ઠંડો છે.'
'હાથનો તે છૂટો છે.'
'તે **ભાષાવિજ્ઞાનનો** નિષ્ણાત છે.'

(૫) કેટલાક પ્રયોગોમાં સમયની પૂર્વમર્યાદા ને સમયનો ગાળો દર્શાવે છે :
'તે **ક્યારનો** આવ્યો છે.'
'તે ભિખારી ત્રણ **દિવસનો** ભૂખ્યો છે.'
'મારે ત્રણ **રાતનો** ઉજાગરો છે.'

(૬) નામયોગીને યોગે આવે છે :
'હું **તેની** પાસે ગયો.'
'મને **તમારી** માફક બોલતાં આવડતું નથી.'
'હું હમણાં **ઘરની** બહાર નીકળ્યો જ નથી.'

: ૭ : સંસ્કૃતમાં આઠ વિભક્તિઓ અને એના વિશિષ્ટ પ્રત્યયો હતા. ગુજરાતીમાં આ વ્યવસ્થા ટકી નથી. એટલે સંસ્કૃતની વિભક્તિઓના ક્રમને – પ્રથમા, દ્વિતીયા વગેરેને વળગવાનું હવે અનુકૂળ નથી. બીજી બાજુથી, અનુગો એક કરતાં વધારે વિભક્તિ-અર્થમાં

અને એક વિભક્તિ-અર્થમાં એક કરતાં વધારે અનુગો વપરાય છે. આ સ્થિતિમાં નીચેનો કોઠો મુખ્ય વિભક્તિ-અર્થો અને અનુગોનો સંબંધ સ્પષ્ટ કરવામાં સહાયરૂપ થશે :

અનુગ → વિભક્તિ ↓	શૂન્યપ્રત્યય	ને	એ	થી	માં	-ન- (-આર-)
કર્તા	√	√	√	√		√
કર્મ	√	√				√
કરણ			√	√	√	√
તાદર્થ્ય		√	√			√
અપાદાન				√		
સંબંધ						√
અધિકરણ	√		√	√	√	√
સંબોધન	√					

[૬] નામયોગી તત્ત્વોના અર્થો

: ૧ : નામયોગી તત્ત્વો વિશિષ્ટ અને સંકુલ અર્થોમાં પ્રયોજાય છે એમ આપણે આગળ વાત કરી ગયા છીએ. આમ છતાં, વ્યાપકભાવે અમુક વિભક્તિ-અર્થોમાં એમનું વર્ગીકરણ કરી શકાય ખરું. નીચે એવું એક વર્ગીકરણ આપવાનો પ્રયાસ કર્યો છે :

(૧) કેટલાંક નામયોગી તત્ત્વો અધિકરણવિભક્તિ – ખાસ કરીને સ્થાન અને દિશાનો અર્થ દર્શાવે છે. જેમકે – અંદર, બહાર, પાસે, કને, ઉપર, નીચે, હેઠળ, ભણી, સામું, પડખે, આસપાસ, તરફ, પ્રત્યે વગેરે.

(૨) કેટલાંક નામયોગી તત્ત્વો ક્રમ (સ્થાનનો કે સમયનો) દર્શાવે છે. જેમકે – અગાઉ, પહેલાં, આગળ, પછવાડે, પૂંઠે, પછી, બાદ વગેરે. આમાંથી, 'અગાઉ' 'બાદ' જેવામાં સમયનો અર્થ વધારે પ્રબળ જણાશે.

(૩) 'થયાં' 'દરમ્યાન' એ સમયગાળો દર્શાવે છે.

(૪) કેટલાંક નામયોગી તત્ત્વો કારણ કે માધ્યમ દર્શાવે છે. જેમકે – થકી, વડે, મારફત, દ્વારા વગેરે.

(૫) કેટલાંક નામયોગી તત્ત્વોને વિશાળ અર્થમાં રીતિવાચક ગણી શકાય એવાં છે. જેમકે – પ્રમાણે, જેમ, પેઠે, માફક, સાથે, જોડે, સહિત, સિવાય, વિના, વગર વગેરે. 'સાથે' વગેરેને સહિતતાવાચક અને 'સિવાય' વગેરેને અભાવવાચક પણ ગણી શકાય.

(૬) કેટલાંક નામયોગી તત્ત્વો તાદર્થ્યવાચક છે. જેમકે – માટે, કાજે, સારુ, ખાતર,

વાસ્તે વગેરે.

(૭) થોડાંક નામયોગી તત્ત્વો તુલનાવાચક છે. જેમકે – કરતાં, બરાબર વગેરે. આગળ નોંધેલાં 'પ્રમાણે' 'જેમ' 'પેઠે' 'માફક' પણ સરખામણીનો અર્થ દર્શાવે છે.

(૮) 'લગી' 'સુધી' 'પર્યન્ત' જેવાં કોઈક નામયોગી તત્ત્વો ઉત્તરમર્યાદાવાચક છે.

(૯) 'લીધે' 'કારણે' જેવાં કોઈક નામયોગીઓ કારણવાચક છે.

(૧૦) 'તણું' 'કેરું' જેવાં કોઈક નામયોગીઓ સંબંધવાચક છે.

(૧૧) આગળ નોંધેલાં 'પાસે' 'કને' સ્વામિત્વ દર્શાવવા પણ વપરાય છે.

(૧૨) 'બદલે' 'સ્થાને' 'વતી' એ અવેજીવાચક નામયોગીઓ છે.

(૧૩) 'વિશે' 'ઉપરાંત' 'તરીકે' પોતાની વિશિષ્ટ અર્થછાયા ધરાવતાં નામયોગીઓ છે.

સંદર્ભ

અનુગો અને નામયોગીઓ : કાર્ડોના, એકમ ૬.૨; દવે, એકમ ૫૪; દેસાઈ (૨), પૃ.૧૭૪–૧૭૯.

સંજ્ઞાનાં રૂપાખ્યાન : શાસ્ત્રી(૩), પૃ.૧૧૨–૧૧૫; દવે, એકમ ૪૫–૪૬, વ્યાસ યોગેન્દ્ર(૪), પૃ.૧૯૮–૨૦૦; દેસાઈ (૨), પૃ.૧૪૧–૧૪૮.

વિશેષણનાં રૂપાખ્યાન : દવે, એકમ ૪૭; દેસાઈ (૨), પૃ.૨૨૮–૨૩૦.

સર્વનામોનાં રૂપાખ્યાન : કાર્ડોના, એકમ ૪.૭; શાસ્ત્રી(૩), પૃ.૧૨૩–૧૩૦; દવે, એકમ ૪૮; વ્યાસ યોગેન્દ્ર(૪), પૃ.૨૦૦–૨૦૩; દેસાઈ (૨), પૃ.૨૦૮–૨૧૫.

સંબંધવાચક '-ન-' : ભાયાણી(૨), પૃ.૧૮૨–૧૯૨.

'થી' અનુગના અર્થો : વ્યાસ યોગેન્દ્ર(૩), પૃ.૧૧૯–૧૨૦.

અનુગોના અર્થો : શાસ્ત્રી(૩), પૃ.૧૭૭–૧૯૦; ત્રિવેદી, પૃ.૨૩–૪૭; વ્યાસ યોગેન્દ્ર(૪), પૃ.૨૦૩–૨૧૪; દેસાઈ (૨), પૃ.૧૮૧–૧૮૮.

નામયોગીઓના અર્થો : વ્યાસ યોગેન્દ્ર(૪), પૃ.૨૧૪–૨૧૬; દેસાઈ (૨), પૃ.૨૦૨–૨૦૩.

સ્વાધ્યાય

૧. નીચેનાં કેવળ નામયોગી તત્ત્વો છે કે અન્ય રીતે (ક્રિયાવિશેષણ, સંયોજક વગેરે તરીકે) પણ પ્રયોજાય છે તે જણાવો અને એમને એ રીતે વાક્યમાં વાપરી બતાવો :

પાસે, સામે, સુધી, ખાતર, મારફત, અગાઉ, માટે.

૨. ખાલી જગ્યા પૂરો (કૌંસમાં શબ્દો આપ્યા હોય ત્યાં તેમાંથી પસંદગી કરો) :

(૧) સંજ્ઞાઓના રૂપાખ્યાનમાં '-ન-'વાળું અંગ લેતા બે અનુગો છે : _____ અને _____ . (થી, ને, એ, માં)

(૨) અમુક પ્રયોગોમાં _____ (વિકારી, ગુણવાચક) વિશેષણ વિકલ્પે _____ અનુગ લે છે, જેમકે _____ / _____ .

(૩) સાનુસ્વાર 'એ' અનુગવાળાં ત્રણ સાર્વનામિક રૂપો છે _____ , _____ અને _____ .

(૪) _____ (આ, એ, તું) સર્વનામ બહુવચનમાં 'મ'વાળું રૂપ ફરજિયાતપણે લે છે.

(૫) 'થી' અને 'માં' પૂર્વે _____ સર્વનામ 'ન'વાળું રૂપ ફરજિયાતપણે લે છે. _____ _____ વિકલ્પે લે છે અને _____ લેતું જ નથી. (પોતે, કોણ, આપણે)

(૬) દ્વિકર્મક ધાતુઓ હોય ત્યાં _____ (શૂન્યપ્રત્યય, ને) પ્રધાન કર્મ બતાવે છે, ત્યારે _____ (શૂન્યપ્રત્યય, ને) ગૌણ કર્મ બતાવે છે. જેમકે, ...

૩. કર્તાર્થે શૂન્યપ્રત્યય, 'ને', 'થી' અને 'એ'નું એકેક ઉદાહરણ આપો.

૪. નીચેનાં વાક્યોમાં ઘાટા છાપેલા શબ્દોમાં શૂન્યપ્રત્યય કયા-કયા અર્થમાં છે તે જણાવો :

(૧) મેં પાંચ **કલાક** કામ કર્યું.

(૨) મારે **મન** તમે આવો એ મોટી વાત છે.

(૩) અમે અમદાવાદમાં **મકાન** કર્યું છે.

(૪) કાશ્મીર પૃથ્વી પરનું **સ્વર્ગ** છે.

૫. નીચે 'થી' અનુગનાં ઉદાહરણો અને એના અર્થો આપ્યાં છે. યોગ્ય જોડકાં ગોઠવી આપો :

ઉદાહરણ	અર્થ
(૧) આ પુસ્તકમાં **શાહીથી** કશું ન લખશો.	કરણ
(૨) વડીલો સાથે **વિનયથી** વર્તવું જોઈએ	કારણ
(૩) તમારા રોજના **ઝઘડાથી** હું ત્રાસી ગયો છું.	રીતિ
(૪) તેણે પાંચમે **માળથી** પડતું મૂક્યું.	અપાદાન
(૫) દુનિયાના બીજા **દેશોથી** અમેરિકા વિજ્ઞાનમાં આગળ છે.	તુલના

૬. '-ન-' અનુગ વડે નીચેના સંબંધો વ્યક્ત થાય છે. દરેકનું એકએક ઉદાહરણ આપો :

(૧) અવયવાવયવી સંબંધ

(૨) સમાનાધિકરણનો સંબંધ

(૩) પ્રકૃતિવિકૃતિનો સંબંધ

૧૩

[૧] આખ્યાતિક અંગ : સાદું, કર્મણિ અને પ્રેરક

: ૧ : આખ્યાતિક અંગોના મુખ્ય બે પ્રકાર પાડી શકાય : (૧) મૂળ કે સાદું અંગ અને (૨) ભિન્ન પ્રકારની રચના માટે પ્રત્યય દ્વારા સાધિત અંગ.

આખ્યાતિક મૂળ અંગો વ્યંજનાંત તેમજ સ્વરાંત બન્ને પ્રકારનાં મળે છે :

(ક) *વ્યંજનાંત અંગ ; કર્, આવ્, બોલ્, પડ્, ચાહ્, મોહ્* વગેરે.

(ખ) સ્વરાંત અંગ : ગા, જા, ખા, કમા, ગભરા, ચિડા, ન્હા, પી, સૂ, દે, લે, કૂહે, સ્હે, જો, દૂહો, લ્હો વગેરે.

'ચાહ્' અને 'ન્હા', 'મોહ્' અને 'લ્હો' ઉચ્ચારણમાં સરખાં હોવા છતાં તેમને અનુક્રમે વ્યંજનાંત અને સ્વરાંત ગણ્યાં છે, કેમકે આપણે આગળ જોઈશું કે તે એ પ્રમાણે વ્યંજનાંત કે સ્વરાંત તરીકે વર્તે છે.

પ્રત્યય દ્વારા સાધિત અંગો બે પ્રકારનાં છે : (૧) પ્રેરક અને (૨) કર્મણિ.

: ૨ : પ્રેરક અંગ મૂળ કે સાદા અંગ પરથી સિદ્ધ થઈ શકે છે. પ્રેરક અંગ સિદ્ધ થવાની ત્રણ રીતો છે : (ક) કેવળ વર્ણવિકાર દ્વારા, (ખ) કેવળ પ્રત્યય દ્વારા અને (ગ) વર્ણવિકાર + પ્રત્યય દ્વારા. આ રીતે સિદ્ધ થયેલા પ્રેરક અંગને, પછી, સાદા અંગની જેમ જ વિવિધ કાળ-અર્થના પ્રત્યયો લાગી શકે છે અને એનાં રૂપાખ્યાન થઈ શકે છે.

(ક) વર્ણવિકાર એટલે મૂળ અંગમાંના કોઈ પણ વર્ણમાં ફેરફાર થવાથી પ્રેરક અંગ બને છે. વર્ણવિકાર ઘણા પ્રકારના છે :

૧. 'અ'નો 'આ' : પડ (પડે, પડશે, પડ્યું વ૦) – પાડ (પાડે, પાડશે, પાડ્યું વ૦), ઊકળ–ઉકાળ, મર–માર, ઊતર–ઉતાર, ગળ–ગાળ, ઊછળ–ઉછાળ વગેરે.

૨. 'અ'નો 'એ' : ઊખડ–ઉખેડ, ઊછર–ઉછેર, ઊકલ–ઉકેલ, વીખર–વિખેર વગેરે.

૩. 'અ'નો 'ઓ' : ઢળ–ઢોળ.

૪. 'ઊ'નો 'ઓ' : ખૂલ–ખોલ, ફૂલ–ફોલ, મૂક–મોકલ.

૫. 'ઈ'નો 'આ' : પી–પા.

૬. અંત્ય 'ટ'નો 'ડ' અને પૂર્વવર્તી 'ઈ' 'ઉ' કે 'ઑ'નો અનુક્રમે 'એ' 'ઓ' કે 'ઓ' : ફાટ–ફાડ, ફીટ–ફેડ, છૂટ–છોડ, વછૂટ–વછોડ, ફૂટ–ફોડ, જૂટ–જોડ, ચૉંટ–ચોડ

વગેરે.

એ નોંધપાત્ર છે કે વર્ણવિકારથી જેમાં પ્રેરક અંગ સિદ્ધ થાય છે તે બધાં અકર્મક આખ્યાતિક અંગો છે.

(ખ) પ્રેરક અંગ બનાવનાર પ્રત્યયો ઘણા છે. એ પ્રત્યયો લાગતાં પહેલાં મૂળ અંગમાં કોઈ પણ શ્રુતિમાં રહેલા 'આ'નો 'અ' થાય છે (જેમકે, ચાલ+આવ્ = ચલ+આવ્ = ચલાવ્; રેલા+અવ્=રેલ+અવ્=રેલવ્) અને એકાક્ષરી સ્વરાંત અંગોમાં 'વ્'નો આગમ થાય છે (જેમકે, સૂ+રાવ = સુવ્+રાવ્ + સુવરાવ્; ગા+આડ્ = ગવ્+આડ્ = ગવાડ્) પ્રેરકના પ્રત્યયો અને એનાં ઉદાહરણો નીચે પ્રમાણે છે :

૧. આવ : કર–કરાવ, ચાલ–ચલાવ, સાંપડ–સંપડાવ, ગભરા–ગભરાવ, ભોગવ–ભોગવાવ વગેરે.

૨. અવ : શીખ–શીખવ, ચેત–ચેતવ, નાચ–નચવ, મૂંઝા–મૂંઝવ, રેલા–રેલવ વગેરે.

૩. રાવ/ડાવ (આ બન્ને વચ્ચે વિકલ્પ છે) : સીવ–સિવડાવ/સિવરાવ, વાવ–વવરાવ/વવડાવ, ખા–ખવડાવ/ખવરાવ, સૂ–સુવરાવ/સુવડાવ, કહે–કહેવરાવ/કહેવડાવ વગેરે.

૪. આવરાવ/આવડાવ : કર–કરાવરાવ/કરાવડાવ, આપ–અપાવરાવ/અપાવડાવ વગેરે.

૫. રાવડાવ/ડાવરાવ : સીવ–સિવરાવડાવ/સિવડાવરાવ, વાવ–વવરાવડાવ/વવડાવરાવ, જો–જોવરાવડાવ/જોવડાવરાવ વગેરે.

૬. આડ : ઊગ-ઉગાડ, ચાખ–ચખાડ, ગા–ગવાડ, સંતા–સંતાડ વગેરે.

૭. આર : બેસ–બેસાર, વધ–વધાર, સૂ–સુવાર વગેરે.

૮. વાડ : શીખ–શિખવાડ, ભૂલ–ભુલવાડ વગેરે.

૯. એડ : ખસ–ખસેડ.

૧૦. ઓળ : હીંચ–હીંચોળ.

નીચેનાં ઉદાહરણો પ્રેરકતા અને પુનઃપ્રેરકતાને સ્પષ્ટ કરી આપશે :

એકાક્ષરી સ્વરાંત અંગોને 'રાવ/ડાવ' (છૂટા કે સંયુક્ત) અને 'આડ' એટલા પ્રત્યયો જ લાગે છે તે ઉપરનાં ઉદાહરણો પરથી દેખાઈ આવશે.

(ગ) વર્ણવિકાર અને પ્રત્યય બન્ને મળીને પ્રેરક અંગ સિદ્ધ કરવાની રીતો આ પ્રમાણે છે :

૧. 'અ'નો 'એ' થાય છે અને 'અવ' પ્રત્યય લાગે છે : ખર–ખેરવ, મળ–મેળવ, ભર–ભેરવ, સર–સેરવ, હળ–હેળવ, ફર–ફેરવ, ઠર–ઠેરવ, ભળ–ભેળવ વગેરે.

૨. 'અ'નો 'ઓ' થાય છે અને 'અવ' પ્રત્યય લાગે છે : ચડ–ચોડવ, દડ–દોડવ, રડ–રોડવ વગેરે.

૩. ક્વચિત્ 'અ'નો 'આ' થાય છે અને 'અવ' પ્રત્યય લાગે છે : કર–કારવ ('કર્યું કારવ્યું').

પ્રેરક પરથી પુનઃપ્રેરક પણ થઈ શકે છે. 'આવ' (એકલો કે 'રાવ/ડાવ' સાથે) અને 'રાવ/ડાવ' કેટલીક વાર પુનઃપ્રેરકના પ્રત્યય તરીકે પ્રયોજાય છે. ખાસ કરીને અકર્મક ધાતુઓમાં એમની પુનઃપ્રેરકતા સ્પષ્ટ હોય છે. અકર્મક પ્રેરક થતાં સકર્મક બને છે અને એનું પછી પુનઃપ્રેરક થઈ શકે છે. પ્રત્યયોનાં ઉદાહરણો આ પ્રમાણે છે :

આવ(+રાવ/ડાવ) : પડ–પાડ–પડાવ(+રાવ/ડાવ), ખૂલ–ખોલ–ખોલાવ(+રાવ/ડાવ), વધ–વધાર–વધારાવ(+ડાવ), ખસ–ખસેડ–ખસેડાવ(+રાવ) વગેરે.

રાવ/ડાવ : ઉડ–ઉડાવ–ઉડાવરાવ, બન–બનાવ–બનાવરાવ, શીખ–શિખડાવ–શિખડાવરાવ, ન્હા–ન્હવડાવ–ન્હવડાવરાવ વગેરે.

૧. 'દરવાજો **ખૂલ્યો.**' (સાદું રૂપ)
'મેં દરવાજો **ખોલ્યો.**' (પ્રેરક રૂપ)
'મેં ચોકીદાર પાસે દરવાજો **ખોલાવ્યો/ખોલાવડાવ્યો.**' (પુનઃપ્રેરક રૂપ)

૨. 'ચંપલ સારાં **બન્યાં** છે.' (સાદું રૂપ)
'મોચીએ ચંપલ સારાં **બનાવ્યાં** છે.' (પ્રેરક રૂપ)
'મેં મોચી પાસે સરસ ચંપલ **બનાવરાવ્યાં/બનાવડાવ્યાં.**' (પુનઃપ્રેરક રૂપ)

: ૨ : કર્મણિ અંગ સાદા અંગ પરથી તેમજ પ્રેરક અંગ પરથી પણ સિદ્ધ થઈ શકે છે. તે નીચેની રીતે સિદ્ધ થાય છે :

(૧) 'આ' કર્મણિનો પ્રત્યય છે. મૂળ (કે પ્રેરક) અંગની પાછળ તે લગાડવાથી કર્મણિ અંગ તૈયાર થાય છે. એ કર્મણિ અંગનાં પછી વિવિધ કાળ-અર્થનાં રૂપાખ્યાન સાદા અંગની જેમ જ થઈ શકે છે. દાખલા તરીકે, કર (મૂળ)–કરા (કર્મણિ), પડ–પડા, બોલ–બોલા, મોહ–મોહા. નીચેનાં વાક્યો પણ જુઓ :

(ક) 'હું **બોલ્યો** નહીં.' (મૂળ કર્તરિ રૂપ)
'મારાથી **બોલાયું** નહીં.' (સાધિત કર્મણિ રૂપ)

(ખ) 'એ હવે કામ **કરે** છે.' (મૂળ કર્તરિ રૂપ)
'એનાથી હવે કામ **કરાય** છે.' (સાધિત કર્મણિ રૂપ)

(ગ) 'હું એના પર **મોહીશ** નહીં.' (મૂળ કર્તરિ રૂપ)
'હું એનાથી **મોહાઈશ** નહીં.' (સાધિત કર્મણિ રૂપ)

(૨) મૂળ અંગમાં કોઈ પણ શ્રુતિમાં 'આ' હોય તો કર્મણિનો 'આ' પ્રત્યય લાગતાં

પહેલાં તેનો 'અ' થાય છે – જેમકે આવ+આ = આવ+આ = અવા, આપ–અપા, વાંચ–વંચા, ચાહ–ચહા, સાચવ–સચવા, સાંભળ–સંભળા વગેરે. નીચેનાં વાક્યો પણ જુઓ :

'એ આજે **આવશે** નહીં.' (મૂળ કર્તરિ રૂપ)

'એનાથી આજે **અવાશે** નહીં.' (સાધિત કર્મણિ રૂપ)

પણ એક કરતાં વધુ અક્ષરનાં અંગમાં અંતે રહેલા 'આ'નો 'અ' થતો નથી. કમા (કમાશે)–કમાવા(કમાવાશે), અથડા–અથડાવા, રેલા–રેલાવા વગેરે. (અહીં 'વ'ના આગમ માટે જુઓ હવે પછી નિયમ (૩)).

પ્રેરક અંગ પરથી કર્મણિ અંગ થાય ત્યારે પણ પ્રેરકના પ્રત્યયમાં આવેલા 'આ'નો 'અ' થતો નથી. જેમકે 'કર'નું પ્રેરક 'કરાવ' થયું. તેનું કર્મણિ 'કરવા' નહીં પણ 'કરાવા' થશે. નીચેનાં વાક્યો જુઓ :

'મેં એની પાસે કામ **કરાવ્યું** નહીં.' (પ્રેરક રૂપ)

'મારાથી એની પાસે કામ **કરાવાયું** નહીં.' (સાધિત કર્મણિ રૂપ)

(૩) સ્વરાંત અંગમાં 'આ' લાગતાં પૂર્વે 'વ' ઉમેરાય છે. જેમકે, ગા (ગાયું)–ગવા (ગવાયું), ન્હા–ન્હાવા, કમા–કમાવા, પી–પિવા, સૂ–સુવા, દે–દેવા, કહે–કહેવા, જો–જોવા, લ્હો–લ્હોવા વગેરે.

[૨] આખ્યાતિક રૂપો

: ૧ : ગુજરાતીમાં મૂળ કે સાધિત (કર્મણિ, પ્રેરક, પુનઃપ્રેરક) અંગને કાળ, અર્થ અને પુરુષવાચક પ્રત્યયો લાગી વિવિધ કાળ-અર્થ-અવસ્થા દર્શાવતાં આખ્યાતિક રૂપોની રચના થાય છે.

બધાં આખ્યાતિક રૂપો પુરુષવાચક પ્રત્યયો લેતાં નથી. પુરુષવાચક રૂપો આપણને ચાર જુદ્યજુદ્યા સંયોગોમાં મળે છે અને તે નીચે પ્રમાણે છે :

(ક) સંભાવનામાં :

	એકવચન	બહુવચન
પહેલો પુરુષ	(હું) કરું	(અમે) કરીએ
બીજો પુરુષ	(તું) કરે	(તમે) કરો
ત્રીજો પુરુષ	(તે) કરે	(તેઓ) કરે

(ખ) ભવિષ્યકાળમાં :

પહેલો પુરુષ	(હું) કરીશ	(અમે) કરીશું/કરશું
બીજો પુરુષ	(તું) કરીશ/કરશે	(તમે) કરશો
ત્રીજો પુરુષ	(તે) કરશે	(તેઓ) કરશે

(ગ) સાદા આજ્ઞાર્થમાં :

પહેલો પુરુષ	–	–
બીજો પુરુષ	(તું) કર	(તમે) કરો
ત્રીજો પુરુષ[1]	(તે) કરો	(તેઓ) કરો

(ઘ) ભવિષ્ય આજ્ઞાર્થમાં :

પહેલો પુરુષ	–	–
બીજો પુરુષ	(તું) કરજે	(તમે) કરજો
ત્રીજો પુરુષ	(તે) કરજો	(તેઓ) કરજો

આ રૂપો તપાસતાં નીચેની બાબતો તરી આવે છે :

૧. મૂળ અંગ 'કર' છે અને તેને જુદાંજુદાં પુરુષ અને વચનમાં જુદાજુદા પ્રત્યયો લાગ્યા છે.

૨. ભવિષ્ય આજ્ઞાર્થમાં બધાં પુરુષવાચક રૂપોમાં 'જ' અંશ અને ભવિષ્યકાળમાં 'ઈશ/શ' અંશ સમાન છે. એને આપણે કાળવાચક અંશ ગણી શકીએ. બાકી રહે તે પુરુષવાચક પ્રત્યયો.

૩. ચારે સંયોગોમાં ઘણા પુરુષવાચક પ્રત્યયો સમાન છે. પુરુષવાચક પ્રત્યયો ખરેખર તો ઘણા થોડા છે – શૂન્યપ્રત્યય, ઉં, ઈએ, એ અને ઓ. જુદીજુદી પરિસ્થિતિમાં એ સમાનપણે કે ભિન્ન રીતે વપરાય છે અને એક જ પરિસ્થિતિમાં પણ એકથી વધુ પુરુષ-વચન દર્શાવવા પ્રયોજાય છે. નીચેનો કોઠો આ પ્રત્યયો જુદીજુદી પરિસ્થિતિ સાથે કઈ રીતે સંકળાયેલા છે તે દર્શાવી આપશે :

	એકવચન				બહુવચન			
	(ક)	(ખ)	(ગ)	(ઘ)	(ક)	(ખ)	(ગ)	(ઘ)
પહેલો પુરુષ	ઉં	શૂ.પ્ર.	–	–	ઈએ	ઉં	–	–
બીજો પુરુષ	એ	શૂ.પ્ર./એ.	શૂ.પ્ર.	એ	ઓ	ઓ	ઓ	ઓ
ત્રીજો પુરુષ	એ	એ	ઓ	ઓ	એ	એ	ઓ	ઓ

: ૨ : આખ્યાતિક અંગો ભિન્નભિન્ન કાળ, અર્થો ને કાળ કે ક્રિયાની અવસ્થાઓ દર્શાવતા

---

૧. આજ્ઞાર્થનાં રૂપો – ખાસ કરીને ત્રીજા પુરુષમાં – ઇચ્છાનો અર્થ વ્યક્ત કરે છે. સંભાવનામાં પણ ઇચ્છાની અર્થછાયા હોય છે. એટલે ત્રીજા પુરુષમાં સંભાવના અને આજ્ઞાર્થના પ્રયોગો વચ્ચે બહુ ઝીણો ફેર રહે છે. 'ભગવાન તમારું ભલું કરે' એ સંભાવનાનો પ્રયોગ છે, 'ભગવાન તમારું ભલું કરો' એ આજ્ઞાર્થનો પ્રયોગ છે.

પ્રત્યયો પણ લે છે. 'જ' અને 'ઈશ/શ' એ કાળવાચક પ્રત્યયોનો ઉલ્લેખ આપણે આગળ કરી ગયા છીએ. બીજા પ્રત્યયો છે – ઈ, ત, વ, ય, ય+એલ, નાર. સંભાવના અને સાદા આજ્ઞાર્થમાં આવા કોઈ વિશિષ્ટ પ્રત્યય નથી, પણ એનાં રૂપો અમુક કાળ-અર્થ તો વ્યક્ત કરે જ છે. એટલે ત્યાં પુરુષવાચક પ્રત્યયો જ કાળઅર્થવાચક તરીકે કામ આપે છે એમ કહી શકાય.

કાળઅર્થવાચક પ્રત્યયો આખ્યાતિક અંગને સીધા લાગે છે. પુરુષવાચક પ્રત્યયો અને લિંગચિહ્નો, જો હોય તો, એની પછી આવે છે.

કોઈ પણ કાળ-અર્થમાં આખ્યાતિક રૂપ કાં તો કર્તાના પુરુષ-વચન પ્રમાણે બદલાય છે અથવા તો કર્તા કે કર્મના લિંગ-વચન પ્રમાણે બદલાય છે અથવા તો બેમાંથી એકે રીતે બદલાતું નથી. એટલેકે જ્યાં પુરુષવાચક પ્રત્યયો આવે છે ત્યાં લિંગવાચક પ્રત્યયો નથી આવતા, જ્યાં લિંગવાચક પ્રત્યયો આવે છે ત્યાં પુરુષવાચક પ્રત્યયો નથી આવતા. લિંગવાચક પ્રત્યયો આ પ્રમાણે આવે છે : પુંલ્લિંગ એકવચન 'ઓ', બહુવચન 'આ', સ્ત્રીલિંગ એકવચન તેમજ બહુવચન 'ઈ', નપુંસકલિંગ એકવચન 'ઉં', બહુવચન 'આં'.

કાળઅર્થવાચક પ્રત્યયોમાંથી 'જ' અને 'ઈશ/શ'ની પછી પુરુષવાચક પ્રત્યયો આવે છે એ આપણે આગળ જોઈ ગયા છીએ. બાકીના પ્રત્યયોની પાછળ પુરુષવાચક પ્રત્યયો આવતા નથી. કેટલાક લિંગચિહ્ન ફરજિયાતપણે લે છે – વ, ય; કેટલાક વિકલ્પે લે છે – ત, ય+એલ, નાર; અને કેટલાક લેતા જ નથી – ઈ. કેટલેક ઠેકાણે લિંગચિહ્ન કર્તાનું લેવામાં આવે છે, કેટલેક ઠેકાણે કર્મનું. એટલેકે કાળઅર્થવાચક પ્રત્યયોથી જે આખ્યાતિક રૂપો બને છે તે કેટલેક ઠેકાણે વિકારી (કર્તાલક્ષી કે કર્મલક્ષી) છે, કેટલેક ઠેકાણે અવિકારી છે, તો કેટલેક ઠેકાણે બન્ને પ્રકારનાં છે.

: ૩ : હવે આપણે કાળઅર્થવાચક પ્રત્યયો અને પુરુષવાચક કે લિંગવાચક પ્રત્યયોથી બનતાં સાદાં આખ્યાતિક રૂપોની એક સૂચિ કરી શકીએ :

(૧) 'ઉં' વગેરે કેવળ પુરુષવાચક પ્રત્યયોથી બનતાં (અને સંભાવનામાં વપરાતાં) આખ્યાતિક રૂપો : કરું વગેરે.

(૨) શૂન્યપ્રત્યય આદિ પુરુષવાચક પ્રત્યયોથી બનતાં (અને આજ્ઞાર્થમાં વપરાતાં) આખ્યાતિક રૂપો : કર વગેરે.

(૩) કાળઅર્થવાચક 'જ' પ્રત્યય + 'એ' આદિ પુરુષવાચક પ્રત્યયોથી બનતાં (અને ભવિષ્ય આજ્ઞાર્થમાં વપરાતાં) આખ્યાતિક રૂપો : કરજે વગેરે.

(૪) કાળઅર્થવાચક 'ઈશ/શ' પ્રત્યય + શૂન્યપ્રત્યય આદિ પુરુષવાચક પ્રત્યયોથી બનતાં (અને ભવિષ્યકાળમાં વપરાતાં) આખ્યાતિક રૂપો : કરીશ વગેરે.

(૫) કાળઅર્થવાચક 'ત' પ્રત્યયનાં બે પ્રકારનાં રૂપો – વિકારી કર્તાલક્ષી : કરતું

વગેરે (એમાં 'કરતાં' અવિકારી રીતે પણ વપરાય છે); અવિકારી રૂપ : કરત. આ બન્નેના પ્રયોગ ભિન્ન છે.

(૬) કાળઅર્થવાચક 'વ' પ્રત્યય + લિંગચિહ્નથી બનતાં વિકારી, કર્મલક્ષી રૂપો : કરવું વગેરે. આનાં સંબંધવાચક '-ન-'થી વિસ્તૃત થયેલા વિકારી, કર્તાલક્ષી અને કર્મલક્ષી બન્ને પ્રકારના પ્રયોગો ધરાવતાં રૂપો પણ છે : કરવાનું વગેરે. એ 'કરવું' વગેરેથી ભિન્ન અર્થમાં વપરાતાં રૂપો છે.

(૭) કાળઅર્થવાચક 'ય' પ્રત્યય + લિંગચિહ્નથી બનતાં વિકારી કર્મલક્ષી[૨] રૂપો : કર્યું વગેરે.

(૮) 'ય'ના 'એલ' વડે વિસ્તૃત, વિકલ્પે લિંગચિહ્ન લેતાં કર્મલક્ષી રૂપો : કરેલ/કરેલું વગેરે.

(૯) કાળઅર્થવાચક 'નાર' પ્રત્યયવાળાં, વિકલ્પે લિંગચિહ્ન લેતાં કર્મલક્ષી રૂપો : કરનાર/કરનારું વગેરે.

(૧૦) કાળઅર્થવાચક 'ઈ' પ્રત્યયથી બનતું અવિકારી આખ્યાતિક રૂપ : કરી. 'ઈ' 'ને' વડે વિસ્તૃત થઈને 'કરીને' એવું અવિકારી રૂપ પણ બનાવે છે. આ બન્ને વૈકલ્પિક રૂપો છે.

: ૪ : આખ્યાતિક રૂપોનું વર્ગીકરણ, હવે નીચેના કોઠામાં જુઓ. એક જ પ્રત્યયથી સિદ્ધ થયેલાં રૂપો જ્યાં વિકલ્પાત્મક છે ત્યાં જુદો સંખ્યાંક નથી આપ્યો, પણ એવાં રૂપોના સ્વતંત્ર પ્રયોગો છે ત્યાં (ક) (ખ)થી જુદાં પાડ્યાં છે.

---

૨. 'દોડ' 'પડ' વગેરે અકર્મક તથા 'જમ' 'બોલ' 'ભણ' 'શીખ' 'લાવ' 'ભૂલ' 'ચૂક' વગેરે બીજાં કેટલાંક આખ્યાતિક અંગોમાં આ રૂપો કર્તાલક્ષી છે.

કાળઅર્થવાચક પ્રત્યય	પુરુષવાચક પ્રત્યયવાળાં રૂપ	અધિકારી રૂપ	વિકારી રૂપ
–	[૧] કરું વગેરે		
–	[૨] કર વગેરે		
જ	[૩] કરજે વગેરે		
ઈશ/શ	[૪] કરીશ વગેરે		
ત		[૫ (ક)] કરત	[૫ (ખ)] કરતું વગેરે
વ (+ન-)			[૬ (ક)] કરવું વગેરે [૬ (ખ)] કરવાનું વગેરે
ય			[૭] કર્યું વગેરે
ય+એલ		[૮] કરેલ	[૮] કરેલું વગેરે
નાર		[૯] કરનાર	[૯] કરનારું વગેરે
ઈ/ઈને		[૧૦] કરી/કરીને	

[૩] કૃદંતો

: ૧ : આખ્યાતિક રૂપ એટલે આખ્યાતિક અંગ પરથી બનેલું એવું રૂપ જે કોઈ પણ સંયોગમાં ક્રિયાપદની જેમ વર્તી શકે – એટલેકે કર્તા, કર્મ વગેરે લઈ શકે. કેટલાંક આખ્યાતિક રૂપો સંજ્ઞા, વિશેષણ વગેરે તરીકે આવતાં હોય છે. પણ ત્યાંયે તે આ રીતે વર્તી શકે છે અને વર્તતાં હોય છે. આખ્યાતિક રૂપો, આ રીતે, આખ્યાતિક અંગ પરથી બનેલાં નામિક અંગો – લેખન, કરણી, લડાઈ વગેરે – થી જુદાં પડી આવે છે. નીચેનાં વાક્યો જુઓ :

'નિબંધ લખવો સહેલો નથી.'

'નિબંધનું લેખન સહેલું નથી.'

'લખવો' વાક્યમાં સંજ્ઞા(કર્તા)ને સ્થાને છે, છતાં 'નિબંધ' એની સાથે કર્મવિભક્તિથી જોડાયેલ છે, જ્યારે 'લેખન' સાથે 'નિબંધ' પદ એ રીતે જોડાઈ શકતું નથી, એ સંબંધવિભક્તિથી જોડાય છે. આ રીતે, 'લેખન' એ નામિક રૂપ છે; 'લખવો' આખ્યાતિક રૂપ છે. 'લખવો'ને સંજ્ઞા તરીકે વાપરીએ અને એને નામિક અનુગો લાગે ત્યારે પણ આ સ્થિતિ ચાલુ રહી શકે છે. જેમકે,

'નિબંધ લખવાથી ક્લમ ઘડાય છે.'

'સૂર્યનું ઊગવું' જેવામાં 'ઊગવું' સંપૂર્ણ નામિક રૂપ તરીકે વપરાયું છે. તેમ છતાં આવાં રૂપો સંજ્ઞાવિશેષણાદિ તરીકે આવે ત્યારે પણ ક્રિયાપદની જેમ વર્તી શકે છે એ જ અગત્યની વસ્તુ છે.

: ૨ : આખ્યાતિક રૂપોમાં કેટલાંક એવાં છે કે જે માત્ર ક્રિયાપદરૂપો તરીકે જ આવે છે : (કોઠામાં આપેલ સંખ્યાંક) [૧] [૨] [૩] [૪] અને [૫(ક)]. એક રૂપ એવું છે કે જે ક્રિયાપદ તરીકે આવી શકતું જ નથી (ક્રિયાવિશેષણ તરીકે જ આવે છે) : [૧૦]. કેટલાંક રૂપ એવાં છે જે ક્રિયાપદ તરીકે આવી શકે છે તેમ સંજ્ઞા, વિશેષણ, ક્રિયાવિશેષણ તરીકે પણ આવી શકે છે : [૫ (ખ)] [૬(ક) તથા (ખ)] [૭] [૮] [૯].

જે આખ્યાતિક રૂપોનો ક્રિયાપદ સિવાયનો બીજો ઉપયોગ છે – એટલેકે જે ક્રિયાપદ તરીકે આવતાં નથી કે આવતાં છતાં બીજી રીતે પણ વપરાય છે – તે રૂપો પરંપરાગત રીતે 'કૃદંતો' તરીકે ઓળખાવાયાં[૩] છે. આ રીતે નીચેનાં રૂપો કૃદંતો છે : કરતું, કરવું, કરવાનું, કર્યું, કરેલ/કરેલું, કરનાર/કરનારું, કરી/કરીને.

[૪] કૃદંતોના વિવિધ પ્રયોગો અને અર્થો

: ૧ : આખ્યાતિક રૂપો મુખ્યતયા એક અર્થને વ્યક્ત કરે છે. તેમ છતાં એના પ્રયોગોમાં ઘણી વાર વિભિન્ન અર્થછાયાઓ પણ જોવા મળે છે. અત્યાર સુધી આપણે આખ્યાતિક રૂપોને, અનિવાર્ય હોય તે સિવાય, એના અર્થ સાથે સાંકળ્યાં નથી તેનું કારણ આ છે. હવે આપણે દરેક આખ્યાતિક રૂપના મુખ્ય વિભિન્ન પ્રયોગો અને એમાં વ્યક્ત થતા અર્થની તપાસ કરીએ.

પહેલાં કૃદંતરૂપો લઈએ. કૃદંતરૂપો ક્રિયાપદ ઉપરાંત સંજ્ઞા, વિશેષણ અને ક્રિયાવિશેષણ તરીકે આવે છે. એમાં પણ ક્યાંક-ક્યાંક વિભિન્ન પ્રયોગો મળે છે. દરેક કૃદંતના આ જાતના પ્રયોગોની નોંધ લઈ પછી કંઈ તારવણી કરી શકાય તો કરીશું.

: ૨ : 'ત' પ્રત્યયવાળું વિકારી કૃદંતરૂપ ('કરતું' વગેરે) 'વર્તમાનકૃદંત' તરીકે ઓળખાય છે. એ મુખ્યતયા ક્રિયાની કોઈ પણ કાળની ચાલુ અવસ્થા દર્શાવે છે. એના વિભિન્ન પ્રયોગો નીચે પ્રમાણે છે :

(૧) આ કૃદંત ક્રિયાપદ તરીકે વપરાય છે. ક્રિયાપદ તરીકે એ –

ક. ભૂતકાળમાં આદત તરીકે થતી ક્રિયા (એટલે કે 'નિયમિત ભૂતકાળ')

---

૩. આપણાં વ્યાકરણોમાં અપાતી કૃદંતની વ્યાખ્યા અસંતોષકારક અને હકીકતોથી વિરુદ્ધ છે. તે માટે જુઓ ડૉ. ભાયાણીનો લેખ.

દર્શાવે છે :

'તે રોજ મારે ત્યાં **આવતો.**'

ખ. નકાર સાથે એ ભવિષ્ય આજ્ઞાર્થ દર્શાવે છે :

'તું એની સાથે ન **જતી.**' ('તું એની સાથે જજે'નું નકારવાક્ય)

ગ. 'ભલે' 'છો' વગેરે સાથે તે અનુજ્ઞાવાચક સંભાવના દર્શાવે છે :

'તે ભલે **ગાતો.**' (સરખાવો : 'તે ભલે ગાય.')

ઘ. સહાયકારક ક્રિયાપદ સાથે એ તે-તે કાળ-અર્થની ચાલુ ક્રિયા દર્શાવે છે.

તે વિશે આપણે હવે પછી વાત કરીશું.

(૨) આ કૃદંત ચાલુ ક્રિયાવાચક વિશેષણ કે ક્રિયાવિશેષણ તરીકે વપરાય છે :

'હસતું મોઢું રાખજો.' (વિશેષણ)

'એ **ગાતો-ગાતો** ન્હાય છે.' (ક્રિયાવિશેષણ)

(૩) 'તાં' પ્રત્યયવાળું રૂપ ચાલુ ક્રિયાવાચક ક્રિયાવિશેષણ તરીકે અવિકારી રૂપે પણ પ્રયોજાય છે :

'તે **ચાલતાંચાલતાં** ખાતો હતો.'

'હું **બોલતાં** અટકી.' (=બોલવાની ચાલુ ક્રિયામાંથી)

'ભણતાં પંડિત નીપજે.' (=ભણવાની ચાલુ ક્રિયાથી)

(૪) 'તાં' પ્રત્યયવાળું અવિકારી રૂપ સામાન્ય ક્રિયાવાચક સંજ્ઞા તરીકે પણ ક્યારેક આવે છે :

'તમને **પીરસતાં** આવડતું નથી' (=પીરસવાની ક્રિયા)

'માનચતુરનું ઔષધ બપોર **થતાં** સુધી કોઈએ આપ્યું નહીં.' (=થવાની ક્રિયા)

: ૩ : '-ય-' પ્રત્યયવાળું વિકારી રૂપ ('કર્યું' વગેરે) અને '-ય+એલ-' પ્રત્યયવાળું વિકારી-અવિકારીના વિકલ્પવાળું રૂપ ('કરેલ'/'કરેલું' વગેરે) – બન્ને 'ભૂતકૃદંત' તરીકે ઓળખાય છે. મુખ્યતયા એ ક્રિયાની કોઈ પણ કાળની પૂર્ણ અવસ્થા દર્શાવે છે. એના વિવિધ પ્રયોગો નીચે મુજબ છે :

(૧) એ ક્રિયાપદ તરીકે વપરાય છે અને

ક. '-ય-'વાળું કૃદંત સમીપવર્તી ભૂતકાળ અને તેની તુલનાએ '-ય+એલ-' વાળું રૂપ દૂરવર્તી ભૂતકાળ દર્શાવે છે :

'રમેશે મને બધી વાત **કહી.**' (=હમણાં કહી)

'રમેશે મને બધી વાત **કહેલી.**' (=પહેલાં કહેલી)

'કહેલી'ને સ્થાને 'કહી હતી' મૂકી શકાય છે તે પણ આ જ દર્શાવે છે.

ખ. '-ય-'વાળું કૃદંત અમુક પ્રયોગોમાં સંભાવના (અને ભવિષ્યકાળ) દર્શાવે છે :

'જો તું એની સાથે **બોલ્યો** તો તારી ખેર નથી.' (=બોલીશ)

ગ. '-ય-'વાળું કૃદંત અમુક પ્રયોગોમાં તરત જ નિશ્ચિતપણે થવાની ક્રિયા – એટલી નિશ્ચિત કે થઈ ચૂકી છે એમ માનવાની ક્રિયા – દર્શાવે છે. આને 'આસન્ન ભવિષ્ય' કહેવામાં આવે છે :

'ભાઈ, જમવા ચાલ.' 'એ **આવ્યો.**'

'હું હમણાં **આવ્યો** સમજો.'

ઘ. આ બન્ને કૃદંતો સહાયકારક સાથે વપરાય છે અને મિશ્ર કાળ-અર્થ દર્શાવે છે તે આપણે આગળ જોઈશું.

(૨) બન્ને કૃદંત પૂર્ણ ક્રિયાવાચક વિશેષણ તરીકે આવે છે. '-ય-'વાળું કૃદંત કેટલાક રૂઢ પ્રયોગોમાં જ દેખાય છે, જ્યારે '-ય+એલ-'વાળું કૃદંત વ્યાપકપણે પ્રયોજાય છે. અહીં બન્ને વચ્ચે કાળની જુદી છાયા નથી :

'એનો **પડ્યો** બોલ ઝિલાય છે.'

'ઝાડ પરથી **પડેલું** ફળ કોણે લીધું ?' ('પડ્યું ફળ' નહીં થાય.)

'તે **લીધી** વાત મૂકતો નથી.'

'એણે **લીધેલી** ટિકિટ નકામી ગઈ.' ('લીધી ટિકિટ' નહીં થાય.)

'**લખ્યા** લેખ મિથ્યા થાય નહીં.'

'એણે **લખેલો** કાગળ મને મળ્યો નથી.' ('લખ્યો કાગળ' નહીં થાય.)

(૩) '-ય-'વાળું કૃદંત દ્વિરુક્ત રૂપે, વિકારી તેમજ અવિકારી રીતે, ક્રિયાવિશેષણ તરીકે પણ આવે છે :

'રમેશ પથારીમાં **પડ્યોપડ્યો** વાંચે છે.' (વિકારી)

'રાધાએ **પડ્યાંપડ્યાં** વાંચ્યા કર્યું.' (અવિકારી)

(૪) બન્ને કૃદંતનું નપુંસકલિંગ એકવચનનું રૂપ પૂર્ણક્રિયાવાચક સંજ્ઞા તરીકે પ્રયોજાય છે. અહીં પણ બન્ને વચ્ચે કશો કાળભેદ જણાતો નથી :

'તે મારું **કહ્યું** માનતો નથી.'

'હવે શોક **કર્યે** શું વળે ?'

'એના **આવ્યાથી** અમને બધાંને આનંદ થયો.'

'તમારું **કહેલું** સાચું પડ્યું.'

'**ગયેલાનો** શોક ન કરવો.'

'એના **કરેલામાં** કોઈ ભલી વાર નહીં.'

: ૪ : '-નાર-' પ્રત્યયવાળું વિકારી-અવિકારીના વિકલ્પવાળું રૂપ ('કરનાર'/'કરનારું' વગેરે) 'ભવિષ્યકૃદંત' તરીકે ઓળખાય છે. મુખ્યતયા એ કોઈ પણ કાળની અપેક્ષિત ક્રિયા દર્શાવે છે. એના વિભિન્ન પ્રયોગો નીચે પ્રમાણે છે :

(૧) ક્રિયાપદ તરીકે એ સહાયકારક સાથે જ આવી શકે છે અને કોઈ પણ કાળની અપેક્ષિત ક્રિયાનો નિર્દેશ કરે છે :

'એ આજે મુંબઈથી **આવનાર** હતો.'

'કેરીનું પારસલ ક્યારે **આવનાર** છે ?'

(૨) એના વિશેષણ તરીકે બે પ્રયોગ છે :

ક. અપેક્ષિત ક્રિયાવાચક વિશેષણ તરીકે પ્રયોજાય છે :

'**આવનારાં** બધાં આવી ગયાં ?'

'મુખ્ય **બોલનાર** વક્તા હજુ આવ્યા નથી.'

ખ. કર્તૃવાચક વિશેષણ તરીકે પ્રયોજાય છે :

'રોજ અહીં **બેસનારાં** લોકો આજે દેખાતાં નથી.'

'આ કૉલેજમાં **ભણનાર** વિદ્યાર્થીને કેટલીક વિશિષ્ટ સગવડ મળે છે.'

(૩) કર્તૃવાચક સંજ્ઞા તરીકે પણ પ્રયોજાય છે. (અધ્યાહૃત વિશેષ્યનું વિશેષણ છે એમ પણ ગણી શકાય) :

'હૉસ્ટેલમાં **રહેનારને** પ્રથમ પ્રવેશ મળશે.'

'લખવાનું તો ઘણું છે પણ સારા **લખનારા** નથી.'

: ૫ : '-વ-' પ્રત્યયવાળું વિકારી કૃદંત ('કરવું' વગેરે) 'વિધ્યર્થકૃદંત' કે 'સામાન્ય કૃદંત' તરીકે ઓળખાય છે. મુખ્યતયા એ ક્રિયાની વિધિ – કર્તવ્યતા કે કેવળ ક્રિયા થવાનો ભાવ દર્શાવે છે. એના વિભિન્ન પ્રયોગો નીચે પ્રમાણે છે :

(૧) એ ક્રિયાપદ તરીકે આવે છે અને

ક. ફરજ કે હળવી આજ્ઞાનો અર્થ દર્શાવે છે :

'દેશની સેવામાં હિંદુ-મુસ્લિમ બન્નેએ એકત્ર **થવું.**'

'તમારે બરાબર નવ વાગ્યે આવી **જવું.**'

'આ કામ મારે **કરવું ?**'

ખ. સહાયકારક સાથે એ ઇચ્છાનો અર્થ દર્શાવે છે :

'એને પરીક્ષામાં પાસ **થવું છે.**'

'એ તો એને **કરવું હશે** તે કરશે.'

(૨) એ સંજ્ઞા તરીકે આવે છે અને માત્ર ક્રિયા થવાનો – ક્રિયાના કશા વિશિષ્ટ કાળઅર્થ વિનાના સામાન્ય સ્વરૂપનો – નિર્દેશ કરે છે. (આથી તો એ સામાન્યકૃદંત

તરીકે ઓળખાય છે) :

'દવા **ખાવી** કોને ગમે ?'

'આ પ્રશ્ન **પૂછવાનું** કારણ હું સમજી ગયો.'

'સવાર **પડવાને** હજુ વાર છે.'

'મેં તેને ચાલ્યા **જવા** કહ્યું.'

'કરવા/કરવાને' પરંપરાગત રીતે 'હેત્વર્થકૃદંત' તરીકે ઓળખાવાયું છે. પરંતુ એ 'કરવું' એ સંજ્ઞાના 'ને' અનુગવાળા કે 'ને'ની અપેક્ષાવાળા રૂપ સિવાય બીજું કશું નથી. 'ને' અનુગ તાદર્થ્ય સૂચવે છે એટલે જેને હેત્વર્થકૃદંતનો પ્રયોગ ગણવામાં આવે છે તેમાં – 'હું **બોલવાને** ઊભો થયો,' 'તું શું **કરવા** કૉલેજમાં આવે છે ?' જેવાં વાક્યોમાં – સંજ્ઞારૂપ જ તાદર્થ્યે આવેલું છે. એટલે આ સામાન્ય કૃદંતના સંજ્ઞા તરીકેના પ્રયોગથી કોઈ ભિન્ન પ્રયોગ નથી.

'કરવાનું' વગેરે પણ 'કરવું' એ 'સંજ્ઞાને '-ન-' અનુગ લાગી થયેલાં રૂપ છે. 'આ પ્રશ્ન **પૂછવાનું** કારણ હું સમજી ગયો' જેવા વાક્યમાં એ સ્પષ્ટ છે. પરંતુ 'કરવાનું' વગેરેના કેટલાક સ્વતંત્ર પ્રયોગો પણ છે. 'કરવું' પેઠે એ પણ મુખ્યતયા સામાન્ય ક્રિયાનો કે વિધિરૂપ ક્રિયાનો અર્થ દર્શાવે છે :

(૧) ક્રિયાપદ તરીકે એનો પ્રયોગ થાય છે અને

ક. બહુધા સહાયકારક સાથે, અને અમુક ઉક્તિઓમાં સહાયકારક વિના, કર્તાલક્ષી પ્રયોગમાં ઇરાદાનો અને ક્વચિત્ અપેક્ષાને મળતો અર્થ દર્શાવે છે (સહાયકારક વિનાના પ્રયોગમાં નિશ્ચિત ઇરાદો જણાશે) :

'એ દાખલો હું કાલે ગણી **લાવવાનો**.'

'હું એને કંઈ **કહેવાનો** નથી.'

'મુખ્ય પ્રધાન અહીં **આવવાના** નથી.' (સરખાવો : 'મુખ્ય પ્રધાન અહીં આવનાર નથી.')

ખ. સહાયકારકવાળા કર્મલક્ષી પ્રયોગમાં ફરજનો અર્થ દર્શાવે છે :

'તમારે આ કામ **કરવાનું છે**.'

'બધા વિદ્યાર્થીઓએ આ દાખલો ગણી **લાવવાનો છે**.'

(૨) સંજ્ઞા તરીકે એનો પ્રયોગ થાય છે અને

ક. એ સંજ્ઞા તાદર્થ્યવાચક હોય છે :

'મારે **ઓઢવાનું** જોઈશે.' (=ઓઢવા માટેની વસ્તુ)

'**જમવાનું** શું કર્યું છે ?' (=જમવા માટેની વસ્તુ)

'આજે જમવાનામાં શું-શું છે ?' (=જમવાની વસ્તુઓમાં)

ખ. એ સંજ્ઞા સામાન્ય ક્રિયાવાચક હોય છે :

'દવા **ખાવાની** કોને ગમે ?' (=ખાવાની ક્રિયા)

'મેં એને થોડી વાર ઊભા **રહેવાનું** કહ્યું હતું.' (=રહેવાની ક્રિયા)

: ૬ : 'ઈ/ઈને' પ્રત્યયવાળું કૃદંતરૂપ ('કરી'/'કરીને') 'સંબંધક ભૂતકૃદંત' તરીકે ઓળખાય છે. એ કોઈ પણ કાળની મુખ્ય ક્રિયાની પૂર્વવર્તી ક્રિયા દર્શાવે છે અને ક્રિયાવિશેષણ તરીકે કાર્ય કરે છે :

'તમે મારે ત્યાં **જમીને** આવજો.'

'વહેલો **ઊઠી, ન્હાઈધોઈ,** ચાપાણી **પીને** હું નીકળ્યો છું.'

બીજું ઉદાહરણ બતાવે છે કે એક કરતાં વધુ પૂર્વવર્તી ક્રિયાઓ હોય ત્યાં છેલ્લા સિવાયની બધી માટે 'ને' વગરનું અવિસ્તારિત રૂપ આવે છે.

આ કૃદંતરૂપ ક્રિયાપદ તરીકે વપરાતું નથી.

: ૭ : કૃદંતોના પ્રકારો અને એના વિવિધ ઉપયોગોનો સંબંધ આપણે આ રીતે હવે કોઠામાં મૂકી શકીએ :

	ક્રિયાપદ	સંજ્ઞા	વિશેષણ	ક્રિયાવિશેષણ
વર્તમાનકૃદંત	√	√	√	√
ભૂતકૃદંત	√	√	√	√
ભવિષ્યકૃદંત	√	√	√	
વિધ્યર્થ / સામાન્યકૃદંત	√	√		
સંબંધક ભૂતકૃદંત				√-

[૫] અન્ય રૂપોના અર્થો

: ૧ : કૃદંતો સિવાયનાં આખ્યાતિક રૂપો કેવળ ક્રિયાપદ તરીકે પ્રયોજાય છે, પરંતુ તે ઘણી વાર એકથી વધારે અર્થછાયાઓ વ્યક્ત કરે છે.

'ઉં' વગેરે પુરુષવાચક પ્રત્યયોવાળાં રૂપો ('કરું' વગેરે) વિવિધ પ્રયોગમાં નીચેના અર્થો દર્શાવે છે :

(૧) આ રૂપોનો મુખ્ય અને મૂળભૂત અર્થ સંભાવનાનો છે. તેથી આપણે આ રૂપોને સંભાવનાનાં રૂપો તરીકે ઓળખાવી શકીએ. સંભાવનામાં સંકેત, શરત વગેરેનો પણ સમાવેશ થાય છે :

'જો હું આ કામ **કરું** તો તમે મને શું આપશો ?'

'તમે **ખાઓ** તો હું ખાઉં.'

'તે ફરવા **જાય** એમાં મને શો વાંધો **હોય** ?'

(૨) કેટલાક પ્રયોગોમાં સંભાવનાની સાથેસાથે તે ગૌણપણે અનુમોદન, ઇચ્છા અને આજ્ઞા કે ભલામણનો અર્થ દર્શાવે છે :

'ભલે હું હારી **જાઉં**, પણ રમવાનો તો ખરો જ.' (અનુમોદન)

'તારું ભલું **થાય**.' (ઇચ્છા)

'ભગવાન તારું ભલું **કરે**.' (ઇચ્છા, આશીર્વાદ)

'હંમેશાં ગરીબો પ્રત્યે હમદર્દી **રાખીએ**.' (આજ્ઞા, ભલામણ)

'ભાઈ, ત્યાં ન **જઈએ**.' (આજ્ઞા, ભલામણ)

'લોકો આ વાતની ખાસ નોંધ **લે**.' (આજ્ઞા)

(૩) ક્વચિત્ તે પ્રસ્તાવ કે તૈયારીનો અર્થ પણ દર્શાવે છે :

'ચાલો, હું તમારી સાથે **આવું**.'

'આપણે આટલું કામ પતાવી **લઈએ**, પછી **જઈએ**.'

(૪) અમુક ઉક્તિછટામાં તે વર્તમાનકાળનો અર્થ પણ દર્શાવે છે :

'જો, એરોપ્લેન ઊડે.'

(૫) કેટલાક પ્રયોગોમાં તે આદતનો – નિયમિત ક્રિયાનો અર્થ દર્શાવે છે :

'તે રોજ **આવે**, કલાક **બેસે** અને અલકમલકની વાતો **કરે**.'

'તે અમારે ઘરે કદી ન **આવે**.'

'મને પુસ્તકો બહુ **ગમે**.'

(૬) કેટલાક પ્રયોગોમાં તે સ્વભાવનો અર્થ દર્શાવે છે :

'તેલ હંમેશાં પાણી ઉપર **તરે**.'

'કુંદન અને કવિતાને કાટ **ચડે** નહીં.'

(૭) પ્રશ્નાર્થક વાક્યમાં તે અનુજ્ઞા માગવાનો અર્થ દર્શાવે છે :

'હું તમારી સાથે **આવું** ?'

'રોહિત આજે નિશાળે **જાય** ?'

(૮) પૂર્વે 'નહીં' આવે તો તે ભવિષ્યકાળ દર્શાવે છે :

'તે કામ નહીં **કરે**' ('તે કામ કરશે'નો નકાર)

'હું તમારી સાથે નહીં **આવું**' ('હું તમારી સાથે આવીશ'નો નકાર)

(૯) સહાયકારક 'છ' સાથે આ રૂપો વર્તમાનકાળ દર્શાવવા વ્યાપક રૂપે પ્રયોજાય છે :

'અત્યારે દેશમાં સત્તાનું રાજકારણ **ચાલે છે**.'

'હું કૉલેજ **જાઉં છું**, તમે **આવો છો** ?'

આ કારણે આ રૂપોને ઘણી વાર વર્તમાનકાળનાં રૂપો તરીકે ઓળખાવવામાં આવે છે. પણ વર્તમાનકાળનો અર્થ તો, 'છ'નાં રૂપોને કારણે આવે છે; એનાં વિના આ રૂપો વર્તમાનકાળ ભાગ્યે જ વ્યક્ત કરે છે અને મુખ્યતયા સંભાવના જ દર્શાવે છે. તેથી આ રૂપોને સંભાવનાનાં રૂપો તરીકે જ ઓળખાવવાં જોઈએ.

: ૨ : શૂન્યપ્રત્યય આદિ પુરુષવાચક પ્રત્યયોવાળાં રૂપ ('કર' વગેરે) નીચેના અર્થો દર્શાવે છે :

(૧) આ રૂપોનો મુખ્ય અને મૂળભૂત અર્થ આજ્ઞાનો છે. તેથી એ આજ્ઞાર્થનાં રૂપો તરીકે ઓળખાય છે :

'તમે અત્યારે બહાર **જાઓ**.'

'મોહન, બારણું બંધ **કર**.'

(૨) ત્રીજા પુરુષમાં તે આશીર્વાદ કે ઇચ્છાનો અર્થ દર્શાવે છે :

'ભગવાન તમારું ભલું **કરો**.'

'સર્વ લોકો સુખી **થાઓ**.'

(૩) ક્વચિત્ ભવિષ્ય આજ્ઞાર્થમાં પણ એનો પ્રયોગ થાય છે :

'તું કાલે મારે ત્યાં સવારમાં **આવ**. પછી આપણે જઈશું.'

: ૩ : 'જ'+પુરુષવાચક પ્રત્યયોવાળાં રૂપ ('કરજે' વગેરે) નીચેના અર્થો દર્શાવે છે :

(૧) એનો મુખ્ય અને મૂળભૂત અર્થ ક્રિયા હાલ તુરત નહીં પણ ભવિષ્યમાં કરવાનો આદેશ (કે વિનંતી) સૂચવવાનો છે. તેથી તે ભવિષ્ય આજ્ઞાર્થનાં રૂપ તરીકે ઓળખાય છે :

'આટલું કામ હવે કાલે **કરજે**.'

'તમે બધાં સવારમાં આવી **જજો**.'

(૩) ત્રીજા પુરુષમાં ભલામણ કે આશીર્વાદની અર્થછાયા હોય છે :

'ભગવાન તમારું ભલું **કરજો**.'

'તમારો સર્વ પ્રકારે ઉત્કર્ષ **થજો**.'

:૪ : 'ઈશ/શ'+પુરુષવાચક પ્રત્યયોવાળાં રૂપ ('કરીશ' વગેરે) નીચેના અર્થો દર્શાવે છે :

(૧) એનો મૂળભૂત અર્થ ભવિષ્યની ક્રિયા દર્શાવવાનો છે. આથી એ ભવિષ્ય કાળનાં રૂપો તરીકે ઓળખાય છે :

'કાલે હું તમારે ત્યાં **આવીશ**.'

'પરિણામ પહેલી તારીખે બહાર **પડશે**.'

'એ આ કામ ક્યારે **કરશે ?**'

(૨) આ રૂપોમાં સંભાવનાનો અર્થ પ્રબળપણે રહેલો દેખાય છે અને કેટલીક વાર તો તે ભવિષ્યકાળના નિર્દેશ વિનાની કેવળ સંભાવના પણ વ્યક્ત કરે છે :

'તે આ કામ **કરશે ?**'

'તમે **આવશો** તો હું તમને એક પુસ્તક **આપીશ.**'

'દોડ નહીં, વાગી **જશે.**'

'મારી પાસે પાંચેક રૂપિયા **હશે.**'

આપણે આગળ નોંધેલાં સંભાવનાનાં રૂપો ('કરું' વગેરે) અનિશ્ચિત સંભાવના દર્શાવે છે, જ્યારે આ ભવિષ્યકાળનાં રૂપો નિશ્ચિત સંભાવના દર્શાવે છે.

(૩) બીજો પુરુષ બહુવચનનું રૂપ વિનયી આજ્ઞાર્થ પણ દર્શાવી શકે છે :

'આ પત્રનો ઉત્તર તુરત **લખશો.**' (સરખાવો : 'લખજો')

'તમે હમણાં ત્યાં રોકાઈ **જશો.**' (સરખાવો : 'જાઓ' 'જજો')

(૪) કેટલીક વાર આ રૂપો સ્વભાવાર્થક ક્રિયા દર્શાવે છે :

'તેલ હંમેશાં પાણી પર **તરશે.**'

'સિંહ કદી ઘાસ **ખાશે** નહીં.'

(૫) અમુક ઉક્તિછટામાં તે આદતરૂપ ક્રિયાનો અર્થ પણ દર્શાવે છે :

'કાકા રોજ સવારે પાંચ વાગ્યે **ઊઠશે** અને દાતણપાણી કરી ફરવા નીકળી **પડશે.**'

: ૫ : 'ત' પ્રત્યયવાળું અવિકારી રૂપ ('કરત') જે નથી થયું તેની સંભાવના – ક્રિયાતિપત્તિ – દર્શાવે છે. એને 'ક્રિયાતિપત્ત્યર્થ'ના રૂપ તરીકે ઓળખાવવામાં આવે છે :

'તે આ કામ ચોક્કસ **કરત.**'

'તમે કહ્યું **હોત** તો તે **આવત.**'

'તમે મિષ્ટાન્ન નથી કર્યું તે સારું કર્યું. એ ખાધા વિના **રહેત** નહીં અને એની તબિયત **બગડત.**'

સંદર્ભ

કર્મણિ અંગ : દવે, એકમ ૫૨; શાસ્ત્રી(૩), પૃ.૧૬૩–૧૬૫; કાર્ડોના, એકમ ૫.૧૫; દેસાઈ(૨), પૃ.૨૪૪–૨૪૫.

પ્રેરક અંગ : ભાયાણી(૨), પૃ.૧૨–૨૩; દવે, એકમ ૫૩; કાર્ડોના, એકમ ૫.૧૩–૫.૧૪; દેસાઈ(૨), પૃ.૨૩૬–૨૪૪.

સાદાં આખ્યાતિક રૂપો : ભાયાણી(૨), પૃ.૩–૧૧; કાર્ડોના, એકમ ૫–૫.૨.૧; વ્યાસ યોગેન્દ્ર(૪), પૃ.૨૧૭–૨૨૨; દેસાઈ(૨),

પૃ.૨૫૯–૨૬૬.

કૃદંતો : ભાયાણી(૨), પૃ.૩૫–૪૨; દવે, એકમ ૫૧; કાર્ડોના, એકમ ૫.૨૬; વ્યાસ યોગેન્દ્ર (૪), પૃ.૧૨૪–૧૨૫; દેસાઈ(૨), પૃ.૩૦૦–૩૦૭.

વર્તમાનકૃદંત : ભાયાણી(૨), પૃ.૧૯૫–૨૦૩.

સંબંધક ભૂતકૃદંત : ભાયાણી(૨), પૃ.૨૦૪–૨૦૬.

ભવિષ્યકાળનાં રૂપોના અર્થો : ભાયાણી(૨), પૃ.૧૪૦–૧૪૮.

સ્વાધ્યાય

૧. નીચેનાં વિધાનોમાં કંઈ ખોટું હોય તો જણાવો અને સુધારો :

(૧) કર્મણિ તેમજ પ્રેરકના પ્રત્યય પૂર્વે સ્વરાંત અંગોમાં 'વ'નો આગમ થાય છે.

(૨) કૃદંતો એટલે એવાં આખ્યાતિક રૂપો જે કેટલીક વાર ક્રિયાપદ તરીકે આવે છે તો કેટલીક વાર સંજ્ઞા, વિશેષણ કે ક્રિયાવિશેષણ તરીકે આવે છે.

૨. ખાલી જગ્યામાં યોગ્ય માહિતી પૂરો :

(૧) કેવળ વર્ણવિકારથી સિદ્ધ થતા પ્રેરક અંગનું એક ઉદાહરણ : _____ .

(૨) પુરુષ-લિંગ-વચનના પ્રત્યય ન લાગતા હોય તેવાં 'કર'નાં બે આખ્યાતિક રૂપો : ૧. _____ ૨. _____ .

(૩) બે આખ્યાતિક રૂપો વિકલ્પે લિંગચિહ્ન લે છે : _____ પ્રત્યયવાળું અને _____ પ્રત્યયવાળું.

(૪) 'મારે આજે પાઠ તૈયાર કરવાનો છે'માં 'કરવાનો' રૂપ _____ છે અને _____ નો અર્થ દર્શાવે છે; ત્યારે 'હું આજે પાઠ તૈયાર કરવાનો છું'માં 'કરવાનો' રૂપ _____ છે અને _____ નો અર્થ દર્શાવે છે. (કર્તાલક્ષી, કર્મલક્ષી; ફરજ, ઇરાદો.)

(૫) સામાન્ય કૃદંત ક્રિયાપદ તરીકે સહાયકારક વિના _____ નો અર્થ દર્શાવે છે, જેમકે '.....'; ત્યારે સહાયકારક સાથે એ _____ નો અર્થ દર્શાવે છે, જેમકે '.....'

૩. આખ્યાતિક રૂપોને આપેલા નમૂના પ્રમાણે ઓળખાવો :

ઓળખાવો, દેવાયું, કહેશો, બદલાતાં, શીખવે, જવાનો, ઉકેલાત

[નમૂના :

ઓળખાવો : મૂળ અંગ 'ઓળખ', પ્રેરકનો પ્રત્યય 'આવ', બીજો પુરુષ બહુવચનનો પ્રત્યય 'ઓ'.

દેવાયું : મૂળ અંગ 'દે', 'વ'નો આગમ, કર્મણિનો પ્રત્યય 'આ'. કાળઅર્થવાચક પ્રત્યય 'ય', નપુંસકલિંગ એકવચનનું ચિહ્ન 'ઉં'.]

૪. નીચેનાં વાક્યોમાંથી કૃદંતરૂપો તારવી આપો અને એ કઈ રીતે તથા કયા અર્થમાં વપરાયાં છે તે જણાવો :

(૧) ઊગતા સૂર્યને સૌ પૂજે.
(૨) નદીના મૂળ સુધી જવામાં સાહસ છે.
(૩) હું કૉલેજે રોજ ચાલીને જાઉં છું.
(૪) પડ્યો પોદળો ધૂળ લઈને ઊખડે.
(૫) સિકંદરે ભારત પર ચડાઈ કરેલી.
(૬) દરેક માણસ પૈસા મેળવવાને ઇચ્છે છે.
(૭) સભામાં કોણકોણ બોલનારાં છે ?

૫. નીચેનાં વાક્યોમાં ભવિષ્યકાળનાં રૂપો કયા અર્થમાં પ્રયોજાયાં છે તે જણાવો :
(૧) ટપાલ બાર વાગ્યે આવશે.
(૨) તે અત્યારે ઘરે હશે.
(૩) તમે ખોટું નહીં લગાડશો.
(૪) ફૂજડાં દર શિયાળો બેસતાં આવશે અને પૂરો થતાં પાછાં ચાલ્યાં જશે.

૬. નીચેનાં દૃષ્ટાંતોમાં સંભાવનાનું રૂપ પ્રસ્તાવ, તૈયારી, આજ્ઞા, અનુજ્ઞા – એમાંથી કયો અર્થ દર્શાવે છે તે કહો :
(૧) ભાઈ, ત્યાં ન જઈએ.
(૨) હું તમારી સાથે આવું ?

૧૪

[૧] સહાયકારક 'હો/છ'

: ૧ : 'હો/છ' ધાતુનાં વિવિધ રૂપો મુખ્ય આખ્યાતનાં રૂપ સાથે સહાયકારક તરીકે આવી મિશ્ર અર્થ અને કાળની વ્યવસ્થા નિપજાવે છે. 'હો'નાં રૂપો બીજાં આખ્યાતોનાં રૂપોથી કોઈકોઈ ઠેકાણે થોડાં જુદાં પડે છે અને કેટલાંક રૂપોના પ્રયોગો અને અર્થો પણ વિશિષ્ટ છે. નીચે 'હો'નાં વિવિધ રૂપો આપ્યાં છે અને એમના અર્થભેદની પણ નોંધ કરી છે :

(૧) 'ઉં' વગેરે પુરુષવાચક પ્રત્યયોવાળાં રૂપો :

	એકવચન	બહુવચન
પહેલો પુરુષ	હોઉં	હોઈએ
બીજો પુરુષ	હોય	હો
ત્રીજો પુરુષ	હોય	હોય

આ પ્રત્યયો પૂર્વે 'છ' અંગ પણ આવે છે :

પહેલો પુરુષ	છું	છીએ
બીજો પુરુષ	છે	છો
ત્રીજો પુરુષ	છે	છે

'હો' અંગવાળાં રૂપો અન્ય આખ્યાતોની જેમ સંભાવનાનો અર્થ ધરાવે છે, પરંતુ 'છ' અંગવાળાં રૂપો વર્તમાનકાળ નિર્દેશાર્થ દર્શાવે છે. 'છ' અંગવાળાં રૂપોનું નિષેધમાં 'નથી' થાય છે.

(૨) શૂન્યપ્રત્યય આદિ પુરુષવાચક પ્રત્યયવાળાં રૂપો :

પહેલો પુરુષ	–	–
બીજો પુરુષ	હો	હો
ત્રીજો પુરુષ	હો	હો

આ રૂપો અન્ય આખ્યાતોની જેમ આજ્ઞાર્થ વ્યક્ત કરે છે.

(૩) 'જ'+'એ' વગેરે પુરુષવાચક પ્રત્યયોવાળાં રૂપો :

પહેલો પુરુષ	–	–
બીજો પુરુષ	હોજે/હજે	હોજો/હજો
ત્રીજો પુરુષ	હોજો/હજો	હોજો/હજો

આ રૂપો પણ અન્ય આખ્યાતિક રૂપોની જેમ ભવિષ્ય આજ્ઞાર્થ દર્શાવે છે.

(૪) 'ઈશ/શ' + શૂન્યપ્રત્યય આદિ પુરુષવાચક પ્રત્યયોવાળાં રૂપો :

પહેલો પુરુષ	હોઈશ/હઈશ	હોઈશું/હશું
બીજો પુરુષ	હોઈશ/હશે	હશો
ત્રીજો પુરુષ	હશે	હશે

આ રૂપો ઘણાબધા પ્રયોગોમાં ભવિષ્ય કરતાં વિશેષપણે સંભાવનાનો અર્થ દર્શાવે છે તે નીચેનાં વાક્યો પરથી જણાઈ આવશે :

'તે અત્યારે ઘરે **હશે.**'

'આ કામનો કરનાર કોણ **હશે ?**'

'હું એને ત્યાં **હોઈશ.** તમે આવજો.'

'તું ડાહ્યો **હોઈશ** તો મારું કહ્યું માનીશ.'

(૫) 'ત' પ્રત્યયવાળું અવિકારી રૂપ : હોત.

આ રૂપ આવાં બીજાં રૂપોની જેમ ક્રિયાતિપત્ત્યર્થ દર્શાવે છે.

(૬) '-ત-' પ્રત્યયવાળાં વિકારી રૂપો : હતો/હોતો, હતી/હોતી, હતું/હોતું, હતા/હોતા, હતાં/હોતાં.

આ રૂપોમાંથી માત્ર 'હોતાં' અવિકારી કૃદંત તરીકે વપરાય છે અને કારણવાચક સંબંધક કૃદંત તરીકે ('હોવાથી'ના અર્થમાં) કાર્ય કરે છે : 'મારો મિત્ર ઘરે ન **હોતાં** હું રોકાયો નહીં.'

બાકીનાં રૂપો માત્ર ક્રિયાપદ તરીકે જ પ્રયોજાય છે અને સાદો ભૂતકાળ – ભૂતકાળનું અસ્તિત્વ દર્શાવે છે : 'તે ગઈ કાલે અમદાવાદમાં **હતો.**'

'હોતો' વગેરે રૂપો 'ન' પછી 'હતો' આદિના વિકલ્પે (અને 'નથી' સાથે ફરજિયાતપણે) વપરાય છે.

'મારો મિત્ર ઘરે **નહોતો/ન હતો.**'

'સવારે એ ઘરે **હોતો નથી.**'

'છ' અંગનું 'તાં' પ્રત્યયવાળું અવિકારી રૂપ થાય છે : છતાં. પણ એ બહુધા આખ્યાતિક રૂપ તરીકે નહીં, પણ નામયોગી અને સંયોજક તરીકે કાર્ય કરે છે.

(૭) '-ય-' અને '-ય-+એલ-'વાળાં રૂપો આ ધાતુમાં નથી.[૧]

(૮) '-વ-' પ્રત્યયવાળાં વિકારી રૂપો : હોવો, હોવી, હોવું, હોવા, હોવાં.

આ રૂપો ક્રિયાપદ તરીકે વપરાતાં નથી. સામાન્ય ક્રિયારૂપ દર્શાવવા એ સંજ્ઞા

---

૧. એને બદલે 'થા' ધાતુનાં રૂપો વપરાય છે – 'થયો' વગેરે. 'હો' ધાતુ અસ્તિત્વનો – 'to exist'નો અર્થ દર્શાવે છે, 'થા' 'to be, to become'નો. 'હો' ધાતુના રૂપાખ્યાન પરનાં કેટલાંક નિયંત્રણો અને તેના અર્થભેદોમાં આ સ્થિતિ કારણભૂત હોવા સંભવ છે.

તરીકે જ આવે છે :

'મોટા **હોવું** લાભકારક નથી.'

(૯) '-વ-+-ન-' પ્રત્યયવાળાં વિકારી રૂપો : હોવાનો, હોવાની, હોવાનું, હોવાના, હોવાનાં.

આ રૂપો બહુધા ક્રિયાપદ તરીકે વપરાય છે અને નિશ્ચિત ભવિષ્યને સ્થાને પ્રતીતિયુક્ત સંભાવના દર્શાવે છે : 'એ અત્યારે ઘરે હોવાનો.' 'હોવાનું' ક્વચિત્ સામાન્ય ક્રિયાવાચક સંજ્ઞા તરીકે વપરાય છે : 'મારાથી ઘરે **હોવાનું** હમણાં બનતું નથી.'

(૧૦) '-નાર-' પ્રત્યયવાળાં વિકારી-અવિકારી રૂપો : હોનાર/હોનારો, હોનારી, હોનારું, હોનારા, હોનારાં.

અન્ય આખ્યાતોનાં રૂપોની જેમ આ રૂપો ભવિષ્યકૃદંત તરીકે વિવિધ રીતે પ્રયોજાય છે.

(૧૧) 'ઈ/ઈને'વાળું અવિકારી રૂપ : હોઈ/હોઈને.

સંબંધક ભૂતકૃદંતનું આ રૂપ પૂર્વવર્તી ક્રિયા નહીં પણ કારણ ('હોવાથી'નો અર્થ) દર્શાવે છે[૨] :

'તમે મારા વડીલ **હોઈ**, તમને મારે માન આપવું જોઈએ.'

'તે ઘરે ન **હોઈને**, હું પાછો આવ્યો.'

[૨] સંયુક્ત રૂપો અને એમના અર્થો

: ૧ : 'હો/છ'નાં રૂપોમાંથી સાદો આજ્ઞાર્થ ('હો' વગેરે), ભવિષ્ય આજ્ઞાર્થ ('હોજે' વગેરે), ભવિષ્યકૃદંત ('હોનાર') અને 'હોતાં' એ અવિકારી કૃદંતરૂપ – એટલાં સહાયક તરીકે આવતાં નથી. બાકીનાં સહાયક તરીકે મુખ્ય આખ્યાતિક રૂપની સાથે આવે છે.

સહાયકારક તરીકે આવતાં રૂપો પોતાની પૂર્વે મુખ્ય આખ્યાતનાં કૃદંતરૂપો લે છે. માત્ર 'છ'નાં રૂપો ('છું' વગેરે) પોતાની પૂર્વે વર્તમાનકૃદંતનાં રૂપ ('કરતો' વગેરે)ને બદલે સંભાવનાનાં પુરુષવાચક રૂપો ('કરું' વગેરે) લે છે. કોઈકોઈ રૂપ પોતાની પૂર્વે અમુક કૃદંતરૂપ લઈ શકતાં નથી.

દરેક સહાયકારક દીઠ થતાં સંયુક્ત રૂપોની યાદી નીચે આપી છે :

(૧) છું વગેરે : ૧. કરું છું, ૨. કર્યું છે, ૩. કરેલું નથી, ૪. કરવું નથી, ૫. કરવાનું નથી, ૬. કરનાર છું.

નથી : ૧. કરતો નથી, ૨. કર્યું નથી, ૩. કરેલું નથી, ૪. કરવું નથી, ૫. કરવાનું નથી, ૬. કરનાર નથી.

---

૨. પૂર્વવર્તી ક્રિયા દર્શાવવા 'થઈને' વપરાય છે : 'મારે ત્યાં **થઈને** જજો.'

(૨) હોઉં વગેરે : ૧. કરતો હોઉં, ૨. કર્યું હોય, ૩. કરેલું હોય, ૪. કરવું હોય, ૫. કરવાનું હોય, ૬. કરનાર હોય.

(૩) હોઈશ વગેરે : ૧. કરતો હોઈશ, ૨. કર્યું હશે, ૩. કરેલું હશે, ૪. કરવું હશે, ૫. કરવાનું હશે, ૬. કરનાર હશે.

(૪) હોત : ૧. કરતો હોત, ૨. કર્યું હોત, ૩. કરેલું હોત, ૪. કરવું હોત, ૫. કરવાનું હોત, ૬. કરનાર હતો.

(૫) હતું વગેરે : ૧. કરતો હતો, ૨. કર્યું હતું, ૩. કરેલું હતું, ૪. કરવું હતું, ૫. કરવાનું હતું, ૬. કરનાર હતો.

(૬) હોવું વગેરે : ૧. કરતા હોવું, ૨. કર્યું હોવું, ૩. કરેલું હોવું, ૪. કરનાર હોવું ('કરવું હોવું' કે 'કરવાનું હોવું' નહીં).

(૭) હોવાનું વગેરે : ૧. કરતો હોવાનો, ૨. કર્યું હોવાનું, ૩. કરેલું હોવાનું, ૪. કરવાનું હોવાનું, ૫. કરનાર હોવાનો ('કરવું હોવાનું' નહીં).

આ રૂપો સામાન્ય રીતે ક્રિયાપદ તરીકે જ પ્રયોજાય છે.

(૮) હોઈ/હોઈને : ૧. કરતો હોઈ, ૨. કર્યું હોઈ, ૩. કરેલું હોઈ, ૪. કરવું હોઈ, ૫. કરવાનું હોઈ, ૬. કરનાર હોઈ.

એ નોંધપાત્ર છે કે 'છ'નાં રૂપો સહાયકારક તરીકે 'હો'નાં પુરુષવાચક રૂપોની પછી – અને નિષેધમાં વર્તમાનકૃદંતનાં રૂપો પછી – પણ આવે છે : 'હોઉં છું' વગેરે, 'હોતો નથી' વગેરે. આ રૂપો પણ પાછાં સહાયકારક તરીકે આખ્યાતિક રૂપોની સાથે વપરાય છે : ૧. કરતો હોઉં છું, ૨. કર્યું હોય છે, ૩. કરેલું હોય છે, ૪. કરવું હોય છે, ૫. કરવાનું હોય છે, ૬. કરનાર હોઉં છું (અને 'કરતો હોતો નથી' વગેરે.)

: ૨ : સંયુક્ત રૂપો મુખ્ય આખ્યાતના જે-તે રૂપમાં દર્શાવાયેલ ક્રિયાની અવસ્થા કે અર્થ + એની સાથે વપરાયેલ 'હો'ના રૂપનો અર્થ એમ મિશ્ર અર્થ વ્યક્ત કરે છે.

દાખલા તરીકે, 'કદાચ તે અત્યારે વાંચતો હોય'માં 'વાંચતો' ચાલુ ક્રિયાવાચક કૃદંત છે અને 'હોય' સંભાવનાનું રૂપ છે. એટલે બન્ને મળીને ક્રિયાની ચાલુ કે વર્તમાન અવસ્થાનો સંભવ વ્યક્ત કરે છે.

'એને જવું હોત તો કોણ રોકનાર હતું ?'માં 'જવું' સામાન્ય કૃદંતનો ઇચ્છાવાચક પ્રયોગ છે અને 'હોત' ક્રિયાતિપત્તિ દર્શાવે છે. એટલે 'જવું હોત' ક્રિયાની નહીં થયેલી ઇચ્છાની સંભાવના દર્શાવે છે. 'રોકનાર હતું'માં પણ 'રોકનાર' અપેક્ષિત ક્રિયા અને 'હતું' ભૂતકાળનું અસ્તિત્વ દર્શાવતાં હોઈ એમાંથી ભૂતકાળમાં ક્રિયાની અપેક્ષિત અવસ્થા વ્યક્ત થાય છે.

'મારે આ કામ પૂરું કરવાનું હોઈ હું તમારી સાથે આવી નહીં શકું'માં 'કરવાનું'

ફરજવાચક છે અને 'હોઈ' કારણવાચક, એટલે બન્ને મળીને કારણ રૂપે ક્રિયાની ફરજ દર્શાવે છે.

આ જ રીતે, 'કૉલેજમાં જવા માટે એસ.એસ.સી.માં અંગ્રેજીમાં પાસ થયેલા હોવું આવશ્યક નથી'માં 'થયેલા હોવું' ક્રિયાની સમાપ્ત અવસ્થાને સામાન્ય ક્રિયાવાચક સંજ્ઞા તરીકે રજૂ કરે છે, તો 'આવતી કાલે હું અમદાવાદમાં ફરતો હોવાનો'માં 'ફરતો હોવાનો' ભાવિમાં ક્રિયાની ચાલુ અવસ્થાની નિશ્ચિત સંભાવના વ્યક્ત કરે છે.

: ૩ : આમાંથી કોઈકોઈ રૂપોના થોડાક વિલક્ષણ પ્રયોગો પણ મળશે. જેમકે, 'એ શું પૂછતો હતો/પૂછવાનો હતો, હું જ પૂછીશ'માં 'પૂછતો હતો' કે 'પૂછવાનો હતો' ભવિષ્યાર્થક છે. એને સ્થાને 'પૂછશે' મૂકવાથી આ હકીકતની ખાતરી થઈ જશે.

'હો'નાં ભવિષ્યનાં રૂપોમાં રહેલી સંભાવનાની પ્રબળતા સંયુક્ત રૂપોમાં અત્યંત સ્પષ્ટ થઈ જાય છે. દાખલા તરીકે, 'તમે બોલ્યા હશો, પણ મને યાદ નથી'માં 'બોલ્યા હશો' ભૂતકાળમાં ક્રિયા થઈ હોવાનો સંભવ વ્યક્ત કરે છે. 'તે શું કરતો હશે ?'માં વર્તમાન ક્રિયાની સંભાવના જ વ્યક્ત થાય છે. તો 'મારે બોલવાનું હશે'માં ફરજની સંભાવના વ્યક્ત થાય છે. જ્યાં ભવિષ્યનો સમયસંદર્ભ હોય ત્યાં, અલબત્ત, ક્રિયાની ભાવિ સ્થિતિ સૂચવાય છે. 'કાલે હું અમદાવાદમાં ફરતો હોઈશ'માં ભવિષ્યમાં ક્રિયાની ચાલુ સ્થિતિ દર્શાવાય છે.[૩]

: ૪ : સંભાવનાનાં રૂપો અને સહાયકારક 'છ'નાં રૂપોથી થતાં સંયુક્ત રૂપો ('કરું છું' વગેરે)માં સંભાવનાનો અર્થ રહેતો નથી એ ખાસ નોંધપાત્ર છે. (નિષેધમાં તો સંભાવનાનાં રૂપોને સ્થાને વર્તમાનકૃદંતનાં રૂપો જ આવે છે : 'કરતો નથી' વગેરે.) આ રૂપોના વિવિધ અર્થો અને પ્રયોગો છે :

(૧) એ મુખ્યપણે વર્તમાનમાં ચાલુ ક્રિયા દર્શાવે છે (તેથી આપણે એને વર્તમાનનાં રૂપો તરીકે ઓળખી શકીએ) :

'એ હમણાં સારી રીતે **ભણે છે.**'

'તમે ક્યાં **જાઓ છો ?**'

(૨) એ ચાલુ આદતરૂપ ક્રિયા પણ દર્શાવે છે :

'તે રોજ અગિયાર વાગ્યે ઑફિસે **જાય છે.**'

(૩) સ્વભાવાર્થક ક્રિયા પણ દર્શાવે છે :

'તેલ હંમેશાં પાણી ઉપર **તરે છે.**'

---

૩. ભવિષ્યનો અર્થ પહેલા-બીજા પુરુષમાં અને ચાલુ ક્રિયાવાચક કૃદંતના યોગે વિશેષ જળવાતો હોય એમ જણાય છે.

'શૂરવીરો રણમેદાનમાંથી પીઠ **ફેરવતા નથી.**'

(૪) કેટલાક પ્રયોગોમાં ભાવિ ક્રિયાની નિશ્ચિતતા પણ દર્શાવે છે :

'તમે બેસો, હું થોડી વારમાં **આવું છું.**'

'આવતા રવિવારે તે અહીં **આવે છે.**'

: ૫ : 'હોઉં છું' વગેરે રૂપોનો અહીં થોડો અલગ ઉલ્લેખ કરવો જરૂરી છે. એમાં પણ સંભાવનાને બદલે વર્તમાનનો અર્થ આવી ગયો છે. પરંતુ આ રૂપો સહાયકારક તરીકે પણ વપરાય છે અને ત્યાં નિયમિત આદતનો અર્થ દર્શાવે છે :

'તે રોજ સવારે અગિયાર વાગ્યે ઑફિસે **જતો હોય છે.**'

'તે રોજ સવારે અગિયાર વાગ્યે ઑફિસે **ગયો હોય છે.**'

'તેને રોજ સવારે અગિયાર વાગ્યે ઑફિસે **જવાનું હોય છે.**'

'તે **આવવાનો હોય છે** ત્યારે અગાઉથી જણાવે છે.' (=જ્યારે-જ્યારે આવવાનો હોય છે ત્યારેત્યારે.)

'એને કામ **કરવું હોય છે** ત્યારે કરે છે.' (=કરવાની જ્યારેજ્યારે ઇચ્છા થાય છે ત્યારેત્યારે.)

[૩] અર્થ અને કાળની વ્યવસ્થા

: ૧ : અત્યાર સુધી આપણે ભિન્નભિન્ન આખ્યાતિક રૂપો અને એના અર્થોની ચર્ચા કરી. હવે આપણે સમગ્રપણે અર્થ અને કાળની જે વ્યવસ્થા ભાષામાં પ્રગટ થાય છે અને એમાં ભિન્નભિન્ન ક્રિયાપદરૂપો જે કાર્ય કરે છે તેને સમજવાનો પ્રયત્ન કરીએ. મુખ્ય અર્થો અને એમાં વ્યક્ત થતા કાળભેદો અને ક્રિયાના અવસ્થાભેદો – એ રીતે વિચારવું આપણને વધારે અનુકૂળ પડશે.

મુખ્ય પાંચ અર્થો જાણીતા છે : ૧. નિર્દેશાર્થ, ૨. આજ્ઞાર્થ, ૩. વિધ્યર્થ, ૪. સંભાવનાર્થ, ૫. ક્રિયાતિપત્ત્યર્થ. આમાં કદાચ આપણે 'અપેક્ષાર્થ'ને ઉમેરી શકીએ. ઇચ્છા, ઇરાદો વગેરે આ અર્થોના પેટામાં જ સમાશે.

સૌથી મહત્ત્વનો અર્થ નિર્દેશાર્થ છે. ક્રિયાપદરૂપ જ્યારે ક્રિયાનો એક હકીકત લેખે નિર્દેશ કરે અને એમાં આજ્ઞા, ઇચ્છા, સંભાવના વગેરે કોઈ પણ ભાવની છાયા ન હોય ત્યારે એ 'નિર્દેશાર્થ' કે 'નિશ્ચયાર્થ'માં છે એમ કહેવાય છે. નિર્દેશાર્થમાં ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળનો ભેદ આપણને મળે છે :

ભૂતકાળ	વર્તમાનકાળ	ભવિષ્યકાળ
૧. તે કાલે અમદાવાદમાં હતો.	આજે અહીં છે.	અને આવતી કાલે મુંબઈમાં હશે.

૨. કાલે એણે અમદાવાદમાં ભાષણ કર્યું.	આજે અહીં કરે છે.	અને આવતી કાલે મુંબઈમાં કરશે.

ભૂતકાળ અને ભવિષ્યકાળમાં નિર્દેશાર્થમાં તે-તે કાળમાં ક્રિયા થવી અને ક્રિયા ચાલુ હોવી – એવો ભેદ વ્યક્ત થઈ શકે છે :

	ક્રિયા થવી	ક્રિયા ચાલુ હોવી
ભૂતકાળ :	તેણે ભાષણ કર્યું.	તે ભાષણ કરતો હતો.
ભવિષ્યકાળ :	તે આવતી કાલે આ સમયે મુંબઈમાં ભાષણ કરશે.	તે આવતી કાલે આ સમયે મુંબઈમાં ભાષણ કરતો હશે.

આને સાદા (ભૂતકાળ અને ભવિષ્યકાળ) અને ચાલુ (ભૂતકાળ અને ભવિષ્યકાળ) તરીકે ઓળખાવવામાં આવે છે.

વર્તમાનકાળમાં આ જાતનો ભેદ જણાતો નથી. 'કરે છે' (નિષેધમાં 'કરતો નથી') ક્રિયા થવી અને ક્રિયા ચાલુ હોવી એવા બન્ને અર્થમાં પ્રયોજાશે. જુઓ,

ક્રિયા થવી	ક્રિયા ચાલુ હોવી
આ કારખાનામાં પચાસ કારીગરો કામ કરે છે.	પણ અત્યારે તમારી નજર સામે તો પચીસ કારીગરો કામ કરે છે.[૪]

પરંતુ વર્તમાનમાં ક્રિયા થવાનો અને ક્રિયા નિયમિત રૂપે થવાનો ભેદ પ્રગટ થઈ શકે છે :

ક્રિયા થવી	ક્રિયા નિયમિત રૂપે થવી
તે ભાષણ કરે છે.	તે રોજ ભાષણ કરતો હોય છે.

અલબત્ત, 'તે રોજ ભાષણ કરે છે' એમ પણ કહી શકાશે, એટલેકે 'કરતો હોય છે' એ કેવળ વૈકલ્પિક પ્રયોગ છે. તેમ છતાં ગુજરાતીમાં આવો ભેદ વ્યક્ત કરવાની સગવડ છે એ હકીકત આપણે માટે તો પ્રસ્તુત છે. આને આપણે સાદા અને નિયમિત વર્તમાનકાળ તરીકે ઓળખી શકીએ.

ભવિષ્યકાળમાં સાદી અને નિયમિત ક્રિયાનો વિરોધ વ્યક્ત થતો નથી. 'તે કાલે મુંબઈમાં ભાષણ કરશે' અને 'તે રોજ મુંબઈમાં ભાષણ કરતો હશે' તો પ્રબળપણે સંભાવનાર્થ બની જાય છે. ભૂતકાળમાં નિયમિત ક્રિયા દર્શાવવા સામાન્ય રીતે ચાલુ ક્રિયાનું રૂપ વપરાય છે : 'પહેલાં તે રોજ ભાષણ કરતો હતો.' 'કરતો હતો'ને સ્થાને માત્ર 'કરતો'

૪. 'રહે' ધાતુના ઉપયોગથી વર્તમાનની ચાલુ અવસ્થા દર્શાવવાનું શરૂ થયું છે : 'અત્યારે પચીસ કારીગરો કામ કરી રહ્યા છે.' પણ એ જુદો જ પ્રયોગ છે.

પણ નિયમિત ભૂતકાળ દર્શાવી શકે છે એ નોંધપાત્ર છે.

આ રીતે, ભૂતકાળમાં સાદી અને ચાલુ/નિયમિત ક્રિયાનો, વર્તમાનમાં સાદી અને નિયમિત ક્રિયાનો અને ભવિષ્યમાં સાદી અને ચાલુ ક્રિયાનો વિરોધ રહેલો છે.

ભૂતકૃદંત સાથે 'હો'નાં નિર્દેશાર્થનાં રૂપો આવીને થતાં સંયુક્ત રૂપો એમની વિશિષ્ટ અર્થછાયા માટે ખાસ નોંધપાત્ર છે. અહીં રચનાની દૃષ્ટિએ અષ્ટવિધ વિરોધ દેખાય છે : કર્યું, કર્યું હતું, કર્યું છે, કર્યું હશે; કરેલું, કરેલું હતું, કરેલું છે, કરેલું હશે. આમાંથી 'કર્યું' અને 'કર્યું હતું' કેટલાક પ્રયોગોમાં એકબીજાને સ્થાને આવી શકે છે – 'તેણે કાલે અમદાવાદમાં ભાષણ કર્યું/કર્યું હતું' – છતાં 'કર્યું' સાદો ભૂતકાળ દર્શાવે છે, ત્યારે 'કર્યું હતું' દૂરનો ભૂતકાળ – ભૂતકાળનો ભૂતકાળ – દર્શાવે છે. દાખલા તરીકે, 'તે આજે આવ્યો'માં 'આવ્યો' ક્રિયાપદ 'આવવાની ક્રિયા કરી' એટલું જ દર્શાવે છે, પણ 'તે ગઈ કાલે આવ્યો હતો'માં 'આવ્યો હતો' ક્રિયાપદ 'આવવાની ક્રિયા કરી અને એ પણ ભૂતકાળની બિના બની ગઈ, તે પાછો જતો રહ્યો છે' એવો અર્થ સૂચવે છે. આને સામાન્ય રીતે 'પૂર્ણ ભૂતકાળ' તરીકે ઓળખવામાં આવે છે.

'કરેલું' જેવું રૂપ પણ દૂરનો ભૂતકાળ કે પૂર્ણ ભૂતકાળ જ દર્શાવે છે. 'કર્યું હતું'ને સ્થાને એને મૂકી શકાશે. 'એણે ઘણાં વરસ પહેલાં એક ભાષણ કર્યું હતું/કરેલું.' 'કરેલું' 'કરેલું હતું' વચ્ચે કોઈ પ્રયોગભેદ નથી. એટલે 'કર્યું'ના વિરોધે 'કર્યું હતું' 'કરેલું' 'કરેલું હતું' એ બધાં પૂર્ણ ભૂતકાળનાં રૂપો થયાં.

હવે 'કર્યું' અને 'કર્યું હતું'ના વિરોધમાં 'કર્યું છે' જુઓ : 'મેં થોડું લેખનકાર્ય કર્યું/કર્યું હતું'માં થયેલી ક્રિયાની વાત ભૂતકાળનાં સમયબિંદુએથી જ થાય છે; ત્યારે 'મેં થોડું લેખનકાર્ય કર્યું છે'માં વર્તમાનનો સંદર્ભ આવે છે અને ભૂતકાળમાં થયેલી ક્રિયાનું પરિણામ કે એનો પ્રભાવ હજુ સુધી અસ્તિત્વ ધરાવે છે એવો અર્થ નીકળે છે. આથી આ રૂપને 'પૂર્ણ વર્તમાનકાળ'ના રૂપ તરીકે ઓળખવામાં આવે છે.

'છે' સાથે 'કર્યું' અને 'કરેલું' વચ્ચે ભાગ્યે જ અર્થભેદ જણાય છે : 'મેં થોડું લેખનકાર્ય કર્યું છે/કરેલું છે.'

'કર્યું હશે' જેવું રૂપ થોડી વિશેષ વિચારણા માગી લે છે. 'કરશે'ના વિરોધમાં એ ભવિષ્યની પૂર્ણ ક્રિયાનો નિર્દેશ કરતું હોય એમ લાગે છે.

૧. 'તે આવતી કાલે મુંબઈમાં ભાષણ કરશે.'	'આવતી કાલે એણે મુંબઈમાં ભાષણ કર્યું હશે.'
૨. 'સવારે પાંચ વાગ્યે અમે સુરત પહોંચીશું.'	'સવારે પાંચ વાગ્યે અમે સુરત પહોંચ્યા હોઈશું.'

પરંતુ ઘણી વાર આપણે ક્રિયાની પૂર્ણતા દર્શાવવા સમાપ્તિવાચક ધાતુઓનો

ઉપયોગ કરવાનું પસંદ કરીએ છીએ – 'કરી લીધું હશે' 'પહોંચી ગયા હોઈશું'; અને ભૂતકૃદંત સાથે સહાયક ભવિષ્યનું રૂપ બહુધા કોઈ પણ કાળની સંભાવના વ્યક્ત કરવા વપરાય છે :

'બે વરસમાં મેં ઘણું લેખનકાર્ય **કર્યું હશે.**' (ભવિષ્ય)

'એ અત્યારે સુરત **પહોંચ્યો હશે.**' (વર્તમાન)

'તમે મને પહેલાં **કહ્યું હશે,** પણ મને યાદ નથી.' (ભૂત)

તેથી 'કર્યું હશે'ને પૂર્ણ ભવિષ્યકાળનું નિર્દેશાર્થનું રૂપ ભવિષ્યના ચોક્કસ સમય-સંદર્ભવાળાં ગણતર ઉદાહરણોમાં જ ગણી શકાય તેવું લાગે છે.

અહીં પણ 'કર્યું' અને 'કરેલું' ભેદક નથી.

તો, નિર્દેશાર્થમાં જોવા મળતા કાળ અને ક્રિયાવસ્થાના વિરોધોને આપણે આ પ્રમાણે મૂકી શકીએ :

	સાદો	**ચાલુ**	**નિયમિત**	**પૂર્ણ**
ભૂતકાળ :	કર્યું	કરતો હતો	કરતો હતો, કરતો	કર્યું હતું, કરેલું, કરેલું હતું
વર્તમાનકાળ :	કરે છે	કરે છે	કરતો હોય છે	કર્યું છે, કરેલું છે
ભવિષ્યકાળ :	કરશે	કરતો હશે	કરશે	કર્યું હશે, કરેલું હશે (?)

'કરનાર છે' 'કરવાનો છે' એ રૂપો ભવિષ્યને અનુલક્ષે છે અને 'કરશે' સાથે કંઈક સમાનતા ધરાવે છે – 'તે કામ કરશે/કરનાર છે/કરવાનો છે' – પરંતુ એમાં અપેક્ષા-ઇરાદાની અર્થછાયા હોઈ આપણે એનો વિચાર આગળ ઉપર કરીશું.

: ૨ : આજ્ઞાર્થમાં બે પ્રકારનાં રૂપો મળે છે – ૧. 'કર' વગેરે, ૨. 'કરજે' વગેરે.

બન્ને વચ્ચેનો અર્થભેદ સ્પષ્ટ છે. 'કર'માં ક્રિયા હમણાં કરવાનું અપેક્ષિત છે. 'કરજે'માં ક્રિયા પછીથી કરવાનું અપેક્ષિત છે. એકને આપણે સાદો કે વર્તમાન આજ્ઞાર્થ કહી શકીએ, બીજાને ભવિષ્ય આજ્ઞાર્થ. નીચેનાં વાક્યો જુઓ :

સાદો આજ્ઞાર્થ	**ભવિષ્ય આજ્ઞાર્થ**
૧. દરવાજો બંધ **કર.**	રાત્રે દરવાજો બંધ **કરજે.**
૨. રમેશને ઘેર **જા** અને આટલું કહી **આવ.**	જમીને રમેશને ઘેર **જજે.** અને આટલું કહી **આવજે.**

: ૩ : '-વ-' પ્રત્યયવાળું સહાયકારક વિનાનું રૂપ વિધિ કે કર્તવ્યનો અર્થ કશા કાળનિર્દેશ વિના દર્શાવે છે – 'તમારે આ કામ કરવું.' પણ (૧) સહાયકારકવાળાં ઇચ્છાવાચક રૂપો, (૨) '-ન-'થી વિસ્તારિત કર્મલક્ષી ફરજવાચક રૂપો અને (૩) '-ન-'થી વિસ્તારિત

કર્તાલક્ષી ઇરાદાવાચક રૂપોમાં બે કાળનો ભેદ છે :

	ક	ખ
(૧)	મારે આ કામ **કરવું હતું.**	મારે આ કામ **કરવું છે.**
(૨)	મારે આ કામ **કરવાનું હતું.**	મારે આ કામ **કરવાનું છે.**
(૩)	હું આ કામ **કરવાનો હતો.**	હું આ કામ **કરવાનો છું.**

'ક' વિભાગનાં વાક્યો ભૂતકાળની ઇચ્છા, ફરજ કે ઇરાદો દર્શાવે છે. 'ખ' વિભાગનાં વાક્યોમાં ઇચ્છા વર્તમાનમાં અસ્તિત્વ ધરાવે છે (ક્રિયા ભલે હમણાં કે ભવિષ્યમાં થાય) એવો અર્થ છે. એ રીતે અહીં દ્વિપક્ષી કાળવિરોધ છે – ભૂત અને વર્તમાન. 'હશે'વાળાં રૂપ તો કાળ નહીં પણ સંભાવના જ દર્શાવે છે. એટલે એનો અહીં વિચાર કરવાનો રહેતો નથી.

'કરવાનો' રૂપ (કર્તાલક્ષી) સહાયકારક વિના પણ પ્રયોજાય છે અને સામાન્ય રીતે વર્તમાનકાળની ઇરાદાની મક્કમતા દર્શાવે છે.

વિધ્યર્થનાં આ બધાં રૂપોની વ્યવસ્થા આપણે આ પ્રમાણે સમજાવી શકીએ :

	કાળનિરપેક્ષ	ભૂત	વર્તમાન
વિધિવાચક :	કરવું		
ઇચ્છાવાચક :		કરવું હતું	કરવું છે
ફરજવાચક :		કરવાનું હતું	કરવાનું છે
ઇરાદાવાચક :		કરવાનો હતો	કરવાનો છું, કરવાનો

: ૪ : સંભાવનાનાં રૂપો ઉપરાંત ભવિષ્યકાળનાં રૂપો સંભાવનાનો અર્થ દર્શાવે છે. બન્ને વચ્ચે કેટલાક સંયોગોમાં હેરફેર શક્ય છે. છતાં અર્થછાયા થોડી જુદી છે એ નીચેનાં ઉદાહરણો બતાવશે :

'તેને પૂછો, તે કદાચ આ કામ **કરે.**'	'તેને પૂછો, તે આ કામ **કરશે.**'
'તે કદાચ શિરીષને ત્યાં **હોય.**'	'તે શિરીષને ત્યાં **હશે.**'
'તે આ કામ **કરે** એમ મને લાગતું નથી.'	'તે આ કામ **કરશે** એમ મને લાગે છે.'

જણાઈ આવશે કે 'કરે' વગેરે રૂપોની સંભાવના કંઈક અનિશ્ચિત પ્રકારની છે : કરે કે ન પણ કરે, હોય કે ન પણ હોય એવા વિકલ્પવાળી; ત્યારે, 'કરશે' વગેરે રૂપોની સંભાવના એની તુલનાએ નિશ્ચિતતાવાળી છે – કરશે, હશે એવો પૂરો સંભવ છે એમ સૂચવનારી. છેલ્લા ઉદાહરણમાં તો હેરફેર પણ ભાગ્યે જ શક્ય બનશે.

'કરે' અને 'કરતો હોય' વચ્ચે પણ કેટલાક સંયોગોમાં હેરફેર શક્ય હોવા છતાં 'કરે' સામાન્ય ક્રિયાની સંભાવના દર્શાવે છે ત્યારે 'કરતો હોય' ચાલુ ક્રિયાની સંભાવના દર્શાવે છે, 'કર્યું હોય'/'કરેલું હોય' પૂર્ણ ક્રિયાની સંભાવના દર્શાવે છે, 'કરવું હોય'

ઇચ્છાની સંભાવના, 'કરવાનું હોય' ફરજની સંભાવના, 'કરવાનો હોય' ઇરાદાની સંભાવના અને 'કરનાર હોય' અપેક્ષિત ક્રિયાની સંભાવના વ્યક્ત કરે છે. એવું જ 'હશે'વાળાં રૂપોની બાબતમાં. આ બન્ને પ્રકારનાં રૂપો સામાન્ય રીતે કાળભેદ વ્યક્ત કરતાં નથી; પણ સંભાવનામાં ભવિષ્યનો નિર્દેશ ગૃહીત છે એમ કહેવાય.

સહાયકારક 'હોવાનું'વાળાં રૂપો પણ સંભાવનાનો અર્થ દર્શાવે છે પરંતુ એ પ્રતીતિયુક્ત સંભાવના છે.

આ રીતે સંભાવનાના વિવિધ પ્રયોગોને આપણે નીચે પ્રમાણે ગોઠવી શકીએ :

	અનિશ્ચિત	નિશ્ચિત	પ્રતીતિયુક્ત
સામાન્ય ક્રિયાની :	કરે	કરશે	–
ચાલુ ક્રિયાની :	કરતો હોય	કરતો હશે	કરતો હોવાનો
પૂર્ણ ક્રિયાની :	કર્યું–કરેલું હોય	કર્યું–કરેલું હશે	કર્યું–કરેલું હોવાનું
ક્રિયાની ઇચ્છાની :	કરવું હોય	કરવું હશે	–
ક્રિયાની ફરજની :	કરવાનું હોય	કરવાનું હશે	કરવાનું હોવાનું
ક્રિયાના ઇરાદાની :	કરવાનો હોય	કરવાનો હશે	કરવાનો હોવાનો
અપેક્ષિત ક્રિયાની :	કરનાર હોય	કરનાર હશે	કરનાર હોવાનો

: ૫ : અવિકારી 'ત'વાળાં રૂપોને આપણે 'ક્રિયાતિપત્ત્યર્થ'નાં રૂપો તરીકે ઓળખાવ્યાં છે. ક્રિયાતિપત્ત્યર્થ એટલે જે થયું નથી તેની સંભાવના. સાદી (નિશ્ચિત કે અનિશ્ચિત) સંભાવનાનાં રૂપો સાથેનો એનો અર્થભેદ જુઓ :

સંભાવનાર્થ	ક્રિયાતિપત્ત્યર્થ
'એણે આ કામ કર્યું હોય તો હું એને શાબાશી આપું.'	'એણે આ કામ કર્યું હોત તો હું એને શાબાશી આપત.'
'એણે આ કામ કર્યું હશે તો હું એને શાબાશી આપીશ.'	

જોઈ શકાશે કે 'કર્યું હોય' કે 'કર્યું હશે'માં ખુલ્લી સંભાવના છે – કર્યું હોય પણ ખરું, કર્યું ન પણ હોય, જ્યારે 'કર્યું હોત'માં નથી કર્યું એ હકીકત છે અને એ હકીકતની વિરુદ્ધની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આ રીતે સંભાવનાર્થથી ક્રિયાતિપત્ત્યર્થ જુદો પડે છે.

ક્રિયાતિપત્ત્યર્થનાં ત્રણ રૂપો – કરત, કરતો હોત, કર્યું હોત – માં ક્રિયાની સામાન્ય, ચાલુ અને પૂર્ણ અવસ્થાની સંભાવનાનો વિરોધ રહેલો, પહેલી દૃષ્ટિએ, જણાય છે. એને અનુષંગે 'કરતો હોત'માં વર્તમાનનો, 'કર્યો હોત'માં ભૂતકાળનો અને 'કરત'માં સામાન્ય કાળનો સંદર્ભ પણ જણાશે :

'એણે કામ **કર્યું હોત** તો સારું **થયું હોત.**'
'તમે **કામ કરતા હોત** તો હું તમને જ **સોંપત.**'
'ગાંધીજી **જીવતા હોત** તો એમને કેવું **લાગત ?**'
'મને તમારું ગીત જરૂર **ગમત.**'

બોલચાલમાં 'કર્યું હોત' અને 'કરત'ની થોડી હેરફેર થતી હોવા છતાં બન્ને વચ્ચે ઉપર કહ્યું તેવું અર્થભેદનું તત્ત્વ તો પ્રતીત થયા કરે છે :

'મને તમારું ગીત જરૂર **ગમત.**'	'મને તમારું ગીત જરૂર **ગમ્યું હોત.**'
'તમે **આવત** તો એ રાજી થાત.'	'તમે **આવ્યા હોત** તો એ રાજી થાત.'
'તમે કહ્યું હોત તો એ **આવત.**'	'તમે કહ્યું હોત તો એ જરૂર **આવ્યો હોત.**'

'કરવું હોત' વગેરે ઇચ્છા વગેરેની અસિદ્ધ સંભાવના દર્શાવે છે.

આ રીતે, ક્રિયાતિપત્ત્યર્થની નીચે પ્રમાણે વ્યવસ્થા થશે :

ક્રિયાવસ્થા-કાળવાચક :	પૂર્ણ (ભૂત) :	કર્યું હોત
	ચાલુ (વર્તમાન) :	કરતો હોત
	સામાન્ય :	કરત
ઇચ્છાવાચક :	કરવું હોત	
ફરજવાચક :	કરવાનું હોત	
ઇરાદાવાચક :	કરવાનો હોત	
અપેક્ષાવાચક :	કરનાર હોત	

: ૬ : છેલ્લે '-નાર-'વાળાં રૂપને આપણે કાળઅર્થની વ્યવસ્થામાં બેસાડવાનાં રહે છે. એ 'છ' સહાયકારકવાળાં રૂપ છે અને નિર્દેશાર્થ ભવિષ્યકાળના રૂપ સાથે એની ઘણી નિકટતા છે : 'તે આવનાર છે/તે આવશે.' આમ છતાં '-નાર-'વાળા રૂપમાં 'આવવાની અપેક્ષા છે' એવો અર્થ છે અને એ જુદાજુદા કાળ સાથે સંબદ્ધ થઈ શકે છે એ જોતાં એને નિર્દેશાર્થ ભવિષ્યથી જુદો મોભો આપવો જ રહે. આપણે એને 'અપેક્ષાર્થ' કહીએ તો ચાલે. એમાં કાળનો દ્વિપક્ષી વિરોધ છે : ભૂત અને વર્તમાન. એટલેકે અપેક્ષા ભૂતકાળની કે વર્તમાનની હોય છે.

ભૂત	વર્તમાન
'તે કાલે **આવનાર હતો.**'	'તે અત્યારે **આવનાર છે.**'
	'તે બે દિવસ પછી **આવનાર છે.**'

'હશે'વાળું રૂપ તો સંભાવના દર્શાવે છે, જેનો આપણે આગળ વિચાર કરી ગયા છીએ.

[૪] સંયુક્ત ક્રિયાપદો

: ૧ : જેમ 'હો'નાં રૂપો મુખ્ય આખ્યાતિક રૂપની સાથે આવે છે અને એના કાળ-અર્થમાં કંઈક વિશેષતા લાવે છે, તેમ બીજાં કેટલાંક આખ્યાતો પણ મુખ્ય આખ્યાતિક રૂપની સાથે આવે છે અને મુખ્ય ક્રિયાના સ્વરૂપમાં કંઈક વિશેષતા લાવે છે. 'કરી નાખવું' 'લખતા રહેવું' 'કાઢી મૂકવું' 'કરવા દેવું' વગેરેમાં 'નાખ' 'રહે' 'મૂક' 'દેવ' વગેરે આખ્યાતોનું કાર્ય જુઓ.

એ નોંધપાત્ર છે કે આ આખ્યાતોને પોતાનો મૂળ અર્થ હોય છે અને એ અર્થમાં એ સ્વતંત્ર રીતે પ્રયોજાતાં હોય છે, પણ સહાયક તરીકે એ લાક્ષણિક અર્થ ધરાવે છે. 'મેં એને પેન્સિલ દીધી' અને 'મેં પેન્સિલ ફેંકી દીધી'માં 'દીધી'ના અર્થો જુઓ. પહેલા વાક્યમાં એ પોતાના મૂળ 'આપવા'ના અર્થમાં છે. બીજા વાક્યમાં એ ફેંકવાની ક્રિયા સંપૂર્ણ કર્યાનો ભાવ દર્શાવે છે.

આ જાતના આખ્યાતિક ધાતુઓને અવસ્થાવાચક કે રીતિવાચક આખ્યાતિક ધાતુઓ તરીકે ઓળખવામાં આવ્યા છે, અને એના ઉપયોગથી થતાં આખ્યાતિક રૂપો – 'કાઢી મૂકવું' વગેરે – ને 'સંયુક્ત ક્રિયાપદો' તરીકે ઓળખવામાં આવ્યાં છે. સહાયકારક 'હો'વાળાં 'સંયુક્ત રૂપો'થી આની ભિન્નતા સ્પષ્ટ છે.

કેટલીક વાર બે વાક્યોનો સંક્ષેપ થતાં બે ક્રિયાપદો જોડાઈ જતાં હોય છે. દાખલા તરીકે, 'તે તાર કરી આવ્યો'માં બે વાક્યોનો સંક્ષેપ છે – 'તેણે તાર કર્યો' અને 'તે પાછો આવ્યો.' અહીં 'આવ' ધાતુ પણ એના મૂળ અર્થમાં જ છે, કશા લાક્ષણિક અર્થમાં નહીં. અહીં 'કરી આવ્યો' એ 'સંયુક્ત ક્રિયાપદ' નથી. આની સામે જુઓ 'હું કામ પૂરું કરવા આવ્યો છું'માં 'આવ'નો પ્રયોગ. એ 'તૈયારી'નો અર્થ દર્શાવે છે. આ વાક્યમાં 'કરવા આવ્યો' સંયુક્ત ક્રિયાપદ છે.

: ૨ : આ અવસ્થાવાચક ધાતુઓની પૂર્વે મુખ્ય આખ્યાતિક ધાતુનું કોઈ ને કોઈ કૃદંતરૂપ આવે છે. ક્યાંકયાં કૃદંતરૂપ કયાકયા અવસ્થાવાચક ધાતુઓની પૂર્વે આવે છે તેની થોડી નોંધ નીચે જુઓ :

સંબંધક ભૂતકૃદંત : લે, દે, આપ, જા, રહે, કાઢ, નાખ, મૂક, રાખ, આવ, ચૂક, વળ, છૂટ, માર, બેસ, ઊઠ, પડ, નીકળ, જો, શક, વગેરે; જેમકે 'કરી લેવું' વગેરે.

વર્તમાનકૃદંત : જા, રહે, આવ, થા, વગેરે; જેમકે 'સુધારતા જવું' વગેરે.

ભૂતકૃદંત : (અનુગ વિના) કર, જા; જેમકે, 'લખ્યા કરવું' વગેરે. ('એ' અનુગ સાથે) રાખ, જા; જેમકે, 'બોલ્યે રાખવું' વગેરે.

વિધ્યર્થકૃદંત : લાગ, બેસ, આવ, જા, માગ, દે, પડ, જોઈ, વગેરે; જેમકે 'ભણવા

લાગવું' વગેરે.

જોઈ શકાશે કે એક ને એક અવસ્થાવાચક એકથી વધારે રીતે આવી શકે છે. ત્યાં બધે એ જુદાજુદા અર્થો પણ વ્યક્ત કરે છે.[૫] નીચે 'જા'ના જુદાજુદા પ્રયોગો અને અર્થો જુઓ :

૧. 'આજે તમારા ચંપલ **બની જશે.**' (=બનવાની ક્રિયા પૂરી થશે.)
૨. 'એ મોટો **થતો જશે** એમ સમજશે.' (=મોટા થવાની ક્રિયા ચાલુ રહેશે.)
૩. 'એનાં વેણ મારાથી **સહ્યાં જતાં નથી.**' (=સહી શકાતાં નથી.)
૪. 'હું એને પૈસા **આપ્યે જતો હતો** અને એ લઈ લેતો હતો.' (સતત આપતો હતો.)
૫. 'હું એને **કહેવા જતો હતો,** ત્યાં એણે મને અટકાવ્યો.' (કહેવાની તૈયારીમાં હતો.)

: ૩ : એક ને એક અર્થમાં એકથી વધુ અવસ્થાવાચકો પ્રયોજાય છે, તેમ છતાં સમગ્રપણે અવસ્થાવાચકો વિભિન્ન અર્થો વ્યક્ત કરે છે. એ અર્થો નીચે પ્રમાણે છે :

(૧) ક્રિયા પૂરી થવાનો – સમાપ્ત થવાનો અર્થ :

લે : 'એણે **બોલી લીધું** પછી હું બોલ્યો.'
નાખ : 'રાત્રે જાગીને મેં ચોપડી **વાંચી નાખી.**'
રહે : **'રમી રહ્યા હો** તો હવે ઘરમાં આવો.'
ઊઠ : 'ઊંઘી **ઊઠ્યા પછી** પણ આટલીબધી આળસ ?'
મૂક : 'એ શ્રોતાઓને ભક્તિરસમાં લીન **કરી મૂકતા.**'
દે : 'દ્રોણે ભીમને **બેસાડી દીધો.**'
જા : 'તમે **બેસી જાઓ.**'
'વાછરડું વાઘના પેટમાં **પડી જશે.**'

(૨) અશેષપણે ક્રિયા થવાનો અર્થ, ક્રિયા પૂર્વે પૂરી થયાનો અર્થ :

ચૂક : 'અમે એને ઘણું **સમજાવી ચૂક્યા છીએ.**'
'આ નિર્ણય લેતાં પહેલાં હું ઘણું **વિચારી ચૂક્યો છું**'

(૩) ક્રિયા ઝડપથી પૂરી કરવાનો અર્થ :

કાઢ : 'જુઓ, મેં પાંચ પાનાં તો **લખી કાઢ્યાં.**'

(૪) ક્રિયા જેમતેમ પૂરી કરવાનો અર્થ :

માર : 'તેં શું **લખી માર્યું** છે તે જો.'

(૫) બીજા માટે ક્રિયા કરવાનો અર્થ :

આપ : 'મેં એનું કામ **કરી આપ્યું.**'

---

૫. અવસ્થાવાચકોના અર્થોને એમની સાથે વપરાયેલાં કૃદંતરૂપોના અર્થો સાથે કયાં-કયાં કેટલો સંબંધ છે તે તપાસનો વિષય છે.

દે : 'હું કલાકમાં પાંચ માઇલ **ચાલી દઉં.**'

(૬) ક્રિયા એકાએક, અણધારી રીતે થવાનો અર્થ :

બેસ : 'દારૂના નશામાં એ ખૂન **કરી બેઠો.**'

ઊઠ : 'માતાને જોઈને બાળક **હસી ઊઠ્યું.**'

પડ : 'એને ખબર ન રહી અને એનો પગ તળાવમાં **સરી પડ્યો.**'

ચડ : 'એક દિવસે સવારે તે મારે ત્યાં **આવી ચડ્યો.**'

આવ : 'મને એના પર હેત **ઊભરાઈ આવ્યું.**'

નીકળ : 'એને અછબડા **ફૂટી નીકળ્યા.**'

(૭) ક્રિયા સતત ચાલુ હોવાનો અર્થ :

રહે : 'એ બાર કલાક સુધી **ઊંઘતો રહ્યો.**'

રાખ : 'એણે મારી સામે એકીટશે **જોયે રાખ્યું.**'

જા : 'એ એક પછી એક વસ્તુ **વેચ્યે ગયો.**'

'સત્યની વ્યાખ્યા વિસ્તાર **પામતી ગઈ.**'

આવ : 'પાંચ વરસથી આવો વરસાદ **પડતો આવ્યો છે.**'

કર : 'આખી રાત વરસાદ **પડ્યા કર્યો.**'

ચાલ : 'બાળક સારો **થતો ચાલ્યો.**'

(૮) ક્રિયાનો આરંભ થવાનો – એની તૈયારી થવાનો અર્થ :

લાગ : 'એ **ગાવા લાગ્યો** એટલે બધું શાંત થઈ ગયું.'

થા : 'તમે **ચાલતા થાઓ,** ત્યાં હું આવી પહોંચું છું.'

બેસ : 'એ **બોલવા બેસે** પછી એને ખ્યાલ નથી રહેતો.'

કર : 'ચોર ઘરમાં **આવવાનું કરતો હતો** ત્યાં જ પકડાઈ ગયો.'

(૯) ક્રિયા કરવાનો પ્રયત્ન કરવાનો અર્થ :

જો : 'આ પેનથી **લખી જુઓ** એટલે ખાતરી થશે.'

જો : 'એ **બોલવા ગયા** પણ બોલી શક્યા નહીં.'

(૧૦) ક્રિયા કરવાની શક્તિ હોવાનો અર્થ :

શક : 'હું ચાલતી ટ્રેનમાં પણ **ઊંઘી શકું** છું.'

જા : 'અમારા પર જે દુઃખ આવી પડ્યું છે તે કાગળમાં **લખ્યું જાય તેમ** નથી.'

(૧૧) ક્રિયા કરવાની અનુમતિ આપવાનો અર્થ :

દે : 'એને ખાવું હોય એટલું **ખાવા દેજો.**'

(૧૨) ક્રિયાની આવશ્યકતા – ફરજિયાતપણા – નો, નિશ્ચિતતાનો અર્થ :

પડ : 'તમારે અર્ધો કલાક રાહ **જોવી પડશે.**'

'આ વાત નિત્યની થઈ પડી.'

જોઈ : 'વડીલો પ્રત્યે આદરથી વર્તવું જોઈએ.'

[૫] પ્રયોગો અને રચનાઓ

: ૧ : આપણે જાણીએ છીએ કે ક્રિયાપદ એક બાજુથી કર્તા સાથે, તો બીજી બાજુથી કર્મ સાથે સંબંધ ધરાવે છે. ક્રિયાપદ કે વાક્યની એવી રચના થઈ શકે છે, જેમાં કર્તાની અથવા કર્મની અથવા ક્રિયાભાવની પ્રધાનતા હોય. આને 'રચના' કે 'પ્રયોગ' કહેવામાં આવે છે.

મુખ્ય પ્રયોગો ત્રણ છે : કર્તરિ, કર્મણિ અને ભાવે.

કર્તરિ પ્રયોગમાં કર્તાની મુખ્યતા હોય છે, એટલેકે ક્રિયાના કર્તૃત્વ પર વિશેષ ભાર હોય છે. નીચેનાં વાક્યોમાં ક્રિયાપદો કર્તરિ પ્રયોગમાં છે :

'અમારા અધ્યાપક હમણાં એક પુસ્તક લખે છે.'

'મેં એને લગ્નપ્રસંગે સરસ ભેટ આપી.'

'ગાંધીજી આત્મશુદ્ધિ માટે ઉપવાસ કરતા.'

'તમે આવતી કાલે મુંબઈ જશો ?'

'સૌએ સ્વચ્છતા જાળવવી.'

એ નોંધપાત્ર છે કે 'કર્યું' 'લખ્યું' 'આપ્યું' 'ખાધું' વગેરે (અને એનાં વિસ્તારિત રૂપો 'કરેલું' વગેરે) સંસ્કૃત કર્મણિ ભૂતકૃદંત પરથી ઊતરી આવેલાં રૂપો છે. એ સામાન્ય રીતે કર્મનાં લિંગ-વચન લે છે અને એમની સાથે કર્તા 'એ' અનુગ સાથે આવે છે. વિધ્યર્થકૃદંતમાં પણ આમ જ બને છે. નીચેનાં વાક્યો જુઓ :

'અકબરે ઘણાં વરસ રાજ્ય કર્યું.'

'પંદરમી ઑગસ્ટે સૌએ મિષ્ટાન્ન ખાધું.'

'તારે પૈસાને શું કરવા છે ?'

'અમારે આજે બીજે જમવાનું છે.'

આથી આ રચનાઓને ઘણી વાર કર્મણિ રચનાઓ તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ ગુજરાતીમાં આ રચનાઓમાં કર્મણિનો અર્થ રહ્યો નથી. કેમકે ગુજરાતીમાં તો અકર્મક ધાતુઓમાં અનિવાર્યપણે અને કેટલાક સકર્મક ધાતુઓમાં[૬] પણ ભૂતકૃદંત સાથે કર્તા 'એ' અનુગ વિના આવે છે અને ભૂતકૃદંત કર્તાનાં લિંગ-વચન લે છે :

એ ખૂબ **દોડી** તેથી થાકી ગઈ.'

'એનો પહેરવેશ જોઈને બધાં **લોકો** હસી **પડ્યાં**.'

---

૬. બોલ, શીખ, ભણ, પામ, લાવ, જમ, સમજ વગેરે.

'હું આંધો **ખસ્યો** એટલે **સંજય** બેઠો.'
'મારી **બહેન** આજે શિખંડપૂરી **જમી**.'
'તમારો **ભાઈ** મારી પાસે કશું **બોલ્યો** નથી.'
'**રવીન્દ્રનાથ** નિશાળમાં કંઈ **શીખ્યા** નહોતા.'
'મારી વાત **કોઈ સમજ્યું** નહીં.'

બીજી બાજુથી, આ રૂપોને કર્મણિ ગણીએ તો ભૂતકૃદંત અને વિધ્યર્થકૃદંતના ઉપયોગવાળા કાળ-અર્થમાં (જેમકે ભૂતકાળમાં) કર્તરિ પ્રયોગ જ નથી એમ માનવાનો પ્રસંગ આવે. વળી, અન્ય રૂપોની જેમ ભૂતકૃદંતનાં અને વિધ્યર્થનાં રૂપોની કર્મણિ રચના તો ગુજરાતીમાં થઈ શકે છે. નીચેનાં બન્ને બાજુનાં વાક્યો સરખાવો :

'એ ઘણા પૈસા વાપરે છે.'	'એનાથી ઘણા પૈસા વપરાય છે.'
'એ ઘણા પૈસા વાપરતો.'	'એનાથી ઘણા પૈસા વપરાતા.'
'એણે ઘણા પૈસા વાપર્યા.'	'એનાથી ઘણા પૈસા વપરાયા.'
'એ કેટલુંક દોડશે ?'	'એનાથી કેટલુંક દોડાશે ?'
'એ કેટલુંક દોડત ?'	'એનાથી કેટલુંક દોડાત ?'
'એ કેટલુંક દોડ્યો ?'	'એનાથી કેટલુંક દોડાયું ?'
'તમારે લખવું જોઈએ.'	'તમારાથી લખાવું જોઈએ.'
'હું લખવાનો નથી.'	'મારાથી લખાવાનું નથી.'
'તમારે જવાનું નથી.'	'તમારાથી જવાવાનું નથી.'

આથી, ભૂતકૃદંતનાં અને વિધ્યર્થકૃદંતનાં મૂળ રૂપોને આપણે ગુજરાતીમાં કર્તરિ પ્રયોગનાં રૂપો જ ગણીશું.

: ૨ : કર્મણિ પ્રયોગમાં કર્મની મુખ્યતા હોય છે, એટલેકે કર્મને અંગે ક્રિયા થવા પર વિશેષ ભાર હોય છે. કર્તા જાણે કે સાધન કે માધ્યમરૂપ બની જાય છે. આથી જ એમાં કર્તા 'થી' 'વડે' 'તરફથી' જેવા અનુગો કે નામયોગીઓ સાથે આવે છે અને કેટલીક વાર કર્તૃનિરપેક્ષ રચના પણ થાય છે.

કર્મણિ રચના બે પ્રકારની છે :

(૧) મૂળ અંગને 'આ' લાગી થયેલા કર્મણિ અંગવાળી રચના. એમાં કર્તા બહુધા 'થી' અનુગ (ક્વચિત્ 'તરફથી' કે 'વડે') લે છે અને કેટલીક વાર કર્તૃનિરપેક્ષ રચના થઈ શકે છે :

કર્તા 'થી' સાથે : 'હમણાં **મારાથી** કંઈ વંચાતું નથી.'
'**વડાપ્રધાનથી** હવેની ચૂંટણી **જિતાશે** નહીં.'
'જે કંઈ બની ગયું તે **એનાથી વીસરાતું** નહોતું.'

કર્તા 'તરફથી' સાથે : **'સરકાર તરફથી** ગરીબોને અનાજ અપાયું.'
કર્તા 'વડે' સાથે : 'આ ગીત **મારા વડે** રચાયું છે.'
કર્તૃનિરપેક્ષ : 'હમણાં આ વિષયના કેટલા લેખ **લખાયા** અને **છપાયા** !'
'જે કંઈ **પીરસાતું** હતું તે **ખવાઈ** જતું હતું.'

(૨) વિધ્યર્થકૃદંત+'માં'+'આવ'ના રૂપવાળી રચના. આ રચના વિશેષપણે કર્તૃનિરપેક્ષ રીતે થાય છે, અને કર્તા હોય ત્યારે ક્વચિત્ 'થી' કે 'વડે' પણ બહુધા 'તરફથી' નામયોગી લે છે :

'રેડિયો પરથી રાષ્ટ્રપતિનો સંદેશો પ્રસારિત **કરવામાં આવ્યો**.'
'તમારું નામ **લખવામાં આવશે**.'
'અમને કશું **જણાવવામાં આવ્યું** નથી.'
'હોટેલોમાં સોમવારે ભાત **પીરસવામાં આવતા** નથી.'
'**સરકાર તરફથી** રાહતકેન્દ્ર **ખોલવામાં આવ્યાં છે**.'
'વર્ષો પહેલાં **મારાથી/મારા વડે આ કહેવામાં આવ્યું હતું**.'

: ૩ : ભાવે પ્રયોગમાં ક્રિયાભાવની મુખ્યતા હોય છે એટલે ક્રિયા થવા ઉપર વિશેષ ભાર હોય છે. અહીં પણ કર્તા જાણે કે સાધનરૂપ બની જાય છે અને 'થી' અનુગ સાથે આવે છે. કર્મ તો હોતું જ નથી. કાં તો ધાતુ અકર્મક હોય છે અથવા સકર્મકનો અકર્મક તરીકે પ્રયોગ થયો હોય છે.

ભાવે રચનાની એક જ રીત છે – 'આ' પ્રત્યયવાળા ક્રિયાપદવાળી. એટલે કર્મણિ અને ભાવે વચ્ચે કર્મ હોવા-ન હોવાથી વિશેષ કશો ભેદ નથી. 'આવ'ના ઉપયોગવાળી ભાવે રચના નથી. નીચેનાં ઉદાહરણોમાં ભાવે પ્રયોગ છે :

'એનાથી જરાય **દોડાતું** નથી.'
'એના દાંત પડી ગયા છે એટલે **એનાથી ખવાતું** નથી.'
'પહેલાં **મારાથી** એને ઘરે રોજ **જવાતું** હતું.'
'એનાથી બોલ્યા વિના **રહેવાશે** નહીં.'

'દોડાતું નથી' એટલે 'દોડવાની ક્રિયા થતી નથી' એમ ક્રિયાની પ્રધાનતા અહીં સ્પષ્ટ છે.

: ૪ : કર્મણિ અને ભાવે રચનાનો અર્થની દૃષ્ટિએ થોડો વિચાર કરવો જરૂરી છે. આપણે આગળ કહી ગયા તેમ એ પ્રધાનપણે કર્મ કે ક્રિયાની મુખ્યતા દર્શાવે છે. નીચેનાં વાક્યોમાં એટલો જ અર્થ છે.

'હમણાં તો આ વિષયમાં ઘણું લખાયું અને છપાયું.'

'અમારી કૉલેજમાં ગરીબ વિદ્યાર્થીઓને પુસ્તકો આપવામાં આવે છે.'
'જે કંઈ પીરસાતું હતું તે ખવાતું હતું.'
'સરકાર તરફથી રાહતકેન્દ્રો ખોલવામાં આવ્યાં છે.'

'આવ'વાળી રચના માત્ર આ જ અર્થ વ્યક્ત કરે છે. પરંતુ 'આ' પ્રત્યયવાળી રચના, એ કર્તૃનિરપેક્ષ ન હોય ત્યારે, કર્મ કે ક્રિયાની મુખ્યતા દર્શાવવા ઉપરાંત ક્રિયા કરવાની શક્તિ હોવી, ક્રિયા કરવી યોગ્ય હોવી, ક્રિયા કરવાની છૂટ હોવી, એવા અર્થ અનિવાર્યપણે વ્યક્ત કરે છે. નીચેનાં ઉદાહરણો જુઓ :

'તમારાથી બેસાય તો બેસો.' (=બેસી શકાય તો)
'વડીલોની હાજરીમાં આમ ન બેસાય.' (=બેસવું યોગ્ય નથી.)
'આવી તબિયતે તમારાથી એને ત્યાં જવાશે ?' (=જઈ શકાશે ?)
'બાળકોથી અંદર જવાય નહીં.' (=જવાથી છૂટ નથી.)
'યુનિવર્સિટીની રજા વગર અમારાથી ફરી પરીક્ષા લેવાય નહીં.' (=લઈ શકાય નહીં)
'ભાઈથી બહેનનું કશું ન લેવાય.' (=લેવું યોગ્ય નથી.)
'મારાથી એને કશું કહેવાશે નહીં.' (=કહી શકાશે નહીં.)
'તમારાથી એને કશું કહેવાશે નહીં.' (=કહેવાની છૂટ નથી/કહી શકાશે નહીં.)
'તમારાથી એને કશું નહીં કહેવાય.' (=કહી શકાશે નહીં/કહેવાની છૂટ નથી.)
'તમારાથી એને કશું કહેવાય નહીં.' (=કહેવું યોગ્ય નથી.)
'તમારાથી એને કશું ન કહેવાય.' (=કહેવું યોગ્ય નથી.)[૭]

: ૫ : આ ત્રણ રચનાઓ ઉપરાંત એકબે વિશિષ્ટ રચનાઓનો પણ પરિચય કરીએ.

ગુજરાતીમાં કેટલાક ધાતુઓ એવા છે કે જે ક્રિયા કરવાનો નહીં પણ ક્રિયા થવાનો અર્થ ધરાવે છે; જેમકે, ગમ, રુચ, ફાવ, આવડ વગેરે. એમાં ક્રિયાનો કરનાર હોતો નથી પણ એ ક્રિયા કોઈક પરત્વે થતી હોય છે. જેના પરત્વે એ ક્રિયા થાય છે તે 'ને' અનુગ લઈને આવે છે. એ રીતે, આ ધાતુઓ અકર્તૃક અને ભાવપ્રધાન (કે ભાવકર્તૃક) છે. જુઓ :

'મને અહીં રહેવું ગમતું નથી.'
'સાહેબને તારું વર્તન રુચ્યું નથી.'
'બધા વિદ્યાર્થીઓને આ દાખલા આવડે છે.'
'મને ટેબલ વિના લખવું ફાવતું નથી.'

---

૭. એ નોંધપાત્ર છે કે યોગ્યતાનો અર્થ માત્ર વર્તમાનકાળના સંભાવનાનાં રૂપોમાં જ વ્યક્ત થાય છે. 'તમારાથી એને કશું કહેવાયું નહીં' કે 'તમારાથી એને કશું ન કહેવાયું' એ અશક્તિનો અર્થ જ દર્શાવી શકે છે.

અહીં 'લખવું' જેમ ફાવવાની ક્રિયાનો વિષય છે તેમ 'હું' પણ ફાવવાની ક્રિયાનો વિષય (ગૌણ કર્મ) બની ગયો છે. આ રીતે આ ભાવપ્રધાન અકર્તૃક પણ કર્મલક્ષી રચના છે.

ક્વચિત્ કર્મણિ અંગો વડે પણ આ જાતની રચના થાય છે :

'એને આંખે કશું દેખાતું નથી.'

'મને કશું સંભળાતું નથી.'

કર્મણિની 'મારાથી કશું સંભળાતું નથી' એ જાતની રચનાથી આ રચના ભિન્ન છે. 'મારાથી કશું સંભળાતું નથી'માં કર્તાનું કરણત્વ છે અને ક્રિયા કરવાની એની શક્તિ (કે અશક્તિ) સૂચવાય છે. ત્યારે 'મને કશું સંભળાતું નથી'માં કર્તાનું કર્મત્વ છે અને કેવળ ક્રિયા થવા-ન થવાનો ભાવ છે.

આ જાતની રચના કેટલીક વાર અકર્તૃકની સાથે અકર્મક (પ્રધાન કર્મ વિનાની) થઈ શકે છે :

'મને અહીં ફાવે છે/ગમે છે/રુચે છે.'

'મારા ભાઈને પેટમાં દુઃખે છે.'

'એને હવે આંખે દેખાય છે.'

'એને પેટમાં ચૂંથાય છે.'

: ૬ : છેલ્લે, અકર્મક ધાતુઓની કરણ-કર્તૃત્વવાળી રચનાની નોંધ લઈએ. નીચેનાં બન્ને બાજુનાં વાક્યો તપાસો :

'ઝાડ પરથી કેરી પડશે નહીં.'	'મારાથી ઝાડ પરથી કેરી પડશે નહીં.'
'આ ખીલી નીકળશે ?'	'આ ખીલી સુથારથી નીકળશે.'
'બારણું કેમ ખૂલ્યું ?'	'બારણું મિસ્ત્રીથી ખૂલ્યું.'
'બાબો નહીં સૂએ.'	'બાબો મારાથી નહીં સૂએ.'

જોઈ શકાશે કે જમણી બાજુનાં વાક્યો કર્મણિમાં નથી, છતાં કર્મણિ જેવાં લાગે છે, કેમકે એમાં 'થી' અનુગથી કરણકર્તા દર્શાવાયો છે, અને ઘણે ઠેકાણે કર્મણિમાં હોય છે તેવો શક્તિમત્તાનો અર્થ પણ છે. અકર્મક ક્રિયાપદોની આ કર્મણિ-સદૃશ કર્તરિ રચના છે.

: ૭ : પ્રેરક રચનામાં ધાતુનું પ્રેરક અંગ વપરાય છે, તે ઉપરાંત, ક્રિયા કરવા પ્રેરનાર – પ્રેરક કર્તા – ઉમેરાય છે. ક્રિયા કરનાર એમાં પ્રેરિત કર્તા બને છે અને કર્મને સ્થાને આવે છે. જેમકે,

સાદી રચના	પ્રેરક રચના
૧. હું દોડ્યો.	૧. એણે મને દોડાવ્યો.
૨. ઝાડ પડ્યું.	૨. માળીએ ઝાડ પાડ્યું.

૩. હું મિષ્ટાન્ન જમ્યો.	૩. એણે મને મિષ્ટાન્ન જમાડ્યું.
૪. મેં એક સુંદર દૃશ્ય દીઠું.	૪. એણે મને એક સુંદર દૃશ્ય દેખાડ્યું.

સકર્મક ક્રિયાપદો વપરાયાં હોય ત્યાં ઘણી વાર પ્રેરિત કર્તા 'પાસે' અનુગથી દર્શાવવાનો આવે છે. જેમકે,

'મેં માળી પાસે ઝાડ પડાવ્યું.'

'એણે મારી પાસે લખાવ્યું.'

પ્રેરક રચના ક્રિયા કરવા પ્રેરવાના અર્થ ઉપરાંત ક્રિયા કરવામાં સહાય કરવાના અર્થમાં પણ વપરાય છે. ત્યાં સહાય મેળવનાર 'ને' અનુગથી જ દર્શાવાય છે. જેમકે,

પ્રેરકતાનો અર્થ	સહાયનો અર્થ
૧. એણે મારી પાસે પથારી પથરાવડાવી.	૧. એણે મને પથારી પથરાવડાવી.
૨. એણે મારી પાસે પેપર જોવડાવ્યાં.	૨. એણે મને પેપર જોવડાવ્યાં.

કેટલાંક પ્રેરક અંગોમાં અલાયદા વિશિષ્ટ અર્થો પણ વિકસ્યા છે. 'બોલાવવું' એટલે 'બોલતું કરવું' એટલું જ નહીં, 'સંપર્કની ચેષ્ટા કરવી, નિમંત્રવું' એવા અર્થ પણ છે. 'શીખવવું' 'સંભળાવવું' વગેરેમાં સીધી ક્રિયાનો અર્થ વિકસ્યો છે અને 'ધર–ધરાવ' જેવામાં અર્થભેદ જોવા મળે છે. પણ આ એક જુદા અભ્યાસનો વિષય છે.

સંદર્ભ

'હો'નાં રૂપો : કાર્ડોના, એકમ ૫.૨.૨.

'હો' અને 'છ'નાં રૂપો : દેસાઈ(૨), પૃ.૨૬૮–૨૭૦.

સંયુક્ત રૂપો : ભાયાણી(૨), પૃ.૧૦–૧૧; ભાયાણી (૬), પૃ.૬૩–૭૦; કાર્ડોના, એકમ ૫.૨.૩; દવે, એકમ ૫૬; દેસાઈ(૨), પૃ.૨૭૦–૨૮૪.

અર્થ અને કાળ : ત્રિવેદી, પૃ.૮૧–૮૬; વ્યાસ યોગેન્દ્ર (૪), પૃ.૨૨૪–૨૨૯.

સંયુક્ત ક્રિયાપદો : ભાયાણી(૨), પૃ.૨૪–૩૪; કાર્ડોના, એકમ ૫.૧૬–૫.૨૫; દવે, એકમ ૫૬; વ્યાસ યોગેન્દ્ર (૪), પૃ.૨૨૯–૨૩૩; દેસાઈ(૨), પૃ.૨૮૪–૨૯૫.

કર્મણિના અર્થો : દેસાઈ(૨), પૃ.૨૪૬–૨૪૮.

પ્રેરકના અર્થો : દેસાઈ(૨), પૃ.૨૪૨–૨૪૩.

પ્રયોગો અને રચનાઓ : ભાયાણી(૨), પૃ.૧૩૨–૧૩૯, ૨૧૪–૨૧૫; કાર્ડોના, એકમ ૫.૧૦ અને ૫.૧૫; દવે, એકમ ૫૮.

સ્વાધ્યાય

૧. યોગ્ય શબ્દોથી ખાલી જગ્યા પૂરો :

(૧) 'હો' ધાતુમાં _____ અને _____ પ્રત્યયવાળાં રૂપો થતાં નથી.

(૨) 'ઈ/ઈને' પ્રત્યયવાળું રૂપ અન્ય આખ્યાતિક ધાતુઓમાં _____ દર્શાવે છે, ત્યારે 'હો' ધાતુમાં _____ દર્શાવે છે. (પૂર્વવર્તી ક્રિયા, નિયમિત ક્રિયા, કારણ, પરિણામ)

(૩) સહાયક 'હો'નાં રૂપો પોતાની પૂર્વે સામાન્ય રીતે મુખ્ય આખ્યાતિક ધાતુનાં _____ રૂપ લે છે.

(૪) નિર્દેશાર્થ ભૂત અને ભવિષ્યમાં _____ અને _____ નો ભેદ છે જે વર્તમાનમાં નથી. (ક્રિયા થવી, ક્રિયા ચાલુ હોવી, ક્રિયા નિયમિત થવી.)

(૫) વિધ્યર્થમાં સંયુક્ત રૂપોમાં _____ અને _____ નો કાળભેદ છે.

(૬) સંભાવનાની ચાર જુદીજુદી કોટિઓ છે : _____ , _____ , _____ અને _____ .

૨. નીચેનાં વાક્યોમાં ઘાટાં બીબાંમાં છાપેલાં સંયુક્ત રૂપો ઓળખાવો અને એ કયા કાળ-અર્થ દર્શાવે છે તે કહો :

(૧) પ્રિન્સિપાલને ફરી પરીક્ષા **લેવી હોત** તો લઈ શકત.

(૨) એ અમારે ત્યાં **આવતો હતો** ત્યારે અમને ઘણી મજા કરાવતો.

(૩) મેં બીજે અનુભવ **લીધેલો હોવાથી** મને અહીં તરત રાખી લીધો.

(૪) આ નોકરીમાં તો તમારે આખા ગુજરાતમાં **ફરવાનું હોવાનું.**

૩. નીચે દરેક વિભાગમાં આપેલાં બે વાક્યોમાં ઘાટાં બીબાંમાં છાપેલા ભાગમાં રચના કે અર્થની દૃષ્ટિએ જે કંઈ ભેદ હોય તે સ્પષ્ટ કરો :

(૧) 'એ અમદાવાદ પરીક્ષા **લેવા ગયા.**'
'તે બરણીમાંથી તેલ **લેવા ગયા** ત્યાં બરણી પડી ગઈ.'

(૨) 'મેં મારી પેટીમાં બધો સામાન ભરી **દીધો.**'
'મેં એને મારી પેટીમાં બધો સામાન **ભરવા દીધો.**'

(૩) 'એ ગાંડો થઈ ગયો છે એમ **કહેવાય છે.**'
'પણ એને મોઢે એવું થોડું **કહેવાય છે ?**'

(૪) 'જાડા માણસથી આ ગુફામાં દાખલ **થવાશે નહીં.**'
'આ મંડળમાં રાજદ્વારી માણસોથી સભ્ય **થવાશે નહીં.**'

(૫) 'તમારું દુઃખ **મારાથી દેખાતું નથી.**'
'તમારું દુઃખ **મને દેખાતું નથી.**'

(૬) 'રમાએ **સુધા પાસે** રસોઈ કરાવી.'
'રમાએ **સુધાને** રસોઈ કરાવી.'

૧૫

[૧] ક્રિયાવિશેષણો

: ૧ : આખ્યાતિક રૂપની સાથે વિશેષણના જેવો સંબંધ ધરાવતાં એટલેકે એમાંની ક્રિયાના અર્થમાં વિશેષતા લાવનાર પદોને આપણે ક્રિયાવિશેષણાત્મક પદો કહી શકીએ. એ ક્રિયાનાં સ્થળ, સમય, રીતિ આદિ દર્શાવે છે.

: ૨ : ક્રિયાવિશેષણ તરીકે વપરાતાં પદોમાં રૂપરચનાની દૃષ્ટિએ ઘણું વૈવિધ્ય નજરે પડે છે. આપણે એનું નીચે પ્રમાણે વર્ગીકરણ કરી શકીએ :

(૧) સંજ્ઞાઓ મુખ્યત્વે કરણ, અધિકરણ અને અપાદાન વિભક્તિના અનુગો (શૂન્યપ્રત્યય, એ, થી, -ન-) અને નામયોગીઓ સાથે, ક્રિયાવિશેષણ તરીકેનું કાર્ય કરી શકે છે. આવાં પદો (કે પદસમૂહો)ને આપણે ક્રિયાવિશેષણાત્મક પદો જ ગણવાં જોઈએ. નીચેનાં ઉદાહરણો જુઓ :

'એ **વડોદરા** જાય છે.' (સરખાવો : 'એ **ક્યાં** જાય છે ?')

'એ **સાંજે** જ આવ્યો.' (સરખાવો : 'એ **અત્યારે** આવ્યો.')

'એ **ઝડપથી** ચાલે છે.' (સરખાવો : 'એ **આમ** જ ચાલે છે.')

'એ **સવારનો** બેઠો છે.' (સરખાવો : 'એ **ક્યારનો** બેઠો છે ?')

'હમણાં રોજ **સાંજના** વરસાદ આવે છે.' (સરખાવો : '**અત્યારે** વરસાદ આવે છે.')

'એ **ઝાડ પરથી** પડ્યો.' (સરખાવો : 'એ **ક્યાંથી** પડ્યો ?')

'**ચાર વરસ થયાં** એ મારી સાથે બોલતો નથી.' (સરખાવો : 'એ **ક્યારથી** બોલતો નથી ?')

અહીં 'વડોદરા' 'સાંજે' 'ઝડપથી' 'સવારનો' 'સાંજના' 'ઝાડ પરથી' 'ચાર વરસ થયાં' એ પદો 'ક્યાં' 'અત્યારે' 'આમ' 'ક્યારનો' 'ક્યાંથી' 'ક્યારથી' વગેરેની જેમ આખ્યાતિક રૂપમાંની ક્રિયાનાં સ્થળ, સમય, રીતિ વગેરે દર્શાવે છે. મૂળભૂત રીતે એ અનુગો અને નામયોગીઓવાળી સંજ્ઞાઓ છે પરંતુ અહીં એ ક્રિયાવિશેષણનું કાર્ય કરે છે.

(૨) વિશેષણો પણ ક્રિયાવિશેષણ તરીકે કાર્ય કરે છે. વિકારી વિશેષણો કર્તા કે કર્મનાં લિંગ-વચન લે છે, અથવા તો એમનું નપુંસકલિંગ એકવચનનું રૂપ અવિકારી તરીકે

પણ પ્રયોજાય છે. નીચેનાં ઉદાહરણો જુઓ. ડાબી બાજુ આવાં પદોના વિશેષણ તરીકેના અને જમણી બાજુ ક્રિયાવિશેષણ તરીકેના પ્રયોગો નોંધ્યા છે :

વિશેષણ	ક્રિયાવિશેષણ
૧. **ખૂબ** સમજાવટ પછી એ માન્યો.	૧. **ખૂબ** સમજાવ્યું પછી એ માન્યો.
૨. એનું કામ **ચોક્કસ** હોય છે.	૨. એ આ કામ **ચોક્કસ** કરશે.
૩. એણે મને **સરસ** મુદ્દો સમજાવ્યો.	૩. એણે મને એ મુદ્દો **સરસ** સમજાવ્યો.
૪. **સીધે** રસ્તે જજે.	૪. **સીધો/સીધી** જજે.
૫. એ **લાંબો** વિચાર કરતો નથી.	૫. એ **લાંબું** વિચારતો **નથી.**
૬. એ **ઘણી** વખત આવે છે.	૬. એ મારે ત્યાં **ઘણો/ઘણી** આવે છે. એ મારે ત્યાં **ઘણું** આવે છે.
૭. અમે **કેવી** ઝડપથી દોડ્યા !	૭. છોકરાઓ **કેવા** દોડ્યા ! છોકરીઓ **કેવી** દોડી ! બધાં **કેવું** દોડ્યાં !
૮. **સરખી** વાત કહેજે.	૮. વાત **સરખી** કહેજે. સમાચાર **સરખા** કહેજે. **સરખું** કહેજે.

જમણી બાજુનાં વાક્યોમાં વિશેષણો ક્રિયાની રીત વગેરે દર્શાવે છે એટલે ત્યાં એ ક્રિયાવિશેષણ તરીકે કાર્ય કરે છે એ સ્પષ્ટ છે. મોડું, સામું, આડું, ઓરું, બિલકુલ, સહેજ, જરા, સતત, સખત વગેરે વિશેષણોને પણ આ રીતે વાપરી શકાશે.

(૩) કૃદંતો પણ ક્રિયાવિશેષણ તરીકે પ્રયોજાય છે. વર્તમાનકૃદંત તેમજ ભૂતકૃદંતનાં વિકારી રૂપો વિશેષણની જેમ ક્રિયાની રીત બતાવવા ક્રિયાવિશેષણ તરીકે આવે છે :

'તું તારે **પડ્યોપડ્યો** સાંભળ.'

'એ **ગાતોગાતો** ન્હાય છે.'

વર્તમાનકૃદંત તેમજ ભૂતકૃદંતનાં 'આં'વાળાં રૂપ અવિકારી રીતે ક્રિયાવિશેષણ તરીકે વપરાય છે એ આપણે આગળ નોંધી ગયા છીએ :

ખાતાંખાતાં બોલવાનું બને નહીં.'

'પથારીમાં **પડ્યાંપડ્યાં** તને શું ખબર પડે ?'

'કામ **કરતાંકરતાં** જ શિખાય.'

'**બેઠાંબેઠાં** હું થાકી ગયો.'

સંબંધક ભૂતકૃદંત પણ ક્રિયાવિશેષણ તરીકે જ વપરાય છે એ પણ આપણે આગળ વિચારી ગયા છીએ : 'હું તમારે ઘેર **ચાલીને** આવ્યો છું' વગેરે.

'ફરી/ફરીને' પણ સંબંધક ભૂતકૃદંત જ છે. પણ ક્રિયાવિશેષણ તરીકે એ વિશિષ્ટ અર્થ ધરાવે છે.

(૪) 'એ' અને 'એ+થી' અનુગોવાળાં વિશેષણ-રૂપો (વિકારી વિશેષણોનાં) પણ ક્રિયાવિશેષણ તરીકે વ્યાપક રીતે વપરાય છે. નીચેનાં વાક્યો જુઓ :

'એણે **ધીરેધીરે** આંખો ઉઘાડી.' (ધીરું+એ)
'**હળવે** ચાલજો.' (હળવું+એ)
'હું **મોડેથી** આવીશ.' (મોડું+એ+થી)
'પાણી **ઊંચેથી** પીજો..' (ઊંચું+એ+થી)

આડે/આડેથી, ધીમે/ધીમેથી, સામે/સામેથી, આઘે/આઘેથી વગેરે આ જાતનાં બીજાં ઉદાહરણો છે.

(૫) અત્યાર સુધી આપણે એવાં ક્રિયાવિશેષણાત્મક પદોની વાત કરી જે મૂળભૂત રીતે સંજ્ઞા, વિશેષણ કે કૃદંત છે. હવે આપણે એવાં પદોની વાત કરવાની રહે છે જે મુખ્યત્વે ક્રિયાવિશેષણ જ છે, જોકે એમના બીજા ઉપયોગો પણ છે ખરા. આ જાતનાં પદોમાં પણ બેત્રણ વર્ગો પડે છે. એમાં એક વર્ગ છે વિભક્તિદર્શક અનુગો અને નામયોગીઓ સાથે આવતાં ક્રિયાવિશેષણોનો. ક્યારે, ક્યારથી, ક્યારનો; જ્યારે, જ્યારથી, જ્યારનો; ત્યારે, ત્યારથી, ત્યારનો; અત્યારે, અત્યારથી, અત્યારમાં – એ આ જાતનાં ક્રિયાવિશેષણો છે. એમાં 'ક્યાર' 'જ્યાર' 'ત્યાર' 'અત્યાર' એ અંગો છે અને એમને અનુગો લાગેલા છે. આ જ રીતે 'અત્યાર સુધી' 'અત્યાર લગી' એમ એ નામયોગીઓ સાથે પણ એ આવી શકે છે.

'ક્યાર' 'જ્યાર' 'ત્યાર' 'અત્યાર'ને અનુગો લાગે છે. એ રીતે એ સંજ્ઞાની જેમ વર્તે છે. વળી, 'એનો ત્યારનો દેખાવ જોવા જેવો હતો' 'આ કેરી હું અત્યાર માટે લાવ્યો છું' જેવાં વાક્યોમાં એમનો સંજ્ઞા જેવો ઉપયોગ પણ છે. પરંતુ આ રીતે સંજ્ઞા તરીકે એ બહુ મર્યાદિત પ્રયોગોમાં વપરાય છે, અનુગ (કે નામયોગી) વિના એ આવી શકતાં નથી અને કર્તા કે કર્મ તરીકે પણ એ પ્રયોજાતાં નથી. તેથી એમને મુખ્યત્વે સંજ્ઞા નહીં પણ ક્રિયાવિશેષણ જ ગણવાં જોઈએ.

(૬) બીજાં કેટલાંક ક્રિયાવિશેષણો એવાં છે જે વિભક્તિદર્શક અનુગ વિના તેમ એની સાથે પણ આવી શકે છે. ક્રિયાવિશેષણ તરીકે આ મુખ્યત્વે 'થી' અને ક્વચિત્ 'માં' અનુગ અને 'સુધી' 'લગી' એ નામયોગીઓ લે છે. અંદર, ઉપર, આગળ, પાછળ, હમણાં, હવે, નજીક, તરત, જલદી, જરૂર, ક્યાં, જ્યાં, ત્યાં, અહીં, જેમ, તેમ, કેમ, આમ વગેરે આ જાતનાં ક્રિયાવિશેષણો છે. અંદરથી, અંદર સુધી; ક્યાંથી, ક્યાં સુધી; હવેથી; નજીકથી, નજીકમાં; તરતમાં; જલદીથી; આમથી – એ પ્રમાણે એમને અનુગો અને

નામયોગીઓ લાગે છે.[૧]

આ ક્રિયાવિશેષણો પણ સંજ્ઞાની જેમ '-ન-' અનુગ સાથે વિશેષણાત્મક પદ બનાવે છે : 'અંદરનો ઓરડો' 'હવેનો સમય' 'ત્યાંનો રિવાજ' વગેરે. પરંતુ સંજ્ઞાની જેમ એ કર્તા-કર્મનાં સ્થાનોમાં આવી શકતાં નથી એટલે ક્રિયાવિશેષણો પરથી જ વિશેષણાત્મક પદો બને છે એમ આપણે કહેવું જોઈએ.[૨]

(૭) છેલ્લે એવાં ક્રિયાવિશેષણો રહે છે, જે કશા અનુગો લેતાં જ નથી. આ ક્રિયાવિશેષણોનું, આથી, બીજું કોઈ કાર્ય પણ હોતું નથી. એમને આપણે અવ્યયી કે અવિકારી ક્રિયાવિશેષણો કહી શકીએ. હજી, હજુ, કદાચ, ક્વચિત્, કદી, ખચીત, કદાપિ, અવશ્ય, નિરંતર, એકદમ, રખે, છો, નહીં, ન, ના, મા, ઝટ, માંડ વગેરે આ જાતનાં ક્રિયાવિશેષણો છે.

રવાનુકારી અને દ્વિરુક્ત ક્રિયાવિશેષણો પણ આ જ વર્ગમાં આવે. ટપ (ટપ દઈને), ફડ (ફડ દઈને), ઝટપટ, ટપોટપ, ઘટકઘટક, અડોઅડ, છલોછલ, તરતોતરત વગેરે. જોકે 'દઈને' અને 'કરતું' સાથેના પ્રયોગમાં રવાનુકારી શબ્દો સંજ્ઞા હોય એવું લાગે છે – 'ફટ દેતું' 'તડાક દેતું' 'પટપટ કરતો' 'રૂમઝૂમ કરતી' વગેરે. આ ક્રિયાવિશેષણોને પણ ક્વચિત્ '-ન-' લાગી વિશેષણાત્મક રૂપ બને છે : 'પડખોપડખનું ઘર'.[૨]

: ૩ : ક્રિયાવિશેષણોને પરંપરાગત રીતે 'અવ્યયો'ના વિભાગમાં મૂકવામાં આવે છે. પણ આપણે જોઈ શકીએ છીએ કે મોટા ભાગનાં ક્રિયાવિશેષણાત્મક પદો લિંગચિહ્ન કે વિભક્તિદર્શક અનુગો લે છે. અલબત્ત, આપણે જેમને મુખ્યત્વે ક્રિયાવિશેષણ કહ્યા છે એવાં પદો લિંગવિકાર પામતાં નથી (લિંગવિકાર ક્રિયાવિશેષણ તરીકે વપરાતાં વિશેષણો અને કૃદંતોમાં જ થાય છે) – એમને વિકારી '-ન-' અનુગ લાગે છે પણ એ જુદી જ વસ્તુ છે – એટલે એમને એ અર્થમાં 'અવ્યય' કહેવા હોય તો કહી શકાય. લિંગવિકાર ન પામતાં હોય કે અનુગો પણ ન લેતાં હોય એવાં ક્રિયાવિશેષણો તો મર્યાદિત સંખ્યામાં છે. ખરેખરાં અવ્યયરૂપો તો એ જ કહેવાય. આમ ગુજરાતીમાં ક્રિયાવિશેષણ આપોઆપ

---

૧. 'થી' સામાન્ય રીતે અપાદાનનો વિશેષ અર્થ દર્શાવવા આવે છે – 'હવે' અને 'હવેથી'નો ભેદ સ્પષ્ટ છે. પરંતુ 'જલદી' અને 'જરૂર'ને એ સ્વાર્થે લાગતો જણાય છે. 'જલદી' અને 'જલદીથી', 'જરૂર' અને 'જરૂરથી' વચ્ચે ખાસ કશો અર્થભેદ નથી. 'માં' અનુગ તો આ જ રીતે આવે છે. 'નજીક' અને 'નજીકમાં', 'તરત' અને 'તરતમાં' વચ્ચે કશો નોંધપાત્ર અર્થભેદ નથી.

૨. '-ન-' અનુગનો આ જાતનો વિનિયોગ ઘણો વ્યાપક છે. નામયોગીઓ પછી પણ આવીને એ વિશેષણાત્મક પદ બનાવે છે : 'લખવા માટેનું સાધન' 'ઝાડ પાસેનું મંદિર' 'ઘર પછવાડેનો વાડો' વગેરે. જોકે અહીં નામયોગીઓવાળો પદસમૂહ બહુધા ક્રિયાવિશેષણાત્મક વાક્યખંડ હોય છે.

અવ્યયી પદનો પ્રકાર નથી, પરંતુ કેટલાંક ક્રિયાવિશેષણો અવ્યયી છે ખરાં.

: ૪ : ક્રિયાવિશેષણો કેવાકેવા અર્થના વાચક છે એ રીતે પણ એમનું વર્ગીકરણ કરી શકાય. જેમને આપણે મુખ્યત્વે ક્રિયાવિશેષણાત્મક પદો કહ્યાં છે તેમને આપણે, વ્યાપકભાવે વિચારતાં, નીચે પ્રમાણે વર્ગોમાં વહેંચી શકીએ :

(૧) ક્રમવાચક ક્રિયાવિશેષણો : આગળ, પાછળ, અગાઉ, પછી વગેરે.

(૨) સ્થળવાચક ક્રિયાવિશેષણો : અંદર, બહાર, નજીક, પાસે, દૂર, ઉપર, નીચે, હેઠળ, અહીં, ત્યાં, જ્યાં[૩], ક્યાં[૪], આસપાસ વગેરે.

(૩) સમયવાચક ક્રિયાવિશેષણો : ક્યારે, અત્યારે, જ્યારે, ત્યારે[૫], હાલ, હવે, હમણાં, નિરંતર, સદા, સર્વદા, હમેશાં, કદાપિ, કદી, કદીક, ક્યારેક, ક્વચિત્, વારંવાર, અવારનવાર વગેરે.

(૪) રીતિવાચક ક્રિયાવિશેષણો : આમ, એમ, જેમ, તેમ, કેમ[૬], માંડ, ચૂપચાપ વગેરે. એકદમ, જલદી, ઝટ, તરત, તાબડતોબ, એકાએક વગેરેમાં સમયની અર્થછાયા હોવા છતાં એ મુખ્યત્વે રીતિવાચક છે. અડોઅડ, ઘટકઘટક, તરતોતરત વગેરે દ્વિરુક્ત શબ્દો પણ રીતિવાચક ક્રિયાવિશેષણ જ બનાવે છે.

(૫) નિશ્ચયવાચક ક્રિયાવિશેષણો : જરૂર, ખરેખર, અવશ્ય, ખચીત વગેરે.[૭]

(૬) સ્વીકારવાચક ક્રિયાવિશેષણો : ભલે, છો, હા, વારુ, સારું વગેરે.[૮]

(૭) નકારવાચક ક્રિયાવિશેષણો : નહીં, ના, મા, ન વગેરે.

---

૩. 'જ્યાં હું સ્ટેશને પહોંચ્યો ત્યાં ગાડી આવી પહોંચી' જેવાં વાક્યોમાં 'જ્યાં-ત્યાં' સમસામયિકતા દર્શાવે છે. 'જ્યાં સુધી' 'ત્યાં સુધી' 'ક્યાં સુધી' પણ સમય બતાવે છે.

૪. 'જે પુસ્તક ખરીદે નહીં તે વાંચે ક્યાંથી ?' જેવા ઉદાહરણમાં 'ક્યાંથી' (=કેવી રીતે) રીતિવાચક છે.

૫. 'જ્યારે તમે નથી આવતા ત્યારે હું એકલો જઈને શું કરું ?' જેવા વાક્યમાં 'જ્યારે-ત્યારે' શરતનો અર્થ વ્યક્ત કરે છે.

૬. 'તમે એને કેમ મળ્યા ?' જેવાં વાક્યોમાં 'કેમ' (=શા માટે) કારણવાચક તરીકે આવે છે.

૭. 'ખરેખર એણે મને આ વાત કરી હતી', 'એણે મને ખરેખર આ વાત કરી હતી' 'એણે મને આ વાત ખરેખર કરી હતી' જેવાં વાક્યોમાં 'ખરેખર' જુદાંજુદાં પદો સાથે સંકળાતું જણાય છે. એ રીતે આ (અને નિશ્ચયવાચક ક્રિયાવિશેષણો પણ) નિપાતના વર્ગમાં જાય. પણ આ વાક્યોમાં 'એણે' 'આ વાત' વગેરે પરનો ભાર પણ અન્યવ્યાવર્તકતાનો અર્થ નિપજાવે છે. એટલે આ પદોનું સ્વરૂપ કંઈક સંદિગ્ધ રહે છે.

૮. 'હા' 'વારુ' 'સારું' ક્રિયાપદની સાથે નહીં, આખી ઉક્તિની સાથે સંબંધ ધરાવે છે. એટલે એમને ક્રિયાવિશેષણ કહી શકાય કે કેમ તે પ્રશ્ન છે. કદાચ જુદો વર્ગ કરવો પડે. અહીં રૂઢિને અનુસરી એમને ક્રિયાવિશેષણ કહ્યાં છે.

(૮) સંભાવનાવાચક ક્રિયાવિશેષણો : કદાચ, રખે, જાણે વગેરે.[૯]

'ખૂબ' 'જરા' 'તદ્દન' 'અતિશય' વગેરે વિશેષણો પ્રમાણવાચક ક્રિયાવિશેષણ તરીકે વપરાય છે એ નોંધપાત્ર છે. ક્રિયાવિશેષણ તરીકે વપરાતાં સંજ્ઞા-પદો, વિશેષણો-પદો કે કૃદંતો (અનુગો કે નામયોગીઓ સાથે કે એના વિના)ને ઉપરનામાંથી કોઈ ને કોઈ પ્રકારમાં મૂકી શકાશે.

[૨] સંયોજકો

: ૧ : વાક્યો, પદસમૂહો અને પદોને જોડવાનું કામ કરનાર પદોને પરંપરાગત રીતે 'ઉભયાન્વયી અવ્યય' તરીકે ઓળખવામાં આવે છે. આપણે એમને 'સંયોજકો' કહીશું. નીચેનાં ઉદાહરણો જુઓ. (ક) વિભાગમાં સંયોજક વડે વાક્યો જોડાયાં છે, (ખ) વિભાગમાં વાક્યખંડો – પદસમૂહો કે પદો જોડાયાં છે :

(ક) 'એ ગયો **અને** તમે આવ્યા.'
જો તમે અમારી સાથે નહીં આવો **તો** અમને મજા આવશે નહીં.'
'સાહેબે મને બોલાવ્યો છે **એટલે** હું આવ્યો છું.'
'તમે જલદી પુસ્તક લખી આપો **અથવા** ના પાડો.'

(ખ) 'બૅંકની **અને** એલ.આઈ.સી.ની નોકરી અત્યારે સારી ગણાય છે.'
'હું **અથવા** મારો કોઈક પ્રતિનિધિ જશે.'
'અહિંસા **એટલે** હિંસા ન કરવી એ તો સ્થૂળ અર્થ થયો.'

જોઈ શકાશે કે કેટલાક સંયોજકો કેવળ વાક્યને જ જોડવા માટે પ્રયોજાય છે – જેમકે જો–તો, જ્યાં–ત્યાં, કારણકે, છતાં, તેથી, માટે, નહીંતર વગેરે; ત્યારે કેટલાક સંયોજકો વાક્યો તેમજ પદસમૂહો કે પદોને જોડવા માટે પણ પ્રયોજાય છે – જેમકે ને, અને, તથા, તેમજ, પણ, અથવા, અથવા-તો, કે[૧૦], નહીં-તો, એટલે, એટલેકે, અર્થાત્. બન્ને રીતે પ્રયોજાતા સંયોજકોનાં થોડાં ઉદાહરણો જુઓ (થોડાં ઉદાહરણ ઉપર આવી ગયાં છે) :

(૧) 'તમે એને કહ્યું **તેમજ** મેં પણ કહ્યું.' (વાક્યોને જોડે છે)
'તમારું **તેમજ** મારું કહ્યું એ માને છે.' (પદોને જોડે છે)

(૨) 'તમે આવશો **કે** તમારો ભાઈ આવશે ?' (વાક્યોને જોડે છે)

---

૯. 'કદાચ હું આવું' 'હું કદાચ આવું' જેવાં વાક્યોમાં 'કદાચ' જુદાંજુદાં પદો સાથે સંકળાય છે. એ રીતે એને (તથા અન્ય સંભાવનાવાચક ક્રિયાવિશેષણોને પણ) નિશ્ચયવાચક ક્રિયાવિશેષણોની જેમ નિપાતના વર્ગમાં મૂકવાની સ્થિતિ ઊભી થાય છે.

૧૦. અવતરણવાચક 'કે' (દા.ત. 'એણે કહ્યું કે...') માત્ર વાક્યોને જ જોડે છે.

'હું કે મારો ભાઈ ગમે તે એક આવશે.'[૭] (પદોને જોડે છે)

(૩) 'મુખ્ય પ્રધાને રાજીનામું આપ્યું. **નહીં-તો** એમના પર અવિશ્વાસની દરખાસ્ત પસાર થાત.' (વાક્યોને જોડે છે)

'નોકરી તો એક **નહીં-તો** બીજી મળી જ રહેશે.' (પદોને જોડે છે)

(૪) 'રમેશને એ.ટી.કે.ટી. મળેલ છે **એટલેકે** નાપાસ થયા છતાં ઉપલા વર્ગના સત્ર ભરવાની છૂટ આપવામાં આવી છે.' (વાક્યોને જોડે છે)

'રમેશને એ.ટી.કે.ટી. **એટલેકે** ઉપલા વર્ગના સત્ર ભરવાની છૂટ મળી છે.' (પદોને જોડે છે)

(૫) 'એ ઉતાવળે ગયો **પણ** પહોંચ્યો નહીં.' (વાક્યોને જોડે છે)

'થોડું **પણ** સારું કામ કરવું.' (પદોને જોડે છે)

: ૨ : સંયોજક તરીકે કામ આપતાં પદોમાં પણ રચનાની દૃષ્ટિએ ઘણું વૈવિધ્ય છે :

(૧) સાપેક્ષ ક્રિયાવિશેષણો, સર્વનામો અને વિશેષણો સંયોજકનું કામ પણ આપે છે : જ્યાં–ત્યાં, જ્યારે–ત્યારે, જેમ–તેમ, જે–તે, જેવું–તેવું વગેરે.

(૨) કોઈક નામયોગીઓ પણ સંયોજક તરીકે વપરાય છે : છતાં, માટે.

(૩) સંયોજક તરીકે વપરાતાં કોઈક પદો એવાં છે કે જે, હવે પછી આપણે જોઈશું તેવા, નિપાતો (particles) તરીકે પણ આવે છે : તો, પણ. નીચેનાં વાક્યો જુઓ :

(ક) 'તમે ગાશો **તો** હું ગાઈશ.' (સંયોજક)

'તમે **તો** ગાયું નહીં.' (નિપાત)

(ખ) 'તમને ગાતાં આવડે છે **પણ** મને આવડતું નથી.' (સંયોજક)

'તમે **પણ** કેમ ન ગાયું ?' (નિપાત)

(૪) કેટલાક સંયોજકો સર્વનામ કે વિશેષણને અનુગ લાગી બનેલા છે : તેથી, એથી, એટલે.

(૫) કેટલાક સંયોજકો બહુધા ક્રિયાવિશેષણને અને ક્વચિત્ સંજ્ઞાને પણ 'કે' 'તો' 'જ' 'તર' એવા ઘટકો લાગી બનેલા છે : કેમકે, જેમકે, કારણકે[૧૧], નહીં-તો[૧૨], તેમજ, નહીંતર.

(૬) બે સંયોજકોનાં થોડાંક સંયુક્ત રૂપો પણ સ્વતંત્ર સંયોજક તરીકે વપરાતાં જોવા મળે છે : એટલેકે, એટલે-તો[૧૩], છતાં-પણ, તોપણ, જોકે.

---

૧૧. આ 'કારણ એ છે કે'નો સંક્ષેપ હોવાનો સંભવ છે.

૧૨. આ 'એમ નહીં થાય તો' જેવા વાક્યનો સંક્ષેપ છે.

૧૩. આમાં 'એટલે' સાથે 'તો' નિપાત જોડાયો છે એમ પણ કહી શકાય.

(૭) જેમને આપણે મૂળભૂત રીતે અને કેવળ સંયોજક કહી શકીએ તેવાં થોડાંક પદો છે : ને, તથા, જો–તો, કે, પણ, પરંતુ, અર્થાત્, બલ્કે.

: ૩ : સંયોજકો તરીકે વપરાતાં પદોને આપણે અર્થની દૃષ્ટિએ નીચેના વર્ગોમાં વહેંચી શકીએ :

(૧) સમુચ્ચયવાચક એટલેકે પદો કે વાક્યોના અર્થોનો સરવાળો દર્શાવનાર : ને, અને, તથા, તેમજ, વળી, ઉપરાંત.

(૨) સહસંબંધવાચક એટલેકે વાક્યોના અર્થોનો પરસ્પર સંબંધ દર્શાવનાર : જો–તો, જ્યારે–ત્યારે, જેમ–તેમ, જ્યાં–ત્યાં. આ જોડકા સંયોજકો વડે શરત, સમાન સમય-સ્થળ આદિથી જોડાયેલાં વાક્યો બને છે, અને તેમાંથી 'જો' 'જ્યારે' 'જેમ' 'જ્યાં'નો વાક્યમાં લોપ થઈ શકે છે. 'નહીં-તો' અને 'નહીંતર' પણ શરતી સંભાવના દર્શાવે છે.

(૩) વિરોધવાચક એટલેકે વાક્યોના અર્થોને પરસ્પર વિરોધમાં મૂકનાર : જોકે–તોપણ, છતાં, પણ, છતાં-પણ, ઊલટું, બલ્કે. 'જોકે' અને 'તોપણ' એકલા પણ આવી શકે છે. એકલું 'જોકે' વપરાયું હોય તો 'જોકે'વાળું વાક્ય પાછળ આવે છે : 'એણે ઘણો આગ્રહ કર્યો, જોકે મેં માન્યું નહીં.'

(૪) વિકલ્પવાચક એટલેકે પદો કે વાક્યોના અર્થો વચ્ચે વિકલ્પ દર્શાવનાર : અથવા, અથવા-તો, કે.

(૫) પર્યાયવાચક એટલેકે પદ કે વાક્યનો બીજા પદ કે વાક્યમાં અર્થ દર્શાવનાર : અર્થાત્, એટલે, એટલેકે.

(૬) પરિણામવાચક એટલેકે પાછળના વાક્યમાં પરિણામ દર્શાવનાર : એટલે, તેથી, એથી, માટે, કે (આ અર્થમાં 'કે' સામાન્ય રીતે પોતાની આગળ 'એટલું' 'એવું' જેવાં વિશેષણ લે છે : 'એ એટલું બોલ્યા કે થાકી ગયા.' સ્વતંત્ર પ્રયોગ પણ થઈ શકે છે ખરો : 'કૂતરુંયે નથી કે મને જોઈને ભસે.')

(૭) કારણવાચક એટલેકે પાછળના વાક્યમાં કારણ દર્શાવનાર : કારણકે, કેમકે.

(૮) દૃષ્ટાંતવાચક એટલેકે પાછળના વાક્યમાં ઉદાહરણ દર્શાવનાર : જેમકે.

(૯) અવતરણવાચક એટલેકે પાછળના વાક્યમાં અવતરણ રજૂ કરનાર : કે.

'કે' સંયોજક વિકલ્પવાચક, પરિણામવાચક અને અવતરણવાચક એમ ભિન્નભિન્ન રીતે કાર્ય કરે છે તે જુઓ. વળી, સંયોજકોના, એમના સામાન્ય અર્થથી જુદા અર્થના પ્રયોગો પણ મળે છે. જેમકે, 'ભાગલો હોય નહીં ને આટલાં ઝાડ ઊઝરે નહીં'માં 'ને' શરતવાચક – 'તો'ના અર્થમાં – છે. 'એમણે કહ્યું નથી ને કામ થયું નથી'માં 'ને' તત્કાલ પરિણામ દર્શાવે છે – 'એ કહે એટલે તરત જ કામ થાય' એવો અર્થ છે. 'હું આવ્યો કે એ ગયો'માં 'કે' પણ તત્કાલવાચક છે. નિષેધવાળી રચનામાં 'કે' સમુચ્ચયવાચક

બની જાય છે. જેમકે, 'વાંદરાને ન મળે માળો કે ન મળે તબેલો.' અહીં 'કે'ને સ્થાને 'ને' મૂકી શકાશે. 'તો' પણ સમુચ્ચયવાચક તરીકે આવી શકે છે : 'ઘડીમાં એ બોલવા લાગતો તો ઘડીમાં એ બોલવા લાગતો.' 'ચોમાસું પાકશે એટલે રકમ આપી દેશે'માં 'એટલે' પરિણામવાચક ઉપરાંત સમયવાચક પણ છે. આમ, સંયોજકોના અર્થો વધુ વ્યવસ્થિત અને ઝીણવટભર્યો અભ્યાસ માગે છે.

[૩] નિપાતો

: ૧ : ગુજરાતીમાં થોડાક ઘટકો એવા છે જે સંજ્ઞા, વિશેષણ, ક્રિયાવિશેષણ કે ક્રિયાપદની સાથે – એમનાં અનુગો કે નામયોગીઓવાળાં રૂપ સાથે પણ – આવે છે અને ભાર વગેરે કેટલીક વિશિષ્ટ અર્થછાયાઓ દર્શાવે છે. આ ઘટકો, કોઈક અપવાદ બાદ કરતાં, બધે એક જ અંગ ધરાવે છે. આપણે એમને 'નિપાતો' તરીકે ઓળખીશું. નિપાતો નીચે પ્રમાણે છે :

(૧) 'જ' : આ નિપાત ભારપૂર્વક કથન કરવા માટે પ્રયોજાય છે. જે પદની સાથે આવે તેનું ભારપૂર્વક કથન થાય છે :

'તમે **સારું જ** કર્યું.' (ખરેખર સારું)
'**અત્યારે જ** ચાલો.' (પછી નહીં)
'મેં ના કહી હતી છતાં એ **બોલ્યો જ.**' (બોલ્યા વિના રહ્યો નહીં)
'એ **કિશોર જ** છે.' (બીજું કોઈ નહીં)
'આ કામ **તમારાથી જ** થઈ શકશે.' (બીજા કોઈથી નહીં)

કેટલાંક વાક્યોમાં અન્યવ્યાવર્તકતા (આ સિવાય બીજું નહીં)નો ને છેલ્લા જેવા કોઈ વાક્યમાં અનન્યતાનો અર્થ જોઈ શકાશે.

(૨) 'તો' : આ નિપાત અન્યનિરપેક્ષતા (બીજું નહીં તોપણ આ)નો અર્થ દર્શાવે છે. ક્રિયાપદ સાથે આવે છે ત્યારે એ પોતાની સાથે 'ખરું'નું વિકારી રૂપ લે છે (નિષેધવાક્યમાં નહીં) :

'હું **તો** જઈશ.' (બીજું કોઈ આવે કે ન આવે)
'એનું કામ **ચોક્કસ તો** હોય છે.' (ભલે ધીમું હોય)
'એ **આવશે તો** ખરો.' (ક્યારે આવશે તે કહેવાય નહીં)
'એ આવશે પણ **ખાશે તો** નહીં.' (ખાલી બેસશે કે વાતો કરશે)

ખરેખર અહીં 'તો' એક કરતાં વધુ વિકલ્પમાંથી એકની પસંદગી અને તેના પરનો ભાર દર્શાવે છે.

(૩) 'ને' : આ નિપાત ક્રિયાપદની સાથે અને ક્રિયાપદ ન હોય ત્યારે વિધેયવાચક

અન્ય પદની સાથે આવે છે અને આગ્રહનો કે ખાતરી કરવાનો અર્થ – દૃઢીકરણનો અર્થ – દર્શાવે છે :

બેસો ને.'

'તમે **આવશો ને ?**'

'આ તમારા **ભાઈ ને ?**'

'**મેં કહ્યું તે ખરું ને ?**'

'કદાચ' એ ક્રિયાવિશેષણની સાથે પણ 'ને'નો વિનિયોગ થયેલો મળ્યો છે : 'કાવ્યનું સર્જન અને આસ્વાદન એ **કદાચ ને** આ પૃથ્વી પરની એકમાત્ર નિઃસ્વાર્થ પ્રવૃત્તિ છે.'

(૪) 'ય' 'પણ' 'સુધ્ધાં' : આ નિપાતો અંતર્ભાવનો – અન્ય સાથે આનો પણ સમાવેશ થવાનો અર્થ, 'બીજું તેમ આ' એવો અર્થ દર્શાવે છે. આ નિપાતો પણ વિધેયવાક્યમાં ક્રિયાપદની સાથે 'ખરું'નું વિકારી રૂપ લે છે (નિષેધવાક્યમાં 'ખરું'ની જરૂર રહેતી નથી) :

'એણે **મનેય/મને પણ/મને સુધ્ધાં** કહ્યું હતું.' (બીજાઓને કહ્યું હતું તેમ)

'એનું કામ **ધીમુંય/ધીમું પણ/ધીમું સુધ્ધાં** હોય છે.' (અવ્યવસ્થિત હોવાનું સાથે ધીમું)

'હું **ન પણ** જાઉં.' (જાઉં તેમ ન જાઉં)

'એણે **ગાયુંય/ગાયું પણ/ગાયું સુધ્ધાં** ખરું.' (આવ્યો અને ગાયું)

'મેં આવું **કલ્પ્યું સુધ્ધાં** નહોતું.' (બન્યું નથી તેમ કલ્પ્યું નહોતું.)

'ય' નિપાત 'યે' અને ક્વચિત્ 'એ' રૂપે પણ મળે છે.

(૫) 'જી' : આ નિપાત આદર કે વિનયવાચક છે અને અમુક સંજ્ઞાઓ તેમજ ક્રિયાપદની સાથે આવે છે :

શેઠજી, મને થોડા પૈસા આપો.'

'કાગળનો જવાબ જલદી **લખશોજી.**'

'હા' અને 'ના' એ ક્રિયાવિશેષણો પણ આ નિપાત લે છે : 'હાજી', 'નાજી'.

(૬) 'ખરું' : 'ખર-'નાં લિંગચિહ્નવાળાં રૂપો ક્રિયાપદની સાથે અને ક્રિયાપદ ન હોય ત્યારે વિધેયવાચક પદની સાથે આવે છે અને અવધારણાવાચક તરીકે કામ આપે છે.

'એ **આવ્યો ખરો.**'

'તું **ડાહ્યો ખરો.**'

(૭) 'ફક્ત' 'માત્ર' 'કેવળ' : પદની પૂર્વે આવી અન્યવ્યાવર્તકતા – આ સિવાય બીજું નહીં – નો અર્થ દર્શાવે છે :

'**ફક્ત / માત્ર / કેવળ** હું હાજર રહ્યો હતો.' (બીજું કોઈ નહીં)
'મારે તો **ફક્ત / માત્ર / કેવળ બોલવાનું** છે.' (બીજું કંઈ કરવાનું નથી)
'એનું કામ **ફક્ત / માત્ર / કેવળ** ઝડપી નથી હોતું, ચોખ્ખું પણ હોય છે.'

[૪] ઉદ્‌ગારવાચકો

: ૧ : કેટલાંક પદો હર્ષ, તિરસ્કાર, આશ્ચર્ય, દુઃખ, પ્રશસ્તિ, સાંત્વન, સંબોધનનો ભાવ દર્શાવવા એકલાં આવી શકે છે. એ વાક્યથી અલગ એકલાં આવતાં હોવાથી પરંપરાગત રીતે એમને 'કેવળપ્રયોગી અવ્યયો' કહેવામાં આવ્યા છે. આપણે એમને 'ઉદ્‌ગારવાચકો' કહી શકીએ. વાહ, શાબાશ, અહો, ઓહ, અરરર, અરે, હેં, જી, અલ્યા, હાશ, હાય રે, છટ્ વગેરે આ જાતનાં પદો છે. કેટલાંક નામિક પદોનો પણ આ રીતે ઉપયોગ થઈ શકે છે, જેમકે 'બાપ રે' 'ઓ માડી' વગેરે.

સંદર્ભ

ક્રિયાવિશેષણો : ભાયાણી (૨), પૃ.૮૬–૯૫, ૧૯૩–૧૯૪; કાર્ડોના, એકમ ૬.૧, ૬.૧.૧; દેસાઈ (૨), પૃ.૩૦૮–૩૨૦.
સંયોજકો : કાર્ડોના, એકમ ૬.૪; ભાયાણી (૨), પૃ.૨૪૧–૨૫૫; દેસાઈ(૨), પૃ.૩૨૪–૩૨૮.
નિપાતો : કાર્ડોના, એકમ ૬.૩; ભાયાણી (૨), પૃ.૨૫૬; વ્યાસ યોગેન્દ્ર (૪), પૃ.૨૬૫–૨૭૦; દેસાઈ (૨), પૃ.૩૨૧–૩૨૩.
ઉદ્‌ગારવાચકો : દેસાઈ (૨), પૃ.૩૨૯–૩૩૦.

સ્વાધ્યાય

૧. સંજ્ઞા અને વિશેષણ ક્રિયાવિશેષણ તરીકે વપરાય છે તેનું એકએક ઉદાહરણ આપો.
૨. 'અત્યારે' 'હવે' વગેરે સંજ્ઞાની જેમ અનુગો અને નામયોગીઓ લે છે છતાં એમને મુખ્યત્વે ક્રિયાવિશેષણ ગણવાનું શું કારણ છે ?
૩. નીચેનાં વાક્યોમાં 'સામે' કયા પદ તરીકે છે તે દર્શાવ્યું છે. સાચાં જોડકાં ગોઠવી આપો :

(૧) **સામે** કોણ રહે છે ?	નામયોગી
(૨) **સામે** ઘરે કહી આવો.	વિશેષણ
(૩) મારા ઘરની **સામે** પોસ્ટઑફિસ છે.	ક્રિયાવિશેષણ

૪. નીચેનાં વાક્યોમાં ઘાટાં બીબાંમાં છાપેલાં પદો સંજ્ઞા, વિશેષણ, ક્રિયાવિશેષણ, નામયોગી, સંયોજક કે નિપાત તરીકે કાર્ય કરે છે તે જણાવો :
(૧) એ બધાંને મારી **વિરુદ્ધ** ભંભેરે છે.
(૨) ચાર મત **વિરુદ્ધ** પડ્યા.
(૩) ચાર **વિરુદ્ધ** મતે ઠરાવ ઊડી ગયો.

(૪) ખાલી જગ્યા હોવા **છતાં** એણે મને ના પાડી.
(૫) એણે ઘણી મહેનત કરી **છતાં** એ પાસ ન થયો.
(૬) મેં એને **એટલે** સુધી કહ્યું કે નહીં આવડે તે હું લખી આપીશ.
(૭) નોકરી **એટલે** નોકરી. એમાં બીજું કશું ન ચાલે.
(૮) તમે રમેશના ભાઈ છો **ને** ?
(૯) ખાધું, પીધું **ને** રાજ કર્યું.
(૧૦) એ **ખરો** માણસ છે !
(૧૧) એણે મારા પર **ખરું** વિતાડ્યું.
(૧૨) હું હવે થોડું ચાલું છું **ખરો** પણ હજુ થાકી જાઉં છું.

૫. 'કે' સંયોજકના ભિન્નભિન્ન પ્રયોગનાં વાક્યો આપો.

૧૬

[૧] રૂપસંવાદ

: ૧ : હવે આપણે પદસંબંધ કે વાક્યરચનાની ગુજરાતી ભાષાની મુખ્ય ખાસિયતોનો વિચાર કરીએ. વાક્ય એ પદોનો સમુદાય છે અને એ પદો વચ્ચે મેળના કોઈ ને કોઈ નિયમો પ્રવર્તતા હોય છે. અમુક પદોનું રૂપ બીજાં પદો પ્રમાણે આવતું હોય કે એનાથી નિયંત્રિત થતું હોય એટલેકે વાક્યના ઘટકો રૂપસંવાદ (concord) ધરાવતા હોય કે એમની વચ્ચે રૂપનિયંત્રણ (government)નું તત્ત્વ કામ કરતું હોય. આને 'પદસંવાદ' કે 'પદનિયંત્રણ'થી પણ ઓળખાવવામાં આવે છે.

: ૨ : પહેલાં આપણે રૂપસંવાદનો વિચાર કરીએ. સંવાદની અપેક્ષા વિશેષણો, ક્રિયાવિશેષણો અને કૃદંતોના અમુક વર્ગમાં તથા ક્રિયાપદરૂપોમાં રહે છે. આનું નિરૂપણ આગળની ચર્ચાઓમાં થઈ ગયું છે એટલે અહીં આપણે મુખ્ય વિગતોની તારવણી જ કરવાની રહે છે.

વિશેષણ કે વિશેષણાત્મક પદ જ્યારે વિકારી હોય ત્યારે વિશેષ્યના લિંગવચન અનુસાર લિંગ-વચન સૂચવતું રૂપ લે છે (વિશેષ્યમાં લિંગ-વચનનાં ચિહ્ન હોવાં આવશ્યક નથી) : 'સારી ચોપડીઓ', 'તમારું કામ', 'લખેલો કાગળ', 'કેટલાં પગથિયાં', 'ડાહ્યા માણસો' વગેરે.

વિશેષ્ય જો કોઈ અનુગ કે નામયોગી સાથે આવે તો વિકારી વિશેષણ પુંલ્લિંગમાં 'આ'વાળું સામાન્ય રૂપ અને નપુંસકલિંગમાં એકવચનમાં 'આ'વાળું રૂપ લે છે : 'પેલો માણસ', પણ 'પેલા માણસને', 'પેલા માણસ પાસે', 'મિલનું કાપડ', પણ 'મિલના કાપડમાં', 'મિલના કાપડ વિશે' વગેરે. પણ નપુંસકલિંગ બહુવચનમાં તો, વિશેષ્યને પાછળ અનુગ કે નામયોગી હોય ત્યારે પણ, વિકારી વિશેષણ 'આં'વાળું જ રૂપ લે છે : 'કેટલાં પગથિયાંમાં' 'કેટલાં પગથિયાં ઉપર'. પરંતુ વિશેષણ કે વિશેષણાત્મક પદ જો વિધેયસ્થાને આવતું હોય તો તે, વિશેષ્યને અનુગ લાગ્યો હોય ત્યારે પણ, વિશેષ્યનાં લિંગ-વચન અનુસાર લિંગવચન સૂચવતું રૂપ લે છે, સામાન્ય રૂપ નહીં :

'આ **ઘોડો** ઊંચી **જાતનો** છે.'
'હું **રમેશને ભલો** માનતો હતો.'
'હું આ **ઘરને નસીબવંતું** ગણું છું.'

: ૩ : કૃદંતોમાં 'ઈ/ઈને' પ્રત્યયવાળા રૂપને બાદ કરતાં બધાં જ, ફરજિયાતપણે કે વૈકલ્પિક રીતે, કર્તા કે કર્મનાં લિંગ-વચનનાં ચિહ્ન લે છે. '-વ+ન-' પ્રત્યયવાળા વિધ્યર્થકૃદંતના કર્તા કે કર્મનાં લિંગચિહ્ન લેતા બે વિભિન્ન પ્રયોગો છે :

'હું આ કામ **કરવાનો** છું.' (કર્તાનું લિંગચિહ્ન)

'મારે આ **કામ કરવાનું** છે.' (કર્મનું લિંગચિહ્ન)

'-ત-' પ્રત્યયવાળું વર્તમાનકૃદંત અને '-નાર-' પ્રત્યયવાળું (વિકલ્પે લિંગચિહ્ન લેતું) ભવિષ્યકૃદંત કર્તા પ્રમાણે લિંગવચન સૂચવતું રૂપ લે છે :

'ગાડી હમણાં સમયસર **આવતી** નથી.'

'આજે કેટલા **વક્તાઓ બોલનારા** છે ?'[૧]

'-ય-' અને '-ય+એલ-' પ્રત્યયવાળાં ભૂતકૃદંતો (બીજું વૈકલ્પિક રીતે) અને '-વ-' પ્રત્યયવાળું વિધ્યર્થકૃદંત કર્મ પ્રમાણે લિંગવચન સૂચવતું રૂપ લે છે :

'શાહીનો **ખડિયો** કોણે **ઢોળ્યો** ?'

'આ **ગીત** એણે રેડિયો પર **ગાયેલું**.'

'તારે રોજ બે કલાક **ભક્તિ કરવી**.'

કર્મનિરપેક્ષ રચનામાં સકર્મક ધાતુઓમાં ભૂતકૃદંત અને વિધ્યર્થકૃદંત નપુંસકલિંગ એકવચનનું રૂપ લે છે :

'આજ તો મેં ખૂબ **વાંચ્યું**.'

'તમારે રોજ બે કલાક **લખવું**.'

પણ ધાતુ અકર્મક હોય ત્યારે ભૂતકૃદંત કર્તા પ્રમાણે લિંગવચન સૂચવતું રૂપ લે છે[૨] અને વિધ્યર્થકૃદંત નપુંસકલિંગ એકવચનના રૂપમાં આવે છે[૩] :

'મારો **ભાઈ** ગઈ કાલે મુંબઈ **ગયો**.'

'તમારે એને ઘરે ક્યારે **જવું** છે ?'

કૃદંતો વિશેષણ તરીકે આવે ત્યારે આપણે આગળ નોંધેલી વિશેષણની રીતે વર્તે છે.

: ૪ : વિકારી વિશેષણો અને કૃદંતો ક્રિયાવિશેષણ તરીકે પણ આવે છે.

---

૧. ક્રિયાપદ તરીકે ભવિષ્યકૃદંત બહુધા અવિકારી રૂપે આવતું હોય એમ જણાય છે : 'આજે કેટલા વક્તાઓ **બોલનાર** છે ?'

૨. 'બોલ' વગેરે કેટલાક સકર્મક ધાતુઓમાં પણ ભૂતકૃદંત કર્તાનાં લિંગ-વચન લે છે : 'મારો ભાઈ ખૂબ **બોલ્યો**.'

૩. અકર્મક ધાતુમાં 'જોઈએ' સાથે વિધ્યર્થકૃદંતનો કર્તાલક્ષી પ્રયોગ નોંધપાત્ર છે : '**એ** હમણાં **આવવો** જોઈએ.'

અકર્મક ક્રિયાપદનાં ક્રિયાવિશેષણો તરીકે આવતાં વિશેષણો કર્તાનાં લિંગવચનનું રૂપ લે છે :

'તે રોજ **મોડો** આવે છે.'

'છોકરીઓ **કેવી** દોડી !'

અકર્મક ક્રિયાપદનાં ક્રિયાવિશેષણો તરીકે આવતાં વિશેષણો અમુક પ્રયોગોમાં નપુંસકલિંગ એકવચનનું રૂપ પણ લે છે :

'છોકરીઓ **કેવું** દોડી !'

સકર્મક ક્રિયાપદનાં ક્રિયાવિશેષણો તરીકે આવતાં વિશેષણોના ત્રણે જાતના પ્રયોગો મળે છે – કર્તાનાં લિંગ-વચનનું રૂપ લેતા, કર્મનાં લિંગ-વચનનું રૂપ લેતા અને નપુંસકલિંગ એકવચનનું રૂપ લેતા :

'તે કાયમ **મોડો** દૂધ પીએ છે.' (કર્તાનાં લિંગ-વચન)

'તે કાયમ એની **રકમ મોડી** આપે છે.' (કર્મનાં લિંગ-વચન)

'**સરખું** કહેજે.' (નપુંસકલિંગ એકવચન)

એ જોઈ શકાયું હશે કે સકર્મક ક્રિયાપદવાળા વાક્યમાં કર્મ ન હોય ત્યારે નપુંસકલિંગ એકવચનનું રૂપ આવે છે.

વિધ્યર્થકૃદંત સાથે આવતાં વિશેષણો સામાન્ય 'આ'કારાંત કે નપુંસકલિંગ એકવચનનું રૂપ લે છે :

'તમારે મારા **આડા** આવવું નહીં.'

'**સીધા/સીધું** બેસવું.'

'-ય-' પ્રત્યયવાળું ભૂતકૃદંત (અકર્મક) અને '-ત-' પ્રત્યયવાળું વર્તમાનકૃદંત ક્રિયાવિશેષણ તરીકે દ્વિરુક્ત રૂપે કર્તાનાં લિંગ-વચનના રૂપે તેમ અવિકારી 'આં'કારાંત રૂપે પણ આવે છે :

'તે **પડ્યોપડ્યો** વાંચે છે.'

'તેણે **પડ્યાંપડ્યાં** વાંચ્યા કર્યું.'

'તે **બોલતોબોલતો** ગયો.'

'તેને **ખાતાંખાતાં** બોલવાની ટેવ છે.'

વર્તમાનકૃદંતનાં વિકારી અને અવિકારી રૂપના દ્વિરુક્તિ વિનાના પ્રયોગો પણ મળે છે :

'તે **બોલતો** અટક્યો.'

'તે **ગાતાં** થાક્યો.'

: ૫ : આપણે આગળ જોઈ ગયા છીએ કે કેટલાંક આખ્યાતિક રૂપો પુરુષ-વચન દર્શાવતા

વિશિષ્ટ પ્રત્યયોવાળાં છે. ત્યાં કર્તાના પુરુષ-વચન અનુસાર આખ્યાતિક અંગ અમુક પ્રત્યયવાળું રૂપ લે છે. આપણે જેમને સંભાવના, ભવિષ્ય, આજ્ઞાર્થ અને ભવિષ્ય આજ્ઞાર્થનાં રૂપો તરીકે ઓળખાવેલાં તેમાં આ જાતની સ્થિતિ જોવા મળે છે. જેમકે,

'હું આ કામ ન કરું. તમે કરો ?'
'તમે મારું **માનશો** પણ **એ માનશે** નહીં.'
'રમેશ, **તું** એકલો **ગા. બધાં** નહીં **ગાઓ.**'
'**બધાં** કાલે અગિયાર વાગ્યે **આવજો** પણ રમેશ, **તું** વહેલો **આવજે.**'[૪]

: ૬ : રૂપનિયંત્રણનું તત્ત્વ કેટલાંક આખ્યાતો સાથે આવતાં વિશિષ્ટ વિભક્તિરૂપો આદિમાં છે એમ કહી શકાય. પણ રૂપનિયંત્રણ કોને કહેવું. એની સીમા ક્યાં સુધી એ નક્કી ન કરીએ અને પ્રાપ્ય સામગ્રીની વ્યાપક રીતે તપાસ ન થાય ત્યાં સુધી રૂપનિયંત્રણની ચોકસાઈથી અને સાધાર વાત કરવી મુશ્કેલ છે. એટલે આપણે એ મુદ્દો અહીં જ છોડી દઈશું.

[૨] પદક્રમ

: ૧ : વાક્યરચનામાં એક મહત્ત્વનું તત્ત્વ તે પદોનો ક્રમ – પદવિન્યાસ છે. ગુજરાતીમાં પદક્રમથી કશા સંબંધો ભાગ્યે જ વ્યક્ત થાય છે. તેમ છતાં પદવિન્યાસની કેટલીક લાક્ષણિકતાઓ જોવા મળે છે. વિશેષણ-વિશેષ્ય, ક્રિયાવિશેષણ-ક્રિયાપદ, કર્તા-કર્મ-ક્રિયાપદ આદિ પરત્વે પદક્રમનાં કેટલાંક નિયમનો કામ કરતાં જણાય છે.

સૌથી મહત્ત્વનો વિશેષણ-વિશેષ્યનો ક્રમ છે, કેમકે વિશેષણ-વિશેષ્ય-સંબંધ સ્થાનનિયત છે. વિશેષણાત્મક પદ સામાન્ય રીતે વિશેષ્યની પૂર્વે આવે છે :

'**સારી કામગીરી** કરનારને ઇનામ આપવામાં આવશે.'
'**કમાતો છોકરો** માબાપને વહાલો લાગે.'
'**સવારની નિશાળ** કોને ગમે ?'
'સફાઈકામ **કરનારા માણસો આજે** હડતાળ પર છે.'

પરંતુ વિધેય રૂપે આવતું વિશેષણાત્મક પદ વિશેષ્યની પછી આવે છે :

'એની **કામગીરી સારી** ગણાય છે.'
'એનો મોટો **છોકરો કમાતો** થયો છે.'
'મારી **નિશાળ** હમણાં **સવારની** છે.'

---

૪. સંયુક્ત આખ્યાતિક રૂપોમાં એક (એટલેકે કૃદંતરૂપ) લિંગ-વચન વ્યક્ત કરનારું હોય અને બીજું પુરુષ-વચન વ્યક્ત કરનારું હોય (કે અવિકારી હોય) એમ બની શકે. જેમકે, 'મેં પાઠ **વાંચ્યો છે**' 'હું **વાંચતો હોઉં**' 'મેં **વાંચ્યું હોત**' વગેરે.

ક્વચિત્ બોલચાલની અમુક છટામાં પણ વિશેષણ વિશેષ્યની પછી આવે છે :

'**ગામ આખામાં** વાત ફેલાઈ ગઈ.'

એકથી વધુ વિશેષણો હોય ત્યારે પહેલાં સંખ્યાવાચક ને પ્રમાણવાચક અને પછી ગુણવાચક વગેરે વિશેષણો આવે :

'**બે નાનકડાં** બુલબુલ પંખી આવ્યાં.'

'**આટલાંબધાં સુંદર** પંખી તમે જોયાં છે ?'

: ૨ : બાકીનાં પદો પરત્વે લેખનમાં સામાન્ય રીતે આ ક્રમ શિષ્ટ ગણાય છે : કર્તા, ગૌણ કર્મ, મુખ્ય કર્મ, ક્રિયાવિશેષણ, ક્રિયાપદ. જેમકે,

'મેં તેને આ પાઠ સરસ રીતે ભણાવ્યો.'

'સરકારે લોકોને શિક્ષણ આપવાની વ્યવસ્થા પૂરેપૂરી કરેલી છે.'

પરંતુ આમાં હેરફેરને ઠીકઠીક અવકાશ છે. કર્તા-કર્મના ક્રમમાં બધા પ્રકારની હેરફેર થઈ શકે છે – અલબત્ત, એથી કેટલેક ઠેકાણે અર્થભાર થોડો બદલાતો જણાશે :

'મેં તેને આ વાત કહેલી.'

'તેને મેં આ વાત કહેલી'

'તેને આ વાત મેં કહેલી.'

'આ વાત મેં તેને કહેલી.'

'આ વાત તેને મેં કહેલી.'

રીતિવાચક ક્રિયાવિશેષણ સામાન્ય રીતે ક્રિયાપદની (કેટલીક વાર કર્મ + ક્રિયાપદની) તરત પૂર્વે આવે છે, સ્થળસમયવાચક ક્રિયાવિશેષણો એની પૂર્વે આવે છે :

'એ **ઝડપથી** કામ કરે છે.'

'**રસ્તા પર જોઈને** ચાલવું.'

'**આજે નિરાંતે** બેસવાનો છું.'

સ્થળસમયવાચક ઘણાં ક્રિયાવિશેષણો તો આખા વાક્ય સાથે સંબંધ ધરાવતાં હોય એ રીતે આરંભે આવે છે :

'**સવારમાં** એ એક કપ દૂધ પીએ છે.'

'**ઘરમાં** એ ચશ્મા પહેરતા નથી.'

આ સિવાય પણ ઘણાં સ્થળસમયવાચક ક્રિયાવિશેષણની હેરફેર શક્ય છે :

'મેં એને **આજે** કહ્યું.'

'મેં **આજે** એને કહ્યું.'

'**આજે** મેં એને કહ્યું.'

'કિશોર મને **રસ્તામાં** મળી ગયો.'

'રસ્તામાં મને કિશોર મળી ગયો.'
'મને રસ્તામાં કિશોર મળી ગયો.'

: ૩ : રોજિંદી બોલચાલમાં અને ઉક્તિની અમુક છટાઓમાં પદોના નિયત ક્રમમાં ઘણી વાર ઘણા ફેરફાર થઈ જાય છે. ક્રિયાપદ કર્તા આદિની પૂર્વે આવી શકે છે :

'આવીશ તું મારી સાથે ?'
'જાઓ, નથી આવતો હું.'
'જા જલદી.'
'મેં માર્યો તમાચો ને એણે મારી લાત.'
'બોલ્યો એ અને નામ આવ્યું મારું.'

: ૪ : નામયોગીઓ નામની પછી જ આવે છે. ઉદ્‌ગારવાચકો બહુધા વાક્યની પૂર્વે, વાક્યથી સ્વતંત્ર રીતે આવે છે અને નિપાતોનું સ્થાન પણ નિશ્ચિત હોય છે એ આપણે જે-તે સ્થાને નોંધી ગયા છીએ.

[૩] વાક્યવિશ્લેષણ


: ૧ : વાક્યના અવયવરૂપ પદો સંબંધિત થઈને સમગ્ર વાક્યાર્થને પ્રગટ કરે છે. પદસંબંધ ભિન્નભિન્ન સ્તરોનો હોય છે. વાક્યવિશ્લેષણ દ્વારા આ જાતના પદસંબંધો સ્ફુટ કરી શકાય.

: ૨ : વાક્યમાં કશાક વિશે કશુંક કહેવાયેલું હોય છે. જેને વિશે કહેવાયું હોય તે 'ઉદ્દેશ્ય' અને જે કહેવાયું હોય તે 'વિધેય'. વાક્યને સૌ પ્રથમ આપણે આ રીતે ઉદ્દેશ્ય-ખંડ અને વિધેય-ખંડમાં વહેંચી શકીએ. (એમને નામ-ખંડ અને ક્રિયાપદખંડ પણ કહેવામાં આવે છે.) નીચે વાક્યોના ઉદ્દેશ્ય-વિધેયખંડ જુદા પાડ્યા છે તે જુઓ (છેલ્લા ઉદાહરણમાં વિધેયખંડ નીચે લીટી કરીને દર્શાવ્યો છે) :


૧. અકરાંતિયા બનીને ખાવું એ । સારું નથી.
૨. તમારા ભાઈનો છોકરો । ખેતરમાં રમતો હતો.
૩. તમારી જવાબદારી । મારા પર નહીં.
૪. <u>સિકંદર સાથે લડતાં</u> । પોરસ રાજા । <u>ફાવ્યો નહીં.</u>

: ૩ : ઉદ્દેશ્ય-ખંડ અને વિધેય-ખંડનું પણ આગળ વિશ્લેષણ થઈ શકે. ઉદ્દેશ્ય-ખંડમાં કર્તાપદ અને એના વિશેષણને જુદાં પાડી શકાય. વિધેય-ખંડમાં ક્રિયાપદ, ક્રિયાવિશેષણ, કર્મપદ વગેરેને જુદાં પાડી શકાય. એવું પણ બને કે ઉદ્દેશ્ય રૂપે ક્રિયાવિશેષણાદિયુક્ત આખ્યાતિક રૂપવાળો વાક્યખંડ હોય તો એનું પાછું એ રીતે વિશ્લેષણ થઈ શકે. વિધેય-


ખંડમાં પણ ક્રિયાવિશેષણ રૂપે આવો વાક્યખંડ હોઈ શકે. વિશેષણ-વિશેષ્યસંબંધો જુદાજુદા સ્તરના હોઈ શકે. આમ વાક્યમાં પદસંબંધોની એક સંકુલ ગૂંથણી હોય છે. આ બધા સંબંધો પ્રગટ થાય એ રીતે વાક્યનું વિશ્લેષણ થઈ શકે. આપણે નમૂના રૂપે એક વાક્યનું વિશ્લેષણ કરી જોઈએ :




આ વાક્યવિશ્લેષણને નીચેની આકૃતિ રૂપે પણ રજૂ કરી શકાય :




થોડા વધુ નમૂનાઓ પણ જુઓ :





: ૪ : ઉપર આપણે વાક્યોનાં વિશ્લેષણ કર્યાં તે જાણે પદસંબંધો સ્તર પર સ્તરની રીતે ગોઠવાયેલા હોય એમ દર્શાવે છે. પરંતુ ઘણા પદસંબંધો સમાંતર પણ હોઈ શકે. ઉપર 'તમારો છોકરો... રમતો હતો' એ વાક્યમાં 'દયાળ પટેલના ખેતરમાં' અને 'બીજાં છોકરાંઓ સાથે' એ બન્ને ક્રિયાવિશેષણ-ખંડોને આપણે 'રમતો હતો' એ ક્રિયાપદ સાથે એકસરખા સંબંધે સમાંતર રીતે સંકળાયેલા બતાવ્યા જ છે. આ ઉપરાંત ક્રિયાવિશેષણને કેવળ ક્રિયાપદના વિસ્તરણ તરીકે અને વિશેષણને કેવળ વિશેષ્યના વિસ્તરણ તરીકે જોઈ શકાય અને એને પરિણામે માત્ર સંજ્ઞા અને ક્રિયાપદ વચ્ચે સીધો સંબંધ છે એમ ઘટાવી શકાય. આ રીતે જોઈએ તો વાક્યના પદસંબંધોની આકૃતિઓ જરા જુદી જાતની થાય. આગળ આપેલાં ઉદાહરણોમાંથી બેની નીચે આપેલી આકૃતિઓ જુઓ :



આ જાતનું વિશ્લેષણ અર્થનિષ્ઠ કરતાં વિશેષે રૂપનિષ્ઠ બની જાય છે તે જણાઈ આવશે.

: ૫ : આ બધું કંઈક સ્થૂળ દૃષ્ટિએ કરવામાં આવેલું વિશ્લેષણ છે. ગુજરાતીમાં પદસંબંધોની ભાત ઘણી અટપટી છે. એમાં સંબંધદર્શક અનુગો છે અને લિંગચિહ્નો તથા પુરુષવાચક પ્રત્યયો પણ કેટલાક પદસંબંધોને વ્યક્ત કરે છે. આ બધાંને આપણે આપણા

વિશ્લેષણમાં સમાવી શકાયા નથી.

આ ઉપરાંત સૂર કે કાકુ પણ વાક્યનો એક ભાગ જ છે. પ્રશ્નાર્થવાક્ય સાદાં વાક્યોથી સૂરની દૃષ્ટિએ જ જુદું પડે છે. પ્રશ્નાર્થવાક્યનું વિશ્લેષણ કરીએ તો સૂરને પણ એક અવયવ તરીકે સ્થાન આપવું પડે.

આપણે વાક્યોનું વિશ્લેષણ કર્યું તેમાં નામ-ખંડ અને ક્રિયાપદ-ખંડ કે ઉદ્દેશ્ય-ખંડ અને વિધેય-ખંડ એવી સંજ્ઞાઓ ટાળી છે. નહીં તો, 'તમારી જવાબદારી મારા પર નહીં' જેવા વાક્યમાં 'છે' ('નહીં' સાથે જોડાતાં 'નથી') ક્રિયાપદને અધ્યાહૃત કે લુપ્ત માનવું પડત; 'મારાથી આટલો જલદી લેખ લખાશે નહીં' જેવા કર્મણિ પ્રયોગના વાક્યમાં 'લેખ'ને ઉદ્દેશ્ય ગણવો કે કેમ એ સમસ્યા ઊભી થાત.

લોપનો સિદ્ધાંત ઘણી વાર વાક્યપૃથક્કરણમાં ઉપયોગમાં લેવામાં આવે છે, લેવાની જરૂર પડે છે. આગળ આપણે એક વાક્ય – 'અમારે ઘરે બધાં...પ્રાર્થના કરે છે' – નું વિશ્લેષણ કર્યું છે તે જુઓ. 'અમારે ઘરે'ની એમાં 'બધાં'ના વિશેષણાત્મક પદસમૂહ તરીકે રજૂઆત કરી છે. પણ એ બરાબર છે કે કેમ એવો પ્રશ્ન સહેજે ઊઠે. કેમકે 'અમારે ઘરે' એ ખરેખર ક્રિયાવિશેષણાત્મક પદસમૂહ છે અને એનો સંબંધ, ક્રિયાવિશેષણની આપણી વ્યાખ્યા અનુસાર, કોઈ આખ્યાતિક રૂપની સાથે જ હોવો જોઈએ. જો આપણે વાક્યરચનાના આ જાતના નિયમને ચુસ્તપણે વળગવા માગતા હોઈએ તો 'અમારે ઘરે રહેતાં' કે 'અમારે ઘરે જે છે તે' એ જાતનો વાક્યખંડ વાક્યરચનામાં ગૃહીત માની 'રહેતાં' કે 'જે છે તે' એ પદોનો લોપ થયો છે એમ ગણવું પડે. 'બધાં' મૂળભૂત રીતે વિશેષણ હોઈ ત્યાં પણ વિશેષ્ય 'લોકો' કે 'માણસો'નો લોપ છે એમ કહેવાનો પ્રસંગ આવે. એટલેકે સપાટી ઉપર જે પદસંબંધો દેખાય છે તેનાથી જુદા પદસંબંધો અંદર ગૃહીત હોવાનું માનવાનું રહે.

આ પ્રશ્નની એક બીજી પણ બાજુ છે. ભાષકસમાજમાં આ જાતના લોપની સભાનતા હોય છે ખરી ? કે પછી એ 'અમારે ઘરે બધાં' જેવી પદસંબંધ કે વાક્યરચનાની ભાતને ભાષાની એક શક્ય ભાત તરીકે સ્વીકારતો હોય છે ? તો આ પ્રકારની ભાતોનો વ્યાકરણમાં સમાવેશ કરવો ઉચિત નહીં ? એક દાખલો લઈએ. આગગાડીમાં મુસાફરી કરી રહેલું બાળક નદી દેખતાં 'નદી !' એમ બોલી ઊઠે છે એમાં 'નદી આવી !' કે 'ત્યાં નદી છે !' એવું વાક્ય ગૃહીત માનવું કે ઉક્તિનો સૂર વાક્યરચનાના એક અંશ તરીકે કામ કરે છે એમ ગણવું ? 'રમેશ !' એમ કહીને રમેશને બોલાવવામાં આવે ત્યારે વાક્યના કયા અવયવોનો લોપ થયેલો માનીશું ?

આ બધી ચર્ચાનું પ્રયોજન એટલું છે કે વાક્યનું સ્વરૂપ અને એની રચના કેટલાં જટિલ અને વૈવિધ્યપૂર્ણ છે અને તેથી એની તપાસ કેવો સૂક્ષ્મ અને વ્યાપક અભ્યાસ

માગી લે તેમ છે એનો ખ્યાલ આવે. આપણે અહીં આપી શક્યા છીએ તે તો ગુજરાતી વાક્યરચનાની એક સ્થૂળ સમજમાત્ર છે.

[૪] વાક્યના પ્રકારો

: ૧ : હવે આપણે વાક્યના મુખ્ય પ્રકારો તારવી શકીએ. સૌ પ્રથમ આપણે બે પ્રકારો જુદા પાડીશું : (૧) ક્રિયાપદવાળાં વાક્યો અને (૨) ક્રિયાપદ વગરનાં વાક્યો. નીચેનાં બન્ને બાજુનાં ઉદાહરણો જુઓ :

ક્રિયાપદવાળાં વાક્યો	ક્રિયાપદ વગરનાં વાક્યો
૧. રમેશ નિયમિત ભણે છે.	૧. રમેશનું ભણતર સારું.
૨. તમે મારે ત્યાં આવશો ને ?	૨. તમારા પિતા ક્યાં ?
૩. હું તમારી જવાબદારી નહીં સ્વીકારું.	૩. તમારી જવાબદારી મારા પર નહીં.
૪. રમેશની હિંમતને ધન્ય છે.	૪. શાબાશ !
૫. તમે લેસન કર્યું છે ?	૫. ના.
૬. તે નિરાશ થઈ બોલી ઊઠ્યો.	૬. હે ઈશ્વર !

જમણી બાજુની ઉક્તિઓ તે-તે પરિસ્થિતિમાં પૂરો અર્થ વ્યક્ત કરે છે. એટલે એ વાક્યો જ છે. પણ એમાં ક્રિયાપદનો ઉપયોગ નથી.

: ૨ : ક્રિયાપદ વગરનાં વાક્યોમાં પણ બે પ્રકારો છે : (૧) ઉદ્દેશ્ય-વિધેયવાળાં સમીકરણ સ્વરૂપનાં વાક્યો અને (૨) ઉદ્‌ગારવાચકો (કે કેવળપ્રયોગીઓ)નાં બનેલાં વાક્યો.

ઉદ્દેશ્ય-વિધેયનાં સમીકરણવાળાં વાક્યોમાં 'છ' ધાતુનું રૂપ અધ્યાહૃત કે લુપ્ત છે એમ પણ માની શકાય. જેમકે,

'રમેશનું ભણતર । સારું [છે].'

'તમારા પિતા । ક્યાં । [છે] ?'

'તમારી જવાબદારી । મારા પર નહીં [છે].'

પણ ક્રિયાપદ ઉમેરવાથી વાક્યનો ભાવ કે ભાર બદલાઈ જતો લાગશે. ઉપરાંત, કેટલીક રૂઢિપ્રયોગમૂલક અને બીજી રચનાઓમાં ક્રિયાપદ આવી રીતે ઉમેરી પણ શકાતું નથી :

'વહુની રીસ અને સાસુનો સંતોષ.'

'મનુષ્ય એટલે જ જીભ.'

એટલે ક્રિયાપદ વગરનાં વાક્યો ભાષાની પ્રકૃતિમાં છે એમ માનવાનું રહે.

'શાબાશ !' 'ના' 'ભલે' 'હે ઈશ્વર !' જેવા ઉદ્‌ગારવાચક પ્રયોગો પ્રશસ્તિ, ઇનકાર, સ્વીકાર, નિરાશાના અર્થો વ્યક્ત કરે છે. આ રીતે, એ પણ વાક્યરચનાનો એક વિશિષ્ટ

પ્રકાર છે.

: ૩ : વાક્ય એક જ વિધેય-ખંડ કે ક્રિયાપદ-ખંડવાળું એટલેકે સાદું હોય અને એકથી વધુ વિધેય-ખંડ કે ક્રિયાપદ-ખંડવાળું હોય. આપણે આ પૂર્વે જોયાં તે બધાં વાક્યો એક જ વિધેય-ખંડ કે ક્રિયાપદ-ખંડવાળાં હતાં.

એકથી વધુ ક્રિયાપદ કે વિધેયવાળું વાક્ય એટલે એકથી વધુ વાક્યોની એક વાક્ય રૂપે ગૂંથણી. આમાં પણ બે પ્રકાર જોવા મળે છે : (૧) બે કે વધુ સ્વતંત્ર વાક્યો કોઈ સંયોજકથી જોડાયેલાં હોય. આને આપણે મિશ્ર વાક્ય કહીશું. (૨) એક મુખ્ય વાક્ય અને એના પર અવલંબિત – એનાં વિશેષણ, ક્રિયાવિશેષણ ઇત્યાદિ રૂપે કાર્ય કરતાં – બીજાં વાક્યો જોડાયેલાં હોય. આવા વાક્યને આપણે સંકુલ વાક્ય કહીશું.

નીચે મિશ્ર વાક્યોનાં ઉદાહરણો જુઓ :

'એ આવ્યો ખરો / પણ / એણે ગાયું નહીં.'

'તમે મોટા / કે / એ [મોટો] ?'

'કયાં રાજા ભોજ / ને / ક્યાં ગાંગો તેલી ?'

હવે સંકુલ વાક્યોનાં ઉદાહરણો જુઓ (ઉપવાક્યો કાળા ટાઇપમાં છાપ્યાં છે અને એનો પ્રકાર કૌંસમાં દર્શાવ્યો છે) :

'[જે] **તમે ખાતા હશો** / તે હું ખાઈશ.' (વિશેષણવાક્ય)

'જેમ ફાવે / તેમ બોલો / તે સારું નહીં.' (ક્રિયાવિશેષણવાક્ય, વિશેષણવાક્ય)

'તમે ન આવવાના હો / તો / કહેવડાવજો' (પૂર્વશરતવાક્ય)

'જ્યારે કામ પડશે / ત્યારે બોલાવી લઈશ.' (ક્રિયાવિશેષણવાક્ય)

'એણે મને સમજાવ્યું / કે / **મારે શું કરવું.**' (કર્મવાક્ય)

જોઈ શકાશે કે સંકુલ વાક્યોમાં સામાન્યતઃ ક્રિયાપદવાળાં વાક્યો જ જોડાય છે.

સંકુલ વાક્યની રચનાને જુદી રીતે સમજાવવાની શક્યતા પણ રહેલી હોય છે. દાખલા તરીકે, બીજા વાક્યમાં 'તે'ને કેવળ નિર્દેશક (Pointer) લેખીએ તો 'તેમ બોલો/(તે)/સારું નહીં' એમ ઉપવાક્ય કર્મવાક્ય બનશે.

[૫] વાક્યરૂપાંતર : વિધિવાક્યમાંથી નિષેધવાક્ય

: ૧ : વાક્યરચનાની કેટલીક ખાસિયતો વાક્યરૂપાંતરના કેટલાક પ્રકારો તપાસવાથી પ્રગટ થશે. સાદામાંથી પ્રશ્નાર્થવાક્ય તો કેવળ સૂર કે કાકુમાં ફેર કરવાથી બને છે. એટલે આપણે વાક્યરૂપાંતરના ત્રણ પ્રકારો તપાસવાના રહે છે : (૧) વિધિવાક્યમાંથી નિષેધવાક્યમાં રૂપાંતર, (૨) કર્તરિ વાક્યમાંથી કર્મણિ વાક્યમાં રૂપાંતર અને (૩) સાદા વાક્યમાંથી પ્રેરક વાક્યમાં રૂપાંતર.

: ૨ : ગુજરાતીમાં નિષેધવાચક ક્રિયાવિશેષણો ચાર છે : ન, નહીં, ના, મા. આમાંથી 'ના' અને 'મા' મર્યાદિત સંયોગોમાં આવે છે : 'ના' વાક્ય પૂર્વે કે એકલો ઉદ્‌ગારવાચક તરીકે આવે છે; 'મા' માત્ર આજ્ઞાર્થમાં અને મુખ્યત્વે બોલીકક્ષાએ પ્રયોજાય છે – 'તોફાન કર મા.' વ્યાપક રીતે વપરાતા નિષેધવાચકો 'ન' અને 'નહીં' છે. જુદાજુદા પ્રકારનાં વાક્યોનો નિષેધ 'ન' કે 'નહીં' વડે કેવી રીતે થાય છે તે હવે આપણે તપાસીએ.

: ૩ : ક્રિયાપદ વગરનાં ઉદ્દેશ્ય-વિધેય-સમીકરણ સ્વરૂપનાં વાક્યોમાં વિધેયવર્ધક તરીકે 'નહીં' ઉમેરવાથી નિષેધવાક્ય બને છે. આ જાતનાં વાક્યોમાં 'ન' આવી શકતો નથી. 'નહીં' સામાન્ય રીતે વાક્યને અંતે આવે છે પરંતુ વિધેયમાં એક જ પદ હોય ત્યારે ક્વચિત્ એની પૂર્વે આવી શકે છે. નીચેનાં ઉદાહરણો જુઓ :

વિધિવાક્ય	નિષેધવાક્ય
૧. તમારી જવાબદારી મારા પર.	૧. તમારી જવાબદારી મારા પર નહીં.
૨. જૂઠું બોલવાથી શો ફાયદો ?	૨. જૂઠું બોલવાથી કશો ફાયદો નહીં ?
૩. રમેશનું ભણતર ઘણું સારું.	૩. રમેશનું ભણતર ઘણું સારું નહીં.
૪. રમેશનું ભણતર સારું.	૪. રમેશનું ભણતર સારું નહીં. રમેશનું ભણતર નહીં સારું.
૫. અમારો રમેશ લુચ્ચો.	૫. અમારો રમેશ લુચ્ચો નહીં.

આ પ્રકારનાં વાક્યોમાં જ્યારે એકથી વધુ વિકલ્પ હોય અને એ બધાનો નિષેધ કરવાનો હોય ત્યારે 'ન' અને 'નહીં' બન્ને આવી શકે છે. 'ન' અનિવાર્યપણે વિકલ્પની પૂર્વે આવે છે. 'નહીં' અમુક રીતે અંતે પણ આવી શકે છે. વાક્યારંભે 'નહીં'નો પ્રયોગ ઓછો થાય છે. જુઓ :

વિધિવાક્ય	નિષેધવાક્ય
૧. મારે રમાનીયે ચિંતા અને ઉમાનીયે ચિંતા.	૧. મારે ન રમાની ચિંતા, ન ઉમાની ચિંતા. મારે નહીં રમાની ચિંતા ને નહીં ઉમાની ચિંતા. મારે રમાનીયે ચિંતા નહીં અને ઉમાનીયે ચિંતા નહીં.
૨. કિરણનું કામ ચોખ્ખું ને દીપકનું કામેય ચોખ્ખું.	૨. ન કિરણનું કામ ચોખ્ખું, ન દીપકનું. કિરણનું કામ ચોખ્ખું નહીં ને દીપકનું કામેય ચોખ્ખું નહીં.

: ૪ : ક્રિયાપદવાળાં વાક્યોમાં નિષેધમાં 'નહીં' બધે જ અને 'ન' ઘણેખરે સ્થાને આવી

શકે છે. 'ન' ક્રિયાપદની પૂર્વે આવે છે. 'નહીં' થોડાક સંયોગોમાં નિશ્ચિતપણે ક્રિયાપદની આગળ કે પાછળ આવે છે. કેટલાક સંયોગોમાં એની મુક્ત રીતે હેરફેર થઈ શકે છે, તો કેટલાક સંયોગોમાં એ સામાન્યતઃ ક્રિયાપદની પાછળ આવે છે.

કેટલાંક આખ્યાતિક રૂપો નિષેધમાં જુદાં જ રૂપ લે છે. હવે આપણે ભિન્નભિન્ન આખ્યાતિક રૂપોનો નિષેધ કેવી રીતે થાય છે એ જોઈએ :

(૧) 'છ'ના કોઈ પણ રૂપને સ્થાને નિષેધમાં 'નથી' આવે છે :

વિધિ	નિષેધ
૧. એ ઘરમાં **છે.**	૧. એ ઘરમાં **નથી.**
૨. તમે જમ્યા **છો ?**	૨. તમે જમ્યા **નથી ?**

'છ' સહાયકારકવાળાં વર્તમાનકાળનાં સંયુક્ત રૂપોના મુખ્ય આખ્યાતના સંભાવનાના રૂપને સ્થાને નિષેધમાં '-ત-' પ્રત્યયવાળાં ચાલુ ક્રિયાવાચક રૂપો આવે છે :

૧. એ સારું કામ **કરે છે.**	૧. એ સારું કામ **કરતો નથી.**
૨. હું એને **ભણાવું છું.**	૨. હું એને **ભણાવતો નથી.**
૩. તમે સાંજે ઘરે **હો છો ?**	૩. તમે સાંજે ઘરે **હોતા નથી ?**

(૨) ભવિષ્યકાળનાં રૂપોમાં 'ન' આવી શકતો નથી. 'નહીં' ક્રિયાપદની પછી આવે છે. ઉપરાંત ભવિષ્યકાળના રૂપનો નિષેધ 'નહીં + સંભાવનાનું રૂપ' એ રીતે પણ થઈ શકે છે :

૧. એ ઘરે **હશે.**	૧. એ ઘરે **હશે નહીં.** એ ઘરે **નહીં હોય.**
૨. તમને ચાલવું **ગમશે ?**	૨. તમને ચાલવું **ગમશે નહીં ?** તમને ચાલવું **નહીં ગમે ?**
૩. હું કાલથી કૉલેજે **જઈશ.**	૩. હું કાલથી કૉલેજે **જઈશ નહીં.** હું કાલથી કૉલેજે **નહીં જાઉં.**

પરંતુ શરતવાક્યમાં 'ન' આવી શકે છે :

૧. હું બહારગામ **જઈશ** તો...	૧. હું બહારગામ **ન જઈશ** તો... હું બહારગામ **જઈશ નહીં** તો... હું બહારગામ **નહીં જાઉં** તો...

ભવિષ્યકાળનાં રૂપો સહાયક તરીકે હોય ત્યાં નિષેધમાં સામાન્ય રીતે 'નહીં + સંભાવનાનું રૂપ' જ આવે છે :

૧. તમે કાલે હેમંતને ત્યાં **આવવાના હશો.**	૧. તમે કાલે હેમંતને ત્યાં **આવવાના નહીં હો.** તમે કાલે હેમંતને ત્યાં **નહીં આવવાના હો.**

૨. એણે તમારું કામ પૂરું **કર્યું હશે.**	૨. એણે તમારું કામ પૂરું **કર્યું નહીં હોય.** એણે તમારું કામ પૂરું **નહીં કર્યું હોય.**
૩. તમે એને ત્યાં જતા **હશો** તો હું પણ **જઈશ.**	૩. તમે એને ત્યાં **નહીં જતા હો** તો હું પણ **નહીં જાઉં.**

(૩) પુરુષવાચક પ્રત્યયોવાળાં સંભાવનાનાં રૂપોનો નિષેધ પૂર્વે 'ન' અથવા પાછળ 'નહીં' ઉમેરવાથી થાય છે. શરતી વાક્યોમાં કેવળ 'ન' વપરાતો જણાય છે :

૧. હું એને ત્યાં જાઉં ?	૧. હું એને ત્યાં ન જાઉં ? હું એને ત્યાં જાઉં નહીં ?
૨. માણસ ઊડી શકે ?	૨. માણસ ન ઊડી શકે ? માણસ ઊડી ન શકે ? માણસ ઊડી શકે નહીં ?
૩. તમે ગાતા હો તો એ પણ ગાય.	૩. તમે ન ગાતા હો તો એ પણ ન ગાય.

એ ફરી ધ્યાન દોરવા જેવું છે કે ભવિષ્યના નિષેધમાં પણ સંભાવનાનાં રૂપો વપરાય છે પણ ત્યાં એની સાથે 'નહીં' જ વપરાય છે અને તે પણ એની પૂર્વે જ આવે છે ત્યારે સંભાવનાના નિષેધમાં પૂર્વે 'ન' અથવા પાછળ 'નહીં' આવે છે. 'એવું હું ન લખું' અને 'એવું હું લખું નહીં' એ 'એવું હું લખું'નાં નિષેધવાક્યો છે, જ્યારે 'એવું હું નહીં લખું' એ 'એવું હું લખીશ'નું નિષેધવાક્ય છે.

(૪) ભવિષ્ય આજ્ઞાર્થના નિષેધમાં આખ્યાતના '-ત-' પ્રત્યયવાળા ચાલુ ક્રિયાવાચક રૂપની સાથે, આગળ કે પાછળ, 'નહીં' આવે છે અથવા આગળ 'ન' આવે છે; ક્વચિત્ 'નહીં' સાથે ભવિષ્યકાળનું રૂપ પણ આવે છે :

૧. તમે એને ઘરે **જજો.**	૧. તમે એને ઘરે **ન જતા.** તમે એને ઘરે **નહીં જતા.** તમે એને ઘરે **જતા નહીં.** તમે એને ઘરે **જશો નહીં.**

ભવિષ્યકાળના રૂપવાળા વિનયી આજ્ઞાર્થના નિષેધમાં પણ એ જ રીતે 'ન' અને 'નહીં' આવે છે :

૧. તમે એને કાગળ લખશો.	૧. તમે એને કાગળ ન લખશો. તમે એને કાગળ લખશો નહીં. તમે એને કાગળ નહીં લખશો.

ભવિષ્ય આજ્ઞાર્થના આ બન્ને પ્રકારનાં નિષેધરૂપો એકબીજાને બદલે આવી

શકે છે.

(૫) '-ત-'વાળાં નિયમિત ભૂતકાળનાં રૂપો સાથે નિષેધમાં કાં તો પૂર્વે 'ન' અથવા પાછળ 'નહીં' આવે છે, પરંતુ 'હો' ધાતુના રૂપ સાથે સામાન્ય રીતે 'ન' આવે છે :

૧. હું રોજ ફરવા જતો.	૧. હું રોજ ફરવા ન જતો. હું રોજ ફરવા જતો નહીં.
૨. એ બહુ વાંચતો હતો.	૨. એ બહુ વાંચતો ન હતો.

એ નોંધપાત્ર છે કે ભવિષ્ય આજ્ઞાર્થમાં અને નિયમિત ભૂતકાળમાં બીજા પુરુષમાં નિષેધનાં અમુક રૂપો સરખાં થઈ જાય છે. જુઓ નીચેનાં વાક્યોમાં 'નહીં પીતો' કેવળ આજ્ઞાર્થમાં આવે છે. પરંતુ 'ન પીતો' અને 'પીતો નહીં' આજ્ઞાર્થ તેમ ભૂતકાળ બન્નેમાં આવે છે :

'તું એ દવા **નહીં પીતો.**' (આજ્ઞાર્થ)
'તું એ દવા **ન પીતો.**' (આજ્ઞાર્થ)
'નાનો હતો ત્યારે તું દવા **ન પીતો.**' (ભૂતકાળ)
'તું એ દવા **પીતો નહીં.**' (આજ્ઞાર્થ)
'નાનો હતો ત્યારે તું દવા **પીતો નહીં.**' (ભૂતકાળ)

(૬) બાકીનાં રૂપોમાં સામાન્ય રીતે 'ન' અને 'નહીં' બન્નેથી નિષેધ થઈ શકે છે. 'ન' આખ્યાતિક રૂપની પૂર્વે આવે છે. 'નહીં' પૂર્વે કે પાછળ પણ આવી શકે છે :

૧. શિક્ષકે આજે વાર્તા કરી.	૧. શિક્ષકે આજે વાર્તા ન કરી. શિક્ષકે આજે વાર્તા કરી નહીં. શિક્ષકે આજે વાર્તા નહીં કરી.
૨. તમારે કસરત સાંજે કરવી.	૨. તમારે કસરત સાંજે ન કરવી. તમારે કસરત સાંજે કરવી નહીં. તમારે કસરત સાંજે નહીં કરવી.
૩. તેણે ગાયું હોત તો મજા પડત.	૩. તેણે ગાયું ન હોત / નહીં હોત / હોત નહીં તો મજા ન પડત / નહીં પડત / પડત નહીં.

[૬] કર્તરિવાક્ય પરથી કર્મણિવાક્ય

: ૧ : કર્તરિ પરથી કર્મણિવાક્ય બનાવવાની બે રીત છે. એક રીત અનુસાર આખ્યાતનું (સંયુક્ત રૂપમાં મુખ્ય આખ્યાતનું) કર્મણિના 'આ' પ્રત્યયવાળું રૂપ મુકાય છે, એ કર્મ પ્રમાણે લિંગ-વચન-પુરુષ લે છે, કર્મ શૂન્યપ્રત્યય રૂપે આવે છે અને કર્તાને બહુધા 'થી'

અનુગ (કે 'વડે' જેવું નામયોગી) લગાડવામાં આવે છે. ક્વચિત્ કર્તાને 'તરફથી' પણ લગાડવામાં આવે છે, તો નિર્વૈયક્તિક કથનપ્રયોગમાં કર્તાનો લોપ પણ થઈ શકે છે :

કર્તરિ	કર્મણિ
૧. **અમે** તમારી વાત જાહેર **કરીએ** ?	૧. **અમારાથી** તમારી વાત જાહેર **કરાય** ?
૨. **અશોક** કંઈ બોલ્યો ન **હતો.**	૨. **અશોકથી** કંઈ **બોલાયું** ન **હતું.**
૩. **હું** અહીંથી ગાંધીજીને **જોઉં છું.**	૩. **મારાથી** અહીંથી ગાંધીજીને **જોવાય છે.**
૪. **એણે** પચાસ માણસોને **જમાડ્યા.**	૪. **એનાથી** પચાસ માણસોને **જમાડાયા.**
૫. **સરકારે** આ મહિને અનાજ **આપ્યું છે.**	૫. **સરકાર તરફથી** આ મહિને અનાજ **અપાયું છે.**
૬. એ સમયમાં **લોકો** જુગાર **રમતા.**	૬. એ સમયમાં જુગાર **રમાતો.**

એ નોંધપાત્ર છે કે એકકર્મક ધાતુઓમાં કર્મ 'ને' અનુગ સાથે આવતો હોય ત્યાં કેટલીક વાર તેનો 'ને' અનુગ જળવાઈ રહે છે :

૧. મેં એને બોલાવ્યો નહીં. ૧. મારાથી એને બોલાવાયો નહીં.

કર્મ (દ્વિકર્મક ધાતુઓમાં મુખ્ય કર્મ) વિનાનાં વાક્યોના ભાવે પ્રયોગની રચના આ જ રીતે થાય છે. ફેર એટલો છે કે ભાવે પ્રયોગમાં આખ્યાતિક રૂપ ત્રીજો પુરુષ નપુંસકલિંગ એકવચન લે છે :

૧. **હું** છેક સુધી **દોડ્યો** નહીં. ૧. **મારાથી** છેક સુધી **દોડાયું** નહીં.
૨. **મેં** એને **કહેવડાવ્યું** નહીં. ૨. **મારાથી** એને **કહેવડાવાયું** નહીં.
૩. **તમે** સવારે **આવશો** ? ૩. **તમારાથી** સવારે **અવાશે** ?

અચેતન કર્તાવાળી અકર્મક ધાતુની રચનાની સીધી ભાવે રચના થઈ શકતી નથી. એ રચનાને પ્રેરકમાં ફેરવી પછી એની કર્મણિ રચના થઈ શકે છે. 'હું આટલે ઊંચેથી પડું છું'નું 'મારાથી આટલે ઊંચેથી પડાય છે' થઈ શકશે, પણ 'ફળ આટલે ઊંચેથી પડે છે'નું 'ફળથી આટલે ઊંચેથી પડાય છે' એવું વાક્ય થઈ શકતું નથી. 'માળી આટલે ઊંચેથી ફળ પાડે છે' એવી પ્રેરક રચના કરી 'માળીથી આટલે ઊંચેથી ફળ પડાય છે' એવી કર્મણિ રચના થઈ શકે છે. જોકે આ સંયોગમાં 'માળી વડે ફળ પાડવામાં આવે છે' એવી 'આવ'ના ઉપયોગવાળી કર્મણિ રચના વધુ સ્વાભાવિક છે.

: ૨ : આપણે આગળ વિચારી ગયા છીએ તેમ 'આ' પ્રત્યયવાળી કર્મણિ રચના માત્ર કર્મપ્રધાનતા નહીં પણ શક્તિ, વિધિ આદિ અર્થો પણ દર્શાવે છે. કેવળ કર્મપ્રધાનતા દર્શાવતી રચના 'આવ'ના ઉપયોગવાળી છે. એમાં આખ્યાતના વિધ્યર્થરૂપને 'માં' લગાડવામાં આવે છે, એની પછી 'આવ' ધાતુનું મૂળ આખ્યાતના કાળ-અર્થનું રૂપ

મૂકવામાં આવે છે અને કર્મ શૂન્યપ્રત્યય રૂપે આવે છે. આ જાતની રચના બહુધા નિર્વૈયક્તિક કથનપ્રયોગમાં વપરાતી હોવાથી કર્તાનો લોપ થઈ શકે છે અથવા તો કર્તા 'તરફથી' સાથે આવે છે :

કર્તરિ	કર્મણિ
૧. સરકાર આ મહિને અનાજ આપશે.	૧. સરકાર તરફથી આ મહિને અનાજ આપવામાં આવશે.
૨. સમય થયે અમે તમને જણાવીશું.	૨. સમય થયે તમને જણાવવામાં આવશે.

અહીં પણ ક્વચિત્ કર્મનો 'ને' અનુગ જળવાઈ રહે છે :

૧. બસમાં પચાસ છોકરાઓને બેસાડ્યા.	૧. બસમાં પચાસ છોકરાઓને બેસાડવામાં આવ્યા.

કર્તા સંબંધવિભક્તિ લે એવો પણ પ્રયોગ આમાં જીવા મળે છે એ નોંધપાત્ર છે :

૧. મેં ગાંધીજીને જોયા નહીં.	૧. ગાંધીજી મારા જોવામાં આવ્યા નહીં.
૨. ધીમેધીમે લોકો બધું જાણવા લાગ્યા.	૨. ધીમેધીમે બધું લોકોના જાણવામાં આવવા લાગ્યું.

અચેતન કર્તાવાળી અકર્મક ધાતુની રચનાને પ્રેરકમાં ફેરવી એની 'આવ'વાળી કર્મણિ રચના થઈ શકે છે તે આપણે આગળ જોઈ ગયા.

[૭] સાદા વાક્ય પરથી પ્રેરક વાક્ય

: ૧ : સાદા વાક્ય પરથી પ્રેરક વાક્ય માત્ર સાદાને બદલે પ્રેરક આખ્યાતિક અંગોનાં રૂપો મૂકવાથી થાય :

સાદું	પ્રેરક
૧. હું પાઠ બોલું છું.	૧. હું પાઠ બોલાવું છું.
૨. તમે સંસ્કૃત ભણશો ?	૨. તમે સંસ્કૃત ભણાવશો ?
૩. મેં તેને કહ્યું.	૩. મેં તેને કહેવડાવ્યું.
૪. શિક્ષકો રમતા હતા.	૪. શિક્ષકો રમાડતા હતા.

પ્રેરકમાં અકર્મક ધાતુ સકર્મક બને છે અને કેટલીક એકકર્મક ધાતુ દ્વિકર્મક બને છે. એટલે ત્યાં કર્મ કે વધારાનું ગૌણ કર્મ આવી શકે. જેમકે, 'શિક્ષકો છોકરાઓને રમાડતા હતા.' 'તમે મને સંસ્કૃત ભણાવશો ?' ઉપરાંત, એમાં પ્રેરિત કર્તા પણ ઉમેરી શકાય. એ સામાન્ય રીતે 'પાસે' અનુગ સાથે અને ક્વચિત્ 'મારફત' સાથે આવે છે : 'હું છોકરાઓ પાસે પાઠ બોલાવું છું.' 'મેં તેને કિશોર મારફત કહેવડાવ્યું.' પ્રેરકમાં જે સકર્મક કે દ્વિકર્મક બને છે તેવા ધાતુઓના પ્રયોગમાં પ્રેરિત કર્તા વાક્ય પુનઃપ્રેરક બને ત્યારે

જ આવે છે : 'તમે મને પ્રો. પાઠક પાસે સંસ્કૃત ભણાવરાવશો ?' 'કોઈ સારા ડૉક્ટર પાસે દાંત પડાવશો.'

ઉપર આપણે મૂળ કર્તાને જ પ્રેરક કર્તા બનાવી દીધો છે. એથી અર્થછાયા ફરી જાય છે એ ધ્યાનમાં આવ્યું હશે. મૂળ કર્તાને પ્રેરિત કર્તા બનાવી પ્રેરક કર્તા ઉમેરીને પણ સાદામાંથી પ્રેરકનું વાક્યપરિવર્તન સિદ્ધ કરી શકાય :

૧. મેં પાઠ વાંચ્યો. ૧. એણે મારી પાસે પાઠ વંચાવ્યો.

૨. મેં તેને કહ્યું. ૨. મારા પિતાએ મારી મારફત તેને કહેવડાવ્યું.

પ્રેરકમાં દ્વિકર્મક કે સકર્મક બનતા ધાતુમાં મૂળનો કર્તા સામાન્ય કર્મ રૂપે જ આવે છે. ત્યાં ઉમેરાયેલો કર્તા પુનઃપ્રેરકમાં 'પાસે'વાળો પ્રેરિત કર્તા બને છે :

સાદું	પ્રેરક	પુનઃપ્રેરક
૧. હું સંસ્કૃત ભણું છું.	પ્રો. પાઠક મને સંસ્કૃત ભણાવે છે.	મારા પિતા પ્રો. પાઠક પાસે મને સંસ્કૃત ભણાવરાવે છે.
૨. ઝાડ પરથી કેરી પડી.	મેં ઝાડ પરથી કેરી પાડી.	તેણે મારી પાસે ઝાડ પરથી કેરી પડાવી.

સંદર્ભ

રૂપસંવાદ : કાર્ડોના, એકમ ૧૦.૧; દવે, એકમ ૫૬, ૫૮; વ્યાસ યોગેન્દ્ર(૪), પૃ.૨૪૬–૨૫૨.

પદક્રમ : કાર્ડોના, એકમ ૧૦.૪–૬.

વાક્યના પ્રકારો : કાર્ડોના, એકમ ૧૦.૩; દવે, એકમ ૫૭, ૫૯; ભાયાણી(૨), પૃ.૧૨૬–૧૩૧; વ્યાસ યોગેન્દ્ર (૪), પૃ.૨૪૨–૨૪૬.

વાક્યવિશ્લેષણ : શાસ્ત્રી (૩), પૃ.૨૨૧–૨૨૩.

નિષેધવાક્ય : ભાયાણી(૨), પૃ.૧૪૯–૧૬૨; કાર્ડોના, એકમ ૫.૨૭.

કર્મણિવાક્ય : શાસ્ત્રી (૩), પૃ.૨૨૭–૨૨૮.

પ્રેરક વાક્ય : કાર્ડોના, એકમ ૫.૧૩; શાસ્ત્રી (૩), પૃ.૨૨૫–૨૨૭.

વાક્યરૂપાંતર : વ્યાસ યોગેન્દ્ર (૪), પૃ.૨૫૨–૨૫૩; દેસાઈ (૨), પૃ.૪૯૧–૪૯૪.

સ્વાધ્યાય

૧. નીચેનાં વાક્યજોડકાંઓમાં ઘાટાં છાપેલાં પદોનો રૂપભેદ શાને આભારી છે તે જણાવો :

(૧) 'કોઈ **સારા** માણસને પૂછો.'
'તમે એ માણસને **સારો** કહેવડાવ્યો.'

(૨) 'મેં હમણાં એક ગ્રંથ **વાંચ્યો.**'

'એણે ખૂબ **વાંચ્યું** છે.'

(૩) 'તળેલી વસ્તુ **ખાવી** સારી નહીં.'
'એને તળેલી વસ્તુ **ખાવા**ની ટેવ છે.'

(૪) પ્રો. મહેતા ઇતિહાસ **સારો** સમજાવે છે.'
પ્રો. મહેતા **સારું** સમજાવે છે.'

૨. નીચેનાં વાક્યોના અવયવો, એના સંબંધો સ્પષ્ટ થાય એ રીતે જુદા પાડી આપો :

(૧) તમે એ માણસને સારો કહેવડાવશો.

(૨) એને સવારના નાસ્તામાં તળેલી વસ્તુ ખાવાની ટેવ છે.

(૩) કિશોર ભલે મારી સાથે આવે.

(૪) કાલે હું તમારે ત્યાં ભૂલી ગયેલો તે ચોપડી ક્યાં ?

૩. નીચેનાં કથનોને યોગ્ય રીતે સુધારીને મૂકો :

(૧) વિશેષણ હંમેશાં વિશેષ્યની પૂર્વે આવે છે.

(૨) ઉદ્દેશ્ય-વિધેય-સમીકરણ સ્વરૂપનાં વાક્યોમાં નિષેધમાં 'ન' આવતો નથી.

૪. નીચે આપેલાં વાક્યોમાંથી વિધિવાક્ય અને નિષેધવાક્યનાં ખરાં જોડકાં ગોઠવી આપો :

વિધિવાક્ય	નિષેધવાક્ય
(૧) એ તમને કાગળ લખે ?	એ તમને કાગળ નહીં લખે ?
(૨) એ તમને કાગળ લખશે ?	એ તમને કાગળ લખે નહીં ?
(૩) પહેલાં તમે એની સાથે બોલતા.	પહેલાં તમે એની સાથે બોલતા નહીં.
(૪) પહેલાં તમે એની સાથે બોલજો.	પહેલાં તમે એની સાથે નહીં બોલતા.

૫. સૂચવ્યા પ્રમાણે કરો :

(૧) શક્ય હોય તેટલા જુદાજુદા ક્રમમાં પદોને ગોઠવી વાક્ય લખો :
કાલે એને ત્યાં હું મારી એક છત્રી ભૂલી ગયેલો.

(૨) નીચેનું મિશ્ર વાક્ય છે કે સંકુલ વાક્ય તે કહો અને જોડાયેલાં વાક્યોનો સંબંધ દર્શાવો :
જેવી આપણી મહેનત હોય તેવું ફળ મળે.

(૩) નિષેધવાક્યમાંથી વિધિવાક્યમાં રૂપાંતર કરો :
તમે એને ત્યાં કેમ જતા નથી ?

(૪) કર્તરિમાંથી કર્મણિમાં રૂપાંતર કરો :
આ હોટલમાં અમે સોમવારે ભાત પીરસીએ છીએ.

(૫) શક્ય તેટલી રીતે પ્રેરકમાં રૂપાંતર કરો :
હું આજે સરસ ભોજન જમ્યો.

સંદર્ભસૂચિ

૧. આચાર્ય, શાંતિભાઈ, *વિદ્યાપીઠ*, સપ્ટે.-ઑક્ટો. ૧૯૭૫, *'સૌરાષ્ટ્રના વાગ્વિસ્તારોમાં હાલારી'*.

૨. ઑલબ્રાઇટ : W. F. Albright & T. O. Lambdin, *The Evidence of Language*, Oxford University Press, 1966.

૩. કાર્ડોના : George Cardona, *A Gujarati Reference Grammar*, The University of Pennsylvania Press, Philadelphia, 1965.

૪. ક્રિસ્ટલ : David Crystal, *Linguistics*, Penguin Books, 1971.

૫. કૅરલ : John B. Carroll, *The Study of Language*, Harvard University Press, Cambridge, 1961.

૬. ગ્રિઅર્સન, જૉર્જ એ., *ભારતીય-ભાષા-સમીક્ષા ગ્રંથ ૯ ભાગ ૨, ગુજરાતી ભાષા*, ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ, ૧૯૪૯.

૭. ગ્રે : Louis H. Gray, *Foundation of Language*, MacMillan Company, Newyork, 1958.

૮. ગ્લીસન : H. A. Gleason, *An Introduction to Descriptive Linguistics*, Oxford & IBH Publishing Co., Calcutta, 1970.

૯. તેરૈયા, પ્રભાશંકર રામશંકર, *ગુજરાતી ભાષાના દ્વિરુક્ત પ્રયોગો*, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, ૧૯૭૦.

૧૦. ત્રિવેદી, કમળાશંકર પ્રાણશંકર, *પાઠ્ય બૃહદ્ વ્યાકરણ*, હરીશ ઍન્ડ કંપની, નવસારી, ૧૯૫૪.

૧૧. દવે : Dr. T. N. Dave, *The Language of Gujarat*, Gujarat Research Society, અમદાવાદ, ૧૯૬૪. [ગુજરાતી આવૃત્તિ : *ગુજરાતી ભાષા*, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, અમદાવાદ, ૧૯૭૨.]

૧૨. દવે, ડૉ. જે. સી., *ગુજરાતી નામિક સમાસો*, પોતે, લીંબડી, ૧૯૭૭.

૧૩. દીવટિયા, નરસિંહરાવ ભોળાનાથ, *ગુજરાતી ભાષા અને સાહિત્ય (સંક્ષેપ)*, ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ, ૧૯૫૭.

૧૪. દેસાઈ, ડૉ. ઊર્મિ ઘનશ્યામ, (૧) *ગુજરાતી ભાષાના અંગસાધક પ્રત્યયો*, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, અમદાવાદ, ૧૯૭૨; (૨) *વ્યાકરણવિમર્શ*, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, અમદાવાદ, ૧૯૯૨.

૧૫. દેસાઈ જિતેન્દ્ર, *સંસ્કૃત ભાષાવિજ્ઞાન*, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, અમદાવાદ, ૧૯૮૪.

૧૬. નાયક, ડૉ. છોટુભાઈ રણછોડજી, *ગુજરાતી પર અરબી-ફારસીની અસર*, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, ૧૮૬૫.

૧૭. પંડિત, ડૉ. પ્રબોધ, (૧) *ગુજરાતીનું ધ્વનિસ્વરૂપ અને ધ્વનિપરિવર્તન*, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, ૧૯૬૬; (૨) *ચરોતર સર્વસંગ્રહ* ભા.૧, લોકમત પ્રકાશન, નડિયાદ, ૧૯૫૪, *'ચરોતરી બોલી'*; (૩) *ગુજરાત એક પરિચય*, સ્વાગત સમિતિ, કૉંગ્રેસ અધિવેશન, ભાવનગર, ૧૯૬૧, *'ભાષા અને તેની બોલીઓ'*; (૪) *ભાષાવિજ્ઞાનના અર્વાચીન અભિગમો*, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૭૩; (૫) *ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ ૧*, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, ૧૯૭૬, *'ગુજરાતી ભાષાનાં વિધાયક પરિબળો'*.

૧૮. પામર : Frank Palmer, *Grammar*, Penguin Books, 1972.

૧૯. બરો : T. Burrow, *The Sanskrit Language*, Faber & Faber, London, 1959.

૨૦. બાર્બર : C. L. Barber, *The Story of Language*, E.L.B.S., London, 1965.

૨૧. બ્લૂમફીલ્ડ : Leonard Bloomfield, *Language*, George Allen & Unwin Ltd., London, 1955.

૨૨. બ્લૉક : Jules Block, *Indo-Aryan* (Trans. Alfred Master), Paris, 1965.

૨૩. ભટ્ટ, ડૉ. વસંતકુમાર મનુભાઈ, *ભાષાશાસ્ત્ર અને પ્રાચીન ભારતીય-આર્ય ભાષા*, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, અદ્યતન આવૃત્તિ, ૧૯૯૨–૯૩.

૨૪. ભાયાણી, ડૉ. હરિવલ્લભ, (૧) *અનુશીલનો*, ધ પૉપ્યુલર પબ્લિશિંગ હાઉસ, સુરત, ૧૯૬૬; (૨) *થોડોક વ્યાકરણવિચાર*, વોરા એન્ડ કંપની, અમદાવાદ, ૧૯૭૮ (ત્રી.આ.); (૩) *જ્ઞાનગંગોત્રી : વિશ્વસાહિત્ય–૧*, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, ૧૯૭૧, *'ભાષાની ઉત્પત્તિ અને મુખ્ય ભાષાકુળો'*; (૪) *શબ્દ-પરિશીલન*, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૧૯૭૩; (૫) *વ્યુત્પત્તિવિચાર*, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૭૫; (૬) *ગુજરાતી ભાષાના ઇતિહાસની કેટલીક સમસ્યાઓ*, આર. આર. શેઠની કંપની, મુંબઈ-અમદાવાદ, ૧૯૭૬; (૭) *ગુજરાતી ભાષાનો લઘુ વ્યુત્પત્તિકોશ*, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, ૧૯૯૪.

૨૫. માર્તિને : Andre Martinet, *Elements of General Linguistics*, Faber & Faber Ltd., London, 1969.

૨૬. રોબિન્ઝ : R. A. Robins, *General Linguistics – an Introductory*

Survey, Longmans, London, 1968.

૨૭. લાડો : Robert Lado, *Language Teaching,* Tata McGraw-Hill Pub. Co. Ltd., Bombay, 1974.

૨૮. લીચ : Geoffrey Leech, *Samantics,* Penguin Books, 1974.

૨૯. લેમન : Winfred P. Lehman, *Historical Linguistics - an Introduction,* Oxford & IBH, Calcutta, 1966.

૩૦. વૉલવર્ક : J. F. Wallwork, *Languauge and Linguistics,* Heinemann Educational Books, London, 1969.

૩૧. વ્યાસ, કાંતિલાલ બળદેવરામ, (૧) *ગુજરાતી ભાષા – ઉદ્‌ગમ, વિકાસ અને સ્વરૂપ,* એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., મુંબઈ, ૧૯૬૫; (૨) *ભાષાવિજ્ઞાન – અદ્યતન સિદ્ધાંતવિચારણા,* એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., મુંબઈ, ૧૯૭૮.

૩૨. વ્યાસ, ડૉ. યોગેન્દ્ર, (૧) *બોલીવિજ્ઞાન અને ગુજરાતી બોલીઓ,* યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૭૪; (૨) *ભાષા, સમાજ અને સાહિત્ય,* (વિકેતા) આદર્શ પ્રકાશન, અમદાવાદ, ૧૯૭૫; (૩) *વિશ્વમાનવ,* માર્ચ ૧૯૭૧, *'-થી' એક નોંધ';* (૪) *ગુજરાતી વ્યાકરણ,* ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, ૧૯૭૭.

૩૩. શાસ્ત્રી, કે. કા., (૧) *પરબ,* ૧૯૭૦ પત્રિકા-૧, *'ગુજરાતી વ્યાકરણમાં પરિવર્તન';* (૨) *ભાષા અને ગુજરાતી ભાષા,* જ્યોતિ પ્રકાશન, અમદાવાદ, ૧૯૭૦; (૩) *ગુજરાતી માન્ય ભાષાનું લઘુવ્યાકરણ,* મેસર્સ બી. એસ. શાહ, અમદાવાદ, ૧૯૬૯.

૩૪. સક્સેના, ડૉ. બાબુરામ, *સામાન્ય ભાષાવિજ્ઞાન,* હિન્દી સાહિત્ય સંમેલન, પ્રયાગ, ૧૯૬૫.

૩૫. સપિર : Edward Sapir, *Language,* Rupert Hart-Davis, London.

૩૬. સાંડેસરા, ડૉ. ભોગીલાલ જ., *શબ્દ અને અર્થ,* મુંબઈ યુનિવર્સિટી, ૧૯૫૪.

૩૭. સોશુર : Ferdinand De Saussure, *Course in General Linguistics,* Peter Owen Limited, London, 1960.

૩૮. સ્ટર્ટિવન્ટ : Edgar H. Sturtevant, *An Introduction to Linguistic Science,* Yale Unversity Press, London, 1950.

૩૯ હૉકિટ : Charles F. Hockett, *A Course in Modern Linguistics,* Oxford & IBH Publishing Co., New Delhi, 1970.

૪૦. હૉલ : Robert A. Hall, *Introductory Linguistics,* Motilal Banarasidas, Delhi, 1969.

પરિભાષા

૧

affix પ્રત્યય
affricate સ્પર્શ-સંઘર્ષી
agglutinating યોગાત્મક
allophone ઉપધ્વનિઘટક, ઉપઘટક
alveolar વર્ત્સ્ય
analytic અશ્લિષ્ટ, વ્યસ્ત
arbitrary યાદચ્છિક
aspect ક્રિયાવસ્થા
aspirated મહાપ્રાણ
auxiliary સહાયકારક
base મૂળ અંગ
cerebral મૂર્ધન્ય
communication અવગમન, સંક્રમણ, સંદેશાવ્યવહાર
compound sentence મિશ્ર વાક્ય
complex sentence સંકુલ વાક્ય
concord રૂપસંવાદ, પદસંવાદ
connective સંયોજક
derivation અંગસિદ્ધિ
derivative અંગસાધક
dialect બોલી
direct object મુખ્ય કર્મ
distinctive અર્થભેદક, ભેદક
explosive સ્ફોટક
flapped થડકારવાળા
form રૂપ
fricative સંઘર્ષી
fusional એકરૂપાત્મક, શ્લિષ્ટ
genealogical આનુવંશિક, પારિવારિક
genetic ઉદ્‌ભવમૂલક
glottis તંત્રીવિવર
glottal તંત્રીવિવરીય, તંત્રીવિવરોત્થ
government રૂપનિયંત્રણ, પદનિયંત્રણ
grammatical category વ્યાકરણગત વર્ગ, વ્યાકરણી વિભાગ
habitual આદતરૂપ, નિયમિત
indeclinable અવ્યય
indicative નિર્દેશાર્થ, નિશ્ચયાર્થ
indirect object ગૌણ કર્મ
Indo-Aryan ભારતીય-આર્ય
Indo-European ભારત-યુરોપીય
Indo-Iranian ભારત-ઈરાની
inflecting પ્રત્યયાત્મક
inflection પદસિદ્ધિ, રૂપસિદ્ધિ
intonation કાકુ
invariable અવિકારી
isogloss બોલીભેદની રેખા
isolating અયોગાત્મક
juncture જંક્ચર
larynx સ્વરયંત્ર
lateral પાર્શ્વિક
linear ક્રમવર્તી
loan word સ્વીકૃત શબ્દ
modal અવસ્થાવાચક, રીતિવાચક
mood અર્થ
morpheme રૂપઘટક
morphological રૂપતંત્રીય
morphology રૂપતંત્ર
murmur મર્મર
neutral કાળનિરપેક્ષ
nominal નામિક
non-structured અસંઘટિત

oblique form સામાન્ય રૂપ
order પદક્રમ
paradigm રૂપાખ્યાન
particle નિપાત
pharynx કંઠવિવર
pharyngeal કંઠવિવરીય
phoneme ધ્વનિઘટક
phonetic change ધ્વનિપરિવર્તન
phonetics (artculatory) ઉચ્ચારણપ્રક્રિયા
phonology ધ્વનિતંત્ર, ધ્વનિવ્યવસ્થા
phrase પદસમૂહ, વાક્યખંડ
pitch સૂર
postposition અનુગ
predicate વિધેય
prefix પૂર્વપ્રત્યય
reduplicative દ્વિરુક્ત પ્રયોગ
resonance અનુકંપન, અનુનાદન
retroflex પ્રતિવેષ્ટિત
rolled લુંઠિત
root language ધાતુરૂપ ભાષા
secret language પારસી
segmental વિભાજ્ય, ખંડીય
slang ઉપશિષ્ટ ભાષા
speech વાણી
speaking ઉચ્ચારણ
standard language માન્ય, શિષ્ટ ભાષા
stem અંગ
stem-enlarging અંગવિસ્તારક
stop સ્પર્શધ્વનિ
stress ભાર
structure આકૃતિ, માળખું, સંઘટન, સ્વરૂપ
structured સંઘટિત
style શૈલીભેદ
subject ઉદ્દેશ્ય
sub-standard ઉપશિષ્ટ
substantive સંજ્ઞા
suffix પરપ્રત્યય
suprasegmental અવિભાજ્ય, અતિખંડીય
symbolic આંતરવિકારાત્મક
syntax વાક્યરચના, વાક્યતંત્ર
synthetic શ્લિષ્ટ, સમસ્ત
taboo ટબૂ, નિષિદ્ધ પ્રયોગ
tone સૂર
trachea શ્વાસનળી
trade jargon ધંધાકીય વિશિષ્ટ બોલી
trilled પ્રકંપી
typological આકૃતિમૂલક, પ્રકૃતિમૂલક, સ્વરૂપલક્ષી
unaspirated અલ્પપ્રાણ
unvoiced અઘોષ
uvula પડજીભ
variable વિકારી
velar કંઠ્ય, કોમલતાલુસ્થાનીય
verbal આખ્યાતિક
visual image, sign, symbol દૃશ્ય સંકેત, લિપિસંકેત, લિપિચિહ્ન
vocal chord નાદતંત્રી
vocal sound વાચિક ધ્વનિ
voice પ્રયોગ, રચના
voiced ઘોષ
whisper ગુસપુસધ્વનિ, ફુસફુસાહટ
zero suffix શૂન્યપ્રત્યય

૨

અઘોષ unvoiced
અતિખંડીય suprasegmental
અનુકંપન resonance
અનુગ postposition
અનુનાદન resonance
અયોગાત્મક isolating
અર્થ mood
અર્થભેદક distinctive
અલ્પપ્રાણ unaspirated
અવગમન communication
અવસ્થાવાચક modal
અવિકારી invariable
અવિભાજ્ય suprasegmental
અવ્યય indeclinable
અશ્લિષ્ટ analytic
અસંઘટિત non-structured
અંગ stem
અંગસાધક derivative
અંગસિદ્ધિ derivation
અંગવિસ્તારક stem-enlarging
આકૃતિ structure
આકૃતિમૂલક typological
આખ્યાતિક verbal
આદતરૂપ habitual
આનુવંશિક genealogical
આંતરવિકારાત્મક symbolic
ઉચ્ચારણ speaking
ઉચ્ચારણપ્રક્રિયા phonetics (articulatory)
ઉદ્દેશ્ય subject
ઉદ્ભવમૂલક genetic
ઉપઘટક, ઉપધ્વનિઘટક allophone
ઉપશિષ્ટ substandard
ઉપશિષ્ટ ભાષા slang
એકરૂપાત્મક fusional
કંઠવિવર pharynx
કંઠવિવરીય pharyngeal
કંઠ્ય velar
કાકુ intonation
કાળનિરપેક્ષ neutral
કોમલતાલુસ્થાનીય velar
ક્રમવર્તી linear
ક્રિયાવસ્થા aspect
ખંડીય segmental
ગુસપુસધ્વનિ whisper
ગૌણ કર્મ indirect object
ઘોષ voiced
જંક્ચર juncture
તંત્રીવિવર glottis
તંત્રીવિવરીય, તંત્રીવિવરોત્થ glottal
થડકારાવાળા flapped
દૃશ્ય સંકેત visual symbol
દ્વિરુક્ત પ્રયોગ reduplicative
ધંધાકીય વિશિષ્ટ બોલી trade jargon
ધાતુરૂપ ભાષા root language
ધ્વનિઘટક phoneme
ધ્વનિતંત્ર phonology
ધ્વનિપરિવર્તન phonetic change
ધ્વનિવ્યવસ્થા phonology
નાદતંત્રી vocal chord
નામિક nominal
નિપાત particle
નિયમિત habitual
નિર્દેશાર્થ, નિશ્ચયાર્થ indicative

નિષિદ્ધ પ્રયોગ taboo
પડજીભ uvula
પદક્રમ order
પદનિયંત્રણ government
પદસમૂહ phrase
પદસંવાદ concord
પદસિદ્ધિ inflection
પરપ્રત્યય suffix
પારિવારિક genealogical
પ્રકૃતિમૂલક typologilcal
પ્રતિવેષ્ટિત retroflex
પ્રત્યય affix
પ્રયોગ voice
ફુસફુસાહટ whisper
બોલી dialect
બોલીભેદની રેખા isogloss
ભાર stress
ભારતીય-આર્ય Indo-Aryan
ભારત-ઈરાની Indo-Iranian
ભારત-યુરોપીય Indo-European
ભેદક distinctive
મર્મર murmur
મહાપ્રાણ aspirated
માન્ય ભાષા standard language
માળખું structure
મિશ્ર વાક્ય compound sentence
મુખ્ય કર્મ direct object
મૂર્ધન્ય cerebral
મૂળ અંગ base
યાદચ્છિક arbitrary
યોગાત્મક agglutinating
રચના voice
રીતિવાચક modal
રૂપ form
રૂપઘટક morpheme
રૂપતંત્ર morphology
રૂપતંત્રીય morphological
રૂપનિયંત્રણ government
રૂપસંવાદ concord
રૂપાખ્યાન paradigm
લિપિચિહ્ન, લિપિસંકેત visual sign
લુંઠિત rolled
વર્ત્સ્ય alveolar
વાક્યખંડ phrase
વાક્યતંત્ર, વાક્યરચના syntax
વાચિક ધ્વનિ vocal sound
વાચિક સંકેત vocal symbol
વાણી speech
વિકારી variable
વિધેય predicate
વિભાજ્ય segmental
વ્યસ્ત analytic
વ્યાકરણગત વર્ગ, વ્યાકરણી વિભાગ grammatical category
શિષ્ટ ભાષા standard language
શૂન્યપ્રત્યય zero suffix
શૈલીભેદ style
શ્લિષ્ટ fusional
શ્વાસનળી trachea
સમસ્ત synthetic
સહાયકારક auxiliary
સંકુલ વાક્ય complex sentence
સંક્રમણ communication
સંઘટન structure
સંઘટિત structured
સંઘર્ષી fricative

સંજ્ઞા substantive
સંદેશાવ્યવહાર communication
સંયોજક connective
સામાન્ય રૂપ oblique form
સૂર pitch, tone
સ્પર્શધ્વનિ stop
સ્પર્શસંઘર્ષી affricate
સ્ફોટક explosive
સ્વરયંત્ર larynx
સ્વરૂપ structure
સ્વરૂપલક્ષી typological
સ્વીકૃત શબ્દ loan word

શબ્દસૂચિ

૧. વિષય

[વિષય સામાન્ય ભાષાવિજ્ઞાનના સંદર્ભમાં તેમ ગુજરાતી ભાષાના સંદર્ભમાં ચર્ચાયેલો હોઈ તેના પૃષ્ઠાંક એકસાથે જ નોંધ્યા છે. જેમકે, 'જોડણી'માં એની સામાન્ય ચર્ચાના તેમજ ગુજરાતી જોડણીની ચર્ચાના પૃષ્ઠાંક નોંધાયેલા મળશે.]

અકર્તૃક ધાતુઓ, ૨૪૫, ૨૪૭, ૨૯૫
અકર્મક, ૨૪૭, ૨૯૬
અઘોષ, ૬૯–૭૦, ૧૫૭–૫૮, ૧૬૬, ૧૭૪
અનુગો, ૭૯, ૮૪, ૯૦, ૨૩૮–૪૦, ૨૪૨–૪૪, ૩૦૧–૦૨
  -ના અર્થો, ૨૪૪–૫૫
અનુજ્ઞાવાચક, ૨૬૭, ૨૭૨
અનુનાસિક, ૧૫૯, ૧૬૫–૬૬, ૧૭૦–૭૧, ૧૭૪
અનુમોદનવાચક, ૨૭૨
અન્વયાનુસારિણી ભાષા, ૩૮
અપભ્રંશ, ૬૫, ૭૫–૭૭, ૮૩–૮૫, ૯૧–૯૨
અપેક્ષાર્થ, ૨૮૨, ૨૮૮
અપેક્ષિત ક્રિયા, ૨૬૯, ૨૭૦, ૨૮૭, ૨૮૮
અભાવવાચક પ્રત્યયો, ૧૮૩
અયોગાત્મક ભાષા, ૩૮
અરબી શબ્દો, જુઓ ફારસી-અરબી શબ્દો
અર્થ (mood), ૨૮૨–૮૮
અર્થપરિવર્તન, ૪૩–૪૪
અર્ધતત્સમ શબ્દો, ૯૨–૯૩
અર્ધસ્વર, ૬૯, ૧૭૨–૭૩, ૧૭૪
અલ્પપ્રાણ, ૬૯, ૧૬૧–૬૨, ૧૬૬, ૧૭૪
અવસ્થાવાચક ધાતુઓ, ૭૯, ૨૮૯–૯૦
  -ના અર્થો, ૨૯૦–૯૨
અવ્યય, ૩૦૨–૦૩
અશ્લિષ્ટ ભાષા, ૩૬–૩૭, ૮૪
અંગ, ૧૮૦
અંગવિસ્તારક પ્રત્યયો, ૧૮૭, ૧૮૮–૯૧, ૧૯૯
અંગસાધક પ્રત્યયો, ૧૮૦–૨૦૦
અંગસિદ્ધિ, ૧૮૧
અંગ્રેજીની અસર, ૭૯, ૮૬, ૯૧, ૯૫
અંતિમ અપભ્રંશ, ૮૩
આખ્યાતિક અંગો, ૨૫૮–૬૧
આખ્યાતિક અંગ બનાવનાર પ્રત્યયો, ૧૮૧, ૨૫૮–૬૧
આખ્યાતિક અંગોને લાગતા પ્રત્યયો, ૧૮૪–૮૬, ૧૮૮, ૧૯૧–૯૩, ૧૯૬–૯૮
આખ્યાતિક રૂપ, ૨૬૧–૬૪
  – રૂપાખ્યાન, ૭૧, ૭૪–૭૫, ૭૬, ૭૯, ૮૪, ૮૬, ૮૯, ૨૬૧–૬૨, ૨૭૭–૮૨, ૩૧૩–૧૪
  – રૂપોના અર્થો, ૨૭૧–૭૪, ૨૭૭–૮૨
આજ્ઞાર્થ, ૯૦, ૨૬૨, ૨૬૭, ૨૬૯, ૨૭૨, ૨૭૪, ૨૭૭, ૨૭૮, ૨૮૫
આદતરૂપ ક્રિયા, ૨૬૬–૬૭, ૨૭૨, ૨૭૪, ૨૮૧, ૨૮૨ તથા જુઓ 'નિયમિત ક્રિયા'
આફ્રો-એશિઅન ભાષાકુળ, ૪૮–૫૦
આર્યપ્રજા, ૫૭, ૫૮, ૬૧–૬૫

આર્યભાષા, ૬૨
આલ્તાઈ ભાષાકુળ, ૪૭
આશીર્વાદવાચક, ૨૭૨, ૨૭૩
આસન્ન ભવિષ્ય, ૨૬૮
આંતરવિકારાત્મક ભાષા, ૩૯
ઇચ્છાવાચક, ૨૬૯, ૨૭૩, ૨૮૫, ૨૮૬, ૨૮૮
ઇરાદાવાચક, ૨૮૬, ૨૮૭, ૨૮૮
ઈરાની પ્રશાખા, ૬૪, ૬૮–૭૧
ઉચ્ચારણ, ૧૦
  અને લેખન, ૧૨–૧૬, ૧૭૬–૭૮
ઉચ્ચારણપ્રક્રિયા, ૧૫૫–૧૬૨
ઉત્તર ગુજરાતી બોલી, ૧૪૬, ૧૪૯–૫૧
ઉદ્‌ગારવાચકો, ૩૦૯, ૩૧૬, ૩૨૦
ઉદ્દેશ્ય, ૩૧૬, ૩૨૦, ૩૨૨
ઉપઘટક, ૧૬૩, ૧૬૭, ૧૭૧, ૧૭૩
ઉપશિષ્ટ ભાષા, ૩૧, ૩૩
ઉપસર્ગ, ૧૮૧
ઉભયાન્વયી અવ્યયો, ૩૦૪
ઊષ્મધ્વનિ, ૭૦, ૭૪, ૧૬૦
એકરૂપાત્મક ભાષા, ૩૯
એકવચન, ૨૨૬–૨૭, ૨૨૮
એથબેસ્કન ભાષાકુળ, ૫૧
એલ્ગોન્કિન ભાષાકુળ, ૫૧
એસ્કિમો-અલ્યૂટ ભાષાકુળ, ૫૦
ઑસ્ટ્રિક ભાષાકુળ, ૪૮
ઑસ્ટ્રેલિઅન ભાષાકુળ, ૫૧
ઑસ્ટ્રો-એશિઆટિક ભાષાકુળ, ૪૮, ૫૪
ઓષ્ઠ્ય વ્યંજનો, ૬૯, ૧૬૫–૬૬, ૧૭૧, ૧૭૩, ૧૭૪
કચ્છી, ૧૪૫, ૧૪૭
કન્નડ શબ્દો, ૯૬
કરણકર્તા, ૨૯૬
કર્તરિ પ્રયોગ, ૨૯૨–૯૩, ૨૯૬
કર્મકર્તા, ૨૯૬
કર્મણિ અંગ, ૨૬૦–૬૧
  – પ્રયોગ, ૮૬, ૮૭, ૯૧, ૨૯૨–૯૭, ૩૨૫–૨૭
કર્મણિના અર્થ, ૨૯૪–૯૫
કંઠવિવર, ૧૫૬, ૧૫૮, ૧૫૯
  – વિવરીય સંઘર્ષી ધ્વનિ, ૧૬૯
  – વિવરીય સ્પર્શધ્વનિ, ૧૫૮, ૧૫૯, ૧૭૪
કંઠ્ય વ્યંજનો, ૬૯, ૧૬૧, ૧૬૭, ૧૭૦, ૧૭૧, ૧૭૪
કંઠ્ય-તાલવ્ય વ્યંજનો, ૬૯
કંઠ્યૌષ્ઠ્ય વ્યંજનો, ૬૯
કાઠિયાવાડી, ૧૪૭–૪૯
કારણવાચક ક્રિયા, ૨૭૮, ૨૭૯, ૨૮૧
કાળઅર્થવાચક, ૧૮૦, ૨૬૨–૬૫
કાળનિરપેક્ષ, ૨૮૬
કુત્સાવાચક પ્રત્યયો, ૧૮૨, ૧૮૩
કૃત્ પ્રત્યય, ૧૮૪–૮૫
કૃદંત, ૭૧, ૭૫, ૭૬, ૨૬૫–૭૧, ૩૦૦–૦૧, ૩૧૧–૧૨
કૃદંતોના અર્થ, ૨૬૬–૭૧
કેવળપ્રયોગી અવ્યયો, ૩૦૯, ૩૨૦
ક્રિયાતિપત્ત્યર્થ, ૨૭૪, ૨૭૮, ૨૮૦, ૨૮૨, ૨૮૭, ૨૮૮
ક્રિયાપદ-ખંડ, ૩૧૬, ૩૧૭
ક્રિયાવસ્થા, જુઓ 'અપેક્ષિત ક્રિયા' 'અવસ્થાવાચક ધાતુઓ' 'આદતરૂપ ક્રિયા' 'કાળઅર્થવાચક પ્રત્યયો' 'ચાલુ ક્રિયા' 'નિયમિત ક્રિયા' 'પૂર્ણ ક્રિયા' 'પૂર્વવર્તી ક્રિયા'
ક્રિયાવિશેષણ, ૯૧, ૨૯૯–૩૦૪, ૩૦૫, ૩૧૨, ૩૧૩, ૩૧૪, ૩૧૫
ક્રિયાવિશેષણોના પ્રકારો, ૩૦૩–૦૪

ખોઇસન ભાષાકુળ, ૫૦
ગુજરાતી ભાષાનો ઉદ્‌ભવ અને વિકાસ, ૮૧–૮૭
ગુજરાતીની પડોશભાષાઓ, ૮૭–૮૯
ગુર્જર દેશ, ૮૨
ગુર્જરત્રા, ૮૩
ગુસપુસ ધ્વનિ, ૧૫૮
ગોહિલવાડી, ૧૪૭, ૧૪૯
ગૌર્જર અપભ્રંશ, ૮૩
ઘોષ ધ્વનિ, ૬૯–૭૦, ૧૫૭–૫૮, ૧૬૬, ૧૬૮, ૧૭૪
ચરોતરી બોલી, ૧૪૬, ૧૫૧–૫૨
ચારી-નાઇલ ભાષાકુળ, ૫૦
ચાલુ ક્રિયા, ૨૬૭, ૨૮૦, ૨૮૧, ૨૮૩–૮૫, ૨૮૭–૮૮
ચીની-તિબેટી ભાષાકુળ, ૪૭, ૫૪
ચેષ્ટારૂપ ભાષા, ૮
જંક્ચર, ૧૭૫
જોડણી, ૧૩–૧૬, ૧૭૬–૭૮
ઝાલાવાડી, ૧૪૭, ૧૪૮, ૧૪૯
ટબૂ, ૩૪
તત્સમ શબ્દો, ૮૪, ૮૬, ૯૨
તદ્ધિત પ્રત્યય, ૧૮૫
તદ્‌ભવ શબ્દો, ૯૧–૯૨
તંત્રીવિવર, ૧૫૬
તંત્રીવિવરોત્થ ધ્વનિ, ૧૫૭, ૧૫૯, ૧૬૮, ૧૭૪
તાલવ્ય, ૬૯, ૧૬૧, ૧૬૮, ૧૬૯, ૧૭૧, ૧૭૨, ૧૭૪
તુર્કી ભાષાકુળ, ૪૭
તુર્કો-તાતાર ભાષાકુળ, ૪૭
થડકારાવાળા ધ્વનિ, ૧૬૦, ૧૬૭, ૧૭૦, ૧૭૪
દક્ષિણ ગુજરાતી બોલી, ૧૪૬, ૧૫૨–૫૩
દરદ ભાષાઓ, ૬૫
દંતૌષ્ઠ્ય, ૧૭૩
દંત્ય વ્યંજનો, ૬૯, ૧૬૧, ૧૬૭, ૧૬૯, ૧૭૦, ૧૭૪
દેશ્ય શબ્દો, ૭૭, ૮૫, ૯૧, ૯૨
દ્રાવિડી ભાષાકુળ, ૪૮, ૫૩
દ્વિરુક્ત પ્રયોગો, ૭૯, ૮૫, ૨૦૩–૦૬, ૨૦૯, ૨૧૮, ૩૦૨
ધંધાકીય બોલીઓ, ૩૩
ધાતુરૂપ ભાષાઓ, ૩૭
ધ્વનિઘટક, ૨૫, ૧૬૨–૭૬
ક્રમવર્તી, ૧૭૪
ખંડીય અને અતિખંડીય, ૧૭૪–૭૫
વિભાજ્ય અને અવિભાજ્ય, ૧૭૪–૭૫
ધ્વનિતંત્ર, ૨૫, ૨૮, ૬૮–૭૦, ૭૪, ૭૬, ૭૮, ૧૬૨–૭૬
ધ્વનિપરિવર્તન, ૪૨, ૬૮–૭૦, ૭૩, ૭૪, ૭૭, ૭૮, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૧૦૦–૪૪
નાઇજર-કૉંગો ભાષાકુળ, ૫૦
નાદતંત્રીઓ, ૧૫૬–૫૮
નામ, ૨૨૦
નામખંડ, ૩૧૬
નામયોગીઓ, ૯૦, ૨૩૮–૩૯, ૨૪૦–૪૧, ૨૪૪, ૩૦૧–૦૨, ૩૦૫, ૩૧૬
ના અર્થો, ૨૫૫–૫૬
નામિક અંગ, ૭૬, ૭૮, ૯૦, ૨૨૦–૨૫
નામિક અંગ બનાવનાર પ્રત્યયો, ૧૮૧
નામિક અંગોને લાગતા પ્રત્યયો, ૧૮૪, ૧૮૬–૮૮, ૧૯૪–૨૦૦
નામિક રૂપાખ્યાન, ૭૦, ૭૧, ૭૪, ૭૬, ૭૮–૭૯, ૯૦, ૨૨૦–૨૭, ૨૩૮, ૨૪૦–૪૪
નાસિક્ય ધ્વનિ, ૧૫૯, ૧૭૪ તથા જુઓ 'અનુનાસિક'

નિપાત, ૩૦૫, ૩૦૭–૦૯
નિપાતોના અર્થો, ૩૦૭–૦૯
નિયમિત ક્રિયા, ૨૬૬, ૨૭૨, ૨૮૨, ૨૮૩–૮૫
નિર્દેશાર્થ, ૨૭૭, ૨૮૨–૮૮
નિશ્ચયાર્થ, ૨૮૨
નિષિદ્ધ પ્રયોગ, ૩૪, ૪૫
નિષેધવાક્ય, ૩૨૧–૨૫
પટણી બોલી, ૧૪૯–૫૧
પદક્રમ, ૩૧૪–૧૬
પદનિયંત્રણ, જુઓ 'રૂપનિયંત્રણ'
પદસંબંધ, ૩૧૧, ૩૧૬–૨૦
પદસંવાદ, જુઓ 'રૂપસંવાદ'
પદસાધક પ્રત્યયો, ૧૮૦–૮૧
પરપ્રત્યયો, ૧૮૧, ૧૮૪–૨૦૦
સંસ્કૃત તત્સમ, ૧૮૪–૮૮
ગુજરાતી તદ્‌ભવ, ૧૮૮–૯૮
ફારસી વગેરે, ૧૯૯–૨૦૦
પાર્શ્વિક ધ્વનિ, ૧૬૦, ૧૬૯, ૧૭૪
પુરુષવાચક પ્રત્યયો, ૨૬૧–૬૨
પુરુષવાચક રૂપો, ૨૬૧–૬૨, ૨૭૭–૭૮
પૂર્ણ ક્રિયા, ૨૬૮, ૨૮૪–૮૫, ૨૮૭, ૨૮૮
પૂર્વગ, ૧૮૧
પૂર્વપ્રત્યયો, ૧૮૧–૮૪
પૂર્વવર્તી ક્રિયા, ૨૭૧
પોર્ચુગીઝ શબ્દો, ૯૪
પ્રકંપી ધ્વનિ, ૧૬૦, ૧૬૯, ૧૭૪
પ્રતિવેષ્ટિત ધ્વનિ, ૧૬૧
પ્રત્યય, ૨૬, ૧૮૦
પ્રત્યયરહિતા ભાષા, ૩૮
પ્રત્યાત્મક ભાષા, ૩૭
પ્રયોગ, ૨૯૨–૯૭
પ્રશિષ્ટ સંસ્કૃત, ૬૫, ૬૬–૭૨
પ્રશ્લિષ્ટ ભાષા, ૩૮
પ્રસ્તાવવાચક, ૨૭૨
પ્રાકૃત, ૬૫, ૭૨–૭૫, ૭૭
પ્રાચીન પશ્ચિમ રાજસ્થાની, ૮૩
પ્રાદેશિક બોલી, ૩૧–૩૩, ૧૪૫–૫૩
પ્રાણીઓના અવાજો, ૯
પ્રેરક અંગ, ૨૫૮–૬૧
પ્રેરક રચના, ૨૯૬–૯૭, ૩૨૭–૨૮
–ના અર્થ, ૨૯૬–૯૭
પ્રેરિત કર્તા, ૩૨૭–૨૮
પ્લુતિ, ૧૬૧, ૧૭૫
ફરજવાચક, ૨૬૯, ૨૭૦, ૨૮૦–૮૧, ૨૮૬, ૨૮૭, ૨૮૮
ફારસી-અરબી શબ્દો, ૮૬, ૯૧, ૯૩, ૯૪
ફિનો-યૂગ્રિઅન ભાષાકુળ, ૪૭
ફુસફુસાહટ, ૧૫૮
ફ્રેન્ચ શબ્દો, ૯૫
બહુવચન, ૮૭, ૯૦, ૨૨૫–૨૬, ૨૨૭–૨૯
બંગાળી શબ્દો, ૯૭
બાન્ટુ ભાષાકુળ, ૫૦
બોલી, ૨૮–૩૪, ૧૪૫–૫૩
બોલીભેદની રેખા, ૩૨
ભવિષ્યકાળ, ૨૬૧–૬૨, ૨૬૮, ૨૭૨, ૨૭૩–૭૪, ૨૮૧, ૨૮૨–૨૮૬
ભવિષ્યકૃદંત, ૨૬૯, ૨૭૧, ૨૭૯, ૩૧૨
ભાર, ૧૬૨, ૧૭૫
ભારત-ઈરાની, ૫૯, ૬૧, ૬૩, ૬૮–૭૧
ભારતનાં ભાષાકુળો, ૫૧–૫૪
ભારત-યુરોપીય
પ્રજા, ૫૭–૫૮
–થી ભારતીય-આર્ય, ૬૧–૬૫
ભાષા, ૫૭, ૬૮–૭૧
ભાષાકુળ, ૪૬, ૫૦, ૫૭–૬૧
–ની શાખાઓ, ૫૭–૬૧

ભારતીય-આર્ય, ૫૧–૫૨, ૬૧–૭૯
ભાવપ્રધાન ધાતુઓ, ૨૪૫, ૨૪૭, ૨૯૫
ભાવે પ્રયોગ, ૨૯૪–૯૫
ભાષા
  શબ્દના અર્થો, ૮–૧૦
  આદત તરીકે, ૨૨
  -ની આકૃતિ, ૨૪–૨૮, ૩૬–૩૯
  -ના ઉપયોગો, ૪–૮
  -ના પ્રાદેશિક-સામાજિક સ્વરૂપભેદો, ૩૧–૩૫
  અને બોલી, ૨૮–૩૧
  -નું બંધારણ, ૩૬–૩૯
  અને માનવસમાજ, ૨–૪
  -નું માળખું, ૨૪–૨૮
  અને લિપિ, ૧૨–૧૩, ૧૮–૧૯
  અને વાણી, ૧૦–૧૨
  અને વિચાર, ૬
  -વર્ગીકરણની પદ્ધતિઓ, ૩૪–૩૫, ૪૫
  -વ્યવસ્થા, ૧૧, ૨૧–૨૨
  -માં સર્જક તત્ત્વ, ૪, ૨૨
  -ના સંકેતો, ૧૮–૨૧
  -ની વ્યાખ્યા, ૧૬–૨૨
  -ની સંઘટના, ૨૪–૨૮
  -ની સામાજિકતા, ૪, ૫–૬, ૨૧–૨૨
  -ની શક્તિ, ૪
ભાષાકુળો, ૪૫–૫૪
ભાષાપરિવર્તન, ૪૧–૪૫
ભાષાવિજ્ઞાન, ૧
  -ના ઉપયોગો, ૧–૨
ભૂતકાળ, ૨૬૬, ૨૭૮, ૨૮૦, ૨૮૧, ૨૮૨–૮૬, ૨૮૮
ભૂતકૃદંત, ૨૬૬–૬૭, ૨૭૧, ૩૧૨
મધ્ય ગુજરાતી બોલી, ૧૪૬, ૧૪૯–૫૦, ૧૫૧–૫૨
મરાઠી શબ્દો, ૯૬–૯૭
મર્મર, ૧૫૮, ૧૬૬, ૧૬૮, ૧૭૩, ૧૭૭
મલાયો-પૉલિનેશિઅન ભાષાકુળ, ૪૮
મહાપ્રાણ, ૬૯, ૧૬૧, ૧૬૬, ૧૭૪
માન્યભાષા, ૨૮–૩૧
મારુ-ગુર્જર, ૮૩
મૂર્ધન્ય વ્યંજન, ૬૯, ૧૬૧, ૧૬૭, ૧૬૯, ૧૭૧, ૧૭૪
મોનખ્મેર ભાષાકુળ, ૪૮, ૫૪
યુરલ-આલ્તાઈ ભાષાકુળ, ૪૭
યુરાલીય ભાષાકુળ, ૪૭
યોગાત્મક ભાષા, ૩૯
રવાનુકારી શબ્દો, ૭૭, ૮૫, ૨૦૩, ૩૦૨
રાજસ્થાની, ૮૩, ૮૬
રીતિવાચક ધાતુઓ, ૨૮૯–૯૦
રૂપઘટક, ૨૬, ૨૭, ૨૮
રૂપનિયંત્રણ, ૩૧૧, ૩૧૪
રૂપસંવાદ, ૩૧૧–૧૪
રૂપસાધક પ્રત્યયો, ૧૮૦–૮૧
લિપિ, ૫, ૧૨–૧૩, ૧૮–૧૯, ૧૭૬–૭૮
લિંગ, ૭૦, ૭૪, ૭૯, ૨૨૧, ૨૩૦–૩૪, ૨૬૩
લિંગભેદના અર્થો, ૨૩૪–૩૬
લિંગવાચક પ્રત્યયો, ૧૮૧, ૨૩૦, ૨૩૨–૩૪, ૨૬૩
લુંઠિત, ૧૬૦
લેખન, ૧૨–૧૬
વચન, ૭૦, ૯૦, ૨૨૫–૨૯, ૨૬૨–૬૩
વર્તમાનકાળ, ૨૭૨, ૨૭૭, ૨૮૧, ૨૮૨–૮૬, ૨૮૮
વર્તમાનકૃદંત, ૨૬૬, ૨૭૧, ૩૧૨
વર્ત્સ્ય, ૧૬૧, ૧૬૭
વાક્યતંત્ર, ૨૬–૨૭
વાક્યના પ્રકારો, ૩૨૦–૨૧

વાક્યરચના, ૯૧, ૩૧૧–૨૮
વાક્યરૂપાંતર, ૩૨૧–૨૮
વાક્યવિશ્લેષણ, ૩૧૬–૨૦
વાણી, ૧૦–૧૨
વિકારી અને અવિકારી, ૯૦, ૯૧, ૨૨૦–૨૫, ૨૪૦, ૨૪૧–૪૨, ૨૬૩–૬૫, ૨૭૮
વિધેય, ૩૧૬–૧૭, ૩૨૧, ૩૨૨
વિધ્યર્થ, ૨૬૯, ૨૮૨, ૨૮૫–૮૬
વિધ્યર્થકૃદંત, ૨૬૯–૭૦, ૩૧૨
વિભક્તિ, ૭૦, ૭૪, ૭૬, ૭૮, ૮૪, ૯૦, ૨૪૪–૫૬
વિરોસ પ્રજા, ૫૭
વિશેષણ, ૭૪, ૭૯, ૯૧, ૨૨૦–૨૫, ૨૯૯, ૩૦૦, ૩૦૧, ૩૦૫, ૩૧૧–૧૨, ૩૧૪, ૩૧૫
–નાં રૂપાખ્યાન, ૨૪૧
વિશેષણસાધક પ્રત્યયો, ૧૮૫–૮૯, ૧૯૨, ૧૯૩–૨૦૦
વિશ્લિષ્ટ/વિશ્લેષણાત્મક ભાષા, ૩૭
વૈદિક, ૬૨, ૬૫–૬૭, ૬૮–૭૨
વ્યસ્ત ભાષા, ૩૭, ૮૪
વ્યંજન, ૬૯–૭૦, ૧૫૯–૬૨, ૧૬૬–૭૧, ૧૭૪
વ્યાકરણ, ૧, ૨૧, ૨૭
વ્યાકરણગત પરિવર્તન, ૪૨–૪૩, ૭૦–૭૨, ૭૪–૭૫, ૭૬, ૭૮–૭૯, ૮૪, ૮૬, ૮૭, ૮૯–૯૧
શબ્દભંડોળ, ૨૭–૨૮, ૯૧–૯૭
–નું પરિવર્તન, ૪૪–૪૫, ૭૧–૭૨, ૭૯, ૮૪–૮૫, ૮૬, ૮૭, ૯૧–૯૭
શબ્દસિદ્ધિ, ૧૮૧
શિષ્ટ ભાષા, ૨૯–૩૧
શૈલીભેદ, ૨૯
શ્લિષ્ટ ભાષા, ૩૭, ૩૯, ૭૧
સમસ્ત ભાષા, ૩૭
સમાસ, ૭૧, ૯૧, ૨૦૬–૧૯
અદ્વૈત, ૨૧૫
અન્યપદપ્રધાન, ૨૦૭, ૨૧૩, ૨૧૬, ૨૧૭
અવ્યયીભાવ, ૨૧૭–૧૯
ઇતરેતર દ્વન્દ્વ, ૨૦૯
ઉપપદ, ૨૦૮, ૨૧૩–૧૫
ઉભયપદપ્રધાન, ૨૧૮
એકપદપ્રધાન, ૨૦૭, ૨૧૫, ૨૧૭
કર્મધારય, ૨૦૯, ૨૧૫–૧૬
તત્પુરુષ, ૨૦૮, ૨૧૦–૧૩, ૨૧૪
દ્વન્દ્વ, ૨૦૯–૧૦, ૨૧૮
દ્વિગુ, ૨૧૬
નગ્ નર્કમધારય, ૨૧૬
નગ્ બહુવીહિ, ૨૧૭
પ્રાદિ કર્મધારય, ૨૧૬
પ્રાદિ બહુવીહિ, ૨૧૭
બહુવીહિ, ૨૦૮, ૨૧૬–૧૭, ૨૧૮
મધ્યમપદલોપી, ૨૧૨, ૨૧૩
વિશેષણસમાસ, ૨૦૯
વૈકલ્પિક દ્વન્દ્વ, ૨૦૯
સમાહાર દ્વન્દ્વ, ૨૦૯–૧૦
સર્વપદપ્રધાન, ૨૦૭
સર્વનામ, ૨૨૫, ૨૨૭, ૩૦૫
–નાં રૂપાખ્યાન, ૭૪, ૭૬, ૨૪૨–૪૪
સહાયકારક, ૭૯, ૮૪, ૯૦, ૨૭૭–૮૨
સંઘર્ષી ધ્વનિ, ૭૦, ૧૬૦, ૧૬૮–૬૯, ૧૭૪
સંજ્ઞા, ૨૨૦–૨૫
–નાં રૂપાખ્યાન, ૨૪૦–૪૧
સંજ્ઞાસાધક પ્રત્યયો, ૧૮૪, ૧૮૫, ૧૮૬, ૧૮૮, ૧૮૯, ૧૯૦, ૧૯૩–૯૮
સંપ્રદાન, ૨૪૬

સંબંધક કૃદંત (કારણવાચક), ૨૭૮
સંબંધક ભૂતકૃદંત, ૨૭૧, ૨૭૯
સંભાવના, ૨૬૧, ૨૬૩, ૨૬૭, ૨૭૧–૭૩, ૨૭૪, ૨૭૭, ૨૭૮, ૨૭૯, ૨૮૦, ૨૮૧, ૨૮૨, ૨૮૫, ૨૮૬, ૨૮૭
સંયુક્ત ક્રિયાપદ, ૯૧, ૨૮૯–૯૨
સંયુક્ત રૂપો, ૯૧, ૨૭૯–૮૨
-ના અર્થો, ૨૭૯–૮૨
સંયોજકો, ૯૧, ૩૦૪–૦૭
સંયોજકોના પ્રકારો, ૩૦૬–૦૭
સંશ્લેષણાત્મક ભાષા, ૩૭
સામાન્ય ક્રિયા, ૨૬૯, ૨૭૧, ૨૭૮–૭૯, ૨૮૧, ૨૮૨
સામાન્ય કૃદંત, ૨૬૯–૭૧
સેમિટિક-હેમિટિક ભાષાકુળ, ૪૮–૪૯
સુરતી બોલી, ૧૪૬, ૧૫૨–૫૩
સૂર, ૬૮, ૧૫૮, ૧૬૬, ૧૭૬, ૩૧૯
સોરઠી / સૌરાષ્ટ્રી બોલી, ૧૪૭–૪૯
સ્પર્શધ્વનિ, ૬૯–૭૦, ૧૬૦, ૧૬૬–૬૮, ૧૭૧, ૧૭૪
સ્પર્શસંઘર્ષી, ૭૮, ૧૬૬, ૧૭૪
સ્ફોટકો, જુઓ 'સ્પર્શધ્વનિ'
સ્લેંગ, ૩૩–૩૪
સ્વભાવાર્થક ક્રિયા, ૨૭૨, ૨૭૪, ૨૮૧
સ્વર, ૬૮, ૭૪, ૭૬, ૭૮, ૧૬૦, ૧૬૧, ૧૬૩–૬૬
સ્વરનો આરોહ-અવરોહ, જુઓ 'સૂર'
સ્વરભાર, જુઓ 'ભાર'
સ્વાર્થિક પ્રત્યયો, જુઓ 'અંગવિસ્તારક પ્રત્યયો'
હાલારી બોલી, ૧૪૭, ૧૪૮, ૧૪૯
હિંદી શબ્દો, ૯૬
હેત્વર્થ કૃદંત, ૨૭૦

૨. વ્યુત્પન્ન શબ્દો

અખંડ, ૧૩૩
અગર, ૧૪૩
અગર(બત્તી), ૧૩૯
અગાશી, ૧૪૦, ૧૪૩
અચરજ, ૧૨૨, ૧૩૪
અછરા, ૧૧૯
અઠંગ, ૧૩૩
અણાવે, ૧૪૦
અનામત, ૯૪
અનેરું, ૧૦૮, ૧૩૭
અનોખું, ૧૧૭, ૧૩૭
અપવાસ, ૯૩, ૧૩૯
અપાસરો, ૧૩૯
અફાળે, ૧૨૧
અમ, ૧૨૨
અમી, ૧૦૮
અમે, ૧૨૨, ૧૪૨
અરજણ, ૧૪૩
અરીઠું, ૧૨૦
અવાસ, ૮૫, ૧૪૦
અસાડ, ૧૧૫
અહીં, ૧૧૬
અળગું, ૧૩૩
અળછ, ૧૧૮
અળતો, ૧૨૪, ૧૩૩
અળશ, ૧૧૮
અંગરખું, ૧૩૩
અંગૂઠો, ૧૨૧
અંબાડો, ૧૧૩
આકળો, ૧૩૯
આખું, ૧૦૮, ૧૧૭
આગ, ૧૨૫
આજ, ૧૨૬, ૧૩૦
આણ, ૧૦૨
આથમણું, ૧૨૧
આપ, ૧૨૫, ૧૩૧
આપણું, ૧૩૧
આપે, ૧૩૧
આબુ, ૧૩૧
આયખું, ૧૨૦
આયર, ૧૪૨
આરજા, ૧૪૨
આરતી, ૧૩૩
આહીર, ૧૧૨, ૧૪૨
આળસ, ૧૩૩

આંક, ૧૨૪, ૧૩૨
આંખ, ૧૨૯, ૧૩૨
આંગણું, ૧૩૨
આંગળી, ૧૩૩
આંચ, ૧૩૯
આંચળ, ૧૪૧
આંજણ, ૧૨૪
આંતર્યો, ૧૩૨
આંધી, ૧૩૨
આંસુ, ૧૩૦, ૧૩૨
ઈંધણ, ૧૩૨
ઉખાડવું, ૧૨૪
ઉખાણું, ૧૧૫, ૧૨૬
ઉઘરાણું, ૧૪૨
ઉઘાડે, ૧૨૫, ૧૩૪
ઉછંગ, ૧૧૮, ૧૩૪
ઉજાણી, ૧૩૫
ઉનાળો, ૧૩૪
ઉંબરો, ૧૦૪, ૧૦૯
ઊગમ, ૧૨૪
ઊચરે, ૧૨૩
ઊજમ, ૧૩૧
ઊઠવું, ૧૧૪
ઊણું, ૧૧૨
ઊન, ૧૩૧
ઊનું, ૧૨૨, ૧૪૨
ઊપજે, ૧૨૪
ઊભું, ૧૨૭, ૧૩૨
ઊંચું, ૧૩૨
એ, ૧૪૦
એકઠું, ૧૧૪
એકસઠ, ૧૩૩
એકોતેર, ૧૪૨
એળે, ૧૧૨
એંધાણ, ૧૨૫
ઓખા, ૧૩૭
ઓછવ, ૧૧૯
ઓઝા, ૧૦૫, ૧૨૭
ઓરડો, ૧૧૬
ઓરે, ૮૪
-ઓલ, -ઓલી, ૧૨૭
ઓલવવું, ૧૨૭
ઓશીકું, ૧૦૫
ઓસડ, ૧૦૨, ૧૧૩
ઓળખવું, ૧૦૫
ઓળખે, ૧૧૮
ઓળવે, ૧૦૪
ઓળંગે, ૧૦૫, ૧૪૧
કઠણ, ૯૩
કઠવું, ૧૨૦, ૧૩૪
કડ, ૧૦૯
કડવું, ૧૦૫, ૧૦૯
કડું, ૧૦૯
કઢાઈ, ૧૪૨
કઢે, ૧૧૪
કણબી, ૪૩
કથીર, ૧૨૧
કપડું, ૧૩૪
કપાસ, ૧૩૪
કપૂર, ૧૨૮, ૧૩૪
કરમ, ૯૩
કરવત, ૧૧૦, ૧૩૩
કરવું, ૧૨૯
કરશે, ૮૭, ૧૪૨
કરી, ૮૪
કરે, કરો, ૧૩૮
કરોડ, ૧૪૨
કલવો, ૧૨૯
કશું, ૮૭
કસુંબો, ૧૩૩
કસૂર, ૧૩૯
કસે, ૧૧૫
કસોટી, ૧૧૦, ૧૩૭
કહે, ૧૦૬, ૧૧૧
કહેણ, ૧૪૦
કંચવો, ૧૦૫
કંપાવે, ૧૩૩
કાકડી, ૧૦૯
કાગ, ૧૪૩
કાછડી, કાછડો, ૧૧૮
કાજ, ૧૨૮, ૧૩૦
કાજળ, ૧૨૩
કાઢવું, ૧૦૧
કાપડ, ૧૦૯
કાપડું, ૧૩૫
કાબરું, ૧૩૯
કામ, ૧૨૮, ૧૩૦
કામઢો, ૧૧૦
કાયર, ૧૦૮
કારજ, ૧૪૨
કાલ, ૧૨૯
કાંકરો, ૧૩૦
કાંગ, ૧૩૨
કાંટો, ૧૩૨
કાંઠો, ૧૩૨
કાંદો, ૧૨૪, ૧૩૨
કાંપે, ૧૨૪
કીડો, ૧૦૯
કુંભાર, ૮૪
કૂઈ, ૧૧૫
કૂકડો, ૧૦૯, ૧૨૩, ૧૩૯
કૂખ, ૧૧૭, ૧૩૯

કૂચો, ૧૩૧
કૂડ, ૧૦૯
કૂવો, ૧૧૦
કૂંપળ, ૧૨૫
કૂંળું, ૧૩૫
કેસૂ, કેસૂડો, ૧૦૨
કેડ, ૧૦૯, ૧૩૭
કેળ, ૧૦૪, ૧૦૯, ૧૩૭
કોઠાર, ૧૦૪, ૧૦૭
કોઠો, ૧૨૧
કોડી, ૧૩૭
કોઢ, ૧૨૧
કોણ, ૧૩૭
કોણી, ૧૧૨
કોદાળો, ૧૦૫, ૧૨૩
કોપે, ૧૨૬
કોયલ, ૧૦૭
કૉરટ, ૧૪૩
કોસ, ૧૧૪, ૧૨૭
ક્હાન, ૧૦૧
ખણે, ૧૧૨
ખભો, ૧૨૦
ખમે, ૧૧૮
ખરી, ૧૩૯
ખળે, ૧૨૦
ખાજું, ૧૩૧
ખાટ, ૧૨૬, ૧૩૧
ખાણું, ૧૧૨
ખાધું, ૪૨
ખાય, ૧૦૯
ખાર, ૧૧૮
ખાળે, ૧૨૦
ખાંડવું, ૧૩૩
ખાંત, ૧૧૮
ખાંધ, ૧૨૦, ૧૨૪
ખાંભો, ૧૨૦
ખીમજી, ૧૩૫
ખીર, ૧૧૮
ખીરું, ૧૧૮
ખીલો, ૧૦૬
ખૂંદે, ૧૧૮
ખેતર, ૧૧૮
ખેર, ૧૦૯, ૧૩૬
ગધેડો, ૧૨૮, ૧૩૬
ગધો, ૧૨૮
ગયું, ૧૦૪
ગયો, ૧૦૮
ગળે, ૧૪૧
ગળો, ૧૪૦
ગાજે, ૧૨૮
ગાણું, ૧૧૨
ગાભણી, ૧૪૦
ગામ, ૧૦૩
ગાળ, ૧૪૧
ગાળો, ૧૪૩
ગાંઠ, ૧૧૩, ૧૩૨, ૧૩૯
ગીધ, ૧૨૬, ૧૩૨
ગુણ, ૧૩૮
ગૂ, ૧૧૧
ગૂગળ, ૧૨૮
ગૂઝ, ૧૨૯
ગેરુ, ૧૦૨
ગોખ, ૧૩૭
ગોર, ૧૩૮
ગોરું, ૧૦૨
ગોવાળ, ૧૧૦
ગોળ, ૧૩૭
ઘઉં, ૧૧૨
ઘરે, ૧૧૦
ઘડો, ૧૦૯
ઘણ, ૧૧૨
ઘણેરું, ૧૦૪
ઘરાક, ૧૪૨
ઘરેણું, ૧૪૨
ઘસે, ૧૧૫
ઘા, ૧૦૮
ઘાઘરો, ૯૨
ઘામ, ૧૨૨
ઘી, ૧૦૧, ૧૦૮
ઘેરું, ૧૧૧
ઘો, ૧૧૨
ઘોડો, ૧૦૯
ચણે, ૧૪૦
ચમાર, ૧૦૪, ૧૩૪
ચાક, ચાકડો, ૧૨૬, ૧૩૦
ચાચર, ૧૩૧
ચામ, ૧૩૪
ચારોળી, ૧૧૨
ચાવે, ૧૨૮
ચાંચ, ૧૨૪, ૧૩૮
ચાંદો, ૧૩૨
ચિતારો, ૧૦૭
ચિતોડ, ૧૦૯, ૧૩૭
ચીંધવું, ૧૨૯
ચૂએ, ૧૨૭
ચો-, ૧૧૬
ચોક, ૧૦૮, ૧૨૨, ૧૩૭
ચોખંડું, ૧૩૩
ચોખું, ૧૧૭
ચોગણું, ૧૦૮
ચોથું, ૧૦૮, ૧૨૮
ચોપાઈ, ૧૨૨

ચોમાસું, ૧૦૮
ચોરસ, ૧૦૮, ૧૩૩, ૧૩૭
છ, ૧૧૬
છઠ્ઠું, ૧૧૪
છપ્પો, ૧૧૪
છરો, ૮૫, ૧૧૮
છંદ, ૧૧૬
છાર, ૧૧૮
છાંડે, ૧૧૩
છીણી, ૧૩૫
છીંડું, ૧૩૦
છૂંદે, ૧૧૮
છે, ૮૪
છેલ, ૯૨
જગ, ૧૧૬
જણ, ૧૦૩, ૧૧૨
જણે, ૧૧૩
જનોઈ, ૧૧૬, ૧૩૪
જમ, ૧૧૫
જમાઈ, ૧૦૮
જરૂર, ૧૩૯
જવ, ૧૧૫
જળો, ૧૦૭
જાઈ, ૧૦૮
જાત, ૧૩૯
જાતરા, ૧૪૨
જાન, ૧૨૬
જાની, ૧૨૫
જાય, ૧૧૫
જાંઘ, ૧૩૨
જાંબુ, ૧૨૪
-જી, ૮૪
જીભ, ૧૨૯
જૂ, ૧૦૭
જૂઈ, ૧૧૧, ૧૪૨
જેઠ, ૧૨૧, ૧૨૭
જો, ૧૧૫
જોખમ, ૧૧૫
જોતરું, ૧૧૫
જોશી, ૧૦૨, ૧૧૫
ઝરે, ૧૧૮
ઝાડ, ૯૨
ઝાલર, ૧૨૩, ૧૩૧
ઝાળ, ૧૪૧
ઝીણું, ૧૧૮
ઝૂલે, ૧૧૫
ઝેર, ૧૪૦
ટસર, ૧૧૩
ઠામ, ૧૧૪
ડર, ૧૧૩
ડસે, ૧૧૪, ૧૧૫
ડાભ, ૧૧૩
ડોળી, ૧૧૩
તમાશો, ૧૩૯
તરત, ૧૪૦
તરફ, ૮૬
તરે, ૧૦૬
તલ, ૪૨
તહેવાર, ૧૧૧, ૧૪૧
તાવ, ૧૧૦
તાવે, ૧૧૦
તાંત, તાંતણો, ૧૩૨
તીખું, ૧૧૮
તીણું, ૧૦૮
તીરછું, ૧૨૦
તૂટે, ૧૨૬
તૂઠવું, ૧૨૦
તેતર, ૧૦૫
તેલ, ૧૦૨
તો, ૧૩૮
તોડે, ૧૧૦
ત્રગડો, ૧૪૩
ત્રાક, ૧૪૨
ત્રાગડો, ૧૪૨
ત્રાગવું, ૧૪૨
ત્રાંબું, ૧૪૨
ત્રૂઠવું, ૧૪૨
થયો, ૧૪૦
થાણું, ૧૨૧
થાન, ૧૨૧
થાળી, ૧૨૧
થાંભલો, ૧૨૧
થોડું, ૧૨૧
દરદ, ૧૪૩
દસ, ૧૧૪
દહીં, ૧૧૧
દહીંથરું, ૧૨૧
દહેરું, ૧૦૪
દાઝે, ૧૩૦
દાઢ, ૧૨૧
દામ, ૧૨૩, ૧૨૭
દાંડો, ૧૨૪
દાંત, ૧૨૪, ૧૩૨
દીઠું, ૧૦૧
દીવેટ, ૧૧૩
દીવો, ૧૧૦
દીસે, ૧૦૧,
દૂઝે, ૧૨૯
દૂધ, ૧૨૫, ૧૩૨
-દે, ૧૧૬
દેવદાર, ૧૩૮
દેવળ, ૧૦૪, ૧૧૬

દોઢ, ૧૧૩
દોશી, ૧૨૩
ધરમ, ૧૪૩
ધાન, ૧૨૬
ધાર, ૧૦૨
ધીજ, ૧૨૮
ધૂણે, ૧૧૩
ધોળું, ૧૩૭, ૧૩૮
નથી, ૧૨૧
નરખે, ૧૩૪
નરણું, ૧૩૪
નવાણ, ૧૪૦
નહાય, ૧૨૨
નહેર, ૧૪૧
નહોર, ૧૧૧, ૧૪૧
ના, ૧૨૨
નાચે, ૧૦૧
નાહું, ૧૨૦
નાનું, ૧૧૮
નાર, ૧૦૨, ૧૩૮
-નાર, ૧૦૪
નાસે, ૧૨૩, ૧૩૧
નાળિયેર, ૧૪૧
નિશાળ, ૮૪
નિસાસો, ૧૨૩
નિહાળે, ૧૧૨
નીરખે, ૧૩૪
નીલજ, ૧૨૮
નીવડવું, ૧૧૩
ને, ૮૪
નેણ, ૧૩૬
-નેર, ૧૦૪, ૧૦૭
નેવ, નેવું, ૧૦૫, ૧૨૯
નોમ, ૧૩૭
નોરતું, ૧૩૪
નોળિયો, ૧૦૭
પક્કો, ૧૩૫
પખાળે, ૧૧૮, ૧૩૪
પચાસ, ૧૧૫, ૧૧૬
પછી, ૧૨૦, ૧૩૪
પજૂન, ૧૨૫
પડ, ૧૦૯
પડછાયો, ૧૩૪
પડજીભ, ૧૧૩
પડદો, ૯૪
પડળ, ૧૦૯
પડાઈ, ૧૧૪
પડે, ૧૧૪
પડો, ૧૦૯, ૧૪૨
પઢે, ૧૧૦
પણ, ૧૩૯
-પણ, ૧૨૭
પતરું, ૧૩૪
પથરો, ૧૨૧, ૧૩૪
પથારો, ૧૨૧
પથ્થર, ૧૨૭
પરખે, ૧૧૮
પરદો, ૯૪
પલંગ, ૧૩૩
પલાઠી, પલાંઠી, ૧૨૮
પહેરણ, ૧૧૧
પહેલું, ૧૧૧
પહોર, ૧૩૭, ૧૪૧
પહોળું, ૧૧૧, ૧૩૭
પંગત,૧૪૩
પંચોળી, ૧૪૧
પા, ૧૦૯
પાકું, પાકો, ૧૨૬, ૧૩૫
પાટો, ૧૨૩
પાઠવે, ૧૧૪
પાણી, ૧૦૬, ૧૧૨
પાન, ૧૨૮
પાની, ૧૨૨
પાનો, ૧૨૨
પાપડ, ૧૦૯
પારખે, ૧૧૮
પાળ, ૧૩૮
પાંખ, ૧૩૦, ૧૩૨
પાંગળો, ૧૨૪, ૧૩૯
પાંચ, ૧૩૨
પાંજરું, ૧૩૨
પાંપણ, ૧૨૫
પિયર, ૧૪૨
પીછું, ૧૩૧
પીઠી, ૧૨૦
પીઢ, ૧૧૦
પીધું, ૪૨
પીપળો, ૧૨૩, ૧૩૧
પૂછ, ૧૨૩
પૂછડું, ૧૨૩
પૂછે, ૧૦૧, ૧૨૩
પૂડો, ૧૧૫
પૂન, ૧૨૬
પૂનમ, ૧૪૦
પૂંઠ, ૧૦૧
પેખે, ૧૧૮
પેટું, ૧૧૬, ૧૨૦
પેસે, ૧૩૬
પેંડો, ૧૦૫, ૧૩૬
પોણું, ૧૦૯
પોથું, ૧૦૫, ૧૨૧
પોસ, ૧૦૨, ૧૧૫

પોળ, ૧૦૮
પૌંઆ, ૧૧૧
પ્રગટ, ૧૪૩
પ્રીછે, ૧૧૯
પ્રીત, ૧૩૯
ફણસ, ૧૦૬
ફરશી, ૧૦૬
ફરસું, ૧૦૬
ફરે, ૧૨૧
ફાગણ, ૧૨૮, ૧૩૯
ફાટે, ૧૨૨
ફાડે, ૧૧૦
ફારમ, ૧૪૩
ફાંદો, ૧૨૧
ફીણ, ૧૧૨, ૧૩૫
ફૂટે, ૧૨૨
ફૂલ, ૧૩૧
ફોડે, ૧૧૦, ૧૨૨
બડવો, ૧૦૫, ૧૩૯
બહેન, ૧૪૧
બહેરુ, ૧૧૧, ૧૩૬, ૧૪૧
બહોળું, ૧૪૧
બળ, ૧૪૧
બા, ૧૪૦
બાઝ, ૧૨૯
બાધું, ૧૨૩
બાફ, ૧૨૧
બાર, ૧૪૨
બાર, બારણું, ૧૨૭
બાંધો, ૧૩૨
બાંભણ, ૧૨૯
બી, ૧૦૮
બીજું, ૧૦૪
બૂઝે, ૧૨૬
બે, ૧૨૭
બેઠું, ૧૨૦
બોલવું, ૧૦૫
ભગત, ૧૪૩
ભડ, ૧૦૯
ભલું, ૧૨૭, ૧૩૪
ભંડાર, ૧૦૭
ભાઈ, ૧૪૦
ભાણું, ૧૦૪, ૧૦૮
ભાત, ૧૨૪, ૧૩૧
ભીખ, ૧૧૭
ભીનું, ૧૨૩
ભીંત, ૧૩૮
ભૂખ, ૧૧૨, ૧૩૧
ભૂસું, ૧૦૬
ભેંસ, ૧૪૨
ભો, ૧૧૫
મગર, ૧૪૩
મચ્છર(=દ્વેષ), ૧૧૯
મડદું, ૧૩૯
મડું, ૧૧૩
મઢ, ૧૧૦
મધ, ૧૩૮
મફત, ૧૪૩
મયંક, ૧૦૭, ૧૩૩
મસ, ૧૩૯
મહાવરો, ૮૪
મહા(મહિનો), ૧૧૧
મહી, ૧૧૧
મળે, ૧૩૯
મા, ૧૦૮, ૧૪૦
માકડો, ૧૦૯
માકણ, ૧૨૪
માખણ, ૧૧૭, ૧૨૭
માખી, ૧૦૪, ૧૧૭
માગે, ૧૩૧
માછલું, ૧૧૯
માટી, ૧૦૨, ૧૧૩
માણસ, ૧૩૯
માતું, ૧૨૩
માથું, ૧૨૧
માલણ, ૧૩૯
માવજી, ૧૧૧, ૧૪૨
માહ, ૧૧૧
માળ, ૧૦૨
-માં, ૧૪૦
માંકડો, ૧૦૯
મીઠું, ૧૨૦
મીંઢળ, ૧૦૫
મૂઉ, મૂઓ, ૧૦૧, ૧૦૮
મૂઠ, ૧૩૮
મૂઠી, ૧૨૦
મૂંગો, ૧૪૩
મેગળ, ૧૩૭
મેલું, ૧૩૬
મેહ, ૧૧૧
મેં, ૧૩૮
મોકળું, ૧૦૫
મોડ, ૧૩૭
મોતી, ૧૦૨
મોર (આંબાનો), ૧૦૪, ૧૦૭, ૧૩૭
મોર (પક્ષી), ૧૧૫
મોં, ૧૧૧
મ્હાવો, ૧૧૧
રડે, ૧૧૦
રણ, ૧૦૧
રતાળું, ૧૪૧

રહેઠાણ, ૧૧૪
રહેંટ, ૧૪૦
રાઈ, ૧૦૮
રાખ, ૧૧૭
રાઠોડ, ૧૦૯, ૧૩૭
રાત, ૧૨૬, ૧૩૮
રાતો, ૧૦૩
રાન, ૧૨૬, ૧૩૧
રાવળ, ૧૦૭
રાશ, ૧૨૨
રીઝે, ૧૦૧
રીત, ૧૩૯
રીધ, ૧૦૧
રીંછ, ૧૦૧, ૧૩૦
રૂઠવું, ૧૨૦
રૂડું, ૧૧૫
રૂપેણ, ૧૨૫
રૂંવું, ૧૩૫
રેણ, ૧૦૮
લખમણ, ૧૪૩
લખે, ૧૪૦
લગન, ૧૪૩
લણે, ૧૩૯
લવે, ૧૧૦
લસણ, ૧૩૯
લહાવો, ૧૧૨
લહે, ૧૧૨
લહેર, ૧૪૦
લાખ (સંખ્યા), ૧૧૭
લાખં (પદાર્થ), ૧૧૭
લાખું, ૧૧૮
લાગવું, ૧૨૫
લાજ, ૧૩૧
લાઠી, ૧૨૦
લાધ્યું, ૧૨૫
લાભે, ૧૨૬
લીખ, ૧૧૭
લીંબોળી, ૧૪૧
લુહાર, ૧૦૭
લૂખું, ૧૧૭
લૂણ, ૧૩૫
લોઢું, ૧૪૨
વખરી, ૧૧૦, ૧૨૦
વખાણ, ૧૨૯, ૧૩૪
વછેરો, ૧૩૭
વડ, ૧૦૬
વણજ, ૧૨૬, ૧૪૦
વણઠવું, ૧૨૦
વણસે, ૧૩૪, ૧૩૯
વણિયર, ૧૦૮
વધે, ૧૨૮
વરત, ૧૪૩
વરવું, ૧૧૦, ૧૩૯
વસમું, ૧૪૦
વહાણું, ૧૧૨
વહાલું, ૧૧૨
વહુ, ૧૦૩, ૧૧૧
વહેવાર, ૧૪૨
વહોરે, ૧૨૯
વળગે, ૧૪૧
વળું, ૧૧૫
વંઠવું, ૧૨૦
વાઘ, ૧૨૬, ૧૩૧
વાછડો, ૧૧૯
વાજું, ૧૩૧
વાટ (=રસ્તો), ૧૧૩
વાટ (દીવાની), ૧૧૩, ૧૩૮
વાડી, ૧૦૯
વાણિયો, ૧૦૪, ૧૦૮
વાત, ૧૩૧
વાધે, ૧૨૮
વાન, ૧૩૧
વાવ, ૧૦૨, ૧૧૦
વાળુ, ૧૦૭
વાંકું, ૧૩૦
વાંસ, ૧૨૪
વિયાય, ૧૦૮
વિસામો, ૧૨૩
વીખરે, ૧૨૦
વીજ, ૧૧૬, ૧૩૧
વીનવે, ૧૨૫
વીસરે, ૧૨૨
વીંછી, ૧૨૦, ૧૩૦
વીટે, ૧૩૦
વેઢ, ૧૨૧
વેણ, ૧૦૭, ૧૩૬
વેર, ૧૩૬
વેરાગ, ૧૩૬
વેરે, ૧૦૭, ૧૩૭
વેહ, ૧૧૧
વેંગણ, ૧૩૬
વ્યંડળ, ૧૧૩
શશિયર, ૧૧૨
શહેર, ૧૪૧
શામળું, ૧૨૩
શાહ, ૧૧૧
શિયાળ, ૧૦૧, ૧૦૭
શિયાળો, ૧૦૮
શીકું, ૧૨૬, ૧૩૧
શીખ, ૧૧૭
શીશ, ૧૩૧
શીળું, ૧૦૮

શીંગડું, ૧૦૧
શું, ૮૭
શેઠ, ૧૨૧, ૧૨૩
શ્રાપ, ૭૬, ૧૪૨
સઈ, ૧૦૮
સગું, ૧૪૩
સઘળું, ૧૪૩
સનાન, ૧૪૩
સપૂત, ૧૩૯
સમછરી, ૧૧૯
સમો, ૧૧૫
સરસવ, ૧૧૦
સરાપ, ૭૬
સલૂણું, ૧૩૫
સવા, ૧૧૦
સસરો, ૧૧૫, ૧૩૯
સસલું, ૧૧૪
સહિયર, ૧૦૭
સહી(પણાં), ૧૧૧
સળેખમ, ૧૪૩
સંઘરો, ૧૪૨
સાખ, ૧૧૭, ૧૩૧
સાચું, ૧૨૬
સાઠ, ૧૧૪, ૧૩૩
સાડા(ત્રણ), ૧૧૩
સાત, ૧૩૧
સાથરો, ૧૨૧, ૧૩૨
સાથિયો, ૧૨૧
સાદ, ૧૨૪
સાન, ૧૨૫
સાપ, ૧૩૦
સાપણ, ૧૦૨
સામળું, ૧૨૩
સામું, ૧૧૧
સાયર, ૧૦૭
સાલ, ૧૧૪
સાવ, ૧૨૮
સાસ, ૧૨૩
સાસુ, ૧૦૩
સાળો, ૧૨૩
સાંકળ, ૧૦૨
સાંઢ, ૧૧૪, ૧૩૨
સાંસો, ૧૧૫, ૧૨૪
સીધું, ૧૨૪
સીવે, ૧૨૯
સુખડ, ૧૨૦
સુતાર, સુથાર, ૧૧૨
સૂકું, ૧૧૪
સૂતર, ૧૪૩
સૂધ, ૧૧૪
સૂનું, ૧૧૪, ૧૨૬, ૧૩૧
સૂરજ, ૧૪૨, ૧૪૩
સૂવર, ૧૦૭
સેજ, ૧૨૩
સેંથો, ૧૩૬
સો, ૧૧૪, ૧૩૮
સોગ, ૧૪૩
સોની, ૧૦૨
સોનું, ૧૦૪, ૧૧૬
સોય, ૧૦૮
સોરઠ, ૧૩૪
સોસ, ૧૧૪
સોહાગ, ૧૧૨
સોહે, ૧૧૧
સોળ, ૧૧૪
હમણાં, ૧૧૧
હરણ, ૧૪૦
હવાડો, ૧૪૨
હસ, ૧૩૮
હસે, ૧૦૮
હસ્યું, ૧૦૪, ૧૦૮
હળદર, ૧૪૧
હળવદ, ૧૩૩
હળવું, ૧૦૫
હાણ, ૧૧૨
હાથ, ૧૨૧, ૧૩૧
હાથી, ૧૨૧
હીણું, ૧૧૨
હીંગળો, ૧૩૯
હેલી, ૯૨
હેવાતણ, ૧૧૬
હૈયું, ૧૦૪, ૧૦૯
હોઠ, ૧૨૧
હોલવવું, ૧૪૨

ગ્રંથપરિચય

આ ગ્રંથ મુખ્યત્વે અર્વાચીન ગુજરાતી માન્ય ભાષાનું સ્વરૂપવર્ણન કરવા ચાહે છે. એમાં ગુજરાતી ભાષાનાં ધ્વનિતંત્ર, રૂપતંત્ર અને વાક્યતંત્રનાં સર્વ પાસાં આધુનિક દૃષ્ટિથી અને રચનાલક્ષી અભિગમથી સંક્ષેપમાં અને મુદ્દાસર આલેખવામાં આવ્યાં છે.

ગ્રંથમાં ગુજરાતી ભાષાની પૂર્વપરંપરાનું દર્શન કરાવવા રૂપે ઐતિહાસિક ભાષાવિજ્ઞાનનો વિષય પણ પ્રવેશ પામ્યો છે. જગતની ભાષાઓનાં કુળો, ભારતીય-યુરોપીયથી ગુજરાતીના ઉદ્‌ભવ સુધીનો કુળક્રમ અને ગુજરાતી ભાષાના વિકાસના તબક્કાઓનું આવશ્યક વીગતો સાથે આલેખન થયું છે અને સંસ્કૃતથી ગુજરાતી સુધીનાં ધ્વનિપરિવર્તનોની વીગતે નોંધ લેવામાં આવી છે, જે અર્વાચીન ગુજરાતી શબ્દરૂપોના ઘડતરને પ્રકાશિત કરે છે.

ગ્રંથમાં ભાષાવિજ્ઞાનના કેટલાક મહત્ત્વના વિભાવોનો પ્રાથમિક પરિચય આપવામાં આવ્યો છે, જે પછી થયેલા વર્ણન-વિશ્લેષણને એક ભૂમિકા પૂરી પાડે છે.

દરેક પ્રકરણને અંતે મુદ્દાવાર વિશેષ વાચન માટેની સૂચિ અને નમૂનારૂપ વસ્તુલક્ષી સ્વાધ્યાયપ્રશ્નો આ ગ્રંથની વિશિષ્ટતા છે. વિષયસૂચિ અને વ્યુત્પન્ન શબ્દોની સૂચિ પણ પૂરી પાડવામાં આવી છે.

અભિપ્રાયો

પ્રા. કોઠારીએ તેમના વિષયને લગતા અદ્યતન સાહિત્યને સમુચિત ઉપયોગમાં લીધું છે અને ખાસ કરીને ગુજરાતી વ્યાકરણના વિષયમાં નૂતન દૃષ્ટિબિંદુ અપનાવ્યું છે. ગુજરાતી પ્રયોગનિષ્ઠ વ્યાકરણની દિશામાં થયેલું કાર્ય હજી પ્રારંભિક કોટિથી બહુ આગળ વધેલું ન હોવાથી પાઠ્યપુસ્તક તૈયાર કરનારને સ્વાભાવિક રીતે જ અનેક મુશ્કેલીઓ નડે. તેના નિરૂપણમાં સંદિગ્ધ, અનિશ્ચિત કે વિવાદાસ્પદ સ્થાનો ચીંધવા માટે ઝાઝી મહેનત લેવી ન પડે. પણ પહેલ કરનારને આવું જોખમ વહોર્યા વિના છૂટકો નહીં. વિષયમાં થયેલી પ્રગતિને સમાવી લઈને, શાસ્ત્રીય દૃષ્ટિ રાખી પ્રમાણભૂત અને વ્યવસ્થિત માહિતી આપતી શૈક્ષણિક પાઠ્યસામગ્રીની આપણે ત્યાં કેવડી મોટી ખોટ છે, અને વિશેષ તો ભાષા ને વ્યાકરણના વિષયમાં, તે લક્ષમાં લેતાં પ્રા. કોઠારીના આ પ્રયાસનું સાચું મૂલ્ય સમજી શકાશે.

અમદાવાદ, ૧૫-૮-'૭૩ **હરિવલ્લભ ભાયાણી**

શ્રી જયંત કોઠારીના આ પુસ્તકમાં વિષયનું નિરૂપણ નવી પદ્ધતિએ, વ્યવસ્થિત અને વિશદ રીતે, ચોકસાઈપૂર્વક, એક કુશળ અધ્યાપકની અદાથી કરવામાં આવ્યું છે. બધા જ મુદ્દાઓ એમણે ક્રમિક રીતે ઉદાહરણ સાથે સમજાવી આખો વિષય ખૂબ જ સ્પષ્ટતાથી રજૂ કર્યો છે. એથી આ વિષયના અધ્યયન-અધ્યાપનમાં વિદ્યાર્થીઓને તેમજ અધ્યાપકોને બંનેને એ ખૂબ ઉપકારક થઈ પડશે એમાં શંકા નથી.

અમદાવાદ, ૧૫-૮-'૭૩ **નગીનદાસ પારેખ**

મને આ પુસ્તક ઊંડું સુખ આપે છે, મારા મનને ભરી દે છે, કારણકે ગુજરાતી ભાષાનાં લગભગ બધાં જ પાસાંનો એમાં અદ્યતન ક્ષણ સુધીનો અભ્યાસ જોવા મળે છે અને વિષયની રજૂઆતમાં ખૂબ વિશદતા છે. અને પાનાંની જો મર્યાદા છે તો સામે સંક્ષિપ્ત સ્વરૂપમાં બધું સમાવવાની પ્રતિભા પણ છે. એ ગાગરમાં સાગર છે અને એ હાથમાં લીધા પછી, આ વિષયની ચર્ચા કરતાં અનેક પુસ્તકોમાં રહેલો કાટમાળ વાચકને અહીં સંશયગ્રસ્ત કરતો નથી. એટલું જ નહીં, ગુજરાતી ભાષાવિચારનાં ઘણાંખરાં પુસ્તકોમાં વૈજ્ઞાનિક અને અવૈજ્ઞાનિક પદ્ધતિની એવી ભેળસેળ છે કે મારા જેવા પૃથગ્જનના હાથમાં ન-છૂટકે એ પુસ્તકો રહે ત્યારે વિજ્ઞાન-છદ્મવિજ્ઞાનનો ભેદ કેમ સમજવો એની ચિંતા રહે છે. એ ચિંતાથી આ પુસ્તક શિક્ષકોને મુક્ત કરે છે.

મુંબઈ, ૧૯/૨૦-૫-'૭૫ **ભૃગુરાય અંજારિયા**

ભાષાપરિચય અને ગુજરાતી ભાષાનું સ્વરૂપ
૧૨૦૬ કિંમત રૂ. ૬૦/-

આવરણ : દીપક પ્રિન્ટરી, રાયપુર, અમદાવાદ-૧